શ્રી છત્ર-ભાણકુંવરનો રાસ

ગુજરાતી વિવેચન સાથે



શ્રી છત્રકુંવર



શ્રી ભાણકુંવર

રચનાર

પૂ. મુનિશ્રી લલિતમુનિજી મહારાજ

ૐ નમો નાણસ્સ

પૂ. આ. શ્રી ક્ષાન્તિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા નં. ૧૪

સત્યવાદી, કર્મસ્વરૂપ, શ્રી નવકાર મંત્ર
જ્ઞાન પંચમી, મુક્તિ ધ્યેય ઉપર

શ્રી છત્ર-ભાણકુંવરનો રાસ

ઢાળો તથા વિવેચન કર્તા

તપગચ્છ વિભૂષણ, ક્રિયોદ્ધારક, પ્રાતઃ સ્મરણીય, પૂ. મુનિરાજ
શ્રી (મોહનલાલજી) મોહન મુનીશ્વર, તેઓશ્રીના પટ્ટાલંકાર
તપગચ્છ દીપક પૂ. પંન્યાસજી શ્રી હર્ષ મુનિજી
ગણિવર્યના આજ્ઞાનુવર્તિ, શાંતમૂર્તિ પૂ. આ. શ્રી
ક્ષાન્તિસૂરીશ્વરજી મહારાજના લઘુ શિષ્ય
પૂ. મુનિશ્રી લલિત મુનિજી મહારાજ



: પ્રકાશક :
શાહ મફતલાલ ચીમનલાલ જૈન
ઠે. નગીનાપોળ (રતનપોળ) અમદાવાદ-૧.
વીર સં. ૨૪૯૫ વિક્રમ સં. ૨૪૨૫

પ્રાપ્તિ સ્થળો

(૧) **સરસ્વતિ પુસ્તક ભંડાર,**
રતનપોળ, હાથીખાના : **અમદાવાદ.**

(૨) **શાહ જશવંતલાલ ગિરધરલાલ**
દોશીવાડાની પોળ, **અમદાવાદ.**

(૩) **માસ્તર રતિલાલ બાદરચંદ**
દોશીવાડાની પોળ, **અમદાવાદ.**

(૪) **મેતા નગીનદાસ તુલસીદાસ**
માંડવી ટાવર પાસે, **જામનગર.**

(૫) **ભાઈ કસ્તુરચંદ વલ્લભદાસ**
ગોપીપુરા, શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રય મેઈન રોડ : **સુરત.**

(૬) **સોમચંદ ડી. શાહ** જીવનનિવાસ સામે, **પાલીતાણા.**

JAN PRAKASHAN MANDIR
309/4, Khatri ni Khadki, Doshiwada ni Pole
Ahmedabad- 380001 (M) 94267 58532
✆(S) 25356806 (O) 25356197 (R) 26639275

બીજા રાસોમાં વપરાશે.


મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
નોવેલ્ટી સીનેમા પાસે, ઘીકાંટા રોડ : **અમદાવાદ.**

પૂ. મુનિ શ્રી ભક્તિ મુનિજી મહારાજે સંગ્રહ કરેલ



પૂ. મુનિ શ્રી મોહનલાલજી મહારાજશ્રીની જુદી જુદી
અવસ્થાની આકૃતિઓના તથા મૂર્તિઓના ફોટા

પ. પૂ. શાંતમૂર્તિ શ્રી મોહનલાલજી મહારાજના સાહેબના
પટ્ટધર તપગચ્છ વિભૂષણ ચારિત્ર ચૂડામણિ અનુયોગાચાર્ય
પૂ. પંન્યાસજી શ્રીમદ્ હર્ષમુનિજી મહારાજ સાહેબ



જન્મ–(કચ્છ) માંડવી સં. ૧૯૨૪ ફાગણ
દીક્ષા (આબુ) ખરેડી સં. ૧૯૪૪ ચૈત્ર વદ ૮
ગણિપદ સુરત સં. ૧૯૫૭ માગસર વદ ૨
પંન્યાસપદ–મુંબઈ સં. ૧૯૫૭ અસાડ સુદ ૬
સ્વર્ગવાસ–સુરત સં. ૧૯૭૪ વૈશાખ વદ ૬

સમર્પણ

પૂ પંન્યાસજી શ્રી કીર્તિમુનિજી ગણિવર્યને

અનેક સદ્‌ગુણ સંપન્ન, સદાય જ્ઞાનભક્તિ, જ્ઞાન સંપાદન કરવામાં જ નાનપણથી જ લક્ષ હોવાથી કાશી (બનારસ)માં પૂ. ઉ. શ્રી યશોવિજયજી જૈનપાઠશાળામાં અભ્યાસ કરી. વ્યાકરણની પરીક્ષા પણ કલકત્તામાં આપી. આગમ સિદ્ધાંતનું વાંચન અને જ્ઞાન લખવું, એજ આપનો વ્યવસાય હોવાથી જ્ઞાન લખવામાં રહેતાં ઉદ્યમવંત ગદ્ય–પદ્ય રીતે પ્રાયઃકરીને એક લાખ જેટલા શ્લોકો આપે લખ્યા હશે. પ્રોસ્ટેટ જેવી જોખમદાર મોટી ગાંઠનું ઓપરેશન કરાવ્યા પછી પણ હજુ દરરોજ છ સાત આઠ કલાક જ્ઞાન લખવાનું કાર્ય ચાલુ રાખ્યું છે, પડિમાત્રાથી લખાયેલ સૂત્રોવાળી પ્રતો તેમજ ગ્રંથો લખવા કે વાંચવા તે આપે સુલભ બનાવી દીધા છે. શ્રી સિદ્ધચક્ર પૂજનની પ્રતનું સંશોધન પહેલા આપે જ મનુભાઈ પોપટલાલને કરી આપ્યું. બાદ બીજાએ સુધારા વધારા સાથે છપાવેલ છે. સમુદાયમાં આચાર્યપદે આવી શકો તેમ હતાં. વળી સમુદાયના પૂ. મુનિરાજોનો બહુ આગ્રહ હોવા છતાં આપે લઘુતાજ ધારણ કરીને શાસ્ત્ર વિશારદ પૂ. આ. વિ. ઉદયસૂરીશ્વરજી મહારાજજીને તથા પૂ. આ. શ્રી વિ. અમૃતસૂરીશ્વર મહારાજજીને લખી જણાવ્યું કે તપસ્વી પં. શ્રી નિપુણ મુનિજીને આચાર્યપદે સ્થાપન કરશો. તે રીતે સંમતિ દર્શાવી આચાર્ય બનાવ્યા. આ શ્રી છત્ર–ભાણકુંવરના રાસનું કાર્ય તે આપની કૃપાદૃષ્ટિથી જ નિર્વિઘ્ને પુરૂ કરી શકયો છું. જેથી આપના કર કમળમાં શ્રી છત્ર–ભાણકુંવરનો રાસ સમર્પણ કરી કૃતાર્થ માનનાર

સેવક **લલિત મુનિ.**

પ્રકાશકનું નિવેદન

પૂ. આ. શ્રી ક્ષાન્તિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા પૂ. પં. શ્રી કીર્તિસુનિજી મહારાજ સાહેબે ચાલુ કરેલી. તેમાં ૧૩ માં મણકામાં શ્રી પુષ્પાવતી યાને મંગલસિંહના રાસની બીજી આવૃત્તિ છપાવેલી હતી. ૧૪ માં મણકામાં શ્રી છત્ર –ભાણકુંવરનો રાસ ગુજરાતીમાં ઢાળો વિવેચન સાથે છપાતાં અતિ હર્ષ થાય છે. સત્યવાદી, કર્મ સ્વરૂપ, શ્રી નવકાર મહિમા, જ્ઞાનપંચમી, મુક્તિના ધ્યેય ઉપર આ રાસ હોવાથી સહુને રૂચિકર થશે. જે જે પૂ. મુનિરાજોએ ગૃહસ્થોએ તેમજ સંસ્થાઓએ આ કાર્યમાં સાથ આપેલ છે. તે સર્વેનો આભાર માનવા સાથે વળી આના પછી બીજો રાસ સાધર્મીભક્તિ વિગેરે ઉપર રચાય ત્યારે પણ જરૂર લાભ લેશો. સહકાર આપશો.

લી.

શાહ મફતલાલ ચીમનલાલ જૈન

(રતનપોળ) નગીનાપોળમાં **અમદાવાદ.**

રાસની રચના કરવાનું નિમિત્ત

પૂ. ગુરૂવર્ય આ. શ્રી ક્ષાન્તિસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. શ્રીકીર્તિમુનિજી મહારાજની સાથે વિહાર કરતા ગારીયાધાર જવાનું થયું. બીજે દિવસે પૂ. મુનિરાજશ્રી દર્શન સાગરજી મ. (હાલ પૂ. ઉપાધ્યાયજી મ.) ઠાણાપ પધાર્યા. તેઓએ વ્યાખ્યાન આપ્યું. તેમાં મુક્તિ ધ્યેય ઉપર રાજકુંવર અને ભીખારીનું દૃષ્ટાંત બહુ સાદી ઢબે રમુજપૂર્વક આપેલું, તેની નોંધ મેં કરી રાખી હતી. જો કે તેઓશ્રીએ તો રાજ્ય મેળવવાનું ધ્યેય રાજકુંવરે સિદ્ધ કર્યું. તેમ હે ભવિજનો તમો પણ મુક્તિનું ધ્યેય સિદ્ધ કરો, આ પણ બહુ સરસ રીતે સમજાવેલું હતું. તે ઉપરથી મેં જ મહાત્મા દૃઢપ્રહારીનું તથા મહાત્મા ચંડકોશીક નાગનું તથા મહાસતી સુલસાનું એવા દૃષ્ટાંતોની સાથે સાથે કર્મવિચિત્રતા કર્મસ્વરૂપ મૂકવા સાથે સો જેટલી અને એક ઢાલો. તે ઉપર શ્રીકુમારપાળ રાજાને એક ઢાલીએ કેવી રીતે બચાવી લીધા. તેપણ દૃષ્ટાંત મૂકીને જ્ઞાનપંચમીની આરાધના ઉપરથી પૃથ્વીપાલ રાજાનું પણ દૃષ્ટાંત મૂકયું છે તે સિવાય બીજી ઘણી બાબતો ઉમેરીને રાસનું કદ વધાર્યું છે.

રાજા–છત્રકુંવર, ભાણકુંવર. તેના કુટુંબીજનો વિગેરેને જૈનધર્મના રંગાવાથી અનુમોદનીય બનશે છપાયા પહેલા પણ સં. ૨૦૧૯ માં જામકંડોરણામાં વંચાયા બાદ ખંભાત, મુંબઈ. ધાટકોપર ઉપધાન પ્રસંગે તથા નવસારી, બોઢાણ, સુરત વંચાયો હતો. ચાલુ છપાતા અમદાવાદ વીરના ઉપાશ્રયમાં પણ વંચાયો છે, જિન આજ્ઞાથી વિરૂદ્ધ લખાયું હોય તો તેનો મિચ્છામિ દુક્કડં માંગુ છું.

પૂ. પંન્યાસજી શ્રીકીર્તિમુનિ મહારાજશ્રીએ તબીયતની પ્રતિકુળતા હોવા છતાં તેમજ સુરત પૂ. મુનિશ્રી ભક્તિમુનિ મહારાજે તથા જામનગર પૂ. આ. શ્રીનિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજે ફરમાઓ વાંચીને જે સુધારાઓ કરવા જણાવ્યું. તેમજ પૂ. પં. શ્રી રામવિજયજી મહારાજે પ્રસ્તાવના લખી આપી તેથી તે સર્વે પૂ. વડીલોનો હું ઋણી બની આભાર માનું છું.

લી. **લલિતમુનિ**

પ્રસ્તાવના

જૈનશાસ્ત્રોમાં બાળજીવોને ઉપકાર કરનાર પૂ. મહાત્માઓના ચરિત્રો કથાઓ વાર્તાઓ રાસાઓની રચનાઓ કરાયેલી છે. તેનાના મોટા પ્રૌઢ નરનારી વિગેરેને વાંચવાની કહેવાની તેમ સાંભળવાની ઇચ્છા રહે છે, અને તે વાંચવાથી કહેવાથી તેમ સાંભળવાથી સ્વ-પરને લાભદાયી થાય છે. સુસંસ્કાર પડે છે. દાન. શિયળ, તપ અને ભાવ એ ચારે પ્રકારનો ધર્મ આરાધવાની દિન પ્રતિદિન વૃદ્ધિ થાય છે. જ્ઞાન ભણવાભણાવવાની ઇચ્છા થાય છે. તેમજ સુપાત્રદાન અભય-દાન અનુકંપાદાનાદિ કરવાની રૂચિ જાગે છે. વળી બુદ્ધિમાં વધારો થવાથી સાધર્મીની ભક્તિ તથા સ્વામિ વાત્સલ્ય તેમજ શ્રી વર્ધમાન તપ નવપદાદિ તપનું આરાધન કરવાનું દિલ થાય છે. એવા અનેક દાખલાઓ હાલ પણ જોવામાં આવે છે.

પૂર્વના કોઈ અશુભ કર્મોદયના ઉદયથી કેટલાકને જન્મથીજ રંક દશા પ્રાપ્ત થાય છે. વળી અમૂક વર્ષોબાદ ઉંચ સ્થિતિને પણ પામે છે. તેમ વળી કોઈ જન્મથીજ રાજાને ત્યાં જન્મ થયેલો રાજ-કુંવર હોવા છતાં અમૂક વર્ષોબાદ રંકદશા ભોગવીને વળી ઉંચ સ્થાને આવે છે. આ બધી કર્મની વિચિત્રતાનું જ્યાન શ્રી છત્ર-ભાણકુંવરના ચરિત્રમાંથી જોવા મળી આવે છે. અનાદીકાળથી ચાલતી રહેલી ભૂલો સુધારી મુકિતના ધ્યેય ઉપર આવી અનેક આત્માઓ તરી ગયા છે. તે પ્રસંગને અનુસરી એક બુકમાંથી મહાત્મા દૃઢપ્રહારીનું દૃષ્ટાંત તથા પૂ. આગમોદ્ધારક શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મહારાજાએ દેવ અને તાપસનો ભવ નહી જણાવતાં સીધુજ મહાત્મા ચંડકોશીક નાગનું દૃષ્ટાંત જણાવેલ તે પણ લીધું છે. મુનિ શ્રી નિરંજન વિજયજીએ શ્રીપાલ રાજાના ચરિત્રમાં શ્રી સુલસા મહાસતીનું દૃષ્ટાંત મૂકેલું તે અને એક જોષીનું દૃષ્ટાંત કીસ્મતમાંથી લીધું છે.

"સો જોશી ને એક ડોશી" એક પરોપકારી અનુભવી ડોશીએ વિકટ પ્રસંગે શ્રી કુમારપાળ રાજાને બચાવી લીધેલ તે પણ દૃષ્ટાંત લે. રતીલાલ મફાભાઈવાળુ લીધેલ છે. વળી લેખક મુનિશ્રી કુંદકુંદ-

વિજયજી મહારાજે છપાવેલ શ્રી નમસ્કાર ચિંતામણી બુક. તેમાંથી અવસર ઉચિત શ્રી નમસ્કાર મહિમાનું લખાણ લીધેલ છે, અને જ્ઞાન પંચમીની બુકમાંથી જ્ઞાનપંચમીના આરાધન ઉપર શ્રીપૃથ્વીપાલ રાજાનું દૃષ્ટાંત ઉપયોગી છે. આ રીતે દૃષ્ટાંતો ઉમેરવાથીજ રાસના કદમાં વધારો થયેલ છે. આ ઉપસંત આ. શ્રી વિ. લક્ષ્મણસૂરિજી મહારાજના શ્રી આત્મ તત્વ વિચાર ભાગ ૧–૨ જો તથા કર્મફીલોસોફી બુકમાંથી ઘણું ઉપયોગી કર્મસંબંધી લખાણ લીધું છે, તેમજ પંડિત શ્રી પ્રભુદાસ બેચરભાઈ પારેખે કર્મવિચાર ભાગ ૧–૨ છપાવેલ તેમાંથી ટુંક ટુંક લખાણ લઈ આખી બુકજ આ રાસમાં દાખલ કરી દીધી છે. એમ કહી શકાય. આ શિવાય કવિવર્ય શ્રીજયંતમુનિ જીવાળી અવધાનની કળા બુકમાંથી થોડા ફેરફારે દશબાર અવધાન પ્રયોગ ગોઠવેલ છે. મોટા ભાગનું લખાણ બહારનુંજ છે. ત્યારે કર્તાનું લખાણ તો તે હિસાબે અલ્પ હોવા છતાં સાદી પણ કાવ્ય રચના કરી પ્રસંગાનુસાર દૃષ્ટાંતો ગોઠવવા તે પણ સહજ વાત નથી. આટલો પણ શુભ પ્રયાસ પ્રશંસનીયની ગણત્રીમાં આવી શકે છે.

આ રાસમાં સત્યવાદી શ્રી ભાણકુંવરનું ન્યાયીપણું, પરોપકારપણું, ધાર્મિકપણું, અભિમાન વિનાનું વિદ્વતાપણું, મુકિતના ધ્યેયસાથે પોતાનાં કુટુંબને પણ ભીખ છોડાવી. ધાર્મિક વ્યવહારીક શિક્ષણ અપાવી સુખેથી જીવન નિર્વાહ કરી શકે તે રીતે મુકિતના ધ્યેયવાળા બનાવ્યા, વિગેરે ગુણો ઉત્તમ હોવા સાથે તે તે અનુમોદનીય ગુણો વર્તનમાં મૂકવા જેવા જરૂર છે. આવી રીતે સાધર્મિભાઈઓની ભકિત થતી હોય તો ફંડફાળાની જરૂર બહુ રહે નહી. પૂ. વિદ્યાગુરૂજીનો વિનયપણુ અજોડ હોવાથી તાત્વિક તત્વોની વાતો સહેલાઈથી સમજી શકે છે. ધાર્મિક અભ્યાસ પણ બહુ સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક કરેલો છે. રાજસભામાં વડીલોની આજ્ઞાથી દશબાર અવધાનો પણ ગણિત વિદ્યાથી કરી બતાવ્યાં અને પૂ. વિદ્યાગુરૂનું બહુમાન કરાવ્યું, શ્રીછત્ર કુંવરને રાજ્યતિલક કરાવી રાજગાદીએ બેસાર્યા બાદ રાજસભામાં

નિત્ય નવીનવી ધર્મગોષ્ઠીઓમાં પણ જ્ઞાન-ક્રિયા બંનેની જરૂર છે, તે સંબંધી લખાણ પણ શ્રી સિદ્ધચક્ર માસિક અંકોમાંથી લઈને ધર્મ ગોષ્ઠીથી પણ જીવો ધર્મનું જ્ઞાન ધર્મનું જાણપણું મેળવી શકે છે તે જણાવ્યું છે. બંને વહુરાણીઓ પદ્મા–ભદ્રા બંને બીજી સખીઓની સાથે શ્રી સમવસરણનો મહિમા ગાતા ગાતા દાંડીયારાસ સાથે રાસ દોરીનું ગુંથણ કરે છે અને છૂટી પણ કરે છે.

તે બધી ધાર્મિક પ્રવૃત્તિઓમાં ધર્મ હેતુ સમાયેલો છે તે પણ જાણવા જેવુંજ છે. સંસારમાં રહ્યા છતાં ઉત્તમ જીવોનું ધ્યેયતો સંસારથી છૂટવાનું હોય છે. નિમિત્ત મળતા આત્મકલ્યાણ સાધીલે છે. તેમ રાજા ફતેહસિંહ બંને કુંવરોને પરણાવીને બીજાજ રસ્તેથી આવતાં સુંદર વન આવ્યું તે રમણીય સ્થાનમાં મોટું જિનતીર્થ હતું. ત્યા દર્શન પૂજન કર્યા બાદ પુન્યયોગે તત્ર પૂ. મુનિરાજનું પધારવું થયું. પૂ. મુનિરાજની અમોઘ દેશના સાંભળતાંજ ત્યાંજ રાજા ફતેહસિંહ બહુજનોની સાથે દીક્ષા લીએ છે. પૂ. પિતા રાજર્ષી વિગેરેને વંદન કરી રાજા છત્રકુંવર તથા યુવરાજ શ્રી ભાણકુંવર રાજ્યનું રક્ષણ કરતા અમૂક વર્ષો બાદ પોતાનાજ પિતા ગુરૂમહારાજ પધારતાં અગ્રેડ સામૈયું કર્યું. દેશના સાંભળતાં છત્રકુંવરની માતુશ્રી રાજમાતા કુલકુંવરબા,તથા છત્રકુંવર–ભાણકુંવર તેમજ પદ્મા–ભદ્રા તથા પ્રધાનજી પંડિતજી અનેક જનોને વૈરાગ્ય થતા પદ્મકુંવરને રાજ્ય આપી ભાનુકુમારને યુવરાજ પદ આપી સંયમ ગ્રહણ કરી આત્મકલ્યાણ કર્યું, તેમ આ રાસને વાંચી સાંભળી સાર ગ્રહણ કરી સહુ કોઈ આત્મકલ્યાણ કરે, વિશેષમાં રાસ રચવાનું નિમિત્ત કર્તાએ જણાંવેલ છે, તે વાંચી જોવું.

પૂ. પાદ પંન્યાસજી શ્રી મંગલવિજયજી
મહારાજનો ચરણ કિંકર પં. રામવિજય.
ઠે. લવારની પોળ ઉપાશ્રય, અમદાવાદ.

રાસ કર્તાના પ. પૂ. ગુરૂદેવ તપગચ્છ દીપક
શાંતમૂર્તિ બાલબ્રહ્મચારી પૂ. આચાર્ય શ્રીમદ્
ક્ષાન્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ–વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) સં. ૧૯૪૪
દીક્ષા–પાલીતાણા ,, સં. ૧૯૬૫ માગસર સુદ ૧૦
વડીદીક્ષા–મુંબઈ લાલબાગ સં. ૧૯૬૬ કારતક વદ ૬
ગણિપદ–બારડોલી. સં. ૧૯૭૫ કારતક વદ ૬
પંન્યાસ–સુરત સં. ૧૯૭૫ મહા સુદ ૧૩
આચાર્યપદ-ગોધાવી (જી. અમદાવાદ) ૧૯૯૨ માહ સુદ ૬
સ્વર્ગવાસ–અમદાવાદ વીરવિજય ઉપાશ્રયે
ભઠ્ઠીની બારી સં. ૧૯૯૫ ફાગણ સુદિ ૧

જેઓએ અપ્રમાદપણે પૂ. ગુરૂદેવ આ. શ્રીક્ષાંતિસૂરીશ્વરજીની
સેવા ભક્તિ કરી. જેમની નિશ્રામાં રહી રાસ લખાયો તે
પૂ. પંન્યાસજી **શ્રી કીર્તિમુનિજી મહારાજ સાહેબ**



જન્મ–સં. ૧૯૫૦ ફતેહપુર (સિકર)
દીક્ષા–સં. ૧૯૭૧ ના જેઠ વદ ૮ ફલોધી (મોટી મારવાડ)
વડીદીક્ષા–સં. ૧૯૭૨ના કારતક વદ ૫
ગણિપદ–સં. ૧૯૯૨ માગસર વદ ૧
ગોધાવી (જી. અમદાવાદ)
પંન્યાસપદ–સં. ૧૯૯૨ ના માહ સુદ ૬ ,,

ઓં હ્રીં શ્રીં ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ
શ્રી ક્ષાન્તિસૂરીશ્વર પાદપદ્મેભ્યો નમઃ

શ્રી છત્ર-ભાણકુંવરનો રાસ

નમું આદિ જીણંદને, શાંતિનાથ સુખકાર,
નેમ-પાર્શ્વ વીર જીનને, વંદુ વારંવાર. ૧
નમુ ગૌતમ ગણધરા, તપસ્વી જ્ઞાની,
ક્રિયા શુદ્ધ મહા સંયમી, મુનિવરો ધ્યાની ૨
નમસ્કાર કરતાં થકાં, આત્મ નિર્મલ થાય,
નમ્રતા ગુણ પામતાં મુક્તિ ધ્યેય પમાય. ૩

મહાનુભાવો—આત્માને નિર્મલ બનાવવા માટે એક હજાર વર્ષ સુધી પલાંઠીવાળીને ભૂમિ ઉપર બેઠા નથી તેમ જ જેઓએ નિંદ્રા પણ લીધી નથી અને કેવળજ્ઞાન પામ્યા એવા પ્રથમ શ્રી આદીશ્વર પ્રભુજીને વંદન કરીને તેમજ સાચા સુખની પ્રાપ્તિના માટે શ્રી શાંતિનાથ પ્રભુજીને વળી બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુજીને અને શત્રુ તેમ જ મિત્રના ઉપર સમદૃષ્ટિને ધરનાર શ્રી પાર્શ્વનાથ પ્રભુજીને તેમ જ અત્યંત વાત્સલ્યભાવની મૂર્તિ પરમ આસન્ન ઉપગારી શ્રી મહાવીર પ્રભુજીને વારંવાર નમસ્કાર કરું છું. વળી લબ્ધિઓ જેમને પ્રાપ્ત થઈ છે એવા શ્રીગૌતમ સ્વામી વિગેરે ગણધર ભગવંતોને નમસ્કાર કરીને, કર્મોની નિર્જરા કરનાર મહાન તપસ્વીઓ, જ્ઞાન ક્રિયામાં સદા સાવધાન એવા શુદ્ધ મહા

સંયમનું પાલન કરનાર ધ્યાની પૂ૦ મુનિવરોને ત્રિવિધ નમસ્કાર કરું છું.

એવા મહાન્ પવિત્ર પુરુષોને નમસ્કાર કરવાથી, પૂજન કરવાથી આત્મા નિર્મળ બને એ સત્ય વાત છે.

નમ્રતા આવ્યા સિવાય નમસ્કાર થઈ શકતો નથી. નમસ્કાર મહામંત્રમાં પહેલા નમો શબ્દ મૂકાયેલો છે. નમ્રતા ગુણ આવવાથી નમસ્કાર થઈ શકે છે. અક્કડ રહેનાર અભિમાની જીવો ઉત્તમોત્તમ દેવાધિદેવને પણ નમસ્કાર કરી શકતા નથી. માયાકપટ રહિત એવા સીધા સરલ આત્મા સિદ્ધિ મેળવી શકે છે. સંસારમાં રહ્યા છતાં મુક્તિના ધ્યેયથી હૃદયમાં નિરંતર પંચપરમેષ્ઠિનો જાપ ચાલુ જ હોય છે.

દોહરા

તપગચ્છ દીપક ભવભીરૂ, ક્ષાન્તિ સૂરીશ્વરરાય,
તસપદ પંકજ પ્રણમું વળી શારદામાત સહાય. ૪
કીર્તિ જગમાં પ્રસરે, નિપુણ ભક્તિ સુખદાય,
ગુણીજનને સંભાળતાં સ્હેજે સિદ્ધિ થાય. ૫
ઇચ્છિત વસ્તુ મેળવવા, ધ્યેય સાથ મહેનત,
તીમ મુક્તિ સુખ મેળવે, ધર્મી ઉદ્યમવંત. ૬

મહાનુભાવો—તપગચ્છ દીપક, ભવભીરુ એવા પૂ૦ ગુરુદેવ આ. શ્રી ક્ષાંતિસૂરીશ્વરજી મહારાજના ચરણકમળમાં નમસ્કાર કરી અને જીનવાણી શારદામાતનું સ્મરણ–નમન કરીને જેમની કીર્તિ બાલબ્રહ્મચારી પણે પ્રસરી રહી છે એવા પૂ. પં. શ્રી

કીર્તિમુનિજી ગણિવર્ય તથા મંગળને કરનારી શ્રી વર્દ્ધમાન તપની ૯૦ મી ઓળી પુરી કરનાર પૂ. પં. શ્રી નિપુણમુનિજી મહારાજ (હાલમાં પૂ. આ. શ્રી નિપુણપ્રભસૂરિજી મહારાજ) તથા જ્ઞાન ભક્તિમાં તલ્લીન એવા પૂ. મુનિશ્રી ભક્તિમુનિજી મહારાજ વિગેરે પૂ. વડીલોના ગુણ ગ્રામ સ્મરણ કરતાં ચિત્તની પ્રસન્નતા મેળવું છું, જેથી આદરેલ કાર્યની સિદ્ધિ સહેજે થાય.

વસ્તુની પ્રાપ્તિનું ધ્યેય હોવા છતાં સાથે સાથે તેનો સાચી દિશામાં ઉદ્યમ હોય તો જ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ શકે છે. કહ્યું છે કે—

ઉદ્યમઃ સાહસં ધૈર્યં, બુદ્ધિ શક્તિઃ પરાક્રમઃ,
ષડે તે યત્ર વર્તન્તે, તત્ર દૈવં સહાયકૃત્.

જ્યાં ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ ગુણો હોય છે ત્યાં દૈવ પણ સહાય કરનાર થાય છે.

ઉદ્યમેન હિ સિદ્ધ્યન્તિ કાર્યાણિ, ન મનોરથૈઃ

ઉદ્યમ વડે જ કાર્યની સિદ્ધિ થાય છે, પણ એકલા મનોરથોથી કાર્ય થતું નથી. મુક્તિ સુખ મેળવવા ધર્મી આત્માએ હમેશા ઉદ્યમશીલ રહેવું જોઈએ.

ગમ્મતથી ગયો રાજ્યહક્ક, મેળવતાં ઉત્સાહ,
રાજ્ય મળે ભીખારીને ન લીએ વાહવાહ. ૭
ધર્મ જેના હૃદયમાં તે ધર્મી કહેવાય,
નીતિ જેની પાસમાં ન્યાયવંત ગણાય. ૮

મુક્તિ સુખના ધ્યેયથી ક્ષાંત્યાદિ ગુણ આય,
છત્ર–ભાણ કુંવર ક્રમે, લલિત સુખ કમાય. ૯

હે સજ્જનો–ગમ્મત કરતા કુતૂહલથી રાજ્યહક્ક રાજકુંવરનો ગયો અને ભીખારી બન્યો પણ મને મારો રાજ્યહક્ક પાછો કેમ મળે. એ જ ધ્યેય એજ ઉત્સાહ નિરંતર રાખવાથી અંતે રાજ્ય મેળવ્યું.

મહાશયો ! બીના બીતા પણ ભીખારી રાજકુંવર બન્યો છતાં રાજ્ય મળવાના અવસરે ન્યાયી–નિર્લોભી હોવાથી રાજ્ય ગાદી ખરા રાજકુંવરને જ અપાવી જેથી રાજ્યસભામાં તેની વાહ વાહ થઈ.

મહાનુભાવો ! મુક્તિ સુખ મેળવવા પ્રત્યે જેનું સચોટ ધ્યેય હોય છે તેનામાં ક્ષમા,સંતોષ,નીતિ, ન્યાય, નિર્લોભતા, સરલતા વિગેરે ગુણો પ્રગટે છે જેથી છત્રકુંવર ભાણકુંવરની જેમ ક્રમે કરીને લલિત સુખ કમાઈ શકે છે.

ઢાળ ૧ લી

—દોહરા—

ગૂર્જર દેશ રળિયામણો, શહેર અમદાવાદ,
રાજનગર કહેવાય છે, જૈનપુરી આબાદ. ૧
મધ્યે મહાવીર પ્રભુ, આસન્ન ઉપગારી,
ભવ્ય પ્રતિમા શોભતી, વંદુ સુખકારી. ૨
ફતાસાની પોળમાં, ત્રણ દેરાસર સાર,
શ્રેયાંસ–વાસુપૂજ્યજી, સુમતિનાથ ભવપાર. ૩

અદાશા ખડકી વળી, ભઈ બારી સાથ,
પંડિત વીર ઉપાશ્રયે, નમું અજીતનાથ. ૪
છત્રકુંવરે ધ્યેયથી, રાજ્ય મેળવ્યું ખાસ,
તેમ મુક્તિપદ પામવા, સુણો મનહર રાસ. ૫

(રાગ–પુષ્પ્ખલવર્ષ વિજયે જ્યારે, નયરી પુંડગિરિણીસાર.)

પ્રભુદર્શન પૂજન કરો રે ગુરૂવંદન સુખકાર,
ધર્મ આરાધો ભાવથીરે તેજ જગતમાં સાર.
સલૂણે. રાખોજ મુક્તિનું ધ્યેય,ભૂલોના મુક્તિનું ધ્યેય.
સલૂણે. રાખોજ મુક્તિનું ધ્યેય. ૧
વિષયસુખ લાગે મીઠા રે, ખરજ ખણે સુખ ભાસ,
બળતરા પાછળ ઘણી રે,સહુને અનુભવ ખાસ. સ. ૨
ભૂલકણા સ્વભાવથી રે, દુઃખ વળી ભૂલી જાય,
કિંચિંત સુખ સંભાળતો રે,તે લેવા મન થાય. સ. ૩
અનંતાનંત બહુ કાળમાં રે, રખડે જીવ જગમાંય,
પુદ્ગલોના પાસમાં રે, રહ્યો ભવ ભવ માંય. સ. ૪
કૌતુક કુતુહલ કારણે રે, કર્મ નચાવે નાચ,
ભાન થતા શૂરવીર બને રે,મેળવે મુક્તિજ સાચ. સ. ૫

મહાનુભાવો ! આત્માને કર્મના પાસથી મુક્ત કરવાના ધ્યેયથી નિરંતર સવારમાં આવશ્યક ક્રિયા કરીને શ્રીજિનેશ્વરના દર્શન કરવા, પૂજન અવસરે પૂજા કરવી. ગુરુવંદન પચ્ચખાણ વ્યાખ્યાન શ્રવણ કરવું.જિનેશ્વરે પ્રરૂપેલ ધર્મની આરાધના ભાવપૂર્વક ઉપયોગ સાથે કરવી. એમાંજ માનવ જન્મની સફલતા

છે. માર્ગાનુસારીના ગુણો મેળવવાની ખાસ જરૂર છે. સમ્યકત્વ પૂર્વક બાર વ્રતો આદરવા. એ સમ્યકત્વમાં પ્રભુના દર્શન પૂજનનો સમાવેશ થાય છે, એટલે કે પ્રભુના દર્શન પૂજન એ સમ્યકત્વની કરણી છે, તે દરરોજ કરવા યોગ્ય છે. અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરવો. મૈત્રિ પ્રમોદ કરૂણા અને માધ્યસ્થાદિ સોળ ભાવનામાં રમવું. દાન, શિલ, તપ અને ભાવરૂપ ધર્મ આરાધવો. આમાં સાધર્મી ભાઈ–બહેનોની ભક્તિ પરોપકાર, અનુકંપા વિગેરેનો સમાવેશ થાય છે. ઉપર કહ્યા મુજબ સુદેવના દર્શન, તેમનું પૂજન, સુગુરુના દર્શન, વંદન, વ્યાખ્યાન શ્રવણ, ભક્તિ વિગેરે અને પ્રભુએ ઉપદેશેલ ધર્મ, તેનું સમ્યગ્ રીતે ઉપયોગ સહિત વિધિપૂર્વક આરાધન કરવાનું ભૂલો નહીં. હે સમજુજનો ! આત્માને મુક્ત કરવાનું જ ધ્યેય દિલમાં રાખો, તેને કદી પણ ભૂલો નહીં, ભૂલો નહીં. ૧.

આવો અમૂલ્ય દુર્લભ માનવભવ મેળવીને આત્મા વિષય સુખમાં પડી જાય છે. વિષય સુખ ભોગવતાં અનેક વખત દુઃખો ભોગવવાં પડયાં હતાં, તે બધું ભૂલી જઈને વળી અલ્પ સુખના આનંદ માટે તત્પર થાય છે, તેના પરિણામે વળી ભયંકર દુઃખ ભોગવે છે. ઉંધરસ, દમના રોગીને દહીં, ખટારા, તેલ, મરચું વિગેરે નુકશાન કરે છે, એમ જાણ્યા અનુભવ્યા છતાં રોગની કંઈક શાંતિ થતા વળી તે નુકશાન કરનારી ચીજો ખાવા લલચાય છે, અને ખાય છે, એટલે રોગની વૃદ્ધિ થવાથી ખૂબ અકળાય છે, મૂંઝાય છે, અસહ્ય પીડા ભોગવે છે. આમ વારંવાર જીવો

ભૂલ કરે છે. અહોહોહો જો ભૂલકણો સ્વભાવ ન કળવ્યો હોત તો વિષય સુખોને મીઠાં જાણત નહીં, માનત નહીં. પાંચે ઇન્દ્રિયોના વિષયસુખો જીવોને મીઠાં લાગે છે, સુંદર લાગે છે. પણ તે સુખો ખરજ ખણતાં જે સુખ ભાસે છે, તેના જેવાં જ છે. મધ ચોપડેલ તલવારની ધાર સમાન છે. મધ ચાટતી વખતે મીઠું તો લાગે પણ ધારથી જીભ કપાયાથી મહાવેદના થાય છે તેના જેવી સ્થિતિ છે. ખરજ ખણતી વખતે જીવને સારું લાગે છે, ગમે છે, પણ પાછળથી બળતરા ખૂબ થાય છે ત્યારે સમજાય છે કે સુખ લાગેલું તે સુખ નહીં પણ દુઃખ આપનારું હતું. કુતરું જ્યારે હાડકું ચાટે છે, ત્યારે આનંદ માને છે, પણ હાડકાના ઘસારાથી લોહી નીકળે છે તેને ચાટે છે અને આનંદ અનુભવે છે. એવી જ દશા ભૂલકણા જીવોની પણ છે, આ વાત અનુભવ સિદ્ધ છે, છતાં ભૂલકણા સ્વભાવથી મહાન્ દુઃખની પરંપરા ભોગવે છે. કેવા કેવા દુઃખો ભોગવે છે તેનો વિચાર કરતાં પણ કંપારી છૂટે. અનેક દુઃખો આ દુઃસમ કાળના મનુષ્યોને બહુ પ્રકારે પ્રાપ્ત થાય છે.

હે ભવ્યજીવો ! તમો વિચાર કરો કે આ જીવ જ્યારથી જન્મે છે ત્યારથી મરણ પર્યંત કેવળ દુઃખમાં જ દિવસો કાઢે છે. કેમકે જન્મની વખતે જેમ સોની સોનારૂપાના તારને જતરડામાંથી ખેંચી કાઢે છે, તેમ માતાના યોનિદ્વારમાંથી નીકળતાં અતૂલ દુઃખ પ્રાપ્ત થાય છે. વળી મરણનું દુઃખ પણ અતિ ઘણું જ છે. જન્મમરણના દુઃખોની વચ્ચેનાં દુઃખો અનેક

પ્રકારના છે. બાલપણમાં બાળકને બોલતાં નહીં આવડવાથી તેને દુઃખ થાય છે ત્યારે તે બાળક રૂવે છે,તેથી તેના માબાપ કાંઈને બદલે કાંઈ ઉપચાર કરે છે, પણ તે તેને સુખને બદલે દુઃખરૂપ થાય છે.વળી જુવાનીમાં માની લીધેલાં સંસારના સઘળા સુખની પ્રાપ્તિ થતી નથી. જેમકે, કોઈ માણસે કોઈ વસ્તુનો ધંધો કરવા માટે કોઈ પણ ચીજ નહીં જડવાથી ચોમાસામાં ઉત્પન્ન થયેલાં દશવીશ દેડકાં લઈને નાંખ્યાં. પણ ધંધો ઓછો થવાથી બીજું દેડકું લેવા ગયો,તેટલામાં તેમાંથી એક કૂદી ગયું.તેને લેવા જતાં બીજા બે જતાં રહ્યાં, તેને લેવા જતાં બીજા ચાર કૂદીને જતાં રહ્યાં. તેમ સ્ત્રી,પુત્ર, ધન અને નિરોગીપણું પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતાં અચાનક સ્ત્રી મરી જાય છે.સ્ત્રીની પ્રાપ્તિ કરવા જતાં ધન નાશ પામી જાય છે. ધન મેળવવા તૈયાર થતાં શરીર માંદુ પડી જાય છે, એમ એક પછી એક દુઃખની ઘટમાળ ચાલ્યા જ કરે છે. અહો ભવ્ય જીવો ! મનુષ્ય પર્યાયમાં આવા અનેક પ્રકારના ઘોર દુઃખો હોય છે. કોઈ કોઈ ગર્ભમાં રહ્યા રહ્યા પણ સંગ્રામ વગેરે પાપો કરીને નરકમાં જાય છે.આવો વૈક્રિયલબ્ધિવાળો જીવ અંદર પ્રૌઢતાને પામ્યો હોય,એવામાં દુશ્મનોનું લશ્કર આવેલું સાંભળીને ગર્ભમાં જ રહ્યો થકો જીવ પ્રદેશોને બહાર કાઢીને વૈક્રિયલબ્ધિવડે હાથી, ઘોડા, રથ, પાળા વિગેરેને બનાવીને લડાઈ કરી રૌદ્રધ્યાનમાં અધ્યવસાયોને પામેલો ત્યાંજ આયુષ્ય પૂર્ણ કરી નરકમાં જાય છે. કેટલાક ગર્ભમાં રહેલા મરીને દેવલોકમાં પણ જાય છે. કોઈ જીવ ગર્ભમાં હોય, તેની માતા મુનિરાજ પાસે

ધર્મ ઉપદેશ સાંભળવા ગઈ હોય, તે ધર્મ સાંભળતી હોય ત્યારે પેટમાં રહેલો પુત્ર પણ ધર્મ સાંભળી શુભ અધ્યવસાયવાળો થઈને ત્યાં જ મરણ પામીને દેવલોકમાં જાય છે. આ ઉપરથી ગર્ભ ધારણ કરેલ બહેનોએ સદ્‌વિચારમાં રહેવું જોઈએ. બાઈઓ સુવાવડના પ્રસંગો અનુભવેલા છે. છતાં વિષયસુખ યાદ કરતાં પહેલાંનું દુઃખ ભૂલી જાય છે.

યૌવનવયને પામેલા મનુષ્યને એવી કોઈ ધન ભેગું કરવાની તૃષ્ણા મુંઝવે છે કે જેથી દેવ ગુરુ ધર્મ તત્ત્વને કાંઈ પણ જાણતો નથી, ગણતો નથી. પછી મહામુશ્કેલીએ કેટલું ક ધન ભેગું કરે છે, એટલે એને સાચવવાની મુંઝવણમાં પડે છે. આથી હમેશાં રાજા, ચોર, ભાગીદાર આદિથી બીતો રહે છે. જેમ જેમ ધન વધતું જાય છે તેમતેમ ઇચ્છા પણ ખૂબખૂબ આગળ ને આગળ વધતી જાય છે. કદાચ ધન મળી જાય તો પણ કોઈ કોઈના શરીરમાં રોગ કાયમ હેરાનગતિ કરે છે, તેથી પથ્ય અને ઔષધ વિગેરેમાં જ ધ્યાન રાખવું પડે છે, જેથી ખાવા પીવા આદિ ભોગના સાધનો ફક્ત નજરે જોઈ શકે છે, પણ ઉપયોગ કરી શકતો નથી. ધન મળવા છતાં પણ જો પુત્ર ન હોય અથવા પુત્ર થાય પણ દુષ્ટ આચરણવાળો થાય તો દેખવું ને દાઝવું તેની જેમ શરીરથી કેટલોક ક્ષીણ થાય છે. એનું દુઃખ તો તે જ જાણે અથવા કેવળી મહારાજ જાણે. કોઈ પૂર્વ કર્મના યોગે કોઢ, ક્ષય, વિગેરે ગંભીર રોગો વડે એવા પીડાય છે કે લોકોને શોચનીય બને છે. નિર્ધનપણાથી મૂંઝાયેલા જીવોને ઘણી ઘણી જાતની

ચિંતા અને પીડા હોય છે.જેમકે મારા ઘરમાં દ્રવ્ય નથી, બીજા લોકો કેટલી લહેર કરે છે ? મારા છોકરાં રોવે છે. હા, હા, હું બૈરાં છોકરાંને શું આપીશ. મારું આપેલું પણ સગાંવહાલાં અભિમાની બનેલા મને પાછું આપતા નથી.બીજા ધનવાનો પણ મારો પરાભવ કરે છે, પાસે પણ આવવા દેતા નથી, તરછોડી કાઢે છે. આજે ઘરમાં ઘી, તેલ, મરચું નથી, મીઠું પણ થઈ રહ્યું છે, લાકડાં કોલસા પણ ખૂટયા છે. આજે સ્ત્રી વળી માંદી પડી છે. કાલે કુટુંબનું શું થશે, ઘરે કુંવારી છોકરી મોટી થતી જાય છે, છોકરાં હજુ નાનાં છે,કોઈ કમાઈ કરી આપે તેવા નથી. કુટુંબમાં પણ ઘણાં રોગી થઈ ગયા છે. દવા લાવવાના પૈસા પણ નથી. સ્ત્રી બહુ હઠીલી છે. આજે મહેમાન પણ ઘણા આવ્યા છે. ઘર જૂનું હોવાથી કયારે પડશે તે કહેવાય તેમ નથી. ચારે બાજુથી વરસાદનું પાણી પડે છે. બૈરી પણ કજિયો કરે છે, પરિવારમાં કોઈ વિનય સાચવતું નથી. શેઠ પણ બહુ આકરો છે. આ ગામમાં રહેવા જેવું નથી.અહીંથી બીજે જાઉં ! સમુદ્ર-પાર જાઉં ! આ ગરીબાઈની ચિંતા કેમ ટળશે ! સ્નેહી હતો તે મરી ગયો. શત્રુ ઘણા છે. લેણદાર લેણું માગે છે,કયાં જાઉં ! આમ અનેક રીતે મહાચિંતારૂપી જ્વરથી નિત્ય મૂંઝાયેલો જીવ મહાદુઃખમાં જીવન પસાર કરે છે. આવા દરિદ્રતાથી મૂંઝાયેલા જીવો શું સુખ અનુભવે છે ? મહાદુઃખમાં જીવન પસાર કરે છે. આવી રીતે વૈભવવાળા અને ગરીબ તેમને બધાને યુવાનીમાં પણ શું સુખ છે ? સર્વેને વૃદ્ધપણું તો અવશ્ય કોડો દુઃખોનું

ઘર છે. વૃદ્ધપણામાં પગ ધ્રૂજે છે, આંખોની જોવાની શક્તિ ઘટી જાય છે અથવા અંધાપો આવે છે. કાનમાં બહેરાશ આવે છે. વાથી શરીર તૂટે છે. શ્લેસ્મ વધી જાય છે. વાતપીત કફનું જોર વધી જાય છે. લોકોમાં કોઈ વચન માનતું નથી. તેનું બોલ્યું કોઈને ગમતું નથી. સહુ કોઈ મશ્કરી કરે છે. આવી પરાધીનતા જોઈ સ્નેહીમિત્ર શોક કરે છે.

ઘરે પણ ખુણામાં માંચામાં ખોં–ખોં–થુ–થુ કરતો પડયો રહે છે. વૃદ્ધપણામાં પુત્રો, સ્ત્રી, દીકરાઓ, દીકરાની વહુઓ વિગેરે પરાભવ કરે છે. આવી રીતે મનુષ્યની ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ચારે અવસ્થામાં કેવળ મનના અભિમાનથી માની લીધેલા સુખ સિવાય બીજું કોઈ પણ સુખ નથી તેથી મનુષ્યગતિમાં પણ સાર એટલો જ દેખાય છે કે શ્રી જિનશાસન જિનેશ્વરદેવ અને જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ ધનવાળા સાધુઓ મોક્ષસુખને પામી શકે છે. અથવા દેવ-લોકમાં જાય છે. દેવલોકમાં અમુક હદ સુધીનું સુખ જણાય છે પણ તે સાચું સુખ તો નથી જ પણ સુખની પાછળ દુઃખ રહેલું જ છે, તે ચોક્કસ છે.

આવા ચાર ગતિમય સંસારસમુદ્રમાં ભમતાં સઘળા જીવો અનંતીવાર જન્મ્યા છે, અનંતવાર મર્યા છે અને અનંતા દુઃખો સહન કર્યાં છે, કરે છે અને કરશે. ત્રણ ભુવનમાં તિલતુસના ત્રીજા ભાગ જેટલી પણ એવી જગ્યા નથી કે જ્યાં ચોરાશી લાખ યોનિમાં ફરનારા જીવ ઉત્પન્ન થયા ન હોય. સર્વલોકમાં રહેલા

સર્વ પુદ્ગલ દ્રવ્યોને એક એક જીવે અનંત અનંતવાર શરીર રૂપે, સાધનરૂપે, પરિભોગરૂપે અને ભોજનરૂપે ભોગવ્યા છે છતાં મૂઢ જીવ જ્યારે ભોગોને પામે છે, ત્યારે નવા જ મલ્યા હોય એમ માની અતૃપ્ત થઇને ભોગવવા તૈયાર રહે છે. સમુદ્ર જેમ પાણીથી ભરાતો જ નથી, તેમ આત્મા પણ કોઈ દિવસ ધરાતો નથી. વિષયાભિષમાં ગૃદ્ધ થયેલો જીવ ભવેભવે જરાય તૃપ્તિ પામતો નથી. આ બધી "ભવભાવનામાં" જણાવેલી વાતો વિચારતાં જણાય છે કે જીવે વિષયો સંબંધી સુખો અનંતવાર અનુભવ્યા છે અને તેના કારણે અનંતગણા દુઃખો પણ અનુભવ્યા છે. તો હવે હે જીવ! અત્યારે તને સર્વ સામગ્રી અનુકૂળ મળી છે, તે સમયે ભવદુઃખને નાશ કરવામાં સમર્થ એવા શ્રી જિનેશ્વર દેવના ભાંખેલા ધર્મમાં બરાબર ઉદ્યમ કર, જેથી ભવભ્રમણ મટે. આ જીવ જગતમાં પુદ્ગલોના પાસમાં રહી ભવોભવ ભ્રમણ કરીકરીને અનંતાનંતકાળ દુઃખ ભોગવતો જ રહ્યો છે. ૪.

મોહ રાજા કૌતુક, કુતૂહલ, રમત ગમ્મત ઉપજાવી નાચ નચાવે તેમ જીવ નાચે છે. વળી ભાનમાં આવે ત્યારે શૂરવીર બને છે અને ભવનો નાશ કરીને મુક્તિ પણ ખરેખર મેળવે છે. ૫

રાજકુંવરે રમતમાં રે પહેર્યો ભીખારીનો વેશ,
ઘરઘર ભીખના ટુકડારે, માંગ્યા સુખ નહિ લેશ સલૂણે. ૬
પણ ધ્યેય ચુકયો નહીં રે રાજ્ય લેવાને કાજ,
તો અંતે સુખ મેળવીરે, કર્યું વર્ષ બહુ રાજ. સ. ૭

તેમજ મુક્તિના ધ્યેયને રે, જે નરનારી ધરે ખાસ,
તે અવશ્ય ક્રમે કરીને, કર્મ ખપાવે સાચ. સલૂણે. ૮
મોહ નહિ હર્ષ સાથમાં રે, ભક્તિ રહે તપ ધ્યાન,
ક્ષાંતિ કીર્તિ ગુણ પ્રસરે રે,મુક્તિ લલિત સુખખાણ.સ. ૯

એક રાજકુંવરે પોતાના જેવો જ વય, રૂપ, રંગ વિગેરેથી મળતો એક ભીખારીના છોકરાને જોયો. જથી તેને કુતૂહલ કૌતુક થયું કે કપડાના ફરક સિવાય દરેક રીતે મારા જેવો જ છે, તો મારા કપડાં તેને પહેરાવું અને તેના કપડાં હું પહેરું તો કોઈ જાણી શકે કે કેમ ! તેવા પ્રકારના વિચારથી કૌતૂક રમુજખાતર ભીખારીને બગીચાના બંગલામાં બોલાવી તેના કપડાં કઢાવી અને પોતાનો રાજવંશી પોશાક પહેરાવીને પોતે ભીખારીના કપડાં પહેરી કૌતુક જોવા માટે બાગમાંથી બહાર નીકળી છાનો ઊભો રહ્યો.

ભીખારીનો છોકરો રાજકુંવર જેવો બન્યો છે. સેવકો ગાડીમાં બેસાડી રાજમહેલમાં લઈ ગયા. ખરો રાજકુંવર ભીખારી જ થઈ ગયો. પણ પોતાના રાજહક્કને કદી ભૂલતો નથી. રાત-દિન ભીખારીપણે રહેવા છતાં ટાઢા ટુકડા એંઠા-જૂઠા ખાવા છતાં મને મારા પિતા કયારે મળે ! મને મારો રાજ્યહક્ક પાછો કયારે મળે એ જ ચિંતામાં ત્રણેક વરસ પસાર કરે છે. પણ ધ્યેય તો રાજ્ય હક્ક મેળવવાનો જ છે. રાજકુંવરને ભીખ માગવામાં લવલેશ સુખ પણ કયાંથી હોય ! પણ પોતાના ધ્યેયમાં મક્કમ ઉદ્યમ

રહેવાથી અંતે રાજ્યહક્ક મળ્યો અને ઘણાં વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું. ૭.

તેમજ હે મહાનુભાવો ! જે કોઈ નર કે નારી મુક્તિના ધ્યેયપૂર્વક સંસાર કારાગૃહમાંથી મુક્ત થવા માટે ઉદ્યમ ચાલુ રાખશે તેઓ અવશ્ય ક્રમસર આત્માને નિર્મળ બનાવી કર્મ ખપાવી ધ્યેયની સિદ્ધિ કરશે. ૮.

સંસારના મોહને દૂર કરી હર્ષપૂર્વક ભક્તિથી તપ, જપ, ધ્યાન કરતાં ક્ષાંત્યાદિ ગુણો કીર્તિ મેળવતાં લલિત એવી સુંદર સુખની ખાણ જે મુક્તિ તે મુક્તિના ધ્યેયને પહોંચી શકાય છે.

સંસારના મોહને દૂર કરેલ એવા પ્રાતઃસ્મરણીય પૂ. શ્રી મોહનમુનિજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન તપગચ્છ ભૂષણ પૂ. પં. શ્રી હર્ષમુનિજી ગણિવર્યની નિશ્રામાં સાથમાં રહેલ તપસ્વી પૂ. મુનિશ્રી ભક્તિમુનિજી મહારાજ તેઓશ્રીએ માસ-ખમણ તેમજ બીજી અનેક તપસ્યાઓ કરીને આત્મામાં સમાધિ પૂર્વક કાળધર્મ પામેલા. તેઓશ્રીના શિષ્યરત્ન નામ તેવા ગુણોવાળા પૂ. આ. શ્રી ક્ષાંતિસૂરીશ્વરજી, તેમના શિષ્યરત્ન વિદ્વાન્ પૂ. પં. શ્રી કીર્તિમુનિજી મહારાજના લઘુબંધુ લલિતમુનિએ સુંદર સુખની ખાણ જે મુક્તિ તે મુક્તિના ધ્યેય ઉપર રાસ રચવાની શરૂઆત કરી છે. ૯.

ઢાળ બીજી

(રાગ–ધર્મ જીનેશ્વર ગાઉ રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જીનેશ્વર)

અઢી દ્વીપમાં જંબૂદ્વીપ છે, ભરતક્ષેત્ર દક્ષિણાર્દ્ધ શોભાગી
નયર છે છત્રપુર સોહામણું,
જાણે મુગટ સમાન. શોભાગી અઢી. ૧
દેવમંદિરો મહેલો રાજના,
પૌષધ શાળાઓ સાથ. શોભાગી.
મઠ દાનશાળા ધર્મશાળાઓ,
બગીચા શોભે સંગાથ શો. અઢી. ૨
વૈભવશાળી ગૃહસ્થો છે ઘણા,
હવેલીઓ જોવા જેવી. શોભાગી
ચિત્રામણો બહુરંગી જાતના,
દિલ હરખાવે એવી. શો. અઢી. ૩
શહેર બન્દરો આનંદ આપતી,
નામ થોડા કહું સાચ. શોભાગી.
ચાંદી, ઝવેરી. કાપડ, કરીયાણા,
લક્ષ્ય લોઢાં રંગ કાચ. શો. અઢી ૪
ત્રાંબાપીત્તળ–મણીયારી વળી,મીઠાઇઓ રસાળ, શો.
શ્રીફળ, ખારેક, ખજુર, ટોપરા,
સાકર ગોળ બન્નર. શો. અઢી દ્વીપમાં ૫
કેશર ચંદન બરાસ કસ્તુરી, અત્તર અમર કપૂર. શો.
ધૂપ સુગંધી ગુલાબ કેવડો,
વેપારીઓ ભરપૂર. શોભાગી. અઢી ૬

રેશમ સુતર મખમલ રૂ જરી, ઉન કપાસ એરંડ. શો.
વીણા શરણાઈ તબલા તંબૂરા,
મળે વાનાં વાજિંત્ર. શો અઢી ૭
ઘી ગોળ તેલ ચણામભરા ફલી, ફુટ શેલડી રસદાર. શો.
આંબા કેળાં દાડમ મુસંબી,
નારંગી ચીકુ દ્રાક્ષ શો. અઢી ૮
મેવા, મસાલા, ધાન્ય ભાજીના,
વેપારીઓ સુખવાસ. શો.
નિત્ય ક્રિયા કરનારા બ્રાહ્મણો,
આચાર વિચારે ખાસ. શો. અઢી ૯
માળી, તંબોળી, સુતાર, સોનીઓ,
કડીયા, દરજી, કુંભાર. શો.
ઘાંચી, મોચી, ધોબી, રંગરેજો,
હુન્નમ મજુરો લુહાર. શો. અઢી ૧૦
સહુ કારીગરો નિજ નિજ કાજમાં,
સુખીયા સંતોષી જાણ. શોભાગી.
તિંહા સુગાળ સદાયે વર્તતો,
દુઃખીયા થોડા પ્રમાણ. શો. અઢી ૧૧
તે છત્રપુર નયરનો રાજીયો, પ્રજાહિત બહુમાન. શો.
ન્યાય નિપુણે ધર્મી નિર્મળો.
દાની ફતેસિંહ નામ. શો. અઢી ૧૨

શિયલ સુરંગી જાણે અપ્સરા, પતિવ્રતા છે રાણી. શો.
કુલ કુંવરબા નામ સોહામણું,
વિનયાદિ ગુણ ખાણી. શો. અઢી ૧૩
વૈભવ સુખવિલાસો ભોગવે, રાજરાણી સદાય. શો.
શુભ સ્વપ્ને ધરે ગર્ભ રાણીજી,
દોહદ દિલ માંહે થાય. શો. અઢી ૧૪
વન ક્રિડા કૌતુક જુએ ભલા, દોહલા પૂર્ણ કરાય. શો.
હિત મિત પથ્ય રાણી સાચવે,
સમય પુરો એમ થાય. શો. અઢી ૧૫
શુભવેળ શુભલગ્ન ચોઘડીયે,વ્યથા નહિ જન્મપુત્ર. શો.
આનંદ આનંદ રાજમહેલમાં,
મંગળ વાગે વાજંત્ર. શો. અઢી ૧૬
હર્ષભરી દિલ દાસી વધામણી,દીયે રાજજીને ખાસ. શો.
ન્યાલ કરી ધન વસ્ત્રાભૂષણે,
દાસીપણું મુક્ત સાચ. શો. અઢી ૧૭
રાજસગાઓ સ્નેહી સૌ કોઈ,શાહુકારો અધિકારી, શો.
રાજસભાને યોગ્ય વસ્ત્રાદિ,
પહેરી આભૂષણો ભારી. શો. અઢી ૧૮
પ્રજાજનો પણ દેવા વધામણા,
થાય સંખ્યા બહુ સારી. શોભાગી.
રાજસભા ભરાણી ઠાઠથી,
વધાઈ કરે નરનારી. શો. અઢી ૧૯

આશિર્વાદ ગુરૂદીએ રાજના,મંગલ સાર અવાજ. શો.
બિરૂદાવલી બોલે ભાટચારણો,
પુત્ર વધાઇને કાજ. શો. અઢી ૨૦
કરે સન્માન સહુનું રાજવી, યાચકોને દીએ દાન. શો.
કેદીજનો પણ સહુ છુટા કર્યા,
ગરીબોને ખાનપાન. શો અઢી ૨૧
ચણ કણ પાવે પુષ્કળ પંખીઓ,
પશુઓને મીઠા ખાણ. શોભાગી.
આશિષ આપે મુખ ઉંચા કરો,
રાજાને કરે જાણ. શો. અઢી ૨૨
રાજકુટુંબ જમાડયું હોંશથી, નામ પુત્રનું જાણ. શો.
છત્રકુંવરજી નામ જ રાખીયું,
કોઈ કહે પ્રમાણ. શો. અઢી ૨૩
પ્રેમ પ્રજાને રાજપર ઘણો, તેમ રાજનો ખાસ. શો.
સુખમાં સુખી દુઃખમાં દુઃખ ધરે,
એમ રહેતા સુખવાસ. શો. અઢી ૨૪
રાજનગર ઉપાશ્રય વીરનો; દેરાસર પણ ખાસ શો.
નાથ અજીત જીન નામે શોભતા,
નમતા કર્મ વિનાશ. શો. અઢી ૨૫
તે પ્રભુ નાથ અજીતની મહેરથી,
ગુણ મોહન જશ ગાત. શોભાગી.
ઘરી નિશ્રા સુખદાયી હર્ષની,
ભક્તિ તપ વિખ્યાત. શો. અઢી ૨૬

તપગચ્છ ક્ષાંતિસૂરીશ્વર તેહના, કીર્તિ મુનિ પંન્યાસ. શો,
તસ લઘુ બંધવ મુક્તિ ધ્યેયથી,
ललित કરે પ્રયાસ. શો. અઢી ૨૭

બીજી ઢાળનું વિવેચન

મહાનુભાવો! જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતમાં મુગટસમાન એવું છત્રપુર નામે નગર. વનખંડો, બાગ, બગીચા, કૂવા, વાવડીઓ, કુંડો, તળાવો, સરોવરો, રાજમહેલો, દેવમંદિરો, ઉપાશ્રયો, મઠો વિગેરે ધર્મસ્થાનોથી શોભતું હતું. વૈભવશાળી ગૃહસ્થોની મોટી મોટી હવેલીઓ લાઈનબંધ રંગબેરંગી પંચરંગી ચિત્રામણથી રળિયામણી, સહુ કોઈ જોનારને વિસ્મય પમાડતી હતી. વળી ઝવેરી બજાર, સોના–ચાંદી બજાર, કાપડ બજાર કરીયાણા, લાતી લોઢા, રંગ, કાચ, ફરનીચર, મણીયારી રમકડાં બજાર, ત્રાંબા-પીત્તળની તેમજ મીઠાઈ બજાર વિગેરેની ગોઠવણી પણ રમણીય લાગે તેવી હતી. વળી નાળિયેર, ખજૂર, ખારેક, ટોપરાં, ખાંડ, સાકર; ગોળ, ઘી, તેલ, ચણામમરા, રેવડી વિગેરેના વેપારીઓ સુખેથી ધંધોવ્યાપાર કરતા હતા. કેશર-ચંદન, બરાસ–કસ્તુરી–કપૂર–અત્તર, સુગંધી ધૂપો, અગરબત્તી, કેવડો ગુલાબ આદિના વેપારીઓ ભરપૂર હતા. રેશમ, સૂતર, રૂ, મખમલ–જરી–ઊન–કપાસ, એરંડાદિનો વેપાર પણ મહોટા પ્રમાણમાં ચાલતો હતો. વીણા, શરણાઈ, તબલા દોકડ તંબૂરા વાજા–ઝાંઝ–નગારા–દીલરૂબા વિગેરે વાજિંત્રો બનાવનાર કારીગરો પણ સારી સંખ્યામાં રહેતા હતા. તેમજ મેવા, તેજાના,

મસાલાના વેપારી, અનાજના વેપારી પણ અનેક હતા. વળી ફુટના વેપારી આંબા, કેળા, દાડમ, મુસંબી, નારંગી, ચીકુ, સફરજંદ, ફણસ, પપૈયા, શેલડી, દ્રાક્ષ, રામફળ, સીતાફળ, જામફળ, જાંબુ, બોર, રાયણ, સકરટેટી, તડબૂચ વિગેરે વિગેરે માલ જથ્થાબંધ ઢગલાબંધ બજાર ભરીને માલ વેચી સારો નફો મેળવવાથી નિશ્ચિંત રહેતા હતા. પોતપોતાની નિત્યક્રિયા કરનારા બ્રાહ્મણો, વૈશ્યો, વણિકો, ક્ષત્રિયો પણ આચાર વિચારમાં શુદ્ધ રહેતા હતા. તે શહેરમાં પ્રાયઃ કરી માળી, તંબોળી, સુતાર, લુહાર–સોની, કડિયા–કુંભાર–દરજી, હજામ, ધાંચી, મોચી, ધોબી–રંગરેજો–મજૂરો વિગેરે કારીગરો સહુ કારીગરો નિજનિજ ધંધાથી સુખી અને સંતોષી જણાતા હતા. તિંહા મોટા ભાગે સુગાળ વર્તતો હતો. તો પણ થોડાક દુઃખીઆઓ પણ હતા. સહુના દિવસો સરખા રહેતા નથી. રાજા પણ રંક બની જાય અને રંક પણ રાજા બની જાય. શેઠ તે નોકર અને નોકર તે શેઠ બની બેસે. એવા પણ દાખલાઓ પાંચ પચીશ કે સો નહીં પણ અનેક બની ગયા છે.

હવે તે છત્રપુર નગરમાં ધર્મિષ્ઠ પ્રજાના હિતને કરનારો, ન્યાય કરવામાં નિપુણ શૂરવીર–દાનવીર એવો ફતેસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને શિયલધારણ કરનારી દેવાંગના સમાન પતિવ્રતા ફુલકુંવરબા નામે રાણી હતી. બંને વૈભવ–વિલાસના સુખનો આનંદ લઈ રહ્યાં છે. એક રાત્રિએ શુભ સ્વપ્નથી સૂચિત રાણીને ગર્ભ રહ્યો. બાદ માતાનું હૃદય અને

બાળકનું હૃદય એમ બે હૃદયના કારણે માતાને દોહલા ઉત્પન્ન થાય છે. એ રીતે રાણીને પણ વનક્રીડા કરવી, કૌતુકો જોવાના દોહલા ઉત્પન્ન થયા તે રાજાએ સંપૂર્ણ કર્યા. રાણીજી હાલવા ચાલવામાં, બોલવામાં તેમજ ભોજનમાં પથ્ય બરોબર સાચવે છે. એમ કરતાં પ્રસવકાળ નજીક આવ્યો. જેથી શુભ વાર લગ્ન ચોઘડીયામાં પીડારહિત રાણીજીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

રાજકુંવરનો જન્મ થવાથી રાજમહેલમાં આનંદ આનંદ છવાઈ રહ્યો. દાસીએ રાજાજીને પુત્રજન્મની વધામણી આપી. રાજાએ વધામણીમાં દાસીને ધનધાન્ય વસ્ત્રાભૂષણો આપી ન્યાલ કરી દીધી અને દાસીપણામાંથી મુક્ત કરી. રાજમહેલમાં મંગલ વાજીંત્રો વાગવા લાગ્યાં. રાજસભા અવસરે પ્રજાજનો અધિકારીઓ, શેઠ–શાહુકારો, રાજાના અંગત સગાંઓ, સ્નેહીઓ, વિગેરે રાજસભામાં જવા યોગ્ય ઉત્તમઉત્તમ કિંમતી વસ્ત્રાભૂષણો પહેરી રાજદરબારમાં જવા લાગ્યા. રાજદરબાર ઠાઠથી ભરાયો વધાઇઓ કરી. રાજગુરુએ બુલંદ અવાજથી પોતે જ કાગ્યો બનાવી આશીર્વાદ આપ્યા અને ભાટ–ચારણ–બારોટ વિગેરેએ બિરૂદાવલી બોલી રાજપુત્રના જન્મની ખુશાલીમાં ભક્તિ દર્શાવી. વાજીંત્રોના સૂર સાથે ગીત–નૃત્ય કરનારાઓએ રાજાને તેમ જ સભાજનોને ગાનતાનમાં ખુશખુશ બનાવી પોતાની કળા જણાવી ત્યારબાદ રાજાએ પણ પુત્ર જન્મની ખુશાલીમાં રાજદરબારમાં આવેલા સભાસદોનું સુંદર સન્માન કર્યું અને યાચકોને ધન, ધાન્ય વસ્ત્રાદિનું દાન કરવા લાગ્યો. કેદીજનોને મુક્ત કર્યા.

ગરીબ, લુલા, પાંગળાં, અંધા એવા જનોને પણ ન્યાલ કર્યા. મુંગા પ્રાણીઓને દાણો, ઘાસચારો છૂટથી નાંખ્યો તેમજ મીઠો કંસાર ખવરાવ્યો. વફાદાર પ્રાણીઓને દૂધ પીવરાવ્યું, લાડુ, લાપસી ખવરાવ્યા. પંખીઓને ચણકણ પુષ્કળ નાંખ્યા. જેથી પશુપંખીઓ પણ જાણે રાજપુત્રના જન્મથી જાણે ખુશ થયા હોય તેમ પોતપોતાની ભાષામાં ઊંચા મોઢા કરીને આશિષ આપતા હોય ને શું ? એમ શહેરનું વાતાવરણ આનંદ મગ્ન બની ગયું. ત્યારબાદ નામકરણ વિધિના દિવસે રાજકુટુંબાદિને જમાડીને રાજપુત્રનું નામ ફોઈના કહેવાથી છત્રકુંવર પ્રસિદ્ધ કર્યું. પ્રજાનો પ્રેમ રાજા ઉપર અત્યંત હતો. રાજા પણ પ્રજાના સુખમાં પોતે સુખ માનતો હતો. એમ રાજા–પ્રજાના દિવસો પસાર થાય છે. રાજપુત્ર છત્રકુંવર પાંચ ધાવમાતાથી પોષાતો સુદિ ચંદ્રમાની જેમ વધવા સાથે દરેકને હર્ષ ઉપજાવતો હતો.

હે મહાનુભાવો! રાજનગરના વીરના ઉપાશ્રયમાં શ્રી અજીત નાથ પ્રભુજીનું રમણીય દેરાસર છે. તે અજીતનાથ પ્રભુજીની મહેરથી ગુણીજનના ગુણ ગાતા અને સુખદાયી સંયમ નિશ્રા પૂ. પં. શ્રી હર્ષમુનિજી મહારાજની ધરતા પૂ. ભક્તિ મુનિજી મહારાજ તપસ્વી તપગચ્છમાં વિખ્યાત પામ્યા. તેઓના શિષ્ય રત્ન તપગચ્છ દીપક પૂ. આ. શ્રી ક્ષાંતિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શિષ્ય પૂ. પં. શ્રી કીર્તિમુનિજી મહારાજના લઘુબંધવ લલિતમુનિ મુક્તિના ધ્યેયપૂર્વક છત્ર–ભાણ કુંવરના રાસની રચનાનો પ્રયાસ કરે છે.

ઢાળ ત્રીજી

(રાગ–કાયા માયા દોનું કારમી–પરદેશી રે, કમહુ ન અપની હોય મિત્ર પરદેશી રે)

મુક્તિ ધ્યેય ભૂલો નહીં સૂણો સજ્જનાજી,
મુક્તિ સુખ સાચું ખાસ. સૂ૦
સંસારનું સુખ કાચું હો સૂણો, સ.
પામે પલકમાં નાશ. સૂણો સ૦ ૧
જોઇએ સાચું સુખ તો સૂણો, સ.
ધર્મથી આતમ રંગ, સૂણો સ૦
લાક્ષા રંગની ભાવના સૂણો, સ.
કપાસ બીજના અંગ. સૂણો સ૦ ૨
વાવીએ ફળ આવતા સૂણો, સ.
લાલ કપાસ બનેજ. સૂણો સ૦
તેમ આતમ રંગ લાગતા સૂણો, સ.
સ્હેજે સંસાર છુટેજ. સૂણો સ૦ ૩
છત્રપુરીનો રાજવી. સૂણો સજ્જનાજી,
રૂતેસિંહ ગુણ ખાણ. સૂણો સ૦
કુલકુંવરબા રાણીજી. સૂણો, સ.
છત્રકુંવર સુજાણ. સૂણો સ૦ ૪
શુભ માસ તિથિ યોગ છે. સૂણો, સ.
શુભ નક્ષત્ર વાર. સૂણો સ૦
શુભ વેળા તે જનમીયો સૂણો, સ.
હવે સુણો વિસ્તાર. સૂણો સ૦ ૫

છત્રપુરીમાં રંકડું સુણેા, સજ્જનજી,
ટોળુ વસે પેઢી ચાર. સુણેા સ૦
દુકાળ આદિના કારણે સુણેા, સ.
છોડયેા ક્ષત્રિય આચાર. સુણેા સ૦ ૬
અન્યા ભીખારી બાપડા સુણેા, સ.
ન કરે નોકરી વેઠ. સુણેા સ૦
એકજ ધંધેા આદર્યો સુણેા, સ.
માંગી માંગી ભરે પેટ. સુણેા સ૦ ૭
તેજ નગરમાં તિથિ તે સુણેા, સ.
નક્ષત્ર વાર સહુ એક. સુણેા સ૦
ભીખારી પણ જનમીયેા સુણેા, સ.
શહેર બહાર તે છેક. સુણેા સ૦ ૮
જન્મ થયેા રાજપુત્રનેા સુણેા; સ.
તેજ દિને ભિક્ષુક. સુણેા સ૦
રૂપ રંગ સરખેા ચહેરેા સુણેા, સ.
વળી બેાલીમાં ન ચૂક. સુણેા સ૦ ૯
હાલચાલ બધી બાબતે સુણેા, સ.
ઊંચા પણ સરખાય. સુણેા સ૦
સરીખા વેષ જો હેાય તેા સુણેા, સ.
ભલભલા ભરમાય. સુણેા સ૦ ૧૦
રાજપુત્રના જન્મથી સુણેા, સ.
રાજા-રાણી ખુશ થાય, સુણેા સ૦

અધિકારી વળી નગરમાં સુણો, સજ્જનજી
પ્રજા બહુ હરખાય. સુણો સ૦ ૧૧
રમાડવા નવરાવવા. સુણો, સ.
ધાવમાતા છે પાંચ. સુણો સ૦
કળા વળી ઘણી શીખવી સુણો, સ.
થયો ચતુર તે સાચ. સુણો સ૦ ૧૨
જન્મ્યો ભીખારી કુટુંબમાં સુણો, સ.
તે જીવ ભીખારી હાલ. સુણો સ૦
રંક હાલતમાં રહે સુણો, સ.
નાગો ભૂખ્યો કંગાળ. સુણો સ૦ ૧૩
એઠા જુઠા ખાવા મળે સુણો, સ.
નહિ શિક્ષણ લગાર. સુણો સ૦
સંગ સોબત સારી નહિ સુણો, સ,
થાય મોટો એમ ધાર. સુણો સ૦ ૧૪
ભીખારી નામ ભાણજી સુણો, સ.
ગુણવંત છે ગુણ રાગ. સુણો સ૦
રહે કુટુંબની સાથમાં સુણો, સ.
પણ વ્યસનનો ત્યાગ. સુણો સ૦ ૧૫
કોઈક પુન્યના કારણે સુણો, સ.
ન્યાય નીતિ સદ્‌ભાવ સુણો સ૦
એવા પૂર્વ અભ્યાસથી સુણો, સ.
જ્ઞાન દયા પ્રભાવ. સુણો સ૦ ૧૬

નિજ કુટુંબની સાથમાં. સુણો, સજ્જનજી
ભીખ માંગે દિનરાત; સુણો સ૦
પાપોદયના કારણે સુણો, સ.
ન સૂઝે બીજી વાત. સુણો સ૦ ૧૭
એકજ દિન એકજ વેળા સુણો, સ.
જન્મ્યા બંને છતાં આમ સુણો સ૦
એક રાય એક રાંકડો સુણો, સ.
શાથી ફરક પડયો જનમ. સુણો સ૦ ૧૮
પુન્ય કર્મ સરખાં નહીં સુણો, સ.
ભાગ્ય વધુ ઓછું હોય. સુણો સ૦
જન્મ યોગ સરખા દીસે સુણો, સ.
પણ સરખા નહીં કોય. સુણો સ૦ ૧૯
માસ દિન ગ્રહ નક્ષત્રો સુણો, સ.
સરખા ભલેજ દેખાય. સુણો સ૦
ભાગ્યફલ સરખા નહીં સુણો, સ.
ફરક પડે સમજાય. સુણો સ૦ ૨૦
ઇષ્ટકાળથી દશ વીશ સુણો, સ.
પળની રહે જો ભૂલ. સુણો સ૦
જુડી પડે લગ્નકુંડળી સુણો, સ.
જ્યોતિષ જાણ કબુલ સુણો સ૦ ૨૧
જ્યોતિષ સૂક્ષ્મ શાસ્ત્ર છે સુણો, સ.
સૂક્ષ્મ ગણીત એહ. સુણો સ૦

પ્રવીણતા જ્યોતિષીમાં સુણો, સજ્જનજી
કહી શકે સત્ય તેહ. સુણો સ૦ ૨૨
સો ટચ સોનાની પરે સુણો, સ.
જ્યોતિષ સાચું છે જ. સુણો સ૦
જ્ઞાની સ્પષ્ટપણે કહે સુણો, સ.
જ્યોતિષી ભૂલે સહેજ. સુણો સ૦ ૨૩
રાય રંક એક દિવસે સુણો, સ.
જન્મે પણ પડે ફેર. સુણો સ૦
જોગ સરીખા નહીં બેઉના સુણો, સ.
એજ કારણ ભલી પેર સુણો સ૦ ૨૪
બંને જ વર્ષ અઢારના સુણો, સ.
રાજવી વેશ કુમાર. સુણો સ૦
ચિંથરેહાલ છે ભાણીયો સુણો, સ.
ફરતો ગલીએ બજાર. સુણો સ૦ ૨૫
મહાનુભાવો તુમે ધારજો સુણો, સ.
પુન્ય પાપ લીલા એજ. સુણો સ૦
આદરો સુકૃત્ય જાણીને સુણો, સ.
તો મુક્તિ સુખ સ્હેજ. સુણો સ૦ ૨૬
નવકાર મંત્રના જાપથી સુણો, સ.
ધ્યેય સિદ્ધિ હોય જાણ. સુણો સ૦
ક્ષાંતિ સદા દિલમાં વસે સુણો, સ.
તો પાવે લલિત જ્ઞાન. સુણો સ૦ ૨૭

ત્રીજી ઢાળનું વિવેચન—મહાનુભાવો ! સાચા સુખની ભૂખ જો ખરેખરી લાગી હોય તો તે સુખ મુક્તિ પુરીમાં જ છે. પૂર્ણ જ્ઞાનીઓ તો કહે છે કે સંસારના દરેક સુખો નાશવંત છે. અર્થાત્ કાચા જ છે. ગમે તેટલી વાર ભોગવશો તો પણ તૃપ્તિ થશે જ નહી. ઉલટી તૃષ્ણા વધતી જ જશે. પૌદ્ગલીક પદાર્થોમાં સુખ હોય નહીં. પલકમાં નાશ થનાર છે પૂ. મુનિરાજશ્રી નયવિમલજી મહારાજે એક પદમાં કહેલ છે કે,

મેરી મેરી તું કયા કરે, કરે કોણશું યારી;
પલટે એક પલકમેં, જ્યું ઘન અંધીયારી.
ચેતન અબ કછું ચેતીએ, જ્ઞાન નયન ઉઘાડી;
સમતા સહજ પણું ભજો, તજો મમતા નારી; ચેતન.

હે ચેતન તું જ્ઞાન નયન ઉઘાડ. અને મમતા પરિગ્રહને છોડ. જેથી સહેજે સમતા ભાવની પ્રાપ્તિ થાય. તું દરેક બાબતમાં આ મારૂ મારૂ કરી રહ્યો છે. પણ તેમાં તારી મોટી ભૂલ છે. મારૂં મારૂં જે કરે છે. તે જ મરે છે. અને તારૂં તારૂં જે કરે છે તે જ તરે છે. માટે મમતા મૂક. જગત સ્વાર્થમય છે. તું કોની સાથે મિત્રાચારી બાંધી રહ્યો છે. જેમ ઘોર અંધકાર વાદળા છવાયા હોય અથવા તો મનોહર બાગબગીચા બંગલાના આકાર વાળા રંગબેરંગી વાદળા જામ્યા હોય. પણ જોતજોતામાં વીખરાઈ જાય છે પલકમાં નાશ પામે છે. તેમ સંસાર સુખની મિત્રાચારી કાયમ રહેવાની નથી.

આથી સિદ્ધ થાય છે કે સંપૂર્ણ સાચા સુખની મિત્રાચારી વિના આત્માને કદી પણ ચેન પડશે નહી. માટે ઉદ્યમ પણ સાચો જ કરવો પડશે. દુઃખ જોઈતું નથી. એટલે દુર્ગતિ પણ જોઈતી નથી એટલા વિચાર માત્રથી દુઃખ કપાવાનું નથી. પણ હિંસા, જૂઠ, ચોરી, મૈથુન પરિગ્રહાદિ અઢાર પાપ સ્થાનક રૂપ પાપ વ્યાપારથી પાછા હઠી અને સમ્યગ્જ્ઞાન–દર્શન ચારિત્ર રૂપ ધર્મક્રિયામાં આદર કરો. તમો શ્રદ્ધાથી મુક્તિના ધ્યેય પૂર્વક ધર્મકરણી કરતા રહેશો તો વિનામાગે પણ સંસારના સુખો તો મળવાના છે જ. અને એ સુખ ભોગવવા છતાં સંસારમાં મુંઝાવશે નહી. માટે હે ભાગ્યશાળીઓ ! તમો પુન્યાનુબંધી પુન્યાઈ અને મુક્તિના ધ્યેયથી આત્માને ધર્મરંગથી રંગી નાંખો. કપાસના બીજને લાક્ષારંગની ભાવના દેવામાં આવે અને વાવવામાં આવે તો તે કપાસના બીજથી ઉત્પન્ન થનાર જીંડવામાં જે રૂ થશે. તે લાલ રંગનું થશે. તેમ આત્માને પણ ધર્મરંગથી રંગવામાં આવે તો રહેજે સંસાર છૂટી જઈ સિદ્ધિ સ્વરૂપમાં વાસ થાય. આત્માને ધર્મરંગી બનાવવા માટે મનને કેન્દ્રિત કરવાની જરૂર છે. ધ્યેય કહો લક્ષ કહો, સુરતા કહો, ચિત્તની લીનતા કહો, ધ્યાન કહો એ બધા એક જ અર્થને જણાવનારા શબ્દો છે. ધ્યેય કોના જેવું હોવું જોઈએ. આ વિષે આધ્યાત્મી યોગીરાજ પૂ. આનંદઘનજી મહારાજે એક પદમાં ઠીક પ્રકાશ પાડયો છે.

ધ્યેય કોના જેવું હોવું જોઈએ આ વિશે અધ્યાત્મી મહા-યોગીરાજ પૂ. આનંદઘનજી મહારાજે એક પદમાં કહ્યું છે કે,

ઐસે તું તો પ્રભુ ચરણે ચિત્ત લાય,
મનાજી તું તો પ્રભુ ચરણે ચિત્ત લાય;
તેરો અવસર વિત્યો જાય,
ઐસે તું તો પ્રભુ ચરણે ચિત્ત લાય.
ઉદર ભરણ કે કારણે રે, ગૌવા વનમેં જાય;
ચારોચરે ચિહું દિશિફરે,વાકુચિત્તડુ વાછરીયામાંય.ઐ.૧

ભાવાર્થ—હે આત્મન્ તું વીતરાગ પ્રભુના ચરણ કમળમાં ચિત્તને જોડ, ચિત્તની ચંચળતાના કારણે આત્મ સુખ મેળવવા સ્થિર થઈ શકયો નહીં. જેથી તને ઉત્તમ મનુષ્યભવ મલ્યાનો અવસર મળ્યા છતાં તે અવસર એળે ગયેા. નકામેા ચાલ્યેા જાય છે. માટે હજી બાજી હાથમાં છે જેથી સાવધાન થા ચિત્તની સ્થિરતા કરવામાં એકાગ્રતા ખાસ જોઈએ. ધ્યેય વિના કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. ગમે તે કામ કરતા હોઈએ પણ પ્રભુનું સ્મરણ ચિત્તમાં ચાલુ રહેવું જોઈએ. દૃષ્ટાંત તરીકે ગાયેા પોતાનું પેટ ભરવા વનમાં ઘાંસને! ચારેા ચરવા જાય છે. ત્યાં ઘાસ ખાય છે હરે ફરે છે. પાણી પીવે છે છતા તેનું ચિત્તડુ તેા તેના વાછરડામાં જ હેાય છે. તે શું કરતું હશે. ભૂખ્યુ થયું હશે. સંભાળતું હશે. એમ તેનું ચિત્ત બચ્ચામાં રાખે છે. અને ગામમાં પાછા ફરતા પણ જલદી ઘેર આવે છે અને બચ્ચાને જોતા જ આનંદ પામે છે.

તેમ તમેા પણ હે મહાનુભાવેા ! વ્યવહારના, વેપારના, રાજ્યના, ખેતીના નોકરીના કારીગરીના દરેક કાર્ય કરતાં છતાં

જન્મ મરણના ફેરા ટાળવાનું. કર્મ ક્ષય કરવાનું મુક્તિ મેળવવાનું ધ્યેય ભૂલો નહીં. વિશેષતામાં જણાવે છે કે,

ચાર પાંચ સાહેલીયા રે, હીલમીલ પાણી જાય;
તાલી દીએ ખડખડ હશે,વા કુ ચિત્તડુ ગગરીયામાંય.ઐ ૨

ભાવાર્થ—સરખે સરખી નવ યૌવન વાળી ચાર પાંચ સખીઓ પાણીના બેડા ભરી માથે મૂકી રસ્તામાં એક બીજી વાતો કરતા કરતા હસે છે રમુજમાં હાથતાળીઓ દીએ છે. પણ તેમનું ચિત્ત તો માથે રહેલા પાણીના બેડામાં જ લાગેલું હોય છે. પડી ન જાય તેની ખૂબ સાવચેતી રાખે છે. તેમાં જ ચિત્ત હોય છે. તેમ જ હે સજ્જનો ! તમારે પણ સંસારના વ્યવહારના કાર્યમાં પડી જવાનું થઈ જાય. છતાં પણ સમ્યગ્દર્શન—જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિના ધ્યેયને ભૂલો નહીં એ રત્નત્રયીથી જ તમો તમારા આત્માને નિર્મળ બનાવી શકશો. મનુષ્યભવ મલ્યાનો અવસર મલ્યો છે. તેને પ્રમાદથી ગુમાવશો નહીં. વળી વિશેષમાં કહે છે કે,

નટવો નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય;
વંશચડી નાટક કરે રે, તેનું ચિત્તડુ દોરડીયામાંય. ઐ.૩.

ભાવાર્થ—ભર બજારે ચોકમાં નટ લોકો જ્યારે ખેલ કરે છે ત્યારે નટવો હાથમાં વાંસ લઈ દોરડા ઉપર ચાલે છે ત્યારે તેનું ધ્યાન ફક્ત દોર ઉપર જ હોય છે. હજારો લાખો મનુષ્ય આવ જાવ કરતા હોય છે. શોર બકોર કોલાહલ થતો હોય છે.

છતાં પણ તેનું ચિત્ત બીજે જવા દેતો નથી. સ્હેજ ચૂક થઈ જાય તો વરસોની તાલીમ લીધેલી મહેનત નકામી જાય. નીચે પડતાં વાર લાગે નહી. ઇનામ, બક્ષીશ, દાન મેળવવા ખૂબ ખૂબ સાવધાની પૂર્વક દોરપર નાટક કરે છે. અને સફળતા મેળવે છે. તેમ જ હે સુજ્ઞો ! તમો પણ પ્રભુપદ મેળવવા આત્મસુખ મેળવવા એવા જ તન્મય બનો. સંસાર ચોકમાં રહ્યાં છતાં પૌદ્ગલિક સંસાર સુખમાં નહી રાચતા આત્મ ઉપયોગમાં રહેશો તો જરૂર આત્મ કલ્યાણ કરી શકશો મુક્તિદાન મેળવી શકશો. વળી આગળ જણાવે છે કે,

સોની સોનાના ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ;
ઘાટ ઘડે મન રીઝવે રે. વાકુ ચિત્તડુ સોનૈયામાંય.એ.૪

ભાવાર્થ—સોની ચાંદી સોનાના આભૂષણો ઘડે છે. ઘરાગોની સાથે વાત ચીત કરતો આનંદ પમાડે છે. ભૂંગળીથી મોઢું ફુલાવી અગ્નિથી સોનુ ગાળતો જાય. કારીગરીની અનેક ક્રિયા કરતો જાય પણ તેનું ચિત્ત તો સોનામાં જ હોય છે. કોઈ પણ રીતે સોનું મેળવી લેવું. તેવી જ તેની સુરતા હોય છે. તેવી જ રીતે હે ભવ્ય જીવો ! તમો પણ સંસારમાં રહ્યા છો તો પણ સાધ્યની સિદ્ધિ કરવા જીવન મુક્ત થવા નિંદા વિકથા પ્રમાદ છોડીને સદ્ગુરૂના મુખથી જીનવાણીનું શ્રવણ કરી આત્મ સ્વરૂપને પ્રગટાવો અને સો ટચના સોના જેવું નિર્મળ સુખ મેળવો. વળી દષ્ટાંતથી સમજાવે છે કે,

જુગારી મન જુગટુ રે. કામીનીને મન કામ,
આનંદઘન પ્રભુ યું કહે. ઐસે પ્રભુકો ધર ધ્યાન ઐ.પ.

ભાવાર્થ–જુગારી માણસને ધન મેળવવાની જ ધૂન લાગેલી રહે છે. જુગાર રમનારાઓને ગોતતો ફરે છે. જુગાર રમવાનું મળે નહીં ત્યાં સુધી તેને ચેન પણ પડે નહી. જુગાર રમવામાં જ લક્ષ્ય રહ્યા કરે છે. તેવીજ રીતે મોક્ષ મેળવવાનુંજ લક્ષ્ય રહેવું જોઈએ.

વળી કામી નરનારીઓ સુંદર સ્વરૂપવાન, યૌવનવયવાળા સ્ત્રી પુરૂષને જોઈને તેમની સાથેનો સંયોગ ઈચ્છ્યા કરે છે. તેનાજ વિચારમાં રમ્યા કરે છે. પુરૂષ હોય તે ધરવ્યવહારના ગમે તે કામકાજમાં ગુંથાયેા હોય. ખાતા, પીતા, વાતેા કરતા, ધંધેા કરતેા હોય પણ જે સ્ત્રીને મળવાની કામના હોય તેનાજ વિચાર રમ્યા કરે છે. તેમજ સ્ત્રી પણ રસોઈ કરતી હોય, કપડા ધોતી હોય, કચરેા કાઢતી હોય ઘરના બધા કામકાજ કરતી હોય છતાં પણ જે પુરૂષ સાથે લગની લગાડી હોય તેમાંજ તેનું ચિત્ત લાગેલું રહે છે.

તેવીજ રીતે હે સુશ્રોતાઓ ! શ્રી આનંદઘનજી મહારાજ પણ સમજાવે છે કે તમેા પણ પ્રભુતા મેળવવા માટે પ્રભુના સ્મરણમાં લીન થાવ. ઉપર જણાવેલા દાખલાઓમાંતેા કર્મબંધના કારણેા છે ત્યારે પ્રભુનું સ્વરૂપ જાણવા ગુણેા મેળવવામાં તેા કર્મની નિર્જરા છે સાચા ભાવથી સાચા ઉપયેાગ પૂર્વક પ્રભુ

ભક્તિ કરવી. તેમના ગુણો જાણવા ઓળખવામાં તન્મય બનવું એજ મુક્તિ મેળવવાનો ઉપાય છે. એનું જ નામ મુક્તિનું ધ્યેય છે. મહાનુભાવો ! હવે મૂળ વાત ઉપર આવીએ. છત્રપુરીમાં ફતેસિંહ રાજા રાજ્ય કરે છે. કુલકુંવરબા નામે રાણી તે પણ શિયળને ધારણ કરનારી છે. રાજપુત્ર છત્રકુંવર પણ રાજા રાણી તેમજ પ્રજાને આનંદ આપી રહ્યો છે. હવે દૃષ્ટાંત કંઈક વિસ્તારથી સાંભળો.

તે છત્રપુરી નગરીમાં મૂળ ક્ષત્રીયવંશ કુટુંબ દુકાળ આદિના કારણે રંક બની જવાથી ક્ષત્રીયકુળના આચાર વિચાર ભૂલી ગયા. નોકરી કે કોઈનું કામ પણ નહી કરતા હરામ હાડકા થઈ જવાથી ભીખ માગવા લાગ્યા. પરદેશથી ફરતા ફરતા તે રંક ટોળુ ચાર પેઢીથી છત્રપુરમાં રહેતું હતું. પોતાની જાતને પણ ભૂલી ગયું હોવાથી અમે ભીખારી છીએ. એમ સમજીને કોઈ પણ ધંધો ન કરતાં માંગી ખાવાનો ધંધો લઈ બેઠા હતા.

મહાનુભાવો ! આપણી પણ એક રીતે એવીજ સ્થિતિ કહી શકાય. આત્મા સિંહ કરતા પણ બળીઓ હોવા છતાં અષ્ટકર્મના પાંજરામાં પુરાઈ જવાથી પરાક્રમ ફોરવી શકતો નથી. અને પાંજરાના બંધનથી છૂટો થઈ શકતો નથી. જગતમાં મોટા ભાગના જીવોની સ્થિતિ આવીજ ચાલે છે. અંતે દેહ અને આત્મા એકજ છે. આવી માન્યતા ઘર કરી બેસેલી હોવાથી હું ભીખારી છું. રાજા છું એમ પોતાને ઠસી જાય છે. અને પોતે

પોતાનું જ્ઞાન દર્શન ચારિત્રમય સ્વરૂપ ભૂલી પણ જાય છે.

જો કોઈ જગાડનાર ચેતવનાર સમજાવનાર મળે તો કોઇ કોઇ આત્માઓ પોતાનું પરાક્રમ ફોરવીને તત્ત્વત્રયીની આરાધના કરી આત્મકલ્યાણ કરે છે તેમ આપણે પણ આપણું આત્મસ્વરૂપ પ્રગટાવીએ.

હવે તે છત્રપુરમાં રાજપુત્રનો જન્મ જે દિવસે જે વારે જે નક્ષત્રે થયો છે. તેજ દિવસે ગામની બહાર છેવાડે એક ભીખારીનો પણ જન્મ થયો છે. તે ભીખારીનો પુત્ર પણ રાજપુત્રના રૂપરંગના જેવોજ. ચહેરો પણ સરખો. બોલીમાં પણ બીલકુલ ફરક નહી. હાલવામાં ચાલવામાં દોડવામાં પણ સરખાજ અને ઉંચાપણ બરોબર સરખાજ થયા છે. જો બંનેનો એકજ વેશ હોય તો ભલભલા પણ ભ્રમણામાં પડી જાય. રાજપુત્રનો જન્મ થવાથી રાજરાણીને અત્યંત હર્ષ થયો. તેમજ પ્રજા અને અધિકારી વર્ગ પણ ખુશ થયો. પાંચ ધાવમાતાથી રમાડાતો નવરાવાતો રાજપુત્ર પોષણ પામી રહ્યો છે. પાંચવરસનો થયો ત્યારે સારા મુહુર્તે રાજાએ પુત્રને અભ્યાસ કરાવવા મોટા ધામધુમથી હાથીની અંબાડી ઉપર બેસાડી વાજતે ગાજતે જ્યાં પંડિતજી બીરાજ્યા છે. ત્યાં આવી પહોંચ્યા. રાજ કુંવરોમાં સ્વાભાવીક વિનય હોય છે. એટલે પૂ. પંડિતજીને માથુ નમાવી બે હાથ જોડી નમસ્કાર કર્યો. એટલે પૂ. પંડિતજીએ પણ શુભ આશિર્વાદ આપ્યા. રાજ તરફથી પંડિતજીને પંડિત પોષાક અપાયો. વિદ્યા-

થીઓને મીઠાઇઓ, પાટી, પેનો, દફ્તર, ચોપડીઓ, બુકો વિગેરે અપાઈ રાજકુંવરે થોડાજ વર્ષમાં અભ્યાસ કરી ઘણી-ઘણી કળાઓ પણ મેળવી અને ચતુર થયો.

હવે આ બાજુ ભીખારી કુંટુંબમાં જન્મેલો જીવ ભીખારી હાલતમાં છે રંક સ્થિતિના કારણે પહેરવાને કપડા પણ પુરા નથી. નાગો ભૂખ્યો દિવસો પસાર કરે છે. કંગાળ હાલતમાં રહેવું પડે છે. લોકોના એઠા જુઠા ફેંકી દીધેલા ટુકડાથી નિર્વાહ ચલાવે છે. કોઈ સારી સોબત પણ નથી આવી સ્થિતિમાં સારૂ શિક્ષણ કયાંથી મળે ? છતાં કોઈ તેના પૂર્વના પુન્યોદયથી ખરાબ સોબતમાં રાતદિન રહેવા છતાં કોઈપણ જાતનું વ્યશન તેને ચોટયું નહિ. બીડી, તમાકુ, હોકો, ચલમ, દારૂ, ભાંગ, ચડશના વ્યસનીઓ આવા વ્યસનો વળગાડવા ઘણીઘણી મહેનત કરતા ત્યારે બેભાન બની કલાકોના કલાકો બેભાન દશામાં રહેતો અંતે મહેનત કરવી છોડી દીધી. ભાણીયો ભીખારી એમ સમજતો હતો કે પહેલાં માણસ ટેવ પાડે છે. પછી ટેવજ માણસને પાડે છે. માટે વ્યસનની ટેવ પાડવી નહી. દુર્ગતિમાં લઈ જનાર આ વ્યસનો છે માટે દંભ કર્યા સિવાય આ લોકો કોઈ રીતે માને તેમ નથીજ. હાલમાં પુન્યાનુબંધી પાપ છે. એટલે તેનામાં કુદરતીજ ન્યાય, નીતિ, સદ્ભાવ, ગુણનો રાગ રહેલો છે. વળી કોઈ પૂર્વના અભ્યાસથી સમજવાનું જ્ઞાન છે તેમ દિલમાં દયા પણ છે આથી કંઈક પ્રભાવ પણ પાડી શકે છે, પોતાના કુટુંબની

સાથમાં રહી રાતદિન ભીખ માંગે છે. પાપોદયના કારણે કોઈને બીજી વાત સૂઝતીજ નથી.

મહાનુભાવો ! જ્યોતિષના જોગ સરખા છતા એક રાજાને ત્યાં અને એક રંકને ઘેર જન્મે છે. આટલો બધો ફરક કેમ ? આવી શંકા ઉઠવી સહજ છે પણ ભાગ્યવાનો ? જ્યોતિષનો વિષય ગહન છે. બંનેની પુન્યાઈમાં ફરક હોવાથીજ આમ બનવું શકય છે. એકનું પુન્ય જોરદાર હોય અને એકનું પુન્ય તદ્દન નબળુ હોય તો તેવું જીવન જીવવું પડે. મૂડી પ્રમાણે વહેપાર થઈ શકે છે. જ્યોતિષના જોગ આપણી નજરે ભલે સરખા જોવામાં આવતા હોય પણ તેમાં ઘણો ફરક હોય છે. તે સામાન્ય જ્યોતિષીના જાણમાં ન હોય પણ વિશિષ્ટ જ્ઞાની તે વિષયના જાણ હોય છે તે ફરક બતાવી આપે છે. તે સબંધી એક દૃષ્ટાંત કહી આપે છે. વાત એમ છે કે જ્યોતિષવિદ્યા એકસો ટકા સિદ્ધિ અને સત્ય વિજ્ઞાન છે. પરંતુ તે સંપૂર્ણપણે ગણિતપર અવલંબીત વિજ્ઞાન છે. જેમ ગણિતમા મોટા હિસાબ ગણવાની શરૂઆત કરતાં એક આંકડાનો પણ ફરક પડી જાય તો તમામ હિસાબો ખોટા પડે છે. તેમ જ્યોતિષ વિજ્ઞાનમાં પણ ગ્રહ નક્ષત્ર. મુનિ યોગ વિગેરેમાં એક અંકમાત્ર ગણત્રીનો ફરક તમામ આગાહીને ખોટી પાડી દીએ છે. કોઈ પણ પ્રસંગમાં એક પળ માત્રનો ફરક આખુ ફલાદેશ જુદુ પાડી દીએ છે. ગણિતની નાનકડી ભૂલ પણ ભલભલા જ્યોતિષ વિશારદને કેવી રીતે મહાન્ કરી

દે છે. તે જાણવા જેવું છે.

એક જ્યોતિષી એક મૂહૂર્ત પર વિચાર કરવા લાગ્યા. વારંવાર પંચાંગ હાથમાં લેતા, પુસ્તકને જોતા, ગણિત કરતા કરતા તેમના મુખપર હર્ષાવેશ આવી ગયો. એ એવું એક મૂહૂર્ત જોયું કે તેમને ઘરે જ્યા વિના ફળ મેળવી શકે નહી. પોતે પરણેલા હતા, પણ પુત્ર નહોતો. તેમનો એક મિત્ર ન્યાય-શાસ્ત્રી હતો. તેના જાણવામાં આવ્યું કે જ્યોતિષીજી કંઈક તૈયારી કરી રહ્યા છે. જેથી ન્યાયશાસ્ત્રી મિત્રે પૂછ્યું કે ક્યાં જવાની તૈયારી કરવા લાગ્યા છો. ત્યારે જ્યોતિષીએ કહ્યું કે ઘરે જવાની. મિત્ર સમજી ગયા છે ભાભી યાદ આવ્યા હશે. ન્યાય-શાસ્ત્રી ઝાએ કહ્યું કે શુભાસ્તે પન્થાનઃ બંને મિત્રો નીકળ્યા અને ઝા મિત્ર થોડેક સુધી તેમને મૂકવા પણ ગયા. તે વખતમાં રેલગાડી જેવા સાધનો નહોતા. બળદગાડી અથવા ઘોડાગાડીજ હતા, મોટા ભાગે પગે ચાલીને જતા. તેમ જ્યોતિષીજી પણ પગે ચાલતા ચાલતા એક દિવસ સૂર્યાસ્ત સમયે તેઓ એક ગામે પહોંચ્યા. કારતક મહિનો હતો. અંધારૂ પખવાડીયું હતું. આકાશમાં તારાઓ ઝગમગ ચમકતા હતા. જ્યોતિષી આગળના માર્ગથી અજાણ હતા. તેમનું ગામ તો હજી દૂર હતું. રાત્રે એ સ્થાને પહોંચવું અસંભવીત સમજીને એક ગોવાળના ઘેર જઈ પહોંચ્યા. એમની મનની ઈચ્છા મનમાં જ વિલીન થવા લાગી હતી. ગોવાળ પોતાના ઘરે બ્રાહ્મણને આવેલો જોઈ પ્રસન્ન થયો.

ગોવાલણી પણ ખુશ થઈ. બંને જણાએ પંડિતજીની ચરણ રજ લઈ કુશળતા પૂછી. ત્યારે જ્યોતિષીએ પણ પોતાનો પરિચય આપ્યો. પછી આસન ઉપર બીરાજ્યાં આહિર દંપત્તિએ ભોજનનો આગ્રહ કર્યો. દિવસભરના ભૂખ્યા હોવાથી પંડિતજીએ વિનંતિનો સ્વીકાર કર્યો. ગોવાળની પુત્રી જુવાન હતી. તે પંડિતજીને પીરસતી હતી. કન્યાએ દુધ ઘી ચટણી અથાણું વિગેરે પંડિતજીની પાસે મૂકયા. ભોજન કર્યા બાદ જ્યોતિષ ઉદાસ થઈ ગયા. ગોવાળે તેમજ ગોવાલણીએ પંડિતજીને ઉદાસ જોઈ ઉદાસ થવાનું કારણ આગ્રહપૂર્વક પૂછ્યું. અમારો કંઈ અપરાધ થયો છે કે બીજું કંઈ કારણ છે? તેઓના ભારે આગ્રહના લીધે આખરે જ્યોતિષી બોલ્યા. આજ રાત્રે ગ્રહ નક્ષત્ર લગ્ન આદિ સંજોગો વડે એક એવા યોગનો સંયોગ પેદા થાય છે જેમાં જેમાં ગર્ભ ધારણ કરવાથી માતા એક વિશ્વવિખ્યાત જ્યોતિષીને જન્મ આપી શકે. એજ હેતુથી ઘેર જઈ રહ્યો હતો. પણ ભાગ્યવશ એનો લાભ ઉઠાવી શકયો નહી. અહીંથી મારૂ ઘર ઘણું દૂર છે રાત્રિના આ ભયંકર અંધકારમાં હું મારા અભિષ્ટની પૂર્તિ માટે કોઈ રીતે ત્યાં પહોંચી શકુ તેમ નથી. આજ મારી ચિંતાનું કારણ છે. આટલું કહીને પંડિતજી ચૂપ રહ્યા. પંડિતજીની વાત સાંભળને ગોવાળ અને ગોવાલણી અચંબામાં પડી ગયા. એટલામાં કંઈક વિચાર કરી આહિરાણી પોતાના પતીને બહાર લઈ ગઈ, અને બોલી, આપણી અત્યંત સ્વરૂપવાન અને ભારે

ચતુર એવી કન્યાને આપણી નાતમાં કયાંય સારો મુરતીયો મળતો નથી તો આ પંડિતજીને સમજાવીને તેમની સાથે તેના લગ્ન હમણા જ કરી દઈએ.

તો તેની કુખે જગતનો સૌથી મહાન્ જ્યોતિષી એવો પુત્ર પાકે, તમે જ્યોતિષીને સમજાવો તો ખરા. હું પણ આપણી પુત્રીની ઈચ્છા જાણી લઉં છું. બંને જણાએ પોતાની પુત્રીને વાત જણાવી. એટલે તે પણ વિદ્વાન પુત્રની પ્રાપ્તિ થશે. એવા પ્રલોભનથી સંમતિ આપી. એટલે ગોવાળ પંડિતજી પાસે આવ્યો, અને બોલ્યો. હે પંડિતજી મારી પુત્રી હજી સુધી અવિવાહિત છે. એના લગ્ન માટે અમે બહુ આતુર છીએ. પણ એ હમેશા ના પાડતી રહે છે. ન જાણે એમાં વિધિનું શું વિધાન છૂપાયું હશે. પણ આજ આપની વાત સાંભળીને અમારા મનમાં એ પ્રલોભન જાગી ઉઠયું છે કે જેનો ઉપયોગ કરવા માટે આપ અસમર્થ છો. અમારી એ અભિલાષા અને પ્રાર્થના છે કે એ લોક વિશ્રુષ્ટ જ્યોતિષી અમારી પુત્રીની કુંખેજ ઉત્પન્ન થાય. આપના આશિષ અને દયાથી એક જ્યોતિષીની મા બનવાનો તે યશ પ્રાપ્ત કરે. આપ બ્રાહ્મણ છો. વિદ્વાન છો. શ્રુતી સ્મૃતિના જ્ઞાતા છો મારી પુત્રી ઉપર કૃપા કરો. એના સંયમ અને ચારિત્રમાં અમોને વિશ્વાસ છે. આપને હું સોગંદ પૂર્વક જણાવું છું કે આ જન્મમાં મારી પુત્રી ફરી બીજા પતિનું મુખ નહી જુએ. આપની સ્મૃતિ હૃદયમાં જાગતી રાખીને અને આપના એ યશ-

સ્વી પુત્રને જોઈને જ એ પોતાનું પવિત્ર જીવન સફળતા પૂર્વક વ્યતિત કરી દેશે. આટલું કહીને એ આહિર સાગ્રહ એકીટસે જ્યોતિષી સામુ જોઈ રહ્યો. પંડિતજી કંઈ બોલી ન શકયા. વિધિ વિધાનને ટાળી ન શકયા. અને લગ્ન કર્યા.

જે યોગનો સંયોગ પેદા થવાનો હતો, અને એજ ઈચ્છાથી પંડિતજી ઘેર જઈ રહ્યા હતા. તે ઈચ્છા ગોવાળના ઘરેજ ગોવાળની પુત્રીની સાથે પુરી કરી. બાદ ગર્ભકાળ પુરો થયા બાદ ગોવાળ પુત્રીએ બાળક જ્યોતિષીનો જન્મ આપ્યો. પાંચ વરસ થયા પહેલા પંડિતજી સ્વર્ગવાસી થઈ ગયા. જેથી બાળક જ્યોતિષીની માતા બિહારનરેશની મહારાણીની પરિચારિકા તરીકે રહેતી હતી.

હવે બિહારનરેશ મહારાજા દિકપાલસિંહનો રાજ્ય દરબાર સભાજનોથી ભરેલો હતો. રાજ્યસિંહાસનપર બેઠેલા મહારાજા કંઇ રાજ્ય સબંધી વિચાર વિમર્શમાં સંલગ્ન હતા તે સમયે પરિચારિકા પ્રસન્ન મુદ્રામાં આવી, તેને ઝુકીને મહારાજાનું અભિવાદન કર્યું. મહારાજાએ જિજ્ઞાસા પૂર્વક પરિચારિકા સામે જોયું. પરિચારિકાએ નિવેદન કર્યું. મહારાજ રાજકુંવરનો જન્મ થયો છે. સુસંવાદ સાંભળીને મહારાજાએ હાથની વીંટી અને સહસ્ત્રમુદ્રા પરિચારિકાને ભેટમાં આપ્યા. પ્રફુલ્લિત બની દાસી રાણીવાસમાં દોડી ગઈ. મહારાજાએ રાજ્ય જ્યોતિષીને બાળકના જન્માંગ ઉપર ફલાદેશ કહેવા માટે બોલાવ્યા.

રાજ્ય જ્યોતિષી થોડીવાર સુધી પંચાંગ અને પુસ્તકોના પાના ઉથલાવતા રહ્યા. અને પછી ખિન્ન બની મહારાજા સામે જોઈ રહ્યા. મહારાજાએ આદેશ આપી કહ્યું. કહો ! જ્યોતિષી કંઈક સંભળાવો. રાજકુમારના ગ્રહયોગ કેવા છે, અને તેનું ભવિષ્ય કેવું છે. જ્યોતિષી દબાયેલા સ્વરે બોલ્યા. રાજન્ બાળકના જન્માંગ ઉપર વિચાર કરવાથી એ વ્યક્ત થાય છે કે એને કારણે માતા પિતા પર ભારે આપત્તિ આવી પડશે. રાજ્યની હાની થશે. બીજું શું કહું ! રાજજ્યોતિષીની આ ભવિષ્યવાણી સાંભળીને મહારાજા સ્તબ્ધ બની ગયા. થોડીકવાર કંઈક વિચાર કરીને તેમણે રાજમંત્રીને પાસે બોલાવી. બાળકને જંગલમાં મૂકી આવવાનો આદેશ આપ્યો. એ દિવસે રાજસભા પણ વિસર્જિત કરી દેવામાં આવી. આનંદમંગળ મનાવવાનો ઉત્સવ શોકમાં પલટાઈ ગયો. એવું લાગ્યું કે જાણે રાજકુટુંબના કોઈ સભ્યનું મૃત્યુ ન થઈ ગયું હોય ? રાજઆજ્ઞાને કોણ ટાળી શકે છે. મહારાણીનું હૃદય ખૂબ ભરાઈ આવ્યું. નવજાત શિશુ ટોપલામાં નાંખી કયાંય ફેંકી દેવામાં આવ્યું. અને મહારાણી કંઈજ બોલી શકી નહી. બોલે પણ શું ? રાજ્યની સાથે માતાપિતાનો વિનાશ થઈ જાય, તેમ હતો. રાજધાનીમાં આ ચર્ચા વીજળીની જેમ ફેલાઈ ગઈ.

આ ઘટનાની ચર્ચા પોતાની માતા પાસેથી સાંભળીને પરિચારિકાના પાંચ વર્ષના પુત્રે હાથમાં માટીનો ટુકડો લીધો

અને મહારાણીના દ્વાર પર લખી આવ્યો. આ બાળક અત્યંત ભાગ્યશાળી થશે. અને માતાપિતાના યશ અને રાજ્યનો વિસ્તારક બનશે. એ રાજપુત્ર યશસ્વી અને દીર્ઘાયુ થશે.

રાજકુમારને જંગલની એક ગુફામાં મૂકીને રાજકર્મચારીઓ પાછા ચાલ્યા આવ્યા. અહીં મહારાણીના દ્વાર પર લખાયેલ વાક્યોની સૂચના મહારાજાની પાસે કોઇએ પહોંચાડી દીધા. રાજાને એ સાંભળીને ભારે ક્રોધ જાગ્યો અને તેમણે આ લખનાર અપરાધીની શોધ કરાવી. આખરે પત્તો લાગ્યો કે મહારાણીની મુખ્ય પરિચારિકાના પાંચ વર્ષના પુત્રે આ વાક્ય લખ્યું છે. મહારાજાએ બાળકને બોલાવ્યો. રાજાને ખૂબ ક્રોધાવેશ આવ્યો હતો. બાળકને ધમકાવતા મહારાજે પૂછ્યું. કેમ નાદાન છોકરા ? તેં આ શું લખ્યું છે. બાળકે ગંભીરતા પૂર્વક ઉત્તર આપ્યો. હા મહારાજ એ સત્ય સંદેશ છે. રાજાએ પુનઃ આંખો તાણી પૂછ્યું. આવું લખવાનું દુઃસાહસ તેં કેમ અને કેવી રીતે કર્યું. છોકરાએ દૃઢતા પૂર્વક ઉત્તર આપ્યો. રાજન્ એમાં દુઃસાહસની કયાં આવશકયતા છે ? સત્યવાતને પ્રગટ કરવામાં વિદ્રતા છે. મહારાજનો ક્રોધ વધી ગયો. તેમણે કહ્યું નાદાન છોકરા ? તેં રાજ્ય આજ્ઞાની વિરૂદ્ધ કાર્ય કરવાનો અપરાધ કર્યો છે. એના ફળ સ્વરૂપ માતા પુત્ર બંનેને ફાંસીપર લટકાવી દેવામાં આવશે.

બાળકે દૃઢતાતી ઉત્તર આપ્યો. મહારાજ જે યોગના બળથી

રાજકુમાર યશસ્વી અને તેજસ્વી રાજા બનશે એજ ભાગ્યના બળપર હું અને મારી માતા પણ ફાંસીપર નથી લટકવાના.

રાજાનો ક્રોધ આશ્ચર્યમાં પલટાઈ ગયો. અને એમણે કહ્યું મૂર્ખ છોકરા રાજકુંવર જંગલમાં ફેંકી દેવામાં આવ્યો અને એને જંગલી જાનવરોએ ખતમ કરી દીધો હશે. તું એના યશસ્વી અને પ્રતાપી હોવાના ગીત ગાઈ રહ્યો છે. બાળકે અત્યંત દૃઢતાથી કહ્યું. મહારાજ ? એ બીલકુલ અસંભવીત છે રાજકુમાર ત્યાં પણ સાનંદ હિલકારીયાં મારી રહ્યો છે.

મહારાજ કંઈ આગળ કહે તે પહેલાંજ પરિચારિકા હાથ જોડીને વિનમ્ર શબ્દોમાં બોલી. મહારાજ ? આ બાળક કદી-પણ જુઠુ નથી બોલતો. એ સમજણો થયો છે ત્યારથી જે કંઈ બોલે છે તે બધું સત્ય નીવડે છે. હું આપની દાસી છું વધુ કંઈ નથી કહી શકતી પણ આ બાળકના કથનની પરીક્ષા લેવામાં આવે એટલી વિનંતિ કરૂં છું. મહારાજા વિચારમગ્ન બની ગયા. અને રાજમંત્રી સાથે સ્વયં એ સ્થાનપર પહોંચ્યા, જ્યાં એ રાજકુમારને ટોપલીમાં મૂકીને છોડી દેવામાં આવ્યો હતો. ત્યાં પહોંચ્યા. રાજા અને રાજમંત્રી ત્યાં પહોંચીને આશ્ચર્ય ચકિત બની ગયા. તેમણે જોયું કે નવજાત શિશુની રક્ષા એક ભયાનક સર્પ કરી રહ્યો છે. વૃક્ષની ઉપર એક મધપુડો છે. તેમાંથી મધનું એક એક ટીપુ નીચે બાળકના મુખમાં પડી રહ્યું છે બાળક એ મધ ચાટી રહ્યો છે, અને પોતાના હાથપગ

હલાવીને આનંદ વ્યક્ત કરી રહ્યો છે. રાજા અને મંત્રીને બાળકના કથન ઉપર વિશ્વાસ બેઠો. બાળકના કથનના આધારે નવજાત શિશુને પુનઃ રાજમહેલમાં પહોંચાડવામાં આવ્યો. જેથી મહારાણીના આનંદની સીમા ન રહી. એના હૃદયનો તારો પુનઃ એની ગોદમાં પહોંચી ગયો.

પછી રાજાએ રાજજ્યોતિષને બોલાવ્યા. એટલે કંપતા કંપતા સભામાં હાજર થયા. રાજાએ રાજજ્યોતિષી માટે ફાંસીની આજ્ઞા આપી દીધી. રાજજ્યોતિષીને કેદ કરવામાં આવ્યા.

બાળકજ્યોતિષીનું રાજસભામાં સન્માન કરવામાં આવ્યું. બધા લોકો બાળક જ્યોતિષીની ભવિષ્યવાણી પર મુગ્ધ હતા. રાજાએ બાળક જ્યોતિષીને પારિતોષીક (ઈનામ) માંગવાનું કહ્યું એટલે બાળકે પારિતોષીકમાં રાજજ્યોતિષીનું પ્રાણ દાન માંગ્યુ. રાજા અસ્વિકાર ન કરી શકયો. રાજજ્યોતિષી આભારવશ બની ગયો. અને બાળક સમક્ષ હાથ જોડી પોતાની ત્રુંટીનું નિરાકરણ માંગવા લાગ્યો. બાળક જ્યોતિષીએ કહ્યું કે જ્યોતિષીજી ? આપે ઈષ્ટકાલ અશુદ્ધ બનાવ્યો હતો. જે ઈષ્ટકાલથી આપે નવજાત રાજકુમારનું જન્માંગ બનાવ્યું હતું એનાથી વીસ પળ પહેલાજ રાજકુમારનો જન્મ થઈ ગયો હતો. આ સાંભળી બાળક જ્યોતિષીના જ્ઞાનની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા. જ્યોતિષનો વિષય કેટલો બધો ગહન છે એ આ દ્રષ્ટાંતથી સમજાય છે કહેવાય છે કે એ બાળક જ્યોતિષી ભડુરીના નામથી પ્રખ્યાત થયો.

મહાનુભાવો ! ઉપરના દૃષ્ટાંતથી સમજાય છે કે વિશિષ્ટ જ્ઞાની બરોબર કહી શકે છે. ત્યારે પુરેપુરી પ્રવીણતા નહી મળવાથી અથવાતો ઈષ્ટકાલ સાચો નહી મળવાથી બીજા જ્યોતિષીઓના કથનમાં ફેર પડી જાય છે. એટલા માત્રથી જ્યોતિષ-શાસ્ત્ર જૂઠું છે એમ માનવું ભૂલ ભરેલું છે. બાકી જ્યોતિષ-શાસ્ત્રતો સાચુજ છે. રાજકુંવરના જોગમાં અને રંક ભીખારીના જોગમાં ઘણોજ ફરક હોવો જોઇએ. તેમ ભાગ્ય પણ સરખા તો નથી જ.

હવે બંને જણા અઢાર વર્ષની ઉંમરના થયા. એક રાજવી વેશમાં રહે છે, અને રાજમહેલમાં અમન ચમન કરે છે. ત્યારે ભાણીયો ભીખારી ચીંથરેહાલ રહે છે. એઠું જુઠું અન્ન ખાવા મળે છે ચોખ્ખુ પાણી પણ મુશ્કેલીએ મળે છે. ગમે તેવી ધરતી ઉપર પડી રહેવું પડે છે. શરીર ઉપર મેલ પણ જામેલો રહે છે. આવી સ્થિતિમાં એ અઢાર વરસનો થયો. પોતાના માટે તેમજ કુટુંબના માટે ગલીઓમાં બજારોમાં ભીખ માંગે છે.

ભાગ્યશાળીઓ ? આ બધી પુન્ય પાપની લીલા સમજી લેશો. આ બધું સમજીને જાણીને સુકૃત્યના કાર્યો કરતા રહો. જેથી ક્રમે ક્રમે મુક્તિના સુખને સહેજ પામશો, શ્રી નવકાર મંત્રના જાપથી મુક્તિના ધ્યેયની સિદ્ધિ થાય છે. જો હૃદયમાં ક્ષમાભાવ વસી જાય તો સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ સુલભ બને.

ઢાળ ચોથી

(રાગ–રામબાણ વાગ્યા હોય તે જાણે)

એક ભુલ. કરે ખુવારી ખુવારી,
દિલખટકે તો સુધરેજ સારી ॥ એક
ભૂલ સ્વભાવે દુઃખના દરીયા, પાવેજ જીવ બહુ ભારી.
દૃઢપ્રહારી ચંડકોશીકે, જાણીને ભૂલ સુધારી. હો એક. ૧
ગૌતમ સ્વામી એ, નિજભૂલ જાણી, વીર શરણ સ્વીકારી,
સ્વપર આત્મા તાર્યા અનેકને,
લબ્ધિવંત ઉપગારી, હો એક. ૨
સંયતિ રાજાએ માર્યો હરણલો, પડયો મુનિ પાસે ધારી,
દિલ દુભાણું સંયમ લઈને,
નિજ ભૂલને સુધારી, હો એક. ૩
આષાઢાભૂતિ મુનિ અનાથી, સનત્કુમાર રૂપભારી,
ચીલાતી ઇલાપુત્રને કેશરી,
રોહણીયો ચોર હુંકારી, હો એક. ૪
નમિરાય અરણીક નંદીષેણ, પ્રતિબોધે બુદ્ધિસાળી,
વજ્રકુમાર તો ઘોડીયામાંહી,
સમજ્યાજ્યતે બલીહારી. હો એક. ૫
પ્રભવાદિક ચોરને પ્રતિબોધ્યા. જંબૂકુમાર હુશીયારી.
અઇમતા મુનિ ઇરિયા વહીયાથી.
થયા જ કેવળ ધારી. હો એક. ૬

વંકચૂલને અર્જુન માળી. બુદ્ધિ હતી જ નઠારી,
સત્સંગ થાતા સાધુ બનીને,
નિજ ભૂલોને સુધારી. હો એક. ૭
દૃષ્ટાંતો તેવા ઘણા પ્રસિદ્ધ છે, વાંચો વંચાવો વિચારી;
નવકાર દિલનાં ક્ષાંતિ પસાયે,
સુધરે લલિત ભૂલ ભારી. હો એક ૮

ચોથી ઢાળનું વિવેચન—મહાનુભાવો ? આપણો આત્મા અનાદિકાળથી રખડતો, રઝડતો, અથડાતો, પછડાતો, કચડાતો, દબાતો, ફસાતો, રીબાતો, મરાતો, સંસારમાં પરિભ્રમણ કરતો ભમતો ભમતો ઘણી ઘણી ઘણી અકામ નિર્જરાના જોરે આગળ વધતા વધતા મનુષ્ય ગતિમાં આવ્યો.

આ ભ્રમણનું કારણ અજ્ઞાન પ્રમાદ વિષય અને કષાય છે. તેમાં ફસાઈ જવાથી આ આત્મા ભૂલ કરી બેસે છે.

એક ભૂલ અનેક દુઃખની પરંપરા વધારી આત્માને ખુવાર ખુવાર કરે છે. આત્મા ખુવાર થાય છે. તે ખુવારીનું વર્ણન કર્યું જાય નહિ નારક નિગોદના દુઃખો મહાભયંકર હોય છે, તે સાંભળતા વાંચતા પણ શરીર ધ્રુજી ઉઠે તો ભોગવતા કેટલું ભયંકર હશે ?

ભૂલ એટલે પાપ પ્રવૃત્તિમાં જોડાવું, જેથી ભયંકર દુઃખ સાગરમાં વારંવાર જન્મ મરણના ડુબકા મારવામાં સંખ્યાતો અસંખ્યાતો અરે અનંતોકાલ વિતાવવો પડે. આ દુઃખ કાંઈ

જેવું તેવું છે ? પાપ પ્રવૃત્તિમાં પડેલાને પુન્યાનુબંધી પુન્ય કે આત્મચિંતન થઈ શકતું નથી. ધર્મપ્રવૃતિ કરવી સૂઝતી નથી. એટલું નહી પણ ભૂલને ભૂલ તરીકે સ્વીકારી શકતા નથી.

જેઓને પોતાની ભૂલ ભૂલ તરીકે સમજાણી તેઓએ જ્ઞાનીઓએ વર્ણવેલા ચારે ગતિના દુઃખો શ્રદ્ધાપૂર્વક સાંભળેલા, વાંચેલા, અનુભવેલા, જાણેલા હોય છે. તેઓના હૃદયમાં નિરંતર પોતાની ભૂલની ખટક રહ્યા કરે છે. ખૂબખૂબ દિલમાં પશ્ચાતાપ કરીને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણે એમ નિશ્ચય કરી પાપથી પાછા હટી આત્મકલ્યાણની પ્રવૃત્તિમા જોડાઈ જાય છે. તેઓના દૃષ્ટાંતો ઘણા છે.

મહાનુભાવો ! ઢાળમાં જણાવેલ મહાત્માઓને પોતાની ભૂલ સમજાણી અને તેવી ભૂલ ફરીથી ન થવા પામે તેના માટે દૃઢ સંકલ્પ કરી પશ્ચાતાપ પૂર્વક સંયમ સ્વીકારી આત્માનો ઉદ્ધાર કર્યો. તેમાં મહાત્મા દૃઢ પ્રહારીનું દૃષ્ટાંત જરૂર જાણવા જેવું છે. બ્રાહ્મણ પુત્ર હતો. અસલ નામ દુર્ધર હતું. નાનપણથીજ ખરાબ મિત્રોની સંગતે ચડી ગયો. અને જુગારી બની ગયો. માતપિતાએ જુગારના અવગુણ સમજાવ્યા. ભલભલા રાજા મહારાજાઓ પણ જુગારથી બેહાલ સ્થિતિવાળા થઈ ગયા છે. એવા ઘણા દૃષ્ટાંતોથી સમજાવ્યો. પણ સમજ્યોજ નહિ. અને જુગાર રમવાનું ચાલુજ રાખ્યું. જેથી પૈસાની જરૂર પડતા ચોરી કરતાં શીખ્યો. આ વાતની જાણથતા તેના માત-

પિતાએ વળી ઘણું ઘણુ સમજાવ્યો. આપણે ઉત્તમ બ્રાહ્મણ જાતિના છીએ. જુગાર તેમજ ચોરી કરવાથી કુળને કલંક લાગે. માટે ભલો થઇને બુરા કામ તજી દે અને આપણા કુળધર્મનું પાલન કર. આવી આવી હિત શિખામણો આપવા છતાં તેની અસર કંઈ થઈ નહી. કહ્યું છે કે પડી ટેવ ટળવી તે બહુ મુશ્કેલ છે. એમ કરતા મોટી ચોરીઓ પણ કરવા લાગ્યો, અને પ્રજાને પણ હેરાન કરવા લાગ્યો. એ વાતની જાણ રાજાને થતા તેને પકડયો. અને માથું મુંડાવી ચુનો ચોપડી મોઢું કાળુ કરી, ખાસડાનો હાર પહેરાવી, ગધેડાપર અવળે મોઢે બેસાડી. ફુટલા ઢોલ વગડાવી. ગામ બહાર બુરા હાલે કાઢ્યો. તે વખતે માત પિતાએ આપેલી શિખામણો યાદ તો આવી પણ થોડી-વાર પછી પાછો ભૂલી ગયો, અને ગુસ્સામાંને ગુસ્સામાં જંગ-લમાં પહોંચ્યો. ત્યાં ચોરના રાજાના માણસોએ પકડ્યો, અને પોતાના રાજા પાસે લાવ્યા. ચોરના રાજાએ દુર્ધરના શરી-રનો મજબુત બાંધો. ખડતલ શરીર જોઈ પોતાના ધંધામાં કામ લાગે તેવો જણાયો. એટલે પોતાની પાસે રહેવાનું કહેતા દુર્ધરે પણ કબુલ કર્યું, અને ચોરના રાજાની પાસે રહ્યો, અને જે જે કામ બતાવે તે તે પોતાની બહાદુરીથી હુશીયારીથી કરી આવતો. જથી રાજા પ્રસન્ન થવાથી પુત્ર તરીકે ગણી ચોરોનો રાજા તરીકે સ્થાપ્યો. દુર્ધર ધોળે દહાડે ધાડ પાડતો. મોટી મોટી ચોરી કરતો. કોઈ તેના સામે થઈ શકતો નહિ. કોઈ સામનો કરે તો

તેને જનથી મારી નાંખતો. તેનો પ્રહાર કોઈ વખત પણ ખાલી નહી જવાથી તેનું નામ દૃઢપ્રહારી પ્રસિદ્ધ થયું.

એક દિવસ કુશસ્થળ નામના નગરમાં ધાડ પાડી, અને આખા નગરમાં લૂંટ ચલાવી. સાથે ચોર લૂંટારાઓ ઘણા હતા. તે વખતે એક લુંટારો એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં પેઠો. બ્રાહ્મણ ગરીબ હોવાથી કંઈ લુંટવા જેવું મલ્યું નહી. પણ બ્રાહ્મણના છોકરાઓએ ખીર ખાવાની હઠ લીધેલી. જેથી બ્રાહ્મણે યજમાનોને ત્યાંથી ચોખા–સાકર–દૂધ વિગેરે લાવીને ખીર બનાવી હતી. તે ખીર ચોરે લઈ લીધી. છોકરાઓ રડવા લાગ્યા. તે જોઈ બ્રાહ્મણ ચોરની સામે થયો. તેટલામાં દૃઢપ્રહારી ત્યાં આવી પહોંચ્યો, અને પોતાના માણસ ઉપર હુમલો થતો જોઇને એકજ ઝાટકે માથું ઉડાવી દીધું. આ જોઈ આંગણામાં બાંધેલી ગાયે સામનો કર્યો. એટલે દૃઢપ્રહારીએ બીલકુલ દયા લાવ્યા વિના ગાયનું માથું પણ કાપી નાંખ્યું. પોતાના પ્રિય પતિની અને વહાલી ગાયની હત્યા થઈ તે સહન નહી થવાથી બ્રાહ્મણી દૃઢપ્રહારીને મારવા ઉભી થઈ. પણ દૃઢપ્રહારીએ પોતાની તલવાર બ્રાહ્મણીના પેટમાં ખોસી દીધી. જેથી બ્રાહ્મણી ઢળી પડી. તેનું પેટ ચિરાયાથી અંદરનો ગર્ભ પણ તડફડી મરણ પામ્યો. આ રીતે દૃઢપ્રહારીએ ક્રોધમાંને ક્રોધમાં નિર્દયતાથી બ્રહ્મહત્યા, ગૌહત્યા સ્ત્રીહત્યા અને બાળહત્યા એમ ચાર હત્યાઓ કરી. તેમાં છેલ્લી બાલહત્યાએ તેના હૈયાને હચમચાવી નાંખ્યું. અહાહાહા મેં

આશું કર્યું ? એક સાથે ચાર હત્યાઓ કરી, તે પણ બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાલકની ? ધિક્કાર હો, નિર્દય એવા મારા આત્માને ? મારા જેવો જગતમાં બીજો કોઈ પાપી નહી હશે. આવી રીતે વારંવાર પોતાના દુષ્કૃત્યને નિંદતો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પશ્ચાતાપ સાચા દિલનો હતો. ફરીથી એવા ઘાતકી કાર્યો ન થાય તેવી સાવચેતી પૂર્વકનો હતો.

ચાર હત્યાના દશ્યથી આંખમાંથી આંસુઓ ઝરતા હતા. હૃદય સુકોમળ બની ગયું હતું. પોતે કરેલી ભયંકર ભૂલો આંખ સામે તરી આવતી હતી. જંગલ તરફ પાછા ફરતા તેના પ્રબળ ભાગ્યોદયે મહાન દયાળુ, કૃપાળુ, માયાળુ, કરૂણાની મૂર્તિ એવા પૂ. મુનિરાજને જોયા. તપસ્વી સૌમ્ય મૂર્તિ નીરખીને તેમના ચરણકમળમાં પડ્યો. હળુકર્મી બનેલો રડતા રડતા પોતે મહાન્ કરેલી ભૂલો જણાવતાં આંખમાંથી આંસુઓ ઝરાવતો હતો.

મુનિરાજે કહ્યું. મહાનુભાવ ! ભૂલને ભૂલ તરીકે સમજ્યા પછી તેવી ભૂલો ફરીથી ન થાય ન થવા પામે. તેવી કાર્યવાહી હવે કરવાની જરૂર છે. તારૂ નામ દૃઢપ્રહારી પડેલ છે તો કર્મરાજા ઉપર દૃઢ પ્રહાર કરી તું કર્મથી મૂક્તથા.

સંયમનો સ્વીકાર કરી જીનઆજ્ઞાનું પાલન કર. શ્રી જીનેશ્વરની આજ્ઞા છે કે વૈરી ઉપર પણ કષાય કરવો નહિ. સમભાવમાં રહેવું. જેથી તારા આત્માનો ઉદ્ધાર જરૂર થશે.

ઉપરોક્ત મુનિરાજના વચનોથી દૃઢપ્રહારીનું દિલ શાંત થઈ ગયું. અને પાંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો. એટલુંજ નહિ પણ આકરો અભિગ્રહ ધાર્યો કે જ્યાંસુધી આ ચાર હત્યાઓ યાદ આવે, ત્યાંસુધી મારે અન્નપાણી લેવા નહિ. આ અભિગ્રહ સામાન્ય નથી. યાદ કરવાની વસ્તુ યાદ આવ્યા વિના રહેતીજ નથી.

એક વૈદ્યરાજે દર્દીને ચરી પાળવામાં જણાવ્યું કે તમારે દવા લેતી વખતે દરાખ કે દાડમ યાદ કરવું નહિ. જે વસ્તુની ના પાડી હોય તે પહેલાજ યાદ આવી જાય છે. એવો સહુને અનુભવ હોય છે.એટલે આવો અભિગ્રહ ચરમ શરીર આત્માજ કરી શકે. મહાત્મા દૃઢપ્રહારીએ અભિગ્રહ પુરો કરવા આંતરીક શત્રુઓનું દમન કરવા કુશસ્થળ નગરના દરવાજા પાસેજ કાઉસગ્ગ ધ્યાનમાં લીન થયા. આજ નગરમાં લુંટફાટ ખૂબ કરી હતી. ધાડો પાડી હતી. ઘણા જનોને હેરાન કર્યા હતા. દુઃખી કર્યા હતા. હત્યાઓ કરી હતી. તે વખતે ચોર, ડાકુ, લુંટારો ધાડપાડુ, ગુંડો, બદમાસ, પાપી, નિર્દયી, ધૂતારો, ઠગ તરીકે પ્રસિદ્ધિને પામેલો હતો. તેજ વ્યક્તિને હાલમાં સાધુ વેશે ધ્યાનમાં રહેલો જોઈ લોકો તેના તરફ તિરસ્કારથી જોઈ ઢોંગી તરીકે માને તે પણ બનવા જોગ છે. જેથી નગરજનો જતા આવતા તેના પ્રત્યે ધુળ ઉડાડે છે. પથ્થરા ફેંકે છે. ગાળો દે છે. લાકડી પરોણા મારે છે. એક કરે તેમ બીજા પણ કરે.

એમ એક બીજાનુ અનુકરણ કરતા જાય છે. તે સઘળા ઉપસર્ગોને સહન કરતા દોઢ મહિનો થતાં ધૂળ પથ્થરા દૂર કરીને ત્યાંથી બીજા દર વાજે જઈ કાઉસગ્ગ ધ્યાનમાં રહે છે. ત્યાં પણ તેવાજ ઉપસર્ગો દોઢ મહિના સુધી સહન કરી ત્રીજા દરવાજે જઈ કાઉસગ્ગ ધ્યાને રહી જે જે ઉપસર્ગો થાય છે તે સમભાવે સહન કરી દોઢ માસ પછી ચોથા દરવાજે પણ એવીજ રીતે દોઢ મહિના સુધી મરણાંત જેવા ઉપસર્ગ આવ્યા છતાં સમભાવ રમણતામાં રહી ઘાતી કર્મોનોક્ષય કરી કેવળજ્ઞાન મેળવ્યું.

મહાનુભાવો ! માખી મચ્છર કે કીડી મકોડા કે માંકડના ચટકા સહન કરતા તો આંખમાં પાણી આવી જાય છે. એટલું નહી પણ શરીર ધ્રૂજી ઉઠે છે. તે અનુભવ સિદ્ધ છે. તે હિસાબે આપણો આત્મા કેટલો નિર્બળ રાંકડો જણાય છે. તે નિર્બળ આત્માને સબળ બનાવવા માટે છ છ મહિના સુધી અન્નપાણી લીધા વિના મરણાંત જેવા ઉપસર્ગો દૃઢ પ્રતિજ્ઞા પૂર્વક સહન કરી અનાદિથી ચાલી આવતી ભૂલની પરંપરાને તજી દેનાર મહાન્ આત્મા શ્રી દૃઢપ્રહારી મુક્તિગામીનું દૃષ્ટાંત મનન કરવા વિચારવા આદરવા યોગ્ય છે. આપણે પણ અનાદિની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરી મુક્તિ ધ્યેયને પામી સંસાર સમુદ્રથી પાર ઉતરીએ.

મહાનુભાવો ! જ્યાં સુધી આપણે પાપના કામો બંધ નહી કરીએ ભૂલ સુધારવાના આપણે પ્રયત્ન નહી કરીએ ત્યાં સુધી

આપણે સુખી થવાની આશા રાખીશું તે વ્યર્થ છે.

મહાત્મા દૃઢપ્રહારીએ પોતાનું જીવન છ માસમાંજ સુખમય બનાવી દીધું. હવે આપણે મહાત્મા ચંડકોશીયા નાગનું દૃષ્ટાંત પણ જોઇએ. મનુષ્યભવમાં કરેલ ભૂલ તિર્યંચ ભવમાં સુધારી તે બહુ મહત્ત્વની બાબત છે. નાગની જાત એટલે ભયંકર ક્રોધનીજ મૂર્તિ. જન્મતાંજ ડંખ મારી શકે. આવા ચંડકોશીયાનું દૃષ્ટાંત જ્ઞાન ઝરણામાંથી લીધેલ ઘણુંજ ઉપયોગી છે.

પૂર્વભવમાં સંસારની અસારતાને જાણી સર્વ કુટુંબ વૈભવનો ત્યાગ કરી, વૈરાગી બની, સંયમ ગ્રહણ કરી, માસખમણો જેવી, તપસ્યા કરતા હતા, એક વખત શિષ્યને સાથે લઈ ગોચરીએ જતા પોતાના પગ તળે દેડકી કચરાઈ ગઈ, જાણીને નહી પણ અજાણતા કચરાઈ ગઈ. સાંજની વખતે પ્રતિક્રમણ કરતા શિષ્યે આલોયણાની યાદ આપી. તેમાં ક્રોધ આવ્યો. તમે જાણીને દેડકી મારી છે એમ શિષ્યે કહ્યું પણ નથી. અજાણતા દેડકી પગ તળે આવવાથી મરી ગઈ એની આલોયણનું કહ્યું હતું. છતાં સાધુએ ક્રોધ કર્યો શિષ્યને મારવા દોડયો. પરિણામે થાંભલો ભટકાણો અને પોતે મરણ પામ્યો. મરીને દૃષ્ટિ વિષ સર્પ થયો. ઘોર ભયંકર જંગલમાં ઉત્પન્ન થયો કે જ્યાં મનુષ્યોની અવરજવર નથી. દૃષ્ટિ વિષ સર્પ એટલે દૃષ્ટિથી વિષની જ્વાળા ફેંકનારો એવો ભયંકર સર્પ થયો. ક્રોધ ઉપર કાબુ ન રાખવાના પરિણામે ક્રોધ ઉપર કાબુ

ન રહી શકે તેવી જાતિમાં ઉત્પન્ન થયો. એના ઉપજવાથી તો ત્યાં મનુષ્યોની અવરજવર બીલકુલ બંધ થઈ ગઈ. કોઈ ભૂલે ચૂકે જાય તો લોકો દૃષ્ટિ વિષ ચંડકોશીયા સર્પની વાત કરીને રોકતા હતા. એ સર્પની ખ્યાતિ વધતી ગઈ. અરે મનુષ્ય તો શું ? પણ વનમાં પશુ પંખીની પણ અવરજવર નહોતી.

પ્રભુ શ્રી મહાવીરદેવ એને પ્રતિબોધ કરવા જાતે ગયા. બધાએ વાર્યા છતાં પોતે ત્યાં ગયા. અને એનાજ દર પાસે ઊભા રહ્યા. પેલો સર્પ દરથી બહાર નીકળ્યો. અને જવાળા ફેંકી એકવાર બેવાર ત્રણવાર ફેકી, ત્રણત્રણ વખત જવાળા ફેંકયા છતાં ભગવાનને અડગજ જોયા. જોયું કે પોતાની દૃષ્ટિથી લેશ પણ અસર થઈ નથી. ત્યારે તે નવાઈ પામ્યો. પછી વિચાર્યું કે આજે મારી દૃષ્ટિનું હથીઆર બુંઠું થયું. ગમે તે કારણે વ્યર્થ ગયું. પણ ફીકર નહિ. દાઢનું અમોઘ હથીઆર તો મોજુદ છેને ? તરત તેણે ડંખ દીધો. લોહી નીકળ્યું. ઝેરીલાપણે ડંખ દેનારો. ડંખ દેવાયો છે કે નહિ ? તે માટે સહેજ તે તરફ જુએ. લોહી તો લાલ હોય અને અહીં તો ધોળુ દેખાયું. સાપને નવાઇ લાગી કે આ શું ? કેટલાકો કહે છે કે લોહી તે ધોળુ હોય ? બરાબર છે. લોહી ધોળું ન જ હોય, પણ તીર્થંકરના લોહીનો વર્ણ શ્વેત હોય માટે તો તેને અતિશય કહેવામાં આવે છે. જો બીજાને પણ તેવું લોહી હોય તો પછી "અતિશય" કહેવાપણું રહ્યું જ કયાં ? દુનિયામાં બીજે જે ન હોય તે દેખાય

ત્યારે તેને અતિશય કહેવાય.

પેલો સાપ. લોહીનો રંગ સફેદ જોઈ વિચારમાં પડયો. દુનિયામાં નિયમ છે કે સામાને ચક્કરમાં લેવાયતો તેને યોગ્ય દિશાની વિચારણાની તક મળે. પેલો સર્પ વિચારમાં પડયો. ત્યારે ભગવાને મધુર વાણીથી કહ્યું. બુજ્ઝ બુજ્ઝ ચંડકોશીઆ.

સમજ સમજ તું કઈ દશામાં હતો. અને કઈ દશાને પામ્યો ? આરાધકપણાને હારવાથી તો આ દશા થઈ. એવા આરાધકપણામાં ક્રોધ વશાત્ આ દશાએ પહોંચ્યો. હવે વળી ક્રોધ કરીશ તો થશે શું ? ક્રોધને કાબુમાં ન રાખ્યો તો કાબુ વગરનો ક્રોધ હોય એવી સર્પ જાતિમાં ઉત્પન્ન થયો. હજી પણ સમજ ! સમજ !

વાત પણ ખરી ! દશાનો કેટલો પલટો ? પૂર્વ ભવમાં દીક્ષા ક્યારે લીધી હશે ? શ્રી તીર્થંકર દેવના વચન ખાતર રૂદ્ધિ સમૃદ્ધિ છોડી. કુટુંબ તજ્યું. સુખ સામગ્રી તજી. સ્ત્રી પુત્ર. પરિવાર છોડયા. દુનિયાનો ત્યાગ કર્યો. સંયમ લીધો. ઉગ્રતપ કર્યો એજ જીવ આજે ખૂદ તીર્થંકરને મારવા તૈયાર થયો છે ને ? જવાળાનું પરિણામ ન આવ્યું તો ડંખ દીધો, બસ મારૂં મારી નાખ્યું. એજ ભાવના છે ને ? કઈ દશા ?

સાધુના ભવમાં દેડકી અજાણતા મરી એની આલોયણા કરવાનું શિષ્યે યાદ આપ્યું ત્યાં ક્રોધ એજ આ બધાનું મૂળ પોતે સરલ ભાવે કબુલાત કરી હોત તો ત્યાંજ પતી જાત. શિષ્યે

હિતબુદ્ધિએ આલોયણાની સ્મૃતિ આપી ત્યાં ક્રોધ એજ આ પરિણામનું બીજ ? વડનું બીજ કેટલું નાનું હોય છે. અને એમાંથી મોટો વડલો થાય છે. અહીં પણ પોતાનો ગુન્હો હતો. ગુન્હેગાર પોતે હતો, શિષ્યે ફરજ બજાવી. ત્યાં ક્રોધ કર્યો. પરિણામે થાંભલે ભટકાઈ મુઓ. ક્રોધ ઉપર કાબુ ન રાખવાથી ક્રોધ ઉપર કાબુ ન રહી શકે તેવી જાતિમાં ઉત્પન્ન થયો. અને જે. તીર્થંકર દેવના વચનથી દુનિયા છોડી સંયમ સાધતો હતો માસક્ષમણોની તપશ્ચર્યા કરતો હતો. તેનો જ જીવ સ્વયં તીર્થંકરનું મૃત્યુ ઈચ્છે છે. મારવા ફરી વળ્યો છે. ડંખ દીધો છે અને વિચારે છે કે આ શું ? આને અસર કેમ ન થઈ ?

આવા જંગલમાં આ જીવને ઉદ્ધારનો કોઈ માર્ગ ? આવા કેઈ ભવો ચાલ્યા જાય તો પણ ઉદ્ધાર થાય ? પણ તે કાળમાં ઉદ્ધાર સામો આવ્યો. ઉદ્ધાર કરવા ઉદ્ધારક પોતે સામે પધાર્યા. ભગવાનના મધુર વચનો સાંભળી તે વિચારે ચડયો. જેથી જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વભવ જોયો. અને બધી ઘટના નજરે તરી આવી. અને પોતાની ભૂલ દેખાણી. શિષ્ય સામે 'ગુણના ભાઈ દોષ' જેવું પોતાનું વર્તન લાગ્યું. પણ હવે થાય શુ ? એણે વિચાર્યું ! "જગ્યા ત્યાંથી સવાર" જે આવેશથી આ બધો અનર્થ થયો. તે આવેશનેજ રોકવાનો પ્રથમ એ સર્પે વિચાર કર્યો. સાધુપણામાં ક્રોધ કાબુમાં નહોતો રાખ્યો. તે કાબુમાં રાખવાનો જે જાતિમાં કાબુમાં ન રહી શકે તે જાતિમાં

નિર્ણય કર્યો. સાપની જાતિ ક્રોધ કાબુમાં રાખી શકતી નથી. ગાય, ભેંસ, કુતરા, ઘોડા, ગધેડા, બધામાં ક્રોધ ખરો ! પણ તે કાબુમાં આવે તેવો. કુંભાર ડફણું મારે કે ગધેડો સીધો. ચાબુક દેખાડવામાં આવે કે ઘોડો સીધો. એમ બધાયના ક્રોધ કાબુવાળા, પણ સાપનો ક્રોધ કાબુબહારનો હોય છે.બેકાબુ ક્રોધવાળી જાતિ સાપની છે. સાપની જાતનો ક્રોધ કઈ હદનો હોય ? અંગધન કુલના સર્પો માટે કહેવાય છે કે અગ્નિમાં પડવું કબુલે, પણ મારેલા ડંખને શરીરમાં મુકેલા વિષને પાછુ ચૂસે નહિ.

એટલે કે ક્રોધથી કે ક્રોધના પરિણામથી નિવર્તે નહિ. આવી સાપની જાત હોય છે. પ્રભુ મહાવીર સ્વામીએ પ્રતિબોધ્યો. એટલે ચંડકોશીઆએ પોતાના અનર્થના પરિણામરૂપ આવેશને ક્રોધને સંવરવાનો નિશ્ચય કર્યો. એના ક્રોધથી સામાને અનર્થ કરી શકાય તેવા એની પાસે સાધનો કયા ? દૃષ્ટિ અને દાઢ ! એ બે એણે દરમાં ધાલ્યા. સાપનું આ જેવું તેવું પરાક્રમ ? જે સાપને મ્હોંથી સાણસામાં પકડયો હોય તો પણ સખણો ન રહે.આંટામારી ભરડા દઈ સાણસાને તોડવાનો પ્રયત્ન કરે. એવી જાતિમાંનો આ સાપ દાઢ તથા દૃષ્ટિને એટલે કે મોઢાને દરમાં રાખે છે. તાત્પર્ય કે ઉંધે મુખે દરમાં રહે છે. શરીર બહાર રાખે છે.

આ દુનિયામાં લોકનો સ્વભાવ ટીખળી છે. કુતુહલવાળો છે. આવી હાલતમાં લોકોએ તેને જોયો. આ સાપ જીવતો છે

કે મરેલો ? તેની પરીક્ષા તે લોકો કરવા લાગ્યા. સાપની પરીક્ષા સ્પર્શ કરીને થાય ? અને તેમાંય એ લોકો કેવા ? રબારી ભરવાડ ભીલ વગેરે જંગલી લોકો એટલે એને વિવેક શો ? એટલે પત્થર મારીને પરિક્ષા કરવા લાગ્યા. પત્થરથી લોહી પણ નીકળે. સાપ તે બધુ સહન કરે છે. વિચારો ? કેટલો પલટો ! પત્થરના ઘા સહે. પણ જરાય બીજો જવાબ આપતો નથી.

દુનિયાનો નિયમ છે કે તમે એક ગાળનો જવાબ બે ગાળ રૂપે આપો તો ચાર ગાળ સામે આવે. એમ વધે જાય. પણ નિરૂત્તર રહો તો ? ત્યાંજ શમી જાય. પેલા સાપની શાંતિ જોઇને પત્થર મારનારાઓજ નાગ બાપજી કહીને ઘી વિગેરેથી પૂજવા લાગ્યા. લોહીના ગંધથી કીડીઓ આવેલી તેને વળી ઘી મલ્યું. બાકી શી રહી. કીડીઓએ તો માંડયું ચટકાવવા. સાપની સમતા કેટલી ? બે કાયુ ક્રોધની જાતવાળો સાપ શરીરપર એટલો કાયુ ધરાવે છે કે જરા પણ હાલવું નહીં. કે જથી એક પણ કીડી મરવા પામે ? આ વેદનામાં આ ભાવના કઈ રીતે રહી હશે ?

તીર્થંકરને મારી નાંખવા તૈયાર થયેલો. ડંખ મારનારો. પંદર દિવસ વેદના કેવી રીતે સહે છે ! ચંડકોશીઓ સર્પ ખુદ તીર્થંકરને પ્રાણરહિત કરવા તત્પર થયેલો. તે એજ તીર્થંકર-દેવના સમજ ? સમજ ? એવા વચનથી પોતાના જીવનને કેટલો પલટો આપે છે. તે તપાસો ? એક કીડી પણ પોતાના દેહથી

ન મરે તેની ઉલટી એ સંભાળ રાખે છે. પોતાના દેહમાં લોહી છે. પત્થરના ઘાની વેદના છે. લોકોએ ઘીથી કરેલી પૂજાથી. લોહીના કારણે મળેલી કીડીઓને વધુ ફાવતું થયું છે. કીડીઓ ચંડકોશીઆના દેહને કરડી કરડીને ચાળણી જેવું બનાવે છે.

આ દશામાં એક દૃષ્ટિ વિષ સર્પ ભયંકર આશીવિષ-સર્પ સદંતર શાંત રહે એ સ્થિતિનો પલટો કયાં સુધીનો ? આવી તીવ્રતમ વેદના. એક દિવસ નહિ. બે ચાર દિવસ નહિ. પણ પંદર દિવસ સુધી સહન કરી. અને તેથી મરણ પામીને તે આઠમા સહસ્રાર દેવલોકે ગયો. શાસ્ત્રકાર કહે છે કે આ પરિ-સ્થિતિમાં જો સમકિતી મનુષ્ય હોત તો કેવળ જ્ઞાન પામી જાત.

સુજ્ઞજનો ! મહાત્માદૃઢ પ્રહારી અને મહાત્મા ચંડકોશીક બંનેના દૃષ્ટાંત અતિ ઉપકારી થઈ શકે તેવા જ છે. શ્રી ગૌતમ ગણધર મહારાજાએ ભૂલ સુધારી તો ગણધર પદને પામ્યા. લબ્ધીવંત થઈ અનેક જીવોને તાર્યા, અને પોતે પણ તર્યા. સંયતિરાજાએ નિરપરાધી એવા હરણલાને માર્યો. તે ધ્યાની મુનિવરની પાસે પડયો. રાજાને પોતાની ભૂલ સમજાણી અને રાજપાટ કુટુંબ છોડીને સંયમ લઈ આરાધના કરી. અષાઢાભૂતિ અનાથી મુનિ રૂપના મદવાળા સનત્કુમાર ચક્રવર્તી ચીલાતીપુત્ર ઈલાપુત્ર, કેશરીચોર, અહંકારી રોહણીયો ચોર. નમિરાય મુનિ, અરણીકમુનિજી, પ્રતિબોધ કરનારા નંદીષેણમુનિજી, શ્રીવજ્રકુમાર તો ઘોડીયામાં જ સમજી ગયા. પ્રભવાદિક ચોરોને પ્રતિબોધનારા

એવા શ્રી જંબૂસ્વામીજી. અઇમતાજીમુનિ. ઇરિયા વહી પડી-ક્રમતા કેવળ જ્ઞાનને પામ્યા. વંકચૂલ. અર્જુનમાળી જેવાઓએ પણ પોતાની ભૂલો સુધારી. આવા દૃષ્ટાંતો તો અનેક છે. લખતા પાર આવે નહીં. ભૂલ સુધારવીજ છે એ ધ્યેય જો હૃદયમાં નિશ્ચય થાય તો શ્રી નવકાર મંત્ર હૃદયમાં સ્થિર થતા ક્ષાંતિ પમાય અને લલિત ભાવના થતા આત્મા સહેજે ભૂલથી નિવૃત્ત પામે.

ઢાળ પાંચમી

(રાગ–દેખો ભવિયા વિમલજીનેશ્વર. દુલ્હાસજ્જન સંગાજી)

ન્યારી કર્મગતિ કહી ભવિયા, રંકને રાય બનાવેજી,
રાયને રંક બનાવે ભવિયા,કાર્ય વિચિત્ર કરાવેજી. ન્યા.૧
છત્રકુંવર તો રાજવી વેશે, સુખ સાગરમાં રમતોજી,
ચિથરેહાલ દશામાં ભાણો,શહેર બન્દરે ભમતોજી.ન્યા.૨
એકદિન ભાગ્યઉદયના કારણ,જીનપ્રતિમા નિહાળીજી,
હૃદયઉલ્લાસ થયો તે વારે,નીરખી નમે બહુ વારીજી.ન્યા.૩
વળી વિદ્યાર્થી પૌષધશાળે, ભણે ઉચ્ચારે ધારેજી,
નવકાર મંત્ર સૂણીને કંઈ, કરી લીધો તે વારેજી. ન્યા.૪
પંડિતજી અર્થ સમજાવે, નમસ્કાર શા માટેજી,
સર્વ પાપના નાશ જ માટે, કર્મ કટક તે કાટેજી. ન્યા.૫
અપુર્વ વસ્તુ મલી જીમ હોયે,તેમધારે ચિત્તમાંહેજી,
હરખાતો હરખાતો દિલે,પાપનાશ એમ ચાહેજી.ન્યા.૬

ભણ્યો નથી પણ બુદ્ધિજ સારી,હિંસા જુઠ તે પાપજી,
ચોરી કુદૃષ્ટિ ને વળી મમતા, નકરવી દિલ છાપજી. ન્યા.૭
નિજ સ્થિતિ જે છે તે તેમાં, સંતોષ રાખે સારોજી,
અન્યાયનું ન લેવુ સારૂં. મનના એજ વિચારોજી.ન્યા.૮
છત્રકુંવરને રંક ભાણીયો, વર્ષ અઢારના બંનેજી,
ચાર ઘોડાની બગીમાંહી, ફરે કુંવર તો રંગેજી. ન્યા.૯
બાગ બંગલો એક ગાઉપર, ત્યાં જઇથાક ઉતારેજી,
સુખીજનો મોટરમાં જાયે,તોપણ પગ દબરાવેજી.ન્યા.૧૦
જોયા જેવો આ બાગબંગલો,ફરનીચરબહુ સ્થાનેજી,
પંચરંગી ગાલીચા સોહે, દર્પણ દેહ પ્રમાણેજી. ન્યા.૧૧
રાજકુંવર દર્પણ નિહાળે, જુએ દર્પણમાં દેહજી,
નિજ રૂપ જોઈ આનંદ પામે,ફરીફરી જુએ તેહજી.ન્યા.૧૨
ભાણોરંક તે ભાગ્યવશે કરી. ભીખ આનાત્રણ પાવેજી,
ઘણા દિવસનાવાળ કપાવી,વધ્યાનખઉતરાવેજી.ન્યા.૧૩
નદી કાંઠે જઈ મેલ ઉતારી,સ્નાન કરી જાય તાપેજી,
તાસકલોટો ઉટકી સારા, ભદ્રીક છે નિષ્પાપેજી.ન્યા.૧૪
સ્હેજે સ્હેજે ફરતો ફરતો, જાય બગીચા પાસજી,
જોઈ બગીચો વળી બંગલો,હરખાયે તે ખાસજી.ન્યા.૧૫
સડક પર તે ઉભો રહીને, જુએ કુંવરને ધારીજી,
જરીપોશાકમખમલ જોઈ,થાયખુશીબહુભારીજી.ન્યા.૧૬
હાથએડલીશો બહુ ભારે, ઝગમગ ઝગમગ થાયેજી,
આવાનું તે ભાગ્ય કયાં છે,મન ઘોડા ગુંથાયેજી.ન્યા.૧૭

કુંવર દર્પણમાંહી જુવે, નિજ પોષાકને રૂપજી,
નજર ગઈ સડકભણી જ્યારે, જોયો ભીખારી ભૂપજી.ન્યા.૧૮
મુજ સરખો છે આ ભીખારી વયરૂપ રંગ બધુયજી,
વળી જુએ દર્પણમાં પોતે, કપડા વિણ બધું સરખુજી.ન્યા.૧૯
કૌતુક દિલમાં એહવું થાયે. આ પણ છે મુજ જેવોજી,
વેશ ભીખારીનો હું પહેરું, મુજ વેશ રંકને દેવોજી.ન્યા.૨૦
ઓળખશે યા નહી ઓળખે, જોવાનું મન થાયજી,
સીપાઈ માળી બગીવાળાને, કુંવર બોલાવે ત્યાંયજી.ન્યા.૨૧
હાથ જોડી કહે શું હુકમ છે. કામ હોયે ફરમાવોજી,
કુંવર કહે પુષ્પો બહુ ખીલ્યા, તા જન તેલઈ આવોજી.ન્યા.૨૨
વળી સુગંધી પુષ્પોની માળા, રંગબેરંગી લાવોજી,
ખુશબોદાર ગજરા સાથે, મનગમતા દિલભાવોજી.ન્યા.૨૩
ચીડીના ચાકર જેવા તે, ફરજ તેઓ બજાવેજી,
બહુ સારૂ હુકમ પ્રમાણે, લાવીશું કહી જાવેજી.ન્યા.૨૪
જીન આણા તીમ શીર ધરે તે, મોક્ષરાજને પાવેજી,
શુદ્ધમને નવકારગણ્યેથી, ક્ષાંતિસદા દિલ આવેજી.ન્યા.૨૫
રાગદ્વેષ કૌતુકથી થાયે, જીવ સમજે પણ ભૂલેજી,
પરિણામ વિચાર્યા વિણતે, થાયદુઃખી બહુ રૂલેજી.ન્યા.૨૬
ભવ્ય જીવો નિજ ભૂલ સુધારે, શુભધ્યાને વિચારેજી,
અવસર આવે તન મન ધનથી, મુક્તિ લલિત સુખ ધારેજી.ન્યા.

પાંચમી ઢાળનું વિવેચન—મહાનુભાવો! હે ભવિજનો!

તમો કર્મની ગતિ વિચારો જ્યાં સુધી જીવને કર્મનું જ્ઞાન થતું નથી. અથવા કર્મ સંબંધી જ્ઞાન મેળવતા નથી. ત્યાં સુધી આત્મા કર્મથી છુટી શકતો નથી. કર્મનું જ્ઞાન અવશ્ય મેળવવું જ જોઇએ. જ્ઞાનાવરણીય દર્શનાવરણીય આદિ આઠે કર્મો આત્માને ઘેરીને રહ્યા છે. એટલે કે કર્મરાજાના કબજામાં રહ્યો છે. જો કે કર્મના કરતા પણ આત્મા અનંત શક્તિ ધરાવે છે. કોઈપણ કાળે આત્મા કર્મનો નાશ કરીને મૂક્ત બની શકે છે. પણ હાલમાં અનાદિકાળથી તે કર્મોનો વળગાડ ચાલુ જ છે. મોહરૂપી દારૂ પાઈને આત્માને ઘેલો બનાવ્યો છે. એ ઘેલછામાં કોઈ હસે છે. કોઈ રડે છે. આનંદ માને છે. કોઈ દુઃખ દરિયામાં ડુબેલો માને છે. આ બધી ઘેલછા, મૂર્ખાઈપણુ નહીં જાય, ત્યાં સુધી કર્મરાજા જુદાજુદા વેષ ધરાવી નાટક કરાવશે, નચાવશે, મારશે, દબાવશે, રખડાવશે, અને ભીખ પણ મંગાવશે. જગતમાં મોટા ભાગની સ્થિતિ આવી જોવામાં આવશે, આવે છે. જ્ઞાનીની દૃષ્ટિએ સુખ નહિ હોવા છતાં તેમાં સુખ મનાવી કર્મરાજા પોતાના કબજામાં રાખશે. કર્મરાજા કોઇને રંક, કોઇને શાહુકાર કોઇને નિર્ધન, કોઇને બુદ્ધિશાળી. કોઇને મૂર્ખ, કોઇને રોગી કોઇને નિરોગી, કોઇને રૂપવાળો, કોઇને કુરૂપવાળો, કોઈને પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતા. તો કોઇને હિનતા. કોઈને બળવાન કોઇને નિર્બળ. એકજ માબાપના સંતાનોમાં એક ધનવાન બને બીજો નિર્ધનદશામાં હોય. એક વકીલ બારીસ્ટર થયેલો હોય

તો ચોથો તદ્દન ગાંડો હોય. પાંચમો શિક્ષક બન્યો હોય તો છઠ્ઠો મગજની નબળાઈથી શુન્ય બની બેઠો હોય. આ બધો પ્રપંચ કર્મરાજા જુદી જુદી જાતની વિચિત્રતા કરે છે. તે કર્મનું સ્વરૂપ. નવતત્ત્વાદિ કર્મગ્રંથો ગુરૂગમથી વાંચીને તેનું પઠનપાઠન મનન કરિને તેનુ જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે. પોતાની મેળે વાંચીજવા માત્રથી કર્મનું રહસ્ય પામી શકાય તેવું નથી. માટેજ ગુરુગમથી કર્મનું સ્વરૂપ જાણવું જોઈએ. હવે કર્મ શું ચીજ છે, તે સંબંધમાં જીનેશ્વરોએ, ગણધરોએ, કેવળજ્ઞાનીઓએ, શ્રુતકેવળીઓએ ઘણાજ વિસ્તારથી સમજાવેલું છે.તેમાંથી કિંચિત માત્ર પણ અહીં જણાવી શકાય તેમ નથી. છતા કર્મવિચાર,કર્મફીલોસોફી,તત્ત્વચિંતન વગેરે પુસ્તીકાઓના આધારથી જણાવાય છે કે, આપણુ જગત અનંતાનંત પરમાણુઓથી ભરેલું છે.પરમાણુ એટલે બુદ્ધિથી કે જ્ઞાનશક્તિથી પણ જેના બે ભાગ ન થઈ શકે તેવો ઝીણામાં ઝીણો ભાગ તે એક પરમાણું, તેવા અનંતાનંત પરમાણુઓ મળે ત્યારે સ્કંધ કહેવાય છે. આવા સ્કંધો પણ અનંત છે. બબે પરમાણુઓ મળે તે સ્કંધ. એટલે બબે પરમાણુઓના સ્કંધો એટલે જથ્થાઓ તે પણ અનંત છે. ત્રણ પરમાણુઓ મળે તે સ્કંધ. એટલે ત્રણ ત્રણ પરમાણુઓ મળેલ સ્કંધ, તેમજ ચાર પરમાણુઓ મળે તે સ્કંધ, એટલે કે ચારચાર પરમાણુઓનો સ્કંધ એટલે જત્થો. એમ વધતા વધતા સો, હજાર, લાખ, ક્રોડ, અબજ વિગેરે ગણત્રીથી પણ આગળ

વધતા સંખ્ય અસંખ્યતાથી પણ અધિક અનંતાનંત પરમાણુ-ઓનો સ્કંધ એટલે જથ્થો થાય. આવા આવા સ્કંધો એટલે જથ્થાઓ પણ અનંતાનંત હોય છે. જગતમાં જે જે પદાર્થો જોવામાં આવે છે. તે તે પદાર્થો પરમાણુઓના સંગમથી બનેલા હોય છે. તે તે પદાર્થો–ચીજો ભાંગી જવાથી પરમાણુઓ છૂટા પડે છે. વળી પરમાણુઓ એકઠા થવાથી તે જડ વસ્તુઓ બને છે. એટલે સંયોગ પામવો એટલે જોડાવું, અને છૂટા થવું એટલે વિયોગ થવો. આ બે સ્વભાવ કહેતાગુણ પરમાણુઓમાં હોય છે. એ સ્વભાવનું નામ સંયોગ ને વિયોગ.

આ પરમાણુઓની સોળ વર્ગણા બનેલી છે. તેમાંથી આઠ વર્ગણાઓનો ઉપયોગ જીવ કરી શકતો નથી, અને બાકીની આઠ વર્ગણાઓનો ઉપયોગ જીવ કરી શકે છે.

(૧) ઔદારિક વર્ગણા (૨) વૈક્રિય વર્ગણા (૩) આહારક વર્ગણા (૪) તૈજસ વર્ગણા (૫) ભાષાવર્ગણા (૬) શ્વાસોશ્વાસ વર્ગણા (૭) મનોવર્ગણા અને (૮) મી કાર્મણ વર્ગણા આ આઠ વર્ગણાઓ આત્માને ગ્રહણ યોગ્ય છે. ઉપરની ગ્રહણ ને યોગ્ય આઠે વર્ગણાઓમાં બારીકમાં બારીક સુક્ષ્મમાં સુક્ષ્મ વર્ગણા તે આઠમી કાર્મણ વર્ગણા છે. અને તેમાં વધારેમાં વધારે પરમાણુઓ પણ કાર્મણ વર્ગણાઓમાં રહેલા છે.

અહીંયાં સમજવાની વસ્તુએ છે કે જેમ જેમ સ્કંધમાં એટલે જથ્થામાં પરમાણુઓ વધારે વધારે તેમ તેમ તેનો પરિ-

ણામ સુક્ષ્મ સુક્ષ્મ થાય છે. એટલે કે પરમાણુઓ ઘણાજ હોવા છતાં તેનું સ્વરૂપ બહુજ નાનુ સુક્ષ્મ થાય છે. દૃષ્ટાંત તરીકે જેમ એક મણ રૂનો મોટો ગાંસડો બાંધવો પડે છે. પણ જો એક મણ સોનુ હોય તો તે લગભગ પોણા ઘન ફીટ જેટલી જગ્યા રોકે, વજન બંનેનું સરખુ હોવા છતાં બંનેનો પરિણામ એટલે રચના બંધારણ જુદા છે.

પરંતુ જો મણ રૂના મોટા પોટલા જેટલું સોનુ હોયતો કેટલા મણ થાય ? તેમાં રૂ કરતા કેટલા બધા પરમાણુઓ હોય! કહેવાનું એજ કે સોનાનો પરિણામ સુક્ષ્મ છે, અને રૂનો પરિણામ સ્થુલ છે. આ દૃષ્ટાંત બરોબર સમજવાનું છે. એ પ્રમાણે ઉપર કહી ગયા તે આઠ વર્ગણાઓમાં પહેલા કરતા બીજી, બીજી કરતા ત્રીજી, ત્રીજી કરતા ચોથી એમ ચડતે ચડતે દરેકમાં પરમાણુઓ વધારે વધારે છતાં દરેકનો પરિણામ સુક્ષ્મ સુક્ષ્મ છે, એટલે કે છેવટની આઠમી કાર્મણ વર્ગણા સૌથી વિશેષ સુક્ષ્મ છે. અને ચૌદ રાજલોકમાં એટલે લોકાકાશમાં ભરપુર છે.

જેમ માટીના આટાના,લાકડાના લોદાનાં વિગેરે ધાતુઓના અને શરીરના પુદ્ગલો છે. તેમ કર્મના પણ પુદ્ગલો છે. જેના સ્કંધો બહુજ બારીકમાં બારીક છે. હવે શરીરના પુદ્ગલો આંખ નાક-કાન-મુખ વિગેરે રૂપે ભેગા થાય ત્યારે તેનું શરીર બને એને ઔદારિક વર્ગણાના પુદ્ગલો કહેવામાં આવે છે. એનાથી

ઔદારિક શરીર બને, દેવોનું શરીર વૈક્રિય છે. માટે ત્યાં વૈક્રિય વર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે.

તેમજ આહારક શરીરને યોગ્ય ચૌદપૂર્વી મહાપુરૂષો આહારક શરીરની રચના વખતે આહારક વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. તૈજસ વર્ગણાના પુદ્ગલો જીવ ગ્રહણ કરે છે, તેવીજ રીતે ભાષા વર્ગણાના તથા શ્વાસોશ્વાસ વર્ગણાના તથા મનોવર્ગણાના પુદ્ગલો બોલવામાં તથા વિચાર કરવામાં જીવ ગ્રહણ કરે છે.અને છોડે છે. તેમજ આત્મા પોતાના અધ્યવસાયના જોર પ્રમાણે કાર્મણ વર્ગણાઓ ગ્રહણ કરે છે. આ આઠમી કાર્મણ વર્ગણા સૌથી વિશેષ સૂક્ષ્મ છે. તેમાં પરમાણુઓની સંખ્યા વધારે છે. છતાં તેનો પરિણામ સુક્ષ્મ છે. આપણે જ્યાં જોઈએ ત્યાં દરેક ઠેકાણે બધી વર્ગણાઓ હોય છે, એટલે કે આપણે બેઠા છીએ ત્યાં પણ કાર્મણ વર્ગણા છે. બીજે પણ છે. એટલે કે જ્યાં કહો ત્યાં દરેક સ્થળે કાર્મણ વર્ગણાઓ છે.

કાર્મણ વર્ગણાના પરમાણુઓ એવા બારીક છે કે આપણે જોઈ શકીએ નહીં. પણ જેને અવધિ જ્ઞાનાદિ અને અવધિ દર્શનાદિ હોય તેઓ જાણી શકે અને જોઈ શકે. બાકી આજના વૈજ્ઞાનિક શોધના યંત્રોથી પણ દેખી શકાય નહીં, એટલા સુક્ષ્મમાં સુક્ષ્મ હોય છે. કાર્મણ વર્ગણા ચૌદરાજ લોકમાં ભરેલી છે.

આત્મ પ્રદેશોના આંદોલનના પ્રયોગથી કાર્મણ વર્ગણા આત્મ પ્રદેશ સાથે મળે છે. જે સમયે કાર્મણ વર્ગણાઓ મળી

તે સમયથી તે કાર્મણ વર્ગણાનું નામ કર્મ કહેવાય છે. જ્યાં સુધી કાર્મણ વર્ગણા આત્મ પ્રદેશ સાથે મળી ન હતી. ત્યાં સુધી તેનું નામ કાર્મણ વર્ગણા હતું. અને જે ક્ષણે તે આત્મા સાથે મળી તે સમયથી તેનું નામ કર્મ કહેવાયું.

આત્માના અધ્યવસાયના યોગના બળે કાર્મણ વર્ગણાઓ ખેંચાય છે, એની મેળે કાર્મણ વર્ગણાઓ કોઈ આત્માને વળગતી નથી. પણ આત્મા પોતેજ અધ્યવસાયના યોગના બળે કાર્મણ વર્ગણાને ખેંચે છે. અને પોતાની સાથે મેળવી દે છે. એનું નામ કર્મ છે. તે બરોબર ધ્યાનમાં રાખવાનું છે. તે કર્મો અત્યંત સુક્ષ્મ હોવાથી આપણે જોઈ શકતા નથી દાખલા તરીકે સિદ્ધ કરેલો એક તોલો પારો સો તોલા સોનાને ખાઈ જાય છે, એટલે કે પોતાનામાં સમાવી દે છે. વજન પણ વધતું નથી. છતાંય એ એક તોલા પારામાં સો એ સો તોલા સોનું છે જરૂર, કેમકે પ્રયોગથી પાછુ સો એ સો તોલા સોનું કાઢીને મેળવી શકાય છે.

પારો તો રૂપી છે એમાં રૂપી સો તોલા સોનું સમાય તો અરૂપી આત્મામાં અતિસુક્ષ્મ કર્મ પરમાણુઓ કેમ ન સમાય ?

વળી જેમ એક તોલા પારામાં સો તોલા સોનું ન દેખાય તેમજ આત્મામાં વળગેલા અનંત કર્મો ન દેખાય. તેમાં નવાઈ શી ?

કર્મો બીજી ચીજોને નહી વળગતા આત્માને જ વળગે છે.

તેનું કારણ કે તેનો તેવોજ સ્વભાવ છે. કપડાને, મકાનને, શરીરને, એવી અનેક અનેક જગતમાં રહેલ જડ વસ્તુઓને નહીં વળગતા ફક્ત આત્માનેજ કેમ વળગે છે? એનો જવાબ એકજ છે કે કર્મ પુદ્ગલોનો એવો સ્વભાવ છે. તે વાત દૃષ્ટાંતથી સમજાય છે. જેમ લોહ ચૂંબક કપડાને ન ખેંચે. શરીરને ન ખેચે. પણ લોખંડને જ ખેંચે છે. શરીરના કોઈ ભાગમાં સોય પેસી ગઈ હોય, તો ચામડી ઉપર લોહ ચૂંબક ફેરવો તો અંદરની સોય ખેંચાઈને ફર્યા કરશે. અને લોહ ચૂંબકથી ખેંચાઈ આવશે. જેથી બહાર કાઢી શકાય છે. હાથ હોય કે પગ હોય, સોયજ બહાર આવશે, ચામડીના અંદરના માંસ ચરબી ખેંચાઇને બહાર નહી આવે. કારણ કે એવો સ્વભાવ છે. વસ્તુના સ્વભાવના વિષયમાં તર્ક ન હોય, લીંબડામાં કડવાસ, સાકરમાં મીઠાસ, મરચામાં તીખાસ, આંબલીમાં ખટાશ, લૂણમાં ખારાશપણાનો સ્વભાવ સ્વાભાવિક જ છે. તે તે વસ્તુઓના સ્વભાવના વિષયમાં તર્ક કરવાનો હોય નહીં. તેમ કર્મપુદ્ગલોનો પણ આત્માની સાથે ચોટવાનો સ્વભાવ છે, એમ સમજી રાખવાનું છે.

અત્રે પ્રશ્ન થાય કે અરૂપી આત્માને રૂપી કર્મનો સંબંધ કેવી રીતે થાય? ઉત્તરમાં આત્મા જોકે તેના અસલી સ્વરૂપે સર્વથા અરૂપી છે. પણ સંસારી (કર્મબદ્ધ) આત્મા કથંચિત્ અરૂપી (રૂપારૂપી) છે. પણ સર્વથા માટે નહિ. કથંચિત્ રૂપી આત્માને રૂપી કર્મનો સંબંધ માનવામાં વાંધો આવતો નથી.

પ્રશ્ન–સજાતીયને સજાતીય ખેંચેજ ને ?

ઉત્તર–ના. લોહચૂંબક અને લોખંડ સજાતીય નથી. બંને જુદી જુદી વિજાતીય વસ્તુ છે. લોહ ચૂંબકના તો પહાડો હોય છે. અને તે પત્થરની જાત છે. જ્યારે લોખંડ ધાતુ છે. ખાણમાંથી નીકળે છે. સજાતીય સજાતીયને પકડે ખેંચે એવો નિયમ નથી. લોખંડ લોખંડને કયાં ખેંચે છે. પરમાણુઓમાં પણ એજ મુજબ સમજવું.

લુખ્ખો અને ચીકણો પરમાણુ ચોંટી શકે છે. બે લુખ્ખા પરમાણું કે બે ચીકણા પરમાણું ન ચોંટે. લોખંડ ઉપર કાટ હોયતો એ કાટને લોહચૂંબક ન ખેંચે પણ લોખંડનેજ ખેંચે. કારણ એજ કે એવા પ્રકારનો સ્વભાવ. તેવીજ રીતે આત્માનેજ કર્મ અણુઓ વળગે છે. કારણ કે એવો સ્વભાવ.

અનાદિકાળથી પદાર્થ સ્વભાવ સહજ રીતેજ એવો છે કે આત્મ પદાર્થમાં અનંત સ્વભાવો શક્તિઓ ગુણો વિગેરે છે. તે સ્વભાવોમાં એક એવો પણ સ્વભાવ છે કે જે જડ પદાર્થ સાથે સંયોગ સબંધ રાખી શકે. તેવીજ રીતે જડ પરમાણુઓમાં પણ કેટલાક સ્વભાવો છે. તેમાંનો એક સ્વભાવ એવો પણ છે કે જે આત્મા સાથે ચોંટી શકે.

જો આત્માને કર્મલાગે એવોજ કર્મનો સ્વભાવ હોય તો તર્ક થશે કે સિદ્ધના આત્માને કર્મ કેમ લાગતા નથી ? પણ બારીકાઈથી વિચારતાં સમજાશે કે સિદ્ધનો આત્મા શુદ્ધ છે.

કર્મ અશુદ્ધ આત્માને લાગે છે. સિદ્ધો કર્મરહિત બનેલા છે. પછી એમને કર્મ લાગવાનો પ્રશ્ન નથી. સિદ્ધાત્માને શરીર નથી. મન વચનને કાયાનો વ્યાપાર નથી. તદ્દન શુદ્ધ છે. માટે કર્મને ગ્રહણ કરવાપણું નથી. એટલે કર્મ લાગે શી રીતે? પ્રથમ કહેવાઈ ગયું છે કે આત્મા કર્મને ગ્રહણ કરે છે. કર્મ પોતાની મેળે ઉડીને લાગતા નથી, ચોંટતા નથી.

સંસારમાં રહેલા આત્માને મન વચન કાયાની ક્રિયા છે. માટે કર્મ ગ્રહણ કરે છે, કર્મ લાગે છે. એજ કારણે એક અપેક્ષાએ કર્મ સહિત આત્માને કથંચિત્ રૂપી કહ્યો છે. કોઈકાળે કર્મથી આ આત્મા મુક્ત હતો અને પછી કર્મ વળગ્યા એમ નથી. અનાદીકાળથી આત્મા કર્મ સહિત છે. તેથી અશુદ્ધ છે. અશુદ્ધનેજ કર્મ લાગે છે. કર્મ એ રૂપી છે.અને આત્મા અરૂપી છે, છતાં અનાદીકાળથી આત્મા કર્મસહિત છે. માટેજ આત્માને કથંચિત્ રૂપી કહ્યો છે.

સાર એ છે કે કર્મ સહિત આત્મા સક્રિય હોય છે. અને કર્મ રહિત આત્મા અક્રિય હોય છે. સિદ્ધનો આત્મા કર્મ રહિત હોવાથી તદ્દન શુદ્ધ છે, માટે અક્રિય છે. અશરીરી છે, તેથી કર્મ લાગતા નથી. સંસારી સક્રિય આત્માનેજ કર્મ લાગે છે. ફોટોગ્રાફ પાડવાના દૃષ્ટાંતથી જાણી શકાય છે કે સફેદ કાચની તકતી ઉપર છબી પડી શકતી નથી. તેમ કર્મ રહિત શુદ્ધ થયેલા આત્માને કર્મ લાગતા નથી. શ્યામ કરેલી પ્લેટ (કાચની

તકતી) ઉપર છબી પડે છે તેમ કર્મથી આવરણ પામેલા અર્થાત્ શ્યામ આત્મા ઉપર કર્મની આકૃત્તિ પડે છે. એટલે કે કર્મનું આવરણ થાય છે. જેમ કાચની તકતી ઉપર આભા લીંબાબાદ અમૂક જાતની દવા લગાડવામાં આવે છે. તે દવા જે પ્રમાણમાં લાગી હોય તે પ્રમાણમાં સારી યા નરસી છબી પડે છે. તેમ કર્મ બાંધતા જે પ્રમાણમાં રસ બંધ થાય. તે પ્રમાણમાં હલકુ યા ભારે કર્મ બંધાય છે.

જેમ તકતી ઉપરથી કાગળ પર આભા આવી જાય છે. તેમ ઉદીરણા વડે કર્મ ઉદય આવે છે.

કોઈપણ શહેરની અથવા મોટા મકાનની આકૃતિ ફોકસ (કેમેરાની અંદરનો ઝીણો કાચ એટલે કે જે દ્વારે છબી ઉતરે છે) તે દ્વારાએ નાના સ્વરૂપમાં પડે છે, તેમ આત્મા જે કર્મનો બંધ કરે છે. તેનો સમૂહ સત્તારૂપે બહુજ સુક્ષ્મ સ્વરૂપમાં રહે છે. કર્મનું સુક્ષ્મપણું જાણવા માટે આ દષ્ટાંતો ઉપયોગી છે. બીજું એ પણ સમજવાનું કે આત્મા અરૂપી છે અને કર્મરૂપી અને જડ છે. તે રૂપી વસ્તુ અરૂપી આત્માને અસર કરે છે.

જેમકે અરૂપી એવા જ્ઞાનને રૂપી એવી બ્રાહ્મી ઔષધીના સેવનથી જ્ઞાન વૃદ્ધિ પામે છે. મગજ સુધરે છે. અને મદિરા-પાનથી જ્ઞાન અવળાઈ જાય છે. વકીલ, બારીસ્ટર કે જજ, માજી-સ્ટ્રેટ કે વડો પ્રધાન દારૂ પીએ તો તેઓની બુદ્ધિ બગડી જાય છે. બેભાન બની જાય છે. અને ગાંડાના જેવો તે વખતે જણાય છે.

વળી રૂપી એવા જડ શબ્દ વર્ગણાના પુદ્ગલોની અસર પણ અરૂપી એવા આત્માને કરે છે, જેમકે કોઈ અપશબ્દવાળી ગાળ બોલે તો આત્માને ગુસ્સો ઉત્પન્ન કરાવે છે. અને મધુર વચનોથી બોલાવે તો આત્મા ખુશ ખુશ થાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જડ કર્મો પણ આત્મા ઉપર અસર કરી શકે છે. જેમ દારૂ વિગેરે પીધા પછી એનો નશો અમુક સમય બાદ ચઢે ત્યારે ચેતનને જડ જેવો બનાવે છે. માનવીના શાન-ભાન ભુલાવી દે છે. તેમ કર્મના પુદ્ગલોનો હલ્લો પણ આત્માને ઉદય કાળે તેવી અસર કરે છે. સારી અને નરસી બંને પ્રકારની ફેરફારી થઈ જાય છે. ધનવાન ક્ષણમાં ભીખારી બને છે. અને ભીખારી લક્ષાધિપતિ બની જાય છે. શેઠને નોકરી કરવી પડે અને નોકર શેઠ બની જાય છે. વ્યાપાર કરવા જાય ત્યાં નફાને માટે ધંધો કરે પણ ખોટ આવે, કર્મની ચોટ એને અવળુજ કરાવે. તેજીનો ધંધો કરે, ત્યાં મોટી મંદી આવે અને મંદીમાં પડે ત્યાં તેજી થાય. સારા સારા માણસો કહે તોય એ કોઇનું ન માને, અને ઉંધુજ કરે જાય.

ખુશ મીજાજમાં સુતા હોય અને ઉઠતાં કંઈક જુદુજ સાંભળવા મળે. તે સાંભળીને મનમાં રડે, બબડે, હાય, પાયમાલ થઈ ગયા. અરે સત્યાનાશ વળી ગયું. આવું આવું કંઈ કંઈ બોલી રંક બની બેસે છે. આ પૂર્વે બાંધેલ પાપ કર્મની જોરદાર અસરનું પરિણામ છે. માટે કહ્યું છે કે **रूष्टोऽपि दैवोकिं कस्य चपेटां दातुमुद्यतः किंतु तां दुर्मतिं दत्ते, यया रूलति**

રંકવત્ રૂષ્ટ થયેલો દૈવ એટલે અશુભકર્મો કોઈને શું તમાચો મારે છે ? ના. તમાચો નથી મારતા. પણ એવી દુર્બુદ્ધિ આપે છે કે જેનાથી થોડાજ વખતમાં ભીખારીની જેમ ભટકતો થઈ જાય. એવા કર્મના ઉદયથી પળવારમાં અબજાધિપતિ ભિખારી બને છે. રાજકુંવર રંક થઈ જાય છે. એકજ માતાના પેટે જન્મેલ ભાઈઓ લાખ્ખોની મીલ્કત માટે લડે છે. ઝગડે છે. કોર્ટોમાં બની કોર્ટે જાય, સટ્ટો કરે અને પાયમાલ થાય. બુદ્ધિ બહેર મારી જાય, અને આબરૂ વિગેરે ખાતર ઝેર પણ પીયે. કર્મ શું ન કરે ? શું ન કરાવે ? સારા સંયોગોમાં પણ માઠી અસર થાય. ધર્મ અને ગુરૂનો દ્રોહ કરે. પ્રત્યેક કર્મની અસર પ્રત્યક્ષ દેખાય છે.

મુંજ જેવા રાજાને ચપણીયું લઈ ભીખ માંગવી પડી અને સનત્કુમાર જેવા ચક્રવર્તીને સાતસો ભયંકર રોગો વેઠવા પડ્યા એ તાકાત છે જડ કર્મોની કર્મના નશાની. કર્મ ભલે જડ છે પણ જડની તાકાત ઓછી નથી. જડની શક્તિ કમ નથી. કર્મ પુદ્ગલો ભલે જડ છે. ખૂબ બારીક છે. માટે અનંત પરમાણુઓના સ્કંધ હોવા છતાં સૂક્ષ્મ પરિણામને લઈને આપણી આંખોથી દેખી શકાતા નથી. પણ ચેતનને નચાવવાની એની તાકાત જબ્બર છે. રાજાને રંક બનાવે, દેવો અને ઈન્દ્રોને પણ નચાવે, એ તાકાત કર્મની છે.

આવા કર્મનું સ્વરૂપ હજી પણ ઘણુ જાણવા જેવું છે.

એકલી છત્રકુંવરની વાર્તા વાંચી જઈએ, પણ કર્મના મર્મને સમજવાની પરવા ન કરીએ તો ધ્યેય વિનાની દોડ જેવું જ થાય. કર્મનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ છે અને તે જાણ્યા વિનાનું જીવન પશુ સમાન કહી શકાય. પશુઓ પોતાનું આત્મસ્વરૂપ જાણી શકતા નથી, કર્મસ્વરૂપ પણ જાણી શકતા નથી.

તેમ આપણે પણ સ્વસ્વરૂપનું ભાન ન કરી એ કર્મ-ધર્મ વિગેરે ન સમજીએ તો પશુના જેવું જીવન કહી શકાય. માનવ જેવા માનવ થઇને પણ આખી જીંદગી વ્યાપાર વ્યવહારમાં રચ્યા પચ્યા રહી અજ્ઞાનપણામાં ગુમાવવી તે સજ્જનોને પાલવે તેમ નથી. જેથી આપણે છત્રકુંવર અને ભાણકુંવરનું દૃષ્ટાંત આગળ વાંચીયે અને સાર ગ્રહણ કરતા રહીએ.

કર્મની ગતિ વિચિત્ર છે તે આપણે વિચારી રહ્યા છીએ કે પલવારમાં ઉંચસ્થાનથી નીચા સ્થાને જવા જેવી બુદ્ધિ સુઝાડે છે. અને વિચિત્ર કાર્ય કરાવે છે.

છત્રકુંવર રાજકુમાર હોવાથી રાજવંશી પોશાકમાં સુખ સાગરમાં આનંદ કરી રહ્યો છે. ત્યારે ભાણીયાની ભીખારી જેવી દશા હોવાથી ચીથરેહાલ દશામાં બજારમાં ગલીઓમાં ભમી ભમીને જીવન ગુજરે છે.

આવી દશામાં પણ તેનામાં કેટલાક માર્ગાનુસારીના ગુણો ખીલી રહ્યા છે. કુદરતે સમજી શકયો છે કે અન્યાયથી કોઈનું

કંઈ લેવું નહીં. હિંસા કરાય નહીં જૂઠું બોલવું નહીં. ચોરી કરાય નહી. કુદૃષ્ટિ કરાય નહી. મમત્વબુદ્ધિ કરવી નહી. આવી આવી સમજણ વગર ઉપદેશે તેને મળેલ છે.

પંચૈતાનિ પવિત્રાણિ, સર્વેષાં ધર્મચારિણામ્।
અહિંસા સત્ય મસ્તેયં, ત્યાગો મૈથુન વર્જનમ્ ॥

ભાવાર્થ—અહિંસા સત્ય અસ્તેય (ચોરી ન કરવી) બ્રહ્મચર્ય (સ્ત્રી સંગનો ત્યાગ) અને પરિગ્રહ એ પાંચ મહાનિયમોને તો સર્વ ધર્મવાળા એક સરખી રીતે પવિત્ર જ માને છે.

પરોપદેશે પાંડિત્યં, સર્વેષાં સુકરં નૃણામ્।
ધર્મે સ્વીય મનુષ્ઠાનં, કસ્યચિત્સુમહાત્મનઃ ॥

ભાવાર્થ—બીજાને ઉપદેશ આપવામાં પોતાની પંડિતાઈ વાપરવી. એતો બધા માણસોને સુલભ જ છે. પરંતુ પોતે તે પ્રમાણે ધર્માચરણ કરવું એ તો કોઈ મહાત્માથી જ બની શકતું હશે.

આ ઉપરથી સમજી શકાય છે કે ભાણજી પુન્યશાળી તો જરૂર છે. તેનો અમુક પ્રકારનો પુન્યોદય થતાં એક વખત ભવ્ય જિનાલયમાં શ્રી આદિનાથ પ્રભુજીની ભવ્ય મનોહર મોટી પ્રતિમાના દર્શન થયા. મહોટી પ્રતિમાજી હોવાથી બહાર રહ્યા છતાં સારી રીતે જોઈ શકાતી હતી. તે જોઈને તેના હૃદયમાં ભાવોલ્લાસ ખૂબ થયો. વારંવાર નમન કરે છે. આવી પ્રતિ-

માજી તેની જીંદગીમાં પણ જોવા મળી નહોતી. જાણે સાક્ષાત્ પ્રભુજીને જ જોયા. એવા ભાવથી ખૂબ રાજી રાજી થયો. ધર્મ કર્મનું સ્વરૂપ કશું જાણતો નથી. હૃદયમાં કોઈ પૌદ્ગલીક વસ્તુ મેળવવાની ભાવના પણ નથી. આ મહાન્ આત્માની મૂર્તિ છે.

તેમના દર્શનથી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. મારૂં ભાગ્ય જાગ્યું હોવાથી જ આવા પ્રભુજીના દર્શન થયા. તે સમયમાં પુન્યનો બંધ પણ એવો જ કોઇ થયો કે તેજ ભવમાં ફળ આપનારો થાય. જીવોએ કરેલ કૃત્યો પ્રમાણે કર્મનો બંધ થાય છે, અને તે કર્મોના બંધન મુજબ જીવનનું ઘડતર થાય છે. પ્રભુના દર્શન થયાની વાતને વારંવાર યાદ કરે છે,આત્માને સમયે સમયે સાત અથવા આઠ કર્મોનો બંધ અને આઠનો ઉદય એટલે ભોગ અને આઠે કર્મની નિર્જરા આ બધુ આત્માને દરેક સમયે થાય છે.

આત્માને સમયે સમયે જ્ઞાનાવરણીય કર્મથી અજ્ઞાનપણું, દર્શનાવરણીય કર્મથી અદર્શન. વેદનીય કર્મથી સુખ અથવા દુઃખની વેદના. મોહનીયકર્મથી મમત્વભાવ, આયુષ્ય કર્મથી જીવન, નામ કર્મથી શરીરાદિ વસ્તુ ગોત્રકર્મથી ઉચ્ચ અથવા નીચકુળ, અંતરાય કર્મથી દાન-લાભ વિગેરેમાં અંતરાય. આ બધુ હંમેશાં ચાલુ જ છે, એક સાથે બધુ ભોગવાય છે કારણ કે આઠે કર્મોનો ઉદય ચાલુ છે, આ કર્મોનો અબાધાકાળ પુરો થાય

ત્યારે તે તે કર્મ ઉદયમાં આવે અને ફળ આપે.

આત્માએ કર્મબંધ વખતે જે સ્થિતિ બાંધી તે સ્થિતિવાળુ કર્મ તરત ઉદયમાં ન આવે, પણ તેનો અવસર આવે ત્યારે ઉદયમાં આવે, અને ફળ આપે, અવસર ન આવે ત્યાં સુધી તે તે કર્મ સત્તામાં પડયું રહે, એટલે કે ને કર્મ આત્માને ચોંટીને રહે. જ્યાં સુધી તે ફળ ન આપે તે કાળને અબાધાકાળ કહેવાય છે. જેમ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડ સાગરોપમની છે. તો તેનો અબાધાકાળ સાત હજાર વર્ષનો હોય છે. ત્યાંસુધી એ કર્મ ઉદયમાં આવી શકે નહી. તેમ જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તો ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધેલું તે કર્મ ત્રણ હજાર વર્ષ સુધી ઉદયમાં ન આવી શકે. એમ કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ–મધ્યમ અને જઘન્ય પણ હોય છે. જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની.અને ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની અને તે સિવાયની વચલી મધ્યમ સ્થિતિ કહેવાય છે. જુદા જુદા કર્મની સ્થિતિ જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદે જુદીજુદી હોય છે.તેમ તે સ્થિતિ મુજબ તેનો અબાધાકાળ પણ જુદો જુદો હોય છે. અંતર્મુહૂર્તનો પણ અબાધાકાળ હોય છે માટે તો કહ્યું છે કે અત્યુગ્રપુણ્ય પાપાનાં ફલમત્રાપિ દૃશ્યતે.એટલે કે અતિ ઉગ્રપુન્ય પાપાનું ફળ અહીંયાં પણ દેખાય છે.

તે જ રીતે ભાણીયાને પણ પ્રભુના દર્શન સમયે એવોજ

કોઈ શુભ ભાવ પ્રસંગે મધ્યમ સ્થિતિ કર્મબંધ થયેલ હોય. જેથી અબાધકાળ જલદી આવી જવા પામે. અને તેજ ભવમાં શુભ ફળ આપનાર થાય. એ બનવા જોગ છે. વળી એક વખત ભાણીયાએ પૌષધશાળાના પાઠશાળા હોલમાં વિદ્યાર્થીઓને ભણતા જોયા. શિક્ષક પંડિતજી વિદ્યાર્થીઓને મોટા સ્વરથી નવકારમંત્ર ભણાવે છે. અને વિદ્યાર્થીઓ પણ એક પછી એક મોઢેથી નવકારમંત્ર બોલી બતાવે છે. તે સાંભળવા ભાણજી પણ ઉભો રહ્યો. અને સાંભળવામાત્રથી તેને કંઠે થઈ ગયો. પંડિતજી સાથે સાથે સામાન્ય અર્થ પણ કહી બતાવે છે કે નમસ્કાર શા માટે ? સર્વ પાપના નાશ માટે, આ નવકારમંત્ર કર્મનાં સમૂહને કાપનાર છે. બધા માંગલીકમાં તે પ્રથમ માંગલીક છે.

મહાનુભાવો : નવકાર મંત્રમાં સમાવેશ ન થતો હોય એવી એક પણ બાબત આ સંસારમાં નથી. પંચપરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ જાણ્યું તો જગતમાં બીજી કોઈ પણ બાબત જાણવાની રહી જતી નથી. એ મહામંત્રની સ્તુતિ મહાન્ આચાર્યો પણ કરતા આવ્યા છે. સકલ શાસ્ત્રનું રહસ્ય કહો કે ચૌદપૂર્વનો સાર કહો તો પણ આ નવકાર જ છે.

નમઃ—નમો એટલે હું નમું છું. મારા નમસ્કાર હો. નમવું એટલે ફક્ત મસ્તક ઝુકાવવું કે બે હાથ જોડવા એટલું જ નહિ. પરંતુ માથુ અને હાથની સાથો સાથ મન. મનમાના વિચારો અને અંતઃકરણ પણ નમાવવું જોઈએ.

મન અને હૃદયના સમર્પણ વિનાનો નમસ્કાર અધૂરોજ રહે છે. તે નમસ્કાર જેને પહોંચાડવાનો હોય છે તે તેને પૂરે પૂરો પહોંચતો નથી.

કુવામાં ઉતારેલ ધડો કે ડોલ જ્યાં સુધી પોતાનું મસ્તક ઝુકાવીને કુવાના પાણીને નમસ્કાર કરતા નથી ત્યાં સુધી તેને તેમાંથી એક ખોબા જેટલું પણ પાણી મલતું નથી. આપણાથી ગુણમાં જેઓ ચઢીયાતા હોય તેમને આપણે નમવું જ જોઇએ. નમો શબ્દમાં પણ એ જ ભાવરહેલ છે.

ભાણાભાઇએ આ બધુ ઓટલે બેસીને સાંભળ્યું અને તેને અપૂર્વ આનંદ થયો. તે નવકારમંત્રની પ્રાપ્તિ પણ તેને અચાનક થવાથી કોઈ અપૂર્વ વસ્તુ પુન્યથી મળી છે એમ પોતાના દિલમાં સમજે છે. અને હરખાય છે. મારા પાપનો નાશ થાઓ. એમ મનમાં વિચારી યાદ કર્યા કરે છે. પોતાની જે સ્થિતિ છે તે સ્થિતિમાં પણ સંતોષ રાખ્યા કરે છે. અન્યાયનું ન લેવાય તેજ સારૂં છે. આવા તેના દઢ વિચારો છે. દરિદ્રપણામાં પણ અન્યાયનું લેવું નહી. તે વાત વિચારમાં તો છે જ પણ સાથે સાથે વર્તનમાં પણ છે. એજ એની વિશેષતા છે. એજ માનવતા છે. પોતે નિર્ધન હોવા છતાં પણ દિલના ભાવ–જીવન ઉંચા છે, નિશાળે ભણવા બેઠો નથી. ભણ્યો પણ નથી. પણ બુદ્ધિશાળી છે.

વાત પણ ખરી છે કે અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થવી તે પુન્ય વિના મળે નહીં જ. કહ્યું છે કે :

સુગ્રામ સુદાન સુમાન સુભ્રાતા,
સુતાત સુકુળ સુપુત્ર સુમાતા,
સુનારી સુરૂપ સુશિક્ષણ દાતા,
સુદેવ સુધર્મ સુયશ વિખ્યાતા.
સુગુરૂ સુમિત્ર સુસ્નેહી સદાના,
સુદેશ સુબલ સુધાન્ય ખજાના,
સુવિદ્યા સુકાવ્ય સુસંગ સુબાતા,
પુન્યે લલિત મળે સુખ શાતા.

ઉપરોક્ત કહેલ બાબતો પુન્યાઈથી જ મલે છે.

રાજપુત્ર છત્રકુંવર અને ભાણીયો બંને પોતપોતાની સ્થિતિમાં સુખ દુઃખ ભોગવતા અઢાર વર્ષની ઉંમરના થયા છે. રાજકુંવર તો ચાર ઘોડાની બગીમાં બેસીને હમેશા માઈલ દૂર બગીચામાં ફરવા જાય છે. ત્યાં જઈને આરામ ખુરશી ઉપર બેસતાંજ નોકરો પગ દબાવે છે. ખૂબી તો એજ છે કે પગે ચાલ્યો નથી શ્રમ કર્યો નથી. છતાં જાણે પૂર્વભવમાં ઘણું કરેલ છે તેનો જાણે થાક ઉતારતો હોયને શું ? તેમ નોકરો પાસે પગ દબાવે છે. સેવા કરાવે છે. ઘણાં સુખીજીવો મોટર ગાડીમાં ફરવા છતાં જાણે થાકી ગયા હોય તેમ સેવકો પાસે સેવા કરાવે છે તે વિના ચેન પડતું નથી. આ એક જાતનું સુખ શીલીયાપણું જ છે. પુન્યાઈથી બધુ મળી રહે છે. પણ પુન્યાઈ ચાલી ગયા પછી તે દુઃખદાયી બને છે. અને આર્તધ્યાન થઈ જાય છે. કોઈ કોઈ સાધુ

મુનિરાજોને પણ વગર વિહારે. માંદગી વિનાપણ પગચંપી કરાવવાની શરીર દબાવવાની. પંપાળવાની ટેવ પડી ગયેલી હોય છે. ભક્તિ કરનાર થાકીને બંધ થાય ત્યાં સુધી ના હા કહેજ નહીં. જે દિવસે ભક્તિ સેવા કરનાર કોઈ આવ્યો ન હોય ત્યારે મુંઝાય છે. પીડાય છે. પોતાના હાથે પગ ઉપર મુઠીઓ મારે છે. તોપણ દબાવવાની ચળ–મીઠાશ ભાંગતી નથી. અને પગ પછાડે છે. આવી કફોડી સ્થિતિ અનુભવે છે. આ સિવાય ચા ભુંસું વાપરવાની ટેવના કારણે ઘણી વખત આધાકર્મી દોષના ભાગીદાર થવું પડે છે. આવી બધી ટેવોને કુટેવો કહી શકાય. એનાથી બચાય તેટલું બચવા પ્રયત્ન કરવો તે સાધુતાનું લક્ષણ છે. શિષ્યોપ્રશિષ્યોને અથવા ભક્તજનને વૈયાવચ્ચ ન કરવા દેવી એમ કહેવાનો આશય નથી. પણ પોતાનું શિથિલપણું ન થવા પામે તેની પણ કાળજી રખાય જેથી સ્વપર બંનેનું હિત સચવાય ધર્મજીવન આચારમાં નહી ઉતારનારને બીજા સુવિચારો આવતા નથી. હવે રાજકુંવર બગીચામાં ગયેલ છે. બગીચામાં આનંદના માટે બંગલો પણ લાખોના ખર્ચે બનાવેલ છે. અને બધી જાતની સગવડ રાખેલ છે. આજુબાજુનું વાતાવરણ પણ સ્વચ્છ શાંતિદાયક. મનને હર્ષ ઉપજાવે તેવું છે. અનેક જોવા લાયક દશ્યો બંગલામાં છે. વિશાલહોલમાં જુદા જુદા દેશોની બનાવટ વસ્તુઓનું સંગ્રહસ્થાન પણ રાખેલ છે. ચારે બાજુ બગીચામાં પાણીના ફુવારાઓ ઉડતા હતા. વનસ્પતિઓ ખીલી ઉઠેલી અને

ભરાવદાર ફૂલફુલ પત્રોથી આંખને ઠંડક આપતી હતી. પુષ્પોની સુગંધથી વાતાવરણ સુગંધમય બન્યું હતું.

પક્ષીઓ પોતપોતાની ભાષામાં ગીતો ગાઈ રહ્યા હતા. બોલી રહ્યા હતા અને કલ્લોલ કરી રહ્યા હતા. બગીચામાંથી બહાર નીકળવાનું મનજ ન થાય. તેવા બાગમાં હરવા ફરવા આનંદ કરવા રાજકુંવર હંમેશાં આવતો. બંગલામાં નવા નવા ફરનીચર સિંહાસનો ગોઠવેલા છે. શરીર પ્રમાણના મોટા મોટા દર્પણો ગોઠવેલા છે. રંગ બે રંગી પચરંગી ગાલીચાઓ, તકીયાઓ, જજમો બીછાવેલ હોવાથી બંગલાની શોભા વધી રહી છે.

મુજો ! જ્યારે ભાગ્ય બીલવાનું થાય છે ત્યારે કુદરતી અનુકુળ સંજોગ પણ બનતા રહે છે. અને તે મુજબ રંક ભાણીયાને તેને ભાગ્ય વશે તે દિવસે ત્રણ આના ભીખમાં મલી ગયા છે. જેથી ઘણા દિવસના વાળ કપાવી હજામત કરાવી વધેલા નખો પણ ઉતરાવ્યા. પછી નદીએ જઈ શરીરનો મેલ ઉતારી સ્નાન કરી તડકામાં બેઠો. ભીખ માંગવાની પોતાની તાસક તથા પાણી પીવાનો લોટો માટીથી ઉટકીને સ્વચ્છ કર્યા. નિષ્પાપ જીવન હોવાથી ભદ્રીક પણ છે. તે દિવસે રહેજે રહેજે ફરતો ફરતો રાજકુંવરના બગીચા પાસે જઈ ચડયો. અને સડક ઉપર ઉભો રહી બગીચો જોયા કરે છે. તે વખતે દેહ પ્રમાણ મોટા દર્પણમાં રાજકુંવર પોતાનું સ્વરૂપ જોઈ રહ્યો છે. ભાણીયાએ પણ બંગલામાં રહેલ રાજકુંવરને જોયો. રાજકુંવરે

મૂલ્યવાન મખમલ જરીયનનો પોશાક પહેરેલ છે. તે જોઈને ભાણો બહુ હરખાય છે અને વિચારે છે કે અહો ! કેવો ચળકાટ કરતો ઝગારા મારતો સુંદર લીસો પોશાક પહેરેલ છે. આવા પોશાકને હાથેથી અડવાનું પણ ભાગ્ય મારે નથી. તો પછી પહેરવાની તો વાતજ કયાંથી ? એમ સહેજ વિચારમાં ચડી ગયો. ઈર્ષા નથી. પણ રાજકુંવરને જોઇને ખુશ થાય છે. રાજકુમાર છત્રકુંવર પોતાનો પોશાક, મુખ વગેરે અવયવો દર્પણમાં જોઈ રહ્યો છે.

તેવામાં તેની નજર સડક ઉપર ઉભો રહેલ ભીખારીના ભૂપ જેવા ભાણીયા ઉપર પડી, તેને જોઈ વિચાર થયો કે આ ભીખારી મારા જેવોજ દેખાય છે. ઉંચાઈ, વય, રૂપ, રંગ વિગેરે મારા જેવાજ છે. એમ વિચારી વળી દર્પણમાં પોતે જોવે છે, એટલે ખાત્રી થાય છે કે કપડા વિના બધુ સરખુજ છે. આ કારણથી રાજકુંવરના દિલમાં કૌતુક થયુ કે મારો કીંમતી વેષ છે ત્યારે આ ભીખારીનો વેશ ચીંથરે હાલ છે. બાકી બીજી બધી રીતે મારા જેવોજ છે. એટલે મારો વેશ તેને પહેરાવું, અને તેનો વેશ હું ધારણ કરું તો રાજકુંવરના વેશવાળા રંકને અને ભીખારી વેશવાળા મને રાજકુંવર તરીકે જાણી શકે કે કેમ ? તે કૌતુક જોવાની ઈચ્છા થઈ. પણ પરિણામ કેવું આવશે તે જાણવા લેશમાત્ર પણ વિચાર કર્યો નહી. (કૌતુક જગમાં અનેક છે જોવા જીવ લલચાય, પણ પરિણામ શું આવશે, ન કરે તેનો ખ્યાલ.) જ્યારે જીવનમાં કંઈક જુદુજ થવાનું હોય છે



રાજકુંવર બગીચાના બંગલામાં દર્પણમાં જોતા બીખારી ભાણીમાને
પોતાના જેવોજ જોઈ કૌતુક કરવાનું મન થયું.

ત્યારે પરિણામનો વિચાર પણ આવતો નથી. એ રીતે પરિણામની ચિંતા નહી કરતા કૌતુક જોવાનો નિશ્ચય કર્યો. કૌતુક જોવા જતા કેવી પરિસ્થિતિ ઉભી થશે. તેનો ખ્યાલ ન રાખતા બાગ દરવાજે ચોકી કરનાર સીપાઈને બોલાવ્યો. ગાહીવાળાને પણ બોલાવ્યો. અને માળીને પોતાની પાસે બોલાવ્યા. એટલે તેઓ તરતજ હાજર થઈ હાથ જોડી નમસ્કાર કરીને બોલ્યા કે સાહેબજી, શું હુકમ છે ? ફરમાવો. ત્યારે છત્રકુંવરે કહ્યું કે બગીચામાં તાજા સુગંધી પુષ્પો ખીલેલા છે. તેના હાર ગજરાઓ મારા માટે બનાવી લાવો. ચીઠીના ચાકર એવા તેઓએ કહ્યું કે બહુ સારું, આપે કહ્યું તે મુજબ કરશું. એમ કહી નમીને બગીચામાં ગયા.

મહાનુભાવો ! રાજસેવકો રાજહુકમ પ્રમાણે કાર્ય કરે છે. જેથી સુખને મેળવી શકે છે. તેમ જીનેશ્વરોની આજ્ઞા ખરા દિલથી શીરપર ધરે તો હૃદયમાં સદા ક્ષાન્તિ રહ્યા કરે જેથી શ્રી નવકારમંત્રનું સ્મરણ પ્રસન્ન એક ચિત્તથી શુદ્ધ મનથી થાય અને મુક્તિ પદ મળે.

મહાનુભાવો ! રાગદ્વેષના નિમિત્તથી જીવને કૌતુક જોવાનું કૌતુક કરવાનું, કરાવવાનું મન થાય છે. એવું જાણવા છતાં પ્રમાદને વશ થઈ પાછો ભૂલો પડે છે અને પરિણામ વિચારતો નથી. જેથી દુઃખી દુઃખી થઇ જ્યાં ત્યાં ભટકે છે. અને અનેકાનેક ભવો જન્મ મરણમાં પસાર કરે છે.

ધર્મી ભવ્ય જીવો હોય છે. તે તો પોતાની ભૂલો જલદી સુધારવા જાગૃત રહે છે અને સુઅવસર આવે ત્યારે શુભધ્યાનથી અને સુવિચારથી તન મન ધનથી નિજ ભૂલ સુધારીને ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત કરે છે અને પરંપરાએ મુક્તિના લલિતસુખને ધારણ કરે છે.

ઢાળ છઠ્ઠી

(રાગ–પુષ્પલવઈ વિજ્યે જ્યોરે. નયરીપુંડરીગીણીસાર)
(અથવા દુઃખ દોહગ દૂરે ટળ્યારે. સુખસંપદ શું ભેટ)

ધ્યેય વિના મુક્તિ તણું રે, કરે ક્રિયાઓ અનેક.
સફલપણું પામે નહીં રે. જીનવચને ધરો ટેકરે.
ભવિયા સૂણો કૌતુક એહ
રાજકુંવર હવે એકલોરે, બીજો નહી કોઈ દાસ,
બોલાવે પેલા રંકને રે, બૂજે જાયે નહી પાસરે. ભ૦ ૧
ગુન્હો કર્યો નથી કોઇનો રે, બોલાવે શ્યા કાજ,
વળી બોલાવે પાટવીરે, સોટી બતાવી રાજરે. ભ૦ ૨
ગયા વિના છુટકો નહીરે, ભાગી ન પણ જવાય,
બૂજે અંગ ભીખારીનું રે, ગયો બંગલામાંય રે. ભ૦ ૩
રાજકુંવરની પાસમાં રે, હાથ જોડી રહ્યો રાંક,
શા માટે બોલાવીયોરે, નથી મારો કાંઈ વાંકરે. ભ૦ ૪

રોફ બતાવે રાજકુંવર તે, કહે તું કપડા ઉતાર,
ચોરીકાજ હું નથી ઉભોરે, માફ કરો દાતાર રે. ભ૦ ૫
ચુપ રહે કાઢ કપડા તું તો મારૂં કહ્યું તું ધાર,
ભાણીયોમન એમચિંતવેરે.મારશે ચાબુક મારરે.ભ૦ ૬
નાશીને ભાગી નહી જવાયે, કુંવર બતાવે બીક,
કાઢે કપડા ધ્રૂજતો રે, ન ચાલે કાંઈ ટ્રીક રે. ભ૦ ૭
કુંવર નિજ પોશાકને રે, પહેરાવતો થઇ ખુશ,
માને મશ્કરી ભાણીયોરે, પહેરવાને નાખુશરે. ભ૦ ૮
બીકેથી તે પહેરતો રે, પણ ધ્રૂજે છે દેહ,
સ્પર્શતણી આશા નહીંરે,શરીર શોભાવે એહરે. ભ૦૯
કુંવર મેલી તેહનેરે, ગયો બગીચા બહાર,
વેશ પહેરી ભીખારીનોરે, ઉભો સડકની પારરે. ભ૦૧૦
ભાણુરંક વિચારતો રે, સ્વપ્ને પણ ન હોય.
તેવેશ મુજઅંગઉપરે રે, દેખી પકડશે કોય રે. ભ૦ ૧૧
ગભરાયછે દિલમાં ઘણું રે, રાજવંશીનો વેશ,
એનોજ સ્પર્શ ઇચ્છતોરે,મલ્યોસુખ નહી લેશરે ભ૦૧૨
જે વેશ દેખી ખુશ થતોરે, તેજ વેશ દુઃખદાઈ.
સુખદુઃખમનના કારણુરે,સમજ્યે સૂણો ભાઇરે. ભ૦૧૩
સમ્યગ્ દૃષ્ટિ કેળવો રે, જણાયે સાર અસાર,
ક્ષાંતિસદા દિલમાં વસે રે,લલિત સુખઅપારરે. ભ૦૧૪

છઠ્ઠી ઢાળનું વિવેચન

હે ભવિયા મહાનુભાવો ? મુક્તિપદ મેળવવાજ આપણું ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયપૂર્વક આપણે સર્વ વિરતિ–દેશ-વિરતિ સામાયીક, પૌષધ, પ્રતિક્રમણ, વ્રત, પચ્ચક્ખાણ, પ્રભુ પૂજા, પ્રતિષ્ઠા, ગુરુવંદન, શાસ્ત્રઅભ્યાસ, પરોપકાર, સ્વામિ ભક્તિ, દયા, દાન, સેવા ભક્તિ, વૈયાવચ્ચ, તેમજ બીજી અનેક શુભ પ્રવૃત્તિઓ, વ્યાખ્યાન શ્રવણ વિગેરે કરીએ. આદરીએ તો તે સફલપણાને પામે છે. પણ મોક્ષપદના ધ્યેય વિનાની ઉપરોક્ત બધી ક્રિયાઓ સંસારની વૃદ્ધિ કરાવનાર બને છે. એવા જીનેશ્વરના વચનો ઉપર શ્રદ્ધા ધરો. અને કર્મક્ષયના ધ્યેય પૂર્વક આગળ વધો. હવે છત્રકુંવર અને રંક એવા ભાણીયાનું ચરિત્ર ચલાવીએ. રાજકુંવરમાં ભદ્રીકતા છે. કૌતુક જોવાનું દિલ થયુ છે. તેના માટે કેવો ઉપાય કરે છે. તે વિગેરે કૌતુક હે ભવિજનો સાંભળો. રાજકુંવર હવે બંગલામાં એકલો જ છે. બીજાઓને પુષ્પો લાવવા મોકલ્યા છે, જેથી બીજો કોઈ પાસે નથી. એટલે રાજકુંવર રંક ભાણીયાને પોતાની પાસે બોલાવે છે. પણ ડર લાગવાના કારણે પાસે જતો નથી. મનમાં વિચારે છે કે મેં કોઈનો ગુન્હો કર્યો નથી, તો પછી શા માટે બોલાવે છે. એમ વિચાર કરી રહ્યો છે. વળી છત્રકુંવર હાથમાં સોટી લઈને તે સોટી બતાવે છે. અને બંગલામાં આવવાનું ઇશારાથી જણાવે છે.

ભાણીયાભાઇએ વિચાર કર્યો કે અહીંયાંથી ભાગી જવાય તેમ નથી. અંદર ગયા વિના છૂટકો પણ નથી. એટલે બંગલામાં

જતા જતાં શરીર ધ્રૂજે છે. આવી દશામાં રાજકુંવરની પાસે બે હાથ જોડી ઉભો રહ્યો. અને કહે છે કે મહેરબાન મારો કંઈ વાંક ગુન્હો નથી. હું તો આ બગીચો જોવા ઉભો હતો. છત્રકુંવર રોફ બતાવીને કહે છે કે મારે કંઇ તારૂ સાંભળવું નથી.

બસ કપડા ઉતાર. ત્યારે ભાણીયો પણ કહે છે કે ભાઈસાબ હું ચોર નથી. ચોરી કરવા ઉભો રહ્યો નહોતો. હે દયાળુ દાતાર મને માફ કરો. રાજકુંવર ધમકી આપે છે અને કહે છે કે ચૂપ રહે. મારૂ કહ્યું તું માનીજા. અને કપડા કાઢ, ભાણીયો મનમાં વિચારે છે કે જો હું કપડા નહી કાઢું તો જરૂર મને સોટીથી કે ચાબૂકથી માર મારશે. હવે અહીંથી ભાગી જવાય એવું પણ નથીજ. કુંવર પણ બીક બતાવ્યા કરે છે. જેથી ધ્રૂજતો ધ્રૂજતો કપડા કાઢે છે. તેની ટ્રીક એટલે ઉપાય તેનો કંઇ ચાલે તેમ નથી. જેમ જેમ કપડા ઉતારે છે તેમ તેમ રાજકુંવર પોતાનો રાજવંશી ઉમદા પોશાક ખુશ થઇને તેને પહેરાવે છે. ભાણીયો તો મશ્કરી માનતો હોવાથી તે વેશ પહેરવાને રાજી પણ નથી. દિલમાં નાખુશ છે. છતાં ડરના કારણે વેશ પહેરે છે પણ શરીર તો ધ્રૂજે છે.

જે વેશને સ્પર્શ કરવાની આશા નહોતી તેજ વેશ તેના શરીરને શોભાવી રહ્યો છે. છત્રકુંવર તો ભાણીયાને બંગલામાં રાખી પોતે બગીચા બહાર ભીખારીના વેશે સડક ઉપર કૌતુક જોવાને ઉભો રહ્યો. હવે રંક ભાણીયો વિચારે છે કે રાજકુંવર ક્યાં ગયા. તેમનો રાજવંશી વેશ મારા શરીર ઉપર જોઇ મને

રાજના માણસો પકડશે અને પૂછશે ત્યારે શું જવાબ આપીશ. રાજકુંવર હમણા જ પાછા ન આવે તો ખૂન કર્યાનો આરોપ પણ આવે. આમ અનેક પ્રકારના તર્ક વિતર્ક કરી રહ્યો છે. અને ઘણો જ ગભરાય છે.

મહાનુભાવો ! જે વેશનો સ્પર્શ ઈચ્છતો હતો. તે જ વેશ તેના શરીર ઉપર હોવા છતાં લેશ માત્ર પણ સુખ નથી. પહેલા જે વેશ દેખીને ખુશ થયો હતો. તે જ વેશ તેને હાલ દુઃખદાઈ થઈ પડયો.

ભાગ્યવાનો ! સુખ દુઃખ વસ્તુઓમાં નથી. પણ માણસના મન ઉપર આધાર છે. એક માણસ લાખોપતિ હોવા છતાં અસંતોષના કારણે દુઃખી હોય છે, ત્યારે બીજો માણસ સામાન્ય ધંધો કરીને અથવા નોકરી કરીને બસો અઢીસો રૂપીયા કમાય છે. છતાં તે સુખી હોય છે.

સંતોષી રહેવાના કારણે પોતાને સુખી માને છે. એકને સ્ત્રી મળે ત્યારે આનંદમાં આવી જાય છે. પણ તેજ સ્ત્રી કહ્યું ન કરતી હોય સ્વછંદી થઇને જ્યાં ત્યાં ભટકતી હોય ત્યારે તેજ સુખના સાધનરૂપ મનાતી સ્ત્રી દુઃખ ઉપજાવનાર બને છે. એક માણસ સુખની ઈચ્છાએ પુત્રને લાડ લડાવી, ઉછેરી, ભણાવી, પરણાવી, વ્યાપારમાં જોડી લાખોની મૂડી અર્પણ કરે છે. તેજ પુત્ર કુપુત્ર બનીને માતાપીતાને તરછોડે, ગાળો દે, મારે, ખાવા-પીવા પહેરવા ઓઢવાના તથા રહેવાના પણ સાધન ન આપે.

બોલાવે પણ નહીં. ત્યારે તેજ પુત્ર સુખના સાધન તરીકે મનાતો હતો તેજ દુઃખનાં કારણ રૂપ મનાય છે. પૈસો હોય તો સુખ અને ન હોય તો દુઃખ આવી પણ માન્યતા હૃદયમાં ઠસી ગયેલી હોય છે. પણ પૈસા સુખજ અપાવે છે એવું એકાંત છે જ નહી. તેજ ધન આભૂષણો વિગેરે મૃત્યુનું કારણ પણ થાય છે. આવા બનાવો એક બે નહી પણ અનેક બને છે. આવા દૃષ્ટાંતો અનેક લઈ શકાય. આ ઉપરથી સહેજે સમજાય છે કે વસ્તુ હોય તોજ સુખ અને ન હોય તો દુઃખ એવી માન્યતા ભૂલ ભરેલી છે. કોઈને ચારપાંચ પુત્રો હોવા છતાંય દુઃખી છે. ત્યારે બીજાને એક પણ સંતાન ન હોવાછતાય સુખી છે. આવી ઘટનાઓ દુનિયામાં જોવા મળે છે. સુખ દુઃખનો આધાર વસ્તુ હોવા કે ન હોવા ઉપર નથી. પણ માણસના મન ઉપર બધો આધાર છે. મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ, એટલે કે મન એજ મનુષ્યોના બંધ મોક્ષનું કારણ છે. કોઈ વસ્તુ સુખ આપનાર નથી તેમ દુઃખ આપનાર પણ નથી. પણ મનના પરિણામથી સુખ દુઃખના ભાવો જન્મે છે. ખરી રીતે સુખ અથવા દુઃખ મળવું તે તો પૂર્વ ભવના પોતાના પાપ પુન્યને આભારી છે. બીજા તો નિમિત માત્ર છે. એટલું સમજવું જોઈએ. સંગ્રહ કરવા લાયક વસ્તુ ખરેખર સુખ આપશે જ તેનો ઉંડો વિચાર કરવામાં આવતો નથી વળી તેનું પરિણામ કેવું હશે. તે સંબંધી વિચારાતું જ નથી વળી દૂર કરવા જેવી વસ્તુ ખરેખર તે દુઃખ-

દાયી થશે જ કે કેમ. તેનો પણ ઉંડો વિચાર કરવામાં આવતો નથી. તેમજ મર્મ વિચારા તો નથી. હે મહાનુભાવો ! તમો સમ્યગ્દૃષ્ટિ કેળવો. જેથી સાર અસારનું સ્વરૂપ સમજાય. જો હૃદયમાં સદાય સાચી ક્ષાંતિ પમાય તો જ અપાર સુખની પ્રાપ્તિ થાય.

ઢાળ સાતમી

(રાગ–સંભવજીનવર વિનંતિ)

મુક્તિનું ધ્યેય રાખે સદા, જાયે મોક્ષમાં રમતો રે.
અભવ્ય મોક્ષ માને નહીં, ચાર ગતિમાં ભમતોરે.
છત્રકુંવર ભાણુરંકનું, દૃષ્ટાંત હવે વિચારો રે,
કર્મલીલા જુઓ કેહવી, એક ચિત્તેથી ધારો રે.
કૌતુક સૂણો રે પ્રાણીઆ. ૧

રાજકુંવર જોયા કરે. શીશી રમતો થાય રે,
બન્યો ભીખારી તે ખરો, જુએ કૌતુક ત્યાંય રે. કૌ૦ ૨
ગયા હતા ફુલ વીણવા, વિધવિધ હાર બનાય રે,
લઈ આવ્યા ગજરા તીહા, નમન કરે છે પાયરે. કૌ૦૩
બીજે હુકમ હોય તે કહો. દાસ અમે તુમે નાથરે
ગભરાઇ કહે ભાણીયો, કંપી બોલે જોડી હાથરે. કૌ૦૪
ભાઇસાબ હું ભાણીયો, માંગુ ભીખ સદાય રે,
વેશ અપાવો માહરો, તો મુજને સુખ થાય રે. કૌ૦ ૫

સૂણી વચન કુંવર તણા, મનમાંહી ગભરાય રે,
કુંવરસાહેબ કૃપા કરો,શી ભૂલ અમારી થાયરે. કૌ૦ ૬
ભીખારી કહે સાંભળો, હું માણસ નિર્ધનરે,
વેશ અપાવો માહરો, હાથ જોડું દુઃખ મનરે. કૌ૦ ૭
કરગરે બહુ જાણીને, નોકરો તો ગભરાય રે,
ચાળાકરેપાગલ જેવા. શું થયું આ હાયહાયરે. કૌ૦ ૮
કાંતો ભૂત વળગ્યું ખરૂં, કાંતો ચોટયું પલીત રે,
કાંતો ડાકણશાકણી વળગી જણાયે ખચીતરે. કૌ૦ ૯
રાજા ઠપકો આપશે. મુકયા એકીલા કેમરે,
દેવો જવાબ કેવો હવે, મુંઝાયા સહુ એમ રે. કૌ૦ ૧૦
વળી કહે કૃપા કરો, ફુલગજરા લીઓ રાય રે,
ભાણો તે પણ બોલતો, ગરીબ હાંસી થાય રે. કૌ૦ ૧૧
ભાઇસાબ હું ભાણીયો, વેશ અપાવો જાઉં રે,
ચાકર ચિત્ત નિશ્ચય થયો, લાગી ચોટ ભરાઉરે.કૌ૦૧૨
લઈ જઇએ રાજાકને, ઠપકો મળશે આજરે,
પણ ઉપાયનજાણીએ, લાવોલાવો બગી રાજરે.કૌ૦ ૧૩
બગીમાં બેસવા કહે, પણ બેસે નહીં ત્યાંજરે,
ભઇસાબ ભીખારીહું જછું,નથીમારૂંઆરાજરે. કૌ૦૧૪
વેશ અપાવો માહરો, હું મોટો કંગાળ રે.
અહાહા પરવશ આતમા,વળગ્યું ઝોડકુમારરે. કૌ૦૧૫
પકડી બેસાડે ગાડીમાં, લઈ જાય રાજાની પાસરે,
પણ વચમાં બોલ્યાકરે,કરોકૃપા છોડો દાસરે. કૌ૦ ૧૬

કોઈ ન સાંભળે તેહનું, બેઠા છે રાજાજી જ્યાંય રે.
પકડી ઉભો રાખીએ, ચેનપડે નહી કયાંયરે. કૌ૦ ૧૭

રાજા બોલાવે કુંવરને, કેમ છે છત્રકુમાર રે,
ભાઈસાબ વેશ મારોદીએ,હું ટુકડા ખાનારરે. કૌ૦ ૧૮

રાજા વિચારે ચિત્તમાં, કેમ અચાનક આમ રે,
ગાંડાની જેમ બોલતો, ન જાણે નિજ નામરે. કૌ૦ ૧૯

મને વળી એની માતને, કાકા મામા ભાઈબંધરે,
વળી અધિકારી કોઇને,ન ઓળખે જાણેઅંધરે. કૌ૦ ૨૦

દાસદાસી અધિકારીઓ. વળી રાણીઓ પણ આવેરે,
રાજકુંવરનું બોલવું, સૂણી સહુ ગભરાય રે. કૌ૦ ૨૧

રાજાહવે વિચારતો, કાં રોગ કાં ઝપટાયો રે,
ભ્રમીત થયો કુંવર અરે, કરો તુરત ઉપાયોરે. કૌ૦ ૨૨

વૈદ્ય બોલાવો રાજના, જોશી ઘણા જાણકારો રે.
મંત્રવાદી વળી બ્રાહ્મણો, ભૂવા પણ હુશીયારોરે.કૌ૦ ૨૩

જાણતી ટુચકા ડોશીઓ, જેજે શહેરમાં હોયરે,
બોલાવો આસનવાદીને, ન રહે બાકી કોયરે. કૌ૦૨૪

સંસારી સંબંધ કારણે, કરે અનેક ઉપાયરે,
તેમજ વિણ સંબંધીની, સેવાથી હિત થાયરે. કૌ૦ ૨૫

મૈત્રાદિ ચાર ભાવના, ધરે હર્ષ ક્ષાંતિ ભાવે રે,
કીર્તિસ્નેહે વધે સંપત્તિ, મળે લલિત સુખ પાવેરે. કૌ૦૨૬

સાતમી ઢાળનું વિવેચન—મહાનુભાવો! જે નગરમાં પહોંચવું છે. તે નગરનો માર્ગ જ્ઞાની ભોમીયાએ જણાવેલ હોય તેનો બરાબર ખ્યાલ રાખી ધ્યાન રાખીને ચાલીએ તો સહેજે રમતા રમતા ઇચ્છિત સ્થાને પહોંચાય. પણ જો બેદરકારી પણે મનમોજીપણે અથવા પૂર્વદિશાના બદલે પશ્ચિમ દિશા તરફ ચાલ્યા કરીએ તો નશીબમાં રખડવાનું જ ચાલુ ને ચાલુ જ રહે તેમાં નવાઈ જેવું નથી.

ભાગ્યશાળીઓ! જે સમ્યગ્દૃષ્ટિ જીવો હોય છે. તેઓનું ધ્યેય સદા મુક્તિમાંજ જવાનું હોય છે. જેથી સહેજે સહેજે થોડાક ભવોમાં પુન્યાનુબંધી પુન્યથી રમત ગમતમાં આનંદ કરતા કરતા પરિસહાદિ ઉપસર્ગોને સહન કરી અષ્ટકર્મોને દૂર કરી અખંડ અવ્યા બાધ સુખની પ્રાપ્તિ કરી લે છે. અને સદાકાળ સુખમાંજ રહે છે.

દુર્ભવી અથવા દુર્લભબોધિ જીવોને મોક્ષતત્ત્વની શ્રદ્ધા જ્યાં સુધી થતી નથી. ત્યાં સુધી ઘણા ઘણા લાંબાકાળ સુધી તેઓને ચારે ગતિના દુઃખો જન્મ મરણના દુઃખો ભોગવવા જ પડે છે. અને અભવિ જીવો મોક્ષ જેવી વસ્તુજ માનતા નથી. મોક્ષમાં શું સુખ છે? એવા પ્રકારની માન્યતા હોવાથી ચારે ગતિમાં તેઓ સદાકાળ ભટકતા જ રહે છે. કોઈ પણ સમયે તેઓ મુક્તિના સાચા સુખને મેળવી શકતા જ નથી.

અભવિજીવોને શાશ્વતા સુખની શ્રદ્ધા જ હોતી નથી. ક્ષણીક સુખોની પાછળ કેટલું બધુ દુઃખ રહેલું છે. તે સંબંધી લાંબો વિચાર તેઓ કદીએ કરતા નથી. જેથી જ દુનિયામાં ક્ષણિક સુખના સાધનો પાછળ ગાંડાઘેલા બની તે સિવાય બીજું વિશેષ સુખ હોયજ નહી. એવીજ માન્યતા તેઓની હોય છે.

અભવિના આત્માઓની માન્યતા એવી હોય છેકે દુનિયામાં જે જે સુખના સાધનો છે. તેવા સુખો. તેવા સુખના સાધનો મોક્ષમાં છે જ નહી. એમ સમજીને મોક્ષમાં શું સુખ છે ? એમ કહેતા ફરે છે. કહેવાય કે મોક્ષનગર પણ નગરમાં કાંઈ કહેતા કંઈ મળે નહિ. ન મળે ખાવાનું, પીવાનું હરવા ફરવાનું. ન મળે લાડી વાડી કે ગાડી, ત્યાં સુખ શેનું ? નમળે બાગ બંગલા કે બગીચા,નમળે નાવાધોવાનું કે તરવાનું સાધન.ન હોયબાથરૂમ કે જાજરૂં ન મળે દવા કે ડોકટર. ન મળે ધર્મશાળા કે ઈસ્પીતાલ. ન મળે પલંગ ખુરશી કે ટેબલ, ન મળે ગાદલા ગોદડા. ન મળે રજાઇ કે ઓશીકા. ન મળે પંખા કે વીજળી, ત્યાં સુખ શાનું ? ન મળે વાસણ, ન મળે કપ રકાબી, ન મળે રબ્બરની કોથળી. ન મળે ગેસ ચૂલો કે સ્ટવ. ન મળે ધાસલેટ. ત્યાં ન હોય રેડીયો. ફોનોગ્રાફ. ટેલીફોન કે વાયરલેશ અને ટેલીવીઝન. ત્યાં ન મળે છાપાઓ કે નોવેલો. ન કંઈ નવું જાણવાનું મળે ન કંઈ જુનું જોવાનું મળે. ન હોય મોટર વિમાન બસ. બાઈસીકલ કે રીક્ષા. મોક્ષમાં શું સુખ છે ? તેજ સમજાતું નથી.

ન મળે ફોટોગ્રાફીક, પેઈન્ટર કે ચિત્રકાર. ત્યાં ન મળે ફાઉન્ટપેન કે શાહી. ન મળે બુટ મોજા કે ચંપલ, ન મળે ચશ્મા કે ન મળે ઘડીયાળ. કેટલા વાગ્યા તેની શી ખબર પડે. નમળે હજામ દરજી કે ધોબી, નમળે નાટકસીનેમાં કે સરકસ.નમળે હોટલલોજ કે વીશી. નમળે ચાય કે કોફી. ન મળે દુધ દહી કે છાશ. નમળે બરફ આઈસ્ક્રીમ કે કુલફી ન મળે પાન સીગારેટ કે બીડી. ન મળે કોઈ જાતનું ફ્રુટમીઠાઈ.મેવો ચટણી કે ચેવડો.નમળે જલેબી ગરમાગરમ ગાંઠીયા ફરસાણ કે મસાલાદાર ભજીયા. ન મળે હલવો. જાંબુ મલાઈ કે માવો. ન મળે શીખંડ, દુધપાક કે માલપુડા. ન મળે શેલડીરસ, આંબારસ કે શરબત. ન મળે શાકભાજી કે લીંબુ. ન મળે મીઠું કે મસાલો. ન મળે ભુંસુ કે ઉંધીઉં. અરે ન મળે ઘેંસ ભડકુ કે રાબડી. આ બધા સુખના સાધનો ત્યાં છે જ કયાં ? મોક્ષમાં તો ઉલટુ ભૂખે મરવાનું છે. ત્યાં સુખ શાનું હોય ? આવા શબ્દો જેઓએ સાચી સમજણ મેળવી નથી. તેઓજ અજ્ઞાનપણાથી બોલે છે.

મોક્ષપદ શું વસ્તુ છે. તે જાણેલ નથી. તેઓ જ અભવિઓના વચનો પકડીને બોલતા થયા છે. વળી વિશેષમાં કહે છે કે ત્યાં ચાંદી, સોના, હીરા માણેક મોતીના આભૂષણો તેમ કપડાઓ પણ મળતા નથી. ન મળે ધૂપ તેલ કે અત્તર. નથી ત્યાં મીલો, પ્રેસ, જીન કે ખેતી. નથી કોઈ જાતના કારખાનાઓ. નથી કોઈ જાતના ઉદ્યોગો કે વેપારો. તો ત્યાં શું સુખ છે ? આ

પ્રમાણે બોલનારની સાથે હામાંહા ભણનારાઓને ઉપરજણાવેલી બધી વસ્તુઓ ઉપાધીમય છે. એનું ભાન થયું નથી. એટલે જ સુખ નહી હોવા છતાં સંસારમાંસુખ છે.તેવી ગણત્રી તેઓની છે.

દુનિયામાં રહેલાં દરેક પદાર્થો ઉપાધિમય જ છે. નાશવંત છે. તે ચોક્કસ છે. સુખની પાછળ દુઃખની પરંપરા ચાલુ જ હોય છે. જેમ ખરજવાના દરદવાળાને ખરજ ખણતાં સુખ લાગે છે. પણ પાછળ કાળી બળતરાનો જ અનુભવ થાય છે. છતાં પણ ખરજ ખણવાની મીઠાશ યાદ આવ્યા કરે છે, અને તે મીઠાશમાં સુખમાની વારંવાર દુઃખી થાય છે, કોઈ વૈદ્ય ડોકટર કે અનુભવી જડમૂળથી ખરજવાનોરોગ નાબુદ કરવાકહે અથવા દવા બતાવે. તો પણ ખરજ ખણ્યાની મીઠાશનું સુખ ચાલુ રહે અને ખરજવું મટે એવાજ વિચાર તેના હોયછે. એટલે તે દરદી કદાપી સાજો થઈ શકતો નથી.

એવીજ રીતે દુનિયાના ભોગો તે ખરેખર રોગરૂપ છે. છતાં તે ભોગો ભોગવવાના ચાલુ રહે. અને મોક્ષ પણ મળે. તેવી ભાવનાવાળા અભવિજ્જવો હોય છે. પણ તે કદીકાળે તેમ બની શકવાનું નથી જ બની શકતું જ નથી.

જગતમાં ભયના સ્થાનો અનેક છે.નિર્ભય સ્થાન જો કોઈ હોય તો તે મોક્ષજ છે. કહ્યું છે કે:—

ભોગે રોગભયં, સુખે ક્ષય ભયં, વિત્તેઽગ્નિભૂભૃદ્ભયમ્
દાસ્યે સ્વામિભયં, જયેરિપુભયં. વંશેકલંકાદ્ભયમ્

भाने ग्लानिभयं, गुणेष्वक्षभयं, कायेकृतांताद्भयम्
सर्वनाभयं, भवेदिदमहो, चारित्र मेवाभयम्

ભાવાર્થ—ભોગમાં રોગનો ભય. સુખમાં તે ક્ષય થઈ જવાનો ભય ધનમાં અગ્નિ અને રાજાનો ભય. દ્રવ્યમાં સ્વામિનો ભય. જયમાં રિપુનો ભય.વંશમાં કલંકનો ભય.માનમાં ગ્લાની (હીનતા)નો ભય. ગુણમાં દુર્જનનો ભય. અને શરીરમાં યમનો ભય અહો આ બધુ ભયથી યુક્ત જ છે. માત્ર ચારિત્ર એક અભય (ભયરહિત) છે. ચારિત્રથી જ મોક્ષ છે.

જગતમાં જન્મ મરણનો મોટામાં મોટો ભય છે. તેમજ રોગનો, શોગનો.વૃદ્ધાવસ્થાનો,આધિ વ્યાધિઅનેસંસારની અનેક ઉપાધિઓનો પાર નથી. ત્યારે મોક્ષમાં એક પણ ઉપાધિ નથી. જન્મ મરણ કે વ્યાધિ નથી તેવું ઉત્તમમાંઉત્તમ શાશ્વતુસુખછે.

પૌદ્ગલીક વસ્તુઓના ભોગોમાં ખરીરીતે જોવા જઇએ તો સુખ છે જ નહિ. પણ દુઃખનો પ્રતિકાર માત્ર છે. રોગના પ્રતિકારમાં જેમ દુઃખ નિવારણ થેાગે સુખબુદ્ધિ થાય છે. તેવીજ રીતે ઇન્દ્રયોના વિષયોના ભોગોમાં પણ પ્રતિકારનેજ સુખ માનવામાં આવે છે. આ દૃષ્ટિએ ભોગ તથા રોગ એક સ્વભાવના હોવાથી ભોગને રોગ કહેવામાં આવે છે.

મનુષ્ય ખાવામાં સુખ માને છે. પણ વસ્તુતઃ ખાવામાં ભોજનમાં સુખ નથી, પેટમાં પડેલો ખાડો પુરાય છે. તેટલું જ સુખ છે. જો ખાવામાં સુખ હોય તો તો ખાવાથી વિરમવાનું

હોત નહિ. પરંતુ અધિક ખાવામાં અધિક સુખ થાત, પણ તેમ થતું નથી. એતો અનુભવસિદ્ધજ છે.કે અધિક ભોજન કરવાથી સુખ તો દૂર રહ્યું.પણ ઉલટુ અજીર્ણ થાયછે અને અનેક રોગો પ્રાપ્ત થાય છે. જેમ જેમ ખવાય તેમ તેમ સુખ એમ નથી જ પણ પેટનો ખાડો પુરાયો એટલે ભૂખના સંકટનું નિવારણ થયું તેને જ સુખ માનવામાં આવ્યું છે.

તેવીજ રીતે કંઠ શોષણ એટલે તૃષા તે નિવારવા જલ પણ સુખરૂપ મનાયું છે. તરસ છીપાતાં કોઈ પણ માણસ અધિક પાણી પીતો નથી. જે લોકો શીતળતા ઠંડક વિગેરેના લોભે અધિક જલપાન કરે છે. તેને આફરો અથવા ઉલટીની આપત્તિ વહોરવી પડે છે. તેમજ સ્પર્શેન્દ્રિયને અંગે પણ તાપ અને ઠંડક પણ તેટલાજ પ્રમાણમાં અનુકુળ લાગે છે.કે જેટલા પ્રમાણમાં બફારો કે ઠંડીના વિકારો પ્રાપ્ત થયા હોય. તેથીજ અતિશય તાપ કે અતિશય ઠંડી જીવોને સુખરૂપ થતાં નથી. કહેવાનું એજ કે ટાઢ કે તાપ પોતે જો સુખરૂપ હોત તો ટાઢ કે તાપના વધારાની સાથે સુખનું પ્રમાણ પણ વધવું જોઈએ. પણ એમ થતું નથી એ અનુભવ સિદ્ધ છે. આજ પ્રમાણે નાક કાન અને આંખને અંગે પણ સમજી લેવું.

તે તે ઇન્દ્રિયોના વિષયોને અંગે પણ જરૂરીયાત પ્રમાણે ગંધ, શબ્દ અને રૂપ સુખ કરનારા થાય છે. પ્રમાણથી અધિક આવેલો શબ્દ કાનનેબહેરા કરેછે. જરૂર કરતાં અધિક પ્રમાણમાં

આવેલું તેજ આંખને નુકશાન કરેછે. આંખનું સામર્થ્ય ઓછું કરે છે. તેમજ વધારે પડતો ગંધ પણ નાકમાં મસા વિગેરે કરી હેરાનગતિ ઊભી કરેછે. પાંચેય ઇન્દ્રીયોના વિષયોમાત્ર પ્રમાણના હિસાબે સુખ કરનારા છે. તે ભૂલવા જેવું નથી.

જે લોકો ખાવાની, પીવાની, હરવા ફરવાની, પહેરવાની, ઓઢવાની જ વાતો કરે છે અને મોક્ષમાં શું સુખ છે. એમ જ કહેતા ફરે છે. તેઓએ ધ્યાનમાં રાખવાનું છે કે મોક્ષમાં ગયા પછી ભટકવાનું રહેતું નથી. સદાય શાશ્વતા સ્થાને રહેવાનું હોવાથી રખડપટી કરવાની જરૂર નથી.વળી ત્યાં મોટામાં મોટું સુખ એજ કે ત્યાં જન્મ મરણનો ભયજ નથી, જીવો જન્મ-મરણનો સમયે સમયે ભય રાખે છે. તે ભય મોક્ષમાં બીલકુલ છે જ નહી. ત્યાં ગયા પછી ખાવા પીવા પહેરવા ઓઢવાનું હરવા ફરવાનું સુખ વધારે કે જ્યાં જન્મ મરણનો ભય નથી તે સુખ વધારે ? એ બેમાં વધારે ક્યું સારૂં ? તેનો વિચાર કરો.જે સ્થાને જીવો આઠ પ્રકારના કર્મમળના કલંકથી અત્યંત મુક્ત થઈને રહે છે. જેમને હવે જન્મ નથી. જરા નથી, મૃત્યું નથી. રોગ શોક વિગેરે પીડાઓથી રહીત છે.ન આધિ વ્યાધિ કે ઉપાધીઓ એવું શાશ્વતુ સ્થાન છે.

અનંત જ્ઞાન, દર્શન અને સુખના ભોક્તા છે. ભવિષ્યમાં અનંતકાળ માટે તે જીવો એ સ્થિતિમાંજ રહેશે. આવા શાશ્વતા સ્થાનમાં સિદ્ધો બિરાજ્યા છે. શરીર ધારણ કરવાનું નહી તો

પછી રોગ શોક કે મૃત્યુ વિગેરે હોય જ શાના ? એવું એ પરમ સ્થાન છે. શ્રેષ્ઠ સ્થાન છે. આટલું બધું સાંભળ્યા પછી પણ ત્યાં કરવાનું શું ? તેના જવાબમાં એજ કે જગતના ત્રણે કાળનાસર્વ પદાર્થો અનેસર્વબનાવોનું દર્શન કરવાનું અને અત્યંત અવ્યા બાધસુખમાંઝીલવાનું,સુજ્ઞો,દેવતાના એકનાટકમાંજ ઘણા વરસો થઈ જાય છે. છતાં તે જોવાના આનંદમાં તલ્લીન થયેલા દેવો ભૂખ વિગેરે વિષય ભોગ બધું ભૂલી જાય છે. અને જોવાના સુખમાં જ મજા માને છે. તેમ સિદ્ધના જીવો જ્ઞાનાદિ અવ્યા બાધ સુખમાં જ રહે છે. એ સુખનું વર્ણન કોઈ કરી શકે નહિ.

જેમ કોઈ મનુષ્યે મીઠાઈ વાપરી હોય,તેને પૂછવામાં આવે કે મીઠાઈ કેવી ગળી હતી. તો કહેશે કે ધરાખ જેવી. વળી પૂછવામાં આવે કે ધરાખ કેવી ? તો કહેશે કે શેલડી જેવી. વળી પૂછે કે શેલડી કેવી. તો કહેશે કે ગોળ જેવી. ગોળ કેવો ગળ્યો તેના જવાબમાં કહેશે કે સાકર જેવો. વળીપૂછે કે સાકરકેવી.તેના જવાબમાં એમ જ કહે કે ભાઈ તું તારા મોઢામાં મૂક અને સ્વાદને જાણ. અનુભવ કર. તે સિવાય સાકરના સ્વાદની મીઠાશની તને ખબર નહી પડે. તેમ મોક્ષનું સુખ કેવું ? તે તો મોક્ષમાં જાય તે જ જાણી શકે. કારણ કે તેની ઉપમાને લાયક બીજી વસ્તુ જ જગતમાં નથી.

નવી પરણેલી સાસરેથી પીયરમાં આવે ત્યારે પતિ તરફના સુખ સાહેલીઓને કેવી રીતે કહી શકે. આ બધા દૃષ્ટાંતો

વિચારતા મોક્ષના સુખને પામર જીવો શી રીતે જાણી શકે ?

આજે પણ સંસારની ઉપાધિથી નિવૃત્ત થયેલા જીવો આનંદમાં રહે છે. તેમને ધંધો વેપાર નોકરી કે ખેતી કરવાનું કહે તો જવાબમાં કહેશે કે આખી જીંદગી ઢરડા કરી કરીને થાકયા છીએ. હવે તો બસ નિવૃત્ત જીવન જીંદગી સુધી ગાળવું છે. સંસારમાં રહેલા જીવો પણ થોડાક કાળની થોડી નિવૃત્તિમાં સુખ માને છે. તો પછી મોક્ષમાં તો સદાકાળ નિવૃત્તિમાં જ રહેવાનું છે.

એક મનુષ્ય ખૂબ બીમારીના લીધે વેદના ભોગવી રહેલ હોય ત્યારે તેને જરા પણ ઉંઘ આવતી નથી. પણ કોઈ પુન્યોદયે શાતાવેદનીયના ઉદયે નિંદ્રા આવી ગઈ હોય ત્યારે કોઈ તેને બોલાવે. તે વખતે પાસે બેઠેલાઓ એમજ કહે કે ભાઈ બોલાવશો નહિ. અત્યારે પરમસુખમાં છે.

વિચાર કરો કે તે નથી ખાતો પીતો કે કોઈ જાતના ભોગ ભોગવતો. નથી બોલતો કે ચાલતો ફક્ત સૂતો જ છે. છતાં લોકો કહે છે કે સુખમાં છે. એમ કહેવાય છે. આમાં વેદના ચાલી જવાથી સુખ મનાયું છે. તો પછી મોક્ષમાં કોઈપણ જાતના રોગ નથી માંદગી નથી બીમારી નથી. તો ત્યાં સદાકાળ સુખ હોય જ એમ માનવામાં હરકત નથી.

મોક્ષ શું વસ્તુ છે. તેની થોડી ઘણી પણ જાણ. તેનું જ્ઞાન મેળવ્યા સિવાય મોક્ષનું ધ્યેય નક્કી થઈ શકતું નથી. માટે જ

મોક્ષપદ જાણવાની જરૂર છે. મુક્તિના ધ્યેય ઉપરજ છત્ર કુંવર અને ભાણકુંવર ચરિત્ર વિચારી રહ્યા છીએ. તેમાં કર્મની લીલા કેવી વિચિત્ર છે. તે એક ચિત્તેથી ધારો.

હે ભવિજીવો ? કેવું કૌતુક થયું છે તે સાંભળો.

છત્ર કુંવર તો રંક ભાણીયાને પોતાનો વેશ પહેરાવી અને પોતે રંક ભાણીયાનો વેશ પહેરી બગીચાની બહાર રંક બનીને કૌતુક નિહારવા ઉભો રહ્યો છે. આ બાજુ રંક ભાણીયો રાજ-કુંવર જેવો બનેલો છે. પણ બીક ઘણી છે. જે વેશ દેખીને પહેલાં રાજી રાજી થતો હતો. હાથ અડાડવાનું પણ ભાગ્ય કયાંથી હોય ? એમ મનમાં વિચારતો હતો. તેજ વેશ હાલમાં પોતાના શરીર ઉપર છે. છતાં હાલમાં તેને ચેન પડતું નથી. રાજકુંવર કયાં ગયા ? આ વેશ તારી પાસે કયાંથી આવ્યો ? તું આ બંગલામાં કયાં છૂપાઈ રહ્યો હતો. વિગેરે વિગેરે પૂછશે ત્યારે હું શું જવાબ આપીશ. સાચી વાત કહેતા છતાં પણ રંક એવા મારૂં સાંભળે જ શાના ? આવા આવા તર્ક વિતર્ક કરી રહ્યો છે, તેવામાં પુષ્પો લેવા ગયેલા ભાઈઓ તાજા પુષ્પો. ફલગીઓ પુષ્પગુચ્છા. હાર વિગેરે લાવી નમન કરી તેની પાસે મૂઠી હાથ જોડીને કહે છે કે આપના હુકમ મુજબ લાવ્યા છીએ. આપ અમારા નાથ છો. અને અમો આપના દાસ છીએ તો બીજો હૂકમ હોય તે ફરમાવો, ભાણીયો ગભરાયેલો તો છેજ. જથી શરીર કંપવા લાગ્યું અને બે હાથ જોડીને કહે છે કે બાદસાહેબ હું ભાણીયો

સદાય ભીખ માંગુ છું. મારો વેશ મને અપાવો તોજ સુખ થાય. આવા પ્રકારના રાજકુંવરના વચનો સાંભળીને સેવકો પણ દિલમાં ગભરાયા, રાજસેવકો તો ખરા રાજકુંવર જ સમજે છે, કારણકે રાજકુંવર અને ભાણીયો જન્મથીજ બંને બોલીમાં રૂપમાં રંગમાં વયમાં પણ સરખાજ છે. એટલે તફાવત જાણી શકયા નહીં. જેથી કહે છે કે કુંવરસાહેબ અમારા ઉપર કૃપા કરો. અને અમારી શી ભૂલ થઈ છે તે અમને સમજાવો. ભીખારી ભાણીયો કહે છે કે ભાઈસાબ હું નિર્ધન માણસ છું. હાથ જોડીને તમને કહું છું કે મને મનમાં ઘણું દુઃખ થાય છે. માટે મારો વેશ મને અપાવો. આમ બહુ રીતે કરગરવા લાગ્યો. એટલે નોકરો પણ ગભરાયા. અને ગાંડા પાગલ જેવા ચાળા જોઇને વિચારે છે કે કયાં રાજકુંવરનો રૂવાબ અને કયાં આવા રંકની જેમ દીનતા ભરેલા વચનો, હાયહાય રાજકુંવરને શું થઈ ગયું, કાંતો ભૂત વળગ્યું કાંતો પલીત ચોટયું. કાંતો ડાકણ અથવા શાકીણી વળગી જણાય છે. રાજાસાહેબજી જરૂર આપણને ઠપકો આપશે કે રાજકુંવરને એકલા મૂકયા જ કેમ ? હવે તેનો શો જવાબ દેવો ? એમ મુંઝાવા લાગ્યા.

વળી સેવકો રાજકુંવરને કહે છે કે, કુંવરસાહેબ. અમારી ભૂલો માફ કરી અમારા ઉપર કૃપા કરી આ હાર ગજરા કલગી વિગેરે સ્વીકારો. તે વખતે ભાણો પણ કહેવા લાગ્યો કે ભાઈસાબ ગરીબ માણસની હાંસી શા માટે કરો છો ? ભાઈસાબ હું રંક

ભાણીયો છું. મને મારો વેશ અપાવો એટલે ચાલ્યો જઉં, આમ બોલતા બોલતા શરીર ધ્રુજી રહ્યું છે, તે જોઈને ચાકરોએ ચિત્તમાં વિચાર કર્યો કે જરૂર કોઈ ભારેમાં ભારે ચોટ લાગી જણાય છે. એ વિના આવુ બોલે જ નહીં. આપણે કોઈ પણ જાતનો ઉપાય જાણતા નથી. માટે રાજજી પાસે લઈ જઈએ.

આજે આપણને રાજ તરફથી ઠપકો મળશે. પણ બીજો કોઈ ઉપાય નથી. માટે ઘોડાગાડી તૈયાર કરો. બગી તૈયાર કર્યા બાદ બગીમાં બેસવા કહે છે. પણ બગીમાં નહી બેસતા કહે છે કે ભાઈસાબ હું ભીખારી છું. આ મારૂં રાજ નથી. હું કંગાળ માણસ છું. મને મારો વેશ અપાવો. આ રીતે બોલ્યા કરે છે જથી સેવકો વિચારે છે. આહાહા જીવ કેવો પરવશ થઈ ગયો છે. ખરેખર કુંવરને ઝોડ વળગ્યું જણાય છે. હાથપગ પકડીને બગીમાં બેસાડે છે. અને રાજ પાસે લઈ જાય છે, રસ્તે વચમાં પણ બોલ્યા કરે છે, ભાઈસાબ કૃપા કરીને દાસને છોડો, કોઈ તેનું સાંભળતું નથી. અને રાજ જ્યાં બેઠેલ છે, ત્યાં પકડીને ઊભો રાખે છે. ભાણાને બીલકુલ ચેન પડતું નથી, રાજ મારશે કે શું કરશે. એવા વિચારમાં કાયા પણ કંપે છે.

રાજ કુંવરની આવી દશા જોઈને રાજકુંવરને પૂછે છે કે છત્રકુંવર કેમ છે ? ત્યારે ત્યાં પણ એવું જ બોલે છે કે ભાઈસાબ હું ટુકડા ખાનારો, મને મારો વેશ આપો. અપાવો. હું જઉં. આ રીતનું રાજકુંવરનું બોલવું સાંભળીને રાજ ચિત્તમાં વિચારે

છે કે અચાનક આમ કેમ થયું ? ગાંડાની જેમ બોલે છે. પોતાનું નામ પણ જાણતો નથી. અંધ માણસ જેમ કોઈને જોઈ શકે નહી. તેમ મને તથા તેની માતાને પણ ઓળખતો નથી. નથી ઓળખતો તેના કાકા, મામા, કુવા, કે મિત્રોને તેમજ રાજના અધિકારી-ઓને પણ ઓળખતો નથી. તે વખતે રાજપ્રધાનો વિગેરે દાસ દાસીઓ રાણી એકઠા થયેલા છે. રાજકુંવરનું બોલવું સાંભળીને બધા ગભરાય છે, રાજા વિચાર કરે છે કે કુંવરને કાંતો જુદાજ પ્રકારનો કોઈ રોગ થયો જણાય છે. અથવા કોઈ દેવ દેવીની ઝપટમાં આવ્યો જણાય છે. મગજ ભ્રમીત થઈ ગયું જણાય છે. માટે તુરત ઉપાય કરવો જોઈએ, પ્રધાનને કહે છે કે રાજવૈદ્યોને બોલાવો. રાજ જોશીઓને બોલાવો, મંત્ર યંત્ર તંત્રના જાણકારોને બોલાવો. પંડિત બ્રાહ્મણોને બોલાવો. આસનના જાણકારને બોલાવો હુશીયાર ભૂવાઓને પણ બોલાવો. વળી ટુચકા જાણનારી ડોશીઓને પણ બોલાવો. તેમજ શહેરમાં જે જે જાણકાર હોય તે બધાને બોલાવો. કોઈ બાકી રહે નહી. ગમે તે રીતે પણ કુંવરને સાજો કરો.

મહાનુભાવો ? સંસારી સંબંધીઓ ભાઈ બેન સ્ત્રી પુત્ર પુત્રી વિગેરે સંબંધીઓ જો માંદા પડે તો તેના માટે અનેક ઉપાયો લેવા પડે છે. અને લીએ પણ છે. કારણ કે તેમાં સ્વાર્થ સમા-યેલો હોય છે. પણ જેમાં સ્વાર્થ ન હોય તેવા સ્વામિભાઈ બહે-નોની સેવાભક્તિ કરવાથી જરૂર આત્મહિત થાય છે.

પુત્રાદિ સંબંધો તો અનેકવાર નહિ પણ અનંતીવાર થઈ ચૂક્યા હોય છે. પણ સાધર્મિક ભાઈ બહેનોનો સંબંધ તો ક્વચિત મેળવી શકાય છે. મળે છે. ભાગ્યશાળીઓ ? ધન વૈભવ સાથે આવનાર નથી. માટેજ પુન્યથી મળેલ લક્ષ્મીનો સદ્‌ઉપયોગ સ્વામિ ભાઈઓની ભક્તિમાં કરવો. તે સુજ્ઞોની ફરજ છે.

ઘણી વખત જોવામાં આવે છે કે ધનવાનો પોતાના મહોલ્લામાં અથવા બંગલાઓમાં રહેતા હોય છે. તેમની આજુબાજુમાં સામાન્ય સ્થિતિવાળા ભાઈ બહેનો રહેતા હોય છે. તેમાં કોઇનો પુત્ર કોઈની પુત્રી માંદી હોય કોઈની સ્ત્રી કોઇનો ભાઈ માંદો હોય, કોઈના માતા પિતા પથારીવશ હોય. તેઓની યથાશક્તિ સાર સંભાળ લેવામાં પૈસાપાત્ર ધનવાનો બેદરકારી રાખે છે. જો મૈત્રી કરૂણા પ્રમોદ ભાવના હૃદયમાં વસેલી હોય તો જરૂર દીન દુઃખીયાનું દુઃખ દારિદ્ર દૂર કર્યા વિના રહે નહિ. ધનવાન ગૃહસ્થોએ સમજવું જરૂરી છે કે પરોપકાર કરવાથી, દાન દેવાથી, ધન ઓછું થતું નથી. પણ જેમ જેમ વપરાય છે તેમ તેમ ધન વૃદ્ધિ પામતું જાય છે. તેના દૃષ્ટાંત તરીકે કુવાનું પાણી જો વાપરવામાં ન આવે તો પાણી ગંધાઈ જાય છે. પણ જો હંમેશાં તે પાણીનો વપરાશ થતો રહે તો બીજે દિવસે નવું પાણી કુવામાં આવી જાય છે. ગાયનું દુધ દોવામાં ન આવે તો બીજે દિવસે નવુ દુધ આવતું બંધ થઈ જાય છે અને વહુકી પણ જાય છે. પણ હંમેશાં દુધ દોવામાં આવે છે તો બીજે દિવસે નવુ દુધ

હાજર થાય છે. તેમજ બગીચામાં ખીલેલા ફુલો ઉતારવામાં ન આવે તો તે કરમાઈ જાય છે. અને બીજે દિવસે તાજા પુષ્પ મળતા નથી પણ જો હંમેશ તાજાફુલો ઉતારવામાં આવે તો બીજે દિવસે નવા પુષ્પો તૈયાર થાય છે. તેવીજ રીતે લક્ષ્મીનો સદુપયોગ કરતા રહેવાથી લક્ષ્મીની વૃદ્ધિ થતી રહે છે. અથવા બેંકમાં જમા થાય છે તે પરભવમાં મલ્યા સિવાય રહેતી નથી. માટે સંગ્રહ કરવાની બુદ્ધિ રાખવી નહીં. સંગ્રહ કરવો તે પાપ છે.

ધનનો સંગ્રહ એ ધનનો અસદ્ વ્યય છે. પૂર્વ પુન્યોદયે ધનવાન બન્યા. ધનનો સદ્ ઉપયોગ દાન છે. ધનનો થોડો ઘણો ઉપયોગ દાનમાં કર્યો, તેમાંથી થોડુંક કુટુંબના નિર્વાહમાં કર્યો, હવે બાકી રહ્યું તેનો સંગ્રહ કર્યો, આ સંગ્રહ એ ધનનો અસદ્-વ્યય છે.

આ સંગ્રહ આત્માને કર્મના ભારથી ભરી દે છે, અને નિચ ગતિમાં મોકલે છે.

મમ્મણ શેઠ પાસે અગણિત ધન હતું. તેનું દાન તેણે કર્યું નથી. ખાવા પીવામાં પણ બહુ ઓછું વાપર્યું છે. પણ આ ધનનો તેણે સંગ્રહ કર્યો. તેના પર મમતાભાવ ધારણ કર્યો. આ સંગ્રહ એ અસદ્વ્યય થયો, અને તેના પાપથી ભારે બનેલો તે સાતમી નારકીમાં ગયો.

તેણે જીવનમાં કોઈ મોટું પાપ કર્યું નથી, તેમજ ખોટે રસ્તે પૈસા વાપર્યા નથી. જો તેમ કર્યું હોય તો તેને પાપ કર્મ બંધાત અને નીચ ગતિમાં તે ગયો હોત તો તે સકારણ ગણાત.

પણ ના તેમ નથી. ધનનો સંગ્રહ યોગ્ય માર્ગે ન વાપરતાં અથવા યોગ્ય માર્ગે વાપર્યા પછીનું તેને સાતમી નરકે મોકલવામાં કારણભૂત બન્યું છે. માટે ધનને યોગ્ય માર્ગે દીનદુઃખીયાને આપવામાં વ્યય કરવો પણ સંગ્રહ કરવો ન જોઈએ. એ સૌ સમજો.

परोपकारः कर्तव्यः प्राणैरपि धनैरपि
परोपकारजं पुण्यं न स्यात्क्रतुशतैरपि

પોતાના પ્રાણો અને ધનનો ભોગ આપીને પણ પરોપકાર કરવો. કારણ કે પરોપકારથી જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય સેંકડો યજ્ઞોથી પણ મળી શકતું નથી.

परोपकाराय फलंति वृक्षाः परोपकाराय वहंति नद्यः
परोपकाराय दुहंति गावः परोपकारार्थमिदं शरीरम् ॥

જુઓ વૃક્ષો પણ પોતાના ફળો બીજાને જ આપી દે છે. સંગ્રહ કરતા નથી. નદીઓ પણ પોતાનું જળ પોતે નહી પીતા બીજાના ઉપયોગમાં આપે છે. તેમ વિવેકી ગૃહસ્થોએ પોતાને પુન્યયોગે મળેલી લક્ષ્મીનો સદ્‌ઉપયોગ દીન દુઃખીજનોમાં કરવો જોઇએ. પશુપંખીઓ પણ ખાય છે. ધરાય છે. એટલે સંતોષ

માની લે છે. બીજા દિવસની ચિંતા નહીં કરતા નિશ્ચિંત પણે રહે છે.

માનવમાં જ લોભ દશા વધી જણાય છે, પેટ પુરતુ, કાલ પુરતું; કે જીંદગી સુધીનું નથી જોતું પણ છોકરાના છોકરાઓને ચાલે તેટલું જોઇએ છે. જેથી કરીને નીતિ અનીતિ નહી જોતાં ગમે તે રીતે ધન એકઠું કરી પટારા ભરવા મહેનત કરેછે. આ રીતે જીવન નકામું ગાળે છે. અંતે બધી રિદ્ધિ સિદ્ધિ છોડીને મરણને શરણ થઈ હાથ ઘસતા ચાલ્યા જાય છે.

સુજ્ઞો ! દીન દુઃખીયા ઉપર કરૂણા લાવી યથાશકિત સેવા કરવી તે પણ માનવતાનું કર્તવ્ય છે. માનવપણામાં સદ્‌ભાવના થઈ શકે છે. મૈત્રી પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાથી આત્માને પ્રફુલીત રાખવો. હર્ષ પૂર્વક ક્ષાંતિ ધારીએ તો સહેજે કીર્તિ વધે અને સુંદર સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય.

ઢાળ આઠમી

(રાગ—ભાઈ પટારો કેમ ઉઘાડ્યો જોઉં કુંચી બેસારી કઈ અથવા સેવો ભવીયા વિમલજીનેશ્વર દુલહા સજ્જન સંગાજી)

સુણોસહુહવે સજ્જનશાણા, આત્મતત્વવિચારો સહી,
કર્મબંધપણ કઇકઇરીતે,જીવજગતમાં બાંધેઅહીં.સુ૦૧
કૌતુક કૌતુક કૌતુક જગના, જીવ જોવામાં લલચાયા,
સુલસા કૌતુકમાંન રાચી,અંબડ હરખે ગુણગાયા.સુ૦૧

આતમએાળખવિના સઘળો,સમયઅનંતો તેં વહીયો,
હજુ પણ બાજીછે હાથે, સુધાર તું તે અવસરીયો.સુ૦૩
થાયે હવે જુએો રમત કેવી, છત્રકુંવરની થાય અરે,
થયો ભાણીયોરાજકુંવરને,લઈ ચાલ્યાજોયું નજરે સુ૦૪
જાય બગીચામાંહી ત્યાંતો,રાજ સીપાઈ ન જાવા દીએે,
રાજકુંવરહું બાગછેમારોઆધોખસબીજાજબીએેસુ૦૫
કહેસીપાઈજાજાજ ભીખારી, રાજકુંવર તું જોયો તને,
રાજકુંવરતો ગયાશહેરમાં,ખબરબધીછેતેઅમને.સુ૦૬
વળી ભીખારી વેશ કુંવરતે,ગુસ્સો મન લાવી બોલે,
રાજકુંવરછું નથીજાણતો,પાડીશહું તો એક ધોલે.સુ૦૭
રંક બનેલો રાજકુંવરતે, મનમાંહી એમજ ધારે,
માલીકહું છું આ નોકર છે, કેમરોકીમુજને વારે.સુ૦૮
જોર કરીને જાયે અંદર, પોલીસ કાઢે તેને બહાર,
તું ભીખારી જાને અહીંથી,કહીમાર્યાતમાચાચાર.સુ૦૯
હાંસીનું પરિણામજ આવ્યું, કર્યો કર્યો કૌતુકે કેર,
રાજસુખ મેળવવું મારે,થયુ થવાનું તેતો ખેર.સુ૦૧૦
થઇ ઉદાસી ચાલ્યો ચાલ્યો, મારગ માંહે મળતા જેહ,
પહેલાનીજેમહુકમકરતો,ભાનભૂલીને બોલે એહ.સુ૦૧૧
મુજમાટેએકગલાશપાણી,જલદી અહીંયા લઇને આવ,
જાણે સૌ ભીખારીએેને,આવ્યોસમજેગાંડોતાવ સુ૦૧૨
કોઈ ન માને કહ્યું તેહનું, વળી જાયે આગળ જ્યારે.
અધિકારીનેદેખીબોલે, અહીંયાઆવો અત્યારે.સુ૦૧૩

સલામ ભરતાભૂલી ગયા શું, હું કોણછું રાજકુંમાર,
ગાડીલાવો મારા માટે, બેસી જાઉં હું દરબાર.સુ૦૧૪
જમાદાર જાણે છે ગાંડો, છે ભીખારી આતો કોક,
ખાવાઅન્નનેપીવાપાણીકોઇનિઆપેહસતાલોક.સુ૦૧૫
નોકરમારા થઇને સઘળા, ન સાંભળતા મારી વાત,
જાજાજાભીખારીઅહીંથીનહીંતોગડદાપડશેલાત.સુ૦૧૬
ભૂખ્યોતરસ્યોજ્યાંત્યાંરખડેગલીકુંચીમાંઆમથીઆમ,
લાંબોહાથકરીનેમાંગ્યું, નથીકર્યું એવુંકોઇકામ.સુ૦૧૭
ત્રણદિવસનો ભૂખ્યોપેટે, જ્યાંત્યાં સુઇને કાઢયા દિન,
મુજપીતા મળેતો સારૂં,વિચારમાં થયો તે લીન.સુ૦૧૮
સામે ભીખારીનું ટોળુ, મલ્યું કહે ખોળી ચૂકયા,
અલ્યાભાણીયાકયાંગયોતોગોતીગોતીપગદુખ્યા.સુ૦૧૯
માલમિષ્ટાન મલ્યાહશે બહુ, જેથી અમને ભૂલી ગયો,
ચાલજુંપડેકયાંકયાંગયોતોતુંજએકલોસુખીથયો.સુ૦૨૦
રાજકુંવરછું જાણો મુજને, જાઓ રાંક શું મુજ તોલે,
રોફકરેછેકુંવરપણાનો,અલ્યા ભાણીયાશુંબોલે.સુ૦૨૧
અલ્યા તું તો ત્રણ દિવસમાં, ફરી ગયોછું તું ડાહ્યો,
ડહાપણતારૂંછોડચાલતુંજાણેરાજકુંવરઆવ્યો.સુ૦૨૨
જાવ ભીખારા હાહાકુંવર, ખબર નથી તમને મારી,
રાજકુંવરહુંકોની સામે, તમેબોલોછો ભીખારી.સુ૦૨૩
અલ્યા પુંજીયા જો જો તું તો, મગજ ફટકયું છે આનું,
આંધીને લઈ ચાલો કુબે, ત્યારે પડશે ઠેકાણું. સુ૦૨૪

આંબલીપીપળે બેઠો હશે તે, મુતરવા તેથી જાણેા,
કોઇકવ્યંતરૂપેહુ શરીરમાં,હશે કવેળાનેા ટાણેા. સુ૦૨૫
ભીખેા પૂંજો નાથેા સવળા, ભાણાને પકડી ચાલે,
રાજકુંવરહુંરાજમાલીકી, મારીકહીને ન હાલે. સુ૦૨૬
ટાંગાટોળી કરી ઉપાડયેા, ચેાટ લાગી છે ભારે.
દેવી મઢ પાસે બેસાડેા,ભૂવા બેાલાવેા અત્યારે. સુ૦૨૭
અંગ ધ્રૂજાવી ભૂવા ધૂણે છે, હાકેાટા ફુત્કાર કરે,
તેલ કડી ચડાવી ચુલે,હાથ નાંખી પુરીએાતળે. સુ૦૨૮
ખમ્મા ખમ્મા કહી ભૂવેા બેાલે, પછડાયેા પડીયેા પાકેા,
મૂકેા મૂકેા રાજકુંવર હુું, કરવા માંડયું શું રાંકેા.સુ૦૨૯
જાણ્યું સઘળાએે છે ભારે, નાશી જાશે આ છાનેા,
ડાકલીયાં વગડાવેા જોરે, ઘેા ધૂમાડેા મરચાનેા. સુ૦૩૦
અત્તર કુલ ગુલાબ સુંઘેલા,જોયું નથી બીજુ જાણેા,
માથું ભમ્યું ચક્કરથીપડીયેા,બેાલેબંધથયેાછાનેા.સુ૦૩૧
રંક બનેલ કુંમારે જાણ્યું, જો લવરી કરીશ બહુ,
જડજેવા તે ડામજ દેશે, એમ જાણીને ચુપ રહુ.સુ૦૩૨
રાજકુંવર મનમાં પસ્તાયે,વેશ બદલેા પણ મેંજ કર્યો,
દુ:ખઆવ્યુંતેસહીજલેવું મનનિશ્ચયએવેાજધર્યો.સુ૦૩૩
મગજ સુધરી ગયું છે જાણી, ભીખારી સહુ રાજી થયા,
કેમભાણીયા હવે ઠીક છે,? હા કહી સહુ વિખરાયા.સુ૦૩૪
આવી ગયેા ડેકાણે સમજી, પાણી પાયું ઠંડુગાર,
ટાઢાટુકડા ખાવાદીધા,ભૂખ્યેા ખાઈગયેા તત્કાળ.સુ૦૩૫

મહાનુભાવો! આયંબીલમાં, લુખુ ભોજન ન ભાવે.
ખરી ભૂખ લાગી જો હોયે, તરત તે ભાવી જાવે.સુ૦૩૬
અભ્યાસે શું શું નથી થાતું, રાખો અભ્યાસ તપ થાયે,
નિકાચિત જેવા જે કર્મો, તેપણ તપગુણથી જાયે.સુ૦૩૭
ઇચ્છા નિરોધ તપની સાથે, ક્ષાંતિ ભળે તો સુખપાવે.
સુખદુઃખમાંસમભાવેરહ્યા,ગુણેોલલિતતેનાગાયે સુ૦૩૮

આઠમી ઢાળનું વિવેચન—હે સજ્જન શાણાઓ ? આ જગત કૌતુક કુતુહલથી ભરેલ છે. તે જોવામાં કદી પણ પાર-પામી શકાતો નથી. અનાદિ કાળથીજ ચાલુ છે, અને તેનો અંત પણ આવવાનો નથી. ઘણું ખાધું, ઘણું પીધું, ઘણું ભોગવ્યું, અને ઘણું જોયું. હવે તો તુંજ જોવાથી વિરામ પામ. અને આત્માને પીછાણ. આત્મા શું વસ્તુ છે. આત્માના પ્રદેશો. આત્માની સાથે કર્મનો બંધ કઈ કઈ રીતે થાય છે. કઈ કઈ રીતે છૂટે છે. પુનર્જન્મ વિગેરેનો વિચાર કરવાથી આત્મહિત સાધી શકાય છે. ચેતન અને જડ જુદા જુદા છે. છતાં જડ-કર્મના સંગથી ચેતન એવા આ આત્માને પણ પોતાના સ્વ-રૂપનું ભાન નથી. તે ભાન મેળવવાને આત્માને બળવાન બના-વવો જોઈએ. પહેલા આપણે કર્મ શું ચીજ છે તે વિષે પાંચમી ઢાળના વિવેચનમાં થોડુંક વર્ણન જણાવેલ છે. અને સાતમી ઢાળના વિવેચનમાં મોક્ષ સબંધી કિંચિત્ વર્ણન જણાવેલ છે. હવે આઠમી ઢાળમાં આત્મના અસ્તિત્વ ઉપર એટલે કે આત્મ

સબંધી આત્મતત્વ વિચાર ગ્રંથમાંથી કંઈક વિચારણા લઇને કરીએ.

આત્મા વિના આત્મ સ્વરૂપ સંભવતું નથી. મૂલં નાસ્તિ કુતઃશાખા ? જો મૂલજ નહોયતો ડાળી ડાંખળાં શીરીતે સંભવે ?

શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યકત્વનાં ૬૭ બોલો કહ્યા છે. તેમાં ૬ બોલ સમ્યકત્વનાં સ્થાનને લગતા છે.

આત્થિજ્જિઓ સો નિચ્ચો, કત્તાભોત્તા ય પુન્નપાવાણું
અત્થિ ધુવં નિવ્વાણું, તદુપાઓ અત્થિ છટ્ઠાણે ॥

૧. જીવ છે. ૨. તે નિત્ય છે. ૩. તે કર્મનો કર્તા છે. ૪. તે કર્મ ફળનો ભોકતા છે. ૫. મોક્ષ છે. અને ૬. તેનો ઉપાય પણ છે. એટલે જે જીવ છે, એમ માને છે. અર્થાતૂ આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, તેનેજ સમ્યકત્વ સ્પર્શી શકે છે. બીજાને નહિ.

જો જીવ કે આત્માજેવી કોઈ સ્વતંત્ર વસ્તુનો સ્વીકાર કરવામાં ન આવે તો પુણ્ય–પાપનો વિચાર નિરર્થક ઠરે. સ્વર્ગ નરકની વાતો પણ નિરર્થક ઠરે, અને પુનર્જન્મ કે પરલોકની વાતો અર્થહીન બની જાય.

એટલે આત્માની અસ્તિત્વનો સ્વીકાર એ આત્મવાદ કે મોક્ષવાદના પાયાની પહેલી ઈંટ છે, અને તેથીજ પ્રથમ વિચારણા તેની કરવામાં આવે છે.

કેટલાક સમજદાર અને ભણેલાગણેલા માણસો આત્માના અસ્તિત્વનો સ્વીકારકરતા નથી. તેઓ કહે છે કે આત્મા દેખાતો નથી. તેને શી રીતે માનીએ ? જો દેખાડો તો માનવા તૈયાર છીએ. પરંતુ આત્મા એ કાંઈ લોઢાલાકડા જેવી વસ્તુનથી કે તેને હાથમાં પકડીને દેખાડી શકાય ? જે વસ્તુ અરૂપી છે. નજરે દેખાય તેવી નથી. તેને જાણવા માટે મહેનત કરવી પડે છે. ભેજું કસવું પડે છે, અને તેના જાણકારનો સહવાસ પણ સેવવો પડે છે. આટલી તૈયારી હોયતો આત્માને દેખવાનું, આત્માની પ્રતીતિ કરવાનું કામ જરાયે અઘરું નથી.

આ દુનિયામાં વસ્તુ કે પદાર્થ નજરે દેખાય છે, તેને જ આપણે માનીએ છીએ એવું નથી, જે વસ્તુ કે પદાર્થ દેખાતા નથી, પણ તેનું કાર્ય દેખાય છે, તેને પણ આપણે માનીએ છીએ અહીં પાંચ હજાર વર્ષ પૂર્વે મોહન–જો–ડેરો એ નામનું મોટું શહેર હતું. તેના રસ્તા વિશાળ હતા. ઘરો સુંદર હતા. અને તે બાગ બગીચાવાળુ હતું. એવું આજના એના દેખાવ ઉપરથી માલુમ પડે છે, પણ તેનો કારીગર દેખાતો નથી. તેનું નામ નિશાન નથી, છતાં એ બનાવનારની સાબીતી તેના કાર્ય ઉપરથી થાય છે.

વળી પાવાપુરી, રાજગૃહી.ક્ષત્રીયકુંડ. શૌરીપુર, હસ્તિનાપુર, જેસલમેર, રાણકપુરજી, કુંભારીયાજી, નાડોલ નાડલાઈ, માંડવગઢ, ઘોઘા, દીવ, અજારા, ભદ્રેશ્વર, શંખેશ્વરજી, સેરીસા, રાંતેજ,

વડનગર, વાલમ વિગેરે અનેક તીર્થોના જિનમંદિરો જોતાં તે વખતમાં મોટી નગરીઓ, શહેરો, બંદરો હશે, પણ તેના બનાવનાર શીલ્પીઓ અત્યારે જોવામાં આવતાં નથી, પણ તેમના કાર્ય ઉપરથી સમજી શકાય છે.

પવન કે વાયુ નજરે કોઈ જોઈ શકે છે ? પણ વૃક્ષની ડાળીઓ હાલવા લાગે કે મંદિરની ધ્વજા ફરકવા માંડે તો સહુ કોઈ બોલી ઉઠે છે કે વાયુ વાય છે, તાત્પર્ય એજ કે પવન નજરે દેખી શકાતો નથી, પણ તેના કાર્ય વડેજ આપણે તેને જાણી શકીએ છીએ.

વિજળી દ્વારા અનેક પ્રકારના કાર્યો થાય છે. સ્વીચ (બટન) દાબો કે પંખો ફરવા માંડે છે, અને ગ્લોબમાં અતિ પ્રકાશવંત દીવો થાય છે, પણ એ પંખો ફેરવનાર તથા પ્રકાશવંત દીવો કરનાર વિદ્યુત શક્તિને કોઇએ નજરે જોઈછે ખરી ? ગમે તેવી તીણી નજરવાળો પણ એને જોઈ શકતો નથી, અને એકનું સો ગણું વધારે બતાવનાર, હજાર ગણું બતાવનાર દુર્બીન આંખે લગાડો તો પણ એ વિદ્યુત શક્તિ જોઈ શકાતી નથી, પણ માત્ર તેના કાર્યોપરથી જ આપણે કહીએ છીએ કે જગતમાં વિદ્યુત નામની એક શક્તિ અસ્તિત્વ ધરાવે છે.

આજ ઘરઘરમાં રેડીયો વાગે છે, અને આ ગીત અમેરિકાથી આવ્યું. આ ગીત કોલંબોથી આવ્યું. આ ગીત કલકત્તાથી આવ્યું. એમ કહેવામાં આવે છે, તો એ ગીત અમેરિકા કે

કોલંબાથી કે કલકત્તાથી અહીં અમદાવાદમાં–મુંબઈમાં શી રીતે આવ્યું ? કોઈએ તેને આવતા જોયું ખરૂં ? જો એમ કહેવામાં આવે કે એતો ઈથિરના મોજામાં ગતિમાન થયું અહીં આવ્યું, તો એ ઈથિરને કે તેના મોજાઓને ગતિમાન થતાં નજરે કોણે જોયાં ? કોઈએ જોયાં નથી પણ માત્ર કાર્ય પરથી જ તેની પ્રતીતિ થાય છે. જે વસ્તુ નજરે જોઈએ નહિ તેનું અસ્તિત્વ માનવું નહિ એમ કહેનારાઓને પૂછવામાં આવે કે તમારા પિતામહ હતા કે નહિ, વળી તેમના પિતામહ હતા કે નહિ ? અને તેમના પણ પિતામહ (દાદા) હતા કે નહિ ? તો એ શું જવાબ આપશે ? એમજ કહેશે કે હા હતા. ફરી તેમને પૂછવામાં આવે કે તમારી સોમી પેઢી હતી કે નહિ ? હજારમી પેઢી હતી કે નહિ ? અરે લાખમી પેઢી હતી કે નહિ ? તો તેનો જવાબ પણ એમજ આપશે કે હા હતી. આમ કહેવાનું કારણ શું છે ? જ્યાં પાંચમી પેઢી જોવાની મુશ્કેલ છે ત્યાં સોમી હજારમી કે લાખમી પેઢી કોણ જોઈ શકે ?

વહીવંચાના ચોપડામાં, ઇતિહાસનાં મોટાં ચોપડાઓમાં કે પૂરાણા લેખોમાં પણ તેનો નામ નિર્દેષ મળે નહિ, છતાં કહેછે કે હા હતી. તેનું કારણ એજ કે એ પેઢીઓ નજરે દેખાતી નથી, પણ તેનું કાર્ય નજરે દેખાય છે, અને તમે પોતેજ એનું કાર્ય છો, એનો જીવતો જાગતો પુરાવો છે. જો તમારી સોમી, હજારમી પેઢી ન હોતતો તમે હોતજ ક્યાંથી ? આ પરથી એટલું

નક્કી થયું કે જે વસ્તુ નજરે દેખાતી ન હોય પણ તેનું કાર્ય દેખાતું હોય તે અસ્તિત્વમાં છે, એમ માનીએ છીએ અને એમજ માનવું જોઇએ !

હવે આત્માનું કાર્ય દેખાય છે કે નહિ ? તે વીચારીએ. એક માણસ મૃત્યુ પામે છે, ત્યારે શરીર તો એનું એજ હોય છે. એજ મુખ, એજ નાક, એજ કાન, એજ આકૃતિ. બધુ એનું એ છતાં તે મૃત્યુ પામ્યા પછી કંઈ કરી શકતો નથી.

તેનું કારણ શું ? પ્રથમ (મૃત્યુ પહેલાં) ભૂખ લાગતી ત્યારે ખાવાનું માંગતો. તરસ લાગતી ત્યારે પાણી માંગતો, પણ હવે તે કેમ કંઈ માંગતો નથી ? કદાચ વગર માંગ્યે તેના મોઢામાં અનાજનો કોળીયો મૂકવામાં આવે તો ખાય ખરો ? અથવા પાણી રેડવામાં આવે તો પીએ ખરો ? જ્યારે તે જીવતો હતો ત્યારે એમ કહેતો હતો કે આ મારી પત્ની છે, આ મારો પુત્ર છે, આ મારી પુત્રી છે, આ મારા સગા સ્નેહીઓ છે. તો હવે તે કેમ બોલતો નથી ? ઘડી પહેલાં તે એમ કહેતો હતો કે હવે મારા કુટુંબનું શું થશે ? મારી માલમિલકતનું શું થશે ? જે ઢોરઢાંખરને મેં ઘણા પ્રેમથી પાળ્યા છે, તેનું શું થશે ? તે વખતે નિસાસા મૂકતો હતો. અફસોસ કરતો હતો, અને આંખમાંથી આંસુ સારતો હતો. તે બધુ એકાએક બંધ કેમ પડી ગયું ? શું તેની કુટુંબ પ્રત્યેની લાગણી ઘટી ગઈ ? માલમિલકત પરની મમતા ઓછી થઈ ગઈ ? કે ઢોર ઢાંખર પરનો પ્રેમ પસ્વારી

ગયો ? જો એવું થાય તો બેડો પાર થઈ જાય. પણ એવું કંઈ પણ બન્યા વિના તેનું બધું કામ બંધ પડી ગયું એ હકીકત છે. મૃત્યુ પામેલાને કોઇ ગાળ આપે તો બોલશે ખરો ? અથવા લાત મારે તો ઉંકારો કરશે ખરો ? પહેલા તો કોઈ સળગતી દીવાસળી ચાંપે તો ગરમ થઈ જતો અને તેની સાથે લડી પડતો. પણ હવે તેને લાકડાની ચેહમાં આખાને આખો સળગાવી દેવામાં આવે તો પણ ગરમ થશે નહિ કે ચૂંચા કરશે નહિ. એનું કારણ એજ કે તેમાં જે જાણનારો હતો, જોનારો હતો, સ્પર્શનારો હતો, સૂંઘનારો હતો, ચાખનારો હતો, સાંભળનારો હતો, બોલનારો હતો, વિચારનારો હતો, અને ઈચ્છામુજબ ક્રિયા કરી શકનારો હતો તે ચાલ્યો ગયો.

જો જાણવું જોવું વગેરે કાર્યો શરીરના હોત તો મડદામાં શરીર મોજુદ છે અને તે કાર્યો થવા જોઈતા હતા. પણ તે કાર્યો થતા નથી. એટલે ચોક્કસ છે કે એ કાર્યો શરીરના નહિ પણ આત્માનાજ હતા.

તાત્પર્ય કે ચૈતન્યભર્યો જીવનવ્યવહાર એ આત્માના અસ્તિત્વની મોટામાં મોટી સાબીતી છે. કોઈ પણ સમજદાર તેનો ઈન્કાર કેમ કરી શકે ?

કીડી, મંકોડી, માખી, મચ્છર, ભમરા વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર છે. એટલે તેનામાં આત્મા છે અને કાગળ પેન્શીલ છરી ચપ્પુ વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર નથી. એટલે તેમનામાં આત્મા નથી.

ગાય, ભેંસ, હાથી, ઘોડા, સાપ, દેડકા, માછલાં, કુતરા મનુષ્ય વગેરેમાં ચૈતન્યભર્યો જીવનવ્યવહાર છે. એટલે તેમનામાં આત્મા છે.

જેમ ધુમાડા પરથી અગ્નિનું અનુમાન કરી શકાય છે. તેમ ચૈતન્ય પરથી આત્માનું અનુમાન કરી શકાય છે, શાસ્ત્રકાર ભગવંતોએ **चैतन्य लक्षणो जीवः** એવું સૂત્ર કહ્યું છે. તેનો અર્થ એ છે કે જ્યાં જ્યાં ચૈતન્ય દેખાય ત્યાં ત્યાં જીવ કે આત્માનું અસ્તિત્વ માનવું.

આત્માના અસ્તિત્વ અંગે પ્રદેશી રાજાનો પ્રબંધ ખાસ જાણવા જેવો છે. તે વાંચવાથી આત્માના અસ્તિત્વની શ્રદ્ધા દૃઢ થશે. અને સર્વ સંશયો તમારા મનના દૂર થઈ જશે.

મહાનભાવો ! આત્મા છે એટલું જ જાણે પણ તેનું સ્વરૂપ જાણે નહિ કે તેના ગુણોથી પરિચિત થાય નહિ તે આત્મગુણોનો વિકાસ શી રીતે કરી શકે ; આત્મસુખનો સાચો આસ્વાદ શી રીતે માણી શકે ! એટલે આત્માનું સ્વરૂપ વિશેષ પ્રકારે સમજવાની જરૂર છે.

હું એટલે દેહ નહિ પણ આત્મા. સુજ્ઞો ! હું એટલે પ્રેમચંદભાઈ, ઉજમશીભાઈ, છગનભાઈ, મોહનભાઈ, લાલભાઈ, જગુભાઈ, ચુનીભાઈ, મગનભાઈ, જીવરાજભાઈ, ડાહ્યાભાઈ, અમુભાઇ નટુભાઈ, અનંતભાઈ, પ્રાણભાઈ, ત્રીભુવન કે મુગટભાઈ, આશારીયા ભાઈ, રતીભાઈ, હીરજીભાઈ, પ્રેમજીભાઈ, માવજીભાઈ,

લલ્લુભાઈ, ધીરૂભાઈ, મણીભાઈ, ચીમનભાઈ, રમણભાઈ, મનુ-ભાઇ, વિગેરેના નામથી ઓળખાતો દેહ સમજવાનો નથી. પણ તેમાં બિરાજનારો ચૈતન્ય લક્ષણવાળો આત્મા સમજવાનો છે. જેમ મહેલમાં રહેનારો અને મહેલ એક નથી બંને જુદા છે. તેમ દેહમાં રહેનારો અને દેહ એક નથી. પણ બંને જુદા છે. તરવારને મ્યાનમાં રહેલી જોઈને કોઈ મનુષ્ય તરવાર અને મ્યાનને એકજ સમજી લે તો આપણે કેવો કહીશું ? તરવાર અને મ્યાન એ બંને જુદી જુદી વસ્તુઓ છે. એતો એક નાનુ છોકરૂં પણ જાણે છે.

આત્મા એક મોટો પ્રવાસી છે અને તે અનાદિ કાળથી પોતાના કર્માનુસાર ચાર ગતિ અને ચોરાશી લાખ જીવયોનીમાં પરિભ્રમણ કર્યા કરે છે. આ પરિભ્રમણનો અંત ત્યારે જ આવે કે જ્યારે તે મુક્તિની પ્રાપ્તિ કરે છે.

કેટલાકને પુનર્જન્મ વિશે શંકા છે. તેઓ એમ કહે છે કે જો અમારો પુનર્જન્મ થયો હોય તો અમને પૂર્વભવની વાતો યાદ કેમ ન રહે ? જ્યારે અમે પચીશ પચાશ કે તેથી પણ અધિક વર્ષની વાતો યાદ રાખી શકીએ છીએ. ત્યારે અમને પૂર્વજન્મની વાત પણ યાદ રહેવી જ જોઇએ. તેના સંબંધમાં જણાવવાનું જે પૂર્વજન્મનો સિદ્ધાંત કોઇએ કલ્પેલો નથી. પણ કેવળ જ્ઞાની વીતરાગ પ્રભુએ પોતાના જ્ઞાનથી કહેલો છે. અનંત જ્ઞાનીના વચનો પર વિશ્વાસ ન રાખવો અને પોતાની મામુલી

તુચ્છ બુદ્ધિપર વિશ્વાસ રાખવો એ કઈ જાતનું ડહાપણ ! તમારે મોટી ઈમારત બાંધવી હોય તો તમારી બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખો છો કે ઈજનેરની બુદ્ધિ ઉપર ? રોગનિવારણ કરવું હોય તો તમારી બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખો છો કે વૈદ્ય–હકીમ કે ડોકટરની બુદ્ધિ ઉપર ? જો આવી બાબતમાં તમે તમારી બુદ્ધિ પર વિશ્વાસ ન રાખતાં એક કુશળ ઇજનેર કે કુશળ વૈદ્ય–હકીમ–ડોકટરની બુદ્ધિપર વિશ્વાસ રાખો છો. તો તત્ત્વની બાબતમાં તત્ત્વપારંગત એવા સર્વજ્ઞ ભગવંતપર વિશ્વાસ કેમ રાખતા નથી ?

પુન્ય પાપનો એટલે કે સારા અને ખોટા કર્મોનો ભોગવટો કરવા માટે જીવને અમૂક ગતિમાં ઉત્પન્ન થવું પડે છે. સર્વજ્ઞ-મહાપુરુષોએ પોતાના પૂર્વભવોની હકીકત વિસ્તારથી કહેલી છે. તેથી પણ પુનર્જન્મ હોવાની ખાતરી થાય છે. બૌદ્ધ ધર્મના ઉપદેશક બુદ્ધે પણ પોતાના પૂર્વભવોનું વર્ણન કરેલ છે. અને હિંદુ મહર્ષિઓએ પણ પૂર્વભવની અનેક કથાઓ કહેલી છે. આ રીતે આર્યસંસ્કૃતિ તો પૂનર્જન્મમાં દૃઢશ્રદ્ધા ધરાવનારી છે.

પૂર્વજન્મની વાત યાદ નથી, માટે પુનર્જન્મ નથી, એમ કહેનારને આપણે પૂછી શકીએ કે તમને ગર્ભની વાત યાદ છે ખરી ! જો ગર્ભની વાત યાદ હોયતો કહી બતાવો. તે શું જવાબ આપશે ! ગર્ભની વાત યાદ નથી. એજ કે બીજું કંઈ ! જો ગર્ભની વાત યાદ નથી તો તમે ગર્ભને માનો છો કે નહિ ! તમે ગર્ભમાંથી ઉત્પન્ન થયા કે આ જગતમાં એમને એમ પટકાઈ

પડ્યા ! એનો પણ જવાબ આપો.

આજગતમાં જેટલા મનુષ્યો જન્મ્યા છે તે બધા એક વાર માતાના પેટમાં હતા. માથુ નીચે અને પગ ઉપર એવીરીતે નવ માસથી પણ અધીક સમય તેમાં લટકયા હતા. એ હતી અંધારી કોટડી અને તેમાં અનાજને પણ પચાવી દે એવી હતી ઉત્કટ ગરમી. તે ઉપરાંત ત્યાં મોકું ફેરવી લેવાનું મન થાય એવી દુંધિ પણ હતી. રહેવાનું હતું બરાબર જકડાઈને, ન હાથ લાંબો થાય કે ન પગ ટુંકો થાય પણ ગર્ભમાંથી બહાર નીકળ્યા પછી એકદમ પલટો થયો. અને આપણે બધું ભૂલી ગયા. તેથી એમ કહેવાશે ખરૂં કે આપણે ગર્ભમાં હતા જ નહિ.

જો મનુષ્યને ગર્ભાવસ્થાનું આદુઃખ યાદ રહેતો ફરી ગર્ભમાં આવવાનું પસંદ કરેજ નહિ. પણ મનુષ્ય એ બધું ભૂલી જાય છે અને જે નવું જીવન પ્રાપ્ત થયું છે. તેમાંજ આનંદ માને છે.

આપણું જીવન નદીના બે કીનારાને જોડતા પુલ જેવું છે. તેમાં એક કિનારાને આપણે જન્મ કહીએ છીએ. અને બીજા કિનારાને મરણ કહીએ છીએ. એકમાં આવવાનું છે, બીજામાં જવાનું છે. આવનાર પૂર્વમાં મરીનેજ આવે છે. અને જનાર પણ મરીનેજ જાય છે. પણ આપણે જન્મ વખતે વાજા વગડાવીએ છીએ. મીઠાઈ ઓ વહેંચીએ છીએ. મોટો ઉત્સવ માંડીએ છીએ. જ્યારે મૃત્યુ વખતે રોકકળ કરીએ છીએ. અને દિવસો સુધી શોક પાળીએ છીએ. આનું કારણ શું ! આપણે રાગ

આપણો સ્વાર્થ કે બીજું કંઈ ! રાગ અને દ્વેષ એ બેજ આપણને સંસારમાં રખડાવનાર મહાન શત્રુઓ છે. છતાં આપણે તેની સોબત મૂકતા નથી એ શું ઓછું ખેદજનક છે !

મનુષ્ય ગર્ભાવસ્થાનું દુઃખ બહાર આવતાં કેમ ભૂલી જાય છે તેનો ખુલાસો એ છે કે મરણ પથારીએ પડેલો માણસ એમ કહે છે કે જો હું બચીશ તો ધર્મ કરીશ. પણ તે ખરેખર બચી જાય તો શું કરે છે ! માંદગીમાં જે અનેક પ્રકારનું દુઃખ ભોગવવું પડતું હતું તેમાંથી છુટકારો થવાનો આનંદ માણે છે અને એ આનંદમાં પોતે કરેલો સંકલ્પ ભૂલી જાય છે.

તમે એક હોડીમાં બેઠા હો અને પવનના તોફાનથી હોડી ડગમગવા લાગે ત્યારે શું કહો છો ! હે પ્રભુ મને બચાવો. હે શાસનદેવ મારી રક્ષા કરો. હે ચક્રેશ્વરીમાતા મારી વારે ધાઓ. હે પદ્માવતીમાતા આ પવનના તોફાનને શાંત કરો. વગેરે વગેરે પરંતુ પવનનું તોફાન પસાર થઈ જાય. પછી તમે એ બધાને કેટલાં યાદ કરો છો ! બે ચાર વાર નામ લેવું એ કંઈ યાદ કર્યા ન કહેવાય. દિલમાં બરાબર રટણ ચાલે ત્યારે યાદ કર્યા કહેવાય. આવી રીતે યાદ કેટલી વખત કરો છો !

કોઈ જુવાનનું મરણ થાય છે અને તમે આભડવા જાઓ છો. ત્યારે તમારા મનમાં કેવાં વિચારો આવે છે. અહો ! આ સંસાર અસાર છે. મૃત્યુ કોઈને મૂકતું નથી. મારે પણ વહેલું મોડું આરીતે જવું પડશે. માટે હવે બીજું બધું છોડીને ધર્મની

આરાધનામાજ લાગી જાઉં. પણ આભડીને પાછા આવો છો ને વ્યવહારમાં પડો છો ત્યારે તેમાંનું કેટલું યાદ રહે છે ! એજ ખાન એજ પાન એજ રહેણી અને એજ કરણી, બધું પૂર્વવત ચાલુ થઈ જાય છે અને પહેલો રમસાનીયો વૈરાગ્ય ભૂંસાઈ જાય છે.

એજ રીતે મનુષ્યને નવું જીવન પ્રાપ્ત થાય છે. એટલે તે ગર્ભાવસ્થાનું દુઃખ ભૂલી જાય છે.

મરણનું દુઃખ જન્મના દુઃખ કરતાં આઠગણું વધારે હોય છે. હજારો વિંછી કરડે અને જે વેદના ભોગવવી પડે છે. તેવી વેદના મરણ વખતે જીવને ભોગવવી પડે છે. ત્યાંથી તે જન્મ-ક્ષેત્રમાં પ્રવેશે છે. ત્યારે મરણનાં દુઃખની સરખામણીમાં ગર્ભનું દુઃખ ઓછું હોવાથી તે પહેલાનું બધું ભૂલી જાય છે.

આત્મા જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે તે કોઈની સોબતમાં આવતો નથી. છતાં એક બાળક દયાળુ અને બીજો ક્રૂર. ત્રીજો લોભી અને ચોથો ઉદાર શા માટે !

તેનો સ્વભાવ ઘણીવાર માતા પિતાથી પણ વિરુદ્ધ જોવામાં આવે છે. મમ્મણશેઠ કૃપણ હતા. પણ તેની માતા કૃપણ ન હતી વસુદેવ ભોગી હતા અને તેમના છ પુત્રો પરમવૈરાગી હતા. બહા-દુર માતાનો પુત્ર કાયર, અને કાયર માતાનો પુત્ર બહાદુર. મૂર્ખ પિતાનો પુત્ર જ્ઞાની, અને જ્ઞાની પિતાનો પુત્ર મૂર્ખ. જોવામાં

આવે છે. વળી તીર્થંકરો અસાધારણ કોટીના હોય છે. તેના માટે તમે શું કહેશો ! આનો ખુલાસો એકજ હોઈ શકે કે આત્માએ જ્યારે દેહ ધારણ કર્યો ત્યારે તે પૂર્વભવના સંસ્કારોની કેટલીક મૂડી પોતાની સાથે લેતો આવ્યો હતો. અને તેજ આરીતે વ્યક્ત થઈ રહી છે. આત્મા જ્યારે એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરવા માટે ગતિ કરે છે. ત્યારે તેની સાથે આ સંસ્કારની મૂડી ઉપરાંત તૈજસ અને કાર્મણ નામના બે શરીરો પણ હોય છે. આ શરીરો અતિસૂક્ષ્મ હોવાથી કોઈ તેની રૂકાવટ કરી શકતું નથી. એટલે આત્માની સાથે તે ગમે ત્યાં જઈ શકે છે.

શાસ્ત્રકાર ભગવંતે શ્રી પન્નવણાસૂત્રમાં કહ્યું છે કે પંચ શરીરા પણ્ત્તા. તંજહા ઓરાલિયે. વેઉવ્વિએ. આહારએ તેયએ. કમ્મએ. પાંચ પ્રકારના શરીરો કહેલા છે. તે આ પ્રમાણે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.

જે શરીર ઉદાર એટલે ઉત્કૃષ્ટ પુદ્ગલોનું બનેલું હોય છે. તે ઔદારિક કહેવાય. અથવા અન્ય શરીરોની અપેક્ષાએ જે ઉચ્ચ સ્વરૂપવાળું હોય તે ઔદારિક કહેવાય. અથવા જેનું છેદન ભેદન, ગ્રહણ, દહન વગેરે થઈ શકે તે ઔદારિક કહેવાય. જે શરીરમાં હાડ–માંસ વગેરે હોય તે ઔદારિક કહેવાય. બાકીના ચાર શરીરોમાં હાડ–માંસ હોતા નથી.

જે શરીર નાનામાંથી મોટું થવાની અને મોટામાંથી નાનું થવાની. જાડામાંથી પાતળુ થવાની અને પાતળામાંથી જાડુ

થવાની. અથવા એકરૂપમાંથી અનેકરૂપ ધારણ કરવાની અને અનેકરૂપમાંથી એકરૂપ ધારણ કરવાની વિક્રિયાને પામે તે વૈક્રિય કહેવાય. દેવતાનું શરીર દિવ્ય હોય છે અને નારકીમાં ઉત્પન્ન થનારાનુ શરીર કદરૂપુ બીહામણું હોય છે. દેવતાના અને નારકીના શરીરો કાપવાથી કપાતા નથી બાળવાથી બળતા-નથી ડુબાવ્યાથી ડુબતા નથી મારવાથી મરતા નથી. દેવ અને નારકીઓને આવા શરીર જન્મથી હોય છે. અને મનુષ્ય તથા તિર્યંચને લબ્ધિથી પ્રાપ્ત થાય છે. ઔદારિક શરીર આત્માથી છૂટુ પડ્યા પછી પણ એવું ને એવું રહી શકે છે. જ્યારે વૈક્રિય શરીર આત્માથી છૂટુ પડયા પછી કપુરની જેમ ઉડી જાય છે. વિખરાઇ જાય છે.

ચૌદપૂર્વધર મુનિ સૂક્ષ્મ અર્થનો સંદેહ નિવારવા કેવલી ભગવંત પાસે જવા માટે અથવા તીર્થંકરની ઋદ્ધિ જોવાના હેતુથી તીર્થંકર પાસે મોકલવા માટે વિશુદ્ધ પુદ્ગલોનું બનાવેલું જે અવ્યાઘાતી શરીર ધારણ કરે છે. તે આહારક શરીર કહેવાય છે.

જે શરીર ખાધેલા આહારનું પાચન કરવામાં સમર્થ છે. તથા તેજોમય છે અને ઉષ્મા આપનારૂં છે, તે તેજસ શરીર કહેવાય છે અને જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો સમૂહ જે આત્મ પ્રદેશમાં એકતા પામેલો છે. તે પાંચમું કાર્મણ શરીર કહેવાય છે.

આ શરીરો ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. એટલે ઔદારિક કરતા

વૈક્રિય સૂક્ષ્મ છે. વૈક્રિય કરતા આહારક શરીર સૂક્ષ્મ છે. આહારક શરીર કરતા તૈજસ શરીર સૂક્ષ્મ છે અને તૈજસ શરીર કરતા કાર્મણ શરીર સૂક્ષ્મ છે.

આત્મા શરીરદ્વારા ક્રિયા કરે છે અને તેના સંસ્કાર તેના પર પડે છે. એટલે સારી ક્રિયાના સારા સંસ્કાર પડે છે અને ખરાબ ક્રિયાના ખરાબ સંસ્કાર પડે છે તે વાત સહુ જાણેજ છે.

જેઓ જિનમંદિરે જતા હોય, દેવ દર્શન કરતા હોય, સેવા પૂજા કરતા હોય, સદ્‌ગુરૂનો સમાગમ કરતા હોય તેમની વ્યાખ્યાનવાણી સાંભળતા હોય, વ્રતનિયમ કરતા હોય, સારા સારા ધાર્મિક પુસ્તકો વાંચતા હોય, પરોપકારના કાર્યો કરતા હોય, સુપાત્રમાં દાન દેતા હોય, અભયદાન, અનુકંપાદાન કરતા હોય, સામાયિક પ્રતિક્રમણ કરતા હોય, સાતે ક્ષેત્રમાં પુન્યથી મળેલ લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતા હોય, તે ધાર્મિક બને છે અને જેઓ ખાવાપીવાની વાતમાંજ મશગુલ રહેતા હોય, નવી નવી ભોગસામગ્રી શોધતાં હોય, નાટક–તમાસામાં પોતાનો સમય વીતાવતા હોય, તથા શરાબી, ગંજેરી કે જુગારી મિત્રોની સોબતમાં ફસ્યા હોય તે અધર્મિ બને છે. જેવો સંગ તેવો રંગ. એ કહેવત દુનિયામાં પ્રસિદ્ધ છે.

જગતના જીવો કૌતુક જોવામાં લલચાય છે. મહાસતી સુલસાએ કૌતુક જોવાની જરાપણ ઈચ્છા કરી નહી. આ તેના સમ્યગ્‌દર્શન ગુણના રાગથી પરિવ્રાજક અંબડે સુલસાના ગુણ

ગાયા. શ્રી જીનેશ્વર અને જીનેશ્વરના ધર્મને જાણનાર એવા સાધર્મિક દેવ દેવીઓના પ્રત્યે તેમજ સાધર્મિક ભાઈ બહેનોના પ્રત્યે સુલસાનો ધર્મરાગ ધર્મસ્નેહ પ્રશંસા પાત્ર હતો.

અન્ય દેવો કૌતુક બતાવનાર કે ચમત્કાર બતાવનાર હોય તો પણ તે દેવ દેવીઓ સંસારની વૃદ્ધિના હેતુ હોવાથી તેમના પ્રત્યે બહુમાન કરતી નહિ.

એક વખત અંબડ નામના પરિવ્રાજકે પ્રભુ મહાવીરદેવની તત્ત્વપૂર્ણ દેશના સાંભળીને જૈનધર્મ અંગિકાર કર્યો. આકાશ ગામિની વિદ્યા આદિ અનેક લબ્ધિને ધરનાર અને સર્વજ્ઞની આજ્ઞા મસ્તકે ધરનારા ત્રિદંડી વેશવાળા અંબડ પરિવ્રાજકે ભગવાન મહાવીરદેવને નમસ્કાર કરીને મનમાં રાજગૃહી નગરી તરફ જવા વિચાર્યું. પ્રયાણ કર્યું તે વખતે ત્રણેકાળના ભાવને જાણનાર સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવ બોલ્યા કે હે ધર્મશીલ અંબડ તું અહીંથી રાજગૃહી નગર તરફ જાય છે તો ત્યાં તારે સુલસા શ્રાવિકાને મલીને તેને મારા ધર્મલાભ કહેવા. અંબડ પરિવ્રાજકે કહ્યું કે બહુસારૂં. પછી તે આકાશ માર્ગે રાજગૃહનગરે આવ્યો અંબડ પરિવ્રાજકે મનમાં વિચાર કર્યો કે અહો ! આ સુલસાનું સૌભાગ્ય આશ્ચર્યકારી છે. રાગ દ્વેષથી રહિત એવા જીનેશ્વરદેવ પણ જેને ધર્મલાભ પાઠવે છે. તે કેવી શ્રેષ્ઠધર્મવાન. શ્રદ્ધાવાન હશે ! તે સુલસાની ધર્મમાં કેવી આસ્થા હશે ! તેની હું પરીક્ષા કરૂં. અને તેના કયા ગુણે કરીને શ્રીજીનેશ્વરદેવ આનંદ પામ્યા

તે સર્વે હું જાણું. બુદ્ધિવંત એવા અંબડ પરિવ્રાજકે પોતાનો વેશ પરિવર્તન કરીને યાચક બનીને સુલસાશ્રાવિકાને ઘેર ગયો. સુલસા શ્રાવિકા દયાથી યાચકને ભોજન આપવા લાગી. ત્યારે યાચકે કહ્યું કે હે ધર્મવંતી ! તું મારા પગધોવાપૂર્વક આદરથી મને ભોજન કરાવ.

તે વાત સુલસાએ કબુલ કરી નહિ. કારણ કે તે કંચન-કામિનીના ત્યાગીનેજ સુપાત્ર માનતી હતી. સુપાત્રસિવાય કોઇને આદર આપવો તે મિથ્યાત્વ છે. એવું નક્કરપણે તેનું માનવું હતું.

ત્યારબાદ લાચાર થયેલ અંબડ પરિવ્રાજકે પૂર્વ દિશાના દરવાજાની બહાર જઈ વૈક્રિય લબ્ધિવડે ચારમુખવાળા હંસના વાહનવાળા અને સાથે સાવિત્રીવાળા બ્રહ્માનું રૂપ ધારણ કર્યું. આ વાત જાણીને સાક્ષાત્ બ્રહ્માને વંદન કરવા નગરના લોકો જવા લાગ્યા. પરંતુ જૈનધર્મમાં દૃઢશ્રદ્ધાવાળી અને સુદેવ સુગુરૂ સુધર્મનું સ્વરૂપ જાણનારી સુલસા ત્યાં ગઈ નહિ.

બીજે દિવસે દક્ષિણદિશાના દરવાજાની બહાર જઇને ગરૂડના વાહનવાળા ચાર હાથવાળા અને લક્ષ્મીજીથી શોભતા એવું વિષ્ણુનું રૂપ ધારણ કર્યું. તે વખતે પણ ગામના ઘણા લોકો દર્શન કરવા ગયા. પણ સુલસા શ્રાવિકા ગઈ નહિ.

ત્રીજે દિવસે પશ્ચિમ દિશાના દરવાજાની બહાર જઇને વૃષભના વાહનવાળા આખાશરીરે ભસ્મચોળેલા અને પાર્વતીને ધારણ કરનાર શંકરનું રૂપ ધારણ કર્યું. તે વખતે પણ શહેરના

લોકો વંદન કરવા ગયા પણ સુલસાશ્રાવિકા ગઈ નહી.

ત્યારબાદ ચોથે દિવસે ઉત્તર દિશાના દરવાજાની બહાર સમવસરણમાં બિરાજેલ તીર્થંકરનું રૂપ વિકુર્વ્યું. તે વખતે અંબડ પરિવ્રાજકે વિચાર કર્યો કે આજે તો સુલસા જરૂર વંદન કરવા આવશે. પરંતુ તે વખતે પણ સુલસા વંદન કરવા ન આવી. એટલે કોઈ એક માણસને સુલસાને કહેવા મોકલ્યો તે માણસે આવીને સુલસાને કહ્યું આજે આપણાનગરની બહાર ઉત્તર દિશાના દરવાજા આગળ પચીશમા તીર્થંકર પધાર્યા છે. માટે તમો વંદન કરવા ચાલો. તે વખતે સુલસાએ તે માણસને કહ્યું કે ભાઈ આ કોઈ તીર્થંકર નથી. પરંતુ તીર્થંકરનું રૂપ કરનારો કોઈ બહુરૂપી લાગે છે. તીર્થંકરતો ચોવીશજ થાય છે. અને ચોવીશમા તીર્થંકર શ્રીમહાવીર પ્રભુ હાલમાં આ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. વળી એકક્ષેત્રમાં બે તીર્થંકરો સાથે થતા નથી. આથી નક્કી થાય છે કે પોતાને પચીશમો તીર્થંકર કહેવડાવનારો તે લોકોને છેતરવાને આવું કહે છે. જેઓ જૈનધર્મનું સ્વરૂપ જાણતા ન હોય તેઓજ આવા ધુતારાની જાળમાં ફસાય છે. માટે હું વંદન કરવા આવીશ નહિ.

આ પ્રમાણે અંબડ પરિવ્રાજકે સુલસાને ચલાયમાન કરવાનો પ્રયત્ન કરી જોયો. પરંતુ સુલસા જરાપણ છેતરાઈ નહિ. અને ધર્મશ્રદ્ધાથી ચલિત થઈ નહિ ત્યારે તેને ભગવાનના ધર્મ લાભની યોગ્યતા સમજાઈ. એટલે પાંચમાં દિવસે તે અંબડ

પરિવ્રાજક શ્રાવકનો વેશ લઇને સુલસાને ઘેર આવ્યો.

તે વખતે સાધર્મિભાઈ તરીકે સુલસાએ તેનો સત્કાર અને બહુમાન કર્યા. બેસવા આસન આપ્યું અને કહ્યું "આપને સુખ શાતા છે !" અંબડે જણાવ્યું. "દેવ, ગુરુની કૃપાથી સુખશાતા છે. મેં શ્રી મહાતીર્થ શત્રુંજય આદિ અનેક તીર્થોની યાત્રા કરી. ત્યાર બાદ ચંપાનગરીમાં ગયો. ત્યાં મહાવીર પ્રભુજીને વાંદ્યા. ધર્મોપદેશ સાંભળ્યો અને અહીં આવવા નીકળ્યો. ત્યારે ભગવાન મહાવીર દેવે ફરમાવ્યું કે રાજગૃહી નગરમાં સુલસાશ્રાવિકાને મારો ધર્મલાભ કહેજો.તે જણાવવાહું તમારી પાસે આવ્યો છું. રસ્તામાં મને વિચાર આવ્યો કે શ્રી મહાવીર પરમાત્માએ પોતે જેને ધર્મલાભ કહેવરાવ્યો છે. તેની ધર્મશ્રદ્ધા કેવી છે ? તેની હું પરિક્ષા કરૂ અને તેથી મેં રાજગૃહીના જુદા જુદા દરવાજા બહાર જુદા જુદા દેવોના રૂપ વિકુર્વ્યા ને પરીક્ષા કરી છે પણ તેમાં તમે જરાય ચલિત થયેલા જણાયા નથી.

અંબડ પરિવ્રાજકના વચન સાંભળીને તથા પ્રભુએ પોતે ધર્મલાભ કહેવરાવ્યો.તેથીહર્ષથીરોમાંચિત થયેલી સુલસાએઊભી થઈને જે દિશા તરફ પ્રભુ મહાવીર વિરાજમાન હતા. તે દિશા તરફ જોઇને બે હાથ જોડીને વંદન કર્યું, અને સ્તુતિ કરીને પોતાના સગાભાઈ તુલ્ય ગણીને સુલસાએ ભક્તિથી અન્નપાનાદિક વડે અંબડ પરિવ્રાજકને સુંદર રીતે ભોજન કરાવ્યું, અને સત્કાર કર્યો. ત્યારપછી અંબડ પરિવ્રાજકે સુલસાને કહ્યું. હે

ધર્મબહેન ! આ બધા પ્રસંગોએ જ્યારે બધા લોકો મને સાક્ષાત દેવ જાણીને વંદન કરવા આવ્યા તે છતાં તમે કેમ આવ્યા નહિ ?

તે વખતે સુલસાએ જણાવ્યું "જેણે જૈનધર્મનું સ્વરૂપ અને સુદેવ, સુગુરૂ અને સુધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યુંછે અને શ્રીજિનેશ્વરદેવનાવચનમાં જેનીઅખૂટશ્રદ્ધા છેતે મિથ્યાત્વી દેવોને કેવી તેરી વંદન કરે ! જેઓ અઢાર દોષથી રહિત હોય તે સુદેવ જાણવા. પરંતુ જેમનામાં સાક્ષાત્ દોષો જણાતા હોય તે કુદેવ જાણવા. વળી હાલમાં જ્યારે સાક્ષાત્ શ્રી વીરપરમાત્મા તીર્થંકર તરીકે વિચરી રહ્યા છે. ત્યારે પચીશમા તીર્થંકર કયાંથી હોય ? માટે જેને સમ્યગ્દર્શનગુણ પ્રગટ થયો હોય તેને વીતરાગ દેવના વચન ઉપર અડગ શ્રદ્ધા હોય છે.અડગ શ્રદ્ધા તેસમકિત જાણવું, વ્યવહાર સમકિતઅને નિશ્ચય સમકિત સમજાવ્યું.આ સાંભળીને તે જિનધર્મમાં વધુ સ્થિર થયો.

સુલસાની ધર્મશ્રદ્ધાને વિચારતો અંબડ પરિવ્રાજક તેની રજા લઇને ત્યાર પછી ત્યાંથી ચાલી નીકળ્યો. તે પછી સુલસા ચિરકાળ મહાવીર પ્રભુની પૂજાકરતી,ઉભયકાળ આવશ્યક કરતી, સુપાત્રમાં દાન કરતી, છઠ્ઠઅઠમઆદિ તપ કરવામાં તત્પર સુલસાએ શુભકાર્યોથી પોતાના શરીરને પવિત્ર બનાવ્યું. ત્યારબાદ તેણે શ્રી શત્રુંજય આદિ તીર્થોની ભાવભક્તિ પૂર્વક યાત્રા કરી. સુલસાના પતિ નાગસારથી પણ વિશેષ પ્રકારે શુદ્ધરીતિએ જિનધર્મનું આરાધન કરતો હતો. સુલસાએ અંતિમસમય નજીક

જાણીને ગુરૂ મહારાજ પાસે જઈ હાથજોડી વિનતિ કરી. ભગવન! હવે મને ધર્મની આરાધના કરાવો. ગુરૂમહારાજે વિસ્તારે પૂર્વક આરાધના કરાવી. આ પ્રમાણે આરાધના પૂર્વક શ્રી મહાવીર પ્રભુનું હૃદયમાં સ્મરણ કરતી સુલસાસતી દેવલોકમાં ગઈ મોક્ષનું જ ધ્યેય હોવાથી સમકિતની આરાધનાથી સુલસાએ શ્રીતીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું. તેથી દેવલોકમાંથી ચ્યવીને તે આવતી ચોવીશીમાં આ ભરતક્ષેત્રમાં પંદરમાં નિર્મમ નામના તીર્થંકર થશે. આ પ્રમાણેનું શ્રી સુલસા શ્રાવિકાનું ટુંક ચારિત્ર જાણીને તેની સમકિતની દૃઢતા જાણીને હે ભવ્યજનો! તમે પણ સમકિતની--સમ્યગ્દર્શનની નિર્મળતામેળવીને આત્મકલ્યાણ સાધો.

મહાનુભાવો? જગતના જીવો કૌતુક જોવામાં કૌતુક કરવામાં કર્મના બંધ થાય છે. તે મોટા ભાગે જાણતાં નથી. સુદેવ સુગુરૂ સુધર્મની ઓળખાણ કરતા નથી. તેમ આત્માને પણ પીછાણતાં નથી જેથી જ આ જીવ અનાદિ કાળથી રખડપટી કરતો જ રહ્યો છે. ઉત્તમ એવો મનુષ્ય જન્મ જેવો સુઅવસર મળ્યો છે. તો હે જીવ હજી પણ બાજી તારા હાથમાં છે. તેને તું સુધારી લે. આપણી ચાલુ વાત છત્રકુંવરની ચાલે છે. તે કૌતુક કરવા માટે રંક બન્યો, હવે કેવી રમત થાય છે. તે જોવા માટે બગીચા બહાર ઉભો રહ્યો છે. રાજકુંવરનો વેશ પહેરેલા ભાણીયાને ઘોડાગાડીમાં પરાણે બેસાડીને રાજા પાસે લઈ જાય છે. એ બધુ નજરોનજર છત્રકુંવરે જોયું પણ છે. ત્યારબાદ રંક

બનેલો ખરો રાજકુંવર બગીચામાં પ્રવેશ કરવા જાય છે, ત્યાંજ રાજસીપાઈ તેને રોકે છે, અંદર જવા દેતો નથી. રાજકુંવરને હજુ તો એમ જ છે કે હું રાજકુંવર છું, મને રોકનાર કોણ? એમ સમજી ગુસ્સાથી સીપાઈને કહે છે કે હું રાજકુંવર છું, બાગ મારો છે. જોઈ તારી સફાઈ. આઘો ખસ, સીપાઈ તો આ ભીખારી જ છે એમજ સમજે છે. એટલે કહે છે કે જા જા ભીખારી, રાજકુંવર તને જોયો? રાજકુંવર તો ઘોડાગાડીમાં બેસીને હમણાજ શહેરમાં ગયા. એ બધુ અમે જાણીએ છીએ. ત્યારે ભીખારી બનેલ રાજકુંવર રોફથી કહે છે કે હું રાજકુંવર છું. નથી જાણતો? એક ધોલ મારીશ તો નીચે પડીશ, આઘો જા આઘો. રંક બનેલ રાજકુંવર તો એમજ સમજે છે કે હું માલીક છું. અને આ મારો નોકર છે. મને રોકી શકે જ કેમ! એમ સમજીને જોર કરી બાગમાં જવા જાય છે. પણ સીપાઈ જોરદાર હોવાથી કહે છે કે અલ્યા ભીખારી અહીંથી ચાલ્યો જા. એમ કહી બેચાર તમાચા મારીને બહાર કાઢી મૂકયો. હવે છત્રકુંવરને ભાન થયું કે આતો રમત કરતા ગમ્મત થઈ ગઈ. હસવામાં ખસવું થઈ ગયું. ખરેખર કૌતુકે કેર વર્તાવ્યો. હવે જે થવાનું હતું તે થઈ ગયું. બનવાનું બની ગયું, પણ જરૂર મારે રાજ સુખ મેળવવું છે. એ ધ્યેય તેના દિલમાં વસેલું છે. રંકવેશમાં હોવાથી એકદમ તો રાજસુખ મળે તેમ નથી. રાજમહેલમાં કોઈ જવા પણ દીએ નહીં, રાજાને મળવા માટે કોઈ જવા દીએ નહિ. રાજા ને મલ્યા સિવાય કંઈ પણ બને નહિં પણ ગમે

ત્યારે મારા પીતા મને મળે. મારો રાજ્યહક મને મળે, એજ ધ્યેય દિલમાં રાખી રહ્યો છે. બગીચામાંથી માર ખાઈને બહાર નીકળ્યા પછી ઉદાસીન બનીને શહેર તરફ ચાલવા લાગ્યો. પુષ્પના જેવો કોમળ અંગવાળો તે રાજકુંવર રંકવેશે ચાલ્યો જાય છે. પોતે તો હું રાજકુંવર છું એમ સમજીને વચમાં જે કોઈ પરિચિત પોલીશને જુએ, એટલે પહેલાની જેમ હુકમ કરીને પોતાની પાસે બોલાવે છે. મારા માટે એક ગ્લાશ ઠંડુ પાણી જલદી લાવો. એમ કહેવા છતા પણ પાણી કોઈ આપતું નથી, સહુ જાણે છે કે આ બીચારા ભીખારીને ગાંડો તાવ આવ્યો લાગે છે. એટલે કોઈ તેની વાત સાંભળતા નથી, એટલે વળી આગળ જાય છે, ત્યાં એક રાજના અધિકારી જમાદારને જોઈને કહે છે કે, સલામ ભરતા શું ભૂલી ગયા? અહીંયા આવો. હું રાજકુંવર, મારા માટે ગાડી લાવો. ગાડીમાં બેસીને રાજદરબારમાં જાઉં. આવા વચનો સાંભળીને જમાદારે જાણ્યું કે આ કોઈ ગાંડો ભીખારી છે, એટલે જેમ તેમ બોલે છે. આવા વર્તનથી કોઈ તેને ખાવા કે પાણી પણ નહી આપતા તેને જોઈ તેનું બોલવું સાંભળી લોકો હસે છે. જેથી રંક બનેલો રાજકુંવર જરા ઉગ્ર થઈને બોલે છે કે તમે બધા મારા નોકર થઈને મારી વાત પણ સાંભળતા નથી? ત્યારે બીજાઓ પણ કહેવા લાગ્યા કે જા જા ભીખારી. અહીંથી ચાલ્યો જા. નહીં તો ગડદા પાટુ ને લાત પડશે. આવી વિટંબણા ભોગવતો. ભૂખ્યો ને તરસ્યો. ગલી કુંચીમાં આમથી તેમ ભટકે છે, કોઈ વખત લાંબો હાથ કરીને

માંગ્યું પણ નથી. તેમ કોઈનું કામ પણ કર્યું નથી. જ્યાં ત્યાં સૂઈ રહીને ભૂખ્યા તરસ્યા ત્રણ દિવસ પસાર કર્યા.

ત્રણ દિવસનો ભૂખ્યો હોવાથી મોઢું પણ લેવાઈ ગયું છે, કંઈક બળ હિન પણ બન્યો છે. મુખનું તેજ પણ ઝાંખું થયું છે. ભૂખના કારણે શરીરના અવયવો ઢીલા પડે છે.

કહ્યું છે કે—

(રાગ–ત્રુટક)

ભૂખ ભૂંડી અરે, આંખ ઉંડી કરે,
વળી લાલાશ ગાલની જાય ખરે.
બળ જાય વળી, કેડ જાય લળી,
લડથડીયા ચક્કર આવે ફરી.
વળી હાથ ઘૂજે, પગ માથુ ઘૂજે,
પેટે ખાડો પડે નવિ કાંઇ સૂઝે,
વ્રત વિણ એવા નરને દુઃખદાઇ,
વાણી લલિત સૂણો ભવિ ભાઇ.

સુજ્ઞો ! ખાવા નહી મળવાથી ભૂખ સહન કરનારમાં અને વ્રત પચ્ચખ્ખાણ લઇ જે સ્વેચ્છાથી અન્નનો ત્યાગ કરનારમાં ઘણોજ ફરક છે. એક આર્તધ્યાનથી કર્મ બંધણી કરે છે. ત્યારે બીજાને ધર્મધ્યાન હોવાથી કર્મની નિર્જરા થાય છે. તપસ્યામાં તત્પર રહેનારો તપસ્વી પોતાને સમગ્ર પ્રકારના આહારની

સામગ્રી સંપન્ન થઈ હોય છતા દહાડાના દહાડા સુધી તે આહારાદિક સામગ્રીનો ત્યાગ કરી શકે છે. તેવા તપ પરાયણ મહાપુરૂષોને આહારાદિકનો સંયોગ ન મળવાથી કે આહારાદિક ન લેવાથી સ્વપ્ને પણ પેટ બાળતા નથી. જેઓને તપસ્યાનો અભ્યાસ થયેલો છે, તે સ્હેલાઈથી રસના ઇન્દ્રિયને જીતી શકે છે. જગતમાં પણ એ વાત અનુભવસિદ્ધ છે કે જેઓને આયંબિલ, નીવિ, એકાસણા, ઉપવાસ વગેરેની ટેવ હોય છે. તેઓજ મિષ્ટ આહારની માફક મોળા આહારને પણ વાપરી શકે છે. અને જેઓને આયંબિલ વિગેરે તપસ્યાની ટેવ હોતી નથી. તેઓ લગીર પણ મોળા આહારને વાપરતાં સખત્ આર્તરૌદ્ર ધ્યાનમાં પ્રવેશ કરે છે. તેવા ખોરાક ઉપર ચીડાય છે. ભોજન ઉપર ચીડાય છે. જમાડનાર ઉપર પણ ચીડાય છે. યાવત ક્રોધ દાવાનળથી બળી જાય છે. અને ભોજન પૂર્ણ નહિ કરતાં અપૂર્ણ ભોજનેજ ઉઠે છે. અને આખો દિવસ ક્રોધથી ધમધમતો રહી પોતાના આખા વાતાવરણને ક્રોધમય બનાવે છે. શાસ્ત્રોમાં સાંભળીયે છીએ કે એકઆહાર માત્રની અપેક્ષાએ તંદુલ નામનો મત્સ્ય સાતમી નારકીનું આયુષ્ય બાંધી સાતમી નારકીના અકથ્ય અને અગમ્ય દુઃખો ભોગવે છે.

સુજ્ઞો ! તપથીજ પૂર્વકાળના બાંધેલા કર્મોનો ક્ષય થાય છે· કારણ કે જીવમાત્રને કર્મનો બંધ રાગ-દ્વેષની તરતમ્યતા પ્રમાણે થાય છે. અને તે રાગ દ્વેષના કારણોમાં મુખ્ય ભાગ

પંચમકાળમાં (મારવાડ) નાણા ગામમાં
ભયંકર ઉપસર્ગ સહન કરનાર

પૂ. પંન્યાસજી મહારાજ
શ્રી હીરમુનીજી મહારાજ સાહેબ



જન્મ–શીહોર (સૌરાષ્ટ્ર) સં. ૧૯૪૫ અસાડ સુદિ ૨
દીક્ષા–સં. ૧૯૬૫ ના જેઠ સુદિ ૫
(માળવા) ખાચનગર

ગણિપદ–પંન્યાસપદ સં. ૧૯૭૯ ફાગણ
સુદિ ૩ મુ. ચૂણેલ (નડીયાદ મહુધા પાસે)
સ્વર્ગવાસ–પાલીતાણા સં. ૨૦૧૯ જેઠ સુદ ૧૫

શ્રી વર્ધમાન તપની ૯૧ મી ઓળી જામનગરમાં પુરી કરી
તે મહા તપસ્વી શાસ્ત્રવિશારદ પૂ. આચાર્યશ્રી
નિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ–(મેવાડ) વસી સં. ૧૯૬૦ જેઠ સુદ ૪
નાનીદીક્ષા–સુરત સં. ૧૯૮૪ મહા વદી ૩
વડીદીક્ષા– ,, સં. ૧૯૮૪ વૈશાખ વદ ૬
પંન્યાસપદ–સુરત–વડાચૌટા સં. ૨૦૧૧ ફાગણ સુદિ૩
આચાર્યપદ–પાલીતાણા સં. ૨૦૨૩ ચૈત્ર વદી ૭ રવિ

શરીરજ ભોગવે છે. સંજ્ઞાઓની અપેક્ષાએ કર્મબંધનું કારણ પણ વિચારીએ તો આહાર સંજ્ઞા કર્મબંધનું જેવું તેવું કારણ નથી. આ બધી વસ્તુ સમજીને ધ્યાનમાં રાખીને તપસ્યા કરવાનો થોડો થોડો પણ અભ્યાસ પાડતા રહેવું જેથી ભૂખ્યા રહેવાનો પણ પ્રસંગ આવી જાય. ત્યારે આર્તધ્યાનથી કર્મ બંધન થતા અટકે, હવે મૂળ વાત ઉપર આવીએ. રંક બનેલા રાજકુંવરે ભૂખ્યા ત્રણ દિવસ પસાર કર્યા છે. પણ હૃદયમાં તેનું ધ્યેય એકજ છે કે મને મારા પિતાજી કયારે મળે ? મારા પિતા મળે તોજ મારો રાજ્ય હક મળે. આજ વિચારમાં લીન બનેલો ચાલ્યો જાય છે.

તેવામાં ત્રણ દિવસથી ભાણીયાને ગોતતું ભીખારીનું ટોળુ અચાનક સામુ મલ્યું. અલ્યા ભાણીયા ત્રણ દિવસથી તને ગોતી ગોતીને અમારા પગ દુખવા આવ્યા. તું કયાં ગયો હતો. માલમિષ્ઠાન ખાવા મલ્યા હશે. એટલે અમને ભૂલી ગયો લાગે છે. ચાલ ઝુંપડે અને કયાં કયાં ગયો હતો. તે બધી વાત જણાવ. તું એકલોજ સુખી થયો. અમને તો ભૂલી જ ગયો ? બોલ કયાં ગયો હતો રાજકુંવરે વિચાર કર્યો કે જરૂર આ પેલા ભીખારીનું કુટુંબ છે. ભાણીયાનો વેશ મારા દેહ ઉપર છે. એટલે પોતાનો ભાણીયો છે એમજ સમજીને આ બધાએ મને પકડયો છે. રાજકુંવર પોતાને રાજકુંવરજ સમજે છે. એટલે કહે છે કે જાઓ જાઓ રાંકડાઓ, શું તમે મારી તોલે આપી શકો તેમ છો ?

હું કોણ ? હું રાજકુંવર, મને રાજકુંવર જાણો. એમ કુંવરપણાનો રોફ કરીને બોલે છે. ત્યારે બધાંઓ બોલવા લાગ્યા કે અલ્યા ! ભાણીયા આ તું શું બોલે છે. અલ્યા તું તો ડાહ્યો ડમરો થઈને ત્રણ દિવસમાં ફરી ગયો. અલ્યા ભાણીયા તારૂં ગાંડપણ કે ડહાપણ મૂકી દે. ચાલ ચાલ મોટો રાજકુંવર થઈને આવ્યો છું. તે અમોએ જાણ્યું, આ સાંભળીને રાજકુંવરને પણ પાવર ચડયો. અને બોલ્યો કે જાવ જાવ ભીખારાઓ ! હા હા હું રાજકુંવર રાજકુંવર. તમને મારી ખબર નથી ! હું રાજકુંવર છું તમો ભીખારાઓ કોની સામે બોલી રહ્યા છો ? આટલું પણ ભાન નથી ? આવા ગાંડપણ જેવા ભાણીયાના વચનો સાંભળી ટોળાના નાયકે કહ્યું કે અલ્યા પૂંજ્યા જોતો ખરો. આ ભાણીયાનું મગજ ફટકી ગયું જણાય છે. માટે તેને બાંધીને આપણા ઝુંપડે લઈ ચાલો. ત્યાં જ ઠેકાણું પડશે. આમ કહેવાથી ભીખો, પૂંજો, નાથો, વાલો બધા ભેગા થઈ ને ભાણાને પકડીને ચાલે છે. ત્યારે અરે મૂકો મૂકો ભીખારાઓ હું કોણ ? હું રાજ-કુંવર. રાજમાલીકી મારી છે. એમ કહીને ચાલતો નથી. એટલે બધાં વિચારે છે કે ભાણીયાંને ભારે ચોટ લાગી જણાય છે, એમ સમજીને ટાંગાટોળી કરી ઉપાડીને દેવીના મઢે લઈ જઈ બેસાડયો. હમણાને હમણા ભૂવા બોલાવો. જ્યાં સુધી ડાકલા નહીં બેસાડો ત્યાં સુધી સારૂ થવાનું નથી. વૈદ્ય ડોકટરો પારકો વળગાડ થોડા ભગાડી દેશે ? સહુને એમજ થયું કે જરૂર વળગાડ હોવો જોઇએ. એટલે માતાના મઢે લઈ જઈ બેસાડયો. ભૂવાઓ આવી ગયા.

બધા બેસી ગયા. ડાકલા વગાડનારાઓ ડાકલા વગાડે છે દેવ-દેવીઓના નામથી દુહા બોલતા જાય છે. તેલની કડી ચડાવેલી છે. ભૂવાઓ અંગ ધ્રુજાવીને ધૂણે છે. અને ધૂણતા ધૂણતા હાથ-વતી પુરીઓ તળે છે. હાકોટા કરે છે. ફુત્કાર કરે છે. ખમ્મા ખમ્મા કહી ભૂવો કહે છે કે પાકો પડછાયો પડયો છે. જબરૂ ઝોડ વળગ્યું છે. સાવધાન રહો. આ તો આંબલી કે પીંપળાના ઝાડ નીચે કટાણે મુતરવા બેઠો હશે. એટલે કોઈક વ્યંતરૂ તેના શરીરમાં પેઠુ જણાય છે. તે વખતે પણ રાજકુંવર બોલ્યો કે મૂકો મૂકો રાંકડાઓ આ બધુ શું માંડયું છે. જાઓ સાલા ભીખારાઓ. હું ભાણીયો નથી પણ રાજકુંવર છું. સમજ્યાં ? ત્યારે સઘળાએ જાણ્યું કે ખરેખર ભારે જોખમ છે. અહીંથી છાનો માનો નાશી ન જાય તે પહેલાજ ચાંપતા ઉપાય લીયો. ડાકલીયાઓ જોરથી ડાકલા વગાડે છે. આ ઝોડ સીધી રીતે નહી જાય માટે મરચાનો ધૂમાડો આપો તોજ જશે. એમ કહીને ખરેખર મરચાનો ધૂમાડો તેના આગળ ધર્યો. હવે જેણે જન્મથી અત્યાર સુધી અત્તર ફુલ ગુલાબ કેવડો ચમેલી વગેરે વાપરેલા છે. સુંઘેલા છે. તે આ ઝેર જેવો ધૂમાડો કેમ સહન કરી શકે ? સ્હેજ ધૂમાડો નાકમાં જતા જ માથું ભમી ગયું. ચક્કર આવવા લાગ્યા. અને મૂર્છા ખાઈ ને જમીન ઉપર ઢળી પડયો.

મહાનુભાવો ? જુઓ તો ખરા પોતાની જ રાજધાનીમાં. માતપિતાદિ હયાત હોવા છતા પોતે વ્હાલો પુત્ર હોવા છતાં

છત્રકુંવરની કર્મ રાજાએ કેવી દશા કરેલી છે. કેવું કૌતુક તેને જોવા મળ્યું છે. ધર્મી હોય કે અધર્મી હોય. કોઈને કર્મ છોડતું નથી. કર્મ તો દરેકને ભોગવવા જ પડે છે.

સુજ્ઞો ! રાજકુંવર કંઈક ભાનમાં આવ્યો. ત્યારે તેણે વિચાર કર્યો કે જો હું હવે વધારે બોલ બોલ કરીશ, લવરી કરીશ તો આ બધા ભૂતનાં ભાઈ જેવા મૂર્ખ જડ જેવા મને ડામજ દેશે. રાજકુંવર હવે ઘણો પસ્તાય છે. વેશ બદલો પણ મેંજ કર્યો છે અને કરાવ્યો છે. હવે તો જે દુઃખ આવે તે બોલ્યા વિના સહન કરી લેવું તેવો દૃઢ નિશ્ચય કરી સંતોષ ધારણ કર્યો, સજ્જન પુરૂષની પણ એવી જ રીત હોય છે કે—

क्वचित् भूमौशय्या, क्वचिदपिच पर्यंक शयनं;
क्वचिच्छाकाहारी, क्वचिदपिच शाल्योदन रुचिः
क्वचित्कंथाधारी, क्वचिदपिच दिव्यांभर धरो;
मनस्वीकार्यार्थी, नगणयति दुःखं न च सुखम्.

ભાવાર્થ—કયાંક ભૂમિશયન કરવું પડે. અને કયાંક પલંગમાં પોઢવાનું મળે. કયાંક માત્ર શાકનો આહાર મળે. અને કયાંક ઓદન (ભાત) વિગેરે મળે. કયાંય માત્ર જીર્ણ વસ્ત્ર યા ગોદડી મળે. અને કયાંક દિવ્ય વસ્ત્રો મળે. છતાં કાર્યાર્થી સજ્જન તેવા તેવા દુઃખ સુખને ગણતો નથી. ભીખારી બનેલ રાજકુંવરે વિચાર્યું કે આટલા ધૂમાડાથી સર્યું હવે બોલવું જ નહિ ચૂપ રહેવું. એમ સમજી આંખ ઉઘાડી આળસ મરડી. બેઠો થયો.

હવે કંઈ બોલતો નથી. એટલે બધાએ સમજી ગયા કે હવે મગજ સુધરી ગયું જણાય છે. એમ જાણી બધા રાજી થયા. અને પૂછયું કે કેમ ભાણીયા હવે ઠીક છે ને? સારૂં છે ને? કુંવરે પણ હા પાડી. એટલે બધા સમજ્યા કે ઓડ ગયું. અને ઠેકાણે આવી ગયો. જથી ઠંડુગાર પાણી પાયું અને ભીખમાં મળેલા ટાઢા ટુકડા ખાવા આપ્યા. તે પણ ત્રણ દિવસનો ભૂખ્યો હોવાથી. સ્હેજે વગર પચ્ચખ્ખાણે અઠ્ઠમની જેમ તપસ્યા થવાથી ટાઢા ટુકડા પણ સાકરની જેમ મીઠા લાગ્યા. અને એકદમ ઝપાટા-બંધ ખાઈ ગયો.

મહાનુભાવો ? આયંબિલ કરવું હોય તો લુખુ ભોજન ન ભાવે એવા ચાળા કરીએ છીએ. પણ ખરી ભૂખ લાગી હોય તો તરત જ ભાવી જાય. વળી અભ્યાસે શું શું નથી બની શકતું ? લુખ્ખા ખાખરા તો ઘણાએ ખાય છે. ગરમાગરમ ઢોકળામાં ઘીની જરૂર પણ પડતી નથી. દરરોજ ચાર રોટલી ચોપડેલી વાપરતા હો તો તેમાંથી એક લુખી વાપરવાની ટેવ પાડવી. અભ્યાસ વધારતા ટેવ પાડતા પાડતાં બધુ બની શકે છે. તપ કરવાનો પણ અભ્યાસ રાખવો. નિકાચિત જેવા કર્મો પણ તપ ગુણથી જાય છે.

મહાનુભાવો ! હાલમા તો રાજકુંવર ન બોલવામાં નવગુણ એમ સમજીને ભાણીયો ભીખારી થઇને રહ્યો છે. આત્માને હાની થતી હોય તેવા પ્રસંગમાં ન બોલવામાં નવગુણ જણાવ્યા

છે. ૧. મૂર્ખ કે ક્રોધી મનુષ્યના વિરોધથી રક્ષણ થાય. ૨.નિંદા રૂપી દોષથી બચી જવાય. ૩. જાપ શુદ્ધિનો લાભ થાય. ૪. શુદ્ધ કાઉસગ્ગ કરવાનો અવકાશ મળે. ૫. વાયુ કાયના જીવોનો બચાવ થાય. ૬. સ્વાર્થસિદ્ધિની પ્રાપ્તિ થાય. ૭. દેવગુરૂધર્મની આશાતનાથી રક્ષણ થાય. ૮. વચનથી થતા કર્મબંધનનો અટકાવ થાય. ૯. જ્ઞાનની આશાતનાથી રક્ષણ થાય.

રંક બનેલો રાજકુંવર હવે ભાણીયો ટોળામાં ભળી ગયો છે. પણ હૃદયમાં તો એકજ ધ્યેય છે કે મને મારા પિતા કયારે મલે ? મને મારોરાજય હક્ક કયારે મળે ? ભીખારી વેશમાં પણ આજ ધ્યેય છે. આવુંજ ધ્યેય આપણું પણ મોક્ષ પ્રત્યેનું હોવું જોઇએ. મોક્ષપદ મેળવવા માટે તપ એ મહાન સાધન છે. ઈચ્છા નિરોધની સાથે ક્ષાંતિ (ક્ષમા) સમતાનો પરિણામ એ ખરેખર તપનું સ્વરૂપ છે. એવા તપનો આદર કરવાથી સુખની પ્રાપ્તિ થઈ શકે છે. સુખદુઃખનાં પ્રસંગમા જેઓ સમભાવે રહ્યા તેઓના ગુણો લલિત મુનિ ગાય છે.

ઢાળ નવમી

(રાગ–પ્રભુ પાસનું મુખડું જોવા,) બીજા રાગથી પણ ગાઈ શકાય છે.

જુઓ કર્મતણીગતિકેવી,સુણોતેછે સાંભળવા જેવી;
જડચેતનની છે બાજી, ચેતનને મમતા ઝાઝી,
મૂકો મમતામોહવિકારો,નિજકર્મના રોગનિવારો. જુ.૧

કેવું કર્મ સ્વરૂપ છે જાણો, વળી આત્મ સ્વરૂપ પિછાણો,
સંકોચ વિકાસ સ્વભાવે, રહી શકે શરીર જે પાવે. જુ ૨

દીપકનો પ્રકાશ હોય, નાના મોટા મકાનમાં તોય,
રહે સંકોચ ને વિસ્તારે, આત્મપ્રદેશો તેજ પ્રકારે. જુ.૩

એક અખંડ આતમ છે જ, અસંખ્ય પ્રદેશે તે જ,
આઠ પ્રદેશો રૂચકનામે, જાણો સ્વચ્છ સ્થિર મધ્યઠામે. જુ.૪

પાણી ઉકળતું ખદબદથાય, તેમ આત્મપ્રદેશો સદાય,
સુતા જાગતા કામજ કરતાં, થાય આંદોલન નિત્ય ફરતા. જુ.૫

સાંકળ્યે કોડાને જોડ્યા જેવા, આત્મપ્રદેશો છેપણ તેવા,
એક સ્થળે આંદોલન થાય, આખા અંગે અસર જણાય. જુ.૬

મૌન રહો વળી બોલો જ્યારે, શ્વાસ લેતા ખાવો પીઓ ત્યારે,
આત્મપ્રદેશ આંદોલન થાયે, યોગબલ તેને કહેવાયે. જુ.૭

યોગબલનું શું પ્રમાણ, તેના અસંખ્ય પ્રકાર જાણ.
યોગસ્થાનકો અસંખ્ય એથી, સંભવે જાણો સહુ તેથી. જુ.૮

કોઈ ન રહેતા સરખા યોગ, ઓછા વધુ થાયે સંજોગ,
યોગ-બલ-વીર્ય કહેવાયે, એનાથી જ લોહી ધડકાયે. જુ.૯

નાડી ધબકારા જે થાયે, જેથી ચૈતન્ય છેજ જણાયે,
જુદા જુદા હેતુ પ્રસંગે, થાય લાગણીઓ મન અંગે. જુ.૧૦

અધ્યવસાયો લાગણીઓ થાયે, એથી આત્મતત્ત્વ સમજાયે,
આખા શરીરે રહ્યો ફેલાઈ, અસંખ્ય પ્રદેશે ભાઈ. જુ.૧૧

આત્મપ્રદેશો તે સંકોચાય,તેમવિસ્તાર તેનો જ થાય,
નાનીમોટીમલેજેવીકાયા,રહે તેમાંજઆતમરાયા.જુ.૧૨
આખાશરીરેઆખોજજાણ, કેડવાંસાગાંજુદો ન જાણ,
હાથપગમોઢુંછાતીભાગ, બધેઆતમ છેજ સજાગ.જુ ૧૩
નાનામાંનાનો ભાગગણાય,તેનુંનામપ્રદેશ કહેવાય,
સોયઅણીજગ્યાએ જાણો,અસંખ્યપ્રદેશ પ્રમાણો.જુ.૧૪
પરમાણુપુદ્ગલનાહોય, તેતો છુટા કે વળગ્યા હોય,
પણઆત્મ પ્રદેશ નછુટો,કદીકાલે ન થાય વિખુટો.જુ.૧૫
જ્યાંજ્યાં આત્મપ્રદેશો રહેજ, ત્યાંત્યાંકર્મવર્ગણાહોજ,
યોગમનવચકાયાધાર, કર્મબંધાય ન લાગે વાર. જુ.૧૬
પાણીમાંહે રંગમળે જેમ, આત્મા સાથે કર્મો મળેતેમ,
કારણવિનાનચોટેલગાર,આવેઆમંત્રણેનહિવાર.જુ.૧૭
કર્મો સમય સમયે બંધાય, તેમ એક બીજા ચોટીજાય,
છે ચીકાશકર્મોમાંજેથી, પહેલાકર્મોસાથેચોટે તેથી.જુ.૧૮
આનુ નામજ પ્રદેશ બંધ, થાય તેમાં તીવ્ર વળી મંદ,
મંદયોગેથી ઓછાજઆવે,કર્મવર્ગણાતેસ્વભાવે.જુ.૧૯
કર્મ વર્ગણા તીવ્રજ યોગે, આવે વધુ પ્રમાણ સંજોગે,
જુના કર્મોનીસાથેબંધાય,નવાકર્મોકહુચોટી જાય.જુ.૨૦
જોર યોગ સ્થાનકનું જેવું, તેવા જોરે કર્મ ચોટે એવું,
કર્મબંધમાં યોગજએહ,ભાગભજવેમહત્વનોતેહ.જુ.૨૧

એકમોટો પથ્થર ઉપાડો, હાથે લાલાશ આવે ઘૂન્નરો,
લોહીઝપાટાબંધથીધાયે,આત્મપ્રદેશોચંચળથાયે. જુ.૨૨
હાથ પગ શરીર ઘૂન્નય, માથુ કંપેને હોઠ બીડાય,
જેભાગમાંજોર કરાએ, તીહાં ચોગ વધુ સમજાએ.જુ.૨૩
કોઈ હોયશરીરે નબળા, કોઇમનો બળે હોય જબરા,
કોઇશુન્યચિત્તે રહેનારા,કોઇવિચનશક્તિએ ઉદાર.જુ.૨૪
એમઅનેકયોગનાસ્થાન, સમજી રાખો ધરી બહુમાન,
કર્મબંધના પ્રકાર ચાર, પ્રદેશ પ્રકૃતિ બંધ ધાર.જુ.૨૫
સ્થિતિ બંધ વળીરસબંધ, એમ ચાર પ્રકારે સંબંધ,
એનોભાવાર્થપછીકહીએ, ભાણકુંવરનીવાતલહીએ. જુ.
હવે રાજમહેલની બાજી, સુણો અક્કડ થઇને રાજી,
બન્યોરાજકુંવરરંકઆવો, પણલવરીકરેવેશલાવો.જુ.૨૭
રાજા રાજવૈદ્યો તેડાવે, જોવા નાડ કુંવરની આવે,
જોઇનાડ કહે બહુ વાયુ, થઇ ગરમી માથે ભરાયું.જુ ૨૮
લીએો ખાખ દવા બહુસારી, જેથીજલદીજાયેબીમારી,
કફપીત્તહશે પણ જાશે, ત્રણ ચારદિને સુખ થાશે.જુ.૨૯
ધનવંતરી પિતા અમારો, અમે છીએસુપુત્રોજ ધારો,
ગુણઔષધીનાબધાકહીયે, તોયે પારન તેનોલહીયે.જુ.૩૦
રોગ મુક્ત થશે કુંવર જ્યારે, લેશુંઇનામ પછીજત્યારે,
દીધીદવાઓનાગુણતાજા,રત્નલઇશું હવે મહારાજા.જુ.૩૧

હવે જોશી ટીપણા ખોલે, કરે ગણત્રી મીન મેષ બોલે,
શનિ મંગળ નડતો ભારે,જપજપાવો તેના હજારે.જુ.૩૨
અમે જાણીયે ગ્રહની ચાલો, આકાશે નક્ષત્ર નિહાળો,
ગ્રહણ પણ સાચુ કહીએ,ખોટુકહી કહેા કયાંરહીએ.જુ.૩૩
જપોજપીદેશું અમે રાજા, જમી જમણ થઇને તાજા,
ત્રણ ચાર દિને પડે ફેર, દેજો ઇનામ જાશું ઘેર. જુ.૩૪
મંત્ર તંત્ર વાદીબહુ સારા, વળી યંત્રો પણ લખનારા,
આવ્યા આદરરાજાદેતા,બેઠાઆગળસહુના નેતા.જુ.૩૫
સૂણેા રાજા અમારી વાત, મંત્ર તંત્ર યંત્ર ઘણી જાત,
ઘણી સાધના જોખમકારી, પણસિદ્ધકરીઅમેભારી.જુ.૩૬
પંદરા ત્રીશા ચોત્રીશા, વળી બહુ વિધના થાયે વીશા,
યોગ રવિપુષ્યનેા સિદ્ધ,લખ્યાયંત્રોબહુવિધવિધ.જુ.૩૭
વસ્તુઓની ખરી મેળવણી, કરી જાણેજ જો કેળવણી,
ચમત્કાર થાયેબહુભારી, તાંત્રીકવિદ્યા બલીહારી.જુ ૩૮
ત્રણ ધાતુઓનું માદરીઉ, વિધિસરથી તે પણ કરીઉં,
યંત્રપ્રભાવીકબહુસારો, ચૂકયો ઝટ થાયે સુધારો.જુ ૩૯
ધુપદીપ બતાવી સાથે, બાંધીશું જ જમણે હાથે,
રોગશોગઝપટઝોડવળી, ગ્રહપીડા જાયે બધીટળી.જુ.૪૦
મંત્ર માળા અમે જપીદેશું,તેની ચિંતા ન કરવાદેશું,
થાયેભૂખ્યાજ પેટલાળા,કરીભોજનલેશુંજમાળા.જુ.૪૧

ચિંતા ન કરશો હવે કાંઈ,ખરી વાત અમારી સાંઈ,
અમે મેળવ્યાછેઈનામો,બહુજનનામળ્યાપ્રમાણો.જુ.૪૨

કુંવર દિવસ ત્રણથીચાર, થઇ જાશે ઘણા હુશીયાર,
લેશું ઇનામ ત્યારે બહુ, રજા લેઈ ગયા ઘરે સહુ. જુ.૪૩

હવે આસન વાદી આવ્યા, કહેઆસનથી ઘણા ફાવ્યા,
રોગગમે તેવા ભલે થાયે,વિધવિધ આસનથીજાયે.જુ.૪૪

ત્રણચાર દિવસ તો થાશે, શીખડાવી દેશું રોગ જાશે,
રાજનચિંતા નકરશો,અમવાતોચિતમાંહીધરશો.જુ.૪૫

દશઆસન શીખ્યા જેવા, લાભથાય રોગ જાય એવા,
ત્રણચારરાજાનેબતાવ્યા,રાજમંત્રીપણખુશથાયા.જુ ૪૬

હજી પંડિતોને વળી ભટ્ટ, આવશે ભૂવા પણ ઝટ,
જાણેરાશીઓટુચકાએતો. બધાબાકીછેઆવશેતેતો. જુ.

પોતે પોતપોતાનું ગાશે, કહીને સહુ રાજી થાશે,
રોગહોયતો નાબુદથાયે, મનનો રોગકેમ જ જાયે.જુ.૪૮

મહાનુભાવો આકર્મભવાઈ,રોગ કર્મનોકાઢોજ ભાઈ,
દવાજાણે ગુરૂરાજમારી,બીજાબધા પોતેરોગધારી. જુ.૪૯

લહોસમ્યગ્દર્શનજ્ઞાન, એજ સાચું જ છે વિજ્ઞાન,
ક્ષાંતિગુણ સંતોષને ધારે,મેળવેસુખ લલિત ત્યારે.જુ.૫૦

નવમી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે તે ખરેખર સાંભળવા જેવીજ છે. આપણે જોતા આવ્યાં છીએ કે જગતમાં ચેતનની અને જડની રમત ચાલ્યા કરે છે. પુદ્ગલ કર્મ તે તો જડ છે. તેનામાં મમતાપણું, મારાપણું હોતું નથી. પણ ચેતનરાય મોહ મમતામાં પડે છે, મુંઝાઈ રહ્યો છે. તેજ મોટામાં મોટો રોગ છે. તે રોગમાંથી મુક્ત થવા કર્મનું સ્વરૂપ કેવું છે. તેનું જાણપણું કરો અને આત્મ સ્વરૂપને પીછાણો.

આત્મા એ અસંખ્ય પ્રદેશોનો સમૂહ છે. આત્મ પ્રદેશો આખા શરીરમાં ફેલાઈને રહેલા છે. સોયનીઅણી જેટલા ભાગમાં પણ આત્મ પ્રદેશો અસંખ્ય સમજવા. દીવાનો પ્રકાશ ચારે તરફ ફેલાય છે. ડબામાં રાખો તો ડબા જેટલો પ્રકાશ અને પેટીમા રાખો તો પેટીમા પ્રકાશ સમાય છે. ઘરમાં મૂકો તો આખા ઘરમાં પ્રકાશ ફેલાય છે. જ્યોતી પ્રકાશ વધતો નથી પણ આત્મ પ્રદેશો સંકોચ વિકાસ થયા કરે છે. શરીર નાનું હતું ત્યારે તે સંકોચાઈ ને રહ્યો હતો અને જેમ જેમ શરીર વધતું ગયું, મોટું થતું ગયું, લાંબુ પહોળું થતું ગયું, તેમ તેમ આત્મ પ્રદેશો વિસ્તાર પામીને રહે છે. સુજ્ઞો ! આત્મા એક અખંડ પદાર્થ છે. તેના મધ્ય ભાગમાં આઠ રૂચક પ્રદેશો છે તે સ્થિર હોય છે તે સિવાયના બીજા બધાએ આત્મ પ્રદેશો ઉકળતા પાણીની પેઠે (ખદબદ) આંદોલિત થાય છે.

આ રીતે આપણા શરીરમાં રહેલો આત્મા હંમેશાં આંદોલિત હોય છે. સૂતા હોઈએ કે ગમે તે સ્થિતિમાં હોઈએ તો પણ તે આંદોલિત થયાજ કરે છે. આત્મ પ્રદેશો સાંકળના અંકોડાની જેમ એક બીજા સાથે લાગેલા છે, તે કદી છૂટા પડતા નથી. એક સ્થળે આંદોલન થાય ત્યારે આખા શરીરે તેની અસર જણાય છે. કંઈ પણ કામમાં શરીરને કે શરીરના અવયવોને કામે લગાડીએ ત્યારે અથવા મૌન રહો ત્યારે, વિચારતા હો શ્વાસ ખાતા હો, કે શરીરને સહેજ હલાવતા હો તો પણ યોગ થાય જ છે. આપણું નાનું મોટું કામ નાની મોટી ચેષ્ટા એક પણ એવી નથી કે જેમાં યોગ એટલે આત્મ પ્રદેશનું આંદોલન ન થતું હોય.

હવે યોગનું બળ દરેક વખતે સરખુ હોતુ નથી. તેમાં સંયોગ વશાત્ ઓછા અધીકાપણું થયાજ કરે છે. આ ઓછાવત્તાપણુ સૂચવવા માટે શાસ્ત્રમાં યોગસ્થાનક શબ્દનો ઉપયોગ થયેલો છે. યોગ બલનું પ્રમાણ અનેક–અસંખ્ય પ્રકારનું હોઈ યોગસ્થાનકો પણ અસંખ્ય પ્રકારના સંભવે છે. આત્મ પ્રદેશોમાં થતા આંદોલનોને જૈન શાસ્ત્રકારો યોગબલ–વીર્ય એવું નામ આપે છે.

આપણી છાતી પર ડાબી બાજુએ હાથ મૂકીએ તો ધબકૂ ધબકૂ થાય છે. જમણા હાથના કાંડા પર આંગળીઓ મૂકીએ તો ત્યાં ધડકારા થાય છે. તેનું કારણ એજ કે શરીરમાં લોહી

ફરે છે. એટલે લોહીમાં આંદોલન થાય છે, અને નાડીઓમાં લોહીના આંદોલનનો ધડકારો જણાય છે. હવે લોહીમાં આંદોલન શાથી થાય છે ? તેનું કારણ પણ જાણવું જોઈએ. આત્મા એક અખંડ પદાર્થ છે અને તેના પ્રદેશો ઉકળતા પાણીની પેઠે આંદોલિત થાય છે, વિગેરે કહેવાઈ ગયું છે. એક મોટો બોજો કે પત્થર ઉપાડીએ ત્યારે ઘણું બળ કરવું પડે, સાથે સાથ આખા શરીરનું યે બળ લગાડીએ છીએ, ત્યારે મોં ઉપર લાલાશ આવી જાય છે, હાથવતી જ્યારે બળ કર્યું, ત્યારે હાથના વિભાગમાં રહેલા આત્મ પ્રદેશો આંદોલિત થયા, અને તેજ વખતે બધાના આત્મ પ્રદેશો પણ આંદોલિત થયા, અનુક્રમે આખા શરીરના આત્મ પ્રદેશો ખૂબ આંદોલિત થઈ જાય છે.

અધ્યવસાયો—લાગણીઓ આપણને થાય છે, જેથી ચૈતન્ય છે. તે સ્પષ્ટ પણે સમજાય છે. આપણને જુદે જુદે પ્રસંગે મનમાં કેવી કેવી લાગણીઓ થાય છે. તેનો એક નાનો દાખલો વિચારીએ, કર્મ વિચાર મુક્કમાંથી જેવો મલ્યો તેવો જ મુક્યો છે.

ચંદ્રકુમાર ? તમારૂ મોં કેમ ઉદાસીન છે ? કંઈ નહિ, કેમ કંઈ નહી ? બોલો તો ખરા શું કારણ છે ?

સાહેબ ! એક દિવસે મારા બાપુએ કહ્યું હતું કે ચંદ્રકુમાર આ પરીક્ષામાં પહેલે નંબરે પાસ થઈશ તો એક સાઈકલ તને અપાવીશ. મેં અભ્યાસમાં ખુબ મહેનત કરી અને પહેલે નંબરે પાસ થયો, કારણ કે સાઈકલ પર બેસીને ફરવા

જવાનું મને બહુ ગમે છે. મારા બાપુએ સાઈકલ મંગાવવાનો ઓર્ડર લખી મોકલ્યો, કંપની તરફથી કેટલેક દિવસે જવાબ આવ્યો કે આપના લખ્યા મુજબ ઓર્ડર મુજબ એક અઠવાડીયામાં સાઈકલ રવાના કરાવીશું. એ વાંચીને મારી ઉત્સુકતા વધી, થોડા દિવસો પછી વી.પી.થી રસીદ મળી પરંતુ સાઈકલ ન આવી. કેમ શું થયું ? રેલ્વેવાળાની ભૂલથી ક્યાંય બીજે ચાલી ગઈ હશે ? છેવટે કેટલીક મહેનતને પરિણામે સાઈકલ પરમ દિવસે મળી. કાલે કેટલીક તૈયારી કરી, સાંજે ફરવા જવાનો હતો, પરંતુ મારામામાને ત્યાં જમવાનું હોવાથી હોંશમાંને હોંશમાં જમવા ગયો, ઝટપટ જમી ઉતાવળો ઉતાવળો ઘેર ગયો, કપડા પહેરી સાઈકલ લેવા જઉં તેવામાં ત્યાં સાઇકલ ન મળે, હૃદયમાં એક આંચકો આવ્યો, પૂછપરછ કરતા માલુમ પડયું કે મારા કાકાનો દિકરો વિભુ સાઈકલ લઈ ફરવા ચાલ્યો ગયો છે.

મારા પહેલાજ મારી સાઇકલ પર એ ફરવા ચાલ્યો ગયો ? મનમાં ક્રોધ ચડી આવ્યો. મોં ચડી ગયું. આંખમાં ઝરમરીયા આવ્યા. એમ ને એમ ધુંધવાતો શહેર બહાર કેટલાક છોકરાઓ સાઇકલ ફેરવતા હતા. ત્યાં આવ્યો. પરંતુ ન મલ્યો વિભુ કે ન મળે સાઇકલ. એ વખતે મારા મનની દશા કેવી થઈ ગઈ હતી તે હું કહી શકતો નથી. ઘણું રખડયો. બહુ તપાસ કરી. છતાં પત્તોજ ન મલ્યો. છેવટે ઘર તરફ રવાના થયો. કેવી રીતે અને

કયે રસ્તેથી હું ઘેર આવ્યો. તેનું મને ભાન જ ન હતું. રસ્તામાં શું થાય છે. કોણ જાય છે. કોણ આવે છે. એ વિગેરે કંઈ પણ મારા મનની ધૂનને લીધે હું જોઈ શકયો જ નહિ. ઘેર જઈ કપડા આમ તેમ ફેંકી દીધા. મારો ફ્યાળ અને પરિસ્થિતિ જોઈ ઘરના કોઈ પણ માણસે મારી સાથે બોલવામાં તે વખતે સાર જોયો નહિ. થોડીવાર શૂન્ય બેસી રહ્યો. આવેશમાને આવેશમાં એકાએક ઉભો થયો અને મારા કાકાને ઘેર ગયો. ત્યાં પણ વિભુને જોયો નહિ. શેરીમાં પાએક કલાક આમ તેમ જુસ્સામાંને જુસ્સામાં ઘૂમ્યો. પરંતુ વિભુ ન જ આવ્યો. કંટાળીને ઘર તરફ ચાલ્યો. વળી અર્ધે રસ્તેથી પાછો વળ્યો. હવે તો આવ્યો હશે. એમ ધારી બીજી વાર મારા કાકાને ઘરે ધયો. એટલા ઉપર વિમળાબેન ઉભા હતા. એટલે પૂછયું. મોટી બેન. વિભુ કયાં ગયો. કકડે કકડા થઈ ગયેલા હૃદયને સાંધી મહા મુશીબતથી એટલા શબ્દો ઉચાર્યા. પછી બોલવાનું તો શું પરંતુ શરીરનું તમામ સામર્થ્ય ખલાશ થઈ ગયું. હોઠ ફરકતા હતા. આંસુઓ ટપકતા હતા.

કેમ ભાઈ? શું છે. વિભુ તો ફરવા ગયો છે. હમણા જ આવશે. તું આજ આમ કેમ છે? આમ આવ તો. એક કહી મને સ્હોડમાં લીધો. મારી સાઇકલ, હું મોટેથી રોઈ પડયો. તારી સાઇકલ વિભુ લઈ ગયો છે. મારાથી જવાબનો એક શબ્દ ઉચ્ચારી શકાય તેમ હતું જ નહિ. તેથી હું તો રોતો જ રહ્યો.

આવ આવ ઘરમાં આવ. કહી મને બેઠકમાં બેસાડયો,

બેનો મને શાંત પાડવા પ્રયત્ન કર્યો. પરંતુ નકામો ગયો. કેટલીક વાર પછી હું શાંત થયો. થોડીવાર શાંત પણે બેસી રહ્યો. પછી અવાજ આવ્યો કે મોટીબેન ઓ મોટીબેન બારણું ઉઘાડો. વિભુનો અવાજ સાંભળી હું ઉભો થયો. મોટીબેને બારણું ઉઘાડયું. ભાઈ લંગડાતા લંગડાતા હસવાનો ડોળ કરતાં કરતાં અંદર દાખલ થયા. મારા મનમાં ફાળ પડી અરે ! મારી સાઇકલ ક્યાં ? ભાઈ તો પગ પકડી ઓટલા પર બેસી ગયા હતા.

હું તેની સામે આંખો ફાડી જોઈ રહ્યો હતો, તેવામાં બે મજુરો આવ્યા. એકે સાઇકલ ઉપાડેલી, બીજાએ આગલુ પૈડુ ઉંચકેલું હતું. મોટી બેને પૂછયું વિભુ ! આ શું થયું ! બીજી સાઈકિલવાળા સાથે અથડાવાથી હું પડી ગયો. મજુર બોલ્યો, બેન, ભાઇને પગે બહુ વાગ્યું છે. આ સાંભળી મેં મનમાં કહ્યું સારૂં થયું, ઘણુ સારૂં થયું, એમ કહી અકળાઇને હું ઘેર ચાલ્યો ગયો. પથારીમાં સૂતો, પરંતુ મોડી રાત સુધી ઉંઘ આવી જ નહિ. સવારમાં કંઈક મોડો ઉઠયો. જુસ્સો શાંત થયો હતો. ઓરડામાંથી બહાર નીકળ્યો. પરશાળમાં સાઈકિલના ટુકડા પડયા હતા. વળી હૃદયમાં જુસ્સો આવ્યો. ગઈ કાલનો બનાવ અને નવી આવેલી સાઈકિલપર માર આકર્ષણ હૃદયમાં ઉભરાઈ આવ્યા. સાઇકલ પર બહુ કંટાળો આવ્યો. અને કંઈ પણ ખાધા વિના જ અહીં ચાલ્યો આવ્યો છું.

માસ્તરે કહ્યું કે અહોહો એમાં જમ્યા વિના જ આવ્યા !

ચંદ્રકુમાર શરમથીનિચુ જોઈ રહ્યો. ચંદ્રકુમાર યોગ્ય અને પહેલે નંબરે રહેનાર વિદ્યાર્થી હોવાથી બીજા વિદ્યાર્થીઓ પણ આ વાત સાંભળી ચંદ્રકુમાર જેવી લાગણીને કેટલેક અંશે વશ થયા હતા. આ દાખલો કલ્પીત છે પણ આ ઉપરથી માણસોની લાગણીઓ અધ્યવસાયો કેવા કેવા પ્રકારના ફેરફાર વાળા ઓછા વધતા થાય છે તે સમજવા માટે આ ટુંકો છતાં લંબાણ જેવો દાખલો ઉપયોગી છે.

ખુશ થઈ જવું. ઉદાસ થઈ જવું. ક્રોધાવેશમાં આવી જવું. નારાજ થઈ જવું. મગજ ઉશ્કેરાઈ જવું. આમ થવાનું કારણ એજ કે દરેક આત્મામાં લાગણીઓ સ્ફુરે છે. તેથી સંજોગોને લીધે મનુષ્યો ભિન્ન ભિન્ન પ્રકારની લાગણીઓને વશ થાય છે. તેને જૈન શાસ્ત્રમાં અધ્યવસાય કહેવામાં આવે છે. તે આ લાગણીનું નામ છે. લાગણીઓ કેટલીક સારી અને કેટલીક હલકા પ્રકારની હોય છે. તેમ અધ્યવસાય સ્થાનકો પણ બે પ્રકારના હોય છે. શુભ અધ્યવસાય અને અશુભ અધ્યવસાય સ્થાનકો.

લાગણીઓ—ચિંતા, વિચાર, ભય, હસવું, રોવું. શોક કરવો, પસ્તાવો કરવો, ઉશ્કેરાઇ જવું, ક્રોધ કરવો, અભિમાન કરવું, જુસ્સો, પ્રેમ, ખુશી થવું, સ્પર્ધા કરવી, મશગુલ બનવું, ઇષ્ટ મેળવવા તલપાપડ થવું, નારાજ થવું, છળ, પ્રપંચ, કપટ, ધીરજ, વિશ્વાસ, શૌર્ય, દૃઢ આગ્રહ, હઠ, નમ્રતા, સ્ત્રીપુરૂષના આકર્ષણો, દયા, મૂર્છા, વહેમ વિગેરે આ રીતે અનેક લાગણીઓ છે. તે

એકેકનાં પણ પ્રસંગ, મનુષ્ય સ્વભાવ, વિગેરેને લીધે ઘણા પ્રકારના થઈ જાય છે.

જેમકે એક શાંત સ્વભાવી માણસની હઠ, ક્રોધ, ઉશ્કેરણી વિગેરે લાગણીઓ કરતાં ઉદ્ધત માણસમાં તે વધારે તીવ્ર હોય છે. તેમાં વળી કોઈ વધારે શાંત માણસમાં ઘણી જ ઓછી હોય છે. તેવી જ રીતે કોઈ વધારે ઉદ્ધતમાં વધારે તીવ્ર હોય છે. તેથી પણ વધારે તીવ્ર લાગણીવાળા મનુષ્યો જગતમાં હોઈ શકે છે.

લાગણીઓ, વિચારો, સંકલ્પો વિગેરે જૈન પરિભાષામાં અધ્યવસાયની તરતમતા અધ્યવસાયના સ્થાનકો કહેવાય છે. આપણું શરીર નિયમિત અને રીતસર હીલચાલ કરે છે. તેથી તેમાં લાગણી છે. તેથી શરીરમાં લાગણી ચૈતન્ય ધરાવનારી કોઈ વસ્તુ પણ છે. તેજ આત્મા કહેવાય છે. તે આખા શરીરમાં ફેલાઈને રહેલો છે. તેને અસંખ્ય પ્રદેશો છે. પ્રદેશોમાં આંદોલન થયા કરે છે. આત્માનો સંકોચ અને વિસ્તાર થાય છે. નાની મોટી જેવી કાયા મળે તેમાં આત્તમરામ રહે છે. રહી શકે છે. શરીરમાં ફેલાઇને રહેલો આત્મા એક અખંડ પદાર્થ છે. અને તેના (મનની કલ્પનાએ) અસંખ્ય નિર્વિભાજ્ય ભાગ પાડી શકાય છે. તેને આત્મ પ્રદેશો કહેવાય છે, જો કે આત્મા શરીરમાં જ ફેલાઈને રહ્યો હોય છે. છતાં તેમાં સંકોચ પામવાની તેમજ વિસ્તાર પામવાની શકિત છે. તેનું નામ સંસર્ગ અને વિસર્ગ શકિત છે.

આત્માનો નાનામાં નાનો ભાગ પરમાણું જેવડો હોય છે. જ્ઞાનીની બુદ્ધિથી પણ બે ભાગ ન થાય. તેવો જ સમજવો. પણ એટલું યાદ રાખવું કે પરમાણું એકલો છૂટો છવાયો હોય છે, અને વળગેલો પણ હોય છે, પણ આત્માના પરમાણું જેવડા નાનામાં નાના ભાગો તેનું નામ પ્રદેશ. તે પ્રદેશો એક બીજાથી છુટા પડતા નથી. આત્માના અસંખ્ય પ્રદેશો છે. સોયની અણી જેટલા ભાગમાં પણ આત્મ પ્રદેશો અસંખ્ય સમજવા.

આપણા શરીરમાં જે જે સ્થળે જે જે ભાગમાં આત્મ પ્રદેશો છે. તે દરેક ઠેકાણેકાર્મણવર્ગણા હોયજ છે. પરંતુ યોગને લીધે જેટલી કાર્મણવર્ગણા આત્મપ્રદેશો સાથે મળે છે. તેટલી જ કાર્મણ વર્ગણાનું નામ કર્મ કહેવાય છે.

જેમ પાણીમાં રંગ મિશ્રિત થઈ જાય. તેમ આત્મપ્રદેશોમાં તે કાર્મણ વર્ગણા મિશ્રિત થઈ જાય અને અગાઉની કાર્મણ વર્ગણા કર્મ સાથે તેજ યોગ સ્થાનકના બળના પ્રમાણમાં ચોંટી જાય છે. તેવી જ રીતે બીજ સમયે યોગસ્થાનકના બળ પ્રમાણે આવેલી કાર્મણવર્ગણા યોગસ્થાનકના બલ પ્રમાણે આત્મપ્રદેશો સાથે મિશ્ર થાય છે. અને પૂર્વ સમયના કર્મ સાથે તે સમયના યોગ સ્થાનકના બલ પ્રમાણે ચોટે છે. પૂર્વના કર્મ સાથે બીજી નવી આવેલી કાર્મણ વર્ગણા ચોંટી જાય છે, તેનું કારમ પરમાણુંઓમાં ચિકાશ હોય છે. તેથી પરસ્પર ચોંટી જાય છે.

જુસ્સાવાળુ યોગ સ્થાનક હોય તો. જોરથી ચોટે છે. ને

ઓછા જુસ્સાવાળુ યોગસ્થાનક હોય તો ઓછા જુસ્સાથી ચોંટે છે, આનું નામ પ્રદેશ બંધ કહેવાય છે.

અત્રે સમજવાનું કે કારણ વિના કાર્ય થતું નથી એટલે કે કારણ વિના કર્મ ચોંટતાં નથી. આમંત્રણ આપો તોજ આવે છે અને ચોંટે છે. દરેક સમયે કર્મબંધ થયાજ કરે છે. ખાતાં-પીતાં, ઉઠતાં, બેસતાં, જતા આવતાં, એમ દરેક સમયે યોગ-સ્થાનકના પ્રમાણમાં કર્મ બંધાયાજ કરે છે, કર્મબંધમાં યોગજ મહત્વનો ભાગ ભજવે છે.

કોઈ શરીરે નબળો હોય છે, પણ મન મજબૂત હોય છે. કોઈ શરીરે જબરો હોય છે, પણ મનોબળ નબળુ હોય છે. કોઈ શરીરે જોરાવર હોય અને મન પણ મજબૂત હોય, પણ વચન બોલવામાં શક્તિ રહિત હોય છે. જેઓ શૂન્ય કહેતા વિચાર શક્તિ રહિત હોય, જેથી મનને લીધે થતા આંદોલનો તેને નબળા થાય છે, તેનો યોગ અચ્છો છે. તમારૂ મનોબળ મજ-બૂત છે, અને તર્ક વિતર્ક શક્તિ સારી છે. તેથી તમારા વેગ-વંતા મનને લીધે તમારો મનયોગ પ્રબળ છે, જેથી થતા આંદો-લનો તમારા તેજ છે, તીવ્ર છે, યોગ વધારે છે. આવી રીતે ઓછા વધતા પ્રમાણવાળા યોગના પ્રકારોને યોગસ્થાનક કહે છે, અને તેવા યોગ સ્થાનક અસંખ્ય હોય છે.

હવે કર્મબંધના ચાર પ્રકાર છે, પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ એમ ચાર પ્રકારે છે તેનો ભાવાર્થ બીજી ઢાળમાં લેશું. હાલતો રાજકુંવર બનેલ ભાણીયાની વાત લઇએ.

મહાનુભાવો ! હવે રાજમહેલમાં શું બની રહ્યું છે તે અક્કલ થઇને સાંભળો. ભાણેારંક રાજકુંવર બન્યો છે, પણ પોતે તો પોતાને રંકજ માને છે,જેથી એમજ બોલે છેકે ભાઈસાબ હું રંક ભાણીયેા છું, મને મારો વેશ આપો, મારે અહીં રહેવું નથી. રાજા સમજી જાય છે કે જરૂર રાજકુંવરનું ચિત્ત ઠેકાણે નથી.

રાજાએ તરતજ પ્રધાનજીનેબોલાવ્યા અને કહ્યું કે આપણા રાજકુંવરને કંઈક થઈ ગયું છે. માટે જલ્દી સાજા થાય તેમ કરવાનું છે. પ્રધાનજીએ કહ્યું કે બહુ સારૂં હમણાજ રાજ્ય-વૈદ્યોને બોલાવીએ. ધર્મ પસાએ બધુ સારૂં થઈજ જશે. પૂ. મુનિરાજો વિહાર કરીને આવી રહ્યા છે. તેઓની પાસેથી પણ જાણવાનું મળશે. માટે અત્રે તેઓના પવિત્ર પગલા કરાવીને ધર્મના બે અક્ષર માંગલિકના સાંભળીયે. એમ કહી રાજાની રજા લઈ પૂ. મુનિરાજોના સામે જઈ નમન કરી વિનંતિ કરી કે સાહેબજી ! આપ થોડીવાર અત્રે સ્થિરતા કરી વિશ્રાંતિ લઇ રાજાજી તથા રાજકુંવરને મંગલિક સંભળાવો.

પૂ. મુનિરાજો પ્રધાનજી સાથે ગયા. ત્રણે મુનિરાજો પાટ ઉપર બિરાજમાન થયા. રાજા-રાજકુંવર તથા પ્રધાનજી વિગેરે નમસ્કાર કરી બેઠા પછી મહાજ્ઞાની સુપ્રવર વકતા પૂ. મુનિરાજે મંગલાચરણ કરતાં નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં બોલે છે. તે સાંભળતાંજ રાજકુંવર બનેલો ભાણેા આનંદમાં આવી ગયેા, કારણ કે આ નમસ્કારમંત્ર તેણે સાંભળેલ છે, તેમ તેને આવડે છે. તે નમસ્કારમંત્ર આખેા કહ્યાબાદ કહ્યું કે હે મહાનુભાવો !

આ નમસ્કાર પંચ પરમેષ્ઠિમંત્ર એ મહામંગલીક છે. એનાથી ચઢીયાતુ બીજું કોઇ મંગલ છેજ નહી, એજ સર્વ પાપોનો નાશ કરનાર છે. સર્વવિઘ્નો, સર્વ રોગો, આધિ વ્યાધિને ઉપાધિને દૂર કરનાર જોકોઈ હોયતો આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રજ છે. આવા પ્રકારનો અર્થ પણ ભાણાએ સાંભળેલ હતો, જાણેલ હતો, જેથી ખૂબ હર્ષ પામે છે. શ્રી પંચ પરમેષ્ઠિ નવકારની સાધના એજ મોક્ષ માર્ગની સાધના છે. શ્રી પંચ-પરમેષ્ઠિ ભગવંતોનું વાસ્તવિક જ્ઞાન તથા એનો પ્રત્યક્ષ અનુભવ સમ્યગ શ્રદ્ધાપૂર્વક કેવળસાધનાદ્વારાજ પ્રાપ્ત થાય છે. સજ્જનો ! શ્રી નમસ્કાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠિની અનુમોદના છે, અને એ અનુમોદનામાં આપણું સમગ્ર બળ ભરેલું છે, શ્રી પંચ પરમેષ્ઠિ અને તેમના સુકૃતોની અનુમોદના મોક્ષનું દ્વાર ખોલી આપે છે.

સુજ્ઞો ! શ્રી નમસ્કાર મહામંત્રના પ્રત્યેકઅક્ષરમાં અચિંત્ય શક્તિ છુપાએલી છે, પરંતુ એનો પ્રકાશ ક્રમશઃ પ્રયત્ન કરવાથી પ્રાપ્ત થાય છે. જેમ ભોજનનો પ્રત્યેક દાણો શરીરને પોષણ આપે છે. ઇન્દ્રિયોની શક્તિ વધારે છે, ક્ષુધાનું નિવારણ કરે છે. તેમ શ્રી નવકાર મહામંત્રના પ્રત્યેક જાપથી અજ્ઞાન, કષાય, અને પ્રમાદ મંદ પડે છે. પુનઃ પુનઃ જાપ કરવાથી મન અને બુદ્ધિ પણ શુદ્ધ બને છે. કર્મ સારાયે જગત ઉપર શાસન કરે છે. પરંતુ તે કર્મ પંચ પરમેષ્ઠિથી ડરે છે. માટે પંચ પરમેષ્ઠિ સાથે સંબંધ રાખવાથી કર્મ બંધન ઢીલા પડે છે.

પંચ પરમેષ્ઠિમાં મન જોડવું એ પર્વત ઉપર ચઢવા જેવું છે. અને વિષયોમાં મન જોડવું એ પર્વત ઉપરથી પડવા જેવું છે. જોકે ઉપર ચઢવું તે કઠીન છે. મુશ્કેલ છે. પણ ચડયા બાદ વાયુ મંડળની પ્રાપ્તિ વગેરે મનને આનંદ આપે છે. તેમ શ્રી નવકારમાં મનને જોડવું કઠીણ છે. પણ જોડયા પછી અનુભવાતો આત્મિક આનંદ અવર્ણનીય છે. જેમ જેમ નવકારના વર્ણોનો રસ મનમાં પરિણામ પામે છે. તેમ તેમ જળથી ભરેલા કાચા ઘડાની જેમ અનુક્રમે જીવની કર્મગ્રંથી ક્ષય પામતી જાય છે. શ્રી નવકારમંત્ર ઉભય લોકમાં સુખનું મૂળ છે. એવું જાણી તમે આ મહામંત્રનું સદા સ્મરણ કરો. કારણકે પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી છોડાવે છે. અને દુર્લભ બોધિ બીજની પ્રાપ્તિ કરાવે છે. મોટા ભયંકર વિષધર, દુષ્ટ ડાકિની, શાકિનિ, યાકિનિ, ભૂત પ્રેત આદિના ઉપદ્રવોનો નિગ્રહ કરવાવાળો, અને પ્રૌઢ પ્રભાવી સંપદાને પણ પ્રાપ્ત કરાવનારો. એવા શ્રી નવકારમંત્રનો મહિમા ત્રણ જગતમાં સર્વ કાળમાં સૌથી શ્રેષ્ઠ અને અદ્‌ભુત છે. તે મહામંત્રનું સદા સ્મરણ કરો. શ્રી નવકાર મંત્રના બીજથી વાસિત કરેલ જ અન્યમંત્રોની ઉપાસના ફળદાયી બને છે. અન્યથા નિષ્ફળ જાય છે. એવું શ્રી સર્વજ્ઞ શાસ્ત્રોનું કથન છે. સુજ્ઞો ! રત્નોથી ભરેલી પેટીનું વજન અલ્પ હોય છે. પરંતુ મૂલ્ય ઘણું હોય છે. એ પ્રમાણે શ્રી નવકારમંત્ર શબ્દોમાં નાનો છે. પણ અર્થથી અનંત છે, અને સિદ્ધાંતથી પ્રમાણભૂત છે.

મોક્ષમાર્ગ બતાવનાર શ્રી અરિહંત. અવિનાશી સુખના ભોક્તા શ્રી સિદ્ધ ભગવંતો, પંચાચાર પાળવામાં સમર્થ આચાર્યો, વિનયરત્નની ખાણરૂપ ઉપાધ્યાયો અને મોક્ષ સાધનામાં સહાયક સાધુઓ, એ પાંચ પરમેષ્ટિ ભગવંતો જગતમાં સર્વ ગુણોના ભંડાર છે. સંસારમાં એક બાજુ પાંચ વિષયો છે. અને બીજી બાજુ પાંચ પરમેષ્ટિઓ છે, એ પંચ પરમેષ્ટિઓ પ્રત્યે ભક્તિ પ્રગટાવવાથી પાંચ વિષયોનો રાગ ટળી જાય છે, જેમ દિવસનો બધો થાક રાત્રિ હરી લે છે, તેમ અશુભ વિચારથી લાગેલો શરીરનો મનનો અને ઇન્દ્રિયોનો સઘળો થાક શ્રી નવકારમંત્ર હરી લે છે, અનેક દુઃખોથી પરાજિત સંસારી જીવો માટે નવકાર સર્વ મંત્રોમાં પ્રધાન મંત્ર છે, સર્વધ્યેયોમાં શ્રેષ્ઠ ધ્યેય છે, અને સર્વ તત્વોમાં પરમ પવિત્ર છે, આવા પરમપવિત્ર નવકારના જાપનું કાર્ય નોકરી ધંધા જેવા સ્થૂલ કાર્યોની અપેક્ષાએ ઘણું જ સૂક્ષ્મ છે. કારણકે શરીરબળથી પાર પડી જાય તેવું તે નથી. તેને સફળ બનાવવા માટે શરીર બળ ઉપરાંત મનનું બળ અને હૃદયની આસ્થાની પણ પુરી જરૂર પડે છે. તે સિવાય તેમાંથી જોઇએ તેટલું બળ મેળવી શકાતું નથી. જેમ દામ આપ્યા સિવાય વસ્તુ ન મળે. તેમ બળ–ભાવ આપ્યા સિવાય કામ ન ફળે. લાકડું ચીરવું હોય તો ધારદાર કુહાડી વડે તેના ઉપર બરાબર ધારીને ઘા કરવો પડે છે. તેમજ ઘા કરવા માટે ઘા કરનારને પુરૂ બળ પણ વાપરવું પડે છે ત્યારે જ તે લાકડું

ચીરાય છે. અને ચૂલામાં નાંખવા લાયક બને છે. પરંતુ લાકડાના થડ ઉપર ફક્ત કુહાડીની ધાર ઘસવાથી તે જેમ ન ચીરાય તેમ નવકારના અક્ષરોને કેવળ જીભથી બોલી નાંખવાથી તેની જોઇએ તેવી ઉંડી અને વ્યાપક અસર ન થાય. તેવી અસર નીપજાવવા માટે તેનામાં ઉલ્લાસ પૂર્વક મનને પરોવી દેવું જોઈએ. હૃદયને સમર્પી દેવું જોઇએ. હું કમાંએવું વાતાવરણ જગવવું જોઈએ કે નવકારનું વાતાવરણ અભેદ્યપણેચોમેરછવાયેલું રહે. નવકારનું સ્મરણ એટલે પંચપરમેષ્ઠિનું સ્મરણ. પંચપરમેષ્ઠિનું સ્મરણ એટલે આત્મશુદ્ધિનું સ્મરણ અને આત્મશુદ્ધિનું સ્મરણ એટલે મુક્તિ. મોક્ષ કે નિર્વાણનું સ્મરણ, આ રીતે નમસ્કારનું સ્મરણ જીવનમાંઅંતિમ ધ્યેયનું સ્મરણ કરાવી મનુષ્યને અનંત સુખ પ્રત્યે લઈ જાય છે એટલે શાસ્ત્રમાં તે પરમ કે પ્રવરમંત્ર ગણાયો છે.

આ નવકાર મંત્રમાં પ્રથમના બે પદોમાં જગતમાં સર્વ શ્રેષ્ઠ ભાવથી પરમેષ્ઠીપદને પામેલા એવા શ્રી અરિહંત અને સિદ્ધ છે. એ બે દેવ છે. પછીના ત્રણ પદોમાં આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ ભગવંતો છે, એ ત્રણ ગુરૂ છે. એ પાંચને કરાતો નમસ્કાર એ ધર્મ છે. તે નમસ્કારથી સર્વદુઃખોનો નાશ અને સર્વ સુખોની પ્રાપ્તિ થાય છે. એ તેનું ફળ છે. આ નમસ્કાર સંપૂર્ણ જગતનાં સર્વદુઃખોને દૂર કરી સર્વસુખને આપવાના સામર્થ્યવાળો હોવાથીજ પરમ મંગળસ્વરૂપ છે અને સર્વ શ્રેષ્ઠ છે.

મહાનુભાવો ! આ નમસ્કાર મહામંત્રનું ભાવપૂર્વક એક ચિત્તથી નિત્ય સ્મરણ કરનારનું આ ભવ પરભવમાં કલ્યાણ થાય છે. ભયંકર રોગોનો ઉપદ્રવ દૂર થાય છે. તેમ ભૂત,પ્રેત,યક્ષ, ડાકણ, શાકણ, ઓડઝપટ, કામણ, દુમણ, ગ્રહો કંઈ કરી શકતાં નથી. કોઈ પૂર્વના વેરથી ઉપદ્રવ કરતા હોય અથવા પૂર્વકર્મોના ઉદયથી પીડા થયેલ હોય તો તે પણ એકાગ્ર ચિત્તથી સ્મરણ કરતા બધા વિઘ્નો શાંત થાય છે, જેથી હે સુજ્ઞો ! તમો સદા શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરતા રહી પરમ આત્મસુખના ભોક્તા બનો મંગલીકપૂર્ણ સંભળાવ્યા બાદ પૂ.મુનિરાજો ઉપાશ્રયે ગયા. હજી સંભળાવે તો સારૂ એમ સહુ ઈચ્છી રહ્યાં હતાં, કારણ કે, આવી મીઠી મધુરી જીનવાણી સાંભળવાનું ભાગ્ય મોટાભાગે જનધર્મ પામેલાઓને તેમજ તેમના સહવાસમાં આવનારને મળી શકે છે. પ્રધાનજીએ સમય સૂચકતા વાપરીને જીનવાણી પૂજ્ય મુનિરાજના મુખથી સંભળાવી. તેમાં રાજકુંવર બનેલ ભાણકુંવરને જે આનંદ હૃદયમાં થયો. તે તો તેજ જાણે.કે કેવળીજાણે. તેનીદૃઢતા અનેકગણી વધી ગઈ.આવું સ્પષ્ટતાપૂર્વક વર્ણન સાંભળતાં તેનારોમાંચ ખડા થતાહતાં. તે તેના મુખનાહર્ષાવેશ ઉપરથી જણાઈ આવતું હતું. મહાનુભાવો ! નમસ્કાર માટે હજી જરા વિશેષ જાણવા જેવું છે. પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં જે રહસ્ય રહેલું છે તે પણ જાણવું જોઈએ.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી જેમ સહાયવૃત્તિ, વિનય, સદાચાર, અવિનાશીપણું અને પરોપકાર વિગેરે લોકોત્તર ગુણો

પ્રત્યે પ્રેમ જાગે છે. તેમ બીજા પણ અનેક લાભો થાય છે. ખરી રીતે આ પંચનમસ્કાર એક મહાન શકિત છે. અથવા શકિતનો પુંજ છે. પ્રતિપક્ષ વસ્તુને હઠાવવા માટે હંમેશા શકિતની જરૂર પડે છે. અનાદિ કાળથી આ જીવનાં સાચા પ્રતિપક્ષી કોઈ હોય તો આઠ પ્રકારના કર્મો છે. એ કર્મોમાંપણ મોહનીય કર્મ મુખ્ય છે. એ મોહનિય કર્મને જીતવું દુષ્કર છે. તેના બે પ્રકાર છે. એક દર્શનમોહનીય અને બીજું ચારિત્રમોહનીય. આ મોહનીય કર્મને જીતવાથી બીજા સર્વ કર્મોનું બળ જર્જરિત થઈ જાય છે, પરમેષ્ટિ નમસ્કારથી મોહનીય કર્મનો સમૂળ નાશ થાય છે અને મોહના નાશથી બીજા કર્મો અવશ્ય નાશ પામે છે. માટેજ નવકારમાં સવ્વ પાવપ્પણાસણો. એ પદ કહ્યું છે. મોહનીયકર્મમાં પણ દર્શન મોહનીય તે બળવાન છે. દર્શનમોહ એટલે ઉલટી માન્યતા. અરિહંતને ભાવથી નમસ્કાર કરવાથી જીવ સમ્યગ્ માન્યતામાં આવે છે. ખરી રીતે તો જે અરિહંતના માર્ગને નમ્યો. સન્માર્ગને નમ્યો. તેની ઉન્માર્ગની રૂચિ ટળી અને તે સન્માર્ગની રૂચિવાળો બન્યો. એથી દર્શન મોહનીયનું મર્મસ્થાન ભેદાઈ જાય છે,અને પછી ક્રમે ક્રમે તે સર્વથા પણ જીતાઈ જાય છે. (નાશ પામે છે.)

સામાન્યથી પણ નમવાનો પરિણામ વખણાય છે. નમસ્કાર હોય પણ નમસ્કારના વિષય તરીકે કાર્યસિદ્ધ કરવામાં અચિંત્ય શકિત ધરાવનારા જો અરિહંત પરમાત્માઓ ન હોય તો આટલું

સામર્થ્ય ન પ્રગટે, એ રીતે નમસ્કારના વિષય તરીકે અરિહંત હોય પણ ભાવનમસ્કાર નહોય તો પણ આટલું સામર્થ્ય ન પ્રગટે. જ્યારે ભાવ નમસ્કાર અને નમસ્કારના વિષય તરીકે અરિહંત પરમાત્માઓ આવે છે. ત્યારે અનાદિકાલીન મિથ્યાત્વના ભેદનનું કાર્ય જે બીજી રીતે સિદ્ધ બનીશક્યું નહતું. તે સિદ્ધ થાય છે. આવા બલવતર પ્રતિપક્ષીને સહજમાં જિતનાર હોવાથી નમસ્કાર એકમહાનશક્તિ અથવા શક્તિનોપુંજછે એમકહેવું સર્વથાઉચિત છે. મોહનો પહેલો પ્રકાર દર્શનમોહ છે. તેમ બીજો પ્રકાર ચારિત્ર મોહ છે. આ ચારિત્રમોહના પચ્ચીશ ભેદો છે. તેમાં પણ ક્રોધ; માન, માયા અને લોભ આ ચાર મુખ્ય છે. નમસ્કાર મહામંત્રના પવિત્ર પદોથી આ ચારે કષાયોનો નાશ થાય છે,

મોક્ષ માર્ગના સંસ્થાપક શ્રી અરિહંતની આરાધનાથી મિથ્યાત્વનો. ચિદાનંદસ્વરૂપી શ્રી સિદ્ધ પ્રભુની આરાધનાથી લોભનો. મહાચારિત્રવાન સરલ આત્મા શ્રીઆચાર્ય મહારાજની આરાધનાથી માયાનો. વિનીત શ્રી ઉપાધ્યાયજી મહારાજની આરાધનાથી માનનો. અને ક્ષમામૂર્તિ શ્રી સાધુ મહારાજની આરાધનાથી ક્રોધનો નાશ થાય છે.

આ રીતે પંચપરમેષ્ઠિ પદને નમસ્કાર કરવો. તે કષાયોને જીતવામાં કારણભુત છે. શ્રીસિદ્ધસેનાચાર્ય વિરચિત 'શ્રીનમસ્કાર માહાત્મ્ય, નામના ગ્રંથમાં આ નમસ્કાર ક્રિયાને પુણ્યરૂપી શરીરને જન્મ આપનારી માતાની ઉપમાં આપી છે. માતા જેમ

બાહ્ય શરીરને જન્મ આપે છે. તેમ નમસ્કારરૂપી આતા પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરે છે. નમસ્કારની ક્રિયા વિના પુણ્યરૂપી શરીર ઉત્પન્ન થઈ શકતું નથી. અને પુણ્યરૂપી શરીરની પ્રાપ્તિ વિના બાહ્ય શરીરની કે અન્ય કોઈપણ સામગ્રીની સફળતા થઈ શકતી નથી. અર્થાત્ બાહ્ય શરીર આદિ સાધનો લાભકારક બનતાં નથી. ઉલટા અનેક રીતે હાનિકારક બને છે. વળી બાહ્ય શરીરમાં પણ નીરોગતા. દીર્ઘાયુષીપણું. સુંદરતા, નિર્દોષતા, આદેયતા. શ્લાઘનીયતા. સહૃદયતા. સૌમ્યતાદિ ગુણો અંદરના પુણ્યરૂપી શરીરની હયાતિ વિના પ્રગટી શકતા નથી. શરીરની નિર્દોષતા. સ્વભાવની સુંદરતા એ બાહ્ય ઐશ્વર્યએ પુણ્યરૂપી આંતરિક શરીરના મૂર્ત પ્રતીકો છે. એક કારણ છે અને બીજું કાર્ય છે. એકજ સાથે જન્મેલા બે બાળકોના સ્વભાવ. બળ. બુદ્ધિ, વૈભવ આરોગ્ય વિગેરેમાં ફરક પડે છે. તેનું કોઈ ચોક્કસ આંતરિક કારણ માનવું જોઇએ. અને તેજ પુણ્યરૂપી શરીર છે. જેનું પુણ્યરૂપી આંતરિક શરીર પુષ્ટ હોય છે. તેને ઉત્તમ વસ્તુઓ સ્વયમેવ આવી મળે છે.

અહીં પુણ્યરૂપી શરીર એટલે પુણ્યાનુબંધી પુણ્ય સમજવું. જીવ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. ત્યારે તેની સાથે બે શરીરો હોય છે. એક કાર્મણ અને બીજું તૈજસ. આ બે શરીરો જીવને અનાદિથી સાથે હોય છે. અને સંસાર પર્યંત રહે છે. તેમાં કાર્મણ શરીર એટલે આત્માને લાગેલા કર્મોનો સમૂહજીવ જેવું કાર્મણશરીર લઇને આવ્યો હોયછે. તેવાપ્રકારનું

(ત્રીજું) બાહ્ય શરીર અને વૈભવ આદિ સામગ્રી તેને મળે છે. તેમાં જો પુણ્યની પ્રબળતા હોય તો કાર્મણ શરીર પુણ્ય શરીર કહેવાય છે. આ પુણ્યાનુબંધી પુણ્ય ઉત્તમ વસ્તુઓમાં ઉત્તમ રૂચિ કરાવી આપે છે. તેથી પ્રશસ્ય ગણાય છે. મોક્ષને અનુકૂળ ઉત્તમોત્તમ પ્રકારની સામગ્રી મેળવી આપવામાં તે અગ્રગણ્ય ભાગ ભજવે છે.

કર્મની પરતંત્ર દશામાં રહેલો જીવ અનાદિ ખોટા અભ્યાસ ના યોગે સહજ ભાવે અશુભમાં તન્મય બની જાય છે. જીવની આ અશુભદશા. શુભ આલંબન વિના ટળી શકતી નથી. અને અને શુભ આલંબનોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્ય વિના સુલભ નથી. જ્યાં સુધી અશુભની રૂચિ બેઠી છે. ત્યાં સુધી શુભ આલંબનની ખૂબજ જરૂર છે. શુભના બળથી અશુભનો રાગ ટળી ગયા પછી શુભ પોતાની મેળે જ ખસી જાય છે. કારણ કે તે સજ્જન મિત્ર જેવો છે. જરૂર હોય ત્યાંસુધી સહાયમાં ઊભો રહે. અને જરૂર પૂર્ણ થાય ત્યારે પોતાની મેળે ખસી જાય. એનું મુખ્ય કામ અશુભને કાઢવાનું છે.જેમ એરંડીયું પેટમાંભરાયેલા જુના મળને કાઢીને પોતે પોતાની મેળે નીકળી જાય છે. તેમ આ પુણ્યાનુબંધી પુણ્ય અશુભની રૂચિ દૂર કરાવે છે. અને મોક્ષને અનુકુળ ઉત્તમ વસ્તુઓમાં ઉત્તમ રૂચિ કરાવી સ્વયં છૂટી જાય છે. આવા કુશલાનુબંધિ પુણ્યને ઉત્પન્ન કરનાર હોવાથી નમસ્કાર એ મહા મંત્ર છે. તેને પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર માતાની

ઉપમાં આપી છે. તે યથાર્થ છે. ખરી રીતે તો ઉત્તરોત્તર તેનાથી મોક્ષ મળે છે. પણ અહીં સાધ્યદશાને ગૌણ રાખી સાધનદશાને મુખ્ય બનાવી આ ફળ દર્શાવ્યું છે. સાધ્ય કરતા સાધનની મહત્તા જરાપણ ઓછી નથી. કાર્ય સિદ્ધિના ઈચ્છુકને જેટલી કિંમત કાર્યની હોય છે. એટલીજ કે અધિક કિંમત તેના સાધનની હોય છે. કારણનો આદર તે કાર્યનો જ આદર કરવા તુલ્ય છે. જમીનમાં પાણી પ્રગટ કરવું. એ કાર્ય છે અને કુવો ખોદવાની ક્રિયા એ કારણ છે. જે માણસ વાસ્તવિક કારણોનું આસેવન કરે છે, તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાયછે. યોગ્યભૂમિમાં કુવો ખોદતાં જેમ પાણીની સેર પોતાની મેળે પ્રગટે છે. તેમ શુભ અનુષ્ઠાનોમા મંડયા રહેવાથી આત્માની શુદ્ધિરૂપી કાર્ય પણ પોતાની મેળે થાય છે. વસ્ત્રને ઉજ્જવલ બનાવવું એ કાર્ય છે અને ધોવાની ક્રિયાથી જેમ વસ્ત્રમાં ઉજ્જવલતા આપોઆપ પ્રગટે છે. તેમ શુભ અનુષ્ઠાનોમાં સંલગ્ન રહેવાથી આત્મારૂપી વસ્ત્રમાં પણ ઉજ્જવલતા આપોઆપ પ્રગટે છે. આ બધા કાર્યોમાં સાધનનીજ મહત્તા છે. એ સાધનમાં આદર એ કાર્યનોજ આદર છે. મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે. એ મોક્ષ કુશલાનુબંધિ પુણ્યની પુષ્ટી વિના કદી પણ પ્રાપ્ત થઈ શકતો નથી, આ વાત પણ નિશ્ચિત છે. એ કુશલાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ પણ પરમેષ્ઠિ નમસ્કાર વિના થતી નથી એ પણ નિશ્ચિત છે. માટે અહીં પરમેષ્ટિ નમસ્કારને મોક્ષના અનન્ય કારણભૂત પુણ્યાનુબંધિ પુણ્યનીજનનીતરીકે કહીછે. અહિંસાપ્રેમી

માતાના બાળકો સ્વભાવિક રીતે જ દયાળું બને છે સ્વયં ઉત્તમ બન્યા વિના ઉત્તમતાના સંસ્કારો આપી શકાતા નથી નમસ્કાર રૂપી માતા માત્ર પુણ્યાનુબંધિ પુણ્યરૂપ શરીરને જન્મ આપે છે એટલું જ નહિ. પણ પુણ્ય શરીરનું પાલણપોષણ પણ તેજ કરે છે. ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થયા પછી તેનો સદ્‌ઉપયોગ કરવો. એજ એની પુષ્ટિ છે નમસ્કારથી જે પુણ્ય બંધાય છે તે પુણ્યાનુબંધિ હોય છે. નમસ્કારથી ઉત્તરોત્તર તે પુષ્ટ બનતું જાય છે.

આ નવકારનું સામર્થ્ય અદ્‌ભૂત છે. જેમ અનેક ઉત્તમ ઔષધીઓના અર્કના મિશ્રણથી બનેલી એક નાનકડી ગુટિકામાં રોગ નાશ માટેની અપાર શક્તિ ભરી હોય છે. તેમ નવકાર મંત્રમાં પણ પાપ નાશ માટેની કલ્પનાતીત શક્તિ ભરી હોયછે. સમસ્ત શાસ્ત્રોના રહસ્ય સ્વરૂપ હોવા છતાં મંત્ર ટુંકો હોય છે. તેથી તેને આત્મસાત કરવામાં વધારે અનુકુળતા રહે છે. વળી તેને ગમે તેવી અવસ્થામાં પણ સરલતાથી ગણી શકાય છે,અને એનારટણદ્વારાઆચારશુદ્ધિ,વિચારશુદ્ધિ,યોગશુદ્ધિ,આધ્યાત્મશુદ્ધિ, એ ચારે બાબતોનું આરાધન સુલભ થઈ જાય છે. સુજ્ઞો ! હવે મૂળ વાત ઉપર આવીયે. પૂ.મુનિરાજે મંગલીક સંભળાવી ગયા બાદ રાજાજી હવે પ્રધાનજીને કહે છે કે, પૂ. મુનિરાજે કહ્યું તે વસ્તુતો ખરી જ છે. છતાં પણ બાહ્ય ઉપચાર ચાલુ રાખીએ. પ્રધાનજીએ તરતજ રાજવૈદ્યોને બોલાવ્યા. રાજાએ સન્માન કરી આસન આપ્યાં. કહ્યું કે, રાજકુંવર જલ્દી સાજા થાય તેવી દવા કરો. મુખ્ય વૈદ્યરાજે કહ્યું કે હે રાજન્ અમો દરેક રોગનું નિદાન

કરી શકીએ છીએ. તેમ કઈ કઈ ઔષધીથી કયા કયા રોગો જાય છે. તેનો પણ અમોએ અભ્યાસ અનુભવ કરેલો છે. હે રાજન્ અમો વૈદ્યરાજ ધનવંતરીના પુત્રો છીએ. એમ કહી કુંવરની નાડ તપાસી કહ્યું કે, કુંવર સાહેબને વિચિત્ર વાયુનો ઉપદ્રવ થવાથી ગરમીના લીધે મગજમાં વાયુ ભરાયો છે. પણ ચિંતા કરવા જેવું નથી. આ ઉત્તમ ભારી દવાના પડીકા આપું છું. તેનાથી ત્રણ ચાર દિવસમાંજ ફાયદો જણાશે. અમે ઈનામ લેશું એમ કહી વૈદ્યો રાજ રસોડે જમીને ગયા. ત્યારબાદ જોશીમહારાજે જ્યોતિષના વખાણ કર્યા. ટીપણા ખોલ્યાં. મીન, મેષ, વગેરે ગણત્રી કરી અંતે કહ્યું કે હે રાજન્ શનિ, મંગળ નડે છે, જેથી તેના જાપ હજારો જપાવવા પડશે. એ જાપ જપાવાનું કાર્ય પણ અમેજ કરીશું. ત્રણચાર દિવસમાંજ ફેર પડશે. અમે ઈનામ મેળવશું. અમો ગ્રહોનીચાલ જાણીએ છીએ. નક્ષત્રો પણ ઓળખીએ છીએ, સૂર્ય–ચન્દ્રના થતા ગ્રહણો પણ બરાબર કહી બતાવીએ છીએ. ખોટું કહીએ તો અમારૂ ચાલેજ કેમ ? વગેરે વાતો કરી રાજરસોડે જમીને ગયા. સુજ્ઞો ! માનવી પર ગ્રહોની અસર જરૂર થાય છે. ચંદ્ર–સૂર્ય ગ્રહણ થવાથી આપણી દુનિયા ઉપર વ્યાપક રીતે સારી અને ખરાબ અસરો થાય છે. તે સર્વજન વિદિત વાત છે. હજારો માઈલ દુર દુર આકાશમાં રહેલા સૂર્ય–ચંદ્ર તેની સાથેના બીજા ગ્રહો પોતપોતાની રીતે નિરંતર આપણા ઉપર અસર પાડવા સમર્થ થાય છે, એ દેખીતી



રાજકુંવરની તબીયત જોવા માટે રાજવૈદ્ય – જોશી વિગેરે આવ્યા છે.

બીના છે. એટલે આપણી ઉપર થતી ગ્રહોની અદૃશ્ય અસરને આપણે સ્વીકારવીજ પડશે.

આ ખાલી જણાતા આકાશમાં અત્યંત સૂક્ષ્મ અણુઓ ચમત્કારીક ગતિથી નિરંતર વહેતાંજ હોય છે. જેવીરીતે સૂર્યના પ્રકાશમય અણુઓ સૂર્યમાંથી નીકળી આપણી પૃથ્વીપર નિરંતર આવતા હોય છે. તેવીજ રીતે આકાશમાં રહેલા અન્ય વિવિધ ગ્રહોના અણુઓ પણ આપણા પ્રતિ નિરંતર આવ્યાજ કરે છે, અને જે અણુઓને જેમની સાથે સજાતીય સબંધ હોય છે, તે અણુઓ તેમના પ્રતિ કુદરતે આકર્ષાય છે. જેનો જેવો સંબંધ હોય તે પ્રમાણે તે સારી અર્થાત અનુકૂળ અસર ઉત્પન્ન કરે છે અને વિરોધિ અણુઓ વિરોધ ઉપજાવી પ્રતિકુળ અસર પ્રગટાવે છે.

આ વિશ્વમાં ત્રણ ગુણ મુખ્ય ગણાય છે. એમ બધાય પદાર્થો સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ ગુણવાળા દેખાય છે. તેમાં જે સાત્વિક પદાર્થો હોય છે તેઓ પોતાનાથી અધિક સાત્વિક પદાર્થોથી, અને જે જે રાજસ પદાર્થો હોય છે તેઓ પોતાનાથી અધિક રાજસ પદાર્થોથી અને જે જે તામસ પદાર્થો હોય છે. તેઓ પોતાનાથી અધિક તામસ પદાર્થોથી પોષાય છે. ચંદ્ર, સૂર્ય અને ગુરૂ એ ત્રણે ગ્રહો સાત્વિક હોવાથી તેમાંથી વહેતું સાત્વિક દ્રવ્ય આ સંસારના સર્વ સાત્વિક પ્રાણી અને પદાર્થોને પોષે છે. અથવા ચાલુ પોષતા રહે છે. બુધ અને શુક્ર

રાજસ હોવાથી તેમાંથી વહેતું દ્રવ્ય રાજસ પ્રાણી કે પદાર્થોને પોષણ આપતું રહે છે. બાકીના ગ્રહો તામસ હોવાથી તેમાંથી વહેતું તામસદ્રવ્ય તામસપ્રાણી કે પદાર્થોને નિરંતર પોષતા રહે છે. આ રીતે ત્રણ ગુણના વિજાતીય વહેંચણીવાળા આ ગ્રહોની પોતાના સજાતીય પ્રાણી પદાર્થો ઉપર નિરંતર અનુકૂળ અસર પેદા કરતા રહેલ છે. જ્યારે વિરૂદ્ધની અસર પ્રાણીપદાર્થો ઉપર પ્રતિકુળ પણે અસર કર્યાજ કરતા રહે છે.

આ ઉપરથી એક વાત નક્કી થાય છે કે બહુજ દૂર દૂર રહ્યા છતાં પણ ગ્રહોમાંથી વહેતી અને આપણે ન દેખી શકતા હોઇએ તેવી નિરંતર અસર કર્યાજ કરે છે.

પ્રશ્ન—ગ્રહ નક્ષત્રો વિગેરેનો કાંઈ સબંધ હશે ?

ઉત્તર—આપણે જે પૃથ્વીમાં વસીએ છીએ તેની આસપાસ અનેકાનેક ગ્રહો, ઉપગ્રહો અને નક્ષત્રો આવી રહેલા છે. પૃથ્વીતલ પર વસનાર દરેક પ્રાણી તેની સારી નરસી અસરનો અનુભવ કરે છે.

ઋતુનો ફેરફાર એ વસ્તુતઃ ગ્રહો નક્ષત્રો અને વાતાવરણનોજ ફેરફાર છે એ ફેરફારને લીધે આપણા જીવન ઉપર કેવી અસર થાય છે, તેનો થોડો ઘણો અનુભવ સહુ કોઇને થઈ ચુકયો હોય છે.

એક રાત્રિ દિવસમાંજ કેટલુ બધું વૈચિત્ર્ય જોવામાં આવે છે. ઘણાખરા દુષ્કર્મો તથા પાપો, મોટા ભાગે રાત્રિના સમયમાં

થાય છે. કહેવાની મતલબ કે નક્ષત્ર વિગેરેના ફેરફારથી શરીર અને મન ઉપર તેની યથાયોગ્ય અસર થયા વિના રહેતી નથી.

પ્રશ્ન—તો પછી વિધિ નિષેધનો લેશમાત્ર પણ ભંગ કરનારને તત્કાળમાંજ તેનું કટુફળ મળવું જોઇએ. પરંતુ તે તો જોવામાં આવતું નથી.

ઉત્તર—જ્યાં આખી જીંદગી અકુદરત રીતે પસાર થઈ જતી હોય, તેમનામાં નાના દોષોનું દુષ્પરિણામ જોવામાં ન આવે એ તદ્દન બનવા જોગ છે. આજે તો શ્વાસોશ્વાસની ક્રિયાથી લઈ જીવનની તમામ ક્રિયાઓ લગભગ બેદરકારી અને અવિવેક પૂર્વક કરવામાં આવે છે, લોકોને યોગ્ય વિધિપૂર્વક આહાર કરવાનો કે શુદ્ધવાયુ સેવવાનો પણ અવકાશ ભાગ્યેજ મળતો હશે. પરિણામ એ આવ્યું કે લોકોના શરીરના બાંધા દિન પ્રતિદિન નબળાથતા જાયછે.વ્રત પચ્ચખ્ખાણની દૃઢતા રાખી શકતાનથી.

ભૂખથી રીબાતા માણસો પોતાની શુભ ભાવનાઓ જાળવી શકતાં નથી. ભૂખને લીધે તેઓની ઇન્દ્રિયો પણ એવી શિથિલ થઈ જાય છે કે તેઓ પોતાના મન ઉપર પુરેપુરો કાબુ રાખી શકતા નથી. તેમની ચિત્તની સમાધિ તથા શાંતિ પણ ભૂખને લીધે ખોવાઈ જાય છે.

તત્કાલમાં જો તેમને અન્ન જેવી ઉપયોગી સામગ્રી પુરી પાડવામાં ન આવે તો મગજ શુન્ય થઈ જાય છે. અને તેથી કંઈનું કંઈ કરી બેસેછે.

જ્યોતિષ અને કર્મના આપણા સિદ્ધાંતને ખાસ સંબંધ છે, અને જ્યોતિષનું ફળ કહેવાનું હોય ત્યારે કર્મ પ્રકૃતિનું પણ ખાસ ધ્યાન રાખીને નિર્ણય કરવો જોઈએ.

આપણે કહીએ છીએ કે કર્યા કર્મ ભોગવવા પડશે અને અને એ શાસ્ત્ર પ્રમાણે તે અર્થ સત્ય છે. આપણે ઘણા કર્મ એવા બાંધીએ છીએ કે તે હલકા હોય છે અને તેકર્મને આપણે આપણા શુભ કર્મથી અથવા તપથી ફળ આપતાં અટકાવી શકીએ છીએ. અથવા તે અશુભકર્મનો નાશ કરી શકીએ.

હવે જ્યોતિષ કુંડલીમાં આવા કર્મોના ફળ દેખાતા જ હોય તેથી સામાન્ય રીતે જોતાં કોઈપણ જ્યોતિષી કહી દીએ કે તમને આમ આમ થશે. પણ એવું જ્યારે ન થાય ત્યારે જ્યોતિષ ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય.

પણ ત્યાં ખરી વાત એ છે કે તમે તમારા તપથી કે બીજા શુભ કર્મથી આ અશુભ ફળોને નષ્ટ કર્યા હોય તે જ્યોતિષીને ખબર ન હોય.

પ્રશ્ન—પણ ફળ નષ્ટ કર્યા છે તેવું પણ જ્યોતિષમાં આવવું જોઈએ ને?

ઉત્તર—ના કારણ કહું—જ્યોતિષ તો જન્મ કુંડલી ઉપરથી જોવાય. એટલે જન્મ કુંડલીમાં તો પૂર્વ ભવનાં કર્મનું ફળ મળવાનું હોય તેટલું જ આવે. પણ આ જન્મમાં તમે સુકૃત્ય કરો અને અશુભ ફળ નષ્ટ કરો તે સીધું ન દેખાય. પણ એ

જેવાના રસ્તા છે. જેની કુંડલી હોય તે માણસની પ્રકૃતિ ધ્યાનમાં લેવી જોઈએ. ગાડરીયા પ્રવાહની પેઠે જે માણસ જીવન નિર્વાહ કરતો હોય તેની કુંડલીનું ફળ સોએસોટકા સાચું પડે. કારણકે એ કાંઈ કર્મ કરી ફેરફાર કરતો નથી પણ તેજસ્વી પુરૂષ શુભ કર્મથી, દૃઢ મનોબળથી પોતાના કર્મના ફળમાં બહુ ફેરફાર કરી શકે.

જ્યોતિષમાં ગ્રહોની ગતિ અને નજર ઉપરથી પણ થોડું નક્કી થઈ શકે કે જ્યારે નજર દૃઢ હોય, નજીક હોય ત્યારે ચોક્કસ ફળ મળી શકે. પણ છેટે અસપસ્ટ હોય ત્યારે વ્યક્તિના નવા કર્મ ઉપર ફળનો આધાર રહે. અને અત્યારે આપણને જે ફળ મળવાનું છે તે આપણા પૂર્વ ભવના કેવી જાતના કર્મનું ફળ છે એ કુંડલી ઉપરથી જાણી શકાય છે.

પ્રશ્ન–સારા અથવા ખરાબ ગ્રહો અસર કરે ! શી રીતે ?

ઉત્તર–સૂર્યના કીરણોથી કેટલો ફાયદો થાય છે. તે આપણે જાણીએ છીએ. અમુક અમુક રોગ મટાડવા માટે સોલેરીયમ દવાખાનામાં જુદા જુદા રંગની લાલ, લીલા, વાદળી કિરણો અપાય છે. તેમ તેના ગુણો જુદા જુદા છે. તેમ ગ્રહ નક્ષત્રની અસર થાય છે. તેની જુદા જુદા માણસો ઉપર જુદી જુદી અસર થાય છે.

જગતમાં પ્રાણીઓને કર્માનુસાર ફળ આપવામાં ગ્રહો વિગેરે નિમિત્ત બને છે. જન્મ સમયે વર્ષ–મહિના વગેરેનો આરંભ થાય છે ત્યારે, શુભ–અશુભ ફળ આપવાને સમર્થ થઈ શકે છે.

આના સબંધમાં પૂ. ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી ગણિ મહારાજ ક્ષેત્રલોકના ચૌદમાં સર્ગમાં કહે છે કે આ ચંદ્રાદિ ગ્રહો. પ્રાણીઓના જન્મ સમયે અથવા તે તે કાર્યના આરંભ સમયે વર્ષ–મહિના વગેરેના આરંભમાં તે તે ઉત્તમ રાશિઓમાં જો આવેલા હોય તો અનુકુળ થાય છે. અને સુખ કરે છે. પણ જો પ્રતિકુળ થાય છે તો અત્યંત પીડા જનક થઈ પડે છે. ચંદ્રાદિ ગ્રહો કંઈ પણ કરવાને માટે જો સમર્થ ન હોય તો ઘણા ખરા નિગ્રંથ અને નિઃસ્પૃહ પુરૂષો પણ જ્યોતિષ શાસ્ત્રના અનુસારે મુહૂર્ત જોવા શા માટે તૈયાર થાય છે? દીક્ષા વગેરે કાર્યોમાં તે શુભાશય પુરૂષો શુભ મુહૂર્તાદિની આકાંક્ષા કેમ રાખે છે?

અરે! સ્વામી મહાવીરે પોતે મેઘકુમાર વગેરે ને દીક્ષા આપતી વેળા શુભ મુહૂર્ત કેમ જોયા હતા? માટે અમે તો એમ જ કહીએ છીએ કે ચંદ્રાદિ ગ્રહો શું કરવાના હતા? ઇત્યાદિ વાક્યો શાસ્ત્ર રહસ્યને નહી સમજનારા અજ્ઞાની મનુષ્યોના કેવળ મિથ્યા-પ્રલાપ જ છે.

ચંદ્રાદિ ગ્રહો શું કરવાના હતા? આના ઉત્તરમાં સિદ્ધાંતનું રહસ્ય તમે સાંભળો. કે જે રહસ્ય અમૃત સરખુ શીતલ છે.

શુભ–અશુભ કર્મોના વિપાકમાં પાંચ પદાર્થો કારણ રૂપ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પાંચમો ભવ (એટલે દેવ મનુષ્યાદિ જન્મ) આના સબંધમાં આગમ પણ કહે છે–કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ, શમ તથા ઉપશમ–આના કારણ તરીકે

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવ–આ પાંચ પદાર્થો જ જોવામાં આવે છે. જ્યારે કોઈ શુભ કર્મનો સુખ વિપાક ઉદયમાં આવે છે. ત્યારે તેના કારણ તરીકે પુષ્પમાળા ચંદન વગેરે દ્રવ્ય, ઘરના બાગ બગીચા અથવા અનુકુળ ઘર વગેરે ક્ષેત્ર, વર્ષાઋતુ–વસંત-ઋતુ વગેરે કાળ, ભાતભાતના રંગ તથા સુગંધી વગેરે સુખાવહ ભાવ, તથા દેવ–મનુષ્ય વગેરે ભવ (જન્મ) આ પાંચ પદાર્થો જ નિત્ય હયાત હોય છે.

અશુભ કર્મનો દુઃખ વિપાક જ્યારે ઉદયમાં આવે છે. ત્યારે તેના કારણ તરીકે પણ તરવાર, ઝેર, એ દ્રવ્ય, કેદખાનું વગેરે ક્ષેત્ર અને પ્રતિકુળ ગ્રહ વગેરે કાળ અને અપ્રશસ્ત (એટલે ઈન્દ્રિયોને ન રૂચે એવો) રંગ, ગંધ, સ્પર્શ, કે રસ વગેરે ભાવ તથા મનુષ્ય–તિર્યંચ વગેરે ભવ, એ પાંચ પદાર્થો જ હમેશા જોવામાં આવે છે એટલે કે શુભ કર્મોના વિપાક હેતુઓ દ્રવ્ય-ક્ષેત્રાદિ શુભ હોય છે, અને અશુભ કર્મોના વિપાક હેતુઓ દ્રવ્ય-ક્ષેત્ર વગેરે અશુભ હોય છે.

આવાજ કારણથી જ્યોતિષશાસ્ત્રમાં કહેલી ચંદ્ર-સૂર્યાદિની ગતિ જેઓના જન્મ નક્ષત્ર વગેરેની સાથે વિરોધવાળી હોય છે. તેઓનાં અશુભ કર્મો પ્રાયે કરી તેવા પ્રકારનીજ અશુભ વિપાક સામગ્રીને (અશુભ ફળ વિપાકને) તૈયાર કરે છે, અશુભ ગ્રહો વિગેરેના સામર્થ્યથી તેઓનાં અશુભ કર્મો તેજ સમયે આકર્ષાઈ આવીને અશુભ ફળ પરંપરાને અર્પણ કરે છે, એ રીતે પરિ-

પકવ થયેલાં ઉદયમાં આવેલાં તે અશુભ કર્મો પ્રાણીઓને માનસિક પીડા શારીરિક પીડા, દ્રવ્યની હાનિ, કલેશ ઉપજાવવો, વગેરે દ્વારા દુઃખજનકજ થઈ પડે છે. પણ તેજ જ્યોતિષશાસ્ત્રોક્ત ગ્રહગતિ જેઓના જન્મ નક્ષત્ર વિગેરેની સાથે અનુકુળ હોય. તેઓનાં શુભ કર્મ એસમયે ઉદયમાં આવેછે. અને પ્રાણીઓને ધન, સ્ત્રી, આરોગ્ય, તુષ્ઠિ–પુષ્ઠિ, ઈષ્ટ સમાગમ વિગેરેનું સુખ અર્પણ કરે છે.

આજ પ્રમાણે કોઈ કાર્ય વિગેરેના સમયે પણ તે તે શુભ-અશુભ ભાવમાં રહેલાં ગ્રહો પ્રાણીઓને સુખ–દુઃખ આપવામાં નિમિત્તરૂપ થાય છે. આના સંબંધમાં ભગવાન જીવાભિગમ પણ કહે છે કે "ચંદ્ર–સૂર્ય આદિ મહાગ્રહોની તથા નક્ષત્રોની ભિન્નભિન્ન ગતિઓથી એટલે શુભાશુભગતિને લીધે સંસારમાં મનુષ્યોને સુખ–દુઃખ પ્રાપ્ત થાય છે. આવાજ કારણે વિવેકથી ઉજ્જવળ ચિત્તવાળા મહાન પુરૂષો હરકોઈ શુભસમયે જ્યોતિષશાસ્ત્રોકતશુભ મુહૂર્તાદિનું સ્વલ્પપણ અવલોકનકરે છે.એટલું જ નહિ પણ દીક્ષા વગેરે સર્વ કાર્ય જ્યોતિષશાસ્ત્રના અનુસારે જ થવા જોઈએ. આમ સમજીને પ્રાચીન મુનિઓ પણ શુભ મુહુર્તમાં જ દીક્ષા વિગેરે કાર્ય કરતા હતા. ભગવાન અરિહંતોની પણ એજ આજ્ઞા છે કે વિચક્ષણ મનુષ્યોએ પાઠ-દીક્ષા વગેરે શુભ કાર્ય. શુભ નક્ષત્રે તથા શુભતિથી વિગેરેના દિવસેજ પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે કરવાં જોઈએ.

પંચ વસ્તુક નામના ગ્રંથમાં પણ કહ્યું છે કેઃ—

એસ જિણાણંઆણા ખેતાઇઆએા કમ્મુણેા ભણિયા.
ઉદયાઇકરણું જં તમ્હા સવ્વત્થ જઇયવ્વં.

જિનેશ્વરોની આજ્ઞા છે કે કર્મોના ઉદયાદિનાં સાધનો ક્ષેત્રાદિ પાંચ પદાર્થો છે જેથી સર્વ કર્મોના સબંધમાં એ પ્રમાણે સમજવું.

પ્રાણીમાત્ર પોતાના પૂર્વભવમાં કરેલા કર્મફળને ગ્રહણ કરે છે અને તે જ વાતને જ્યોતિષશાસ્ત્રીઓ ફલાદેશરૂપે પ્રગટ કહી બતાવે છે.

મહાનુભાવો ! જ્યોતિષીઓએ અનેક પ્રકારની વાત ચીતો કર્યા બાદ જાપો જપવાનું પોતે જપી આપવાનું કબુલ કરી જમણવાર જમીને રાજાની રજા લઈ પોતાના સ્થાને ગયા.

હવે જોશી મહારાજ ગયા બાદ મંત્ર તંત્ર યંત્ર જાણનારાઓને રાજાએ બોલાવ્યા. રાજાએ આદર સત્કાર કર્યો અને આસન મૂકાવ્યા. મોટા આગેવાન નેતા આગળ બેઠા. ત્યારબાદ આગેવાન મુખ્ય નેતા બોલ્યા કે હે રાજન્ રાજકુંવરને ત્રણ ચાર દિવસમાંજ ફેર પડી જશે, અમારી પાસે ચમત્કારી યંત્રો છે, તે યંત્ર કુંવરના જમણા હાથે બાંધીશું જેથી ત્રણ ચાર દિવસમાંજ ફેર પડી જશે. હે રાજન્ અમારી વાત સાંભળો, મંત્ર તંત્ર યંત્રો ઘણી ઘણી જાતના હોય છે. અમોએ તેની સાધના ઝેખમ વહોરીને પણ સિદ્ધ કરેલ છે. યંત્રો પણ પંદરા, વીશા,

ત્રીશા બત્રીશા, ચૌત્રીશા, ચોસઠીયા એમ ઘણી જાતના હોય છે. વીશા પણ ઘણી જાતના હોય છે.

તેની લખવાની રીતો, અષ્ટગંધ, પુષ્યગુરૂ યોગ, રવિપુષ્ય-યોગ વિગેરે જોઇને પછી સિદ્ધ કરવામાં આવે છે. ક્ષત્રિયના માટે વણીકના માટે, બ્રાહ્મણના માટે અને શુદ્રના માટે કયા અંકથી લખવું જોઇએ. કયા કોઠેથી લખવું જોઇએ, વળી ચડ ઉતર આંકડા કેવી રીતે મૂકવા, કયા લાભ માટે કયા કોઠેથી લખવાનો તે પણ જોવાનું હોય છે. કોઈ કોઈ મંત્રોના લાખો જપ કરવા પડે છે.કોઈ કોઈમાં ઘી વિગેરે સુગંધી હોમ હવન પણકરવાની ફરજ પણ હોય છે. કોઈ વખત ઉપસર્ગ થવાનો સંભવ રહે છે. જો ઉત્તરસાધક મજબૂત ન હોય તો હીંમત હારી જવાય છે એવું પણ બને છે. તેમાંથી ગાંડપણ ચિત્તભ્રમ વિગેરે થવા સંભવ છે. તેના વારણનો ઉપાય પણ જાણવો જોઇએ. કોઈ કોઈ વખત ભૂત ડાકણ જન વિગેરેને કાઢવા માટે સખત પગલા જીવના જોખમે લેવા પડે છે. ભૂત પ્રેતને શીશામાં ઉતારવા પડે છે તે શીશાને સ્મશાનમાંજઈ દાટવો પડે છે, તેવા વખતે શીશાનું વજન પણ ત્રણ ચાર મણ જેટલો થઈ જાય છે. ઉતારતા કુટી જાય તો ભૂત કાઢનારનાજ બાર વાગી જાય છે. કોઈ પ્રસંગે ખીલા મારવા પડે છે. મંત્ર ભણી જવા સહેલા છે. પણ ભૂત પ્રેતને કાઢવા તે સહેલું નથી. તાંત્રીક વિદ્યા પણ ચમત્કારી હોય છે ચમત્કાર ઉપજાવનારી હોય છે. અમુક અમુક વસ્તુઓની ભેળવણીથી ન સમજી શકીએ એવી વસ્તુ ઉત્પન્ન થાય છે.

મંત્ર તંત્ર કંઈ ખોટા નથી પણ તેના સાધકો નબળા હોવાથી ખોટા જણાય છે. મંત્ર ફળ આપે તો પણ મંત્રનો ઉપયોગ અમુક વખતેજ થાય. મંત્ર તંત્ર જાણી સિદ્ધિના શીખરે પહોંચેલા મંત્ર તંત્રથી પાણીનું દુધ અને કાંકરાના રૂપીયા કરી બતાવે. પેડા બરફી વિગેરે બનાવી આપી બધાને આનંદ કરાવે. આ સિવાય મેસમેરીઝમ, હીપનોટીઝમ વિગેરે મનની એકાગ્રતાથી ચમત્કાર ઉપજાવે છે. વનસ્પતિઓના પણ કલ્પો તેમજ તેમની આમ્નાય પણ જોઈ છે. વિધિસર વનસ્પતિના મૂળ લાવવામાં આવે તોજ તે ચમત્કારી અને ગુણકારી બને છે.

લોઢાનું શસ્ત્ર તેને અડાડાય નહી. લાકડાના એવા હથીયારથી લેવું જોઇએ. પહેલે દિવસે નોતરૂ આપવું પડે છે. બીજ દિવસે કાગ બોલ્યા પહેલા મૌનપણે લાવવાનું હોય છે. પાછુ વળીને જોવાતું નથી. અર્ધનગ્નદશા જેવું કપડું પહેરવાનું હોય છે. જે જે નિયમો હોય છે તે મુજબ કરવામાં ન આવે તો અંધ બની બેસે છે અદૃશ્ય થવાની અંજનગુટીકાઓ પણ બનતી હતી. અગ્નિ ઉપર ચાલવાની પાણી ઉપર ચાલવાની, આકાશમાં ઉડવાની, લેપ ક્રિયાઓ, વિદ્યાઓ એમ અનેક પ્રકારના યંત્રો તંત્રો મંત્રો હોય છેજ પણ તેના જાણકાર. ગુરૂ ગમ્યતા મેળવનાર બહુજ અલ્પ સંખ્યામાં પણ જોવા મળતા નથી.

આ બધો વિસ્તાર કરવાનો સમય નથી. એમ કહી ત્રીધાતુનો માદરીયામાં યંત્ર મૂકી દીપ ધૂપ દેખાડી રાજકુંવરના

જમણા હાથે બાંધ્યું, અને કહ્યું કે, આ માદરીઉ પણ વિધિ-પૂર્વક બનાવેલું છે. સારા યોગમાં બનાવેલ કાર્ય સિદ્ધ થાય છે. તેમાં મૂકેલો યંત્ર પણ મહાન ચમત્કારી છે. જેથી ત્રણ ચાર દિવસમાં જ રાજકુંવરને ફેર પડવા લાગશે અને હુશીયાર બની જશે. ઓડ ઝપટ ભૂત પ્રેત ડાકણ શાકણ જન ગ્રહપીડા જે કાંઈ હશે તે આ યંત્રના પ્રભાવથી ઉભા રહેશે નહીં. એ સંબંધી જાપ જપવાના છે તેની માળાઓ અમોજ જપી આપીશું પણ હમણાતો પેટમાં ભૂખ લાગી છે. એટલે ભૂખ્યા પેટે ચિત્તની સમાધિ રહે નહી, જેથી જમી કરીને તે કામ હાથમાં લેશું. રાજાએ બધા જાણકારોના માટે પોતાને ત્યાંજ જમાડવાનો બંદોબસ્ત કરેલ હતો.

જમીપરવારી તૈયાર થઈ રાજાની પાસે આવ્યા અને કહ્યું કે કોઈ જાતની ચિંતા કરશો નહિ. અમોએ આવા કામમાં ઘણા ઈનામો મેળવેલા છે અને પ્રમાણ પત્રો પણ મેળવેલા છે. કુંવર-સાહેબને ત્રણચાર દિવસમાંજ ફેર પડવા લાગશે. પછી અમો ઈનામ લેશું. એમકહી રાજાની રજાલઈ પોતપોતાના સ્થાનેગયા.

ત્યારબાદ આસનવાદીઓ હાજર થયા. તેઓનું પણ રાજાએ સન્માન કર્યું. બાદ કહ્યું કે હે રાજન્ આસનો કરવાથી ઘણા રોગો દૂર થયાના લાભ જણાયેલા છે. તેનાથી ઘણા જનોને ફાયદા થયેલા છે જુદી જુદી જાતના રોગો પણ આસન કરવાથી જાય છે. આસન કરવાથી મનની એકાગ્રતા થાય છે જેથી રોગો મટે છે.

૧ સિદ્ધાસન સાધારણ રીતે પગ ઉપર પગ ચડાવી એક સ્થિરતાથી બેસવું. જેથી છાતીના તમામ રોગો મટે છે.

૨ પદ્માસન—પગ ઉપર પગ ચડાવી પાછળથી બે હાથ વડે પગના બે અંગૂઠા પકડવા, જેથી પેટનાદર્દો જેવા કે બાદી અરૂચી, અજીર્ણ વિગેરે દૂર થાય છે તે લાભ થશે.

૩ મયુરાસન—બે હાથ વચમાં નાંખી ઉંચુ થવું, જેથી અંડવૃદ્ધિ વિગેરે દૂષણોના રોગો મટે છે.

૪ ધનુષાસન—એક પગ લાંબો કરી બીજો પગ વાળી એક હાથથી પગનો અંગૂઠો કાન સુધી લાવવો, જેથી વાયુના રોગો મટે છે.

૫ ઉત્તાનાસન—બે પગ લાંબા કરી ઢીંચણને ન વળવા દેતાં બે હાથે બે પગના અંગુઠા પકડી મસ્તકને બે ઢીંચણ વચ્ચે લાવવું, જેથી પીચોટી ખસતી નથી, પગે કળતર થતી નથી.

૬ ગરૂડાસન—ઉભા થઈ એક પગ વાળી એડી સુધી લાવવું, અને હાથનો મરોડ કરવો, જેથી ચક્કી મટશે, સ્થિરતા થશે.

૭ ગૌદુહાસન—ગાયને દોતી વખતે જ રીતે બેસાય છે, તે રીતે બેસવું, પરંતુ સાથે સાથે નેત્રો કંઈક ખુલ્લાં કંઈક મીંચેલા રાખવા જેથી મનની એકાગ્રતા થશે. (આ આસને ભગવાન મહાવીરને કેવળ જ્ઞાન થયું હતું.) કંઈ પણ આધાર વગર માત્ર એક પગેજ ઉભુ થવું, જેથી

શરીરમાં મેદ વધતો નથી. અશક્તિ મટે છે, દેહ સમધારણ રહે છે, જેને શાસ્ત્રમાં અગુરૂ લઘુ કહે છે.

હે રાજન્ બીજા પણ શિર્ષાસન વિગેરે ઘણા આસનો જાણીએ છીએ. કુંવરને મુખ્યતાએ વાયુની વ્યાધિ વધુ છે. ત્રણ ચાર દિવસમાં આસનોની પેકટીશ કુંવરને થઈ જશે. આ બધા આસનો શીખ્યા જેવા છે. જેથી રોગ નાબૂદ થાય છે. એમ કહીને ત્રણ ચાર આસનો તે વખતે પણ કરી બતાવ્યા. તે જોઈને રાજા મંત્રી વિગેરે પણ ખુશ થયાબાદ જમણ જમીને પોતાના સ્થાને ગયા.

મહાનુભાવો ! હજી પંડિતો બાકી છે, ભટ્ટ પણ આવવાના છે. અને ભૂવાઓ પણ આવશેજ, વિશેષમાં ટુચકા જાણનાર ગામની ડોશીઓ પણ આવશે, અને સહુ પોતપોતાનું ગાશે, ગાય છે, અને રાજી થાય છે. કહ્યું છે કે—

વૈદ્યાવદંતિ કફ પિત્ત મરૂદ્ધિકારં
જ્યોતિર્વિદો ગ્રહગણાદિ નિમિત્ત દોષં
ભૂતોપસર્ગ મિથ મંત્રવીદો વદન્તિ
કર્મેતિ શુદ્ધ મતયો યતયો વદન્તિ

ભાવાર્થ—રોગીને જોઈને વૈદ્ય કફપીત્ત અને વાયુના વિકાર બતાવે જ્યોતિષીઓ સૂર્યાદિક ગ્રહના સમુદાયનું દૂષણ કહે, મંત્ર વાદીઓ ભૂત શાકીની પ્રમુખનો ઉપસર્ગ માંહોમાંહે બતાવે, પણ શુદ્ધ મુનિરાજ તો પ્રાચિન અશુભ કર્મનો ઉદય થવાથી અશાતા

આવે છે તેની સ્થિતિ પાકે ક્ષય થશે માટે તે ઉદય થતા સમભાવે ભોગવતા થકા નવા અશુભ કર્મ નહીં આવે માટે ધર્મ ઉદ્યમ કરવો એમ બતાવે છે.

મહાનુભાવો ! સહુકોઈ પોતપોતાની રીતે ઉપાય તો કરેજ પણ રોગ હોય તો નાબૂદ થાય, પણ મનનો રોગ આવા ઉપચારથી જાય નહીં. આતો કર્મરાજાની ભવાઈ છે, નાટક છે, કર્મ રૂપી રોગ કાઢવાની દવા સુગુરૂમહારાજ જાણી શકે છે, બતાવી શકે છે, બીજાઓ તો પોતેજ કર્મના રોગથી ઘેરાયેલા હોવાથી સાચો માર્ગ જણાવી શકતા નથી. સુજ્ઞો ! સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર મેળવો એજ સાચુ વિજ્ઞાન છે, તે સિવાયનું તો વિપરીત જ્ઞાન કહેવાય છે, ભાગ્યશાળીઓ ક્ષાન્તિ ગુણ મેળવી જ્યારે સંતોષ ધારણ કરાશે ત્યારેજ લલિત એવું સત્ય સુખ મેળવી શકાશે.

ઢાળ દસમી

(રાગ–સુણો શાંતિજીચંદ સોભાગી, હું તો થયો છું તુમગુણ રાગી)

કર્મ બંધ કેવીરીતે થાયે, જનશાસનથી સમજાયે,
મિથ્યાત્વ અવિરતિ સ્થિત, વળી કષાય યોગનિમિત્ત,
પ્રમાદવળીપણુગણીએ, કર્મબંધનાકારણકહીએ. કર્મ.૧

કર્મ બંધના ચાર પ્રકાર, પ્રદેશ પ્રકૃતિ બંધ ધાર,
સ્થિતિ બંધ વળીરસબંધ,એ ચારપ્રકારે સંબંધ.કર્મ.૨

પ્રદેશ તે પરમાણુ લહીએ, પ્રકૃતિ તે સ્વભાવ કહીએ,
સ્થિતિ એટલેકાળમુદત, રસઅનુભવ તીવ્રકેમંદ.કર્મ.૩
જેમલાડુ વાયુ કરે કોઇ, કોઇ પિત્ત કફ કરે કોઈ,
એમસ્વભાવલાડુનોજાણો,તેમકર્મસ્વભાવપ્રમાણો કર્મ.
કોઇ કર્મ તે જ્ઞાનને રોકે, કોઇ દર્શનને પણ રોકે,
કોઇશાતાઅશાતાભતાવે, તેતો વેદનીય કહેવાયે. કર્મ.૫
મોહનીય તે આત્મમુંઝાવે, સાચાસ્વભાવને તે દબાવે,
આયુકર્મ તેતો બંધાયે, એકવાર જીવનમાં થાયે.કર્મ.૬
નામકર્મથી શરીર બનાવે,રંગ આકૃતિ તેનાથી થાવે,
ઉંચનીચગોત્રકર્મે થાય,ગોત્રકર્મનો એ પ્રભાવ. કર્મ.૭
કર્મ અંતરાયે લાભદાન,ભોગઉપભોગ શક્તિનુંમાન,
વસ્તુ પ્રાપ્તિમાં અંતરાય,તેનુંનામકર્મઅંતરાય.કર્મ,૮
જીવ કર્મ પ્રદેશોને ધરે, તેજ સમયે પ્રદેશોના કરે,
આઠભાગતુરતમાંથાતા,તેજપ્રદેશોવહેંચાઇજાતા.કર્મ,૯
જેમ ખોરાય લેવાય તેના,થાયસ્વભાવે વિભાગ એના,
હાડમાંસાદિ વહેંચણીથાયે, નહીઆપણનેસમજાયે.કર્મ.
આયુ બંધ થાય એકવાર, બાકી સાતનો વારંવાર,
સમયસમયે ચાલુજરહેતું,એકીસાથેજબંધાઇજતું.કર્મ.
આઠ કર્મઉદય ભોગચાલુ, આઠેકર્મની નિર્જરાવારૂ,
તે પણ સમયમાંજથાયે,કર્મથીયરી ધારો સદાયે.કર્મ.૧૨

હજુ રાજમહેલની બાકી. રહી વાત કહું છું પાકી,
વૈદ્ય જોશી મંત્રવાદીરાજી,ગયાજમીનેરસોઈતાજી.કર્મ.૧૩
નૃપે પંડિતોને વળી ભટ્ટ, બોલાવ્યા આવ્યા તે ઝટ,
થઈઉભાદીએરાજમાન,માથુનમાવીકરેસન્માન.કર્મ.૧૪
પંડિતો વળી બ્રાહ્મણ સાચા,દીએ આશિષ સુંદર વાચા,
બેસવા આસનમૂકાવે,બેસીપંડિતોશ્લોકગજાવે.કર્મ.૧૫
સભા સૂણીને હર્ષજ પાવે, પંડિતો પર માન ધરાવે,
અગ્રેસરપંડિતબોલે,શ્લોક બોલીને અંતરખોલે.કર્મ.૧૬
ચારે વેદ ભણ્યા અમે કેવા, ગૂઢ રહસ્યથીજ ભરેલા,
ન્યાયવ્યાકરણસાહિત્યસારા,કર્યોઅભ્યાસમહેનતભારા
વેદમંત્રોનાશ્લોકબોલાશે. તેમતેમકુંવર સાજા થાશે,
રોગશોગભૂતસવિજાવે, જાયે નાઠા મંત્ર પ્રભાવે. કર્મ.૧૮
હે રાજન્ યજ્ઞ કરાવો, તેના માટે મંડપ બંધાવો,
કહેબ્રાહ્મણમાંવિખ્યાત, સાતદિન જમાડો નાત. કર્મ.૧૯
યજ્ઞસાથેવળીનાત જમશે, જેથી કામ તુમારા સરશે,
રાજકુંવરનેસારૂંજથાય,એવો બતાવ્યોછેજઉપાય.કર્મ.
ગમે કામ રાજાને મોટા, માંડો યજ્ઞ નથી કંઈ તોટા,
વળીબ્રાહ્મણસંતજમાડો,દિન સાતમેસુખનો દાડો. કર્મ.
ભટ્ટ બ્રાહ્મણો સંત પંડિતો, ગાયે યજ્ઞોના ગુણ ગીતો,
યજ્ઞ મંડપ શોભા ભારી, થઇબધી વાતે તૈયારી.કર્મ.૨૨

બોલાવ્યાભૂવાપણુઆવ્યા,સાથેસાધન સામગ્રીલાવ્યા,
દેવસ્થાનક એક બનાવ્યું,માંહેશ્રીફળપધરાવ્યું.કર્મ.૨૩
બળે દીવાઓ ઝાકઝગાટ, ધુપ સુગંધી ધમધમાટ,
ફળફુલને નિવેદતાજા, મૂકેજોઈરાજી થાય રાજા.કર્મ.૨૪
બેઠા જાજમપરહવે ભૂવો, વચ્ચે બેઠા છે કુંવર જુઓ,
સહુસગાસંબંધીઓઆવે, જગ્યા જોઈનેબેસીજાવે. કર્મ.
ડાકલા ડાકલીયો વગાડે, ડુંહ ડુંહ અવાજો કાઢે,
જોરશોરથી ઝાંઝજ વાગે, હવે દેવભૂવાના જાગે.કર્મ.૨૬
કાઢયું કેડીઉ મૂકયું ખુણે, છુટા વાળ મૂકી હવે ધુણે,
ઝણઝણાટી કરતીથાળી,ડાંડીડાકલેપણજોરદારી.કર્મ.૨૭
જુદાજુદાજ દેવોઆવે, હાવભાવથી જણાઈ જાયે,
વળગાડનું નામ કઢાવા,કર્યા ઉપાયપણનવિફાવ્યા.કર્મ.
દાણાજુવારનાજોવરાવ્યા, ત્રણવખતવધાવાઆવ્યા,
ભૂવાએડસાવીજ દીધુ, જન સાથે જ ભૂતડુ પેઠું.કર્મ.૨૯
નક્કી કર્યું જ છે વળગાડ, પણ જાશે જ પાડતુરાડ,
ખમ્માખમ્માકુંવરમારા,દીધીઅવધદિનત્રણચારા.કર્મ.
કશી ફીકર ન કરશો તમે,આથી જબરાકાઢયાછે અમે,
વાળવાકોનથાયેકુંવરનો,રાખોવિશ્વાસઅમઉપરનો.કર્મ.
લેશું ધનામ અમે તો સારૂં,જયા ભોજન ગૃહમાં વારૂ,
હવેટુચકાનીજાણકાર, આવીડોશીઓથઇ હુંશીયાર.કર્મ.

જોઇ કુંવરને પછી બોલી, આવી ધમાધમ કીમ બોલી,
લાગી કરડી નજરભારી, અમેજોઇલીધુધારીધારી.કર્મ.૩૩
આગે કુંવર ફરતા રમતા, ઠાઠમાઠથી શોખજ કરતા,
જોઇકુંવરને કોઇથયોરાજી,સંસારનીવિચિત્રબાજી.કર્મ.
વેશ જોઇ રહ્યો હશે તાકી, બેસી ગઇ નજરજ પાકી,
અને જાણીયે બધીજવાત,આવાકામેઅમેવિખ્યાત.કર્મ,
અમ શક્તિનો નહિ પાર, વળી ફેસી ખરા પણ ધાર,
આકાશ પાતાલની વાતો, કહીબતાવીએઅવદાતો.કર્મ.
અમે ભલભલાને બચાવી, જગમાંહે કીર્તિ જગાવી,
સો જોશીનેએક ડોશી, અમઅનુભવે આવે નજોશી.કર્મ
કરડી નજર લાગી કુંવરને, તેનું વારણ કરશું અમે,
રાઇમીઠું વિગેરે લાવી, કર્યું ઉનુ ખુબ કકડાવી.કર્મ.૩૮
ઉંધો વાટકો થાળી માંહી, ત્રણદિન ઉઘાડશો નાહી,
ભારીકરડીનજરછેઆતો, કહીએઅમેસાચીવાતો.કર્મ.૩૯
હે રાજન્ ચિંતાને ટાળો, જઇશું રાજપુત્ર સંભાળો,
લેશું ઠંનામસહુથીસારૂં,જ્યેભોજનગૃહબહુ પ્યારૂં. કર્મ.
એમ પોતપોતાની રીતે, કહ્યા ઉપાય સર્વે પ્રીતે,
જેવીજેવી સહુની દૃષ્ટિ,તેમુજબ વિચાર સૃષ્ટિ. કર્મ.૪૧
શુભ દૃષ્ટિ ભવિતુમેરાખો, ક્ષાંતિચિત્તસદા ભલી દાખો,
કર્મબંધનાકારણોતજો,કર્મનિયમો લલિત સમજો.કર્મ.

દશમી ઢાળનું વિવેચન

મહાનુંભાવો ? દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ કોઇ પૂર્વ પુન્યના યોગે આપણને મળી ગયો છે. તો અમૂલ્ય મનુષ્ય જન્મને સફળ કરવા આત્માને પરમાત્મા બનાવવા માટેનો ઉદ્યમ કરવો જોઇએ. તેના માટે આત્માને ઓળખવાની જરૂર છે સાથે સાથેજ કર્મજ્ઞાન મેળવવાની પણ ખાસ જરૂર છે. કારણ કે કર્મ-જ્ઞાન મેળવ્યા વિના કર્મ કેવી રીતે બંધાય છે કર્મ બાંધવાના કયા કયા કારણો છે, કર્મ કેવી રીતે છૂટે છે તે જાણી શકાય નહિ. કર્મ સંબંધીનુ' જ્ઞાન જૈન શાસનમાં એટલે જિનસિદ્ધાંતો-માંથી જે જાણવા મળે છે, તેવું જ્ઞાન અન્ય ધર્મશાસ્ત્રોમાં મળે તેમ નથી.

કર્મ બંધના ચાર કારણો છે. તેનાથી કર્મો બંધાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તેમજ પ્રમાદથી કર્મો બંધાય છે, કારણ વિના કાર્ય હોય નહિ એ સહુ કોઈ સમજે છે. શ્રી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

મિથ્યાત્વં પરમો રોગો, મિથ્યાત્વં પરમં તમઃ
મિથ્યાત્વં પરમઃશત્રુ, મિથ્યાત્વં પરમં વિષમ્ ।।
અદેવે દેવ બુદ્ધિર્યા, ગુરુ ધીરગુરૌ ચ યા,
અધર્મે ધર્મ બુદ્ધિશ્ચ, મિથ્યાત્વં તદ્વિપર્યયાત્ ।।

આ જગતમાં શત્રુઓ ઘણા હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી. વિષ અનેક પ્રકારનું હોય છે પણ મિથ્યાત્વ

જેવું કોઈ બીજુ વિષ નથી. રોગ અનેક પ્રકારના હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી અને અંધારૂ અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ અંધારૂ નથી. આ ઉપરથી મિથ્યાત્વ કેવી ભયંકર વસ્તુ છે તેનો ખ્યાલ આવી શકે છે.

મિથ્યાત્વ એ એક પ્રકારનો દૃષ્ટિ વિપર્યાસ છે. તેના લીધે જીવ અધર્મને ધર્મ માની લે છે અને ધર્મને અધર્મ માની લે છે. સાચા માર્ગને ખોટો માર્ગ અને ખોટા માર્ગને સાચો માર્ગ માની લે છે. જીવને અજીવ માને અને અજીવને જીવ માની લે છે. સાધુને અસાધુ અને અસાધુને સાધુ માની લે છે. મુક્તમાં અમુક્ત અને અમુક્તમાં મુક્તપણુ ધારી લે છે. આથી તેનું કર્મબંધન ચાલુજ રહે છે, અને ભયંકર ભવસમુદ્રનો પાર કરી શકાતો નથી. મિથ્યાત્વનું પ્રતિપક્ષી સમ્યક્ત્વ છે, તેની પ્રાપ્તિ થાય તોજ મિથ્યાત્વ હઠે. તેથી મુમુક્ષુઓએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેવાનું છે.

(૨)અવિરતિ, જેમાં વિરતિ ન હોય તે અવિરતિ કહેવાય. વિરતિ એટલે વ્રત, નિયમ, ત્યાગ કે પ્રત્યાખ્યાન. જે આત્મા કોઈપણ પ્રકારનું વ્રત લે છે, નિયમ ધારણ કરે છે, તે વિરતિમાં છે તે સિવાયના અવિરતિમાં ગણાય. અવિરતિના કારણે આત્મા પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનદ્વારા વિષયસુખમાં તલ્લીન બને છે. અને છકાયના જીવોની હિંસા આચરે છે, તેથી અવિરતિને કર્મ બંધનું કારણ માનવામાં આવ્યું છે. બારણા બંધ ન કર્યા હોય

તો ઘરમાં કચરો આવ્યાજ કરે, તેમ જે આત્માઓએ કોઈપણ પ્રકારનો વિરતિભાવ ધારણ ન કર્યો હોય તેને કર્મ લાગતાજ રહે, વળગતાજ રહે, એ દેખીતું છે.

સાધુ મહાત્માઓ તમને રોજ વ્યાખ્યાન–વાણી સંભળાવે છે. અને કંઈક પણ વ્રત, નિયમ, ત્યાગ, પચ્ચખ્ખાણ કરવાનું કહે છે. તેનું રહસ્ય એજ છે કે તમે કર્મ બંધનમાંથી બચી શકો. અને તમારા આત્માનો ઉદ્ધાર કરી શકો.

(૩) કષાય–જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે તે કષાય કહેવાય છે. તેનાથી કષ એટલે સંસારનો આય એટલે લાભ થાય. અર્થાત્ સંસાર વૃદ્ધિ પામે તેને કષાય કહેવાય છે. આ કષાયના ચાર પ્રકાર છે. ક્રોધ, માન, માયા અને લોભ. શાસ્ત્રકારોએ તેને ભયંકર આધ્યાત્મ દોષો કહ્યા છે.

ક્રોધ એટલે ગુસ્સો. દ્વેષ કે વેર લેવાની વૃત્તિ. માન એટલે અભિમાન, અહંકાર કે મદ, માયા એટલે કપટ દગો કે અન્યને છેતરવાની બુદ્ધિ, અને લોભ એટલે તૃષ્ણા. લાલસા કે વધારે ને વધારે લેવાની વૃત્તિ.

આ દરેક કષાયના અનંતાનુબંધી. અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય અને સંજવલન એવા ચાર પ્રકારો છે. આ સોળ પ્રકારના કષાયને જન્મ આપનાર નવ પ્રકારના નો કષાયો છે તે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ,

નપુંસક વેદ અહીં વેદ શબ્દથી કામ સંજ્ઞા સમજવી. કષાય એ કર્મબંધનું પ્રબળ કારણ છે તેથી જ શાસ્ત્રકારોએ તેનાથી દૂર રહેવાનો વારંવાર ઉપદેશ આપેલ છે.

(૪) યોગ–ચૂલાપર પાણીનું તપેલું ચડાવ્યું હોય અને પાણી ગરમ થવા લાગે ત્યારે એના પ્રદેશોમાં જે રીતે સ્પંદન થાય છે. ચંચળતા પ્રગટે છે. તેજ પ્રમાણે બાહ્ય અને અભ્યંતર નિમિત્તો મળતાં આત્મ પ્રદેશોમાં સ્પંદન થાય છે. આંદોલન થાય છે. ચંચળતા પ્રગટે છે. તેને શાસ્ત્રીય પરિભાષામાં યોગ કહેવામાં આવે છે. આ યોગ ત્રણ પ્રકારનો છે. ૧ મનોયોગ, વચનયોગ અને કાયયોગ. મનના વિવિધ વ્યાપારો એ મનોયોગ છે. વાણી કે વચનને લગતાં વ્યાપારો એ વચનયોગ છે. અને શરીર કે કાયાને લગતાં વ્યાપારો એ કાયયોગ છે. એકલા કાય વ્યાપારથી જ કર્મ લાગે એમ નહિ. પણ વાણીના વ્યાપારથી પણ કર્મ લાગે. અને માનસિક વિચાર એટલે મનના વ્યાપારથી પણ કર્મ લાગે, આત્મા સાથે આ રીતે કર્મનું લાગવું એનું નામ બંધ. કર્મબંધ થવામાં યોગ અતિ મહત્વનો ભાગ ભજવે છે. એ ભૂલવાનું નથી.

કર્મબંધ વિષે કેટલુંક વિવેચન કર્યું અને તેમાં કર્મબંધના કારણો એટલે હેતુઓ જણાવ્યા. આ હેતુઓમાં ચોથો હેતુ યોગ હતો. અહીંયા સમજવાનું છે કે શાસ્ત્રોમાં અનેક જગ્યાએ યોગ શબ્દનો પ્રયોગ આવે છે. અને તેમાં એમ પણ કહેવાયું છે કે

યોગથી કર્મ બંધન તૂટે છે. પરંતુ યોગથી કર્મ બંધન થાય છે. આ બંને વાક્યો પર વિચાર કરો અને કંઈ સૂઝ ન પડે તો તમે શું કહેવાના? શાસ્ત્રોમાં પરસ્પર વિરૂદ્ધ વાતો કહેલી છે. એજ કે બીજું કંઈ? પણ તમે ખાતરીથી માનજો કે સર્વજ્ઞ વીતરાગ ભગવંતના શાસ્ત્રોમાં પરસ્પર વિરૂદ્ધ વાતો કદી પણ હોય જ નહિ. તમને ન સમજાય તેમાં તમારી સમજનો દોષ છે અને તેનો ટોપલો તમે શાસ્ત્રોના માથે ઓઢાડો તે યોગ્ય નથી. થોડા સ્પષ્ટીકરણથી આ વસ્તુ બરાબર સમજી શકશો. જ્યાં એમ કહ્યું છે કે યોગથી કર્મબંધન તૂટે છે. ત્યાં યોગનો અર્થ પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો ધર્મ વ્યાપાર સમજવાનો છે. આવા ધર્મ વ્યાપારથી કર્મ બંધન તૂટે, તેમાં આશ્ચર્ય શું?

જે જે મહાપુરૂષોના કર્મ બંધન તૂટ્યા. તે પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલા દૃઢ ધર્મ વ્યાપાર વડે જ તૂટ્યા છે.

યોગથી કર્મબંધન થાય છે. આ વાત પણ એટલીજ સાચી છે. પરંતુ અહીં યોગ શબ્દ પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલા ધર્મ વ્યાપારના અર્થમાં નથી. એ આત્મ પ્રદેશોના આંદોલન કે સ્પંદન રૂપી યોગવડે આત્મા કાર્મણ વર્ગણાને પોતાની અંદર મેળવી દે છે. અને એ રીતે કાર્મણવર્ગણાનું આત્મા સાથે મળી જવું એજ કર્મબંધ છે. એટલું યાદ રાખવાનું કે કાર્મણ વર્ગણાઓ જ્યારે આત્મા સાથે મળી જાય ત્યારે જ તે કર્મ કહેવાય છે. તે પહેલા નહિ.

યોગ શબ્દનો એક અર્થ વ્યાપાર કે પ્રવૃત્તિ થાય છે. અને આત્મપ્રદેશોનું આંદોલન કે સ્પંદન એ આત્માનો વ્યાપાર કે પ્રવૃત્તિ છે. તેથી તેને યોગ સંજ્ઞા આપવામાં આવી છે.

સામાયિક ગ્રહણ કરતી વખતે તમે કરેમિભંતે ? સામાઈયં સાવજ્જં જોગં પચ્ચક્ખામી, એ શબ્દ બોલો છો, ત્યાં 'જોગં,' એટલે યોગનો અર્થ વ્યાપાર કે પ્રવૃત્તિ જ છે.

આત્મપ્રદેશમાં આંદોલન શાથી થાય છે ? તે સંબંધી લખાણ નવમી ઢાળમાં કરાયેલ છે. અહીં એ સ્પષ્ટતા કરવાની કે આત્માના બધા પ્રદેશો આંદોલિત થાય છે. પણ તેની મધ્યમાં જે આઠ રુચક પ્રદેશો છે. તે કદી આંદોલિત થતા નથી. અર્થાત તદ્દન સ્થિર રહે છે. એનું કારણ એ પ્રકારનો તેનો સ્વભાવ છે.

હવે કર્મબંધના ચાર પ્રકાર કહ્યા છે.

પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ.

(૧) પ્રદેશબંધ એટલે સમજવાનું કે દરેક સમયે આત્મામાં કોઈ પણ એક પ્રકારનું યોગસ્થાન અવશ્ય હોય છે. અને આત્મા તે યોગસ્થાનક પ્રમાણે જ કાર્મણવર્ગણા ગ્રહણ કરે છે. જો યોગસ્થાનક મંદ હોય તો આત્મા ઓછી કાર્મણવર્ગણા ગ્રહણ કરે, અને તીવ્ર, તીવ્રતર તીવ્રતમ હોય તો તે પ્રમાણે વધારે કાર્મણ વર્ગણા ગ્રહણ કરે. કાપડનો કોઈ સંચો ધીમી ગતિએ ચાલતો હોય તો ઓછુ કાપડ વણે. અને ઝડપથી

ચાલતો હોય તો વધારે કાપડ વણે. એ તમે જાણો છો કાર્મણ-વર્ગણાઓ ગ્રહણ થતા જ તે આત્મ પ્રદેશો સાથે ભળી જાય છે. નવા કર્મના પરમાણુઓમાં ચીકાશ હોય છે જેથી પૂર્વના કર્મો સાથે ચોટી જાય છે. આ ક્રિયામાં કાર્મણ વર્ગણાના પરમાણુઓનો સમૂહ આત્મ પ્રદેશો સાથે પાણીમાં રંગની પેઠે. દુધમાં પાણી. લોઢામાં અગ્નિ મળી જાય છે તેમ પૂર્વના કર્મો સાથે ચોંટી જાય છે. આનું નામ પ્રદેશ બંધ કહેવાય છે.

(૨) પ્રકૃતિબંધ–એટલે સ્વભાવ. જેમ ગુલાબી રંગ પાણીને ગુલાબી ને લીલો રંગ લીલુ કરી મુકે છે. તેમજ જે સમયના યોગસ્થાનકના બળથી જે કાર્મણ વર્ગણાઓ આત્મા સાથે મિશ્રિત થઈ, તેના (પ્રદેશોના) તેજ સમયના યોગ સ્થાનકના બલથી તેજ સમયે ભાગલા પડી જાય છે. અને દરેક ભાગલામાં સ્વભાવોનો નિયમ. તેજ યોગ બળથી તેજ સમયે થઈ જાય છે.

સ્વભાવનો નિયમ એટલે. અમુક ભાગ અમુક પરિણામ નિપજાવશે, એવું દરેક ભાગલાઓનું નક્કી થઈ જાય છે. ભાગલા એટલે આત્માએ યોગના બલથી ગ્રહણ કરેલ કાર્મણ વર્ગણાના પ્રદેશો, તે પ્રદેશોની જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોમાં વહેંચણી થઈ જાય છે. તેને ભાગલા કહેવામાં આવે છે. તે ભાગલા થતાની સાથેજ તે તે કર્મના સ્વાભાવ નક્કી થઈ જાય છે.

પ્રદેશબંધ યોગબળથી જ પડે છે તેમ પ્રકૃતિબંધ પણ યોગબળથીજ પડે છે તે ખ્યાલમાં રાખવું. એક સાથે બે બંધો

શી રીતે પડતા હશે ? એના સંબંધમાં સમજવાનું કે એકી સાથે અનેક ક્રિયાઓ થઈ શકે છે, એન્જિનમાં કોલસા પુરાતા હોય છે. પાણી ઉકળી રહ્યું હોય છે. તેની વરાળ થતી હોય છે. તેનો ધક્કો લાગતાં દંડ ઉંચો નીચો થતો જાય છે. અને પૈડું ચાલતું હોય છે. વગેરે વગેરે. અહીં પણ તેમજ સમજવું જે સમયે કાર્મણ વર્ગણા આત્મપ્રદેશો સાથે મિશ્રિત થાય છે—મળી જાય છે. તેજ સમયે યોગસ્થાનકના બળ મુજબ તેના ભાગલા પડી જાય છે. અને તે દરેક ભાગલાના સ્વભાવનો—કાર્યોનો નિયમ થઈ જવો, તેનું જ નામ પ્રકૃતિબંધ. જો કર્મના ભાગલા ન થતા હોય અને તેનો જુદો જુદો સ્વભાવ નક્કી ન થતો હોય તો કર્મ એક પ્રકારનું જ રહે. અને તેનું પરિણામ પણ એક પ્રકારનું જ આવે, પણ આપણે જાણીએ છીએ કે કર્મનું પરિણામ વિચિત્ર હોય છે. એટલે કર્મનો સ્વભાવ એક સરખો નહિ પણ વિવિધતાવાળો છે. અને તે પ્રદેશ બંધ પડતી વખતે જ નિર્માણ થાય છે. અહીં એટલું યાદ રાખવું કે કાર્મણ વર્ગણાના ભાગલા પડે છે. ત્યારે તે પોતે પોતાના જથ્થામાં ચોંટી જાય છે. એક મોટી વખારમાં અનેક જાતનો માલ આવે છે પણ તે બધો પોતપોતાની જાતમાં ગોઠવાઈ જાય છે એના જેવી જ આ ક્રિયા છે.

બીજી વાત પણ સમજવાની કે, લીધેલા ખોરાકમાં જેવી જઠરાગ્નિના પ્રતાપે સ્વભાવથીજ વિભાગ થઈ જાય છે. તેવી રીતે

કર્મ પ્રદેશોનો પણ જ્ઞાના વરણાદિ વિભાગ પણ યોગથી (મન વચન કાયાથી) થઈ જાય છે અને તેથી યોગનેજ અંગે જેમ પ્રદેશ બંધવાળુ થાય છે, તેમ આ પ્રકૃતિબંધ પણે તે યોગથીજ થઈ જાય છે.

પ્રદેશના સાત આઠ ભાગ પડી જાય છે, જો આત્માના જ્ઞાનાવરણીય કર્મ બીલકુલ હોય નહિ તો બહારના પુદ્ગલો જ્ઞાનાવરણીયમાં પરિણમી શકે નહી. આંગળી હોય તો આવતા આહારના પુદ્ગલનો ભાગ આંગળીને મળે. પણ કપાઈ ગયા પછી તે આંગળીને આહારનો ભાગ મળે નહિ. ખોરાક-માંથી પહેલા હોય તેને પોષણ મળે, પહેલાનો નાશ થાય (ક્ષય પામે) તો નવું પોષણ થતું નથી. સત્તા અને ઉદયમાં જ્ઞાના-વરણીય હોય ત્યાં સુધીજ નવા જ્ઞાનાવરણીયનો ભાગ તેમાં મળે, જે વેદાય તેજ બંધાય, શરીરનાં જે ભાગમાં લોહી ફરે તેજ ભાગને પુષ્ટિ મળે. જેમાં લોહીનું ફરવું બંધ થયું તે ભાગને ન મળે, જે કર્મ સત્તામાં ન હોય, વેદવામાં ન હોય, ત્યાં નવું કર્મ થતું નથી, એટલે નવો ભાગ મળે નહી. પ્રદેશની અપેક્ષાએ જેટલું કર્મ પહેલા ગુણ સ્થાનકવાળો બાંધે, તેટલુંજ તેરમાં ગુણ સ્થાનક વાળો બાંધે, પણ વિભાગમાં તેરમા ગુણ સ્થાનક-વાળાના જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મો નાશ પામ્યા છે અને બીજા અઘાતિ બંધાતા નથી, એટલે બધુ કર્મ શાતાવેદનીયમાં પરિ ણમે છે. મન, વચન, કાયાના યોગોથી ઔદારિક વિગેરે કાર-

ણેાથી જીવને કર્મનેા બંધ છે. તેમાં પ્રદેશ બંધ અને પ્રકૃતિ બંધ યેાગથી થાય છે. સ્થિતિબંધ તે કષાયથી થાય છે. લેાહી વધ્યુ એટલે હાડકા વધ્યા, વિકાર વધ્યેા, એ વાતથતા કાર્યથી સમજીએ છીએ, પણ લેાહી કેમ થયું તે સમજાતું નથી. તેવી રીતે તેવા જ્ઞાન દર્શન અને યથાખ્યાત ચારિત્ર ન થયા હેાય ત્યાં સુધી યેાગથી વિભાગ (ભાગલા) કેવીરીતે પડયેા એ પણ સમજી શકીએ નહિ. (૩) સ્થિતિબંધ (૪) રસબંધ આ બંને બંધ અધ્યવસાયના બળથી થાય છે.

જે સમયે જે યેાગબળથી કાર્મણ વર્ગણા આવે તેજ સમયે તેજ યેાગબળથી તેના ભાગલા પડી જાય છે. સ્વભાવનેા નિયમ થાય છે અને દરેક ભાગલા આત્મપ્રદેશેા સાથે મિશ્રિત થઈ જાય છે. તેવીજ રીતે દરેક ભાગના કર્મ પ્રદેશેા(કાર્મણ વર્ગણા) આત્મપ્રદેશેા સાથે કેટલા વખત સુધી મિશ્રિત રહેશે ? એ રીતે વખતનેા પણ નિયમ થવેા જોઇએ. જો વખતનેા નિર્ણય ન થાય તેા આત્મપ્રદેશેા સાથે કાર્મણ વર્ગણા મિશ્રિતપણે એક સમય પણ ન રહી શકે અથવા અનંત કાળસુધી રહે, માટે તેનેા નિયમ થવેા જોઇએ.

એક કેદીની સજા ફરમાવતાં પહેલાં તેને કેટલેા વખત કેદમાં રહેવું તે બાબત પહેલેથીજ નક્કી કરવામાં આવે છે. જો નક્કી કરવામાં ન આવે તેા. તેણે કેદમાં કયાં સુધી રહેવું ? એક દિવસ બે દિવસ, કલાક, અર્ધી કલાક, અથવા વર્ષ, પાંચ વર્ષ

કે છેવટે આખી જીંદગી સુધી રહેવું એવો કોઈ પણ પ્રકારનો નિયમ કરવોજ જોઇએને ?

તેવીજ રીતે પડી ગયેલા ભાગલાઓએ આત્મ પ્રદેશો સાથે એક સમય, બે સમય, ઘડી, બે ઘડી, દિવસ, બે દિવસ, પાંચ દિવસ, વર્ષ, પાંચ વર્ષ, સો વર્ષ, હજાર વર્ષ એમ કેટલાક વખત સુધી રહેવું, એવો નિયમ પણ તેજ વખતે (કર્મબંધ-સમયે) થઈ જાય છે. આવી રીતે વખતનો નિયમ થવાને સ્થિતિ બંધ કહે છે.

આ સ્થિતિબંધ અધ્યવસાયના બળથી થાય છે પ્રદેશબંધ તથા પ્રકૃતિબંધ યોગના બળથી થાય છે અને સ્થિતિબંધ અધ્યવસાયથી થાય છે. એ ખ્યાલમાં રાખવું, સ્થિતિબંધ એટલે કર્મને ફળ આપવાનો કાળ, કર્મ બાંધતાં કર્મના પુદ્ગલોમાં તે કાળ નિયત થાય છે.

કર્મને ફળ આપવાનો ઓછામાં ઓછો કાળ અંતર્મુહૂર્ત હોય છે. અને વધારેમાં વધારે ૭૦ ક્રોડ ક્રોડી સાગરોપમનો હોય છે તે સ્થિતિ કષાયોની ઓછાવત્તા પરિણામ મુજબ પડે છે અને સ્થિતિમુજબ તેટલા કાળસુધી તે કર્મફળ આપે છે.

પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ કહેવાઈ ગયું હવે ચોથુ રસબંધ–દરેક ભાગલાના સ્વાભાવનો નિયમ થાય. પરંતુ પોતાનો સ્વભાવ કેવા જુસ્સાથી ફળ–પરિણામ બતાવશે ? તે પણ જાણવું

જોઇએ. જેમકે મરચાં, સૂંઠ, મરી વિગેરે ચીજો તીખી હોય છે. પણ કઈ ચીજ કેટલી તીખી છે? તેવીજ રીતે ગોળ, ખાંડ, શેરડી વિગેરે ચીજો ગળી છે. પરંતુ દરેકના ગળપણમાં તફાવત છે. તેવીજ રીતે ધારો કે એક ભાગલાનો સ્વભાવ તાવ લાવવાનો નક્કી થયો. એટલે તાવ લાવવાનો પ્રકૃતિ બંધ થયો. તાવ એક મહિના પછી બે દિવસ સુધી આવશે. એવો સ્થિતિનિયમ થયો. પરંતુ બે દિવસ સુધી તાવ આવશે તે કેવા જોસમાં આવશે. ૯૯ ડીગ્રી આવશે? કે ૧૦૦ ડીગ્રી આવશે? કે ૧૦૫ ડીગ્રી આવશે? એવો કંઈ પણ નિયમ થવોજ જોઈએ ને? આવી રીતે દરેક ભાગલાઓના પ્રદેશોનો, સ્વભાવનો અને વખતનો નિયમ થાય છે. તેવી જ રીતે સ્વભાવ બતાવવાના જુસ્સાનો પણ માપ પૂર્વક— ચોક્કસ ધોરણસર નિયમ, તેજ સમયે અધ્યવસાયના બલથી થાય છે. આ નિયમને અનુભાગબંધ, અથવા અનુભાવબંધ, કે રસ-બંધ કહેવામાં આવે છે.

પ્રદેશ અને પ્રકૃતિબંધ યોગબલથી થાય છે અને સ્થિતિ-બંધ અને રસબંધ અધ્યવસાયથી થાય છે તે ખ્યાલમાં રાખવું. કર્મ બાંધતી વખતે તીવ્ર યા મંદ જેવા પરિણામ હોય તેવો રસ પડે છે, અને જેવો રસ પડ્યો હોય તે રીતીએ ભોગવવું પડે છે. મંદતર, તીવ્ર અને તીવ્રતર એમ રસના ઘણા પ્રકારો હોય છે. તે પણ કષાયોથી પડે છે. બીજું સમજવાનું કે જેમ સ્થિતિ બાંધ્યા પછી પાછળથી તેવા અધ્યવસાયો અને તેવી

ક્રિયાઓને લઈને સ્થિતિ ઓછી વત્તી થાય છે તેમ રસપણ પાછળથી તેવા અધ્યવસાયો અને તેવી ક્રિયાઓથી રસબંધ ઓછો વધતો થાય છે. અને તેજ પ્રમાણે ફળ આપે છે. આવી રીતે પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ, એ ચારનું થવું તે બંધ કહેવાય છે અને તે એક જ સમયમાં બની જાય છે.

કોઈ વખત રસબંધ નથી થતો. (કારણકે તેવા પ્રકારનું અધ્યવસાય સ્થાનક ન હોય. તો રસબંધ ન થાય) માત્ર ત્રણ પ્રકારના જ બંધ થાય. ત્યારે તેનું નામ પ્રદેશબંધ કહેવાય છે. જ્યાં સુધી ક્રિયા ત્યાં સુધી પ્રદેશબંધ, જેવી ક્રિયા તેવો પ્રકૃતિ-બંધ. જેવો કષાય તેવો સ્થિતિબંધ, અને જેવી લેશ્યા તેવો રસ બંધ, રાગદ્વેષની તીવ્રતા હોય તો શુભ કર્મનો મંદ રસ અને અશુભ કર્મનો તીવ્ર રસ બંધાય, અને રાગદ્વેષની મંદતા હોય તો શુભ કર્મનો તીવ્ર રસ (૪ ઠાણીઓ વગેરે) બંધાય, અને અશુભકર્મનો મંદ રસ (૨ ઠાણીઓ વગેરે) બંધાય. કર્મના ઉદય વખતે આ રસ તીવ્રપણે કે મંદપણે ભોગવાય છે.

દરેક કર્મનો સ્વભાવ તેની સ્થિતિ તેનો રસ અને તેના પ્રદેશ. એમ ચાર પ્રકારે કર્મબંધ થાય છે.

એક લાડુનું દૃષ્ટાંત આ સંબંધમાં ઉપયોગી થઈ પડે છે. જેમકે લાડુમાં લોટ અને ઘી, ગોળ આદિ રસની જરૂર પડે છે. તેમ તેમાં સૂંઠ વિગેરે પદાર્થ નાંખવાથી વાયુહરણ કે પિત્તહરણ આદિ ગુણ કે સ્વભાવ પણ હોય છે કે આ લાડુ સહીનો કે પંદર

દિવસ પહોંચી શકે. ત્યારપછી બગડી જાય કે નાશ પામે. તેમ કર્મબંધમાં કોઈ કર્મનો સ્વભાવ જ્ઞાનગુણને દબાવવાનો હોય છે.

જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે, દર્શનાવરણીય કર્મ દર્શનને રોકે છે. મોહનીય કર્મ આત્માને મૂંઝાવે છે. એટલે આત્માના વીતરાગ રૂપ સાચા સ્વભાવને દબાવે છે. વેદનીય કર્મ વેદના આપે. તેમજ આત્માના સાચા સુખને દબાવે છે. આયુષ્ય કર્મથી દરેક ભવમાં અમુક વર્ષ સુધી જીવનની મર્યાદા બંધાય છે. આયુષ્ય કર્મનો બંધ તો જીવનમાં એકજવાર હોય છે. નામ કર્મથી શરીર તથા તેની આકૃતિ તથા તેના રંગ વગેરે બને છે. ગોત્રકર્મ ઉંચ નીચ ગોત્ર આપે છે. અને અંતરાય કર્મ, આત્માના અનંત વીર્ય ગુણને દબાવે છે. અંતરાય કર્મના ઉદયથી જીવને ઇચ્છિત વસ્તુ મલતી નથી.

પોતાની પાસે વસ્તુ હોવા છતાં તે બીજાને દયાની લાગણીથી આપી શકતો નથી. પોતે તે વસ્તુ પોતાતા ભોગમાં એકવાર કે અનેકવાર લઈ તેનો ઉપભોગ કરી શકતો નથી અને પોતાનું સામર્થ્ય છતાં તે યોગ્ય સ્થળે ફોરવી શકતો નથી. આ અંતરાય કર્મનો સ્વભાવ છે.

આયુષ્યકર્મનો બંધ તો જીવનમાં એક જ વાર હોય છે. બાકીના સાત કર્મની પ્રકૃતિનો બંધ સમય સમય હોય છે. દરેક સમયમાં સાતે કર્મ બંધાય છે. દરેક સમયમાં સાત કર્મ શી રીતે બંધાય? એના સમાધાનમાં હરેક જીવને હરેક સમયમાં

આઠે કર્મોનો ઉદય હોય છે. એટલે આત્માના ઉપર બંધાય કર્મોની અસર હોય છે. તેથી બધા કર્મની અસરવાળા પરિણામથી બંધાય કર્મ બંધાય, માત્ર આયુષ્યના માટે તે વાત નહિ. જેમ એક દવાની ગોળીમાં તીખી, ખાટી, ખારી, તુરી વગેરે વસ્તુઓ નાંખી હોય અને ધુંટી ધુંટીને ખૂબ એકમેક કરી દીધી હોય પછી એની ગમે નાની ગોળી બનાવો અને ચાખો તો બધાય રસોનો સ્વાદ એક સાથે જ આવવાનો. તેમ કર્મના ઉદયની અસર આત્માના પરિણામો ઉપર હોવાથી તેવા પરિણામોથી તેવા તેવા પ્રકારના કર્મો એક સાથે ને એક સમયે જ બંધાય છે તેજ સમયે સમયે આઠે કર્મો ભોગવાય છે. અને આઠે કર્મોની નિર્જરા આ બધુય આત્માને દરેક સમયે થાય છે. આ બધી થીયરી–વાતો–સમજ બરોબર મેળવો. કર્મ બંધના કારણમાં મિથ્યાત્વ, અવિરતિ–કષાય અને યોગ છે. કર્મબંધના ચાર પ્રકારમાં પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ છે તે બરોબર સમજી રાખવાનું છે.

મહાનુભાવો ? જગત વિચિત્રતાથી ભરેલું છે આ સર્વ વિચિત્રતા કર્મની વિચિત્રતા ઉપર આધાર રાખે છે ઠેકાણે ઠેકાણે નજર કરશો તો આ કર્મ વિચિત્રતાને નહિ અનુભવતો હોય એવો. એક પણ દેહધારી જીવ આપણા જોવામાં આવશે નહિ. આ કર્મ વિચિત્રતા પણ ઈષ્ટાનિષ્ટ વસ્તુ ઉપર જે રાગદ્વેષ રૂપ વિષય પરિણામ ઉત્પન્ન થાય છે. તેના ઉપર આધાર રાખે છે.

આપણે હવે ચાલુ વાર્તાના નાયક છત્રકુંવર અને ભાણકુંવર તેઓ પણ કેવી કેવી વિચિત્રતા અનુભવી રહ્યા છે. તેનો વિચાર ચાલે છે. ખરો રાજકુંવર તે હાલ ભાણીયાના વેષે ભીખારી દશા અનુભવી રહ્યો છે. છતાં હૃદયમાં તેનું ધ્યેય રાજ્યનો વારસ હક્ક ચાલ્યો ગયો છે તે પાછો કયારે મેળવું ? મારા પીતાજી મળે તો બધો ખુલાસો થઈ શકે. પણ રાજાને મળવાની તક મળતીજ નથી. છતાં પણ તે તક મેળવવાનું ધ્યેય તો રાતદિન હૃદયમાં ચાલુ જ છે. આ બાજુ રાજમહેલમાં રંક ભાણીયો તે હાલ છત્રકુંવરના વેશમાં છે. સહુ કોઈ રાજકુંવર તરીકે જાણે છે. પણ પોતાને તો ઘણો જ ભય છે. હું ભીખારી ભાણીયો છું. મારો વેષ મને અપાવો એટલે હું જઉં. આ રીતે બોલવાથી દરેકને એમ જ થઈ ગયું છે કે જરૂર રાજકુંવરને અચાનક કંઈક થઈ ગયું છે. કોઈને ઓળખતા પણ નથી. અને લવારો કર્યા કરે છે. જેથી જલદી તબીયતમાં સુધારો થાય તેવા ઉપાયો રાજાએ આદરી દીધા છે. પહેલા વૈદ્યો આવી ગયા. અને નાડી જોઈને એવું નિદાન કર્યું કે મગજમાં ગરમી—વાયુ ભરાયેલ છે. માટે ગભરાવાની કંઈ જરૂર નથી રોગને નાબુદ કરવા માટે ઉંચા પ્રકારની દવાના પડીકા આપ્યા, ત્રણ ચાર દિવસમાં જ જરૂર ફેર પડી જશે. એમ કહ્યા બાદ ભોજન જમીને ગયા બાદ જોશીઓ આવેલા. તેઓએ પંચાગ ટીપણા તપાસી ગણત્રી કરીને કહ્યું કે શનિ અને મંગળ નડે છે. જેથી તેના જાપ જપાવો. ત્રણ ચાર દિવસમાં જ ફાયદો જણાશે. અમો ગ્રહણ પણ સાચુ કહી બતા-

વીએ છીએ. ગ્રહનક્ષત્રની ચાલ પણ અમો જાણીએ છીએ. ખોટું કહીએ તો અમારૂ ચાલે જ કેમ ? એવી કેટલીક વાતો કરીને ભોજન જમીને ગયા બાદ મંત્ર તંત્ર યંત્રવાદીઓ પણ આવ્યા. તેઓએ પણ પોતે ચમત્કારીક યંત્રો વિધિસર લખીને બનાવેલા છે. તેના પ્રભાવથી ત્રણ ચાર દિવસમાં જ ફેર પડી જશે. અમોએ મંત્ર તંત્રની સાધના જોખમ વહોરીને ઉત્તરસાધક મજબૂત રાખીને પણ સિદ્ધ કરેલ છે. અમોએ ઘણી વનસ્પતિઓના કલ્પો વાંચ્યા છે આમ્નાયો (વિધિ) અમોએ મેળવેલી છે. યંત્રમાં લખેલ મંત્રના જાપ અમોજ જપી આપીશું વિગેરે કહી ભોજન જમીને ગયા.

ત્યાર બાદ રાજાએ આસનવાદીઓને પણ બોલાવ્યા. આસનો કરવાથી થતા લાભો જણાવ્યા. રાજકુંવરને ત્રણ ચાર દિવસમાં આસન શીખડાવીને રોગનો નાશ કરીશું. જેથી અમો દ્રનામ મેળવીશું. એમ કહી રાજ રસોડે જમીને ગયા.

ત્યાર બાદ રાજાએ પંડિતોને બોલાવ્યા. સાથે જ બ્રાહ્મણો (ભટ્ટ)ને પણ બોલાવ્યા. કે તરત જ ઝટ આવીને હાજર થયા. રાજાએ પણ ઉભા થઈ મસ્તક નમાવી સન્માન કર્યું. પંડિતો તેમજ બ્રાહ્મણોએ મધુર વાણીમાં આશિર્વાદ આપ્યા. આસન ઉપર બેઠા અને શ્લોક બોલીને સભા ગજાવી મૂકી. સભાજનો પંડિતોના તેમ બ્રાહ્મણોના મુખથી બોલાતા શ્લોકો સાંભળીને બહુ ખુશ થઈ માન ધરાવતા થયાં. આગેવાન પંડિતજી કહે છે

કે હે રાજન્ અમોએ ગૂઢ રહસ્યથી ભરેલા એવા વેદો વાંચ્યા છે તેમજ ન્યાય, વ્યાકરણ, સાહિત્ય વિગેરે વિગેરેનો અભ્યાસ બહુ મહેનત પૂર્વક કર્યો છે. વાદવિવાદ તર્કમાં પણ અમો નિપુણ છીએ. દરેક વિષયમાં અમારૂ મગજ બરોબર કામ આપે છે. ભણવું અને ભણાવવું એતો અમારૂ ખાસ વ્યસન છે. હે રાજન્ વેદમંત્રોના શ્લોક બોલાશે. તેમ તેમ કુંવર સાજા થતા જશે. આ વેદમંત્રના પ્રભાવથી રોગ, શોગ, ભૂત, ડાકણ, શાકણ વિગેરે દૂર થાય છે. અને ફરી પાસે આવતા નથી. આ ઉપાય રચવા માટે એક મોટો મંડપ બંધાવી યજ્ઞ કરાવો. સાથે સાથે આગેવાન વિખ્યાત બ્રાહ્મણે પણ પ્રોત્સાહન વધારવા જણાવી દીધું કે હે રાજન્ પંડિતજીનું કહેવું બરોબર છે અને બ્રાહ્મણ, સન્યાસી, સંતોની સાત નાત જમાડવાનું રાખશો. યજ્ઞની સાથે સાત નાત જમશે એટલે જલ્દી તુરત કુંવરને પણ આરામ થશે. રાજકુંવરને જલ્દી સારૂં થાય એવોજ ઉપાય બતાવ્યો છે. રાજા રાજ-પંડિતોની અને બ્રાહ્મણોની વાત સાંભળી બહુ ખુશ થયા. કારણ કે રાજાઓને મોટા કામો ગમે છે. વળી રાજ્યમાં કંઈ તૂટો નથી. જથી પ્રધાનોને સૂચના કરી દીધી કે મોટો મંડપ બંધાવો. અહિંસક યજ્ઞ કરાવો. સાત નાત બ્રાહ્મણ, સંન્યાસી, સંતોની જમાડો, જથી સાતમે દહાડે સુખનો દહાડો જોશું. રાજાનો હુકમ થતાં જ પ્રધાનોએ પણ સરસ સુંદર મંડપ બંધાવ્યો. યજ્ઞમાં ભાગ લેનારાઓ પંડિતો, બ્રાહ્મણો વિગેરે હાજર થયા. અને યજ્ઞનો મહિમા કીર્તન કરવા લાગ્યા. નાત જમાડવાનું પણ શરૂ

કરાવી દીધું. વળી રાજાએ ભૂવાઓને પણ બોલાવ્યા. એટલે તેઓ પણ સાધન સામગ્રી સાથે લઈને હાજર થયા. ભૂવાએ રાજાને નમસ્કાર કર્યો, રાજાએ પણ બે હાથ જોડી સત્કાર કર્યો ભૂવાએ તરત જ એક દેવ સ્થાનક બનાવ્યું. અંદર એક શ્રીફળ પધરાવ્યું. ચારે બાજુએ ઝાકઝગાટ દીવાઓ પ્રગટાવ્યાં અને ધમધમાટ સુગંધી ધૂપથી વાતાવરણ સુગંધમય બનાવી દીધું. તેમજ તાજા ફળ ફૂલ નિવેદ્ય રાજમહેલમાંથી મંગાવીને ધર્યા. આ બધુ જોઈને રાજા પણ રાજી રાજી થઈ ગયા. હવે ભૂવો જાજમ ઉપર બેઠો.વચમાં રાજકુંવરને બેસાડ્યા છે. સગા-સ્નેહીઓ જેમ જેમ આવતા જાય છે. તેમ તેમ જગ્યા જોઈ જોઈને બેસતા જાય છે. ડાકલીયો ખાટલી પર બેસી ડાકલા પર ડાંડી મારી મારીને ડુંહ ડુંહ ડુંહ એવા અવાજો કાઢી રહ્યો છે. દેવ દેવી-ઓના નામથી દુહા બોલાતા જાય છે. ઝાંઝ પણ જોર શોરથી વાગે છે. હવે ભૂવાના દેવ જગ્યા. કેડીયુ કાઢી નાંખી ખૂણામાં મૂક્યુ. વાળ છૂટા મૂક્યા. થાળી ઝણઝણી ઉઠી અને ભૂવાને થર થર થર ધ્રૂજારી છૂટી. તેના શરીરમાં જુદા જુદા મેલા ભૂત આવતા જાય છે. અને દેવ પ્રમાણેના જુદા જુદા હાવ ભાવ થાય છે. આ દેવ છે કે દેવી આવી છે. તે તેના હાવભાવ ચાળા ઉપરથી બોલવા ઉપરથી સમજનારા સમજી લે છે. આ વખતે પૂછવામાં આવ્યું કે તું કોણ છે અને શા માટે રાજકુંવરના શરીરમાં પેઠું છે. તારે શું જોઈએ છે તે કહે. આમ બોલાવવાના

પ્રયત્ન કરે છે. પણ જવાબ મળતો નથી. ત્યારે વળી જુવારના દાણા લઈ જોવા માંડયાં.

જુવારના દાણા લઈ એક ભૂવો બીજા ભૂવાને માંગ્યા પ્રમાણે દાણા આપે. એકી દાણા માંગે તેમાં ત્રણ, પાંચ, સાત, દાણા નીકળે તેને વધાવો કહેવામાં આવે છે. અને જો બેકી દાણા માંગે તેમાં બે, ચાર, છ, આઠ, દાણા નીકળે તેને વાસા કહેવામાં આવે છે. તે મુજબ ઉપરા ઉપરી ત્રણ વખત સાચુ પડે તો વળગાડ છે એમ નક્કી થાય. આ રીતે અકસ્માત ત્રણ વખત (વાસા) બેકી દાણા આવ્યા. એટલે ભૂવાએ હસાવી દીધું કે વળવાડ છે. જન સાથે ભૂતડુ પેઠું છે. એ નક્કી જ છે. પણ રાડ પાડતા જશે, એમ કહી ખમ્મા ખમ્મા મારા કુંવરને એમ ધૂણતા ધૂણતા બોલીને ભૂવાએ ત્રણ ચાર દિવસની મુદત આપીને કહ્યું કે કોઈ જાતની ફીકર તમો કરશો નહિ. આ તો શું છે. પણ આથી જબરાઓને પણ અમોએ કાઢ્યા છે, કુંવર સાહેબનો વાંકો વાળ પણ નહીં થાય. અમારા ઉપર વિશ્વાસ રાખો અમેજ ઈનામ મેળવશું. એમ કહી ભોજન ગૃહમાં જમવા ગયા.

હવે ટુચકાની જાણકાર ડોશીઓને પણ રાજાએ બોલાવી. કારણ કે નાના મોટા ગમે તે ઉપાયથી કુંવર જલદી સાજો થાય તેમ કરવું છે. રાજાના બોલાવવાથી ડોશીઓ ભેગી થઈ હુશીયાર થઈને આવી રાજાને આશિર્વાદ આપ્યા. રાજાએ પણ ડોશી-માતાઓને જોઈ નમસ્કાર કરી આનંદ વ્યક્ત કર્યો. રાજાએ

કુંવરને બોલાવ્યો રાજકુંવરને બરોબર ધારી ધારી ધારીને જોયો. રાજકુંવર કેવા લવારા કરે છે તે તો ડોશીઓએ પહેલાથી જ જાણી લીધું હતું. એટલે હવે રાજાજીને કહે છે કે હે રાજાજી આટલી બધી ધમામધ કેમ કરી રહ્યા છો. કોઈને સાચી પારખ છેજ કયાં ? પારખ વિનાની બધી ધમાધમ બધો ખરચો નકામો છે. ખરી વાત તો એમ જ છે કે કુંવરસાહેબને કરડી ભારી નજર લાગેલી છે. અમે ધારી ધારીને જોઈ લીધું છે. ખરી વાત એમ છે કે રાજકુંવર બાગમાં ફરવા ગયેલા ત્યારે ઠાઠમાઠથી બાગમાં મોજશોખ કરતા, ફરતા, રમતા, કુંવરને કોઈએ જોઈ લીધા. હે રાજન્ સંસારના જીવોમાં વિચિત્રતાઓ રહેલી છે. રાજકુંવરનો ઉમદા કીંમતિ રંગબેરંગી રાજવંશી પોશાક જોઈ એક નજરથી તાકી તાકીને જોવાથી પાકી નજર બેસી ગઈ છે. અમે બધી વાત જાણીએ. અને આવા કાર્યના ઉપાયમાં અમે નિષ્ણાત અને પ્રખ્યાત છીએ. ભલે અમે ડોશી એટલે ફોસી કહેવાઈએ પણ અમારી શક્તિને કોઈ પહોંચી શકે નહિ.અમે આકાશ પાતાળની વાતો કહી બતાવીએ. વળી અમોએ ભલભલાને પણ બચાવી જગમાં કીર્તિ ફેલાવી છે. સો જોશી અને એક ડોશી એ કહેવત મુજબ અમારા અનુભવ પાસે જોશીનું પણ કાંઈ ચાલે નહિ. હે રાજન્ કુંવરને કરડી નજર લાગી છે. તેનું વારણ અમે હમણા કરીશું. એમ કહી કાંસાની થાળી અને કાંસાનો વાટકો મંગાવ્યો અને રાઈ, મીઠું મરચુ, કોલશો, લોઢાનો ખીલો, ચાર રસ્તાની

ધૂળ વગેરે નાંખી ગરમ કરી કુંવરના માથા ઉપરથી ઉતારી થાળીમાં વાટકા ઉંધા વાળી છાણ વિગેરેથી લીંપી, એક બાજુ મૂકાવીને કહ્યું કે ત્રણ દિવસ સુધી ઉઘાડશો નહિ. આતો ભારે કરડી નજર છે. અમારી વાત તદ્દન સાચી જ સમજશો હે રાજન્ બીલકુલ ચિંતા કરશો નહિ. ત્રણ ચાર દિવસમાં જ કુંવર સાહેબ સાવધાન થઈ જશે. હુંશીયારી આવશે. હવે આપ રાજકુંવરને સંભાળો, હવે અમે રજા લઈશું. સહુ કરતા સારૂ ઈનામ અમે જ લેશું, એમ કહી પ્યારા એવા ભોજન ગૃહમાં જઈને ઘીથી લચપચતો સુંવાળો શીરો બોખા મોઢે ખાતા ખાતા વચમાં તીખા તમતમતા પોચા રૂ જેવા ખમણ ચટણી ભજીયા પુરીશાક ગરમા ગરમ દાળ કઢી ભાત વિગેરે જમીને પોતપોતાના સ્થાને મોં મલકાવતા ગઈ.

મહાનુભાવો ? એમ બધાએ પોતપોતાની રીતે હર્ષપૂર્વક ઉપાય કર્યા, કર્યા, દુનિયામાં કહેવત છે કે જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ પોતપોતાની દૃષ્ટિ મુજબ પોતાના વિચારો જણાવ્યા. તેમાં પણ ડોશીઓએ પોતાની શક્તિની વાત જણાવીને કહ્યું કે ભલભલાને અમે બચાવી જગતમાં કીર્તિ ફેલાવી છે.

સો જોશીને એક ડોશી એ કહેવત મુજબ અમારા અનુભવ આગળ જોશીનું પણ ચાલી શકે નહિ. એ વાત કહી સંભળાવી તે કેટલેક અંશે વાત બરોબર બેસતી આવે છે. તેના સંબંધમા એક દૃષ્ટાંત જાણવા જેવુ હોવાથી અત્રે દાખલ કરેલ

છે. (જનકલ્યાણ લેખક રતીલાલ મફાભાઈ) " સો જોશી ને એક ડોશી " વ્યક્તિ કે વ્યક્તિઓના હાથે. જેમ ડહાપણ અને ઉંડો અનુભવ સમાયેલો છે. એવી ઘટનાઓ બની આવે છે. ત્યારે એમાંથી કહેવતો નિર્માણ થઈ આવે છે. એવોજ પ્રસંગ બનતાં લોકો એ કહેવતોનો ઉપયોગ કરે છે.

આપણા ગુજરાતનો ઇતિહાસ ચૌલુક્યવંશી મહારાજ સિદ્ધરાજ જયસિંહનાં પરાક્રમોઅને યશગાથાઓથી તેજસ્વીબન્યો છે. ગુજરાતની અસ્મિતા માટે એને ભારેમાન અને ગૌરવ હતું એના રાજ્ય અમલ દરમિયાન ગુજરાતની યશકીર્તિ દૂર દૂર દિગ્-દિગંત સુધી વ્યાપેલી હતી. રાજ્ય સમૃદ્ધિની ટોચે પહોંચ્યું હતું. વાણિજ્ય અને વ્યાપાર ઉપરાંત વિદ્યા, કળા, શિલ્પ આદિનો પણ ભારે વિકાસ થયો હતો, પણ એનો ભવ્ય વારસો ટકાવી રાખે એવો એને કોઈ પુત્ર જ નહોતો.

એ વારસો જાળવી રાખે એવો એકજ વીર પુરુષ હતો, અને તે હતો ભાવી મહારાજા કુમારપાળ. કુમારપાળ આમ જોકે કૌટુંબિક સંબંધે સિદ્ધરાજના પિત્રાઈ ભાઈના પુત્રનો પુત્ર હતો. પોતાની પાછળ કુમારપાળ ગાદીએ આવે એ સિદ્ધરાજને ખૂબ ખૂંચ્યા કરતું હતું. આથી સિદ્ધરાજે વારસદાર તરીકે ઉદયન મંત્રીના પુત્ર બાહડ પર પસંદગી ઢોળી હતી.

કુમારપાળ પ્રત્યે સિદ્ધરાજને નાપસંદગી હોઈ કેટલાક સર-દારોમાં કચવાટ જાગ્યો. આથી સિદ્ધરાજે કુમારપાળનોજ કાંટો

કાઢી નાખી ભાવિનો માર્ગ નિષ્કંટક કરવાનો નિર્ણય કર્યો. કુમારપાળને આથી ગામોગામ, વનેવન, નાસતા ભાગતા રહેવું પડયું. રાજભયથી કેટલાક એને સહાય આપવા લાચારી બતાવતા તો કોઈ કોઈ એના પુણ્ય પ્રભાવથી આકર્ષાઈ એને ખાતર પોતાનો જાન પણ હોડમાં મુકતા. પાછળ પડેલા સૈનિકોના પંજામાંથી એને બચાવવા ભીંમસિંહ નામના એક ખેડુતે કાંટાના ઢગલા નીચે એક ખાડામાં એને સંતાડી દીધો હતો. સૈનિકોને વહેમ આવવાથી કાંટામાં એમણે ભાલા ઘોંચ્યા પણ પુણ્યપ્રભાવે એ એમાંથી બચી ગયો.

એકવાર એવાજ કારણસર પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજએ પોતાના ઉપાશ્રયમાં એને પુસ્તકોના ઢગલા નીચે છૂપાવી રાખ્યો હતો. મંત્રી ઉદયને પણ એકવાર પોતાના વિશાળ મકાનમાં કુમારપાળને સંતાડયા હતા. ગુર્જરેશ્વર થવાની આશા ધરાવતો ચાહડ પોતાનોજ પુત્ર હોવા છતાં મંત્રીશ્વરે કુમારપાળને ખૂબજ મદદ કરી હતી. પણ સિદ્ધરાજની ભીંસ વધી રહી હતી. આથી કોઈ એને આશ્રય આપતું નાહ. કયારેક કુમારપાળને લાંઘણો ખેંચવી પડતી. કયારેક ઝાડ નીચે ખુલ્લા મેદાનમાં જમીનની પથારી કરી સૂઈ રહેવું પડતું.

આ નાસભાગમાં એ એક દિવસ પાટણ આવ્યો અને ઓળખાઈ ગયો. રાજસેવકોએ એને પકડી લેવા દોડાદોડ કરી તે વખતે કુમારપાળ દોડીને એક મહોલ્લામાં ઘૂસી ગયા. મહો-

લ્લો ખૂબ મોટો હતો, મહોલ્લામાં ઘર પણ ઘણા હતા, પણ ભયને કારણે ઝડપથી સંતાઈ જવા માટે નજીકમાં આવેલા એક ડોશીના ઘરમાં કુમારપાળ પેઠા, એને ઘરતો કહેવાય જ નહિ. એ એક માળીયું હતું. ન મળે બીજો ઓરડો કે ઓસરી, એકજ ઓરડાવાળા ઘરમાં ઘરવખરી પણ ઓછી હતી, એટલે કુમારપાળે પોતાની ઓળખ આપી, માજીને મદદ કરવા વિનંતિ કરી અને કહ્યું કે જો હું રાજા થઈશ તો તમને નહિ ભૂલું, ઉપકારનો બદલો પુરો વાળી દઈશ. ડોશીએ એને સંતાડવા જલદી ઘર બંધ કર્યું, અને કુમારપાલને કહ્યું કે બેટા, બીજે તો છૂપાવાની જગ્યા કયા છે? છતાં તું ગભરાઈશ નહિ, જા પેલા ખૂણામાં લપાઈને પડયો રહે, ઉપર હું મારા લુગડાનાંખી તને ઢાંકી દઈશ. કુમારપાળ સેંકડો વખત ફસાયો હતો છતાં આબાદ છટકી જતો લોકોની એને મદદ મળી રહેતી, તેમજ ભાગવાનો સમય પણ મળી રહેતો. તેમજ અણીને વખતે કંઈનેકંઈ યુક્તિઓ પણ એને સુઝી આવતી અને તેથી નાસવાનો લાગ પણ મળી જતો પણ આજની ભીંસ ભારે હતી.

મહોલ્લામાં પેસવા નિકળવાનો માર્ગ એકજ હતો, અને એ માર્ગપર સેંકડો રાજસૈનિકો ખૂબજ સાવધાનીથી દીવાલ બની ઉભા હતા. કયાંયથી પણ હવે છટકી શકાય એવું નોતું રહ્યું, પણ આતો સમૃદ્ધ અને વૈભવશાળી નગર પાટણ હતું. અને તેમાં પણ ધનિક ઝવેરીઓનો મહોલ્લો, મકાનો ખૂબ ઉંચા

અને વિશાળ ઘરોનો પણ પાર નહિ, આથી કયા ઘરમાં એ સંતાયો હશે એ શોધવું ભારે મુશ્કેલ હતું. વળી એકએક ઘરની ઝડતી લેવામાં આવે તો એકજ ઘરની ઝડતી કરવામાં ખાસ્સો કલાક થઈ જાય, અને એક સામટા ઘણા ઘરોની ઝડતી લેવામાં આવેતોસેંકડો રાજસેવકો લાવવા પડે, વળી કદાચ એથી જમતા ટોળામાં એને રાજ સેવક જેવો પોશાક પહેરાવી ભેળવી દેવામાં આવે તો બાજી હાથથીજ જાય. રાજપુરુષો મુંઝાયા, મહારાજને ખબર આપવામાં આવી, પરિણામે ખુદ મહારાજા સિદ્ધરાજ જયસિંહ પોતે ત્યાં આવી પહોંચ્યા.

આવેલો શિકાર હાથથી છટકી ન જાય એ માટે કઈ કઈ ઉપાયો વિચારવામાં આવ્યા. અને એ માટે વિદ્વાન્ જોશીઓની પણ મદદ મેળવવામાં આવી. એ કાળમાં ભારતીય જ્યોતિષ ખૂબ વિકાશ પામ્યું હતું.

પ્રશ્ન કુંડલીઓ, રમલ જેવા પાસાઓ, તથા શબ્દ શાસ્ત્ર ઉપરથી ભાખવામાં આવતુ, ભવિષ્ય સાચુ પડતું, મહારાજા સિદ્ધરાજને જ્યોતિષપર પણ ખૂબ શ્રદ્ધા હતી એટલે તુરત જ જોશીઓને બોલાવ્યા. અને મહોલ્લાના ઘરોની સંખ્યા તથા ક્રમાંકો આપી કયા ઘરમાં કુમારપાળ સંતાયો છે તે શોધી કાઢવા જણાવ્યું.જોશીઓએ પ્રશ્ન કુંડલીઓ મૂકી,બહાર બનતી હિલ ચાલ પર બારીક નજર રાખતી ડોસીએ વિચાર્યું કે કુમાર-પાળની હવે રક્ષા થવી મુશ્કેલ છે. પણ એ અનુભવી અને

વ્યવહાર ચતુર ડોસીના મગજમાં એક નવો તુક્કો સૂઝી આવ્યો. એ દોડતી ઘરે આવી. ઉઠ, દિકરા, આ ઘંટી પર બેસી જા.

ઘંટી પર બેસી કેવી રીતે પોતાની જાતને છૂપાવી શકાશે એ મુંઝવણમાં એ ધ્રૂજી ઉઠયો. પણ અનુભવી ડોસીએ કહ્યું. "તું જોતો ખરો ? ગભરાવાની કશીજ જરૂર નથી. હમણાં જ બધું તોફાન ઉતરી જશે.

"કુમારપાળ ઘંટી પર બેસી ગયા. અને ડોસીએ ઘંટીના થાળાનું કાણું માટીથી છાંદી લઈ થાળુ પાણીથી ભરી દીધું. આ બાજુ વિદ્વાન્ જોશીઓએ પ્રશ્ન કુંડલીઓ બનાવી સૂક્ષ્મ ગણિત કરી જણાવ્યું કે "મહારાજા શિકાર છટકી ગયો લાગે છે. અમારૂ જ્યોતિષ કહે છે કે કુમારપાળ હાલ એક બેટ ઉપર બેઠો છે. અમારૂ જ્યોતિષ કદી પણ ખોટું પડયું નથી. એટલે હવે અહીં ધમાલ કરવાની કશી જ જરૂર નથી. જલદીથી ચારે બાજુ સૈનિકોને દોડાવો તો નજીકનાં કોઈ બેટ પરજ એનો પત્તો લાગી જશે.

મહારાજા વિચારમાં પડયા, બીજી બાજુ મહોલ્લાના લોકો પણ વિશ્વાસપૂર્વક કહી રહ્યા હતા કે, "મહારાજા અમે કોઈને પણ સંતાડયો નથી, ખુશીથી ઘરની ઝડતી લેવરાવો, જો અમે દોષિત ઠરશું તો અમે ફાંસીને માંચડે પણ ચડવા તૈયાર છીએ. મહારાજાને વિશ્વાસ બેઠો, આથી મહોલ્લાના ઘર તપાસવાનું પડતું મૂકી, મહારાજા તથા રાજસેવકો વીલે મોઢે પાછા ફર્યા.

જોશીઓનો જોશ સાચો હતો. પણ જ્ઞાનને વ્યવહારરૂપ આપવાની કુશળતાને અભાવે એ ઠગાયા અને અનુભવી ડોશી, જોશીઓને તથા રાજાને બનાવી ગઈ.

ડોસી જાણતી હતી કે જોશીઓનો જોશ સાચો હોય છે, પણ એને વ્યવહારરૂપ આપવાની સૂઝ કે આવડત એમનામાં હોતી નથી. આથી જોશીઓને ઠગવા ડોસીએ ઘરમાંજ ઘંટીનું થાળું પાણીથી ભરી દઈ આબાદ બેટ બનાવી દીધો હતો. ત્યારથી કહેવત ચાલી કે "સો જોષી અને એક ડોસી" કારણ કે એક ડોસીએ મહાસમર્થ એવા ધુરંધર જ્યોતિષીઓને બનાવી, ચડેલી આંધી ક્ષણમાંજ ઉતારી નાંખી હતી. ડોશીની શુભદૃષ્ટીનું આ પરિણામ હતું. હે ભવિજનો! તમે પણ હૃદયમાં હંમેશાં ક્ષાંતિ ધારણ કરી શુભદૃષ્ટિ રાખો અને કર્મબંધના કારણો જણાવ્યા તેને સમ્યક્ પ્રકારે તજો, અને કર્મસબંધના બીજાં પાંચ નિયમોને પણ લલિત પરે એટલે ભલીપરે સમજો.

ઢાળ ૧૧મી

(પ્રભુ પાસનું મુખડું જોવા)

જગવિચિત્રતાતુમેજાણો, કયાકારણેથાયપ્રમાણો,
કયાનિમિત્તેસુખદુખપાયે, કર્મઉદયેહાજરથાયે. જગ.૧
દ્રવ્યક્ષેત્રવળીકાળભાવ, તેમભવનિમિત્તપણથાય,
કર્મઉદયેનિમિત્તપાંચ, તેતોહોયજાણોખાસ. જગ.૨

તેનીસમજનિત્યવધારો,મળીજીંદગીનેજસુધારો,
સાચુંધ્યેયછેછત્રકુંવરનુંસૂણેાચરિત્રભાણકુંવરનું.જગ૩
નૃપ કરેછે બહુ ઉપાય,મેાટાકામ દેખી ખુશ થાય,
નિજકુંવરનેરાયબેાલાવે,કહેનામમારૂંખુશભાવે.જગ.૪
તારીમાતાકઈનામતેનું,કહે કઇબેન નામ એનું,
કાકામામામિત્રકેાણતારાનામકહીબતાવનેપ્યારા.જગ.
વિધવિધ પ્રકારે મીઠાઈ, તેના નામ કહે તું ભાઈ,
વળીરમતરમતા સાથે, એાળખીબતાવતુંહાથે. જગ. ૬
રંક ભાણકુંવર ન જાણે,કંદનું કંઇ બેાલી તાણે,
ત્યારેરાજાપણુગભરાયેા,ગયેાભૂલીજકુંવરરાયેા. જમ.૭
નામઠામસગાઈ ન જાણે,કરેઉપાય વિવિપ્રમાણે,
ભલેખરચેા જે કંઈ આવે,પણકુંવર ડાહ્યાથાવે. જગ.૮
જુએાકર્મતણીબલીહારી,અહીધૂપદીપમનેાહારી
જેસ્થાનેછેકુંવરસાચેા, તીહાંધુમાડેામરચાનેા. જગ. ૯
એકનેમળેમીઠાઇમેવા,મળેબીજાનેએઠાજેવા,
થાયેખમ્માકહુએકજણને, લાગેધક્કા બીજા રંકજનને.
એકછત્રપલંગેસૂવે,બીજોગેાદડીસારીનજુએ,
એકનેવસ્ત્રો પણસારા,બીજાને તેાફાટેલા કાળા.જગ ૧૧
એકટાઢતાપનદેખે,બીજોસહનકરેનવિલેખે,
એકએશઆરામનેકરતેાબીજોવરસાદે પણફરતેા. જગ.

એકવારસ બીજો કોઇ, થાય હસતા ખસતુ હોઇ,
હવે ભાણકુંવર વિચારે,મારીવાતનેકોઇનધારે.જગ.૧૩
ન બોલવું તો સુખ થાયે, બેદિવસ એમજ જાયે,
ભાણોમૌનરહ્યોપણતેને, રહેબીકવણીકહે કેને.જગ.૧૪
જો આવશે કુંવર જ્યારે, બાર વાગશે મારા ત્યારે,
વેશકુંવરનોચોરઆતો,જાણીદેશેમુનેબધાલાતો.જગ.૧૫
કેમ જાવું ઉપાયજ નથી, ચોકી પહેરો છે ચારેથી
મનમાંહે છેજ મુંઝારો,પણકરતોનથી લવારો.જગ.૧૬
નવ બોલે નવગુણ થાયે, એવી કહેવત પણ કહેવાયે,
પહેલાનવકારજેમળીયો, નથીભૂલ્યોદિલમાંરહીયો.જગ.
નિત્યનિત્યગણેવળીએતો, પાપ જાયે સમજે તેતો,
ભાણોમૌનરહ્યોહવેત્યારે,કહેવૈદ્ય હવાબહુ ભારે.જગ.૧૮
રાજરાણી પણ હરખાયે, વૈદ્યો બહુ ખુશી થાયે,
હવે કુંવર સાજો થાશે, જશઇનામ ખરૂં લેવાશે.જગ.
કહે જોશી જાપથી જાયે, ગ્રહ આવાને સુખ થાયે,
હવે જાપજ પુરા થાશે,રાજકુંવરનાદુઃખજાશે.જગ ૨૦
આવ્યામંત્રયંત્રના જાણ, કરે યંત્ર તણા વખાણ,
બેદિવસમાંફેરપડીયો,ખરોઉપાયઅમેજલહીયો.જગ.૨૧
વળી પંડિતો પણ જાવે, ભટ્ટ બ્રાહ્મણો સાથે આવે,
કહેરાજજીનેજુઓશાતા,થાયકુંવરશરીરે રાતા.જગ.૨૨

બ્રહ્મભોજન બેજ થયા છે, હજી પાંચ દિવસ રહ્યા છે,
પાંચદિવસ જમણેાથાશે, સવિદુઃખતમારાજાશે.જગ.૨૩
આસનવાદીએાપણુહરખાય, રાજજીનીપાસેજાય,
શીખ્યાકુંવરઆસનસારા,હવેરેાગનહીરહેનારા.જગ.૨૪
હવે રહે નહિ કહે ભૂવે, જાય ભૂત કુંવર સુખ જુવેા,
બે દિવસમાં સુખ થાયે,ચિંતા કરશેાનહીં જરાયે. જગ.
મલકાતી ડેાશીએા આવે, થઈહળવીનજર સુખ થાવે,
સેા જોશીને એક ડેાશી,જાણે સઘળાજપાડેાશી.જગ.૨૬
એમસૌસૌમનહરખાતા, જાણે અમેજ સુખના દાતા,
અહીંભાણેાલહેરકરેછે,ત્યાં કુંવર ભીખ ધરે છે.જગ.૨૭
નથી માંગ્યુ કેાઈજ તકે, દેા માબાપ બેાલી ન શકે,
કહેભીખારાતુંથયેાકેવેા,ભીખકળાભૂલીગયેાએવેા.જગ,
બેાલ માબાપ ટુકડેા આપેા, થાય પેટમાંહે બળાપેા,
કહુંભલુજથાશેતુમારૂં,આપેાઅન્નઆંતરડીઠારૂં. જગ.
એમ નિત્યનિત્યબેાલાવે,એમકરતા ચતુરાઈ આવે,
પણ રાજમારૂંનભૂલે મુજ વારસહક અમૂલે. જગ.૩૦
મેળાપ પીતાનેા થાવે, જાઉ મેહેલમાં દુઃખ જાવે;
પણ જાવાદેશેનહીકેાઈ, મુજવેષભીખારીનેાહેાઈ જગ.૩૧
એકદિન રાજદ્વારે જાવે, ત્યાં સીપાઇને સંભળાવે,
હું રાજકુંવરછું આવેા,મુજપીતાનેવાતજણાવેા.જગ.૩૨

જાણી ઘેલો છે કાઢીજ મૂકે, એક બે હોસા ન ચુકે,
પણ વારસનું ધ્યેયસાચુ, તે વિના સઘળું કાચું.જગ.૩૩
ખરોરાજકુંવર મનધારે, વેશ બદલો મે કર્યો ત્યારે,
દુઃખઆવ્યુંતેકોનેકહેવું, હવે જે થાયે તે સહેવું.જગ.૩૪
ભીખમાંહે થયો હુશીયાર, થયાવર્ષએમત્રણચાર,
હવે રાજમહેલમાં થાયે, તે બીના હવે જણાયે.જગ.૩૫
સુજ્ઞોબદ્ધ,સ્પૃષ્ટનિધત્ત,વળીચોથોનિકાચિત બંધ,
કર્મબંધનાએપણચાર,શુભબુદ્ધિથીજાણોપ્રકાર.જગ.૩૬
ભવિશુભકર્મ નિત્ય કરીએ, તેમ પાપ ક્રિયાથી ડરીએ,
ગણેનવકાર ક્ષાંતિથીભાવે,ગુણોલલિતતેનાજ ગાવે.જગ.

---

૧૧ મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ? જગતની વિચિત્રતા શા કારણે છે. તેની શોધ કરતા તપાસ કરતાં રાગદ્વેષના પરિણામ–અધ્યવસાય જણાશે આઠે કર્મબંધના કારણમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી અવિરતિ જાય નહી. જ્યાં સુધી અવિરતિ હોય ત્યાં સુધી કષાયો જતા નથી અને જ્યાં સુધી કષાયો જતા નથી ત્યાં સુધી યોગ નિરોધ થતો નથી. એટલે પ્રથમ મિથ્યાત્વ પછી અવિરતિ, પછી કષાય અને છેવટે યોગને મૂકવામાં આવેલ છે.

કર્મબંધના ચાર પ્રકારમાં પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ છે એનો ટુંક ટુંક સાર જણાવ્યા બાદ હવે કર્મના ઉદયમાં કયા નિમિત્તે સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે. તેના નિમિત્ત પાંચ છે તે ખાસ સમજવા જોઈએ.

કર્મ ઉદયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આ પાંચ નિમિત્તો છે. જેવી રીતે કર્મબંધ થતી વખતે પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને રસબંધ એ ચાર નિયમો થાય છે. તેવી જ રીતે કર્મબંધ થતી વખતે બીજા પાંચ નિયમો પણ થાય છે.

(૧) કર્મ જે વખતે ફળ બતાવશે તે વખતે ફળ બતાવવામાં કઈ વસ્તુ નિમિત્ત થશે ? તેનો નિયમ થવો તેનું નામ દ્રવ્યનો નિયમ, જેમકે અમુક માણસને કર્મનો અમુક ભાગલો આઠ દિવસ પછી બે દિવસ સુધી ખૂબ જોરથી તાવ આવશે ! પરંતુ *મચ્છર કરડવાથી કે લાડુ ખાવાથી કે વધારે કેળા ખાવાથી ?* કયા નિમિત્તે તાવ આવશે ? તેનો નિયમ થવો તે દ્રવ્ય નિમિત્ત કહેવાય. દ્રવ્ય એટલે ધન પૈસો લક્ષ્મી, રૂપીયા સોનામહોર નહીં. પણ દ્રવ્ય એટલે લાંડુ, કેળા વગેરે વગેરે વસ્તુઓ અહીં સમજવી. કેળા ખાવાથી તાવ આવવાનો નિયમ થયો હોય તો તે માણસ કર્મબંધ થયા પછી આઠમે દિવસે કેળા ખાય ને બે દિવસ સુધી ખૂબ જોરથી તાવ આવે. તેવી જ રીતે ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવનો પણ નિયમ થાય છે.

(૨) તાવ આવશે, પરંતુ મુંબઈથી અમદાવાદ જતા સુરત

લગભગમાં તાવ શરૂ થશે આવો નિયમ થવો તે "ક્ષેત્ર નિમિત્ત"

(૩) મુંબઈથી સુરત પહોંચતાં લગભગ બપોરના બે વાગે બાંદરવા મહિનામાં તાવ આવશે. એવો વખતનો નિયમ થવો તે "કાળ નિમિત્ત"

(૪) ભાવ નિમિત્ત—આજુ બાજુના કેવા સંજોગોમાં તાવ આવશે? જેમકે સમુદ્રની ઠંઠી હવા, રાત્રીનો ઉજાગરો, માનસિક અકળામણ, એ વિગેરે સંજોગોમાં તાવ આવશે. એવો નિયમ થવો તે "ભાવ નિમિત્ત"

(૫) કઈ જીંદગીમાં તાવ આવશે એવો નિયમ થવો તે "ભવ નિમિત્ત" જેમકે આ જીંદગીમાં તાવ આવશે અથવા બીજા જન્મમાં તાવ આવશે એવો નિયમ થવો તે ભવ નિમિત્ત કહેવાય છે.

કર્મનો ઉદય અમુક અમુક ચોક્કસ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની અપેક્ષા રાખે છે.

દાખલા તરીકે કોઈ વ્યક્તિને શાતાવેદનીયનો ઉદય થવાનો છે પણ અમુક દ્રવ્યથી અમુક ક્ષેત્રમાં, અમુક કાળમાં, અનુભવ પણ આપણે કહે છે કે અમુક બિમારને અમુક આબુ, માથેરાન, પંચગીની વગેરે સ્થળોએ લઈ જવાથી આરોગ્ય સુધરી જઈ શાતાનો ઉદય થાય છે. તે પણ અમુક ડોકટરની ટ્રીટમેન્ટ મળી તોજ તે પણ અમુક ઉનાળા વિગેરેમાં શાતાનો ઉદય થાય છે.

કોઈ વ્યક્તિને અમુક પ્રકારના વેપાર કરવાથી ધન પ્રાપ્તિ

થાય છે. અને બીજો વેપાર કરવા જાય છે તો ગુમાવે છે. અમુક વ્યક્તિ અમદાવાદમાં ધન ગુમાવે છે અને મુંબઈ જાય છે તો કમાય છે. એટલે તેનો પુણ્યોદય મુંબઈ ક્ષેત્રને આશ્રીનેજ થયો. આકાશમાં ઉડવા વગેરેની શક્તિઓ અમુક પક્ષીના ભવને આશ્રીને જ પ્રાપ્ત થાય છે.

આમ બનવાનું કારણ એજ કે તે તે કર્મ બાંધતી વખતે તેવા તેવા વિચિત્ર અધ્યવસાયો દ્વારા તેવા તેવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ વગેરે નિયત થયેલા. તેથી તે તે કર્મનો ઉદય તેવા તેવા પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવને આશ્રીનેજ ઉદયમાં આવે છે.

જો કે કેટલાક કર્મ નિમિત્ત વગર પણ ઉદયમાં આવે છે. દાખલા તરીકે કોઈ ઓચિંતો પેટનો દુઃખાવો થવો માથુ દુઃખવું વગેરે.

એવી રીતે કર્મ ઉદયમાં પાંચ નિમિત્તોની અપેક્ષા રહે છે. સુજ્ઞો ? હમેશા કર્મ સંબંધી સમજ વધારવાની ખાસ જરૂર છે. જથી મહામૂલ્યવાન મળેલ મનુષ્ય જીંદગીનો સુધારો થાય. એટલે કે મુક્તિનું ધ્યેય સફળ થાય.

અત્રે ચરિત્રના નાયક ભીખારી બનેલ છત્રકુંવરનું ધ્યેય તો હમણા ભીખ માંગવાનું ચાલુ હોવા છતાં રાજ્ય હક્ક મેળવવામાં જ લીન છે.

આ બાજુ રાજકુંવર બનેલ રંકભાણકુંવર માટે રાજમહેલમાં રાજાએ ઘણા ઉપાય શરૂ કર્યા છે. રાજાને મોટા કામો વિશેષ ગમે. જેથી યજ્ઞ તેમજ નાતો જમાડવાનું પણ ચાલુ કરી દીધેલ છે તેમજ બીજા બીજા પણ ઉપાયો ચાલુ જ રાખેલ છે.

હવે રાજા ફતેસિંહ પોતાના પુત્રને પાસે બોલાવી પૂછે છે કે કેમ છત્રકુંવર મજામા છે ને ? બોલ મારૂં નામ શું છે ? તારી બા કઈ છે તારી બાનું શું નામ છે, કઈ તારી બેન છે. તેનું શું નામ છે, આમ કહેવા છતાં ભાણકુંવર તો કોઈને પણ ઓળખતો નથી. જેથી સામે ટગર ટગર જોયા કરે છે. પણ બોલતો નથી. વળી રાજા કહે છે કે ભાઈ, તારા કાકા કયા છે. તેમનું નામ શું છે. તારા મામા કયા છે અને તેમનું નામ શું છે, અને તારી સાથે ભણનારા મિત્રો કયા કયા છે. તે તું ખુશ થઈને ઓળખી બતાવ અને નામ કહી બતાવ, આમ કહ્યા છતાં રંક ભાણકુંવર કોઈને પણ જાણતો નહી હોવાથી કાકાને મામા તરીકે અને માસાને કાકા તરીકે કહીં બતાવે છે. અને દાસીને બેન તરીકે અને બેનને દાસી તરીકે ઓળખાવે છે. જેથી બધાને આશ્ચર્ય સાથે હસવું પણ આવી જાય છે. વળી વિવિધ પ્રકારની મીઠાઈઓના મેવાના થાળ ભરીને હાજર કરે છે. અને રાજા કહે છે કે હે છત્રકુંવર ! આ મીઠાઈઓમાં તને કઈ કઈ પસંદ છે તેના નામ કહી બતાવ. ત્યારે છત્રકુંવરનો વેશ ધારણ કરેલ રંક ભાણકુંવરે આવી મીઠાઈઓ જીંદગીમાં જોઈ નથી. તો પછી ખાવાની

તો કયાંથી ? અને નામ પણ ચોક્કસપણે શી રીતે કહી શકે ? જેથી કંઈનું કંઈ બોલી નાંખી પોતાના બોલને તાણી રાખે છે. આ બધુ સાંભળી રાજા વિગેરે ગભરાયા અને વિચાર કર્યો કે અહોહો કુંવર કોઈને ઓળખતો નથી સગાઈ પણ જાણતો નથી. મિત્રોને તેમજ મીઠાઈઓને પણ ઓળખી શકતો નથી. નામ પણ જાણતો નથી. બધુ જ ભૂલી ગયો છે. અને રાજકુંવરનું મગજ શૂન્ય બની ગયું છે.

વળી રાજા કહે છે કે પ્રભુની સ્તુતિ બોલી બતાવ. ત્યારે તેને નવકારમંત્ર આવડતો હતો, તે બોલી ગયો. તે સાંભળી પ્રધાન જૈનધર્મી હોવાથી ખુશ થયો અને વિચારે છે કે કુંવરને નવકારમંત્ર બોલતા કોઈ દિવસ સાંભળ્યા પણ નથી. ગમે ત્યારે પણ કોઈ પાસેથી સાંભળેલ હશે, અને મોઢે થઈ ગયો હશે. આ ઉપરથી અનુમાન થાય છે કે કુંવરને જૈનધર્મ ઉપર પ્રીતિ થવી જોઈએ. રાજાને પ્રધાનજી કહે છે કે સર્વ ઉપદ્રવને દૂર કરનાર એવો આ મહામંત્ર કુંવરસાહેબ બોલ્યા છે તે લાભદાયી છે હવે રાજા કહે છે કે જલદી કુંવર સાજા થાય તેમ કરવાનું છે. ગમે તેટલું ખર્ચ થાય પણ વિધિપૂર્વક જે ઉપાય કરવા પડે, લેવા પડે તે લઈને કુંવર જલદી સાજા થાય તેમ કરો.

મહાનુભાવો ! કર્મની બલીહારી વિચિત્રતા તો જુઓ ! અહીં મનોહર ધૂપ દીપ સહિત સરસ ઉપાય ચાલી રહ્યા છે, અને જે સ્થળે સાચો રાજકુંવર છે, ત્યાંતો મરચાનો ધૂમાડો

દેવામાં આવ્યો હતો. મહાનુભાવો ! જગતમાં પુન્ય પાપના ફળ વ્યક્તિઓ ભોગવે છે. એકને ખાવા માટે મેવા મીઠાઈ સાથે સુંદર ભોજન, મુખવાસ, વિગેરે મળે છે, ત્યારે બીજાને પાપનો ઉદય થતાં એઠાજુઠા ભોજન પણ મુશ્કેલીથી ખાવા મળે છે. એકને ખમ્માખમ્મા થાય છે, ત્યારે બીજાને ધક્કા ખાવા પડે છે. એકને આરામ માટે સૂવા માટે છત્રપલંગ, ગાદલાં, ઓશીકા, ગોદડા, રજાઈઓ વિગેરે મળે છે. ત્યારે બીજાને ફાટેલ તૂટેલ ગોદડી પણ મળતી નથી. એકને પહેરવાને સારાં સુંદર કીંમતી પોશાક મળે છે, ત્યારે બીજાને કાળા મેંશ જેવા ફાટેલા સાંધેલા તૂટેલા પણ મુશ્કેલે મળે છે, એકને ટાઢ તાપ પણ સહન કરવાનો સમય આવતો નથી, ત્યારે બીજાને તો ટાઢ તાપમાં દિવસો પસાર કરવા પડે છે. એક પોતાના મકાનમાં ખૂબ આનંદથી મોજ શોખ એશ આરામ કરે છે, ત્યારે બીજાને વરસતા વરસાદમાં પણ ફરી ફરીને પોતાનું ગુજરાન કરવું પડે છે.

મહાનુભાવો ! એક રાજ્યનો હક્ક ધરાવનાર અને એક રંક દશા અનુભવનાર છતાં હસ્તામાંથી ખસતુ થઈ જવાથી જુદા-જુદા પ્રકારના અનુભવ કરી રહ્યા છે.

હવે ભાણકુંવર વિચારે છે કે હું રાજપુત્ર છત્રકુંવર નથી, પણ હું તો રંક ભાણીયો છું. એમ વારંવાર કહેવા છતાં મારા બોલવા ઉપર કોઈ ધ્યાન આપતા નથી, હવે ન બોલવામાં નવ-ગુણ છે. ન બોલવાથી સુખ રહેશે, એમ સમજીને મૌન રહ્યો.

એમ બે દિવસ ચાલ્યા ગયા છે, પણ મનમાં બીકતો તેને ઘણી છે કારણ કે જ્યારે રાજકુંવર પધારશે, ત્યારે મારા બાર વાગી-જશે. સહુને એમજ થશે કે આતો રાજકુંવરના વેશનો ચોર છે, એમ જાણીને મને માર મારશે, લાતો મારશે, પણ શું કરૂં ? ચારે બાજુ ચોકી પહેરો ગોઠવાયેલો છે, જ્યાં નાશી ભાગી જવાય તેમ નથી. મનમાં તો મુંજાય છે પણ હવે લવારો કરતો નથી, કારણ કે ન બોલવામાં નવગુણ છે એવી કહેવત કહેવાય છે.

સુજ્ઞો ! રંક દશામાં ભાણીયાએ જીનેશ્વરની મોટી પ્રતિ-માના દર્શન કર્યા હતા. તેની અનુમોદના તેણે ચાલુ રાખી છે અને એક વખત પંડિતજી વિદ્યાર્થીઓને નવકારમંત્ર શીખ-વાડતા હતા. બોલાવતા હતા, તે મુજબ છોકરાઓ બોલતા હતા, ત્યારે ભાણાએ પાઠશાળાના ઓટલે બેસીને તે નવકારમંત્ર મોઢે કરેલ હતો. તેમ નમસ્કાર કરવાથી સર્વ પાપનો નાશ થાય છે, તે પણ ધારી રાખેલ હતો. તે નવકારમંત્રને હંમેશાંયાદ કરે છે. *હૃદયથી ભૂલ્યો નથી. હાલમાં ભાણીયાએ મૌન રહેવું તેજ ઉચિત* ધાર્યું છે. એમ બે દિવસ પસાર થઈ ગયા છે.

એ વાતની જાણ વૈદોને, જોશીને, મંત્રવાદીને, આસન-વાદીઓને પંડિતોને ભટ્ટ બ્રાહ્મણોને, ભૂવાને, ડોશીઓને વિગેરેને જાણ થયેલ હોવાથી રાજકુંવરની તબીયત તપાસવાના બહાને વૈદરાજ આવ્યા અને નાડ તપાસી કહ્યું કે તબિયતમાં ઘણોજ સુધારો છે. દવા બહુભારી અકસીર છે. હજી બે દિવસ દવા

વાપરશે એટલે તદ્દન નિરોગી થઈ જશે. રાજારાણી હરખાય છે. વૈદ્યરાજ પણ ખુશી થઈ વિચારે છે કે રાજકુંવર સાજા થઈ જશે. અને ખરેખર ઈનામ આપણે મેળવશું. એમ સમજીને ગયાબાદ જોશી મહારાજ આવીને કહેવા લાગ્યા કે જપના પ્રભાવથી ગ્રહો આધા જતા જાય છે. હજી બે દિવસના જપ બાકી છે તે પુરા થશે કે કુંવરના દુઃખ પણ જશે. એમ કહીને તેઓ ગયાબાદ મંત્રવાદીઓ આવી રાજાની પાસે યંત્રના પ્રભાવના વખાણ કર્યા અને કહ્યું કે બે દિવસમાંજ ફેર પડવા લાગ્યો છે. હજી બે દિવસમાં સંપૂર્ણ ફાયદો જણાશે. કારણ કે અમોએ ખરેખરો ઉપાય લીધો છે, એમ કહી તેઓ ગયાબાદ આસનવાદીઓ આવ્યા, આસનકરવાથીરોગની શાંતિથઈ અનેથશે.ત્યારબાદ તેઓ ગયાબાદ પંડિતો તેમ ભટ્ટબ્રાહ્મણો સાથે મળી આવીને આશિર્વાદ આપીને કહેવા લાગ્યા કે હે રાજન્ જુઓ યજ્ઞનો પ્રભાવ અદ્‌ભૂત છે. કુંવરને સુખશાતા આવતી જાય છે અને રાતા રાતા થતા જાય એટલે કે લાલ બુંદી જેવા દેખાય છે. હજી તો બેજ બ્રહ્મભોજન થયા છે, પણ પાંચ દિવસના જમણો પુરા થશે કે બધા દુઃખો નાશ પામશે, એમ કહી તેઓ બધા ગયાબાદ પરિણામ જાણવા માટે ભૂવો પણ આવીને કહેવા લાગ્યો કે અમોએ જનને ભૂતને નીકળી જવાની અવધ એટલે મુદત આપેલી તે મુજબ હવે બે દિવસમાં જરૂર ચાલ્યા જશે,માટે જરાએ ચિંતાકરશોનહિ.એમ કહીને ગયાબાદ મલકાતીમલકાતી ડોશીઓપણ આવી.અનેકહ્યું

કે હે રાજન્ નજર હળવી થતી જાય છે, અને બે દિવસમાં તો કરડી નજર દુર થશે અને સુખ શાંતિ થઈ જશે. બધા આડોશી પાડોશી જાણે છે કે "સો જોશીને એક ડોશી" એમ રાજને સમજાવી પોત પોતાના ઘરે ગઈ.

સુજ્ઞો ! આમ બધાજ પોતપોતાના મનમાં હરખાય છે, જાણે અમેજ સુખના દાતા થયાછીએ, એમ હોંશ ધરે છે. અહીં છત્ર-કુંવરના વેશમાં ભાણો લહેર કરે છે, ત્યારેત્યાં ભાણીયાના વેશમાં ખરો રાજકુંવર ભૂખે મરે છે. જીંદગીમાં કોઈ સમયે માંગ્યું જ નથી. જથી આપો માબાપ એમ બોલી શક્તો નથી. આ પ્રમાણે જોઈ ભીખારાઓ કહેવા લાગ્યા કે ત્રણ દિવસમાં તુ કેવો થઈ ગયો, પહેલાં તો કેવું સરસ બોલતો હતો અને ભીખ પણ સારી મેળવતો હતો, ત્રણ દિવસમાંજ ભીખ માંગવાનું જ ભૂલી ગયો.

હવે ભીખારી ટોળુ ભીખ માંગવાનું નવેસરથી શીખવાડે છે. પોતાનોજ ભાણજી છે એમ સમજીને કહે છે કે, બોલ, મા બાપ ટુકડો આપો, ભગવાન તમારૂ ભલુ કરશે, અરેરે ભૂખ્યા પેટે બળતરા થાય છે. હે શેઠાણીબેનો કંઈ વધુઘટુ હોય તો આ રંકને આપો માબાપ, ભૂખ્યાની આંતરડી ઠરશે. અરે દાનેશ્વરી આ ગરીબના ઉપર દયા કરો, થોડુ પણ આપો, તમારા બાલ-બચ્ચાં જીવતા રહો. આમ દરરોજ નવુ નવુ બોલતા શીખવાડે છે, અને એમ કરતા ભીખ માંગવામાં હુશિયાર થઈ ગયો, પણ પોતાનો રાજ્યહક્ક મેળવવાનું ધ્યેયતો ભૂલતોજ નથી. ભીખ

માંગે છે ભૂખના લીધે ટાઢા ટુકડા પણ ખાય છે. તાપ ટાઢ સહન કરે છે, ટોણા ટુંકારા સહન કરે છે.

ભૂખ ન જુએ ભાવતું, પ્રીત ન જાણે જાત,
નિંદ્રા ન જાણે સાથરો, જ્યાં સૂતા ત્યાં રાત,
ગણે ન કોઇ ગરીબને, ધનપતીને સહુ ધાય,
છીંકખાયજોધનપતિ,ખમ્માખમ્મા કહેવાય.

આ રીતે દિવસો પસાર કરતો હોવા છતાં તેના હૃદયમાંતો મને મારો રાજ્યહક્ક ક્યારે મળે, કેવી રીતે મળે. ક્યારે મારા પિતા મને મળે ? મારા પિતાજી મળેતો બધી વાત જણાવું, અને સુખી થાઉં. એમ વિચાર કરી રાજમહેલમાં જવાની ઈચ્છા કરે છે. પણ આવા રંક ભીખારીના વેશમાં પોલીસો કેમ જવા દે ! એવા વિચારથી જઈ શકતો નથી. એક વખત ફરતાં ફરતાં રાજ મહેલના દરવાજા પાસે જઈ ચડયો અને પોલીશને પોતાની પાસે બોલાવે છે, અહીંયા આવો.

જાઓ મારા પિતાશ્રીને ખબર આપો છે કે તમને રાજકુંવર મળવા ઇચ્છે છે. આ સાંભળી સીપાઈઓ સમજી ગયા કે આ ભીખારી ગાંડો જણાય છે. જેથી તેને ચાલ્યા જવાનું જણાવે છે.છતા આતો રાજકુંવરના રોફમાં બોલે છે. જાઓ જાઓ મારા પિતાને બોલાવો. હું કોણ રાજકુંવર ? આથી સીપાઈઓએ ખરેખરો ગાંડો જ છે એમ સમજી બે ચાર ઠોંસા મારીને કાઢી મૂકયો, આ રીતે માર ખાવા છતાં પણ રાજ્યહક્કના વારસનું

ધ્યેય ઢીલુ પડતું નથી પણ વિશેષ દૃઢ થતું રહે છે. તે સમજે છે કે રાજ્યસુખ આગળ બાકીના બીજા સુખો તો કાચા છે. તુચ્છ છે. આવા ધ્યેય પૂર્વક ભીખ માંગવામાં હુંશીયાર તો થયેલો જ છે. આમ ત્રણ ચાર વર્ષ પસાર થઈ ગયા, હવે ભીખ માંગવામાં લજ્જા છોડી દીધી છે, બલ બુદ્ધિ પણ ઘટી છે. કહ્યું છે કે ભીખ ભૂંડી છે.

લોહી માંસ બલ બુદ્ધિ ગઈ, કાયા તેજને જ્ઞાન,
એક ક્ષુધાને કારણે, ગઈ લજ્જા ગયું માન.

એક ભૂખના કારણે ઉપર કહેલ બાબતો જતી રહે છે. ખરો રાજકુંવર સમજે છે કે આમાં દોષ મારો જ છે. મેંજ પરાણે વેશ બદલો કર્યો, અને કરાવ્યો. તેમાં રંકનો શું વાંક ? મારોજ વાંક છે, હાથે કરીને દુઃખ વહોરી લીધું છે. પણ હવે જે જે દુઃખ આવે તેને સમતાથી સહન કરી લેવું. એવો નિશ્ચય કર્યો.

દુઃખ આવે રડવું નહી, કર્મ બનાવટ કામ,
ઉદ્યમ કરતા માનવી, પામે સિદ્ધિ તમામ,

આ વાત મનમાં ધારી લીધી. હવે સુજ્ઞો ? રાજમહેલમાં શું બની રહ્યું છે. તે તે બીના હવે પછી જાણીશું.

મહાનુભાવો ? કર્મબંધના કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ, એ ચાર કારણો, તેમજ પ્રદેશબંધ, પ્રકૃતિ-બંધ, સ્થિતિબંધ અને રસબંધ, આ ચાર પ્રકારના બંધ, દ્રવ્ય-

ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ કર્મ ઉદયમાં પાંચ નિમિત્તો વિગેરે સમજ્યા પછી વળી કર્મબંધ થવામાં બંધ, સામાન્ય-બંધ, દૃઢબંધ, વધારે દૃઢબંધ, એ ચાર પ્રકાર પણ સૂક્ષ્મ બુદ્ધિથી જાણો.

સુજ્ઞો ! આ સ્થળે એકવાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે શાકલેવા ગયેલો માણસ ઠગાય તો પૈસા બે પૈસા જેટલું ઠગાય નુકશાન થાય. વસ્ત્રાદિ લેવા ગયેલાને બે ચાર આનાનું નુકશાન થાય છે. ચાંદિની ચીજ લેવા ગયેલાને પાંચ પચીશ રૂપિયાનું નુકશાન થાય છે અને સોનુ અથવા સોનાની ચીજ લેવા ગયેલાને સેંકડો રૂપીયાનું નુંકશાન થાય છે. અને હીરા, મોતી, નિલમ, માણેક, પન્ના, રત્ન વગેરે ઘણી કીંમતી ચીજો લેવા ગયેલ મનુષ્યને પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરે અને ખબર-દારી ન રાખે તો હજારો લાખો રૂપિયાનું નુકશાન થાયે. એવી રીતે જગતના પદાર્થોની પરીક્ષામાં થાપખાનારો મનુષ્ય તેપદાર્થો બાહ્ય પૌદ્ગલિક અને કેવળ ઐહિક હોવાના લીધે તેમાં ઠગાયાથી ઘણું નુકશાન લાખો રૂપિયાનું હોય તો પણ તે પૌદ્ગલિક અને ફક્ત ઐહિકજ છે. પણ મોક્ષનું સાધન અને ધર્મ પર-ભવને અંગે આત્મકલ્યાણ ને અંગે એને સર્વ જીવના શ્રેયને માટે કરાતો હોઈ તેની પરીક્ષામાં જો સૂક્ષ્મબુદ્ધિ ન હોય તો તે સાધન અને ધર્મને ગ્રહણ કરનારો મનુષ્ય મોક્ષરૂપી સાધ્યને નહી સાધતા કેવળ ભવચક્રમાં ભ્રમણ કરનારો થાય છે. આત્મ-કલ્યાણને ન મેળવતાં પોતાના આત્માને સદ્ગતિની અભિલાષા

છતાં પણ દુર્ગતિના વમળમાં ઘેરાવી દે છે. એટલું જ નહિ પણ પોતાના સગા સબંધીઓને તથા પોતાની સંતતિને પણ મોક્ષમાર્ગ અને સદ્ગતિથી પાડી કરી સંસારમાં ભ્રમણ કરાવનારો તથા દુર્ગતિમાં રખડાવનારો થાય છે.

વાસ્તવિક રીતે જોઈએ તો આ બધી ઠગામણ છે. અને તેનું કારણ વંશના વડીલો કે સગા સંબંધીઓએ મોક્ષના સાધનોની કે ધર્મની પરીક્ષા કરવામાં ખરેખર ભૂલ કરેલી છે આ સિવાય બીજું કહી શકાય જ નહિ. આથી સુજ્ઞજનોએ કર્મનું સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી જાણી લેવું જોઈએ. જેથી સૂક્ષ્મ ધર્મ સહેલાઈથી સમજી શકાય અને આત્માનું કલ્યાણ થાય.

હે ભવિજનો ! હમેશા શુભ કર્મ કરતા રહો સામાયિક, પ્રતિક્રમણ, વ્રત, પચ્ચખાણ, પ્રભુપૂજા, સ્વામિભાઈઓની ભક્તિ, જીન વાણીનું હમેશા શ્રવણ, સુપાત્રે દાન, ગુરૂવંદન, સંઘભક્તિ, પ્રભાવના, તીર્થયાત્રા, અનુકંપા, અભયદાન, પરોપકાર, ઉપધાન, ઉજમણા વિગેરે જીન ઓચ્છવ મહોત્સવ શુભ કાર્ય કરતા રહો. અને પાપ ક્રિયાથી ડરતા રહેવું. એક તરફ શુભ કાર્ય ચાલુ હોય અને પાપક્રિયા પણ ચાલુ હોય તો તે શુભ ક્રિયા શોભાપાત્ર બનતી નથી. માટે પાપ ક્રિયાથી ડરતા રહેવું. જેઓ હમેશા શુભ ભાવથી ક્ષાંતિપૂર્વક હૃદયમાં શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરે છે અર્થાત્ ભાવથી શ્રી નવકાર મંત્રને ગણે છે. તેઓના ગુણો લલિત મુનિ ગાય છે.

ૐ નમો નાણસ્સ

પૂ. આ. શ્રી શાન્તિસૂરીશ્વર પાદ પદ્મેભ્યો નમઃ

મુક્તિ ધ્યેય, નવકારમંત્ર, જ્ઞાનપંચમી,

સ્વાધ્યાયવાદી ઉપર

શ્રી છત્ર-ભાણકુંવરનો રાસ

ખંડ બીજો

દુહા

આદિનાથ નગીનાપોળે, રતનપોળની પાસ,
કહું ઝવેરીવાડમાં, વાઘણપોળ સમાસ. ૧
ઉપકારીમહાવીરપ્રભુ, વળીચિંતામણિ પાસ,
આદિનાથ ત્રણ ભોંયરે, વિશાળ કાયા જાસ. ૨
અજીતનાથજી શોભતા,ભમતી દેરીઓસાથ,
આંબલીપોળ નજીકમાં, ભોંયરે સંભવનાથ. ૩
સંભવ પ્રતિમા કુટતો, સાડા છ હશે જ,
દર્શન કરતા આત્મા, દિલમાંહે હરખે જ. ૪
ચૌમુખ ખડકીમાંવળી, શાંતિ જિન ચૌમુખ,
અજીતનાથ પ્રભુજીતણા, દર્શનથી બહુસુખ. ૫
કસુંબાવાડે આદિનાથ વિદ્યાશાળે પ્રભુપાસ,
અષ્ટાપદ નંદીશ્વરે વંદુ હું જિન ખાસ. ૬

છત્રભાણુકુંવર તણી, ઢાળ બારમી જાણુ,
મુક્તિધ્યેય લલિતથી, મળે સુખની ખાણુ. ૭

મહાનુભાવો ! જૈનપુરી (રાજનગર) અમદાવાદમાં રતનપોળની નગીનાપોળમાં શ્રી આદીનાથપ્રભુને વંદન કરી ઝવેરીવાડે વાઘણપોળમાં આસન્ન ઉપગારી પ્રભુ મહાવીર સ્વામીને તથા શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી તથા ભોયરામાં વિશાળ કાયાવાળા ત્રણ આદીશ્વર પ્રભુજીને તથા શ્રી અજીતનાથ પ્રભુ ફરતી દેરીઓમાં નમસ્કાર કરી આંબલીપોળ પાસે ભોંયરામાં પ્રાયઃ સાડા છ ફુટ ઉંચાઈવાળા પ્રભુ સંભવનાથજીના દર્શન કરતા આત્મા હર્ષ પામી ચૌમુખજીની ખડકીમાં શ્રી શાંતિનાથ વિગેરે ચૌમુખજી તથા શ્રી કલીકુંડપાર્શ્વનાથજીને તેમજ શ્રી અજીતનાથ પ્રભુના દર્શન કરી સુખને ધરતા દોશીવાડાની કસુંબાવાડે શ્રી આદિનાથ પ્રભુજીને તથા વિદ્યાશાળામાં શ્રી પાર્શ્વનાથપ્રભુજીને તથા શ્રી અષ્ટાપદ તથા શ્રી નંદીશ્વરદ્વીપમાં બીરાજતા જીનેશ્વરોને ખાસ ભાવપૂર્વક વંદન કરૂં છું. મુક્તિધ્યેય ઉપર શ્રી છત્ર–ભાણુકુંવરના રાસની બારમી ઢાળ સૂણતા લલિતમુનિ કહે છે કે સુખની ખાણ મળે.

ઢાળ ૧૨ મી

(રાગ–મીઠાબોલે છે મોર કાળજાની કોર મોર કોરતા)

ભવિસૂણો સંદેશ, કર્મના બંધ સવિ જાણવા,
ધરો સાચું જ જ્ઞાન, કર્મ કઠીણ પણ બાળવા. ભવિ.

સાખી

મિથ્યાત્વઆદિ કારણે, કર્મ બંધ બહુ થાય,
તે બંધ કઇ કઇ રીતના, થાપે તે કહેવાય;
સુણી કર્મનિવાર, બાજી બધી હવે સુધરે. ભવિ.૧
સ્પૃષ્ટ બદ્ધ નિધત્તને, નિકાચિત બંધ ચાર,
જેવા ભાવ જીવો કરે, તે મુજબ બંધ ધાર,
પુણ્ય પાપના જાણ. બાજી બધી હવે સુધરે. ભવિ.૨
સોયતણા દૃષ્ટાંતથી, તે સવિ સમજાય,
પ્રથમ બે પ્રકારના, પ્રતિક્રમણે પાપ જાય,
આત્મનિંદા કરાય, બાજી બધી હવે સુધરે. ભવિ.૩
પ્રસન્નચંદ્ર ઋષિ મહા, કરે કાઉસગ્ગે ધ્યાન,
દુર્મુખ વાણી સાંભળી, ભૂલ્યા સર્વે ભાન,
દિલપલટો થતા જ, બાજી બધી હવે સુધરે. ભવિ.૪
બીજું બદ્ધ પાપ તણું, વિકથા પ્રમાદે થાય,
દોષ પ્રાણાતિપાતથી, પાપ જરૂર બંધાય,
આલોયણથી જ જાય, બાજી બધી હવે સુધરે. ભવિ.૫
બાલમુનિ અઇમતાજી, મૃગાવતી વળી જાણ,
પ્રમાદ પણ છોડી દઈ, પ્રતિક્રમણે એક ધ્યાન,
પામ્યા કેવળ જ્ઞાન, બાજી બધી હવે સુધરે. ભવિ.૬
ત્રીજું નિધત્ત એહવું, સોય કાટ ચડી જાય,
પરસ્પર મળી જતાં, છુટી કષ્ટથી થાય,
તેલ-તાપ દેવાય, બાજી બધી હવે સુધરે. ભવિ.૭

આત્મપ્રદેશ સાથે જ જે, કર્મ બંધાયુ હોય,
તે કર્મને તોડવા, તીવ્ર ગર્હા જોય,
પ્રાયશ્ચિત સાથે જ. બાજી બધી હવે સુધરે. ભવિ.૮
શ્રી સિદ્ધસેન સૂરીશ્વરે, કરી આશાતના મહાન;
ગુરૂમહારાજે જાણતાં. આપ્યું પ્રાયશ્ચિત દાન,
તે નિધત્ત કહેવાય. બાજી બધી હવે સુધરે. ભવિ.૯
ચોથો નિકાચિત બંધ તે. સોય સમૂહ પીંડથાય;
અગ્નિમાં ગાળી પછી. નવીન સોયો બનાય;
બીજો નહિ ઉપાય. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૦
પાપતણી અનુમોદના. વારંવાર કરેજ;
ગાઢ કર્મ બંધાય તે. ભોગવવું જ પડે જ,
નરકે ગયા શ્રેણીક. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૧
ચાર પ્રકારના બંધને. સમજી વર્જો એહ;
શુભ કરણી કરો સર્વદા, સમતા ભાવે તેહ;
પુણ્ય બંધ થતાં જ. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૨
એવું જાણીને પ્રાણીયા. સમ્યક્ સુણો ચરિત્ર;
ફતેસિંહનિજ પુત્રને. પૂછે પણ વિચિત્ર;
મળે ઉત્તરઅકળાય. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૩
પણ કુંવર નહિ બોલતો. ન બોલે જેમ તેમ;
જાણે સુધારો થયો, ધરે હોંશ મન એમ;
પણ ભૂલ્યો બધુંય. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૪

ઉપાય અકસીર થાવતાં,બે દિનમાં ઘણેા ફેર;
નવેસરથી ભણાવવા. જલદી થાયજ લહેર;
એમ કરી વિચાર. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૫
પ્રધાનને રાજા કહે. ભૂલ્યેા બધુ જ કુમાર;
ભણાવવા પડશે ફરી. નહિ કરવી હવે વાર;
કરેા તૈયારી આજ. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૬
પ્રધાનજી સમજે ખરા. કુંવર જાણે નવકાર;
રૂચિ જિન વચન તણી, થાશે બહુ શ્રીકાર;
થાય આત્મ ઉદ્ધાર, બાજી બધી હવે સુધરે. ભવિ.૧૭
પંડિતને બેાલાવીયા, ભણાવેા રાજકુમાર;
એકડે એકથી શીખવેા, જેમ થાયે હુંશીયાર;
કરેા એવેા ઉપાય. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૮
ખટ્દર્શનના જાણુ છે, પંડિત ભણાવે ખાસ,
આંકડા આંક કક્કોવળી, બારાખડી કરી પાસ;
છે ભાણુ બુદ્ધિમાન. બાજી બધી હવે સુધરે. ભવિ.૧૯
પશુપંખી પણ શીખતાં, નાચ કળા આબાદ,
રાજકુંવર બન્યેા જ છે, ભણી રાખે બહુયાદ;
ભણેધરી ઉત્સાહ. બાજી બધી હવે સુધરે. ભવિ.૨૦
ક્ષયેાપશમ ખુલ્યેા ઘણેા, અટપટીઅઘરી વાત;
સમજી જાયે સહજમાં, ન્યાય તર્ક વિખ્યાત;
કર્યો ધર્મ અભ્યાસ. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૧

પ્રતિક્રમણ વિધિ સવિ, કર્મ સંબંધી ગ્રંથ;
સમકિતના સ્વરૂપનો, જાણ્યો સર્વ સંબંધ;
ખુશ પંડિત થાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૨
નીતિરીતિ ગણીતની, શસ્ત્ર કળા સંગાથ,
રાજકાજ ચલાવવા, કાયદાઓ પણ સાથ;
ભણી થયો હુંશીયાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૩
નવતત્ત્વ સાતે નયો, સપ્તભંગી પ્રમાણ,
સ્યાદ્વાદ ષટ્દર્શને, થયો બુદ્ધિ નિધાન;
જાણે નિશ્ચય વ્યવહાર.બાજી બધી હવે સુધરે.ભવિ.૨૪
રાજકુંવર બન્યોજ છે, નથી જરા અભિમાન,
પ્રભુ પૂજા કરે ભાવથી, સાથ હોય પ્રધાન;
કુલ આંગી રચેજ. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૫
પ્રધાન જ્ઞાનપંચમી કરે,નિયમ ધરે વળી ચૌદ;
કુંવર પણ સહવાસથી,કરે પંચમી ધરી બોધ,
રોજ નિયમ ધરાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૬
વિદ્યા ગુરૂ પંડિતનો, કરે વિનય દરરોજ;
વિનયથી વિદ્યા મળે, ભણતા શીખ્યો હતોજ;
ગુરૂ કૃપા અપાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૭
કોઈ પૂર્વના પુન્યથી, મળે સંજોગ ખાસ;
સંસ્કારો પણ પૂર્વના, તે પામે વિકાસ;
વાંચે મોઢે તૈયાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૮

સાચો રાજપુત્ર ઘણો, બધી વાતે હુંશીયાર;
રાજ્ય હક્કના ધ્યેયમાં, નગણે દુઃખનો ભાર;
છે નીતિનો જાણુ. બાજી બધી હવે સુધરે.ભવિ.૨૯
ખરા રાજકુંવર તણું, પુન્ય ઓછું ખરૂં ધાર;
ધર્મ શિક્ષણ નપામીયો,ભણ્યોભણતર સંસાર;
છતાં છે જ ઉદાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૦
રાજા વિચારે ચિત્તમાં, અવસ્થા વધતી જાય;
પરભવને સુધારવા, હવે કરવો ઉપાય;
થયો કુંવર હુંશીયાર.બાજી બધી હવે સુધરે.ભવિ.૩૧
મુજ હયાતીમાં દઉં, કુંવરને હવે રાજ;
ચિંતા કાંઈ રહે નહી કરૂં ધરમના કાજ;
મલ્યો ભવ સુધરેજ. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૨
એમ વિચારી મંત્રીને, બોલાવે તત્કાળ;
નિજમનમાં ધાર્યું હતું, દર્શાવ્યા વિચાર;
મંત્રી રાજી અપાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૩
જોશીને બોલાવીયા, શુભદિનને શુભવાર;
રાજા આદર આપતા, આસન ફળ ફુલહાર;
ધરે મેવા મીઠાઈ. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૪
રાજ્યારોહણ તણુ, જુઓ મુહૂર્ત શુભ થાય;
પોથીટીપણું જોઇને, કહે રાજન્ સુખદાય;
રૂડો માગસર માસ. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૫

સુદ પાંચમ સોમવારના, સવારના અગ્યાર;
વાગતા તિલક ભલું, મુહૂર્ત એ સુખધાર;
જોશી કરે નક્કીજ. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૬
રાજા વળી સન્માનતા, દીએ ભેટ શ્રીકાર;
જોશી પણ ખુશી થતા, પહોંચે નિજ ઘરબાર;
સભા સવિ હરખાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૭
જાહેરાત રાજા કરે, હું નિશ્ચિત થઉં ખાસ;
સોંપુ રાજ્ય કુંવરને, સંભાળે ગુણરાસ,
નક્કી જાહેર થાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૮
ઢંઢેરો વગડાવતાં, માગસર પાંચમ સુદ,
તિલક રાજકુંવરને, થશે અગ્યારે ખુદ,
હિંસા ન કરે કોય. બાજી બધી હવે સુધરે.ભવિ.૩૯
રાજસભા શણગારતા, મંડપ મોટો રચાય;
દિવસ ખુશાલી તણો, બેઠક યોગ્ય કરાય,
યોગ્ય વેષ ધરાય. બાજી બધી હવે સુધરે.ભવિ ૪૦
ભીખારા રંક સાંભળે, ઢંઢેરો સુખદાય,
મેવા મીઠાઇ વસ્ત્રાદિ, મળશે ને ભૂખ જાય,
થાય ખુશી અપાર.બાજી બધી હવે સુધરે.ભવિ.૪૧
સાચો કુંવર સાંભળે, હૈયું જ ચીરાય,
રાજમાલીક હું રહી ગયો, શું કરવો ઉપાય,
ધ્યેય એક જ ત્યાંય. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૨

પીતા પણ મળતા નથી, બંગલે ન પેસાય;
કોણે સુણાવું વાતડી, કથની કહી ન જાય;
થાય કાલે મેળાપ. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૩
પણ ભીખારી વેશમાં, રોકી રાખે સીપાઈ;
છતાં જઉં એકવાર હું, હીંમત રાખી કાંઈ;
વહેલેા ઉઠીને જઉં. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૪
ભીખારા કહે ભાણીયા, ગાદીએ રાજકુમાર,
બીરાજશે મળશે ઘણી, મીઠાઇ માવાદાર;
સુખે પેટ ભરાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૫
છત્રકુંવર તે ભાણીયેા, કહે સૂણેા સહુભાઇ;
વહેલેાજઇ દરબારમાં, લઇ આવીશ મીઠાઈ.
વળી કપડા તૈયાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૬
ભીખારા હવે જાણતા. ભાણીયેા ચતુર ચાલાક;
છે નાનેા પણ બેાલકેા, વળી લાગે નહી થાક;
કુળ દીવેા થનાર. બાજી બધી હવે સુધરે,ભવિ ૪૭
ઉંઘ નહિ વિચારમાં, ઉઠયેા સાચેા કુમાર;
ગયેા રાજહવેલીએ, ઉભા ચેાકીદાર;
જાજા ભીખારી બહાર.બાજી બધી હવે સુધરે.ભવિ.૪૮
મેાટું જોયું તાહરૂં, ઉત્તમ દિન શુભ કામ;
કયાંથી આવ્યેા અભાગીયા,જે ન હે મળે ઇનામ;
મારૂં ગેાતી તપાસ. બાજી બધી હવે સુધરે.ભવિ.૪૯

કરે વિચાર કુંવર હવે, કરૂં બીજો ઉપાય;
રાજસભામાં આજતો, કામ જવાય તો થાય;
છેલ્લો દિવસ આજ. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૦
અધિકારી લઈ ભેટણાં, જાશે રાજા પાસ;
જાઉં સાથે પણ ધુરકશે, કાઢી મૂકે ખાસ,
કાંઇ નહિ બોલાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૧
લઇ લઇ જાશે શેઠીયા, ભેટ વેપારી આજ;
દાતાવળી દયાળુ તે, નહિ બોલે થશે કાજ;
વચવચમાં જવાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૨
અગ્યાર વાગ્યા પહેલા મળે, મુજપિતા તો થાય;
સાચો પુત્ર હુંજ છું, વાત બધી કહેવાય;
એમ કરે વિચાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૩
સુજ્ઞો છત્રકુંવરતણું, તીવ્ર રાજ્ય હક્ક ધ્યેય,
તેમાંજ તલ્લીનતા, તેમ મુક્તિ ધ્યેય જ્ઞેય;
એજ છેજ ઉપાદેય. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૪

સુપ્રવર વ્યાખ્યાનકાર, શ્રોતાઓ સમક્ષ;
વિધવિધ વિવેચન કરી, મુક્તિ કરાવે ધ્યેય;
એજ સાચુ વ્યાખ્યાન. બાજી બધી હવે સુધરે.ભવિ.

પ્રધાનની ચતુરાઇથી, મલ્યા પંડિત વિદ્વાન;
શિક્ષણ આપ્યું કુંવરને, તેમ પાડો સત્કાર;
થાય સ્વધર ઉદ્ધાર. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૬

ક્ષાંત્યાદિ ગુણ કેળવો, કીર્તિ મળે સુખકાર,
લલિત પ્રયત્ન આદરે, ધ્યેય ઘણું મનોહાર,
ઢાળ બાર પુરી થાય. બાજી બધી હવે સુધરે.ભવિ.૫૭

બારમી ઢાળનું વિવેચન

હે ભવિજનો ? અનાદિકાળથી આત્મા કર્મના પાસમાં જકડાયેલો છે. હવે કર્મના બંધથી છૂટવા માટે તેનાથી મુક્તિ મેળવવા માટે કર્મના બધી પ્રકારના બંધ જાણવા જોઈએ અને કઠીણ જે ઘાતી કર્મો તેને બાળવા માટે તે સબંધી સાચું ઉંડુ જ્ઞાન આગમના જાણ એવા મહાત્માઓ પાસેથી મેળવવાની ખાસ જરૂર છે. અઢાર દોષથી રહિત, બાર ગુણે કરી યુક્ત, ચોત્રીશ અતિશયો તથા વાણીના પાંત્રીશ ગુણોથી શોભતાં એવા જીનેશ્વર દેવનો સંદેશ મહાપુરૂષોના મુખેથી સાંભળો.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન વચન કાયાના યોગે કર્મ બંધ કઈ કઈ રીતના થાય છે. તે સાંભળી કર્મ બંધ થતા અટકાવો તો બધી બાજી હવે સુધરી જાય. જીંદગી પણ સુધરી જાય. મહાનુભાવો ? શુભ અથવા અશુભ કર્મનો બંધ ચાર પ્રકારનો થઈ શકે છે.

સ્પૃષ્ટ બંધ, બદ્ધ બંધ, નિધત્ત બંધ અને ચોથો નિકાચિત બંધ થાય છે. જીવો જેવા જેવા ભાવ કરે તે મુજબ તેઓને પાપ પુન્યના ઓછાં વધતા ઢીલા કે કડક કર્મ બંધ થાય છે.

તે સોયના દૃષ્ટાંતથી સમજી શકાય છે. તે સરલ રીતે સમજી શકાય છે. જમીન, સો બસો સોયોની ઢગલીને હાથ લગાડતા વિખરાઈ જાય, તેમ સ્પૃષ્ટ કર્મો પણ તેવા પ્રકારના હોય છે. એ કર્મ બંધ ઢીલો હોય, ખોટું કર્મ થઈ ગયું હોય તો પસ્તાવો વિગેરે થાય એટલે કર્મ ટળી જાય, ભોગવ્યા વિના પણ એ કર્મ છૂટે. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જે ક્રિયાથી કર્મ બંધ થયો હોય તેથી વિપરિત ક્રિયાથી કર્મ છૂટે, પાપ ક્રિયાથી થયેલો અશુભ કર્મ બંધ ધર્મ ક્રિયાથી છૂટે, તેવી જ રીતે ધર્મ ક્રિયાથી પડેલો શુભ બંધ ભોગાદિથી છૂટી જાય.

સુજ્ઞો ! સામાયિક, પૂજા, જીવરક્ષણાદિ કાર્ય, વ્યાખ્યાન શ્રવણ આ તમામ ધાર્મિક કરે પણ ઉપલકભાવે, દિલવિના, પ્રેમ વગર કરે, ઠીક છે આવ્યા તો કરી લ્યો. આ રીતે કરાય તો ધર્મ ક્રિયાથી પુણ્ય બંધ થાય પણ તે સ્પૃષ્ટ બંધ જાણવો. તેમ પાપ ક્રિયાથી પાપનો બંધ થાય, પાપ કરવું પડયું, દિલ વગર કર્યું, ન છૂટકે કર્યું, ખેદ પૂર્વક કર્યું જેથી પાપ બંધ પણ સ્પૃષ્ટ રૂપ બંધાય. દાખલા તરીકે શ્રી પ્રસન્નચંદ્ર ઋષિ મહાત્માનું દૃષ્ટાંત સરખાવી શકાય.

બંધ ક્રિયાથી થાય, ક્રિયા શરીરથી જ થાય એમ નહિં પણ વાણીથી પણ થાય અને મનથી પણ થાય, માટે માનસિક વિચારોથી પણ કર્મ બંધાય છે. તેમ વાણીથી અને શરીરથી પણ કર્મ બંધાય છે.

ચાર ગતિઓમાં જેવી સુખ સામગ્રી દેવગતિમાં છે. તેવી જ દુઃખ સામગ્રી નરક ગતિમાં છે. તિર્યંચ ગતિમાં કવચિત સુખ, બાકી વધારે દુઃખ અને મનુષ્યગતિમાં વિવેકને પામવાનો તથા વિવેકને સફલ કરવાનો ઘણો અવકાશ હોય છે. આથી આપણને દુર્ગતિઓ પસંદ પડે નહીં, પણ દુર્ગતિમાં ન જવું હોય તો એના કારણોને જાણવા પડે અને એ કારણોથી બચવાનો પ્રયત્ન પણ કરવો પડે. દુઃખના કારણોને સેવાય અને દુઃખ ન આવે એ કેમ બને ? હાથમાં ચપ્પુ મારીએ તો લોહી નીકળે અને તરત ઉપચાર ન કરીએ તો કદાચ પાકે પણ ખરૂં, પાક્યા પછી બેદરકારી રાખીએ અને કુપથ્યનું સેવન કરીએ તો વેદના વધી જાય, દર્દ અસાધ્ય બની જાય અને ચીસો પાડવા કરીએ પણ દર્દને ટાળવાનો ઉપાય જડે નહિ. એવું પણ બને ને ? એવી જ રીતે નરકના આયુષ્યને બંધાવનારા કારણોને સેવીએ અને તેમાંજ રસ અનુભવીએ તો નરક ગતિ ન મળે એવું બને શી રીતીએ ? આ સમજી શકાય તેવી વાત છે. તંદુલીયા મત્સ્યનું આયુષ્ય કેટલું ? અંતર્મુહૂર્તનું, એનું શરીર કેવડું ? ચોખા જેવડું, આયુષ્ય ટુંકું અને શરીર નાનું છતાં એ તંદુલ મચ્છનો જીવ સાતમી નારકીએ જાય છે, શાથી ? માત્ર હિંસા કરવાની વિચારણાથીજ, હિંસાના પરિણામમાં રહેવાથી, જગતમાં જેટલા પાપ મનથી થાય છે તેટલા પાપ વચનથી કે કાયાથી થતા નથી. વચનથી અને કાયાથી પાપ બાંધનારાઓના કરતાં

મનથી પાપ બાંધનારાઓ ઘણા, એટલે માત્ર મન પણ જો સુધરી જાય તો પણ ઘણા પાપોથી બચી જવાય.

મન સુધારવામાં સારા વિચાર કરવાની ટેવ પાડવી જોઇએ. કોઈ આપણા મરણને ઈચ્છે તો આપણને કેવું થાય ? દુઃખજ થાય. તેવી રીતે બીજાના મરણને ઇચ્છીએ તો તેને પણ દુઃખ થાય જ. વળી વિચાર કરવો કે એનું મરણ મેં ઇચ્છયું એટલે એ કાંઇ મરી ગયો નહિ. અને મને તો એના મરણનું પાપ લાગ્યું જ આટલો વિચાર આવે તો ડાહ્યાનું મન ફર્યા વિના રહે નહિ. બાઈ ચુલો સળગાવે અને તેમાં લાકડા મૂકે. તે પાપ છે જ. પણ લાકડાને છાણાને જોયા વિના મૂકે તો ? આરંભ સાથે અજયણાનો દોષ પણ લાગે.

જીવ મરે તોજ હિંસાનું પાપ લાગે એવો નિયમ નથી. રાખવા જોગી કાળજી ન રાખીએ અને ઉપેક્ષા સેવીએ તોય હિંસાનો દોષ લાગે, તમે કોઈને મારવાને માટે પથરો માર્યો અને એ પથરો કદાચ ન પણ લાગ્યો તો પણ તમને તો પથરો મારવાનું પાપ તો લાગે જ.

ચારિત્ર પાલન, વ્રતધારી જીવન, પૂજાદિ અનુષ્ઠાન, એમાં મન વચન કાયાના યોગની પ્રવૃત્તિ થાય. એટલે તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, ધર્મ ક્રિયા કરતાં બંધ ઓછો અને નિર્જરા વધારે જેમાં એકલીજ નિર્જરા હોય અને બંધ ન હોય એવી ક્રિયા ન હોય.

મકાનમાંથી કચરો કાઢવાનો છે. પણ હવાથી થોડો તો આવવાનો જ. પણ સિદ્ધાંત મુજબની ક્રિયાથી નિર્જરા વધારે. અને બંધ ઓછો, અને જે બંધ થાય તે પણ પુણ્યાનુબંધી પુણ્યનો, તેના ઉદયમાં આત્માને ધર્મમાં વિઘ્ન ન થાય. અને આત્મા સુખી અને શાંત રહે, એ પુન્ય ધર્મ વિઘાતક ન નિવડે. ઉત્તરોત્તર ચડતી કરી સ્વર્ગાદિ સુખ આપે અને મુક્તિના કારણોમાં પણ મદદગાર બને. તાત્પર્ય એ છે કે મુક્તિ ન થાય ત્યાં સુધી પુણ્યાનુબંધી પુણ્ય જીવને સદ્‌ગતિ અપાવે. અને મુક્તિના કારણો એવી રીતે ભેગા કરી આપે કે જેનાથી જલ્દી મુક્તિ જવાય. કોઈ પણ જીવ ધર્મ ક્રિયા વિના મુક્તિએ જતો નથી. શુદ્ધ ભાવ પૂર્વકની ધર્મ ક્રિયાથી પણ શાસ્ત્રકારોએ ધર્મ બતાવ્યો છે. અને તે ધર્મક્રિયાઓ ભલે પુણ્ય બંધાવતી હોય પણ ઘણી જ નિર્જરાના કારણ રૂપે છે. ચૌદમા ગુણસ્થાનક પહેલા કોઈ પણ આત્મા ક્રિયાવિના રહી શકે જ નહિ. શુભ કે અશુભ યોગક્રિયા તો ચૌદમું ગુણસ્થાનક ન આવે ત્યાં સુધી રહેવાની જ અને ચૌદમું ગુણસ્થાનક તેવા પ્રકારની ધર્મક્રિયા કર્યા વગર આવી શકે જ નહિ. માટે ધર્મક્રિયા પરંપરાએ કેવળ-જ્ઞાનનું કારણ છે. ચૌદમા ગુણસ્થાનકનું કારણ છે. મુક્તિનું પણ કારણ છે. માટે આત્માને શુદ્ધ કરવાની અભિલાષાવાળાએ અને મુક્તિની ઈચ્છાવાળાએ ધર્મક્રિયા કરવી જ જોઈએ.

હવે ધર્મક્રિયા કરે પણ દિલવગર, કાયાથી જેમ તેમ કરે.

નીરસભાવે કરે તો પુણ્ય બંધ પણ તે સ્પૃષ્ટ રૂપે બંધાય, એવી જ રીતે પાપ ક્રિયા, હિંસા, જૂઠ, ચોરી દુરાચારીને પરિગ્રહ સંગ્રહ આદિમાં પણ સમજી લેવું, શું કરીએ ફસાઈ ગયા. ક્રિયા કરવી પડી. કરી પણ રાચીમાચીને નહિ, પશ્ચાતાપ સાથે, બબડતા બબડતા કરીએ એ પાપનો બંધ બહુ નજીવો થાય. ગુરુ પાસે આવીને કહેવાથી નિંદા–ગર્હા વગેરે કરવાથી ભાવના ભાવવાથી એ પાપ ધોવાઈ જાય. આ સ્પૃષ્ટ બંધ તે ઢીલામાં ઢીલો બંધ કહેવાય તેનો પસ્તાવો વિગેરે થાય એટલે કર્મ ટળી જાય. ભોગવ્યા વિના પણ એ કર્મ છૂટે.

સ્પૃષ્ટ બંધ પછીનું હવે બદ્ધનું સ્વરૂપ વર્ણવવામાં આવે છે. એ સોયોને દોરાથી બાંધો તો એકદમ ન છૂટે. બદ્ધરૂપ કર્મ-બંધ કરાવનારી ક્રિયામાં રૂચિ રાગ આદિ ભળેલા હોય છે. એ બંધ માત્ર ખંખેરે ન જાય. પાપ કરવામાં રાચવાપણું હોય એટલે કર્મબંધ મજબુત થાય, એ ટાળવા ખાસ પ્રાયશ્ચિતાદિ કરવું પડે. બાંધેલી સોયોની દોરીને ઢીલી કરવા પ્રયત્ન કરવો પડે તેમ, એ કર્મને તોડવા માટે પણ પ્રયત્ન કરવો પડે. આવા પ્રયત્નથી નાશ પામનારો કર્મબંધ તે બદ્ધ એવો કર્મબંધ કહેવાય.

હવે ત્રીજો નિધત્ત બંધ–તેનું સ્વરૂપ કહેવામાં આવે છે. નિધત્ત બંધ વખતે રાગદ્વેષની માત્રા વધારે હોય છે. જેમ સોયોને દોરાથી બાંધી પછી કાટ ચડી જવાથી તે બધી સોયો ચોંટી જાય છે, એ કયારે છૂટે કે ખૂબ તેલ વગેરે લગાડીને સોયોને ઘસવામાં

આવે ત્યારે તે સોયો છૂટી થાય અને સાફ થાય, નિધત્ત બંધ પણ એવો હોય છે. નિધત્ત બંધે બાંધેલા કર્મોને છોડવા માટે આકરી તપશ્ચર્યા કરવી પડે, પશ્ચાતાપ કરવો પડે અને નિંદા-ગર્હા કરવી પડે, ઉચ્ચ પ્રકારની ભાવનાઓ ભાવવી પડે, અને શુદ્ધ અધ્યવસાયો હોય ત્યારે એ કર્મ છૂટી શકે છે. અન્યથા તેવા કર્મના ઉદયે સેંકડોને હજારો વર્ષો સુધી દુઃખ ભોગવવું પડે. એ કર્મો જીવને રડાવે, દુઃખ દે, પીડે, ત્રાહી ત્રાહી પોકરાવે. કંઈ ધાર્યું થવા ન દીએ. ઘડી પહેલાં ખુશી હોય ત્યાંતો ખેદના ખબર આવે. બધા પાસા અવળા પડે, નિધત્તરૂપે બાંધેલા પાપ કર્મના ઉદયે બધુ અવળું જ થાય. જો ધર્મક્રિયા રસપૂર્વક કરી હોય તો પુણ્યબંધ પણ નિધત્ત રૂપે થાય, એના ઉદય કાળે મનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમકુળ, પાંચે ઇન્દ્રિય સંપૂર્ણ નિરોગ શરીર, ઈષ્ટ વસ્તુનો સંયોગ, ચારે તરફથી આબાદી અને ધર્મના સાધનો મળે એવા પુણ્યના ઉદયે આનંદ આનંદ થાય.

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, પ્રથમ સ્પૃષ્ટ બંધ થયો હોય પણ પાછળથી તે કર્મબંધ બદ્ધ, નિધત્ત કે નિકાચિત રૂપે પણ થઈ જાય છે. કારણ કે તે ક્રિયા પછી ખુબ પ્રશંસા કરી હોય, ખુબ રાજી થયા હોય તો એવું બને છે. જેમકે પહેલાં પાપ નિરસભાવે કર્યું જેથી તે કર્મબંધ સ્પૃષ્ટરૂપે થયો હોય અને પાછળથી તે ક્રિયાથી આત્મા રાજી થયો. તે પાપની પ્રશંસા કરવા લાગ્યો. એમ હોય તો પૂર્વે બાંધેલ સ્પૃષ્ટ કર્મ બદ્ધ રૂપે બને છે. એવી જ રીતે પૂર્વે બદ્ધ રૂપે

કર્મબંધ થયો હોય પણ પછી ખુબ રાજી થાય. બહાદુરીની વાત કરે. પોતાની મેળેજ પોતાને શાબાશી આપે. તો તે બદ્ધરૂપે બાંધેલું પાપ કર્મ નિધત્તરૂપે થાય, તેમ નિધત્તરૂપે બાંધેલું પાપ કર્મ પણ પાછળથી ઘણીજ પ્રશંસા કરે, ઘણોજ રાજી થાય, ખુબ બડાઈ મારે, ઠેકઠેકાણે કહેતો ફરે, આનંદને અનુમોદનાનો પાર ન હોય તો તે જેમ પૂર્વે શિથિલ બંધને બાંધેલું પાપ કર્મ મજબુત બને છે, તેમ પૂર્વે મજબૂત બંધને બાંધેલ પાપ કર્મ પણ ધર્માચરણથી અને સંવર ભાવથી ઢીલુ બને છે.

હવે ચોથો નિકાચિત બંધ—તેજ સોયના જથ્થાને તપાવી તપાવીને કુટી કુટીને ગઠ્ઠો કર્યો હોય તો તે કોઈ રીતે તે સોયો છૂટી પડતી નથી. તેમ નિકાચિત કર્મબંધ પણ એવો હોય છે. એ કર્મ જીવને ભોગવવું જ પડે, ભોગવેજ છૂટે, ભોગવ્યા વિના ન છૂટે, એવો મજબૂત બંધ શી રીતે થાય ?

જેમ કોઈને મારવાની બુદ્ધિ થઈ, મારતા પહેલા તીવ્ર ઈચ્છા, આને મારૂં તોજ ખરો, મારતી વખતે હર્ષ, તીવ્ર ભાવથી કુટી-કુટીને મારે અને માર્યા પછીમાર્યાનાપાપનેબહાદુરીનું કામમાને, અનેએવીબહાદુરીની ખૂબપ્રશંસાકરે,આવી ક્રિયાકરતાંઆત્મામાં કષાયોની માત્રા ઘણીજ જોરદાર હોય, ખુબ રાગ દ્વેષ હોય, રૌદ્ર પરિણામ તીવ્રહોયતોતે હિંસાજન્ય કર્મનો નિકાચિતબંધ પડેતે ભોગવવોજ પડે, પાછળથી ઘણી ધર્મક્રિયા કરો, દેવગુરૂની સેવા કરો, તપશ્ચર્યા વગેરે કરો તો પણ એવા કર્મના ઉદય કાળે

એનું ફળ તો મળવાનું જ. જેમ કેટલાએક રોગો એવા હોય છે કે જેને મટાડવા ઘણા ઉપાયો અને દવા કરવા છતાંય તે મટતા નથી. ધન મેળવવા માટે ઘણી મહેનત કરે છતાં ન મળે. દુઃખ ટાળવા માટે ઘણા ઉપાયો કરે છતાં ન ટળે. ત્યાં એવા નિકાચિત કર્મનો ઉદય સમજવો.

એવીજ રીતે ઘણા સારા અધ્યવસાયોથી ખુબ રસ પૂર્વકની ધર્મક્રિયાથી બાંધેલ પુણ્ય પણ નિકાચિતરૂપે થાય, તેપણ ભોગવવું જ પડે. પાપની જેમ વ્યક્તિગત પુણ્યાનુબંધ પુણ્યની સ્થિતિ પણ સાદિ શાંત છે.

પુણ્યાનુબંધી પુણ્ય કરનારે પુણ્યના ફળમાં આસક્તિ ન રાખવી. દુનિયાના ભોગવિલાસની વાંછા પણ ન કરવી. શ્રી શાલિભદ્રજીની અખુટ ઋદ્ધિ પુણ્યાનુબંધી પુણ્યની સમજવી. છતાંય એવા પવિત્રઆત્માને એઋદ્ધિ છોડતા જરાયવાર નલાગી.

એની અપેક્ષાએ તમારી ઋદ્ધિ ઘણીજ ઓછી છતાં મોહ કેટલો બધો છે એજ કર્મનુ જોર સૂચવે છે. નિકાચિત કર્મો આત્માને ભોગવવાંજ પડે છે. હજારો લાખ્ખો વર્ષ સુધી હાયવોય કરો, ખુબ રડો તો પણ બાંધેલા તે પાપ કર્મો છોડે નહી. એવું નિકાચિત કર્મ પણ બહુ ઘોર તપથી, ધર્મક્રિયામાં ભાવની તથાવિધ લયલીનતાથી, ઘણા જ પવિત્રવિચારોથી કદાચ નાશ પામી શકે પણ એવું ક્વચિત બને.

શ્રેણીક રાજાએ શિકાર કરવા જતાં એક સગર્ભા હરણીને

એક બાણ વડે હણી અને પછી પોતાની બાણમારવાની કુશલતાને વખાણીને વારંવાર તે પાપકર્મની અનુમોદના કરી. તેથી નિકાચિત કર્મ બાંધ્યું. ત્યારપછી અનાથી મુનિના સંગમથી સમકિતને પામ્યા અને શ્રી વીર ભગવંતની અપ્રતિહત ભક્તિ વડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. પરંતુ પૂર્વોક્ત પાપના પ્રતિબંધની વખતે નરક ગતિનું નિકાચિત આયુષ્ય બાંધ્યું હતું તે કર્મ ક્ષય ન પામ્યું અને નર્કે જવું પડયું.આવું તીવ્ર પાપ કર્મ તે નિકાચિત પાપ કર્મ જાણવું.

ઉપર મુજબ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન વચન કાયાના યોગ સાધનથી કર્મબંધ થવાના ચાર પ્રકારમાં સ્પૃષ્ટબંધ, બદ્ધબંધ, નિવૃત્તબંધ અને નિકાચિત બંધનું સ્વરૂપ ટુંકમાં સમજવા માટે દર્શાવ્યું. તે સમજીને છત્રકુંવરના ચરિત્રમાંથી સાર ગ્રહણકરીને અશુભ કર્મબંધ ન થાય તેની ચીવટ રાખવી અને શુભકર્મ બંધમાં પણ પુણ્યાનુબંધી પુણ્ય વધે તેમ થાય તોજ પરંપરાએ મુક્તિના ધ્યેયની સફળતા થાય. હવે છત્રકુંવર તથા ભાણકુંવરનું ચરિત્ર આગળ જોઈએ.

ખરો રાજકુંવર તો હાલ ભીખારી વેશે રહેવા છતાં ભીખ માંગવા છતાં પોતાના રાજ્યહક્કનું ધ્યેય ભૂલતો નથી. એક વખત રાજમહેલના દરવાજે પોતાના પિતાને મળવાની ઈચ્છાથી જઈ ચડયો હતો. પણ સિપાઇઓએ ગાંડા જેવો જાણી ધક્કા-મારીને કાઢી મૂકયો. છતાં પણ રાજ્ય હક્કના વારસનું ધ્યેય

ઢીલું પડયું નથી, પણ વિશેષ દૃઢ થતું રહ્યું છે.

સુજ્ઞો ! સંસારી જીવોને મુક્તિ પ્રત્યેનું ધ્યેય પણ આવું જ દૃઢ હોવું જોઇએ. રાજકુંવર સમજે છે કે રાજ્યસુખ આગળ બીજા સુખો તો તુચ્છ છે. એમજ મુક્તિના સુખ આગળ સંસારના સુખો પણ તુચ્છજ છે. એ વાતનો નિશ્ચય કરવો જોઇએ.

હવે ખરો રાજકુંવર રાજ્યહક્કના ધ્યેય પૂર્વક ભીખ માંગવામાં હુંશીયાર તો થયેલો જ છે, પોતે રંક બનવામાં પોતાની ભૂલ સમજે છે. પણ રંક એવા ભાણીયાનો દોષ તેના મનમાં આવતો નથી. જે સુખ દુઃખ આવે તે સમતા ભાવે સહન કરી લેવાનો નિશ્ચય કર્યો છે.

આ બાજુ રાજમહેલમાં ભાણીયો રંક રાજકુંવર બનેલો છે પણ દરેક જણા તેને રાજપુત્ર છત્રકુંવર જ સમજે છે. કારણ કે રૂપ, રંગ, વય, બોલી, હાલચાલ, ચ્હેરો વિગેરે બંનેના સરખા જ છે ફક્ત વેષમાં ફેરફાર છે. એટલે કોણ રંક અને કોણ રાજકુંવર તે સમજી શકતા નથી. રંક એવા ભાણીયાના શરીરે રાજકુંવરનો વેષ હોવાથી તેને જ સાચો રાજકુંવર સહુ કોઈ સમજે છે. પણ પોતે રંક હોવાથી કોઈને ઓળખતો નથી. જેમ તેમ આડુ અવળું બોલવાથી આપણા રાજકુંવરને કંઈક થઈ ગયું છે. ભૂત પ્રેત વળગ્યું હશે અથવા કંઈક ગાંડપણ થઈ ગયું છે. અથવા ભારે રોગથી મગજ ગુમાવી બેઠા છે. એમ સમજીને રાજાએ વૈદ્યના, જોષીના મંત્રયંત્રવાદીના પંડિતોના આસન-

વાદીઓના ભૂવાના, ટુચકા જાણનાર ડોશીઓ પાસે વિવિધ પ્રકારના ઉપચાર કરાવ્યા. રાજ્યના વૈભવ મોભા પ્રમાણે ઉત્તમમાં ઉત્તમ ઉંચામાં ઉંચા પ્રકારના મોટા ખર્ચ સાથે ઉપાયો લીધા હતા. પણ રોગ તો હતો જ નહીં.

રાજકુંવર બનેલા ભાણીયાએ વિચાર કર્યો કે મારી સાચી વાતને કોઈ માનતું નથી. માટે હવે તો જે થવાનું હોય તેમ થાઓ. ન બોલવામાં નવગુણ છે. એમ સમજીને મૌન રહ્યો છે. એટલે કે નકામુ આડુ અવળુ ખાસ બોલતો નથી. વૈદ્યો વિગેરે સમજી ગયા છે કે અમારા ઉપાયો રામબાણ જેવા બન્યા છે. રાજા ફતેસિંહ પણ ખુશ છે. જેથી સગાવહાલાઓને મિત્રો વિગેરેને ઓળખાવવા પ્રશ્ન પૂછે છે પણ ઉત્તરમાં કંઈ ને બદલે કંઈ વિચિત્ર જવાબ મળવાથી રાજા હજી અકળાય છે ખરો. પણ હવે કુંવર જેમ તેમ બહુ બોલતો નથી, એમ સમજી તબીયતમાં બીજી રીતે સુધારો તો થયો જ છે. એમ સમજીને હરખાય પણ છે.

રાજાએ વૈદ્ય, જોશી, પંડિત, ભટ્ટ, બ્રાહ્મણ, મંત્રતંત્રવાદી, આસનવાદી, ભૂવા તથા ટુચકા જાણનારી ડોશીઓ વિગેરેને સન્માન પૂર્વક લાયક ઈનામ આપ્યા.

અકસીર ઉપાય થાતા બે દિવસમાં જ ઘણો ફેર પડી ગયો છે. પણ કુંવર ભણેલું બધુ ભૂલી ગયેલ છે. માટે નવેસરથી એકડે એકથી ભણાવવો. જેથી જલ્દી બુદ્ધિમાં વધારો થાય. એમ વિચાર કરીને પ્રધાનને બોલાવ્યા અને કહ્યું કે રાજકુંવરની

તબિયતમાં હવે સુધારો છેજ. પણ ભણેલું ભૂલી ગયા હોવાથી ફરીથી ભણાવવા માટે સારા શિક્ષકનો બંદોબસ્ત કરો.હવેઢીલનહીં કરતાં આજનેઆજ વિદ્વાન પંડિતની ગોઠવણકરો. જેથી જલદી હુશિયારી આવે અને બાજી બધી સુધરે. વિદ્યા વિનાનો નર પશુ સમાન કહેવાય છે.

આહારનિદ્રાભયમૈથુનાનિસામાન્યમેતત્પશુભિર્નરાણાં
જ્ઞાનંવિશેષઃખલુમાનુષાણાંજ્ઞાનેનહીનાઃપશવોમનુષ્યાઃ

આહાર, નિદ્રા, ભય અને મૈથુન પશુઓમાં તેમજ મનુષ્યોમાં પણ છે છતાં મનુષ્યોમાં જ્ઞાન હોવાથી તેઓ પશુ કરતા ઉત્તમ છે, ચઢીયાતા છે, માટે જ્ઞાનની–વિદ્યાની પ્રાપ્તિ કરાવવી જોઇએ.

યેષાંનશીલંનતપોનચક્રિયા.વિવેકવૈરાગ્યમુખાગુણાશ્ચન
તેષાંપશુનામિવજન્મનિષ્ફલં.ભવેદિહામુત્રતુઘોરદુર્ગતિઃ

પ્રધાનજી જૈનધર્મી હોવાથી આવશ્યક ક્રિયાનું પાલન કરવામાં નિત્ય ઉદ્યમવંત હતા. વળી રાજકુંવર એક વખત નવકારમંત્ર પણ શુદ્ધ બોલ્યા હતા. જેથી અનુમાન બાંધ્યું હતું કે રાજકુંવર જરૂર જૈન ધર્મની રૂચિવાળા થશે. રાજાના હુકમ પ્રમાણે ષટ્ દર્શનના જાણ, ક્રિયારૂચિવાળા, ધાર્મિક બુદ્ધિવાળા પંડિતજીને બોલાવ્યા, અને રાજકુંવરને ધાર્મિક, વ્યવહારિક શિક્ષણ આપવાની ભલામણ કરી. એકડે એકથી શીખડાવતાં કક્કાબારાખડી,આંકસરવાળા બાદબાકી. ગુણાકારભાગાકાર તોચાર પાંચ દિવસમાં જ શીખી લીધા. રાજકુંવર બનેલા ભાણકુંવરનો

ક્ષયોપશમ પણ ખુલવા લાગ્યો. સાથે વિનય પણ ઘણોજ રાખતો કારણ કે વિદ્યા મેળવવા ઉત્સાહી છે વિદ્યા સર્વોત્તમ વસ્તુ છે. પૃથ્વીમાં વિદ્યાની બરોબરી કોઈથી થઈ શકે તેમ નથી. મનુષ્ય જેટલું વિદ્યાકળાથી માન મેળવે છે. તેટલું બીજા કશાથી મેળવી શકતો નથી. તેમજ સુવિદ્યાના પ્રભાવથી જ નામ પણ અમર થાય છે. વિદ્યા વિનયને બક્ષે છે. વિનય પાત્ર પણાને બક્ષે છે. પાત્રપણું ધન પ્રાપ્ત કરાવે છે. ન્યાય સંપન્ન ધન ધર્મને પ્રાપ્ત કરાવે છે, અને ધર્મ સુખ બક્ષે છે. પણ એ બધાનું મૂળ વિદ્યાજ છે.

सौर्यं सौंदर्यं वा विद्या, लक्ष्मीर्वचस्वितान्यो वा.
शोभां न वहति गुणो, विनयालंकार परिहितः

શૌર્ય, સૌદર્ય, વિદ્યા, લક્ષ્મી, પાંડિત્ય કે અન્ય કોઈ ગુણ જો વિનયરૂપ અલંકાર રહિત હોય તો તે શોભા પામતો નથી.

એ માટે વિદ્યા અને વિનય પ્રાપ્ત કરવા. વિદ્યાવાન્ ધનવાનોથી સુખી રહે છે. અને વિદ્યાવાનનું મન વિદ્યા ધનથી એવું સરલ થઈ જાય છે કે ધન–સંપત્તિની કદી દરકાર પણ કરતું નથી. તેમ તેઓ પોતાના પુત્રાદિને પણ જુઠી ટાપટીપથી ન શોભાવતા વિદ્યા અને શીલના ભૂષણોથી ભૂષિત કરવા ઠીક સમજે છે. છત્રકુંવરનો વેષધારી ભાણકુંવર ભણવામાં વિશેષ ચિત્ત રાખવા લાગ્યો. મહાનુભાવો ! ચિત્ત ચોટાડયા વગર એકલી જીભ હલાવવાથી જેમ આંખ મીંચીને લખી તો જવાય પણ ઢંગ ઘડા

વગરનું લખાય. તેમ ચિત્ત રાખ્યા વિના ભણાશે. પણ યાદ નહીં રહે.

આગળનો પાઠ વાંચવો, વગર વાંચેલો પાઠ વાંચવો કે બીજું પુસ્તક વાંચવું તે પાઠનો આશય–હેતુ સમજવો અને કઠણ શબ્દોના અર્થ કરવા. સમજવા. એ બધી દિલનીજ મહેનતનું કામ છે. રાજકુંવર બનેલ ભાણજી પણ વિદ્યા મેળવવા સારો ઉદ્યમ કરે છે. કહ્યું છે કે–

અભ્યાસ કારિણી વિદ્યા, બુદ્ધિ કર્માનુસારિણી
દાનાનુસારિણી કીર્તિ, લક્ષ્મી પુણ્યાનુસારિણી.

ભાવાર્થ–અભ્યાસને અનુસરીને વિદ્યા વધે છે, કર્મને અનુસરીને બુદ્ધિ થાય છે, દાનને અનુસરીને કીર્તિ ફેલાય છે. અને પુણ્યને અનુસારે લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે,

વિદ્યા મનુષ્યના અભ્યાસને અનુસરે છે, લક્ષપૂર્વક જો અભ્યાસ કરવામાં ન આવે તો વિદ્યાની પ્રાપ્તિ થવી દુષ્કર છે.

શરૂઆતમાં તદ્દન ઠોઠની ગણત્રીમાં ગણાતા વિદ્યાર્થીઓ પણ અભ્યાસ બલ વડે સારી રીતે વિદ્યા સંપાદન કરી શકે છે. અને તેમ કરીને વિદ્વદ્ ગણની પંક્તિમાં તેઓ આવે છે. કહ્યું છે કે—

અભ્યાસેન ક્રિયાઃસર્વા. અભ્યાસાત્ સકલા કલાઃ
અભ્યાસાદ્ ધ્યાન મૌનાદિ,કિમભ્યાસસ્ય દુષ્કરમ્.

ભાવાર્થ–અભ્યાસવડે કરીને સર્વ ક્રિયાઓ, સર્વ કળાઓ,

અને ધ્યાન મૌનાદિ પણ સિદ્ધ થઈ શકે છે. અભ્યાસને શું દુષ્કર છે ?

જો એક વખત વિદ્યા મેળવી હોય તો પણ જો તેનો અભ્યાસ છોડી દેવામાં આવે તો અવશ્ય તેનું વિસ્મરણ થઈ જાય છે, તેથી જ વિદ્યા ત્રણ પક્ષી કહી છે. અર્થાત્ ત્રણ પખવાડીયા સુધી જો તેને યાદ કરવામાં ન આવે તો તે વિસરાવા માંડે છે, તેથી વિદ્યા પ્રાપ્તિ માટે અભ્યાસ કર્યા કરવો તે ઈષ્ટ છે.

ઘણા મનુષ્યોની એવી માન્યતા બંધાઈ હોય છે કે બાલ્ય-કાળમાં અભ્યાસ થઈ શકે છે. પરંતુ આ માન્યતા બરોબર નથી. ગમે તે વયમાં પણ વિદ્યા પ્રાપ્ત થઈ શકે છે. તેથી મનુષ્યે વિદ્યા પ્રાપ્ત કરવી જ જોઇએ. અનુભવની શાળામાં પ્રાપ્ત થયેલું શિક્ષણ સર્વ કરતા ચઢી જાય તેવું સચોટ હોય છે. બાલ્યકાળમાં તો વિદ્યાના પ્રાથમિક બીજ રોપાય છે. પરંતુ તે નવ પલ્લવિતનો યુવાવસ્થામાં જ થાય છે. અને વૃદ્ધાવસ્થામાં તેના પરિપકવ ફલ નિપજે છે. સાઠે બુદ્ધિ નાઠે. એ કહેવત ઉંધે માર્ગે દોરી જાય છે. એ વય સુધી પણ મનુષ્યે વિદ્યા પ્રાપ્ત કરવી જોઇએ. તે માટે કહ્યું છે કે—

वलि पलित कालेऽपि, कर्तव्याः श्रुतसंग्रहः
न तव धनिनो यान्ति, यत्र यान्ति बहुश्रुताः

અર્થાત્—મોઢા ઉપર કરચલીઓ પડી ગઈ હોય, અને મસ્તકે પળીયા સફેદ વાળ આવી ગયા હોય, તે કાળે પણ એટલે

કે વૃદ્ધાવસ્થામાં પણ શ્રુતસંગ્રહ–શાસ્ત્રાભ્યાસ, વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. કારણ કે જ્યાં ધનવાનોની ગતિ થઈ શકતી નથી ત્યાં બહુશ્રુતો, શાસ્ત્રજ્ઞો, વિદ્વાનો જઈ શકે છે.

સુજ્ઞો ! છત્રકુંવરના વેષવાળા ભાણા કુંવરે અઢાર વર્ષની ઉંમરે ભણવાનું શરૂ કરેલ છે. પુન્યોદયે ક્ષયોપશમ ખુલ્યો હોવાથી એક પછી એક ચોપડીયો જલ્દી જલ્દી શીખવા માંડી. વિનય અને વિવેકી હોવાથી પંડિતજી પણ તેના પ્રત્યે માન ધરાવતા હતા. જેથી ધાર્મિક અભ્યાસ કરાવવા વિશેષ ધ્યાન આપે છે કારણ કે ધાર્મિક અભ્યાસ એ મૂળ મજબૂત પાયો છે. પાયા ઉપર ઘરનો આધાર રહેલો છે. પાયો એટલે જમીનની અંદરનું ચણતર. પાયામાં નાંખેલો પૈસો ફોગટ નહિ જાય. પાયાની મજબૂતી ઉપરજ મકાનની મજબૂતીનો આધાર છે. સામાન્ય મકાન હોય તો જેવા તેવા પાયા નખી જાય, પણ મહેલ બનાવવા ઈચ્છનારે તો પાયો પહોળો ઉંડાને મજબૂત ચણવોજ રહ્યો. જો તમે ઢીલા નબળા પાયાપર ભવ્ય મહેલ ચણો તો જરૂર સમયજાતા બેસી જવાનો. મકાન બેસી ન જાય. ઢીવાલોમાં ફાટ ન પડે. એવું ઈચ્છનારે તો પ્રથમથીજ પાયા પર ધ્યાન રાખવું જોઇએ. પાયો જેટલો મજબૂત હશે તેટલી રાહત સરવાળે રહેશે.

મહાનુભાવો ! જેવું મકાનનું તેવુંજ સંતાનનું, વિદ્યાર્થીનું જીવન પણ સમજો. વિદ્યાર્થી અવસ્થા એ ગૃહસ્થજીવનનો પાયો.

છે અને ગૃહસ્થજીવનએ બ્રહ્મચર્યજીવન પર અવલંબેછે. બાલ્યાવસ્થામાં જેવી શરીર સંપત્તિ મેળવી હશે, તેના ઉપરજ યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાની સંપત્તિ મોટે ભાગે આધાર રાખે છે. જુવાની એતો જીવનની વસંત છે. વસંતપરજ ફળનો, પાનખરનો આધાર રહે છે. તેમ જુવાની પરજ ઘડપણનો આધાર રહેલો છે. સુખી થવું કે દુઃખી થવું છે તેનો પ્રથમ વિચાર કરી અને પછી જીવનનું મંડાણ માંડો. વિદ્યાર્થી અવસ્થાને વેડફી દેનાર ભાવિજીવનમાં સુખ નહીં દેખે, તે સ્વાભાવિક છે. જો વિદ્યા–જ્ઞાન નહી હોય તો જીવનમાં સુખ કયાંથી મળશે ? વિદ્યા વગરનો જન પશુ લેખાય છે. તે જરાય ખોટું નથી. એટલે માનવીએ સુખી થવું હોય તો એણે એના જીવનનો પાયો મજબૂત બનાવવો જોઇએ.

પંડિતજી આ બધી બાબતોને સમજે છે. પોતે પણ જીવનનો મહેલ વિદ્યાર્થી અવસ્થામાં પાકો બનાવેલો છે. જેથી રાજકુંવરને પણ ધાર્મિક અભ્યાસ રસપૂર્વક કરાવે છે. પાયાવિના ઈમારત ચણાયજ નહી તેમ ધર્મ વિના જીવન જીવાયજ નાહ. જીવન ટકેજ નહીં. ધર્મએ જીવનનો પાયો છે. અનુક્રમે ભાણકુંવરે ગણીત, વ્યાકરણ, ઇતિહાસ-ભૂગોળ, કાવ્યો, ન્યાયશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા, ખગોળવિદ્યા, સંસ્કૃત, માગધી, પ્રાકૃત, કોષ વિગેરે વિગેરે અનેક વિષયોની સાથે સાથે એકાંતે મોક્ષનાજ હેતુભૂત એવા જીવાજીવાદિ તત્ત્વોનું શુદ્ધજ્ઞાન મેળવ્યું.

ચાલુ વિષયે જણાવવાનું કે વર્તમાન સ્કૂલ, કોલેજ, વિદ્યાપીઠ, યુનિવર્સીટી, કે સહશિક્ષણમાં અપાતુ શિક્ષણ તે લૌકીક કેળવણી છે. જે લૌકીક કેળવણીદ્વારા વિષય-કષાય આરંભ પરિગ્રહાદિને પોષણ મળે છે, અને સમ્યગ્ જ્ઞાનદર્શન ચારિત્રનું શોષણ થાય છે. એવી સંસ્થાઓમાં દાનવીરો લક્ષ્મીનો વરસાદ વરસાવે છે. તેનાથી પાપાનુબંધી પુણ્યનો સંચય કરે છે. કેમકે સર્પના મુખમાં ટપકતુ જળ વિષરૂપે પરિણમે છે તેથી હે મહાનુભાવો ! લોકોત્તર શિક્ષણ સંસ્થાઓમાં એટલે કે જેમાં સમ્યગ્ દર્શન જ્ઞાન,ચારિત્રનું જશિક્ષણઅપાતું હોય તેવીસંસ્થાઓમાંજ તમારા તન, મન,ધનનો ધોધ વહેવડાવી એ ઉમદા સંસ્થાઓને ઉંચ કક્ષાએ લઈ જાઓ.

ભાગ્યવાનો ! જીવાજીવાદિ તત્ત્વોનું શુદ્ધજ્ઞાન, તેનું નામજ જ્ઞાન છે. તેસિવાયનું બધુએ અજ્ઞાનજ છે. માટે જ્ઞાનદ્રવ્ય દુનિયાદારીના શિક્ષણ માટે વાપરી શકાય નહી, એ પણ સમજી લેવું રાજકુંવર બનેલ ભાણકુંવરમાં કુદરતી વિનય વસેલો છે. વિનયથી મેળવેલ જ્ઞાન તે દીપી નીકળે છે. કહ્યું છે કે પાંદડાં વિનાનું ઝાડ, સુગંધ વિનાનું પુષ્પ, ગુણ વિનાનું ઔષધ, વ્રત વિનાનું જીવન, એકડા વિનાનામીંડા, ક્ષમા વિનાની ઉદારતા, તે બધાં નકામાં છે. તેમ વિનય વિનાનું જ્ઞાન પણ નકામ છે. ભાણકુંવર બુદ્ધિશાળી હોવાથી એક બે કે ત્રણવાર સાંભળવા માત્રથી યાદ કરી લેતો.

મહાનુભાવો ! પશુ પંખીઓને પણ તેના શિક્ષકો નાચ વિગેરે કળાઓ શીખવાડતા આબાદ રીતે શીખી જાય છે, હાથી, રીંછ, વાંદરા, કુતરા, ઘોડા, બળદ, પોપટ, મેના, કબુતર, બાજ, સિંહ, વાઘ, બકરા એવાએવા પશુપક્ષીઓને તેમના કામ અનુસાર કળા શીખવાડતા તેઓ શીખી જાય છે, તો આતો મનુષ્ય છે. બુદ્ધિશાળી છેજ. વળી હવે તો રાજકુંવર પણ બન્યો છે. જે જે અભ્યાસ કરે છે તે યાદ રાખેજ છે. અને બહુ ઉત્સાહથી વિનયપૂર્વક શીખે છે. ક્ષયોપશમ પણ બહુ સારો ખીલ્યો છે. કહ્યું છે કે—

પદેનૈકેન મેધાવી, પદાનાં વિંદતે શતમ્
મૂર્ખઃપદ સહસ્રેણ, પદ મેકં ન વિંદતે ।।

પંડિત પુરૂષ માત્ર એક પદથી સેંકડો પદોનો બોધ મેળવી લેછે, અને મૂર્ખ પુરૂષ હજારો પદોથી એક પદનું પણ જ્ઞાન મેળવી શકતો નથી. પંડિતજીનો ભણાવવા પ્રત્યે ભાવ વિશેષ હોવાથી, અટપટા અઘરા વિષયો, જેવાકે સપ્તભંગી-વ્યાકરણ, કાવ્ય અલંકાર, છંદ, નય, નિક્ષેપ, પ્રમાણ અવધાન વિગેરેમાં સૂક્ષ્મબુદ્ધિથી સહજમાં સમજી જાય છે. તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, દ્રવ્યાનુયોગ, વિગેરેમાં સારી ખ્યાતી મેળવી છે. વિદ્યાનુ મહત્ત્વ સમજે છે.

વિદ્યાનું મહત્ત્વ છે પણ લક્ષ્મીનું મહત્ત્વ નથી લક્ષ્મીનું મહત્ત્વ પણ વિદ્યાથી જ છે કહ્યું છે કે—

વિદ્યા રાજભવને પૂજાય, વિદ્યા હિન અજ પશુ ગણાય
લક્ષ્મી પણ જુગતે શોભતી, જો ઉપર બેઠી સરસ્વતી,

વિદ્યાવાળો માણસ રાજકચેરીમાં પૂજાય છે. વિદ્યા વિનાનો માણસ બકરા ઘેટા ગાય અને ઢોર સમાન છે. લક્ષ્મીવાળો હોય પણ તે સાથે વિદ્યાવાળો હોય તો તે લક્ષ્મી વધારે શોભી ઉઠે છે. કહ્યું છે કે—

નાણા ઉપર અક્ષર નહી, તે નાણું નવિ ચાલે કહીં,
અક્ષર તિહા મહત્ત્વનો બહુ, ઉત્તમ અંગને પૂજે સહુ.

જે નાણા ઉપર કોઈ પણ અક્ષર ન હોય, છાપ ઘસાઈ ગઈ હોય તો તે નાણું કયાંય ચાલતું નથી, નાણાનું મહત્ત્વ તો અક્ષર ઉપર અંકાય છે. જે ઉત્તમ છે, એને સહુ કોઈ પૂજે છે. રાજકુંવર બનેલ ભાણકુંવર પાસે લક્ષ્મી અને સરસ્વતી બંને હોવાથી પ્રશંસાને પાત્ર બનેલ છે.

સુજ્ઞો ! સાધન વિના જોઇએ તેવો અભ્યાસ થઈ શકતો નથી માટે સાધનો ઉત્તમ જોઇએ સાથે યોગ્યતા પણ જોઇએ.

આરોગ્ય બુદ્ધિ વિનયોદ્યમ શાસ્ત્ર રાગાઃ
પંચાન્તરા પઠન સિદ્ધિકરા નરાણામ્.
આચાર્ય પુસ્તક નિવાસ સહાય ભોજ્યં;
બાહ્યાનિ પંચ પઠનં પરિવર્ધયંતિ.

આરોગ્ય, રોગ રહિતપણું, બુદ્ધિ, વિનય, ઉદ્યમ અને શાસ્ત્રરાગ, આ પાંચ અભ્યંતર સાધનો પઠન જે વિદ્યાભ્યાસ

તેની સિદ્ધિના કરનારા છે. અને આચાર્ય—અભ્યાસ કરાવનાર ગુરુ, પુસ્તક, જેનો અભ્યાસ કરવો હોય તે પ્રત—પુસ્ક. નિવાસ—રહેવાનું સ્થાન સહાય—સાથે અભ્યાસ કરનાર અથવા અન્ય સહાય આપનાર અને ભોજ્ય એટલે શરીર તેમજ અભ્યાસને અનુકુળ હોય તેવું ભોજન. આપાંચ બાહ્ય સાધનો અભ્યાસ કરનારાને વિદ્યાની વૃદ્ધિ કરનાર છે. અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ બ્રહ્મચર્ય પાળવું જ જોઇએ. વીર્યના સંરક્ષણ વડેજ ખરી રીતે આરોગ્ય જળવાય છે. શરીર સુદૃઢ રહે છે. મગજ ચોખ્ખુ રહે છે. બીજુ આરોગ્ય હોય પણ બુદ્ધિ ન હોય તો તે અભ્યાસ કરી શકતો નથી. જેમકે દુર્બીન કે દૂર દર્શક યંત્ર વડે જેમ દૂરના પદાર્થો દેખાય છે. પરંતુ આંખ ન હોય તો જેમ દુર્બીન નકામું છે. તેમજ જીવન ન હોય તો આંખથી કાંઈ કાર્ય થતું નથી. તેમ બુદ્ધિ વિનાનું એકલું આરોગ્ય પણ નકામું ગણાય.

વળી ટેલીફોન કે દૂર શ્રવણયંત્ર વડે જેમ દૂરનું સંભળાય છે,પણ કાન ન હોયતો ટેલીફોન નકામુ છે અને જીવ ન હોયતો કાન પણ નકામા છે. તો પછી ટેલીફોન બિચારો શું કરે ? તેમ બુદ્ધિ વિનાનું આરોગ્ય પણ નકામુજ કહી શકાય. બુદ્ધિ કંઈ લેવા ગયે મળતી નથી. એતો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથીજ પ્રાપ્ત થાય છે. તો પણ બુદ્ધિ પ્રાપ્ત કરવાના વિનયાદિક બીજા સાધનો શાસ્ત્રકારે કહ્યા છે. તેથી બુદ્ધિમાં વૃદ્ધિ થઈ શકે છે. તેથીજ ત્રીજુ અભ્યંતર સાધન વિનયરૂપ કહેલ છે.

હવે આરોગ્ય હોય, બુદ્ધિ પણ હોય પરંતુ અભ્યાસ કરાવનાર ગુરૂનો યથાયોગ્ય વિનય કરવામાં ન આવે તો વિદ્યા ફળીભૂત થતી નથી. જો સારી રીતે અભ્યાસ કરવો હોય, જ્ઞાન મેળવવું હોય તો પૂ. મુનિરાજ, અધ્યાપક, પંડિત કે ગૃહસ્થાદિ હોય તેમનો વિનય સારી રીતે કરવો.

વિનયથી બુદ્ધિ નિર્મળ થાય છે. જે અભ્યાસ વધારે વખતે થઈ શકતો હોય તે ગુરૂકૃપાથી થોડા વખતમાં થઈ શકે છે. ચોથુ સાધન ઉદ્યમને કહેલ છે. આરોગ્ય હોય, બુદ્ધિ હોય, વિનય હોય પણ જેનો અભ્યાસ કરવો હોય તેમાં ઉદ્યમ ન કરે, ચીવટ ન રાખે, તેનું વારંવાર સ્મરણ ન કરે તો અભ્યાસમાં વૃદ્ધિ થઈ શકતી નથી. સતેજ બુદ્ધિવાળો વિદ્યાર્થી પણ સતત ઉદ્યમ વિના જોઇએ તેવો આગળ વધી શકતો નથી. પાંચમું સાધન શાસ્ત્ર રાગ છે. જે શાસ્ત્ર ભણવું હોય તેના ઉપર રાગ હોવો જોઇએ. રાગ વિના ઉદ્યમ પણ થઈ શકતો નથી, હવે બાહ્ય પાંચ સાધનોમાં અભ્યાસ કરાવનાર ગુરૂ, તે યોગ્યતાવાળા સદાચારી જોઇએ. વળી નિષ્ણાત હોવા જોઇએ. રૂચીવાળા પ્રસન્ન ચિત્તવાળા હોવા જોઇએ અને કોઈપણ વિદ્યાર્થી સારો અભ્યાસ કરી શકે તેવો હોય તો તેના માટે પ્રયત્ન કરનાર હોવા જોઈએ.

બીજું, અધ્યાપક હોય પણ પુસ્તક ન હોય તો શી રીતે અભ્યાસ થઈ શકે, સારૂ પુસ્તક અભ્યાસનું ખાસ સાધન છે.

ત્રીજુ નિવાસ સારૂં જોઈએ, અભ્યાસમાં વિઘ્ન ન આવે

જેવું શાંતિવાળું, હવા પ્રકાશવાળું જીવજંતુઓ વિનાનું જોઇએ.

ચોથું સાધન સહાયરૂપ કહેલું છે. જો સાથે સહાધ્યાસી, સમાન બુદ્ધિવાળો ને વિચક્ષણ હોય તો અભ્યાસમાં બહુ મજા પડે છે. વિસ્મરણ થઈ ગયું હોય તો એક બીજા સંભાળી આપે છે, વિદ્યાભ્યાસ કરવો અને આજીવિકા વિગેરેની ચિંતા કરવી એ બેવાત એકસાથે બની શકતી નથી તેથીજો એવો સહાયકર્તા અભ્યાસકાર્યમાં હોય તો બહુ ઉપયોગી થઈ પડે છે.

પાંચમું ભોજનરૂપ સાધન છે, વિદ્યાર્થીને કંઈક બળ શરીરમાં આપે, મગજને શાંતિ આપે, વ્યાધિરૂપ ઉપાધી ન કરે, એવા ભોજનની આવશ્યકતા હોય છે જો શુદ્ધ નિર્વિકારી અને મગજને તૃપ્તિ આપે એવું ભોજન મળે છે તો વિદ્યાર્થી આગળ વધી શકે છે. આ બાહ્ય સાધનમાં પણ ભણાવનાર આચાર્ય હોય પણ પુસ્તક ન હોય. એ બંને હોય પણ અભ્યાસ યોગ્ય સ્થાન ન હોય, ત્રણે હોય પણ યોગ્ય સહાયક ન હોય અને એ ચારેવાના હોય પણ યોગ્ય ભોજન મળતું ન હોય તો અભ્યાસ સારી રીતે થઈ શકતો નથી. માટે દશે પ્રકાર જરૂરના છે. છત્ર-કુંવરના વેશવાળા ભાણકુંવરને અભ્યાસ વધારનારા બધા સાધન છે,જેથી વળી ધાર્મિક અભ્યાસમાં સામાયિક, પ્રતિક્રમણ તેમજ નવતત્ત્વાદિ દ્રવ્યાનુયોગ, કર્મ સબંધી ગ્રંથો, દ્રવ્યભાવથી સમકિતનું સ્વરૂપ, દ્રવ્ય, ભાવ, નિશ્ચય, વ્યવહાર ઉત્સર્ગ–અપવાદ, વિગેરે અનેક પ્રકારનો બોધ મેળવ્યાથી પંડિતજી

પણ બહુ ખુશ રહે છે.

સ્યાદ્વાદમાં બહુ જાણપણાથી ષટ્દર્શનનું સ્વરૂપ સરલપણે સમજી શકે છે, રાજ્યના કામકાજ ચલાવવા રાજ્યના કાયદાઓ, રાજનીતિ, વિગેરે પણ સમજી લીધેલ છે. યુદ્ધ કળા વિગેરે રાજ્ય રક્ષણ માટે મેળવી લીધી, આવો જબ્બર અભ્યાસી રાજકુંવર બન્યા છતાં વિદ્યાનું અભિમાન પણ નથી. વિવેકરૂપ આંખ ખુલી ગઈ છે.

અધિકો રૂપ તે વિદ્યા કહી, ગુપ્ત ધન તે વિદ્યા સહી;
યશ સુખની દેનારી એહ, વાટે બાંધવ સરખી જેહ.

વધારેમાં વધારે રૂપવાન વિદ્યા છે, વિદ્યા એજ ગુપ્ત ધન છે. યશ અને સુખની આપનારી છે, તેમ જ રસ્તામાં બીજા ભાઈ સરખી છે.

વિવેક વશેનર જે હુવે, તે પંડિત દાતાર,
વિવેક હીણા નર જાણવા, કિરપીને ગમાર.

વિવેકવાળો માણસ પંડિત અને દાતાર બની શકે છે.

વિવેક વિનાના માણસોને કૃપણ અને મૂર્ખ જાણવા.

સુજ્ઞો ! ભાણકુંવરે રંકપણામાં જે મોટી જીન પ્રતિમાના દર્શન કર્યા હતા, તેજ દેરાસરમાં ભાવથી દરરોજ પ્રભુ પૂજા કરે છે. પ્રધાનજી પણ તેજ મંદિરમાં પૂજા કરતા હોવાથી બંને મળીને પ્રભુજીની અષ્ટ પ્રકારી પૂજા હેતુ પૂર્વક કરે છે.પુષ્પોની

આંગી રચે છે. વાજીંત્ર સાથે ચૈત્યવંદન સ્તવનાદિ મધૂર રાગથી ગાય છે. કંઠ પણ મધુર છે. સંગીતકળા પણ સારી જાણે છે.

સંગીતસાહિત્યકલાવિહીન,સાક્ષાત્પશુપુચ્છવિષાણુહીન.
તૃણંનખાદન્નપિજીવમાનસ્તદ, ભાગધેયંપરમંપશુનામ્

જેઓ સંગીત, સાહિત્ય અને કળાથી રહિત છે. તેઓ ખરેખર પુચ્છ અને શીંગડાથી યુક્ત પશુ સમાન છે, ફક્ત ઘાસ ખાતા નથી એટલા પશુઓના ભાગ્ય સમજવા.

કુદરતે ભાણકુંવરને કંઠ રાગ પણ મળેલ છે. જેથી બહુ સુંદર ભાવનાથી વાજીંત્ર સાથે સ્તવન ગાતા પ્રભુને અરજકરે છે.

(રાગ–રામબાણ વાગ્યા હોય તે જાણે)

જીનરાજ નામ જપું જ એક તારૂં,
મને ગમે નહીજ બીજું પ્યારૂં ।। જીનરાજ નામ.
રાગકેરીસ નહીં,ખેદકેદ્વેષ નહીં,કષાયો દૂર કરનારૂ.
વદનકમળજીનઆપનું એવું, વારવાર એહી નિહાળું.જી.
પદ્મ ખીલે જેમ સૂર્યને દેખી, તેમજ મનડું મારૂં.
દર્શન આપનું દૂરથી થાતાં, હરખે મોહે મન મારૂં.જી.
માથેમુગટ વળી હાર ગળામાં,બન્યું છેકુલઘર સારૂં.
આંગીઝળકતી હીરામાણેકની,કરેદીપક અજવાળું.જી.
શરણું તુમારૂં મેં હવે લીધું, લાગે મુને એજ પ્યારૂં.
પણ જંજાળમાં હું સપડાયો, છોડાવો માનેને મારૂં.જી.

આપ તર્યા હવે મુજને તારો, કૃપા કરોને દયાળું.
એહીજ ઉપગાર આપતણો એ, કદીએન હું તો વિસારૂં. જી.
ભક્તિ તુમારી પાંચ પ્રકારે, આણ હૃદયમાં હું ધારૂં.
તીર્થયાત્રા દેવદ્રવ્યનું રક્ષણ, કરૂં પૂજા દિલ ઠારૂં. જી.
વળી મહોત્સવ અવસર પામી, ક્ષાંતિસેવા હું સ્વીકારૂં.
પદ્મ પ્રભ જિન આપ પસાયે, જોશે લલિત ધામ તારૂં. જી.

હે પદ્મપ્રભ જીણંદજી હું તો આપના નામનું જ સ્મરણ કરૂં છું. મને બીજા કોઈ ગુણહીન દેવોનું નામ ઇષ્ટ નથી. કારણ કે બીજા દેવો રાગદ્વેષથી ભરેલા છે, આપને રાગ કે રીશ નથી તેમ જ દ્વેષ કે ખેદ પણ નથી, એટલે કે ક્રોધાદિકષાયોને દૂર કરનાર કમલની જેમ પ્રફુલિત એવા આપના વદન કમળને વારંવાર હું જોયા કરૂં છું, હે પ્રભુજી ? પદ્મ (કમળ) જેમ સૂર્યને દૂરથી દેખીને ખીલે છે, આનંદ પામે છે, એવી જ રીત મારા મનની પણ છે. આપના મુખ કમળના દૂરથી જ દર્શન થતાં મારૂં મન મોહાઈ જાય છે. હરખાય છે અર્થાત્ આનંદ આનંદ થાય છે, હે પ્રભુજી ? આપ તો નિરાગી છે, પણ રાગી એવા અમોએ આપના માથે મુગટ, ગળામાં હાર વિગેરે પહેરાવીને કુલ ઘરમાં આપને બીરાજમાન કર્યા છે. આપની પાસે કેવળજ્ઞાન રૂપદીપક ત્રણ જગતના પદાર્થોને પ્રકાશમાન કરનાર છે, આપના દીપકની હોડ હું કરી શકું તેમ તો નથી જ. સૂર્યનો પ્રકાશ પણ હાથમાં લઈ બતાવી શકાય તેમ નથી, પણ ફાનસમાં

દીપક મૂકી આપની પાસે રાખેલ છે.એના પ્રકાશથી હીરામોતી માણેકથી રચેલી આંગી ઝગઝગાટ કરી રહી છે.

હે પ્રભુજી ! આપ રાજ્યાવસ્થામાં હતા ત્યારે હીરામોતી પન્ના નીલમ માણેકના આભૂષણો ધારણ કરતા હતા, છતાં કોઈ પ્રકારનો આપને મમત્વભાવ નહોતો, જેથી જ રાજપાટ સઘળુ મૂકી દઈ આપ સંયમી બની વીતરાગ થયા, આપનો રાજવૈભવ જોઈને પણ કઈક જનો નિરાગી બની ગયા,એમ જ રાગી એવા અમો આપને આભૂષણો પહેરાવી આપના ત્યાગ માર્ગનું અનુકરણ કરવાનો અભ્યાસ કરીએ છીએ. હે પ્રભુ ! મને આપનું શરણું જ પ્યારૂ લાગ્યું છે. જેથી જ આપણું શરણ મેં લીધું છે. પણ હે જીનજી આ જગતની જંજાળમાં એવા ફસાઈ ગયા છીએ કે ન પૂછો વાત.

હવે તો આ જંજાળમાં મુંઝાઈ ગયા છીએ. ગમેતેમ કરીને આ ગુંચમાંથી મુંઝવણમાંથી કેદખાનાથી બહાર કાઢો. હે પ્રભુજી આટલું હવે માનો માનો માનો. હે જીણંદજી ! આપ તો આ ભવ સંસારસાગર તરી ગયા. હવે તો હે કરૂણાના સાગર મને પણ તારો. હે પ્રભુજી ! આ આપનો ઉપકાર હું કદી પણ ભૂલીશ નહિ. વિસારીસ નહિ.

હે જીનેશ ! પાંચ પ્રકારે આપની ભક્તિ કરવાની છે. તેમાં આપની[૧] આજ્ઞા તે હૃદયમાં ધારણ કરી, તીર્થયાત્રાઓ[૨] કરી, દેવ દ્રવ્યનું[૩] જે રીતે રક્ષણ કરવાનું કહ્યું છે. તે મુજબ

રક્ષણ કરી, દ્રવ્યભાવથી ૪ પૂજા કરી મારા હૃદયને ઠારી અર્થાત્ નિર્મળ બનાવી અવસર પામીને શાસનની પ્રભાવના થાય તેં મુજબ જિન ૫ મહોત્સવ કરીને ક્ષાંતિથી હે પદ્મપ્રભસ્વામિ આપની સેવા સ્વીકારીને ઉપરોક્ત પાંચ પ્રકારી ભાવપૂર્વક ભક્તિ કરી આપનું લલિત કહેતા મનોહર જે ઘર અર્થાત્ જે મુક્તિ મહેલ છે, તેને હું જોઈશ. હજી એક અર્જ મારી સાંભળી લો.

(રાગ–રામખ્યાણ વાગ્યા હોય તે જાણે)

જીણંદજી અર્જ સુણો એકવાર,
વાત અંતરની છેજ ચિત્તધાર ।। જીણંદજી.
વૈભવજોએનહી, આવ્યોહું દેખવા, કેવળરત્નપ્રભાવ.
વાણીઅમીરસકાને જસૂણવા, ઇચ્છાખરીછે સૂણાવ.જી.
આપતણાગુણ આવ્યોછું લેવા, લેવાની યુક્તિબતાવ,
ચિત્તપ્રસન્નરહેપૂજાભણાવતાં, એવોજ માર્ગજણાવ.જી.
રાય કે રંક ઘર જન્મ થાયેપણ, શ્રાવકકુળમાં જથાય,
જન્માંતરે પણ દર્શન પામું, માંગું હું એજ સદાય.જી.
સુપાર્શ્વનાથજીનભક્તની માંગણી, સ્વીકારશોએકવાર,
ક્રોડક્રોડવારઆપચરણેનમીકહું, માંગુન હીબીજીવાર.જી.
જીનઆણાધરેક્ષાંતિસૂરીશ્વર, તપગચ્છગુણમનોહાર,
મુનિ લલિતકહે હું પણ ગાઉં, ગુણીના ગુણ બહુવાર જી.

હે સુપાર્શ્વનાથપ્રભુજી મારી એક અરજ તમે સાંભળીલ્યો

મારીવાત આપ દિલમાં ધારો. આપે તો ઘણાની વાતો સાંભળી છે. હવે મારી વાત પણ સાંભળો.

જેઓ આપના વચનને અનુસર્યા તેઓ ન્યાલ થઇ ગયા. અર્થાત્ મુક્તિ માર્ગે વળ્યા. તેમ હું પણ આપના વચનને અનુસરી મુક્તિ માર્ગે વળીશ. પણ એક વખત તો મારીવાત તમે ધ્યાનમાં લ્યો. હે પ્રભુજી મારે આપનો વૈભવ જોયતો નથી પણ હું તો ફકત આપનું કેવળ રત્ન જોવાજ આવ્યો છું. માટે તે કેવળ રત્ન બતાવો, અર્થાત્ કેવળજ્ઞાન આપો. આપ દાનેશ્વરી છો, આપનો ખજાનો ખૂટે તેમ નથી, આ કાંઈ મોટી માંગણી નથી. વળી હે જીનજી ! આપની અમૃત સરખી વાણી મારા કાનને સાંભળવાની ઘણી જ ભાવના છે. માટે એક વખત તો મધુરવાણી આ સેવકને સંભળાવો.

હે જીણંદજી ! હું આપની પાસે વિના કારણે ખાલી આવ્યો નથી, પણ આપશ્રીના ગુણો લેવા આવ્યો છું. માટે તે કઈ રીતે મળે, કઇ રીતે લઈ શકાય, તેની યુક્તિનો માર્ગ મને બતાવો. વળી આપશ્રીનું પૂજન કરતા, આપની પૂજા ભણાવતા ચિત્તની પ્રસન્નતા રહે એજ મારે શિખવું છે. ચિત્તની એકાગ્રતા પ્રસન્નતા થઈ જાય એટલે બસ. પછી બીજાની જરૂર નથી.

વળી સાથે સાથે હે પ્રભુજી ! મારી ભાવના એવી છે કે હવે પછી મારો જન્મ રાજાને ત્યાં થાય કે રંકના ઘેર થાય પણ મારે તો આપના ધર્મને અનુસરતા કુળમાં થાય, એટલું નહી

રાસ લખવાની પ્રેરણા કરનાર તેમજ
ઉત્સાહ વધારનાર સુપ્રવરવક્તા પૂ. મુનિશ્રી
ભક્તિમુનિજી મહારાજ સાહેબ



જન્મ–વાદનવાડી (મારવાડ) સં. ૧૯૫૯ ના ચૈત્ર વદ ૮
દીક્ષા–સુરત સં. ૧૯૮૪ ના માહ સુદ ૧૧ ને ગુરૂ
વડીદીક્ષા–સુરત સં. ૧૯૮૪ ના વૈશાખ વદ ૬

શ્રી પુષ્પાવતી રાસના તથા શ્રી છત્ર-ભાણુ
કુંવરના રાસની રચના કરનાર

પૂ. મુનિ શ્રી લલિતમુનિજીમહારાજ



જન્મ–લીયા તાબે સાયલા સૌરાષ્ટ્ર સં. ૧૯૫૦
નાનીદીક્ષા–જોધાવી (જી. અમદાવાદ) સં. ૧૯૮૭ ના
બીજા અસાડ સુદિ ૧૩
વડીદીક્ષા–મહીજ (અમદાવાદ–બારેજા પાસે)
સં. ૧૯૮૮ ના માગસર સુદિ ૩

પણ સુશ્રાવક કુળમાં એટલે કે સમ્યક્ત્વ ધરનારને ઘેર જ થાય. જેથી આપના ધર્મને પામી શકું. આપના ઉપદેશેલા ધર્મમાર્ગે ચાલનાર ભલે રાય હો કે રંક હો પણ તેજ ઉત્તમમાં ઉત્તમ હું સમજું છું. જેથી ભવાંતરમાં એટલે ગમે તે બીજા ભવમાં પણ આપના દર્શનનો મને લાભ મળ્યા કરે એજ મોટામાં મોટી સદાયના માટે ઈચ્છા છે.

હે સુપાર્શ્વનાથજીનજી આ એક ભક્તની માંગણી, અર્જ એકવાર અવધારશો. હું આપશ્રીને ક્રોડક્રોડવાર નમસ્કાર કરીને કહું છું કે ઉપરોક્ત માગણી સ્વીકારો, પછી હું બીજી કોઈ પણ માગણી કરીશ નહિ. બસ કેવળજ્ઞાન બતાવો (આપો) આપના ગુણો મારામાં આવે અને ધર્મકરણી કરતા ચિત્તની પ્રસન્નતા રહે અને આપના ઉપદેશેલા ધર્મને શ્રદ્ધાપૂર્વક આચરનારના ઘરે જન્મ મળે. જેથી આપના ધર્મને પામુ, જાણું, આજ મારી ભાવના છે, તે પુરી કરશો. જીનેશ્વરની આજ્ઞાને ધરનાર તપગચ્છ ગુણથી મનોહર પૂ. આ. શ્રી ક્ષાંતિસૂરીશ્વરજી મહારાજના લઘુશિષ્ય લલિતમુનિ કહેછે કે હું પણ ગુણીપુરૂષોના ગુણો વારંવાર ગાઉંછું.

છત્રકુંવરના વેષવાળા શ્રીમાન્ ભાણકુંવરે રાજમાન્ય પ્રધાનજી તથા શેઠ શાહુકારો વિગેરે જન સમુહ સાથે પ્રભુજી સમક્ષ પોતાના હૃદયના ભાવ પ્રગટ કર્યા તે કેટલા સુંદર ચોલ મજીઠના રંગ જેવા ભાવશાહી અંતરના ઉદ્‌ગારો જણાવ્યા. તે ઉપરથી જણાઈ

આવે છેકે ખરેખર હળુકર્મી આત્માનો જૈન ધર્મનો રંગ ખરેખર અજોડ છે.

नयान्तिदास्यंनदरिद्रभावं,नप्रेष्यतांनैवचहीनयोनिम्
नचापिवैकल्यमिहेन्द्रियाणां,येकारयन्त्यत्रजिनेन्द्रपूजाम्

જેઓ આ લોકને વિષે જિનેન્દ્ર ભગવાનની પૂજા કરાવે છે (ભણાવે છે) તેઓ દાસપણાને અને દારિદ્રયપણાને પામતાં નથી, કોઈની તાબેદારી ઉઠાવતા નથી. હલકી જાતિમાં જન્મતા નથી અને ઇન્દ્રિયોની વિકળતા (હીનતા) પામતા નથી, તો પછી પોતે પૂજા કરે તેનું તો કહેવું જ શું ?

ભાણકુંવર મૂળ તો ક્ષત્રીય જાતિમાં જ જન્મેલો છે, ત્રણ ચાર પેઢીએ તો ક્ષત્રીય તેના બાપદાદા હતા, પણ દુકાળ કે ગમે તે કારણથી નિર્ધન અવસ્થા થઈ જવાથી બેકાર થઈ ગયા. અને પોતાનો દેશ ગામ છોડીને ભીખ માંગતા થઈ ગયા. ફરતાં ફરતાં આ છત્રપુર શહેરમાં આવ્યા, અને કંઈ ધંધો નહી મળવાથી આળસુ બની જઈ ભીખનો ધંધો લીધો હતો. આજ શહેરમાં રાજકુંવરનો રાજમહેલમાં અને રંકભાણજીનો ગામબહારમુંપડામાં એક દિવસે જ જન્મ થયો હતો. એટલે ભાણજી ભલે નિર્ધનને ત્યાં જન્મ્યો પણ ક્ષત્રીયપણાના તેનામાં ગુણો કેટલેક અંશે હતા જ. ભાગ્ય ખીલવાથી અચાનક રાજકુંવર બન્યો છે. ભણીગણીને હુંશીયાર થયો છે. સદાચારી અને જૈનધર્મી બની જીનેશ્વરનો મહાન શ્રદ્ધાળુ ભક્ત પણ બનેલ છે. પુન્યાનુબંધી પુન્ય બંધાય

એવા સાધનો મલ્યા છે. રાજકુંવર બની શકે એવું ભાગ્ય ખીલ્યું છે. જૈનધર્મી આવશ્યકાદિ ક્રિયાને આચરનાર એવા માનનીય પ્રધાનજી સાથે સબંધ થયેલ છે, અને ઉંચામાં ઉંચુ તત્ત્વનું ધાર્મિક જ્ઞાન આપનાર સમર્થ જૈન ધર્મના જાણ એવા શ્રદ્ધાળુ ભણાવનાર પંડિતજી મલ્યા છે. દેવગુરુની ભક્તિ મળી છે, આ બધા સંજોગો સામાન્ય પુન્યથી મળે જ નહી, પણ જબ્બર આરાધના પૂર્વે કરી હોય તેને જ મળે છે, જુઓ તો ખરા ! કેટલી નમ્રતા, કેટલો વિનય, વિવેક, કેવી જીનેશ્વરની ઉંચ ભક્તિ હૃદયમાં વસી છે, તે ખરેખર દરેકને અનુકરણીય અને અનુમોદનીય છે.

પ્રધાનજી તથા રાજકુંવરે વિગેરે શાંતિકલશ, આરતી વિગેરે ઉતારી હર્ષપૂર્વક કહે છે કે હે પ્રભુ આપનો ધર્મ સત્ય છે, સાચો છે, સત્ય છે. એમ બોલી ત્રણવાર ઘંટ વગાડયો. ત્યારબાદ બધા ઉપાશ્રયે પધાર્યા.

મહાનુભાવો ! રાજનગરની જેમ જૈનપુરી સમાન છત્રપુર નગર પણ એવું હતું કે જિન મંદિરોની તથા ઉપાશ્રયોની સંખ્યા મોટી હતી. ગુરૂદેવનો વિરહ ભાગ્યેજ હોય. ગુરૂમહારાજની પધરામણી આવ જાવ ચાલુ જ રહેતી. જેથી મહાન ધુરંધર પૂ. આચાર્યો, પૂ. ઉપાધ્યાયો, પૂ. પંન્યાસો, પૂ. પ્રવર્તકો, પૂ. સ્થિવિરો, પૂ. પ્રભાકરો, પૂ. ઉદ્ધારકો, પૂ. પ્રભાવકો, પૂ. કવિઓ, પૂ. તપસ્વીઓ, પૂ. વકતાઓ, પૂ. પંડિતો, એવા એવા પૂજ્ય પદવી-

ઘરો પૂ. મુનિરાજો, કોઈને કોઈની હાજરી રહેતી જ. તેમજ આત્માર્થી, અભ્યાસી, તપસ્વી, નિર્મળ ગુણને ધરનારા એવા વિદુષી સાધ્વીજીઓનું આવા ગમનની સંખ્યા પણ સારા પ્રમાણમાં રહેતી.

જેથી સંઘને સુપાત્રે દાન શિયલતપ અને ભાવનાની વૃદ્ધિ થતી, તેમજ વ્યાખ્યાન શ્રવણનો લાભ નિરંતર મલતો. શ્રાવકો પણ કેટલાક ચાલાક ચતુર હુશિયાર શ્રદ્ધાળુ શાસ્ત્ર શ્રવણ કરી, જાણકાર બનેલા. પૂજા આવશ્યકાદિ ક્રિયાઓને કરનારા તેઓ કોઈ સાધુ પ્રમાદ કરતા હોય, ભૂલ કરતા હોય, કંકાસ કરતા હોય, તેઓની પાસે બેસી, વિનય વિવેક સાચવીને સાધુ મર્યાદાની સાધુના સદ્વર્તનની વાતો એવીયુક્તિથી સંભળાવતા કે જેથી સાધુ પણ પોતાની ભૂલ સમજે પ્રમાદને તજે અને આરાધનામાં સાવધાન બને.

અમોએ શાસ્ત્ર શ્રવણ કરતા કરતા અમુક અમુક દૃષ્ટાંતો પૂ. ગુરુવર્ય પાસે સાંભળેલા તેજ આપની પાસે કહેલ છે. બાકી આપ તો અષ્ટ પ્રવચન માતાનું પાલન કરનારા છો, અમો તો આપની પાસે કંઈ હિસાબમાં નથી,અમારી પણ ચારિત્ર લેવાની ભાવના તો છેજ. પણ જંજાળ છૂટે ત્યારે ખરી, આપને ધન્ય છે, આમ દરરોજ સદ્ભાવથી ઉપાશ્રયમાં આવે ત્યારે સાધુઓને પણ આનંદ થતો, કુથલી કે ગામ ગપાટા કે ભાવ તાલની વાતો ઉપાશ્રયમાં કરાય જ નહી. ધર્મની, સ્વાધ્યાયની આરાધનાની

આત્માની જ વાતો ઉપાશ્રયમાં થઈ શકે તેની સમજણ શ્રાવક-શ્રાવિકાને હોવી જોઇએ.

પ્રભુ પૂજા કરી પૂ. આ. શ્રી નિર્ભયસૂરીશ્વરજી મહારાજ-દિને વંદન કરી પચ્ચખ્ખાણ લઈ બધા પોતાના ઘરે ગયા.

સુજ્ઞો છત્રકુંવર બનેલો ભાણકુંવર જૈનધર્મના જ આચાર વિચારવાળો થવાથી રાજા પણ ધીરે ધીરે જૈનધર્મનું પાલન કરવા લાગ્યો છે, જેથી વ્યાખ્યાન અવસરે રાજા રાજકુંવર તથા પ્રધાનજી તેમ જ શેઠ શાહુકારોની સાથે ઉપાશ્રયમાં આવ્યો. પૂ. આ. શ્રી નિર્ભયસૂરીશ્વરજી મહારાજાદિને વંદન કરી વ્યાખ્યાન શ્રવણ કરવા ઉચિત સ્થાને બેઠા. પૂ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નમ-સ્કાર મહામંત્ર, મંગલાચરણ કર્યા બાદ કહ્યું કે, હે મહાનુભાવો ?

ન જ્ઞાન તુલ્યઃ કિલ કલ્પવૃક્ષો, ન જ્ઞાન તુલ્ય કિલ કામધેનુઃ
નજ્ઞાનતુલ્યઃકિલ કામકુંભો, જ્ઞાનેનચિંતામણિરપ્યતુલ્યઃ

મહાનુભાવો ? અસાર એવા આ સંસારમાં જગતના જીવો ભવભ્રમણ કરી રહ્યા છે, તેનું મુખ્ય કારણ અજ્ઞાનતા છે. ખરે-ખર અજ્ઞાન ભયંકર છે. અજ્ઞાનથી ઉપયોગી શક્તિઓ બરબાદ થાય છે. એટલું જ નહિ પણ તેઓ અનર્થજનક થઈ પડે છે. અજ્ઞાનથી જ ઇર્ષ્યા, વૈર, વિરોધ, કલહ, કંકાસ વિગેરે ઉત્પન્ન થાય છે. અજ્ઞાનથી જ ધર્મનું રહસ્ય સમજવામાં નહી આવતાં વિપરિત બુદ્ધિ થાય છે. અજ્ઞાનથી જ ધર્મના બહાને દુરાચારનો વધારો કરવામાં આવે છે. અજ્ઞાનથી જ ખરાખોટાની પરીક્ષા

વિના દેખીતી રીતે ખોટી ઠરતી વાતોને સત્ય ઠરાવી ખરા સત્યથી વેગળે રહેવામાં આવે છે, અને અજ્ઞાનથી જ ગુણોના તરફ બેદરકાર રહીને દોષોને ગુણો તરીકે માનવામાં આવે છે. અજ્ઞાનના જોરે જ ગુણિપુરૂષોના ગુણો નહિ દેખાતાં દોષો દેખાવા માંડે છે. વધારે શું કહેવું ? આ જગતમાં અજ્ઞાન સમાન આપણો કોઈ શત્રુ નથી. માટે આત્માને અહિતકર એવા અજ્ઞાનને દૂર કરવા સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિના માટે ઉદ્યમ પ્રયત્ન કરવો એજ શ્રેષ્ઠ છે.

સુજ્ઞો ! જ્ઞાનની બરોબરી કલ્પવૃક્ષ પણ કરી શકતું નથી. જ્ઞાનની બરોબરી કામધેનું ગાય પણ કરી શકતી નથી. જ્ઞાનની બરોબરી મનોકામના પૂર્ણ કરનાર કામકુંભ પણ કરી શકતો નથી. સજ્જનો ! ચિંતામણી રત્ન પણ જ્ઞાનની બરોબરી કરી શકતું નથી. ઉપરની દર્શાવેલ વસ્તુઓ પણ પુન્ય હોય તો આ ભવ પૂરતું જ સુખ આપી શકે છે. ત્યારે જ્ઞાન રત્ન તો ભવોભવમાં સુખ આપીને અંતે મુક્તિનું અનંત સુખ પણ આપી શકે છે. એટલા માટે જ જ્ઞાનાભ્યાસ ખાસ કરવો જોઈએ. જ્ઞાનપંચમીની આરાધના ખાસ કરવી. સજ્જનો પૂ. આ. મહારાજે જ્ઞાનની આરાધના કરવા માટે થોડામાં ઘણું જ સમજાવી દીધું છે કવિઓ પણ કહે છે કે—

ज्ञानअढे गुणवानकी संगत, ध्यानअढे तपसी संगकीनो,
मोह अढे परिवारकी संगत, लोभ अढे धनमें चित्तदीनो.
क्रोध अढे नरमूढकी संगत, काम अढे त्रिया संगकीनो;
बुद्धिविवेकविचारअढेकवि, दीनकहेसुसज्जनसंगकीनो.

જ્ઞાન ઘટે નર મૂઢકી સંગત, ધ્યાન ઘટે ચિત્તકો ભરમાયે;
શોગ ઘટે જ્યું સાધુકી સંગત, રોગ ઘટે કછુ ઔષધ ખાયે.
રૂપ ઘટે પરનારીકી સંગત, બુદ્ધિ ઘટે બહુ ભોજન ખાયે;
વૈતાલ કહે તુમ વિક્રમ સુનો, કર્મ ઘટે જ્યું પ્રભુ ગુણ ગાયે.

સુજ્ઞો ! જે કંઈ ધાર્મિક આરાધના કરાય તે જીનઆજ્ઞા સહિત હોવી જોઈએ, કહ્યું છે કે–

થોવંપિ અણુટ્ઠાણું, આણપહાણું હણેઈ પાવભરં;
લહુઓ રવિકર પસરો, દહ દિસિ તિમિરં પણાસેઈ.

થોડું પણ અનુષ્ઠાન જો આજ્ઞા સહિત હોય તો ઘણા પાપને હણે છે. દાખલા તરીકે સૂરજના કિરણોનો નાનો જથ્થો પણ દશે દિશામાં અંધારાને નસાડે છે. આજ્ઞા સહિત અનુષ્ઠાન કરવાનું જણાવ્યું છે તો કોઈ પૂછે કે આજ્ઞા તે શી છે ? એના ઉત્તરમાં ખુલાસો એ છે કે–

કિં બહુણા ઇહ જહ જહ રાગદોસા લહૂ વિલિજ્જંતિ,
તહ તહ પયટ્ટિયવ્વં–એસા આણા જિણંદાણં.

વધુ કહેવાનું શું છે, અહીં જેમ જેમ રાગદ્વેષ જલદી ઓછા થાય તેમ તેમ પ્રવર્તવું એ જિનેન્દ્રની આજ્ઞા છે.

મહાનુભાવો ! જ્ઞાનની આરાધના માટે જ્ઞાન પંચમીના માહાત્મ્ય ઉપર શ્રુત જ્ઞાનની આરાધના ઉપર પૃથ્વીપાળ રાજાનું દૃષ્ટાંત અત્રે મૂકયું છે.

"જ્ઞાનના" આરાધન માટે એટલે આત્માનો જ્ઞાનગુણ જે અનાદિકાળથી જ્ઞાનાવરણીય કર્મના સંજોગે અવરાયેલો છે, તેને પ્રગટ કરવા માટે અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય (ક્ષયોપશમ) કરવા માટે "જ્ઞાનપંચમી"નો તપ અતિ ઉત્કૃષ્ટ સાધન ભૂત છે. જ્ઞાનના આરાધન માટે શાસ્ત્રકારે બીજ, પાંચમ ને અગ્યારસ એ ત્રણ તિથિઓ બતાવી છે, પરંતુ તેમાં મુખ્યતા પાંચમની છે. પ્રાયઃ પ્રવૃત્તિ પણ પંચમી તપ કરવાની વિશેષ છે. આ તપ કોઈ પણ વર્ષના કાર્તિક માસની શુકલ પંચમીથી શરૂ કરવામાં આવે છે. આ પંચમી સૌભાગ્ય પંચમીના નામથી ઓળખાય છે, જ્ઞાન મેળવવાના ઉત્સુક શ્રાવક શ્રાવિકાઓ અને સાધુ સાધ્વીઓ આ તપ વિશેષ કરે છે. આ તપ પાંચ વર્ષ ને પાંચ માંસ સુધી કરવાનો છે, તે ઉપવાસથી, આયંબિલથી એકાસણુથી કરવામાં આવે છે. શારિરીક શક્તિવાળા તો પ્રાયે ઉપવાસથી જ કરે છે. શક્તિ ગોપવવી નહી અને તપ કરવાની શક્તિ વધારવી.

જેઓ મહિને મહિને ઉપવાસ ન કરી શકે તે પણ કાર્તિક સુદિ પંચમી દિવસે તો અવશ્ય ઉપવાસકરે છે,કરવોજોઈએ,અને તે દિવસે બનતા સુધી ચાર કે આઠ પહોરનો પૌષધ પણ કરે છે. એ તપના આરાધન માટે સંપૂર્ણ વિધિ દરેક માસની શુકલ પંચમીએ કરવી.

(૧) ઉપવાસ—આયંબિલ કે એકાસણુ યથા શક્તિ કરવું. (૨) બંને ટંક પ્રતિક્રમણ. (૩) ત્રણ કાળ આઠ સ્તુતિ ને પાંચ

નમુત્થુણં વડે દેવ વાંદવા. (૪) બે ટંક પડિલેહણ કરવી (૫) ત્રણકાળ જિનપૂજા કરવી તેમાં સવારમાં વાસક્ષેપાદિ વડે બપોરે અષ્ટ પ્રકારી અને સાંજે ધુપદિપાદિ વડે કરવી (૬) બે હજાર જાપ કરવો નમોનાણસ્સ એ પદનીવીસ નવકારવાળીએકાગ્રચિત્તે ગણવી (૭) બને તો પૌષધ કરવો અથવા દિવસનો ઘણો ભાગ જ્ઞાનધ્યાનાદિમાં વ્યતિત કરવો (૮) જ્ઞાન અને જ્ઞાનીનીયથાશક્તિ ભક્તિકરવી (૯) જ્ઞાનનો અભ્યાસ કરવો અને તેની આશાતના ટાળવી. જ્ઞાનને પામેલા પુરૂષ જ્ઞાની કહેવાય, પાટી પોથી પુસ્તક નેંધન ખડીનો વિગેરે જ્ઞાનના સાધન કહેવાય. લખેલ કે છાપેલ અક્ષર ઉપર પગ મૂકાય નહીં એટલુંજ નહી પણ કોરા કાગળ ઉપર પણ પગ મૂકાય નહી, છોકરાઓને કાગળ ઉપર બેસાડાય નહી. એમબધુ કરવાથી જ્ઞાનની મહાન્ આશાતના થાય છે. તેના પરિણામે ભવિષ્યમાં જ્ઞાનાવરણીય કર્મબંધના લીધે મૂંગાપણું, બોબડાપણું, બહેરાપણું, અપંગપણું થાય છે. માટે આવું આવું અજ્ઞાનપણું ન થવા પામે તેની સમજણ મેળવીને કર્મબંધ નથાય તેમ વર્તો, જ્ઞાનની આરાધના થાય તે તો સારૂંજ છે, પણ વિરાધના ન થાય તેમ કરવું જોઈએ. (૧૦) પ્રભુ પાસે અથવા જ્ઞાનપાસે પાંચ દિવેટનો દિવો કરવો. પાંચ સ્વસ્તિક કરવા, યથાશક્તિ ફળ નૈવેદ્યાદિ પદાર્થો પાંચ પાંચ મૂકવા (૧૧) પાંચ અથવા એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો,

જ્ઞાનપંચમીને દિવસે તો આ બધા વાના સવિશેષ કરવા



અર્થાત્ જિનેશ્વરની આંગી પૂજાદિક વિશેષ ભક્તિ કરવી. ફળ નવેદાદિ વિશેષે ચઢાવવાં. જ્ઞાનપંચમીના દેવ વાંદવા. એકાવન ખમાસમણ દેવા. જ્ઞાનના બહુમાન માટે યોગ્ય સ્થળે સુશોભિત ચંદરવા પુંઠીયા વિગેરે બંધાવી જ્ઞાન પધરાવવું, અને અનેક ભવ્ય જીવો દર્શન નિમિત્તે આવે તેવો આકર્ષક દેખાવ કરી જ્ઞાનની ભક્તિ જયણાં પૂર્વક કરવી. જ્ઞાનની પૂજા ભણાવવી ગાનતાન કરવું. ઈત્યાદિ કરીને અનેક ઉત્તમજીવો જ્ઞાનના આરાધનમા તત્પર થાય તેમ કરવું. આત્માના સર્વ લક્ષણોમાં જ્ઞાન પ્રથમ પદ ધરાવે છે. તેના વડેજ આ જીવ "ચેતન" ગણાયેલો છે. તે ગુણને પ્રગટ કરવા માટે જેમ બને તેમ વધારે પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

આ જગતમાં ભવ્ય પ્રાણીઓના ચિત્તને ઉત્તમ રૂચિ ઉત્પન્ન કરનાર શ્રીમાન્ જૈનમતને વિષે સારભૂત સમ્યક્ આચાર પાંચ પ્રકારનો કહ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય. એક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પ્રમાણે જ્ઞાનના પાંચ ભેદ છે. તો પણ અહીં [1]કાલે [2]વિણયે [3]બહુમાને [4]ઉવહાણે તહય [5]નિન્હવણે [6]વંજણ [7]અથ્થ [8]તદુભએ અકવિહો નાણમાયારો, એટલે અહીં કાળ વિનય વગેરે આઠ પ્રકારનો જ્ઞાનાચાર કહેવામાં આવશે અને તે શ્રુતજ્ઞાનમાંજ સંભવ છે. તેથી અહીં શ્રુતજ્ઞાન વિશેજ અધિકાર છે એમ જાણવું.

શ્રુતજ્ઞાનથીજ બાકીના જ્ઞાનો પ્રકાશે છે. પિંડનિર્યુક્તિમાં કહ્યું છે કે સામાન્યરીતે પિંડવિશુદ્ધિયાદિક શ્રુતજ્ઞાનને વિષે ઉપયોગવંત એટલે કે શ્રુતને અનુસારે "આ કલ્પ્ય છે, આ અકલ્પ્ય છે." એવી રીતે જાણતાં શ્રુતજ્ઞાની જો કોઈપણ કારણથી અશુદ્ધ આહાર લાવે, તો પણ કેવળજ્ઞાની તેનો આહાર કરે છે. જો કેવળી તે આહાર ગ્રહણ ન કરે તો શ્રુતજ્ઞાન અપ્રમાણિક થાય. કારણ કે છદ્મસ્થસાધુ શ્રુતજ્ઞાનના બળે કરીને જ શુદ્ધઆહારની ગવેષણા કરી શકે છે. તે સિવાય બીજી રીતે કરી શકતા નથી. વિશેષાવશ્યકમાં પણ કહ્યું છે કે શ્રુતજ્ઞાન સૌથી મોટું છે. અને ત્યારપછી કેવલજ્ઞાન છે. કારણ કે શ્રુતજ્ઞાન પોતાનો અને બીજાજ્ઞાનોનો વિભાગ કરનાર છે. અર્થાત્ શ્રુતજ્ઞાનથીજ શ્રુતજ્ઞાન અને બીજ જ્ઞાનોની સમજણ પડે છે. શ્રુતજ્ઞાન એટલે દ્વાદશાંગી સબંધીજ્ઞાન. અજ્ઞાનથી આવરેલો જીવ હિત અહિત પદાર્થોને જાણતો નથી. અને જ્ઞાન એ પ્રયત્ન વિનાનો પ્રદીપ (દીવો) છે. નિરંતર ઉદય પામેલો સૂર્ય છે. ત્રીજી આંખ છે. અને ચોરી ન શકાય કે હરણ કરી ન શકાય તેવું ધન છે.

વળી કહ્યું છે કે પાપથી નિવૃત્તિ, કુશલપણામાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ એ ત્રણે જ્ઞાનથીજ થાય છે. તત્ત્વને વિષે શ્રદ્ધા રાખવા રૂપ જે દર્શનાદિક તે પણ જ્ઞાનથીજ પ્રાપ્ત થાય છે. કારણ કે આપ્ત વિગેરેના ઉપદેશ વડે જ્યાં સુધી તત્ત્વનું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેના પર શ્રદ્ધા શી રીતે થઈ શકે ? તે વિષે શાસ્ત્રમાં

કહ્યું છે કે જ્ઞાનવડે પદાર્થો જણાય છે. દર્શનવડે તે પર શ્રદ્ધા થાય છે. ચારિત્રવડે તેનું ગ્રહણ થાય છે. અને તપ વડે શુદ્ધ થવાય છે. તેથી કરીને જ પાંચ આચારમાં જ્ઞાનાચાર સૌથી પ્રથમ કહેવાય છે. અને ત્યાર પછી દર્શનાચાર છે. દર્શનાચાર હોવાથીજ પ્રાયે ચારિત્ર ગ્રહણ કરાય છે. ચારિત્ર ગ્રહણ કર્યા પછી કર્મની નિર્જરા માટે તપસ્યા કરવી જોઇએ. જ્ઞાનાચાર આદિ ચારને વિષે સર્વ શક્તિએ કરીને યત્ન કરવો. પરંતુ એકને વિષે વીર્યને ગોપવવું નહીં. શક્તિ છૂપાવવી નહીં. એ હેતુથી વીર્યાચારને છેલ્લો કહેલો છે. આથી જ્ઞાનનું પરમ ઉપકારીપણું સિદ્ધ થાય છે.

જ્ઞાનમાં પણ શ્રુતજ્ઞાનનું મુખ્યપણું હોવાથી તેના આરાધના માટે સર્વશક્તિ પૂર્વક યત્ન કરવો. કહ્યું છે કે "જો કદાચ આખા દિવસમાં એકજ પદ ભણી શકાય. અથવા પંદર દિવસમાં અર્ધ શ્લોકજ ભણી શકાય, તો પણ જો જ્ઞાન શીખવાની ઇચ્છા હોય તો તેટલો ઉદ્યમ પણ છોડવો નહીં. સમગ્ર શાસ્ત્રની વાત તો દૂર રહો. પરંતુ એક શ્લોક વિગેરેનું જ્ઞાન પણ ગુણને માટે થાય છે. કહ્યું છે કે જેમ દોરડાની રાશ કુમાર્ગે ચાલતા બળદને તથા ચાબુક ઘોડાને સન્માર્ગે લઈ જાય છે. તેજ પ્રમાણે જ્ઞાન પણ "ચંડ" નામના રાજાને મૂંજનામના રાજાને તથા યવનના ઋષિ વિગેરેને સન્માર્ગે લઈ જનાર થયું છે. શ્રુતજ્ઞાનનું આલંબન કરવાથી પૃથ્વીપાલ રાજાની જેમ તેજ ભવમાં કેવળજ્ઞાન પણ સુલભ થાય છે.

પૃથ્વીપુર નામના નગરમાં પદાર્થોની પરીક્ષા કરવામાં વિચક્ષણ અને તાત્કાલિક બુદ્ધિવાળો પૃથ્વીપાળ નામે રાજા હતો. ધર્મથી ઇષ્ટની પ્રાપ્તિ અને અધર્મથી અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણેના શાસ્ત્રના વાક્યોનો જુદા જુદા દર્શનમાં સંવાદ હોવાથી તે રાજાને શાસ્ત્રો ઉપર બહુમાન નહોતું. કારણ કે તે રાજા કેટલાએક પુન્યવંત મનુષ્યોને નિરંતર દારિદ્ર અને આધિ વ્યાધીથી દુઃખી થતા જોતો હતો. તથા કેટલાએક પુણ્યરહિત મનુષ્યોને સામ્રાજ્ય સુખને ભોગવતા જોતો હતો. તે ચતુર રાજા એકદા રાત્રે નગર ચર્ચા જોવાને ગુપ્તવેષ ધારણ કરી ફરતો ફરતો કોઈ વિદ્યામઠ પાસે આવ્યો ત્યાં તેણે પાઠક બોલાતો એક ઉજ્વલ યશની જેવો શ્લોક સાંભળ્યો.

सर्वत्र सुप्रियाः सन्तः, सर्वत्र दुर्धियोऽधमाः
सर्वत्र दुःखीनां दुःखं, सर्वत्र सुखिनां सुखम् ॥

સત્પુરૂષો સર્વત્ર અતિ પ્રિય હોય છે. અધમ પુરૂષો સર્વત્ર દુષ્ટ બુદ્ધિવાળા હોય છે. દુઃખી માણસોને સર્વત્ર દુઃખ હોય છે અને સુખી માણસોને સર્વત્ર સુખ હોય છે.

આ શ્લોકમાં કહેલી બાબત સત્ય છે કે નહિ ? તેની પરીક્ષા કરવાની ઇચ્છાથી તે રાજાએ બીજે દિવસે કૃત્રિમ કોપ કરીને એક ઘણા ગુણોવડે પ્રસિદ્ધ એવા મહાસત્પુરૂષને પોતાના સેવકો દ્વારા બોલાવ્યો અને કૃત્રિમ ક્રોધ કરીને કહ્યું કે તારા પુત્રે રાજ્યનો મોટો ગુન્હો કર્યો છે આવો દોષનો આરોપ કરી રાજાએ તેને

તેના પુત્ર સહિત ચોરની જેમ કારાગૃહમાં નાંખ્યાં. અને પોતાના અતિ વિશ્વાસુ ચરપુરૂષોને ગુપ્ત રીતે તેમની વાતો સાંભળવા તેમને આજ્ઞા કરી, પછી રાજાએ કપટથી પોતાના શરીરમાં અત્યંત વ્યાધિ થયાનું પ્રગટ કર્યું તેથી ગુપ્તચર પુરૂષો પણ પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા કે આજે રાજાનું શરીર આયુષ્ય અંતસમય જેવું જણાય છે. આવા અકસ્માત મહા-વ્યાધિથી જીવીતની આશા કયાંથી જ હોય ?

આ પ્રમાણે નજીકમાં ચરપુરૂષોથી થતી વાત સાંભળીને સ્વભાવથી જ પરહિતકાંક્ષી એવા તે પિતા અને પુત્ર મહા શોક પામ્યા. એટલું જ નહી પણ તેમની આંખોમાં આંસુ ઝરવા લાગ્યા. પછી તે બંને પરસ્પર હૃદયમાં રહેલી વાતો કરવા લાગ્યા કે હા હા રાજાના શરીરમાં આ અકસ્માત ! શું થયું. ગમે તે થયું હોય પણ પરિણામે આ રાજાનું કાંઈ પણ અહિત ન થાઓ. જોકે રાજાએ આપણને સહસાત્કારે કેદગટ દુઃખમાં નાંખ્યા છે અને આ રાજાનું મરણ થયેથી આપણે જલદી છૂટીએ ખરા. કારણ કે નવો રાજા રાજ્ય મળવાથી સમગ્ર કેદીઓને છોડી મૂકે છે. અને કેદીઓને છોડ્યા પછી જ નવા રાજાને અભિષેક ઉત્સવ કરવાનો રીવાજ છે. એ સિવાય બીજી રીતે આપણે છૂટીએ તેવું કોઈ પ્રકારે જણાતું નથી. વળી આજ્ઞાભંગનો આક્ષેપ કરનાર અને અત્યંત ક્રોધાયમાન થયેલો આ રાજા આપણને કોણ જાણે કેવી કદર્થના પમાડશે તેની ખબર પડતી નથી કહ્યું છે કે

રાજાઓની આજ્ઞાનો ભંગ મહાપુરૂષના માનનું ખંડન અને બ્રાહ્મણની વૃત્તિ (જીવીકા)નો નાશ એ શસ્ત્ર વિનાનો વધ કહેવાયો છે. આ પ્રમાણે હોવા છતાં પણ જગતના જીવનરૂપ આ રાજા ચિરકાલ સુધી જીવતો રહો. બીજા જીવનું પણ અનિષ્ટ ચિંતવવું યોગ્ય નહીં તો રાજાનું અનિષ્ટ શી રીતે ચિંતવવા લાયક હોય ? વળી આપણને જે આ દુઃખ પ્રાપ્ત થયું છે. તેતો આપણા જ દુષ્કર્મે થયેલું છે.તેમાં આરાજાનો કાંઈ પણ દોષનથી. જો એમ ન હોય તો આ હુંશીયાર રાજા પરીક્ષા કર્યા વિના આમ કેમ કરે ? કહ્યું છે કે સર્વ જીવો પોતાના પૂર્વે કરેલા કર્મોના ફલ વિપાકને પામે છે. તેમાં અપરાધ (હાની) અથવા ગુણ (લાભ) કરવાને વિષે બીજો તો નિમિત્ત માત્રજ છે. જ્યારે કર્મ બળવાન હોય છે ત્યારે અચિંત્યો જ મર્મ સ્થાનમાં ઘા વાગે છે. અને તે વખતે પ્રાણનું રક્ષણ કરનાર કોઈ પણ થતું નથી તેમજ કાંઈ પણ આધાર કે વિચાર પણ કામ આવતા નથી તથા આપણા કર્મના વશથી આપણું જે થવાનું હોય તે થાઓ પરંતુ રાજાનું તો સર્વથા શુભ જ થાઓ. એટલાથી જ આપણને સર્વ રીતે સંતોષ છે.

આ પ્રમાણે તે પિતા અને પુત્રની પરસ્પરની વાતોને ગુપ્ત રીતે સાંભળનારા ચરપુરૂષોએ તત્કાલ આવીને રાજા પાસે સ્પષ્ટ-રીતે જાહેર કરી એટલે રાજા મનમાં આનંદિત થયા. પછી પુષ્ટ બુદ્ધિમાન અને તુષ્ટ થયેલા રાજાએ ક્ષણવાર પછી પોતાના

શરીરની સુખાકારી પ્રગટ કરી અને બેસવા પરથી ઊઠીને ઘણા માનપૂર્વક પોતાની પાસે બોલાવ્યા પછી નિર્મલ બુદ્ધિવાળા રાજાએ કાર્યની ચતુરતાથી સંભાળ લેતાં વિલંબ થયાનું જણાવી તેમનો સત્કાર કરી તેમને રજા આપી એટલે તે બંને હર્ષ પામતાં પોતાના ઘરે ગયા. આ સર્વ શુભ સ્વભાવનું જ ફળ છે.

(સર્વત્ર સુપ્રિયાઃ સન્તઃ) શ્લોકના પહેલા પાદની આ પ્રમાણે પરીક્ષા કર્યા બાદ રાજાએ (સર્વત્ર કુધિયોઽધમાઃ) બીજા પાદની પરીક્ષા કરવાનો આરંભ કર્યો. નગરના કોઈક અતિ નીચ પ્રકૃતિવાળા પિતાપુત્રને કૃત્રિમ બહુમાન આપીને મંત્રી વિગેરેથી પણ અધિક માનવાળા કર્યા. પછી એકદા પ્રથમની જેમ રાજાએ પોતાની કૃત્રિમ તીવ્ર વ્યાધિને પ્રગટ કરી. પોતાના આયુષ્યના અંત્યની સ્થિતિ ગુપ્તચર પુરૂષો દ્વારા તેમને જણાવી. તે સાંભળીને અધમ સ્વભાવવાળા તે બંને પોતાની પ્રકૃતિને યોગ્ય એવી વાતો કરવા લાગ્યા. કેમકે એકાંત સમયે હૃદયનો ભાવ પ્રગટ થાય છે. તે સમયે ગુપ્તરીતે રાખેલા ચરપુરૂષો તેમની વાર્તા પણ સાંભળતાં હતાં. તે પિતા તથા પુત્ર આ પ્રમાણે પરસ્પર બોલવા લાગ્યા કે આ રાજા જો હમણાં જ મરે તો આપણે આનંદથી અપુત્રીયા રાજાના સમય સામ્રાજ્યનો ઉપયોગ કરીએ. રાજ્યમાં આપણને કોણ માનતું નથી ? સર્વ માને છે. અથવા કદાચ કોઈક નહીં માને તો તેને તત્કાલ હણીને પણ આપણે રાજ્ય કરશું. નવા રાજાની એવીજ રીત હોય છે. વળી દુર્બુદ્ધિવાળા

તેણે વિચાર્યું કે કદાચ રાજ્ય લેવાને આપણે સમર્થ નહી થઈએ, તો પણ સ્વેચ્છાએ રાજાનું સર્વસ્વ લુંટી લઈને અંતઃપુરની રાણીઓ સાથે અને નગરની સ્ત્રીઓ સાથે સુખભોગ તો સુખેથી ભોગવશું. માટે આ રાજાનું પોતાની મેળે જ મરણ થાય છે. તે સારૂં છે. નહી તો આપણે તેને મારવાની જરૂર પડત કેમકે રાજગૃહની અંદર ફરનારા આપણને શું દુઃસાધ્ય છે? આ પ્રમાણે તે દુષ્ટબુદ્ધિવાળા દુષ્ટોની પાપીષ્ટ વાતચિત સાંભળીને પેલા ગુપ્તચર પુરૂષોએ તે વાત રાજાની પાસે કહી શકાય તેવી ન હોવા છતાં પણ ગુપ્ત રીતે જણાવી, તે સાંભળીને અત્યંત કોપથી કંપતા જાગૃત ન્યાયવાળા તે રાજાએ તત્કાળ તે બંનેનો નિગ્રહ કર્યો. રાજાઓને દુર્જનનો તિરસ્કાર અને સજ્જનની પૂજા કરવી ઉચિત જ છે. આ પ્રમાણે સર્વત્ર સુપ્રિયા સન્તઃ, સર્વત્ર કુધિયોઽધમાઃ એ બે પદની પરીક્ષા કર્યા પછી સર્વત્ર દુખિનાં દુઃખં, એ ત્રીજા પાદની પરીક્ષા કરવા રાજાએ પોતાના ચરપુરૂષો દ્વારા જન્મથી જ દારિદ્રવડે દગ્ધ થયેલા એક રાંક ભિક્ષુકને બોલાવ્યો. તેના હાથમાં ભિક્ષા માંગવા લાયક એક ઠીકરૂં હતું. તેણે કંથાની જેમ ફાટેલા જુના વસ્ત્રનો એક કકડો પહેરેલો હતો. બાલવામાં ટેકા માટે એક લાકડીનો કકડો હતો. તેનું શરીર અત્યંત કૃશ (દુબળું) હતું. આવા તે ભીખારીને જોઈને રાજાએ તેને કહ્યું કે—

હે ભિક્ષુક! તારા શરીરને અભ્યંગ, મર્દન, સ્નાન, ભોજન, વસ્ત્ર, પથારી અને આસન વિગેરે ઇચ્છીત વસ્તુ આપવાવડે હું

તને સુખી કરીશ. તું મારી પાસે રહે. અને સુખથી મનુષ્યને મળતા સુખો ભોગવ, આ ભિખારી વેષને છોડી દે, અને બીજા ઉત્તમ વેષને ધારણ કર, તારા નશીબને પણ ફેરવી નાંખીને હું તને પૃથ્વીપતિ સમાન બનાવી દઈશ,કેમકે કલ્પવૃક્ષની જેમ હું પ્રસન્ન થયેથી તારે દુષ્પ્રાપ્ય શું છે ?

આ પ્રમાણે ઘણી રીતે કહ્યા છતાં પણ પ્રારબ્ધહીન ભિક્ષુક જરાપણ વિશ્વાસ ન પામ્યો.અને જેમ મિથ્યાત્વી પ્રાણી મિથ્યાત્વનો ત્યાગ ન કરે, તેમ તેણે પોતાના વેષનો ત્યાગ કર્યો નહીં. જ્યારે રાજપુરૂષો તેને બળાત્કારે વેષ મૂકાવવા લાગ્યા. ત્યારે તેને જાણે કોઈએ માર્યો હોય તેમ તે રોવા લાગ્યો. તે જોઈને રાજાએ તેને કહ્યું કે તારો વેષ કાયમ રાખીને પણ ભોજનાદિક વડે સુખ ભોગવ. તે સાંભળીને પ્રસન્ન થયેલો તે ભિખારી જેમ પહેલા કષાય :(અનંતાનુબંધી)ના ઉદયવાળો જીવ (પ્રથમ પામેલા) સર્વ સમ્યકત્વને વમી નાંખે, તેમ પ્રથમ પ્રેતની જેમ ઘણું જમ્યો,અને પછી તત્કાલ તે સર્વનું વમન કર્યું. કહ્યું છે કે—

"દૈવનું (કર્મનું) ઉલ્લંઘન કરીને જે કાર્ય કરવામાં આવે છે, તે ફળીભૂત થતું નથી, ચાતક પક્ષીએ ગ્રહણ કરેલું સરોવરનું પાણી ગળાના છીદ્ર દ્વારા એ બહાર નીકળી જ જાય છે." પછી રાજાએ સાંજે તેને ફરીથી ભોજન કરાવીને તાંબુલાદિક મુખવાસ આપ્યા, તે વખતે પણ તે નારકીની જેમ પેટની વ્યથાદિક દુઃખને સ્પષ્ટ રીતે ભોગવવા લાગ્યો, તે વ્યાધિનો રાજાએ

ઉપચાર કરાવ્યો ત્યારે ઝાડાના વ્યાધિથી તે અત્યંત પીડાયો. અને તે ઝાડા બંધ કરવાનો ઉપચાર કરાવ્યો, ત્યારે વળી વિશેષ અતિસાર વિસુચિકા નામના વ્યાધિ વડે પીડાવા લાગ્યો. આ પ્રમાણે ઉત્તમ રાજાએ ઉપાય કર્યા છતાં પણ તે રક્ત અતિસાર, તીવ્રજ્વર, પિત્ત, કફ અને વાત વિગેરેના વ્યાધિથી પીડાયો.

પણ દૈવથી (કર્મથી) હણાયેલો તે જરાપણ સુખ પામ્યો નહી. છેવટે જડ બુદ્ધિવાળાને ગુરૂ મહારાજની જેમ રાજાએ તેને કોઈ પણ પ્રકારે વિવિધ પ્રકારના દુષ્કર ઉપાયો વડે સાજો કર્યો. ઉદ્યમ વડે શું ન થાય ? પૃથ્વીપાલરાજા તેને સાજો થયેલો જોઈ અત્યંત ખુશી થયો. ત્યારે અહંકાર અને હુંકાર કરતો તે ભિક્ષુક એક દિવસે પોતાનાકૃત્યથી કરાયેલા દુર્વદૈવથીપ્રેરાયો હોય તેમ વિષ વૈદ્યને ઘેર ગયો. ત્યાં દવાઓની મેળવણીથી વિષમ થએલું એક જાતનું વિષ તેની દૃષ્ટિએ પડયું. એટલે તરત જ નષ્ટબુદ્ધિવાળા તે દ્રમક (ભિક્ષુક) તેને સુંધ્યું. સુંઘવા માત્રથી પણ તે વિષ પરાધીનતાને કરનારૂં હતું. તેથી તે વૈદ્યે તેને એકદમ અટકાવ્યો અને કહ્યું કે આ તેં શું કર્યું ? વિચાર્યા વિના જે કામ કરવું તે મરણપર્યંત દુઃખને દેવાવાળુ થાય છે. એટલે તે ભિક્ષુક બોલ્યો કે હે વૈદ્ય ! જેમ અનર્થથી અટકાવે તેમ આ સુગંધી પદાર્થ સુંઘતા મને કેમ અટકાવો છો ?

વૈદ્યે કહ્યું કે "હે મુર્ખ ! તીવ્ર વિપાકથી ગૌરવતાને પામેલુ આ મહાવિષ તેં સુંધ્યું, તેથી આ જન્મમાં તો તારે સુખનો

વિનાશ જ થયો. બાકીની પાંચે ઇન્દ્રિયોના વિષયોને લગતા પદાર્થોમાંથી એક પણ ઈષ્ટ પદાર્થ તારે સુખને માટે સેવવો નહિં, અને જો સેવીશ તો તત્કાળ તારું મરણ જ થશે. હવેથી તારે લુખ્ખુ રસ વિનાનું અલ્પલોજન કરવું જેવુંતેવું પાણી પીવું જીર્ણ અને ફાટેલા વસ્ત્રો પહેરવા, તથા રોગનોત્પાત કરવો, પરિસહ સહન કરવા અને અનિયમિત વસવું. એ વિગેરે મુનિની જેવી મર્યાદાવડે રહીશ તો તું જીવતોરહીશ અન્યથા જરૂર મરણપામીશ. મુગ્ધો! જીવોના પરિણામની જેમ ઔષધોના પરિણામો પણ ઘણા વિચિત્ર હોય છે.” આ પ્રમાણે સાંભળીને તે દીનચિત્તવાળા તે દ્રમક (ભિક્ષુક) ઘણી માંદગીવાળા આતુર માણસની જેમ તે સર્વ અંગીકાર કર્યું, કેમકે મનુષ્ય મરણના ભયથી દુષ્કર એવું પણ શું નથી કરતો? સર્વ કરે છે.

પછી યતિના સાધુના આચાર પ્રમાણે વર્તતા તે ભિક્ષુકને જ્ઞાનાદિક ચારિત્ર ગ્રહણ કરવા માટે ઘણું ઘણું કહ્યા છતાં પણ તે તુચ્છ મનવાળાએ યતિપણું અંગીકાર કર્યું નહીં. કેમકે યતિપણું તો મહાસાત્વિક પુરૂષોથીજ સાધી શકાય તેવું છે. પૂર્વે કહેલા શ્લોકના ત્રીજાપાદના અર્થને જાણે સિદ્ધ કરવા માટે જ હોય, તેમ તેણે દીક્ષા ગ્રહણ કરી નહીં. કારણ કે પ્રવજ્યા લેવાથી તો આગામી કાળે સુખની પ્રાપ્તિ થાય છે. તે આ દ્રમકને કયાંથી હોય? કહ્યું છે કે તૃણના સંથારા પર બેઠેલા, રાગદ્વેષ અને મોહરહિત એવા શ્રેષ્ઠ મુનિ જે મુક્તિનું જેવું સુખ પામે છે. તે

સુખમાં ચક્રવર્તી પણ ક્યાંથી પામે ? જો તે દ્રમક ભિક્ષુક ધર્મ બુદ્ધિથી આવું કષ્ટ સહન કર્યું હોત તો કોણ જાણે કેવું ઉત્તમ ફળ પામત ! પરંતુ આવા પશુની જીંદગીમાં સહન કરવા પડે તેવા કષ્ટને આ સંસારમાં પડેલા જીવો સંસારમાં રહ્યા છતાં ખુશી થઇને સહન કરે છે, પરંતુ મુનિપણું સ્વીકારતા નથી તે મહા આશ્ચર્ય છે.

सर्वत्र सुप्रियाः संतः सर्वत्र कुधियोऽधमाः
सर्वत्र दुःखिनां दुःखं.

એ શ્લોકના અર્થની પરીક્ષા કરીને હવે(सर्वत्र सुखिनां सुखम्) ચોથા પદની પરીક્ષા કરવા માટે તીવ્ર બુદ્ધિવાળા રાજાએ ઉપાયનો વિચાર કરતાં આ પ્રમાણે ચિંતવ્યું કે માત્ર પરીક્ષા-નેજ માટે બીજા સુખી માણસને શા માટે ફોગટ દુઃખ દેવું ? માટે હું પોતે જ પરદેશમાં જઈ એ પદની પરીક્ષા કરું.

આ પ્રમાણે વિચારીને બીજા જ દિવસે રાજા રાજ્યનો ભાર મંત્રીને સોંપીને રાત્રિના સમયમાં એકલો નગર બહાર નીકળી ગયો. માર્ગે ચાલતાં તેણે વિચાર કર્યો કે મારા દેશમાં તો સમગ્ર લોકો મને જાણે છે. તથા સેવકની જેમ વિશેષ પ્રકારે મારી ભક્તિ કરશે, તેથી આદેશ મૂકી પરદેશ જવું જોઈએ. પરંતુ જલદીથી દૂર દેશ શી રીતે જવાશે ?

આ પ્રમાણેની ચિંતાથી ઉદ્વેગ પામેલો રાજા માર્ગે ચાલતાં થાકી જવાથી એક વડવૃક્ષની નીચે બેઠો. તે વખતે તે વડ ઉપર

રહેનાર યક્ષને તેની સ્ત્રી યક્ષીણીએ કહ્યું કે, હે પ્રિય ! આપણા આશ્રમની નીચે બેઠેલો આ અભ્યાગત કોઈ મહાન પુરુષ જણાય છે. તેથી તમારે માનવા-પૂજવા યોગ્ય છે, શાસ્ત્રમાં કહ્યું છે કે પોતાના ઘેર ચાલીને આવેલા સત્પુરુષનું યોગ્ય સન્માન કરવું જોઇએ. તે દુઃખમાં આવી પડેલ હોય તો તેમાંથી તેમનો સારી રીતે ઉદ્ધાર કરવો જોઇએ અને દુઃખી પ્રાણીઓ પર દયા કરવી જોઇએ, આ પ્રમાણેનો ધર્મ સર્વ મતવાળાઓને સંમત છે.

તે સાંભળીને તે યક્ષે પ્રત્યક્ષ થઇને રાજાને કહ્યું કે, હે રાજન્ કહે તારે શું ઈષ્ટ છે ? જે તુ માગે તે આપવાને હું કલ્પવૃક્ષની જેમ સમર્થ છું. તે સાંભળી વિસ્મય પામેલો રાજા બોલ્યો કે, "તમે કોણ છો ! અને કયે પ્રકારે ઈષ્ટ વસ્તુને આપવા સમર્થ છો ?" કારણ કે મનુષ્યોને અનેક પ્રકારના વાંછિત હોય છે. તે વાત પ્રસિદ્ધ છે. ત્યારે યક્ષ બોલ્યો કે હું મોટો દેવ છું. જેથી મનોવાંછિતને પૂર્ણ કરવા સમર્થ છું. કેમકે અમારે સર્વ સિદ્ધિઓ અને સમૃદ્ધિઓ મનથી જ સિદ્ધ થાય છે. તે સાંભળીને રાજાએ કહ્યું કે હે દેવ ! તમે શા માટે જુઠું બોલો છો. દેવોનું પણ મનોવાંછિત સિદ્ધ થતું નથી, દેવો પણ ઘણા દુઃખી હોય છે. કેમકે ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માન અને લોભ ઇત્યાદિ વડે દેવો પણ દુઃખી હોય છે. તેઓ બીજા પોતાથી અધિક ઋદ્ધિવાળાથી પરાભવ પામે છે. માટે તેમને પણ સુખ કયાંથી ? તેથી જો દેવોથી પેતાનું વાંછિત પણ સિદ્ધ થતું નથી, તો તે

બીજાનું શી રીતે સિદ્ધ કરશે ? માટે દેવોથી પણ અન્યનું મનોવાંછિત સિદ્ધ કરાય જ નહીં. શું રંક માણસ બીજાને રાજ્ય આપી શકે ? માટે હે દેવ ! તમે વિદ્વાન થઇને ગર્વથી અથિલ (ગાંડાની) જેમ તમે આમ કેમ બોલો છો ? સત્યવક્તા મનુષ્ય પણ આવું અસત્ય બોલતો નથી. તો તમે દેવ થઇને કેમ બોલો છો ? આ પ્રમાણે રાજાએ તત્ત્વ અને યુક્તિથી કહ્યું.

તે સાંભળીને ચિત્તમાં ચમત્કાર પામેલો યક્ષ બોલ્યો કે, હે મહાપુરૂષ ! તેં આ જે કહ્યું તે સર્વ વાત સત્ય છે. દેવોને પણ બીજાની જેમ પૂર્વે કરેલા પોતપોતાના પુણ્યને અનુસારેજ કાર્ય સિદ્ધિ થાય છે. તો પણ દેવની શક્તિ અચિંત્ય છે, તેથી તે ચિંતવેલું કાર્ય કરી શકે છે. જેવું સુખ મનુષ્યોથી સાધી શકાતુ નથી, તેવું સુખ દેવતા શીઘ્રતાથી સાધી શકે છે. માટે તુ મારી પાસે કાંઈ પણ માંગ.તું જે માગીશ તે મારાથી અવશ્ય સિદ્ધ થશે. હું તે સર્વ તને આપી શકીશ, કેમકે દેવનું દર્શન નિષ્ફળ હોય જ નહી.

આ પ્રકારે સાભળીને તે દેવનું વચન અત્યંત દૃઢ કરવા માટે રાજાએ કહ્યું કે હે દેવ ! જો તમારી ઇચ્છા એમ જ હોય તો હું જ્યારે તમારૂં સ્મરણ કરૂં ત્યારે તમો મારૂં કાર્ય સિદ્ધ કરજો. તે દેવે તે રાજાનું વચન અંગીકાર કર્યું. કેમકે જે પુન્યવંત હોય છે, તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે, અને ચિંતવ્યા કરતાં પણ અધિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

ત્યાર પછી હર્ષ પામેલો રાજા વિચારવા લાગ્યો કે, આણે પણ હું અધિક સુખી તો થયો. તે છતાં પણ પરીક્ષાને માટે હું પરદેશ ગમન કરું. એમ વિચારી રાજાએ યક્ષને કહ્યું કે હે દેવ! મને હમણાં જ પરદેશમાં (દૂર દેશમાં) પહોંચાડો. એટલે દેવ-શક્તિથી તે રાજા વાયુની પેઠે ક્ષણવારમાં પરદેશ પહોંચ્યો. ત્યાં પરમ નીતિના અવધિરૂપ કુશસ્થલ નામનું નગર હતું. તે નગર-ના સમીપના ઉદ્યાનમાં મુસાફરની જેમ તે રાજા ગંધાતા કોઢીયા પુરુષ જેવું રૂપ ધારણ કરીને બેઠો.

તે કુશસ્થલ નગરમાં ચંદ્રની જેમ લોકને આનંદ કરતો ચંદ્રયશ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા નામ વડે ચંદ્ર છતાં સૂર્યની જેમ શત્રુના તેજનો નાશ કરતો હતો. એ આશ્ચર્ય છે. તે રાજાને ચંદ્ર જેવા મુખવાળી પ્રિયવચના અને પ્રિયવદના નામની બે રાણીઓ હતી. પહેલી રાણી ગુણ વડે અધિક હતી અને બીજી ચંદ્રના જેવા સુંદર મુખવાળી હતી. પુત્રથી રહિત એવી તે બંને સ્ત્રીઓને અત્યંત પ્રિતિના પાત્ર એક એક પુત્રી હતી. તેમાં પહેલીનું નામ સુલોચના અને બીજીનું નામ સુવદના હતું. તે બંને પુત્રીઓ સરખી ઉંમરવાળી, સુંદર અને સમાનરૂપવાળી, ગુણોવડે અત્યંત શ્રેષ્ઠ અને પૃથ્વીપર આવેલી દેવ કન્યાઓ જ હોય તેવી શોભતી હતી. યોગ્ય વયે તે બંનેને રાજાએ ઘણી કળાઓ શીખવી. જ્યારે તે બંને યુવાવસ્થા પામી ત્યારે એક દિવસ તેમની માતાઓએ તેમને વિશેષ આભૂષણાદિ વડે શણગારીને રાજા પાસે મોકલી.

સભા મંડપમાં બેઠેલા રાજાએ કમળ ઉપર હંસીઓની જેમ તેમને પોતાના ઉત્સંગમાં બેસાડી. પછી પ્રશ્નોત્તર આદિ અનેક પ્રકારની પૃચ્છાઓના તે બંને કન્યાઓએ સાક્ષાત્ સરસ્વતીની જેમ તત્કાળ ઉત્તર આપ્યાં, પછી રાજાની આજ્ઞાથી મોટા મોટા પંડિતોએ પણ તેમની કળાકુશળતાની પરીક્ષા માટે અનેક પ્રકારના પ્રશ્નો પુછ્યા. તે દરેકના જવાબો પણ તે બંને કન્યાઓએ ઘણાજ સંતોષકારક આપ્યા.

ત્યાર પછી રાજાએ પોતે બંને કન્યાઓને કહ્યું કે મારા પ્રશ્નનો જવાબ તમે બેઉ બરાબર આપો કે કર્મ (પ્રારબ્ધ) અને ઉપક્રમ(ઉદ્યમ)એ બેમાં મુખ્ય કોણ ? પહેલું કે બીજું ? અથવા તે બંને સમાન છે ? તે કહો.

ત્યારે પહેલી કન્યા સુલોચનાં બોલી કે પરાક્રમની જેમ સર્વ સ્થળે ઉપક્રમજ (ઉદ્યમજ) ફળ સાધનનું કારણ છે. ઉદ્યમ વિનાનું કર્મ પ્રારબ્ધ નિષ્ફળ છે. ભોજન, વસ્ત્ર, ધન ઉપાર્જન શત્રુનો નાશ, વિદ્યાની પ્રાપ્તિ અને રાજ્યનો લાભ ઈત્યાદિ સર્વ કાર્ય ઉદ્યમથી જ સિદ્ધ થાય છે. કહ્યું છે કે ઉદ્યમ વડે જ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, પણ મનોરથો વડે સિદ્ધ થતાં નથી. કેમકે સૂતેલા સિંહના મુખમાં પોતાની મેળે મૃગલા પ્રવેશ કરતા નથી. તેથી બીલાડીની જેમ નિરંતર ઉદ્યમ જ કરવો. કેમકે બિલાડો જન્મથી જ તેની પાસે ગાય નથી, છતાં પણ હંમેશાં ઉદ્યમ કરવાથી દૂધ પીએ છે.

તે સાંભળીને બીજી પુત્રીસુવદના બોલી કે કર્મ (પ્રારબ્ધ) વિના ઉદ્યમનું શું ફલ ? કાંઈ જ નહીં. જેમ બીજ વિના ખેતી કરવાનાં સર્વ ઉદ્યમ નિષ્ફલ છે, તેમ કર્મરૂપ બીજ વિનાનો ઉદ્યમ નિરર્થક છે. કહ્યું છે કે ઘણા ઉપાયો કર્યા છતાં પણ ભાગ્ય વિના તેનું ફળ થતુ નથી. વળી ઉદ્યમી માણસનો ઉદ્યમ પણ કર્મવિના(ભાગ્યવિના) ફલીભૂત થતો નથી. કેમકે બુદ્ધિ કર્માનુસારિણી કર્મને અનુસરીને જ બુદ્ધિ પ્રવર્તે છે. એમ જ્ઞાની-પુરૂષોએ કહ્યું છે. માટે ઉદ્યમનું પણ કારણ હોવાથી કર્મ જ પ્રધાન (મુખ્ય) છે.

હે બહેન ! આ સ્થળે તને હું એક દૃષ્ટાંત કહુ છું, તે તું સાંભળ. કોઈ બે પુરૂષો વાદવિવાદ કરતા રાજાની પાસે ગયા. તેમાં એક કર્મનું અને બીજો ઉદ્યમનું સ્થાપન કરનાર હતો. રાજાએ તો તે બંનેને જૂઠા પાડવા માટે ચોરની જેમ કારાગૃહ જેવા ઘરમાં તરત જ હુકમ કરીને તેમને નાખ્યા. તે ઘરમાં ગુપ્ત રીતે સર્વ ભક્ષ્ય વસ્તુ રખાવીને તે ઘરનાદ્વાર બંધ કર્યા,અને તે બંનેને રાજાએ કહ્યું કે, હવે તમે બંને ઉદ્યમનું અથવા કર્મનું ફલ જુઓ. તમારી ઈચ્છાથી ભોજન કરો, અથવા ઈચ્છાથી બહાર નીકળો.

ત્યાર પછી ઉદ્યમવાદીએ વિચાર કર્યો કે કોઈ વખત કર્મ ફલીભૂત થાય છે, અને કોઈ વખત ઉદ્યમ પણ ફળનું કારણ થાય છે. એ રીતે સર્વ વસ્તુની પણ પોતપોતાના સમયને વિષે સિદ્ધિ રહેલી છે.

આ પ્રમાણે વિચાર કરીને કાંઈક વિલંબ કરી કર્મવાદી પ્રત્યે બોલ્યો કે હે ભાઈ! હવે આપણે આ સ્થળે શું કરવાયોગ્ય છે, તે કહો. કર્મવાદીએ કહ્યું કે પોતાની મેળે જ સહુ સારાવાનાં થશે. સુખેથી બેસી રહો, અથવા સુખેથી હરો ફરો. પરંતુ હું તો કર્મને જ પ્રમાણ કરીશ.

પછી ઉદ્યમવાદી તેના વચનની અવગણના કરીને ઉભો થઈ વિચાર કરવા લાગ્યો કે આ ઘરમાં કાંઈ પણ ખાવા યોગ્ય વસ્તુ હોય તો શોધી લઉં. એમ વિચાર કરીને તે ખોવાયેલી વસ્તુની જેમ ઘરમાં ચોતરફ જોવા લાગ્યો. તેવામાં તે ઓરડામાં ઉપરાઉપરી ગોઠવેલાં માટલાની ઉત્તેડમાં જોતાં વચલા માટલામાંથી વસ્ત્રના છેડાને ખેંચતાં વસ્ત્રમાં વીંટેલા ઘણા ઘીવાળા હર્ષકારક ચાર લાડવા જોવામાં આવ્યા. પછી હું મારા ઉદ્યમનું ફળ આ પુરૂષને દેખાડું. એમ ધારીને તેણે ગણપતિની આગળ જેમ લાડુ ધરે તેમ, પેલા કર્મવાદીની પાસે તે લાડુ મૂક્યા અને બોલ્યો કે જુઓ? હાથે પગે પાંગળા પુરૂષના જ જેવું કર્મ છે કે નહીં? કેમકે તે કર્મ વડે પોતાનું કાંઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. આ પ્રત્યક્ષ ઉદ્યમનું જ મોટું ફળ દેખાય છે.

તે સાંભળીને કર્મવાદી હસીને બોલ્યો કે, તમે જ મોટા કષ્ટથી ફળને પ્રાપ્ત કર્યું, તે મારી પાસે લાવીને મૂક્યું, તે મારા કર્મનું જ ફળ છે. પ્રસન્ન થયેલાં મારા કર્મે જ તમને પણ આ ઉદ્યમ કરવાની બુદ્ધિ આપી છે. જો એમ ન હોય તો તું

પણ મારી જેમ બેસીજ રહ્યો હોત, પણ તને સ્વસ્થપણે બેસવા ન દીધો, એજ મારા કર્મનું પરાક્રમ જાણ. માટે મારે તો કર્મજ પ્રધાન છે. જિનેશ્વરોને પણ કર્મ જ અનંત સુખ આપે છે, તથા દુઃખ પણ આપે છે.

આ પ્રમાણે તેના બોલવાથી ઉદ્યમવાદીએ પણ તેની વાતને અંગીકાર કરી. કેમકે જેનું દૃષ્ટાંત પ્રગટપણે જોયું હોય એવા દૃષ્ટાંતને કોણ ન માને ! પછી ભાઈની જેમ વહેંચીને તે બંને જણ લાડુ જમવા લાગ્યા. તેમાં કર્મવાદીના ભાગમાં આવેલા લાડવામાંથી એક રત્ન નીકળ્યું. અર્થાત કર્મવાદી રત્ન પામ્યો. એક ચિત્તવાળો થઇને જે જેનું બહુમાન કરે છે,તે તેને અવશ્ય ફળની પ્રાપ્તી કરી આપે છે. અને તેના પર દેવ, ગુરૂ, ધર્મ, મંત્ર, રાજા અને શેઠ વિગેરેની જેમ તે પ્રસન્ન થાય છે. આ પ્રસન્ન થયેલા કર્મવાદીને રત્ન આપ્યું ત્યારે સમકિતદર્શન પ્રાપ્ત થવાથી ભવ્ય પુરૂષની જેમ ઉદ્યમવાદી પણ કર્મ પક્ષને-વિષે દૃઢ બુદ્ધિવાળો થયો.

હવે તે નિર્જન સ્થાનમાં (ઘરમાં) તે રત્નવાળા બેદ્રકનો યોગ શી રીતે થયો તે સાંભળો. કેમકે જે વાત સારી રીતે જાણમાં ન આવે તે વાત શલ્યની જેમ હૃદયમાં ખુંચે છે. તે ઘરમાં સમૃદ્ધિવાળો એક રાજાનો સેવક રહેતો હતો. તેની સ્ત્રીએ પોતાના ધણીથી છાનું પોતાના જમાઈને આપવા માટે એક શ્રેષ્ઠ રત્ન એક લાડુમાં નાંખીને ચાર લાડુ કર્યા હતા, તે બેદ્રકને એક

વસ્ત્રના કકડામાં બાંધીને જીવિતની પેઠે ગુપ્ત રીતે ઉત્તરેડના વચલા માટલામાં મૂકયા હતા. એક વખત કોઈ નિમિત્તથી રાજા તે સેવક પર કોપ પામ્યો. તેથી તેને કુટુંબસહિત એ ઘરમાંથી કાઢી મૂકયો. કેમકે રાજાનું માન તો સ્વમ જેવું જ હોય છે. તે વખતે રાજાથી ભય પામેલો તે સેવક પોતાનું સર્વસ્વ તજીને કુટુંબ સહિત ઘરમાંથી નીકળી ગયો હતો. આ પ્રકારે કર્મ સંયોગે તે ઘરમાં મોદકમાં નાંખેલા રત્નનો યોગ કર્મવાદી પુરૂષને થયો. આ સર્વ હકીકત રાજાના જાણવામાં આવી ત્યારે તે ચમત્કાર પામ્યો, અને તે બંનેને છોડી મૂકયા. આ પ્રમાણે કર્મવાદી અને ઉદ્યમવાદી બંને વિવાદ રહિત થઈને અત્યંત સુખી થયા.

માટે હે બહેન ! સમગ્ર કાર્યને સાધનારૂં કર્મજ છે. એમ તું પણ અંગીકાર કર. ત્રણ જગતના સમગ્ર જીવો જેને આધીન છે એવું કર્મ જ પ્રધાન છે. તે સાંભળીને મોટી સુલોચના પ્રત્યુત્તર દેવામા અસમર્થ થઈ. પરંતુ છળ કપટથી બોલવાના સ્વભાવવાળી સુલોચના બોલી કે જે સર્વ કર્મના જ પ્રસાદ છે તો તું જ બોલ કે તું કોની કૃપાથી સુખી છે અથવા માન પામે છે ? ત્યારે નાની સુવદનાબહેન બોલી કે અંતઃકરણમાં કુડકપટ રાખીને કેવળ મુખથી મીઠું મીઠું બોલવાથી શું ફળ છે ?

સર્વને પોતપોતાના કર્મના પ્રભાવથી જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. જીવોને પુણ્યનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે રાજા તેનાપર

પ્રસન્ન થાય છે. અને સર્વ ઈષ્ટ વસ્તુને આપે છે. તથા પાપનેા ઉદય થાય ત્યારે યમરાજની પેઠે તે રોષ પામે છે, અને સર્વ-વસ્તુનું હરણ પણ કરે છે. કહ્યું છે કે સર્વ જીવેા પૂર્વે કરેલા કર્મનું જ વિશેષે કરીને ફળ પામે છે. અપરાધમાં અથવા ગુણમાં (લાભમાં કે હાનિમાં) બીજા તો નિમિતમાત્ર જ છે.

આ પ્રમાણે નાની સુવદનાકુમારીનું વચન સાંભળીને મનમાં ક્રોધ પામેલેા રાજા બેાલ્યેા કે હે દુષ્ટે ! હે દુઃપંડિતે તું તારા કર્મનું ફળ નથા તારા વચનનું ફળ તત્કાલ જો. એમ કહીને રાજાએ પેાતાના સેવકોને આજ્ઞા આપી કે નગરમાં ચેાતરફ શેાધ કરી કોઈ મહાદરિદ્રી, કોઢીયેા, ભીખારી અને રાંક પુરૂષ હેાય તેને બેાલાવી લાવેા. પછી રાજાના હુકમથી ચારે તરફ શેાધ કરવાને ભમતા રાજસેવકોએ નગરની બહાર ઉપવનમાં રહેલેા પેલેા કોઢીયેા પુરૂષ (પૃથ્વીપાલરાજા) જોયેા. અર્થાત્ પૂર્વે વર્ણન કરેલા અને દેવતાની સહાયથી દરિદ્રી થઇને બેઠેલા પૃથ્વીપાલ-રાજાને જોયેા. પછી સેવકોએ તેને કોઈ પણ પ્રકારે સમજાવી મહા પ્રયત્નથી બંદીવાનની જેમ રાજા પાસે લાવી ઉભેા રાખ્યેા.

તે વખતે રાજાએ પેાતાની નાની પુત્રી સુવદનાને કહ્યું કે, જો તું કર્મને જ માને છે. તો તારા કર્મે આપેલા આ કોઢીયા દરિદ્રી વરને વર. જેથી તું કેવી કૃતાર્થ થાય છે, તે અમે જોઈશું. આ સર્વ જાણીને લેાકોમાં હાહાકાર થઈ રહ્યો, અને તેમના હૃદય કંપવા લાગ્યા. તે વખતે પેલેા કોઢીયેા પણ સજ્જનપણાને

લીધે તે કન્યાનેપરણવા માટે નિષેધ કરવા લાગ્યો. તો પણ કર્મ ને જ પ્રધાન માનનારી અત્યંત સત્ત્વયુકતએવી તે કન્યાએપાણિ-ગ્રહણની રીત પ્રમાણે તે કોઢીયાનો હાથ ગ્રહણ કર્યો.

તે વખતે તે સભામાં બેઠેલો એક જોશી આ વરકન્યાનો લગ્ન સમય વિચારી ગુપ્ત રીતે (મનમાં) બોલ્યો કે આ સમયે જેવું શુભ લગ્ન વર્તે છે, તેવું લગ્ન બાર વર્ષે પણ મળવું દુર્લભ છે. માટે આ સ્ત્રી પુરૂષને સર્વથા કોઈ મોટા દેવ જેવું અનુપમ સુખ પ્રાપ્ત થવું જોઇએ, એમ અત્યારના આ લગ્નબળથી જણાય છે. તે વખતે રાજાના સખત હુકમથી કોઈથી કાંઈ પણ બોલી શકાતું નહોતું, એટલે સૌ મૌન રહ્યા.

વિવાહ થયા પછી તુરત રાજાએ તે કોઢીયા વરને આજ્ઞા કરી કે, આ કન્યાને લઇને તું અહીંથી જા, અને આની પાસે દાસીની જેમ કામ કરાવજે. પછી જાણે મોટી ચોરી કરી હોય તેમ તેણીને રાજાએ અતિ કોપથી કહ્યું કે આ વરની સાથે જીવિત પર્યંત નિર્વાહ કરજે, અને ઉત્તમ સુખ પામજે. તે સાંભળીને સાહસિક એવી તે કન્યા પણ "બહુસારૂં" એમ નમ્રતાથી કહીને દેવની જેમ તે વરનો હાથ ઝાલીને પિતાના ઘરમાંથી તેની લક્ષ્મીની જેમ નીકળી ગઈ. રાજાએ નિષેધ કર-વાથી કોઈ દાસી પણ તેણીની સાથે જઈ શકી નહીં. અને રાજાના કોપના ભયથી અનિષ્ટની જેમ તેણીને કોઈ બોલાવી પણ શક્યું નહીં.

તે વખતે કેટલાક લોકો રાજાને દોષ દેવા લાગ્યા. કેટલાક કુંવરીને દોષ દેવા લાગ્યા. કેટલાએક રાજાના કોપનો દોષ કહેવા લાગ્યા. કેટલાએક પ્રધાન વિગેરેનો દોષ પ્રગટ કરવા લાગ્યા. કેટલાએક તે કન્યાના ગુરૂનો દોષ કાઢવા લાગ્યા. કેટલાએક તેણીના મુગ્ધપણાનો દોષ કાઢવા લાગ્યા. કેટલાએક તેણીના અશુભ ગ્રહનો દોષ કહેવા લાગ્યા. અને કેટલાએક ધર્મીષ્ટ લોકો તેણીના કર્મનો જ દોષ કહેવા લાગ્યા.

આ પ્રમાણે નગરજનોના નવા નવા વચનો સાંભળતી તે કન્યા તે પતિની સાથે નગરની બહાર તેજ ઉદ્યાનમાં જઈને ખેદ પામ્યા વિનાજ તેના પતિની સાથે જ રહી, અને તેવા કોઢીયા વરની પણ જાણે કોઈ શ્રેષ્ઠ દેવતા હોય તેમ પરમ પ્રીતિરસે કરીને સેવા કરવા લાગી. સતીઓનું સત્ત્વ મહા આશ્ચર્યકારક હોય છે. પછી તે અયોગ્ય અને અસમાન બનાવ જોવાને જાણે અશકત હોય એમ સૂર્ય બીજા દ્વીપમાં જતો રહ્યો,(અસ્ત થયો) અને તેની સ્ત્રી સંધ્યા પણ સતીની જેમ સૂર્યની પાછળ ગઈ, અર્થાત્ અંધકાર થયો.

ત્યારે તે કન્યાએ પતિને માટે સુંદર સંથારો પાથરી આપ્યો. તેમાં સુખે સુતેલા પતિએ તેણીની પરીક્ષા કરવા માટે કહ્યું કે હે ભદ્રે! તું આ મોટા દુઃખ સમુદ્રમાં કેમ પડી? પ્રથમ તો તેં ભોળીએ આ અયુકત કાર્ય કર્યું. ત્યાર પછી બીજું અયુકત કાર્ય મેં કર્યું, અને રાજાએ તો બહુજ અયુકત

કર્યું. કેમકે પિતા થઇને આવું અયુકત કાર્ય કેમ કરી શકાય કહ્યું છે કે કદાચિત્ થોડી બુદ્ધિના લીધે છોરૂં તો કછોરૂં થાય, પણ અત્યંત પ્રેમવાળા માવતર કુમાવતર કેમ થાય ? પણ હે સુંદરી ! હજુ કાંઈ જતું રહ્યું નથી, અને કાંઈ બગડી ગયું નથી, હજુ પણ તું સ્વેચ્છાથી જ્યાં જવું હોય ત્યાં જા, અને બીજા કોઈ શ્રેષ્ઠ વરને વર, તેથી તું કૃતાર્થ થઈશ. અત્યારે કોઈ જેતું પણ નથી, અને કોઈ કાંઈ પૂછતું પણ નથી. માટે તું ઈચ્છા પ્રમાણે જા. વળી અત્યંત નિંદવાલાયક એવો હું મારો પોતાનો જીવન નિર્વાહ કરવાને સમર્થ નથી, તો તારો નિર્વાહ મારાથી શી રીતે થશે ? જેથી તારે અપવિત્ર વસ્તુની જેમ મારો દૂરથી જ ત્યાગ કરવો યોગ્ય છે.

આ પ્રમાણેના પતિના વચનો સાંભળીને માથું હલાવતી અને બે હાથ પોતાના કાનને ઢાંકતી તે કન્યા બોલી કે, હા ! નાથ ! દાહના હેતુ રૂપ આવા અયોગ્ય વચન આપ કેમ બોલો છો ? જ્યારે અનંતાપાપની રાશિ ઉદયમાં આવે છે, ત્યારે જીવને સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે, એમ હે ગૌતમ તમે સારી રીતે જાણો, આ પ્રમાણેના શ્રીમહાવીરસ્વામીના વચનથી જણાય છે કે સ્ત્રીનો જન્મ અતિ અધમ છે. તેમાં પણ જો કદાચ શીલ ભ્રષ્ટ થયું હોય તો તે અત્યંત ઉચ્છિષ્ટ અને અનિષ્ટ જાણવું. તેથી આ જન્મમાં તો મારે તમારા ચરણજ શરણરૂપ છે, કેમકે સ્ત્રીઓને પોતાના કર્મે આપેલો પતિ દેવતુલ્ય છે.

આ પ્રમાણે તે કન્યાના દૃઢ નિશ્ચયથી રાજા ચિત્તમાં ચમત્કાર અને હર્ષ પામીને બોલ્યો કે, હે ભદ્રે ! આ પ્રમાણે તારા જન્મનો નિર્વાહ શી રીતે થશે ? માટે હવે હું પણ જો કોઈપણ પ્રકારે દિવ્ય શરીરવાળો અને નવાયૌવનવાળો થાઉં તોજ યોગ્ય કહેવાય. કેમકે અસમાન યોગને વિષે રસ કયાંથી આવે ? એ પ્રમાણે કહીને દેવશક્તિથી તરત જ પોતાનું દિવ્યરૂપ કરીને દેવની જેમ શોભતાં તે રાજાએ પોતાની પ્રિયાને આશ્ચર્ય તથા હર્ષયુક્ત કરી.

તે જોઇને હે સ્વામી આશું ? એમ તે પ્રશ્ન કરે છે, તેટલામાંતો તેજ ઠેકાણે તેણે જ બનાવેલું દેવવિમાનના જેવું મણિમય ભવન જોયું, અને તે ભવનમાં એક દિવ્ય પલંગ પર બેઠેલા પોતાના પતિને જોયા. તે વખતે રાજા છત્ર ચામર તથા નાટક કરવામાં તત્પર એવા દેવ તથા દેવીઓના સમૂહથી પરિવરેલા ઇન્દ્રના જેવો શોભતો હતો. તે સર્વ જોઇને શું આ તે સ્વપ્ન છે ? કે ઈન્દ્રજાળ છે ? કે માયાજાળ છે ? કે મોહજાળ છે ? આતે શું છે ?

એ પ્રમાણે વિસ્મય પામેલી તે સુંદર મુખવાળી સુવદના કન્યાને રાજાએ કહ્યું કે હે રતિના જેવી સુંદર પ્રિયા ! તું તારા મનમાં નાના પ્રકારના સંકલ્પ કરીશ નહીં. મારા પર દેવતા પ્રસન્ન થયેલ છે. હું રાજા છું, અને તારા શુભ કર્મવડે અહીં આવ્યો છું. ત્યારપછી રાજા પોતાનું સર્વ ચરિત્ર તેણીને કહીને બોલ્યો કે હે સુભગે (સારા ભાગ્યવાળી) તેં જે કર્મને પ્રમાણરૂપ

કર્યું, તેજ કર્મ તારા પર તુષ્ટમાન થયું છે.

તારો પિતા ચંદ્ર રાજા મહા અજ્ઞાની છે અને મિથ્યા-અભિમાની છે. તેનું ફલ પણ તું પ્રાતઃકાળે જોઈશ. તે તારી સમૃદ્ધિ જોવાને અહીં આવશે. તે સાંભળીને હર્ષથી ઉલ્લાસ પામેલી તે સુવદના કન્યાએ સ્વામીના મહિમાને માટે આખી રાત્રી દિવ્ય નૃત્ય કર્યું કે જે નૃત્યથી ઇન્દ્રનું હૃદય પણ ચમત્કાર પામે.

અહીં ચંદ્રરાજાએ "કાઢીયાને પોતાની કન્યા આપીને મેં મારા ક્રોધનું ફળ દેખાડયું, હવે સંતોષનું ફળ પણ શીઘ્ર દેખાડું" એ પ્રમાણે વિચારીને ગર્વ પામેલા રાજાએ દેવ સમાન રૂપવાળા એક યુવાન રાજકુમારને ઉત્સવ સહિત પહેલી મોટી કન્યા સુલોચના આપી. તેજ દિવસના રાત્રીના બીજા પ્રહરમાં ઉત્કૃષ્ટ લગ્ન લઈને સર્વ સમૃદ્ધિથી આખા શહેરમાં વિવાહ મહોત્સવ આરંભ્યો. નગરના લોકોને હર્ષ આપનાર એવા તે ઉત્સવવડે લગ્ન (મુહૂર્ત) સમયે ઘણી પ્રશંસા અને ઉત્સાહને પાત્ર એવો તે બંનેનો વિવાહ થયો. ત્યાર પછી અશુભ કર્મના વશથી ત્યાં ઉગ્ર સર્પ નીકળ્યો તે જાણે યમરાજ હોય તેવો દેખાતો હતો. તેને જોઈ ને સર્વ જનો ભયભીત થઈને ક્ષોભ પામ્યા. તે વખતે ભયથી સંભ્રાત થયેલો વર પણ જલદીથી ઉઠીને ફાળ ભરતો નાસવા લાગ્યો. તેવામાં તેનો પગ સર્પના શરીરપરજ આવ્યો. તેથી રોષ પામેલો સર્પ તેને ડસ્યો, અને તરત જ તે વર મરણ

પામ્યો. કહ્યું છે કે જુદી રીતે કાર્ય કરવા ધાર્યું હોય, પણ તેનું પરિણામ તો તેથી જુદુ જ આવે છે. કેમકે કર્મને વશ પડેલા જીવોને એક ક્ષણમાં જ ઘણા વિઘ્નો આવે છે. આવા સમયમાં આવું અયોગ્ય (અઘટિત) થયા છતાં પણ કેટલાક મનુષ્યોને જરા પણ વૈરાગ્ય થતો નથી. તેવા મનુષ્યોને ધિક્કાર છે. ત્યાર પછી દિવ્યનાટકના ધ્વનિને સાંભળતા રાજા વિગેરે સર્વ મનુષ્યો અત્યંત શોક સમૂહથી મુનિની જેમ મૌન (સ્તંભિત) થઈ ગયા. તથા ચિત્તમાં ચમત્કાર પામીને વિચાર કરવા લાગ્યો કે આ અકસ્માત શું થયું ? સર્વ લોકો ચિત્તમાં શોક સાથે ચમત્કાર પામ્યા. પ્રાતઃકાળે રાજાએ પોતાના સેવકોને મોકલીને નાની જે સુવદના કન્યાના સમાચાર મંગાવ્યા,તે સેવકોએ આવીને સર્વ-વૃતાંત યથાર્થ કહી બતાવ્યો.તે સાંભળીને રાજા અત્યંત વિસ્મય, લજ્જા અને આતુરતાથી પરાધીન થઈ ગયો. પછી અનિષ્ટ વસ્તુના ભારની જેમ અભિમાનના સમુહનો ત્યાગ કરીને તે રાજા પોતાની કન્યાનું સન્માન કરવા તૈયાર થયો અને કર્મનું પ્રધાન-પણું માનવા લાગ્યો. પછી ચંદ્રરાજાએ પોતાના જમાઈને પૃથ્વી-પાલ રાજાને સત્કાર સાથે શહેરમાં લાવી વિવાહની રીત પ્રમાણે બહુમાન પૂર્વક ગૃહ,દ્રવ્ય વિગેરે ઘણી વસ્તુઓની પહેરામણી કરી.

બીજે દિવસે તે નગરના ઉદ્યાનમાં વિશિષ્ટ જ્ઞાની ગુરૂ મહા-રાજ પધાર્યા. તેમને વાંદવા માટે ચંદ્રરાજા સર્વ પરિવાર સહિત ગયો. ગુરૂ મહારાજને વાંદી યથા સ્થાને બેસી દેશના સાંભળી.

દેશનાને અંતે અવસર જોઈને રાજાએ પોતાની બંને કન્યાનો પૂર્વભવ પૂછ્યો.

ત્યારે જ્ઞાની ગુરૂ મહારાજ બોલ્યા કે હે રાજા ! તારી આ બે કન્યા પૂર્વે ધન અને ધનક નામના બે શ્રેષ્ઠિની ધનશ્રી અને ધનપ્રભા નામની સ્વજનોમાં અત્યંત માનવાલાયક પ્રિયાઓ હતી. તે બંને જૈનધર્મમાં આસક્ત હતી. અને પ્રાયે કરીને પાપના સ્થાનકોથી નિવૃત્તિ પામેલી હતી. તેમજ જ્ઞાનનું આરાધન કરવામાં નિપુણા અને ઉપધાનાદિકનું બહુમાનકરનારી હતી. પરંતુ તેમાં પહેલી જે ધનશ્રી હતી તે કૃપણ હતી. તેથી ધન વિગેરેનો વ્યયકરવામાં તેનું હૃદય દુભાતું હતું. તે એટલી બધી કૃપણ હતી કે મુનિઓને પણ ભાવથી દાન દેતી નહીં.

પરંતુ પોતે કૃપણ હોવાથી પોતાને ઘેર જે કોઈ મુનિરાજ આવતા તેમને ઘરના બીજાં માણસો બહુ આપી દેછે, માટે હું મારે હાથે જ આપું. એમ વિચારી ઉઠીને ઘણી ભક્તિ તથા આદર દેખાડતી, ઘરમાં સારી વસ્તુ ઘણી છતાં પણ થોડી દેખાડતી, અને જેમ મુનિઓને જરા પણ, દોષ ન લાગે તેમ થોડું પણ શુદ્ધ એવું સુપાત્રદાન આપવાથી અનંતફળનું કારણ થાય છે. એમ બોલતીછતી પાસેરહેલા બીજા માણસોનેવારીને પોતાના હાથે જ મનના ભાવવિના મુનિને જેવી તેવી તુચ્છવસ્તુ બહુજ થોડી વહોરાવતી. કોઇ વખતે મુનિ કાંઈ વસ્તુ લેવા આવે તો ઘરમાં તે વસ્તુ હોયછતાં તે નથી એમ કહેતી. કદાચ તે વસ્તુ

મુનિની દૃષ્ટિએ પડે તો કહેતીકે આ વસ્તુ તો પારકીછે.અથવા કોઈ વાર તે વસ્તુ શુદ્ધ છતાં " અશુદ્ધ છે " એમ પણ કહેતી. આવી અદાન બુદ્ધિ (દાન ન દેવાની બુદ્ધિ)ને ધિક્કાર છે.

આ પ્રમાણે તે શ્રાવિકાએ બીજા ધર્મકાર્ય (પ્રતિક્રમણ, પૌષધ, વિગેરે વિના ખર્ચના કાર્ય)માં તત્પર છતાં પણ કૃપણ-પણાના દોષથી મહા ઉગ્ર ભોગાંતરાય કર્મ બાંધ્યું.અહો ? નિર્મળ એવા જૈન ધર્મને પામીને પણ કેટલાએક મૂઢ જીવો અયોગ્ય આચરણ વડે આત્માને મલીન કરે છે.તે અત્યંત ખેદકારક છે, હવે બીજી શ્રાવિકા જે ધનપ્રભા નામની હતી તે ઉદાર ચિત્તવાળી હતી. તેથી તેણીએ શુદ્ધ ભાવથી સુપાત્રદાન આપવા વડે શુભ ભોગના ફળવાળું કર્મ બાંધ્યું. કારણ કે જીવના પરિણામ વિચિત્ર પ્રકારના હોય છે.

અનુક્રમે આયુષ્ય પૂર્ણ થયે તે બંને શ્રાવિકાઓ મરણ પામીને સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થઈ, પરંતુ તેમાંની પહેલી ધનશ્રી કિલ્વિષીયા દેવના વિમાનમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી આયુ-ષ્યપૂર્ણ થયે ચવીને તે બંને દેવો હે રાજા ? તારા પ્રેમના પાત્ર રૂપ આ બે કન્યાઓરૂપે ઉત્પન્ન થયેલ છે.તે બંનેને પોતપોતાના કર્મના વશથી ભોગની પ્રાપ્તિ અને ભોગનો નાશ થયેલ છે.

આ પ્રમાણે બંને કન્યાઓનો પૂર્વભવ સાંભળીને રાજાએ ગુરૂમહારાજને પૂછ્યું કે હે સ્વામી ? મારી એક શંકાનું સમાધાન કરો કે—કર્મ અને ઉદ્યમ એ બેમાં કયું પ્રધાન છે ? ત્યારે જ્ઞાની

ગુરૂજી બોલ્યા કે હે રાજા ? તે બંનેનું પ્રાધાન્ય છે, કેમકે આ જગતમાં કોઈ ઠેકાણે જીવ બલવાન થાય છે, અને કોઈ ઠેકાણે કર્મ પણ બલવાન થાય છે. કહ્યું છે કે જીવને તથા કર્મને અનાદિ કાળથી વૈર બંધાયલું છે. તેમાં જીવો ખરેખર કર્મને જ વશ છે. પરંતુ કોઈક વખત કર્મો પણ જીવને વશ થાય છે. કેમકે કોઈક ઠેકાણે ધારણ કરનાર (આધાર બલવાન હોય છે.) અને કોઈ ઠેકાણે ધારણ કરવાલાયક (આધેય) વસ્તુ બલવાન હોય છે. જોકે કર્મ સંસારમાં ભમતા જીવોને અત્યંત દુઃખ આપે છે.તો પણ ધર્મનો ઉદ્યોગ તે સર્વ કર્મને પણ હણી નાંખે છે.

અન્યથા અનંતાનંત ભવો વડે સંચય કરેલા અનંતા કર્મોને હણીને અનંતા જીવો શાશ્વતા મોક્ષને કેમ પામે ? કુકર્મને કરનાર "દૃઢપ્રહારી" અને ચુલણી ઉદ્યમથી જ મોક્ષે ગયા છે. તથા ચિલાતીપુત્ર અને રોહણેયક વિગેરે પણ ઉદ્યમથી જ સ્વર્ગે ગયા છે. તેથી કરીને ધર્માર્થી પુરૂષો અનિષ્ટ એવા ઉગ્ર કર્મના ક્ષય માટે નિરંતર ઉદ્યમ કર્યાજ કરે છે.

આ રીતે કોઈ વખત ઉદ્યમ પણ બલવાન થઈ શકે છે. કહ્યું છે કે પ્રાણીઓને સર્વ કાર્યમાં હમેશા ઉદ્યમને જ પરમ-બંધુ કહેલો છે. કારણ કે ઉદ્યમ વિના મનુષ્ય મનોવાંછિતને મેળવી શકતો નથી. જો કદાચ વિવિધ પ્રકારના ઉદ્યમો કર્યા છતાં પણ કાર્યસિદ્ધ ન થાય. તો ત્યાં અવશ્ય તીવ્ર કર્મજ ભોગવવા લાયક અને સમર્થ છે એમ જાણવું. વળી મહાવીર

સ્વામીને નીચકુળમાં આવવું મલ્લીનાથ સ્વામીનું સ્ત્રીપણે ઉત્પન્ન થવું. પરીક્ષતરાજાનું મરણ તથા નંદિષેણ અને આર્દ્ર કુમારની ભ્રષ્ટતા એ સર્વ કર્મના વશથી જ થયા છે. કહ્યું છે કે બ્રહ્મદત્તની દૃષ્ટિનો નાશ થયો. ભરતચક્રીનો પરાજય થયો. શ્રી કૃષ્ણના સમગ્ર કુટુંબનો નાશ થયો. નારદનું પણ નિર્વાણ થયું. અને ચિલાતીપુત્રને પ્રશમના પરિણામ થયા. આ તમામ બાબતોમાં કર્મ અને ઉદ્યમ એ બંને સ્પર્ધાએ કરીને તુલ્ય બળવાળા છતાં આ જગતમાં પ્રગટ રીતે જયવંતા વર્તે છે.

આ પ્રમાણે ગુરૂમહારાજના મુખથી કર્મ અને ઉદ્યમની સમાનતા સાંભળીને ધર્મમાં ઉદ્યમ કરવાની બુદ્ધિ જેને ઉત્પન્ન થઈ છે એવો ચંદ્રરાજા દુષ્ટ કર્મોને હણવા માટે તૈયાર થયો. પછી તે રાજાએ વિધિ પૂર્વક પોતાના જમાઈ પૃથ્વીપાલને પોતાનું રાજ્ય સોંપીને મોટી પુત્રી તથા બંને રાણીઓ સહિત દીક્ષા ગ્રહણ કરી. અને તેનું આરાધન કરીને પ્રાંતે મોક્ષ ગયો.

ત્યાર પછી પૃથ્વીપાલરાજા ચંદ્રરાજાના રાજ્યને સ્વસ્થ કરીને ઇન્દ્રની જેમ મોટી ઋદ્ધિ સહિત પોતાની સ્ત્રી સુવદનાને લઇને પોતાના નગરમાં ગયો. આ પ્રમાણે પેલા શ્લોકના (सर्वत्र सुखिनां सुखम्) ચોથા પાદની પરીક્ષા કરવાથી પૃથ્વીપાલ રાજા શાસ્ત્રોને વિષે અત્યંત બહુમાનવાળો થયા. અજ્ઞાનનો નાશ કરવામાં અસ્ત્રસમાન શાસ્ત્રોનું આદર સહિત શ્રવણ કરતાં તે રાજાની બુદ્ધિ ધર્મનું આરાધન કરવામાં તત્પર થઈ. ક્રમે કરે જ્ઞાનથી

શું ન સંભવે ? સર્વસંભવે.સર્વ દર્શનીઓના ધર્મોને જોઈ જોઈને સારી રીતે પરીક્ષા કરવાથી જેના સમાન બીજો કોઈ ધર્મ નથીએવા આર્હત્ ધર્મને તેણેઅંગીકારકર્યો.અનુક્રમે જેમજેમતેનીધર્મમાં પરિણતી વધવા લાગી. તેમ તેમ શ્રુતજ્ઞાન ઉપર તેનું બહુમાન વૃદ્ધિ પામવા લાગ્યું. શાસ્ત્રનું શ્રવણ કરવામાં અને તેનું પઠન પાઠન કરવામાં તે રાજાએ એવું તલ્લીન પણું કર્યું કે જેથી પ્રગટ એવા સુંદર સંગીતના રસમાં પણ તે રસ (આનંદ) રહિત થયો. બહુશ્રુત એવા સાધુઓને બહુમાન આપીને તથા તેમનો આશ્રય લઇને તેમજ શાસ્ત્રો લખાવવાં તથા જ્ઞાનના ઉજમણાકરવાં ઇત્યાદિ કાર્યોકરીને તેને શ્રુતજ્ઞાનનું આરાધન કર્યું.

આ પ્રમાણે પૃથ્વીપાલ રાજાએ શ્રુતનું આરાધન કરવાથી દુઃસાધ્ય એવા પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયને સાધ્યો. એકદા તે રાજા એકાગ્ર ચિત્તે શ્રુતના અર્થની અત્યંત ભાવના કરતાં મોક્ષરૂપ મહેલની નીસરણી સમાન ક્ષપક શ્રેણી પર આરૂઢ થયો તેજ વખતે તે રાજા લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન પામ્યો અને દેવોએ તેને મુનિનો વેષ આપ્યો.પછી તે કેવળી રાજર્ષિએ પોતાના જ અનુભવેલા દૃષ્ટાંતને સ્પષ્ટ રીતે દેશનામાં કહીને ઘણા જીવોને શ્રુતજ્ઞાનના આરાધનમાં સાવધાન કર્યા. પછી પ્રતિબોધ પમાડવા લાયક ભવ્ય જીવોને પોતાના ઇતિહાસ વડે પ્રતિબોધ પમાડીને ચિરકાળ સુધી પૃથ્વી પર વિહાર કરી તે રાજર્ષિ મોક્ષપદને પામ્યા.

શ્રુતજ્ઞાનનું આરાધન સમ્યક્ રૂડે પ્રકારે જ્ઞાનાચારના આચરણની નિપુણતા હોય તોજ સંભવે છે, અને તે જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે.

"કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિન્હવ, (નહીં ગોપવવું તે) વ્યંજન એટલે અક્ષર, અર્થ તે બંને (અક્ષર અને અર્થ) એ આઠને વિષે જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે.

(૧) કાળે એટલે સૂત્રની પોરસીને વિષે સૂત્ર ભણવું અથવા ગણવું, અને અર્થની પોરસીમાં અર્થ ભણવો અથવા ગણવો. શ્રી આચાર પ્રદીપ ગ્રંથની અંદર મુનિરાજોને સૂત્રો ભણવામાટે આગમમાં કહેલો કાળ બતાવીને પછી અકાળ અહંકારાદિક વડે ભણવા ગણવાથી આજ્ઞાભંગ, જ્ઞાનાચારની વિરાધના વિગેરે દોષો લાગવાથી પ્રાયશ્ચિત્ત લેવાનું કહ્યું છે. તેમજ અકાલે સ્વાધ્યાય કરવાથી પ્રમત્તપણાને લીધે દુષ્ટ દેવતા પણ તેને છળે છે. વિગેરે કહ્યું છે. તે બાબત નિશિથ ભાષ્યમાં આ પ્રમાણે કહ્યું છે કે—પહેલી અને છેલ્લી સંધ્યા સમયે, મધ્યાન્હ સમયે અને અર્ધરાત્રિ સમયે એ ચાર સંધ્યાઓ વખતે જે મનુષ્ય સ્વાધ્યાય કરે છે, તેણે આજ્ઞાદિકની વિરાધના કરી છે એમ જાણવું, જોકે શ્રુતનો ઉપયોગ (ભણવું ગણવું) તથા તપ—ઉપધાન અત્યંત શ્રેષ્ઠ કહેલાં છે. તો પણ નિષેધ કરેલા કાળે કરવાથી તે કર્મબંધને માટે થાય છે.

સંધ્યાકાલે આહાર, મૈથુન, નિદ્રા, અને સ્વાધ્યાય એ ચાર

કર્મનેવિશેષેકરીને વર્જવા,કેમકે સંધ્યાકાલે આહારકરવાથીવ્યાધિ થાય છે.મૈથુન કરવાથી દુષ્ટ ગર્ભ ઉત્પન્ન થાય છે.નિદ્રા કરવાથી ધનનો નાશ થાય છે. અને સ્વાધ્યાય કરવાથી મરણ થાય છે. તેથી કરીને શ્રુતપાઠાદિક કહેલ વખતે જ કરવા યુક્ત છે. કદાચ કોઈ વિશેષ કારણને લીધે કાળનો અતિક્રમ થાય, તો તેમાં દોષ નથી. તે પ્રમાણે નિશિથ સૂત્રાદિકમાં અનુજ્ઞા આપેલી છે.

વળી ખેતી, વેપાર, અને સેવા વિગેરે પણ અવસરેજ કર્યા હોય તો તે બહુ ફળદાયક થાય છે. જેમ સમયે કરેલું ખેતીકર્મ બહુ ફળવાળુ થાય છે. તેજ પ્રમાણે સર્વ ક્રિયાઓ પોતપોતાના કાલેજ કરવી યોગ્ય છે.

(૨) વિનય એટલે ગુરૂ,જ્ઞાનવાન, જ્ઞાનના અભ્યાસી, જ્ઞાન, જ્ઞાનના ઉપકરણ પુસ્તક વિગેરેની સર્વ પ્રકારની આશાતનાનો ત્યાગ કરવો, તથા તેમની ભક્તિ વિગેરે યથાયોગ્ય કરવી, અને ગુરૂનો તથા જ્ઞાનવાનનો વિનય પ્રગટપણે ઉભુ થવું, આસન આપવું, શય્યા કરી આપવી, હાથમાંથી દાંડો લઈ લેવો, પગ ધોવા, પગચંપી કરવી, વંદના કરવી, આજ્ઞા પ્રમાણે વર્તવું, તથા સેવા કરવી વિગેરે જાણવો. વિનયના માટે ઘણું ઘણું કહેવા જોગ હોય છે પણ ટુંકમાં સમજી લેવું.

(૩) બહુમાન—શ્રુતજ્ઞાનના અર્થી એગુરૂને વિષેબહુમાનધરા-વવું. બહુમાન એટલે અંતઃકરણની પ્રીતિ. બહુમાન હોય તોજ ગુરૂ વિગેરેની ઈચ્છાનુસાર વર્તણુક, તેમના ગુણનું ગ્રહણ, દોષનું

આચ્છાદન અને તેમના અભ્યુદયનું ચિંતવન વિગેરે થઈ શકે છે. બહુમાન વિના ઘણા વિનયથી પણ શું ? વિનય કરતાં બહુ માનનું અધિક પ્રાધાન્ય કહેલું છે. વિનય સહિત અને ગુણવડે કરીને યુક્ત એવો જે માણસ ગુરૂની પાસે બહુમાનપૂર્વક વિદ્યા ગ્રહણ કરે છે, તેની તે વિદ્યા સત્વર સફળ થાય છે.

(૪)શ્રુતજ્ઞાનના અર્થીએ વિધિ પ્રમાણે યોગ તેમજ ઉપધાન વહન કરવા જોઇએ. જેમ સાધુઓને યોગનું વહન કર્યા વિના સિદ્ધાંતનું વાંચવું ભણવું શુદ્ધ થતું નથી, તેમ ઉપધાનતપ કર્યા વિના શ્રાવકોને પણ નવકાર આદિ સૂત્રનું ભણવું ગણવું શુદ્ધ થતું નથી.

ઉપધાન કર્યા પહેલાં જેણે પ્રથમ નમસ્કારાદિ સૂત્રોનો અભ્યાસ કર્યો હોય તેણે પણ યોગ્યતા પ્રમાણે યથાશક્તિ તપ કરીને એટલે પૌષધગ્રહણાદિક વિધિએ કરીને અવશ્ય ઉપધાન ઉપધાન વહન કરવા. સાધુઓએ તથા શ્રાવકશ્રાવિકાએ બીજી સર્વતપસ્યાઓ કરતાં પ્રથમ અવશ્યકર્તવ્યપણે કરીને યોગ તથા ઉપધાનતપ આરાધવા લાયકછે. તેથી જ્ઞાનના આરાધનની ઇચ્છા-વાળાએ ઉપધાનવિધિમાં યથાશક્તિ યત્ન કરવો.

પાંચમો અનિન્હવાચાર–શ્રુતનો અભ્યાસ કરીને પણ ગુરૂ તથા શ્રુતાદિકનો નિન્હવ એટલે અપલાપ કરવો નહિ. જેની પાસે અભ્યાસ કર્યો હોય તે (ગુરૂ) જો અપ્રસિદ્ધ હોય, તથા જાતિ અને શ્રુતાદિકથી રહિત હોય તોપણ તેને ગુરૂ તરીકેજ કહેવા.

પરંતુ ગૌરવતાને માટે બીજા કોઈ પ્રસિદ્ધને ગુરૂ તરીકે કહેવા નહી, તેમજ જેટલું શ્રુત ભણ્યા હોઇએ તેટલું જ કહેવું પણ ઓછું વધતું કહેવું નહીં.કેમકે તેથી મૃષા ભાષણ,ચિત્તનું મલીનપણું, જ્ઞાનાતિચાર વિગેરે દોષ પ્રાપ્ત થાય છે. ગુરૂ વિગેરેનો નિન્હવ (અપલાપ) કરવામાં મોટું પાપ છે. તે માટે લોકમાં પણ કહ્યું છે કે–

એકાક્ષર પ્રદાતારં યો ગુરું નૈવ મન્યતે,
શ્વાનયોનિ શતંગત્વા,ચાંડાલેષ્વ પિજાયતે.।।

–જે માણસ એક અક્ષર પણ આપનાર ગુરૂને માનતો નથી, તે સો વાર કુતરાની યોનિમાં ઉત્પન્ન થઇને ચંડાળને વિષે જન્મે છે.

(૬-૭ ૮)વળી શ્રુતજ્ઞાનનાઅર્થીએ વ્યંજન (અક્ષર) અને અર્થ તથાબંને વડે શુદ્ધએવાસૂત્રનો અભ્યાસકરવો.તેમાં વ્યંજન એટલે અક્ષર, તે અક્ષરને અન્યથા કરવામાં તથા ઓછો વધતો કરવામાં અશુદ્ધ થવાને લીધે અનેક મહાદોષો, મહા આશાતનાઓ અને સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ વિગેરે દોષ પ્રાપ્ત થાય છે. કેમકે વ્યંજનનો ભેદ (ફેરફાર) અર્થનો ભેદ થાય છે. અર્થનો ભેદ થવાથી ક્રિયાનો ભેદ થાય છે. ક્રિયાનો ભેદ થવાથી મોક્ષનો અભાવ થાય છે, અને મોક્ષનો અભાવ થવાથી સાધુ તથા શ્રાવકને ધર્મનું આરાધન, તપસ્યા, ઉપસર્ગનું સહન કરવું. એ વિગેરે કષ્ટ સાધ્ય ક્રિયાઓ પણ નિરર્થક થાય છે.

આ માટે શ્રી સિદ્ધસેન દીવાકરનુ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. પ્રતિક્રમણાદિ સૂત્રો બહુ શુદ્ધ ચોખ્ખા બોલવા જોઇએ. એક મીંડુ વધારવામાં કુતિના બદલે કુંતિ થઈ જાય. રંગના બદલે રગ થઈ જાય,એમાં અર્થનો ફેરફાર થવાથી નુકશાનથાય છે.વ્યંજનઅને અર્થ એ બંનેને અન્યથા કરવામાં આવે તો વિપરિતતા ઉભી થાય છે. માટે જ્ઞાનની આશાતના ન થાય અને આરાધના થાય તેમ વર્તવું યોગ્ય છે.

મહાનુભાવો ! પૂ.આ. શ્રી નિર્ભયસૂરીશ્વરે રાજા વિગેરે ભવિજનોને જ્ઞાનની મહત્તા સમજાવી, જેથી ઘણા ભવિજનો જ્ઞાનની આરાધના કરવા ઉત્સુક થયા અને રાજકુંવર બનેલા ભાણકુંવરે તેમજ પ્રધાનજી અને બીજાઓએ પણ વિધિપૂર્વક ગુરૂ મહારાજ પાસે જ્ઞાનપંચમીની આરાધનાનું વ્રત લીધું. તે પ્રસંગને અનુસરીને જ્ઞાનપંચમીની બુકમાંથી પૃથ્વીપાલરાજાનું દૃષ્ટાંત જણાવેલ છે. કાલે,વિનયે, બહુમાણે, વિગેરે ઉપર દરેકના દૃષ્ટાંતો લેવાથી લખાણ વધી જાય, જેથી લીધેલ નથી.

હે ભાગ્યવાનો ! આ રીતે શ્રુતજ્ઞાનનું માત્ર બહુમાન કરવાથી પણ તે ભવે કેવલજ્ઞાન તથા મોક્ષરૂપ ફલ મળે છે. એમ જાણીને શ્રુતજ્ઞાનનું આરાધનકરવામાં અત્યંત પ્રયત્નવાળા થાઓ.

સુજ્ઞો ! હવે આપણે છત્ર-ભાણકુંવરનું ચરિત્ર વિચારીએ જાણીએ. છત્રકુંવરના વેષધારી ભાણકુંવર હંમેશાં પ્રભુપૂજા ગુરૂ વંદન વ્યાખ્યાન શ્રવણ વિગેરે કરે છેજ. યથા યોગ્ય પચ્ચખ્ખાણ પણ કરે છેજ. ચૌદ નિયમ પણ ધારે છે. પોતાના વિદ્યાગુરૂનો

ઘણો વિનય કરે છે. વિનયથી વિદ્યા મળે છે. વિદ્યાગુરૂજીની કૃપા પણ ઘણી છે. કોઈ પૂર્વના પુણ્યથી સંજોગ બધા સારા મળી જાય છે. સાથેસાથે પૂર્વના સંસ્કાર હોય તે પણ વિકાસને પામે છે, જે જે વાંચે તે તે મોઢે થઈ જાય છે.

મહાનુભાવો ! બીજી તરફ વિચાર કરતાં ખરો જે રાજપુત્ર તે પણ બધી વાતે હોંશીયાર છે. રાજ્ય હક્કના ધ્યેયમાં દુઃખના ભારને ગણતો પણ નથી. તેમ નીતિનો પણ જાણ છે જ પણ તેના પુણ્યમાં કચાસ છે. જેથી ધર્મનું શિક્ષણ મેળવવા ભાગ્યશાળી થઈ શકયો નથી, પણ વ્યવહારીક શિક્ષણ એકલું જ મેળવેલ છે જે સંસારની વૃદ્ધિના કારણરૂપ કહી શકાય. આમ છતાં સાચા રાજકુંવરમાં ઉદારતા છે, નીતિવાન છે. એટલું તો ચોક્કસ જાણી શકાય છે. જેથીજ સમતા ભાવે ભીખારી પણામાં દિવસો વ્યતીત કરે છે. હવે આગળ શું થાય છે તે સાંભળો.

મહાનુભાવો ! હવે રાજા પોતાનો રાજપુત્ર હુશીયાર બધી રીતે થયેલ છે, તેમ જાણી વિચાર કરે છે કે, મારી હવે અવસ્થા થઈ છે, માટે નિવૃત્તિ લેવી જોઇએ, અને પરભવને સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. કુંવર રાજગાદીને યોગ્ય છે, માટે મારી હયાતીમાંજ કુંવરને રાજગાદીએ બેસાડું જેથી ધર્મ કાર્ય કરવામાં કંઈ ચિંતા રહે નહિ, અને દુર્લભ એવો મારો મનુષ્યભવ પણ સુધરે. આવા પ્રકારનો વિચારકરી પ્રધાનને બોલાવી પોતાના મનના જે વિચારો હતા તે પ્રધાનને જણાવ્યા. પ્રધાન પણ

રાજાના વિચારથી ખુશ થયો.

ત્યારબાદ શુભદિવસે અને શુભવારે પ્રધાને જોષીનેબોલાવ્યા. રાજાએ આદર સત્કાર કરી આસન ઉપર બેસાડી ફુલહાર મેવા મીઠાઈ વિગેરે જોષીમહારાજની આગળ ધર્યા, અને રાજકુંવરને રાજયારોહણ કરવા માટે શુભ મુહૂર્ત જોવાનું કહ્યું.

જોષી મહારાજે પણ પંચાંગ ટીપણું જોઈ ગણતરી કરીને કહ્યું કે હે રાજન્ માગશર સુદી પાંચમને રવિવારના અગ્યાર વાગતા તિલક કરવાનું શુભ મુહૂર્ત છે. જોષીના મુખથી શુભ મુહૂર્ત સાંભળી રાજા ખુશી થયા, અને સન્માન કરી ઉત્તમ ભેટ ધરી. જોષીમહારાજ પણ ખુશ થઈ પોતાના ઘેર ગયા. સભાજનો પણ ખુશ થયા.

રાજાએ જાહેર કર્યું કે રાજકુંવર ગુણીયલ છે, તેમ રાજ્ય ચલાવવાને બધી રીતે યોગ્ય થયેલ છે. જથી હવે મારી વૃદ્ધાવસ્થા કારણે ધર્મમાર્ગે ચાલી પરલોક સુધરવા નિવૃત્તિ લેવાની મારી ભાવના છે, આ રીતે જણાવ્યા પછી શહેરમાં ઢંઢેરો વગડાવી જાહેર કર્યું કે રાજકુંવરને માગશર સુદી ૫ ને રવિવારના અગ્યારવાગતાં રાજતિલક થશે તો કોઈએ પણ હિંસા કરવીનહી.

ત્યારબાદ રાજાની આજ્ઞાથી પ્રધાને રાજસભા શણગારી મોટો વિશાલ મંડપ બાંધ્યો. અધિકાર મુજબ બેઠકની ગોઠવણી કરી. ખુશાલીના દિવસ અંગે રાજસભામાં જવા યોગ્ય પોષાક, આભૂષણ પહેરીને જવાનો નિશ્ચય થયો. રાજકેદીઓને છોડયાં.

આ બાજુ ભીખારીઓએ રાજકુંવરને રાજતિલક થવાનો ઢંઢેરો સાંભળ્યો. સાંભળીને બહુ ખુશ ખુશ થઈ ગયા. મેવા-મીઠાઈ, વસ્ત્રો વિગેરે ખૂબ મળશે. એમ જાણી રાજી થયા, પણ સાચા રાજકુંવરને આ ઢંઢેરો સાંભળ્યા બાદ હૈયું ચીરાઈ જાય એવું દુઃખ થયું. અરરર ખરો રાજ્યનો માલિક હું રહી ગયો. હવે શું કરવું તેનો જ વિચાર કરે છે. મારા પિતાજી પણ મલતા નથી. રાજમહેલમાં પણ જઈ શકાતુ નથી. આ મારી કથની કોને કહી બતાવું ?

આવતી કાલે જો મારા પિતાનો મેળાપ થાય તોજ કામ સિદ્ધ થાય. રાજમહેલમાં જઉં પણ મારો ભીખારીનો વેષ જોઈ પોલીસ જવા દેજ નહી. છતાં એકવાર હિંમત કરી પ્રયત્ન કરું. એમ વિચાર કરી પરોઢીએ વહેલો રાજમહેલે જવાનો વિચાર કરી રાખ્યો. ભીખારાઓ કહેવા લાગ્યા કે અલ્યા ભાણીયા તેં સાંભળ્યું ને ? રાજકુંવર આવતીકાલે રાજગાદીએ બેસવાના છે. ત્યારે આપણને ઘણી મોજાદારમીઠાઈ મળશે,અને સુખે પેટભરશું.

સાચો રાજકુંવર તે ભીખારી બનેલ ભાણીઓ કહે છે કે, ભાઇઓ હું વહેલો રાજદરબારમાં જઈ મીઠાઈ કપડા મેવા વિગેરે લઈ આવીશ. આ સાંભળી ભીખારાઓ જાણે છે કે આપણો ભાણીયો બહુ ચતુર અને ચાલાક થયો છે. છે તો સૌથી નાનો પણ બોલવામાં હુશીયાર છે. થાકતો પણ નથી. ખરેખર આપણા કુલમાં કુલદીપક થશે. એમ વાતો કરતા સહુ કોઈ સૂઈ ગયા છે

પણ સાચા રાજકુંવરને ઉંઘ આવતી નથી

સવારમાં વહેલો ઉઠી દરબારગઢની ડેલીએ પહોંચી ગયો, પણ ત્યાં તો ચોકીદાર ઉભા હતા. તેઓએ કહ્યું કે જા જા ભીખારા અત્યારમાં અહીં આવી મોટું બતાવ્યું આજે શુભ કામનો દિવસ છે, ઉત્તમ દિવસે તું અભાગીયા કયાંથી આવ્યો. અને તારૂં મોટું બતાવ્યું. આજે જો અમને સારૂં ઈનામ નહીં મળે તો તારી તપાસ કરીને માર્યા વિના નહી રહીએ. એમ કહીને કાઢી મૂકયો.

ખરો રાજકુંવર વિચાર કરે છે કે હવે રાજમહેલમાં જવા માટે બીજો ઉપાય કરૂં. જો આજે જવાય તો જ કામ થાય. છેલ્લો દિવસ પણ છે. આજે મોટા મોટા અધિકારીઓ ભેટણા લઈલઈ રાજસભામાં જશે. તેના ભેગોભેગો હું પણ રાજસભામાં જઉં. પણ વળી વિચારે છે કે અધિકારીઓ તો મીજાજના ખાં હોય છે. એટલે મને જવા જ દીએ નહી. કાઢી જ મૂકે. આ કરતા મહાજન વેપારી શેઠીયાઓ રાજસભામાં જતા હોય ત્યારે તેમની સાથે વચમાં વચમાં જઈ શકીશ. કારણ કે તેઓ દાતાને દયાળુ હોય છે. જેથી કોઈ બોલશે નહિ. અને તેઓની સાથે રાજસભામાં જવાશે. અગ્યાર વાગ્યા પહેલા મને મારા પીતા મળે તો જ હું તમારો સાચો પુત્ર છું વિગેરે વાત જણાવાય અને જેથી કામ સિદ્ધ થાય એવા વિચાર કરી રહ્યો છે.

મહાનુભાવો ! છત્રકુંવરને પોતાના રાજ્ય હક્કને મેળવવાનું

ધ્યેય કેટલું તીવ્ર છે. તેમાં જ તલ્લીન બની જાય છે, તેવી જ રીતે આપણું પણ મુક્તિપદ મેળવવાનું ધ્યેય હોવું જોઇએ.

આ છત્રકુંવરના રાજ્ય હક્ક માટેના ધ્યેય ઉપરથી વ્યાખ્યાતાઓ ઘણી ઘણી જાતનું વિવેચન શ્રોતાઓની સમક્ષ કરી શકે છે. ભાણકુંવરની બુદ્ધિ,ક્ષમા, સુદેવગુરૂ ધર્મ પ્રત્યેની ભક્તિ પણ અજબ છે એ ઉપરથી પણ ઘણું જ મેળવી શકાય છે. પ્રધાનજીએ પણ અવસર પામીને રાજકુંવરને જૈન ધર્મમાં દૃઢ કરવા જૈન ધર્મના પ્રખર અભ્યાસી શ્રદ્ધાવાન એવા વિદ્વાન પંડિતની સાથે ભેગવાઈ કરી આપી. આ ઉપરથી સ્વપરના બાળકોને સુદૃઢ ધર્મના સંસ્કાર પાડવાની ઘણી જ જરૂર છે. તે સમજી શકાય તેવી બીના છે. હાલતો આપણે ક્ષાંત્યાદિ ગુણો કીર્તિ મેળવી લલિત સુખ મેળવવા પ્રયત્ન કરતા બારમી ઢાળ પુરી કરીએ.

ઢાળ ૧૩ મી

દોહરા

રતનપોળ ગોલવાડમાં, મુનિસુવ્રત સ્વામી
સોદાગરની પોળમાં, શાંતિ સુખધામી. ૧
સુખડ પ્રતિમા જીનજી, વાસુપૂજ્ય રંગલાલ
ચંદ્રપ્રભુ પણ ભાનુમાં,દર્શન પામ્યોન્યાલ ૨

ઝવેરીપોળે ચોવીશમાં, મૂળનાયક મહાવીર
લહેરીપોળમાં એ જ છે, ધીર વીર ગંભીર ૩
દોશીવાડે ગોસાંઇપોળ, ભાભા પાર્શ્વનાથ
બીજા મુનિસુવ્રત પ્રભુ, નમુ કરજોડી હાથ ૪
મહાવિદેહમાં વિચરતાં, શ્રીસિમંધર ખાસ
કાઉસગ્ગીયાછેબાજુમાં,સુખસાગરજી પાસ ૫
શીલીફરોડ નીશાપોળે, શાંતિનાથ બેઉ છેજ
વાસુપૂજ્યજીન બારમાં,જોતાં મન હરખેજ ૬
જગવલ્લભ પાસ ભોંયરે, બેઠા કુટ છે સાત
સાડાછકુટ આદિ જિન,દર્શન સુખ એકાંત ૭

(કામ પડયું છે એક તારૂં મારા બાપલા કામ પડયું છે એકતારૂં)

જુઓ કર્મગતિજ જુઓ કેવી,
ભવિપ્રાણીયા. વિચિત્ર છે બહુ ભારી.
જેની શક્તિ જણાય નહી એવી,
ભવિપ્રાણીયા. જાણે જ કેવળ ધારી. જુઓ.
કર્મ વસ્તુજ એવી, આત્મ મુંઝાય તેવી,
કર્મબંધ થાયે. લીધુ એ વિચારી. ભવિપ્રાણીયા ૧
સ્વભાવ,સ્થિતિ,રસ,દળીયા ભોગવાયે બસ,
સવિ કહેવાઈ ગયું બહુવારી. ભવિપ્રાણીયા ૨
કરણેાની વાત સૂણેા, તેનાજ નામ ગુણેા
નામ જેવા જ કામ તેના ભારી. ભવિપ્રાણીયા ૩

આત્મ પરિણામ કહેા, આત્મ દશાજ કહેા
થાય આઠ વિભાગ બલીહારી. ભવિપ્રાણીયા ૪
અધ્યવસાયે કરી, મનવચ કાયાએ વળી
થાય આત્મિક બલ સૂણેા ધારી. ભવિપ્રાણીયા ૫
કરણેા એનુંજ નામ, નામ જેવા છે કામ
આઠ કરણેાના નામરાખેા ધારી. ભવિપ્રાણીયા ૬
કરણેાના નામ સૂણેા, કેવા કેવા છે ગુણેા
ટકયેા કર્મ પ્રપંચ એનેા ભારી. ભવિપ્રાણીયા ૭
કર્મ ઉદય પહેલાં, થાયે ફેરફાર એમાં
આઠ કરણેાથી થાય ફેરફારી, ભવિપ્રાણીયા ૮

દોહરા

કર્મનિકાચિત તેહમાં, થાય નહી ફેરફાર,
સમજી રાખેા એટલું કરીએ કરણ વિચાર. ૧
બંધન કરણ થકી કહું, થાય કર્મનેા બંધ,
વળી નિધત્ત કરણથી, નિધત્ત કર્મનેા બંધ. ૨
નિકાચના કરણથકી, કર્મ નિકાચિત થાય,
તે ત્રણે કરણેા થકી, તેવા કર્મબંધાય. ૩
બીજા પાંચ કરણેા વડે, થાય કર્મ ફેરફાર,
તે પણ જાણવા જેહવા, સૂણેા નામ વિચાર. ૪
નામ સંક્રમણ કરણ છે, રાખેા યાદ સદાય,
કર્મતણી પ્રકૃતિમાં કહું, પરિવર્તના થાય. ૫

સંક્રમણથાયસન્નતીયમાં,વિન્નતિયમાંનથાય,
ઉત્તર પ્રકૃતિ જે કર્મની, તે સન્નતિય કહેવાય. ૬
અશાતા વેદનીય કર્મ તે શાતાવેદનીય થાય,
પણ મોહનીય જેકર્મ છે,તે વિન્નતિય કહેવાય. ૭
ઉદ્વર્તના કરણ કહું,કર્મ સ્થિતિ અને રસ,
તેનાથી વધતા રહે, જાણ લીએો તુમે બસ. ૮
વળી અપવર્તના કરણથી,ઘટેસ્થિતિ રસજાણ,
અશુભ કર્મોની સ્થિતિ, રસ તણી કરો હાણ. ૯
સારા વર્તન કારણે, જેલ દિવસો કપાય,
તેમઅધ્યવસાયઉંચકારણે,ન્યુનસ્થિતિરસથાય.૧૦
આત્મગુણેા પ્રગટાવતા, કર્મ સ્થિતિ તુટે જ
મોહનીય કર્મની સ્થિતિ, ઘટે સમજે સ્હેજ. ૧૧
ગ્રંથીભેદ કરી વળી, સમકિત પામે જ
દેશવિરતી પણું વળી, સર્વ વિરતિ ધારે જ ૧૨
જેમજેમકર્મસ્થિતિઘટે,તેમતેમઆગળવધાય
કરણેા વિચિત્ર જાણવા, બુદ્ધિ ધરેા સદાય. ૧૩
કર્મસ્થિતિ વળી રસઘટે, રહેપ્રદેશ જેમ તેહ
પણ તે ટુંકા કાળમાં, ભોગવાઈ જાયે એહ. ૧૪
હવે ઉદ્દીરણા કરણથી, કર્મ ઉદ્દીરણ થાય
તે ઉદ્દીરણા કરણને, દૃષ્ટાંતે સમજાય. ૧૫

કર્મ ઉદયનો કાળ તે, નક્કી થયેલો હોય
તે પહેલા કર્મોદય. થાય ઉદીરણા સોય ૧૬
કાચી કેરી ઘાસમાં, મૂકયે પાકી જાય.
એવી જ રીતે કર્મની, ઉદીરણા પણ થાય. ૧૭
ઉદય અને ઉદીરણા, બંને છે જુદા જ
સ્વાભાવીક વખત થતાં,ફળ ઉદયે મળતાજ. ૧૮
વખત થયા પહેલાં જ જે, કર્મો ઉદયે આવે
તે ઉદીરણા જાણવી, ફરક સમજાયે. ૧૯
ઉપશમન કરણ સમજીએ,રહે કર્મો ઉપશાંત
અંગારાપર રાખથી, ઠંડા પડે એજ વાત. ૨૦
ઉદય ઉદીરણાથાય નહિ,ઉદ્વર્તના તો થાય
અપવર્તના થઈ શકે, સંક્રમણ પણ થાય. ૨૧
કર્મોદય પહેલા જ તે, કરણો કરે છે કામ
પણ કર્મોદય પ્રગટતાં, લાગે ન કરણો જાણ. ૨૨
જે જે કર્મો ઉદયમાં, આવ્યા હોય પ્રમાણ
કરણ લાગે નહી તેહને, લાગે બીજાને જાણ. ૨૩
અધ્યવસાયને યોગનું, બલ તે કરણ કહેવાય
વિચિત્ર શક્તિ તેહમાં વિવેચનથી સમજાય. ૨૪
સુજ્ઞો કરણો આઠનું, સ્વરૂપ ઝીણું છે જ
કઠણ છતા બુદ્ધિ બળે, સમજાયે તે સ્હેજ. ૨૫

ક્ષાંતિથી સમજો સદા, વધે બુદ્ધિ ભંડાર
લલિત અભ્યાસે કરી, પમાય ભવનો પાર. ૨૬

---

૧૩ મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! રતનપોળ ગોલવાડમાં શ્રીમુનિસુવ્રત સ્વામીના તથા સોદાગરની પોળમાં શ્રી શાંતિનાથ પ્રભુને તથા લાલ લેપવાળા સુખડના પ્રતિમાજી શ્રી વાસુપૂજ્ય સ્વામીના અને શ્રી ચંદ્રપ્રભુજીના દર્શન કરી હું ન્યાલ થયો. ઝવેરીપોળમાં શ્રી મહાવીર પ્રભુજી તથા લહેરીયા પોળમાં મનોહર શ્રી મહાવીર પ્રભુજીના દર્શન કરી દોશીવાડાની ગોસાંઈજીની પોળમાં શ્રી ભાભા પાર્શ્વનાથજી તથા શ્રી મુનિસુવ્રત સ્વામીને બે હાથ જોડી નમસ્કાર કરી. શ્રી સીમંધર સ્વામી જેઓ હાલ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. તેઓને તથા કાઉસગ્ગ ધ્યાનમાં ઉભેલા પ્રભુજીને તથા શ્રી સુખ સાગર પાર્શ્વનાથ પ્રભુજીને ભાવથી નમન કરી રીલીફ રોડના શ્રી શાંતિનાથ પ્રભુજી તથા નીશાપોળમાં પણ શ્રી શાંતિનાથ પ્રભુને તથા શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમન કરતા મનડું હરખાયું, શ્રીજગવલ્લભ પાર્શ્વનાથજી જેઓની બેઠી પ્રતિમા આશરે સાત ફુટની ભોંયરામાં ભવ્ય મુખારવિંદવાળી છે તેમજ જોડેના બીજા ગભારામાં સાડા છ ફુટની ભવ્ય પ્રતિમા શ્રી આદિનાથ પ્રભુજીની છે. તેઓના તેમજ ઉપર શ્રી સહસ્રફણાપાર્શ્વનાથજી વિગેરેના દર્શન કરતા એકાંતેસુખ મેળવ્યું.

મહાનુભાવો ! આપણે છત્રકુંવરના રાસમાં સાથે સાથે કર્મ સંબંધીની જાણ માટે પાંચમી ઢાળથી કર્મ સ્વરૂપ થોડું થોડું જાણતા જઈએ છીએ, જગતમાં જે કંઈ વિચિત્રતા દેખાય છે. તેમાં મુખ્ય ભાગ કર્મ જ ભજવે છે.

હે ભવિજીવો ! કર્મની વિચિત્રતાતો જુઓ. તેની શક્તિ પણ અજબ છે.કેવળજ્ઞાની સિવાય છદ્મસ્થ જીવો તેની વિચિત્રતા તેની શક્તિ જાણી શકતા નથી.

કર્મ વસ્તુજ એવી છે કે તે આત્માને મુંઝાવી નાંખે છે.

આપણે અત્યાર સુધીમાં કર્મબંધ સબંધી કેટલુંક જાણી લીધુ કે આત્માનું અસ્તિત્વ છે. કર્મ શું ચીજ છે ? તે સંબંધી પરમાણુઓનું વર્ણન, તેનાથી થતી વર્ગણાઓ, તેની સૂક્ષ્મતા ઔદ્યારિક, વૈક્રિય વિગેરે પાંચ શરીરનું વર્ણન, આત્મા પોતે જ કર્મ વર્ગણાને ખેંચે છે. લોહચુંબકનો સ્વભાવ લોઢાને જ ખેંચવાનો છે. તેમ કર્મનો સ્વભાવ આત્માને જ વળગવાનો છે. પણ કર્મ રહિત એવા સિદ્ધના જીવોને લાગતા નથી, અશુદ્ધ એવા આત્માને લાગે છે. જડ કર્મો પણ આત્મા ઉપર અસર કરી શકે છે. પંડિત, વકીલ, ડોક્ટર, બેરીષ્ટર કે જજજી મેજીસ્ટ્રેટ હોય પણ દારૂ કે ભાંગ પીએ તો ગાંડા જેવાજ બની જાય છે તેમ બ્રાહ્મી વિગેરેના સેવનથી બુદ્ધિવાન થાય છે.

આત્માને સમયે સમયે સાત અથવા આઠ કર્મનો બંધ અને આઠનો ઉદય. આઠે કર્મોની નિર્જરા આ બધુ આત્માને

દરેક સમયે થાય છે.આત્મા અખંડ પદાર્થ છે.અસંખ્ય પ્રદેશોનો સમૂહ છે.આત્મપ્રદેશો સંકોચાય છે તેમ વિસ્તાર પણ પામે છે. આત્મપ્રદેશો આંદોલિત હોય છે. તેની અસર લોહી ઉપર થાય છે.લોહીની ક્રિયા નાડીઓ દ્વારા જાણી શકીએ છીએ.આત્મામાં આંદોલનો–યોગ થાય છે અને લાગણીઓના પ્રકારો–અધ્યવસાયો થાય છે. યોગના બલથી આત્મા કાર્મણ વર્ગણાને ખેંચે છે, અને અધ્યવસાયની તેના પર અસર થવાથી તેના જુદા જુદા અનેક ભેદો થાય છે.

પ્રદેશબંધ, પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ આ ચાર પ્રકારના બંધ થાય છે તે બંધ થવામાં મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ તેના કારણો છે. તેનાથી કર્મો બંધાય છે. વળી કર્મ બંધમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચ નિમિત્તો હોય છે. વળી ઢીલા કે તીવ્ર બંધ થવામાં સ્પૃષ્ટ બદ્ધ, બદ્ધ બંધ, નિધત્ત બંધ અને નિકાચિત્ત બંધનું સ્વરૂપ પણ જાણ્યાબાદ કર્મની વિચિત્રતામાં કર્મ બંધ થયા બાદ તેમાં કર્મોની ફેરફારી કરનારા આઠ કરણોનું વર્ણન આવે છે તે ઝીણું હોવાથી બરોબર ધ્યાન રાખવાની જરૂર છે.

યોગ અને અધ્યવસાયના તે તે સમયના એક સામટા બળને કરણ કહે છે. જેની મદદથી કર્મબંધ થાય છે, અને કર્મબંધ થયા પછી પણ કર્મમાં અનેક જાતના ફેરફાર થાય છે.કર્મબંધ થતી વખતેજ એ વસ્તુ નિશ્ચિત થાયછેકે આકર્મ કેવા સ્વભાવે,

કેટલા સમય પુરતુ, કેવા રસપૂર્વક અને કેટલા દલિક પ્રમાણમાં ઉદયમાં આવશે. જો કર્મ નિકાચિત બંધાયુ હોય તો તેની આ બાબતોમાં કંઈપણ પરાવર્તન કે કંઈપણ ફેરફાર થઈ શકતોનથી. એટલે ઉદયકાલે બરાબર એજરીતે ઉદયમાં આવીને તે પોતાનું ફળ બતાવે છે,પરંતુ જે કર્મો નિકાચિત નથી પણ અનિકાચિત છે તે ઉદયમાં આવે તે પહેલા તેમાં કેટલાક ફેરફારો થાય છે, થઈ શકે છે, અને તે બાબત સમજવામાં બરોબર આવે તે માટે જ કરણોનો વિષય જાણવો જોઈએ કરણો આઠ છે. નામ પ્રમાણે તેના કામ છે, આખો કર્મનો પ્રપંચ એ આઠ કરણો ઉપર જ ટકયો છે, કર્મ ઉદય પહેલાં તેમાં આઠ કરણોથી ફેરફારી થાય છે. તે કરણોના નામ અને તેના કામ નીચે મુજબ છે.

૧ બંધનકરણ. તેનાથી કર્મનો બંધથાય. ૨ નિધત્તકરણ, તેનાથી નિધત્ત કર્મ બંધાય. ૩ નિકાચના કરણ,તેનાથી નિકાચિત્ત કર્મ બંધાય. એ ત્રણે કરણો કર્મબંધ થતી વખતે જ હોય છે, ૪ સંક્રમણ કરણ, તેનાથી કર્મનો સંક્રમણ થાય છે. ૫ ઉદ્વર્તના કરણ, તેનાથી કર્મોની સ્થિતિ અને રસ વધે છે. ૬ અપવર્તના કરણ, તેનાથી કર્મોની સ્થિતિ અને રસ ઘટે છે. ૭ ઉદિરણા કરણ, તેનાથી કર્મની ઉદિરણા થાય છે. ૮ ઉપશમના કરણથી કર્મો ઉપશાંત રહે છે. આ આઠકરણો ઉપર જ કર્મનો પ્રપંચ ટકી રહ્યો છે.

કર્યા કર્મ ભોગવવા વિના છૂટકા નથી, તે નિકાચિત બંધ-

વાળા કર્મને અંગે સમજવાનું છે. બદ્ધ અને સ્પૃષ્ટ બંધવાળા કર્મોમાં અધ્યવસાયના બળથી અવશ્ય ફેરફારો કરી શકાય છે, અને નિધત્ત બંધવાળા કર્મમાં પણ અધ્યવસાયના બળથી સ્થિતિ અને રસની ન્યૂનાધિકતા ઉપજાવી શકાય છે.

જેના વડે કાર્મણ વર્ગણાનું આત્મ પ્રદેશો સાથે જોડાણ થાય તે બંધન કરણ કહેવાય.

પ્રથમ ગાંઠ ઢીલી બાંધી હોય પણ પછી તેને ખેંચવામાં આવે તો મજબૂત બને છે.તેજ રીતે પ્રથમ નિરસ ભાવે બાંધતાં કર્મ ઢીલા બંધાયા હોય પણ પછી તેની પ્રશંસા કરવામાં આવે, બડાઈ હાંકવામાં આવે તો એ કર્મ મજબૂત થાય અને નિધત્ત અવસ્થાને પામે.

આ રીતે બદ્ધ સ્પૃષ્ટ કર્મને મજબૂત કરનારૂં જે કરણ તે નિધત્ત કરણ કહેવાય છે.

જે કર્મ નિધત્ત અવસ્થાને પામ્યું, તેની સ્થિતિ અને રસ અધ્યવસાયો દ્વારા ઘટાડી શકાય પણ તેની ઉદીરણા કે સંક્રમણ થઈ શકે નહી.

આ પરથી સમજવાનું કે કોઈ પણ અશુભ કર્મ બાંધ્યા પછી તેની પ્રશંસા કરવી નહિ કે તે અંગે કોઈ પ્રકારની બડાશ મારવી નહિ, જોયું મેં પેલાને કેવો આબાદ છેતર્યો. એને મેં પુરેપુરો બનાવ્યો છે. એ મને બરાબર યાદ કરશે. આપણી આગળ કોઈની હોશીયારી ચાલે નહિ. બધાને ઠીક કરી દઈએ!

એતો એજ લાગનો છે ! એમને માર્યેજ છૂટકો ! વગેરે વચનોમાં પાપની પ્રશંસા અને પેતાની બડાઈ છે. માટે એવા વચનો કદી ઉચ્ચારવા નહિ.જો પાપ થઈ ગયું તો તેને માટે પશ્ચાતાપ કરવો. દિલગીર થવું પણ તેની પુષ્ટિ તો ન જ કરવી.

એક કર્મ બાંધ્યા પછી અત્યંત ઉલ્લાસ આવે. રાજીરાજી થાય.તેની વારંવાર પુષ્ટિ કરે તો એ કર્મ નિકાચિત બની જાય.

નિધત્તબંધ કરતાં પણ વધારે દૃઢતાથી કર્મબંધ થાય.જેમાં ભવિષ્યમાં કશો ફેરફારજ ન થાય. જેનું જેવું ને તેવું ફળ ભોગવવું જ પડે તેનું નામ નિકાચિત્ત બંધ. જે યોગ અને અધ્યવસાયના બલથી નિકાચિત કર્મ બંધાય તે યોગ અને અધ્યવસાયને નિકાચના કરણ કહેવાય છે. નિકાચિત બંધાયેલા કર્મોના બંધપર ભવિષ્યમાં કોઈપણ કરણની અસર થતી નથી.

બંધ સમયે રસબંધ વિગેરેના જે નિયમો નક્કી થયા હોય તેજ નિયમો પ્રમાણે બરાબર અવશ્ય ફળ ભોગવવું જ પડે છે. એ રીતે બદ્ધ,સ્પૃષ્ટ કે નિધત્ત કર્મને નિકાચિત કરનારૂં જે કરણ તે નિકાચના કરણ કહેવાય.

બંધન કરણ, નિધત્ત કરણ અને નિકાચના કરણ એ ત્રણે કરણો કર્મબંધ થતી વખતે જ હોય છે.

આત્મા પુરૂષાર્થ કરે અને શુભ અધ્યવસાયોનું બળ વધારે તો પૂર્વબદ્ધ કર્મના કિલ્લામાં મોટા ગાબડા પાડી શકે છે.તેથી મનુષ્યે વ્રત, નિયમ, જપ, તપ ધ્યાનના માર્ગે આગળ વધવાનું છે.

હવે ચોથા સંક્રમણ કરણનું વિવેચન લખાય છે.

મહાનુભાવો! બંધન કરણ નિધત્તકરણ અને નિકાચના કરણના વિવેચન પછી ચોથું સંક્રમણ કરણ વિચારીએ જેના વડે કર્મની પ્રકૃતિમાં પરિવર્તન થઈ જાય તેને સંક્રમણ કરણ કહેવાય. સંક્રમણ સજાતીય પ્રકૃતિમાં થાય છે પણ વિજાતીય પ્રકૃત્તિઓમાં થતું નથી. સજાતીય પ્રકૃતિ એટલે કર્મની મૂળ આઠ પ્રકૃતિઓ છે. અને ઉત્તર પ્રકૃતિઓ ૧૫૮છે. તેમાં એકજ કર્મની ઉત્તર પ્રકૃતિઓ સજાતીય પ્રકૃત્તિ કહેવાય.બીજા કર્મની પ્રકૃતિઓ તે વિજાતીય કહેવાય છે. એટલે કે અશાતા વેદનીય કર્મ શાતાવેદનીયમાં ભળીજાય પણ મોહનીય કે અંતરાય વગેરે ન બને.

એક ભાઈ શાતાવેદનીય કર્મ ભોગવી રહ્યો હોય ત્યારે અચાનક કોઈ નુકશાનીના ખબર સાંભળે અથવા કોઈ અંગત સ્નેહી સ્વજનનું મરણ સાંભળે તે વખતે એકદમ બેચેની બની જાય. દુઃખમાં ડુબી જાય ત્યારે શાતાવેદનીય કર્મ પણ અશાતાવેદનીય બની જાય. તેમ જ એક ભાઈ બહુ દુઃખીયો હોય રોગથી પીડાતો હોય દરદ સહન ન થતું હોય તેવા વખતે અચાનક બે પાંચ લાખ રૂપીયાની લોટરી લાગ્યાના સમાચાર સાંભળતા જ બધું દુઃખ ભૂલી જાય. આનંદમાં આવી જાય. દુઃખતો થતું જ હોય છતાં હૃદયમાં આનંદ હોવાથી તે દુઃખને ગણે નહિ દુઃખ જણાય નહિ, તે વખતે અશાતાવેદનીય કર્મો

શાતામાં ફેરવાઈ જાય છે. એના જેવું જ સંક્રમણ કહેવાય. દ્રવ્યક્ષેત્રકાળ. ભાવ અને ભવનું નિમિત્ત પામીને સુખ દુઃખમાં પલટો થાય છે. આ તો એક દાખલા પુરતી જ વાત છે. બાકી અધ્યવસાયના જોરે સજાતિય પ્રકૃતિમાં સંક્રમણ થાય.

સંક્રમણ કરણમાં અમુક અપવાદ પણ છે. આયુઃકર્મની ચારે ઉત્તર પ્રકૃતિ સજાતીય છે. છતાં પરસ્પર સંક્રમણ ન થાય તેમ મિથ્યાત્વ મોહનીય અને ચારિત્ર મોહનું પણ સંક્રમણ ન થાય.કોઈ માણસે નિર્દય પરિણામથીબીજાને ખૂબદુઃખઆપ્યાથી અશાતા વેદનીય કર્મ બાંધેલું હોય અને પાછળથી એને પશ્ચાતાપ થાય અને પરિણામની ધારા પલટાઇ જાય તો અશાતાનું સંક્રમણ શાતામાં થઈ શકે છે.

બંધ થયા પછી કોઈ એવી જાતના અધ્યવસાય સ્થાનક અને યોગનું બલ લાગે. તેથી એકભાગના પ્રદેશો બીજા ભાગમાં ભળી જાય, અને પ્રકૃતિ, સ્થિતિ, રસ વિગેરે પણ બીજાભાગના જ ગણાય. જેમકે હસવું લાવનાર કર્મનો ભાગ તે આનંદ (૨. તિ) આપનાર કર્મના ભાગ સાથે મળી જાય, ત્યાર પછી તેનું નામ હસવું લાવનાર કર્મ ન કહેવાય. હસવું લાવનાર કર્મનો ભાગ મટી જ ગયો. તે આનંદ આપનાર સાથે મળી જવાથી તે અને તેમાં તે વખતે નવો ઉમેરો પામેલા બીજા કર્મ એ બંનેનું આનંદ આપનાર કર્મ કહેવાય. અને તેનું ફળ પણ ભવિષ્યમાં આનંદ જ હોય, પણ હસવું ન આવે. આવી રીતે

એક કર્મ બીજામાં મળી જાય તેનું નામ "સંક્રમ" કહેવાય છે. અને જે યોગ અને અધ્યવસાયના બલથી પરસ્પર સંક્રમ થાય તેનું નામ સંક્રમણ કરણ કહેવાય.

હવે પાંચમુ ઉદ્વર્તના કરણ—જેના લીધે કર્મની સ્થિતિ અને રસ વધી જાય તે ઉદ્વર્તના કરણ કહેવાય.

છઠ્ઠુ અપવર્તના કરણ—જેના લીધે કર્મની સ્થિતિ અને રસ ઘટી જાય તે અપવર્તના કરણ કહેવાય.

આત્મવિકાસનો માર્ગ સુલભ સરલ બનાવવા માટે અશુભ કર્મની સ્થિતિ અને રસની અપવર્તના જ જરૂરી છે.

જૈન મહાત્માઓ કહે છે કે અશુભ કર્મફળ ભોગવવાના કાળનું પ્રમાણ તથા અનુભવની (રસની)તીવ્રતાનિર્ણીત થયેલી હોવા છતાં પણ આત્માના ઉચ્ચકોટિના અધ્યવસાયો રૂપ કરણ દ્વારા તેમાં ન્યૂનતા કરી શકાય છે. દાખલા તરીકે જે એક માણસને ગુના બદલ બાર વર્ષની કેદ મળી હોય પણ તે જેલમાં સારૂ વર્તન બતાવે તો તેના અમુક દિવસો કપાય છે. એટલે તે બાર વર્ષને બદલે નવ કે દશ વર્ષે છૂટી જાય છે. અહીં પણ સદ્વિચાર અને સદ્વર્તનનો જ સવાલ છે.જેને કર્મ રાજા સાથે થયેલા સ્થિતિના કરાર તોડતાં ન આવડે. તે આધ્યાત્મિક વિકાસમાં આગળ વધી શકે જ નહિં.

આત્મવિકાસના માર્ગમાં કાળને ક્રમ તોડવો ! એ મુખ્ય બાબત છે. આત્મા જ્યારે મોહનીય કર્મની સ્થિતિ ૬૯ કોડા-કોડી સાગરોપમથી કંઈક વધારે ઘટાડે. ત્યારે ગ્રંથીભેદ કરીને

સમ્યક્ત્વ પામે. તેથી વધુ સ્થિતિ તોડે ત્યારે દેશવિરતિ પણું પામે. અને તેથી વધુ સ્થિતિ તોડે. ત્યારે સર્વ વિરતિપણું પામે. આ રીતે આત્માના ગુણો પ્રગટકરવા માટે કર્મની સ્થિતિ તોડી નાંખવી પડે છે. કર્મની સ્થિતિ તૂટવા છતાં કર્મના પ્રદેશોનો સમૂહ તો એમને એમ જ રહે છે,પરંતુ તે દીર્ઘકાળને બદલે ટુંકા કાળમાં ભોગવાઈ જાય છે.

૭મું ઉદિરણા કરણ—કર્મના ઉદયને માટેજે કાળ નિયત થયેલો હોય તે પહેલાં જ કર્મ ઉદયમાં આવે તો તેને કર્મની ઉદીરણા થઈ કહેવાય.

ઉદય એટલે સ્વભાવિક રીતે વખત આવી પહોંચતા કર્મ પોતાનું ફળ બતાવે, અને ઉદીરણાએટલેવખત આવી પહોંચ્યા પહેલાં કર્મોઉદયમાં આવે પોતાનું ફળ બતાવવા તયાર થાય. ઉદયમાં અને ઉદિરણામાં આ તફાવત છે.

આ ક્ષણે તમે હાસ્ય ઉત્પાદક કર્મને બાંધ્યું. અને તે એવી રીતે બાંધ્યું છે કે જેથી એક મહિના પછી તમારે હસવું પડશે. એક મહિનો બરાબર પુરો થતાં જ હસવું આવવાનુ જ તે કર્મ ઉદયમાં આવ્યું કહેવાય. પરંતુ જો તે હસવું મહિનો પુરો થયા પહેલાં આવી જાય તોતે કર્મની ઉદીરણા થઇ ગણાય.

અહીં પ્રશ્ન થશે કે કર્મ વહેલું ઉદયમાં શી રીતે આવે ? તેનો ઉત્તર એ છે કે ફળો અમુક દિવસે પાકવાના હોય છે. પણ પ્રયત્ન કરવામાં આવે તો એ વહેલા પણ પકવી શકાય છે.

કરીને ધાસમાં રાખવાથી તે જલ્દી પાકેછે. તેરીતે પ્રયત્ન કરવામાં આવે તો કર્મને પણ ઉદય માટે નિયત થયેલા સમય પહેલાં ઉદયમાં લાવી શકાય છે.સામાન્ય નિયમએવો છેકે જે પ્રકૃતિનો ઉદય ચાલતો હોય તે પ્રકૃતિની ઉદીરણા થઈ શકે.

ઉદયમાં આવેલું કર્મ પૂર્ણ કાળે ઉદયમાં આવ્યું છે કે, ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું છે. તે તો જ્ઞાનીઓ જ જાણી શકે. પરંતુ કર્મ ઉદીરણા થઈને ઉદયમાં આવ્યું હોય તો સમ્યગ્દૃષ્ટિ આત્મા ભવિતવ્યતાનો પાડ માને. એ તો એમ જ સમજે કે દેવું ગમે તે સ્થિતિમાં ભરપાઈ કરવું પડશે. તો સારી હાલતમાં ભરપાઈ કરી દેવું ખોટું શું ? હાલ વીતરાગ દેવ મળ્યા છે. નિગ્રંથ ગુરૂ મળ્યા છે. અને સર્વજ્ઞ પ્રણીત ધર્મ મલ્યો છે. આવા વખતે કર્મને ભોગવીને પરિણામ નહિ ટકાવીએ તો જ્યારે શ્રી જિનેશ્વર દેવના ધર્મનું શ્રવણ વગેરે નહિ હોય, ત્યારે પરિણામ શી રીતે ટકાવી શું ? અનુક્રમે ઉદયમાં આવેલાં કર્મો તો ચારે ગતિના જીવો ભોગવે છે. પણ મનુષ્યભવ મલ્યો. ધર્મ પામ્યા. ધર્મનું આચરણ કરવાની શક્તિમાં આવ્યા. ત્યારે જે કર્મો ઉદયમાં ન આવ્યા હોય. તેમને ઉદયમાં લાવીને તોડી નાંખવાનો પ્રયાસ કરવામાં આવે તો જ મળેલા મનુષ્યભવની સાર્થકતા કહેવાય. મહાપુરૂષો કર્મની ઉદીરણા કરીને તેને ભોગવી લે છે. અને મોક્ષ માર્ગ નિષ્કંટક બનાવે છે.

આઠમું ઉપશમના કરણ—યોગ અને અધ્યવસાયના જોરબળને લીધે કર્મો શાંત પડયા રહે. જેમાં ઉદય ઉદીરણા વિગેરે

ન હોય તેનું નામ ઉપશમના કરણ. ઉપશમના કરણને લીધે કર્મો ઉપશાંત રહે.

અંગારા જલી રહ્યા હોય. તેના ઉપર રાખ નાખી દઈએ તો તે ઠંડા પડી જાય છે. તેના જેવી આ સ્થિતિ છે. આ હાલતમાં કર્મની ઉદ્વર્તના અપવર્તના તેમજ કર્મનું સંક્રમણ થઈ શકે છે.જેકર્મો ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થઈ ચૂક્યા હોય તેને કરણ ન લાગે. બીજા બધાને લાગે. જેમ એક યંત્રના બધા ભાગો સાથે કામ કરે છે. તેમ બધા કરણો સાથે કામ કરે છે. ટુંકમાં આઠે કરણોની વીગત આ રીતે છે.

આત્મા સમયે સમયે કર્મ ગ્રહણ કરે છે. એટલે બંધન કરણ ચાલુ જ હોય છે. તે વખતે ઢીલા કર્મો મજબૂત બનતા હોય છે. મજબૂત વધારે મજબૂત બનતા હોય છે. એટલે નિધત્ત કરણ અને નિકાચના કરણ પણ ચાલુ જ છે.

આજ વખતે કેટલાક કર્મોની સ્થિતિ અને રસમાં વધારો ઘટાડો પણ થતો હોય છે. એટલે ઉદ્વર્તના અને અપવર્તના કરણ પણ ચાલુ હોય છે. તેજ વખતે કર્મની સજાતીય પ્રકૃતિઓ પલટાતી હોય છે. એટલે સંક્રમણ કરણ પણ પોતાનું કામ કરતું હોય છે. એ વખતે કર્મનો ઉદય કે ઉદીરણા ચાલુ હોય છે, અને કેટલાક કર્મો શાંત થતા હોય છે. એટલે ઉદીરણા કરણ અને ઉપશમના કરણ પણ કાર્યશીલ હોય છે.

જ્યાંસુધી આત્મા વીતરાગ ન બને ત્યાં સુધી તેમાં શુભાશુભ

પ્રવૃત્તિ ચાલુ હોય છે. શુભ પ્રવૃત્તિ વધારવી અને અશુભ પ્રવૃત્તિ ઘટાડવી એ આગળ વધવાનો માર્ગ છે.

સુજ્ઞો ! આ આઠ કરણોનું સ્વરૂપ ઝીણું અટપટું તો છે જ છતાં ગુરૂગમથી સમજવામાં આવે તો કઠણ હોવા છતાં બુદ્ધિ બળથી સહેજે સમજી શકાય તેવું છે. માટે ક્ષાંતિપૂર્વક સમજવાનો ઉદ્યમ કરતા રહેવાથી ક્ષયોપશમ વધે છે. સાથે બુદ્ધિમાં પણ વધારો થાય છે. લલિત કહેતા સુંદર ધ્યેયના અભ્યાસથી ધ્યેયની સિદ્ધિ થાય છે ભવપાર થઈશકાય છે. મુક્તિનું ધ્યેયસિદ્ધ કરવા માટે જ આપણે છત્રકુંવરનું ચરિત્ર ચાલુ રાખેલ છે.

દોહરા

સુજ્ઞો ! રાજકુંવર તે, બન્યો છે રંકકુમાર,
રાજ્ય હક્કનું ધ્યેય તે, ભૂલ્યો નથી કોઇવાર. ૧
મહાનુભાવો ! રંક પણ, બન્યો રાજકુમાર,
રાજનીતિ કળા શીખીયો, થયો યોગ્ય હુશીયાર. ૨
શિક્ષક સંસ્કારી મલ્યા, પંડિત બહુ વિદ્વાન,
ધર્મ શ્રદ્ધા બહુ કેળવી, બન્યો જ બુદ્ધિમાન. ૩
રાજાએ પણ ચિંતવ્યું, આપું રાજનો ભાર,
મુહૂર્ત જોશીએ આપીઉં, શુભ દિવસ સુભવાર. ૪
રાજા ઢંઢેરો ફેરવે, સહુએ જાણી વાત,
પણ સાચા કુંવર દિલે, થયો બહુ આઘાત. ૫
રાજ્ય હક્કના ધ્યેયથી, મળવા પીતાને ખાસ,
ઉપાય તો કર્યા ખરા, પણ થાયે ઉદાસ. ૬

પણ ઉદ્યમની હામમાં, રાજસભામાં ખાસ,
જુએો જય કેવી રીતે, સાંભળો ચિત્ત હુલ્લાશ. ૭

ઢાળ ચૌદમી

—દોહરા—

કાળુપુરનો રોડ ત્યાં, મનસુખભાઈની પોળ,
શ્રી નેમિજીન નિરખતાં, કાપ્યા કર્મના દોર. ૧
રાજમહેતાની પોળમાં, તોડા પોળ કહેવાય,
આદિનાથને વંદતા, દુખડા શર્વે જાય. ૨
જહાપનાહની પોળમાં, ઋષભ જિન પ્રાસાદ,
દર્શન કર્યા બહુ ભાવથી, રહેશે તે તો યાદ. ૩
કાળુશીની પોળમાં, સંભવનાથજી ખાસ,
ભોંયરે પાસ ચિંતામણી, દર્શનથી સુખવાસ. ૪
બીજા પગથીએથી ચડી, ભેટયા વિજય પાસ,
અજીતનાથ જિનમંદિરે, ચિત્ર કલ્યાણક પાંચ. ૫
રીલીફ રોડ હાંલ્લાં પોળે, કુંથુજીન સુખધામ,
પાર્શ્વનમુંવળીશાંતિનાથ, ભોંયરે ગૌતમસ્વામ. ૬
અનેક જૈન મંદિરથી, જૈનપુરી કહેવાય,
લલિત દર્શનથી કહે, દિલ અતિ હરખાય. ૭

(રાગ—કામ પડ્યું છે એક તારૂં, મારા બાપલા કામ પડ્યું છે એક તારૂં)

જુએો જુએો કરમગતિ કેવી,
સૂણેા શેઠીયા, જુએો કરમગતિ કેવી;

ગાદ્દી રાજકુંવરને દેવી,
સૂણેા શેઠીયા, જુએા કરમગતિ કેવી.
શહેર શણગારે રાજા, વિધવિધ વાગે વાજા,
થાય રાજસભા આજ જોવા જેવી, સૂણેા.જુએા. ૧
ભાણેા કુંવર ધન્યેા, વિદ્યા વળી જ ભણ્યેા,
રાજ મુદ્રા દેશે રાય તેવી, સૂણેા. જુએા. ૨
શેઠ શાહુકાર આવે, સાચેા કુંવર કહાવે,
ઘૂસે ખબર પડે નહિ તેવી, સૂણેા. જુએા. ૩
કેાઈ જોઈ જ ગયેા, આતેા ભીખારી રહ્યેા,
કાઢેાકાઢેા એને બેાલે એવી વાણી, સૂ૦. જુએા. ૪
કહે કુંવર ખરેા, હું છું ગરીબ ધરેા,
લાવેા લાવેા કૃપા જ કરેા એવી, સૂણેા. જુએા. ૫
જોવા તમેાને મળે, કયાંથી મને જ મળે,
રાજ સભા હશે જ જોવા જેવી, સૂણેા. જુએા. ૬
શેઠીયા જોડુ છું હાથ, જોવા જવા દ્યેા સાથ,
નથી ખુરશી મારે કાંઈ લેવી, સૂણેા. જુએા. ૭
ખૂણે બેસી જ રહું, દયાળુ આપ સહુ,
સૂણેા ગરબડ કરીશ નહી તેવી, સૂણેા. જુએા. ૮
હરકત નથી જ કાંઈ, અમને તુ આવ ભાઈ,
કહે સજ્જન સૂણી વાત એવી, સૂણેા. જુએા. ૯
એમ સભામાં ગયેા, ખૂણામાં બેસી રહ્યેા,
મુજ ગાદ્દી જશે ચિંતા મન એવી, સૂણેા. જુએા. ૧૦

રાજ સભાના જેવો, સુંદર પોશાક એવો,
પહેરી જાયે સભામાં સહુ એવી, સૂણો. જુઓ. ૧૧
યોગ્ય સ્થાને જ બેસે, વચ્ચમાં ન કોઈ પેસે,
કોઈ ગરબડ કરે નહી એવી, સૂણો. જુઓ. ૧૨
પધાર્યા જ્યારે રાય, સભા ખુશી જ થાય,
કરે સન્માન ઉભા થઈ એવી, સૂણો. જુઓ. ૧૩
માત પીતાને જુએ, આંસુએ મોઢું ધૂએ,
પણ મળવાની યુક્તિ નહી એવી, સૂણો. જુઓ. ૧૪
દેખી ખુશી જ થાય, કરવો કેવો ઉપાય,
વાત સાચી સૂણાવું બધી એવી, સૂણો. જુઓ. ૧૫
બોલાય નહી જરી, બોલું તો કાઢે વળી,
ફરી પેસાય નહી ઘડી એવી, સૂણો. જુઓ. ૧૬
વીચારી ચૂપ બને, વાગ્યા જ દશ અને,
રહી કલાક એક હવે એવી, સૂણો. જુઓ. ૧૭
થાયે છે નાચ ગાન, કુંવરને નથી ભાન,
ખરો હકદાર હું જ લીન એવી, સૂણો. જુઓ. ૧૮
મુક્તિનું ધ્યેય સાચ, બીજું બધું જ કાચ,
રાખો ક્ષાંતિ શ્રદ્ધા દિલ એવી, સૂણો. જુઓ. ૧૯
સ્હેજે કીર્તિ જ મળે, ભક્તિ નિપુણ ફળે,
થાય મુક્તિ લલિત બેઘા જેવી, સૂણો. જુઓ. ૨૦

૧૪મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! રાજનગર–જૈનપુરી, અમદાવાદ શહેરની પોળોના જૈન દહેરાસરોમાં જિનમૂર્તિઓના દર્શન કરતા કાળુપુર રોડ ઉપર આવેલ શેઠ મનસુખભાઈની પોળમાં શ્રી નેમિનાથ પ્રભુજીને નિરખતાં નમન કરતાં કર્મના દોરને કાપ્યા, પાસે જ જ્ઞાન–દાનમંદિર ભવ્ય ઉપાશ્રય પણ છે, વળી રાજમહેતાની પોળની તોડા પોળમાં શ્રી આદિનાથ પ્રભુના દર્શન કરી જહાં-પનાહની પોળમા ઊંચી બાંધણીવાળુ શ્રી ઋષભદેવ પ્રભુજીના પ્રાસાદમાં દર્શન કર્યા તે સદાય યાદ રહે તેમજ છે. કાળુશીની પોળમાં ભવ્ય જીનાલયમાં શ્રી સંભવનાથજી પ્રભુજી ભોંયરામાં શ્રી ચિંતામણીપાર્શ્વનાથ પ્રભુજીના દર્શન કરતા સુખાનંદ થયો. ભોંયરાના બીજા માર્ગના પગથીયા ચડતા બાજુના દેરાસરમાં શ્રી વિજયચિંતામણીપાર્શ્વનાથજીનો ભેટો થયો બંને દહેરાસરોનું એક જ ભોંયરૂં કહી શકાય. કેવી બુદ્ધિપૂર્વક કામ કર્યું છે. જોઇને આશ્ચર્ય થાય તેવું જ છે. ઘણા દહેરાસરોમાં ઉપર પણ દર્શન કરવા જેવા તો છે. તેમજ ભોંયરામાં પણ દર્શન કરવા જેવા છે છતાં મૂખ્ય મૂખ્ય જ લખ્યા છે, વળી બાજુના ખાંચામાં શ્રી અજીતનાથ પ્રભુજીના સુંદર દહેરાસરમાં દર્શન કર્યા. ઘુમ-ટમાં ફરતા પ્રભુજીના પાંચે કલ્યાણના ચિત્રો બહુ જ સુંદર ચિતરેલા છે.

વળી રીલીફરોડની નજીકમાં જ હાંલ્લા પોળનાં ભવ્ય

જિનાલયમાં શ્રી કુંથુનાથ પ્રભુજીને તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીને નમન કરી ભોંયરામાં શ્રી શાંતિનાથ પ્રભુજીને તથા શ્રી ગૌતમ ગણધરને વંદન કર્યું. આવા અનેક જૈન મંદિરો હોવાના કારણે જૈનપુરી કહેવાય છે. લલિતમુનિ કહે છે કે, પ્રભુજીના દર્શન કરતાં દિલડું અતિ હરખાય છે.

હે શેઠીયા શ્રોતાજનો! કર્મની ગતિ કેવી વિચિત્ર છે. ખરે. રાજકુંવર તે હાલ રંક બની બેઠો છે. છતાં પણ પોતાનો રાજ્ય હક્ક મેળવવો તેજ ધ્યેય હમેશા ચાલુ છે. આ બાજુ રંક પુત્ર ભાણીઓ તે હાલ રાજપુત્ર થયેલ છે. રાજ્યનિતી કળાઓ વિગેરે મેળવેલ છે. સુસંસ્કારી શ્રદ્ધાવાન શિક્ષક મળવાથી સારા ઉત્તમ સુસંસ્કાર તેનામાં પડેલા છે. ધર્મ પ્રત્યે તેની શ્રદ્ધા અજોડ થઈ છે. બુદ્ધિ માન થવાથી રાજાએ પોતાની હયાતિમાં જ કુંવરને રાજગાદી આપવાનો નિશ્ચય કર્યો છે. પ્રધાનને વાત કરી. જોશીઓ માગસર સુદિ ૫ ને રવિવારના ૧૧ વાગતાનું આપેલ શુભ મુહૂર્તે રાજતીલક થશે. તે મુજબ શહેરમાં જાહેરાત પણ કરી દીધી છે. મોટો મંડપ શણગારી રાજસભા જેવા જેવી બનાવેલ છે. રાજકુંવરને રાજતીલક થવાના સમાચાર વાયુ વેગે શહેરમાં પહોંચી ગયા. ત્યારે ભીખારી ટોળુ બહુ રાજી રાજી થયેલ છે. પણ ખરા રાજકુંવરના હૃદયમાં જબરો આઘાત થયો. પોતાનો રાજ્ય હક્ક મેળવવા તેણે પોતાના પિતાને મળવા માટે ઉદ્યમ તો કર્યો પણ તેમાં સળફતા નહી થવાથી ઉદાસ થયો

હતો, છતાં પણ પ્રયત્ન તો ચાલુ જ છે. ઉદ્યમથી કાર્ય સિદ્ધ થાય છે, તે કહેવત મુજબ હિંમત નહી હારતા કેવી રીતે રાજ-સભામાં જાય છે. તે જોઈએ.

રાજાએ આખુ શહેર શણગાર્યું છે. રાજસભા પણ જાણે દેવસભા હોય ને શું ? એવી જ શણગારી છે. જાત જાતના વાંજીત્રો વાગી રહ્યાં છે. રંક ભાણો તે છત્રકુંવરના નામથી જાહેર થયેલો છે. ભણીગણીને બહુ હુશીયાર બનેલ છે.રાજા પણ આજે રાજ મુદ્રા પહેરાવશે. આજનો પ્રસંગ ખરેખર આનંદ ઉપજાવે તેવો છે.

રાજસભામાં જવા માટે સહુ કોઈ પોતપોતાના મોભા પ્રમાણે મોભા પ્રમાણે રાજસભાને શોભતો પોશાક પહેરી શક્તિ પ્રમાણે ભક્તિ તે મુજબ ભેટણા લઈ રાજસભામાં જાય છે. સાચો રાજ-કુંવર ભીખારી વેશમાં છે. તે પણ રાજસભામાં જવા માટેના વિચારમાં ઉભો છે. મોટા મોટા અમલદારો અધિકારીઓ રાજ-સભામાં જાય છે. તેઓની સાથે રાજસભામાં જવાનો વિચાર તો કરે છે. પણ હીંમત ચાલતી નથી. કારણ કે અમલદારો મગજનાં કડક હોય છે.એટલે પાસે પણ આવવાદીએ નહીં.ત્યારબાદ શેઠી-યાઓ પણ રાજસભામાંજાય છે.તેમની સાથે વચમાં વચમાં જાય છે, પહેલો દરવાજે બીજે દરવાજે પસાર કર્યો. ત્રીજા દરવાજમાં પેસતા એક જણે તેને જોઈ લીધો. એટલે બોલી ઉઠયો કે અરે આ તો ભીખારો. એનું અહીં શું કામ છે, કાઢો, કાઢો. મરો

રાજકુંવર કહેવા લાગ્યો કે ભાઈસાહેબ ! હું ગરીબ માણસ છું, મને આવવા દો.શેઠ સાહેબ તમોનેજોવા બધું મલશે.આજે રાજ-સભા ખરેખરી જોવાજેવી હશે. શેઠસાહેબ મને આવું જોવાનું ક્યાંથી મળે ? શેઠજી હું હાથ જોડું છું. :મને આવવા દીઓ. મારે ગાદી તકીયો કે ખુરશી જોઇતી નથી. હું તો એક ખૂણામાં બેસી રહીશ. આપ દયાળુ કહેવાઓ, સભામાં હું કોઈ જાતની ગરબડ કરીશ નહી, વેપારી મહાજનમાં એક સજ્જન ગૃહસ્થે કહ્યું કે આવ ભાઇ આવ, ખુશીથી આવ. તારા આવવાથી અમને કોઈ હરકત આવે તેમ નથી, માટે ખુશીથી આવ.

આ પ્રમાણે કહેવાથી સાચો રાજકુંવર બહુ ખુશી થયો. ભીખારી વેશે પણ રાજસભામાં જઈને એક ખૂણામાં ચુપચૂપ કોઈ દેખે નહી તેમ બેસી ગયો અને વિચારે છે, કે રાજગાદીનો હક્ક મારો જશે. એવી ચિંતામાં લીન બની ગયો છે.

પણ બોલી શકાય તેમ નથી, બોલે તો કાઢી મૂકે. અને સભામાંથી બહાર કાઢયા પછી ફરી રાજસભામાં પેસી શકાય એવો કોઈ ઉપાય નથી. એમ વિચાર કરી ચૂપ થઈ બેસી રહ્યો છે, વાજીંત્રો વાગી રહ્યા છે. એમ કરતા દશ તો વાગ્યા. હવે એક કલાક રહી છે, રાજસભામાં આવનારા પોતપોતાના યોગ્ય યોગ્ય સ્થાને બેસતા જાય છે. રાજા, પ્રધાન, રાજકુંવર વિગેરે પધાર્યા. ત્યારે સભાજનોએ ઉભા થઈ હાથ જોડી સન્માન કર્યું. સાચો રાજકુંવર ખૂણામાં બેઠા બેઠા પોતાના પિતા વિગેરે સ્નેહી

જનને જુએ છે અને હર્ષના આવેશમાં આંખમાંથી આંસુઓની ધારા વહે છે, આંસુઓથી પોતાનું મુખ ધોઈ રહ્યો છે. પણ પોતાના પીતાને મળવાની યુક્તિ કોઇ હાથ લાગતી નથી. બધાયને જોઈ જોઈને રાજી થાય છે. કોઈ ઉપાય હાથ આવે તો મારી સાચી વાત બધી જણાવું પણ બોલી શકાય તેમ નથી.

રાજસભામાં નાચગાન થઈ રહ્યા છે. સૌ કોઈ તે જોવામાં તલ્લીન બની બેઠા છે. પણ ખરા રાજકુંવરને નાચગાનતાનનું કંઈ જ ભાન છે જ નહી. એ તો એક જ વિચારમાં લીન થયેલો છે કે મારો રાજ્યનો હક્ક ચાલ્યો જાય છે તે મને કેમ મળે? ખરો હકદાર હું જ છું. એજ ધ્યેયમાં લીન થયેલ છે. એટલે રાજસભામાં શું નાચ ગાન થઈ રહ્યું તે, તેની તેને ખબર નથી.

સુજ્ઞજનો! તમો પણ સંસારમાં જ રહેલા છો જેથી સંસાર વ્યવહારના કામ કરવા છતાં મુક્તિના ધ્યેયને ભૂલવું જોઈએ નહિ. મુક્તિના ધ્યેયને જો નહિ ભૂલો તો જ આ લોક પરલોકમાં સુખી થશો. પરલોકના સુખમય જીવનમાં પણ ધર્મ મેળવી શકશો અને પરંપરાએ મુક્તિ સુખને પામશો. મહાનુભાવો! સંસારના પાંચ પચીશ કે પચાસ વરસના નજીવા એવા અલ્પ સુખ માટે કમાવાની પૈસા મેળવવાની જે તાલાવેલી રાખીએ છીએ. તે બધી સાચા સુખની દિશા નથી પણ રખડપટી જ છે.

મુક્તિનું ધ્યેય તે ચિંતામણી રત્ન સમાન છે. તે સિવાયનું સંસારી સુખનું ધ્યેય તો કાચના ટુકડા સમાન છે. તેની કીંમત

જ્ઞાનીની દૃષ્ટિએ તદ્દન મામુલી છે અર્થાત્ કંઈ જ નથી જ્ઞાનીના વચનો પર શ્રદ્ધા તેમ જ ક્ષાંતિ દિલમાં ધરીએ તો સહેજ કીર્તિ મળે. નિપુણતા આવે. મુક્તિ પ્રત્યે ભક્તિ જાગે જેથી જોયા જેવી લલિત મુક્તિ પમાય.

ઢાળ ૧૫ મી

—દોહરા—

કાળુપુર ટંકશાળમાં શ્રેયાંસ જિન સોહે,
હાજાપટેલની પોળમાં, ચંદ્રપ્રભ મન મોહે. ૧
શાંતિનાથની પોળમાં, શાંતિનાથ સુખધામ,
ઘુમટ લક્કડકામ ઘણું, જોવા જેવું ધામ. ૨
સહસ્રફણાપ્રભુપાશ્વેજી,અદ્ભુતપ્રતિમાસાથ,
નમન કર્યાં બહુ ભાવથી, ભોંયરે આદિનાથ. ૩
રામજી મંદિર પોળમાં ચોવીશમાં મહાવીર,
સુપાર્શ્વનાથના સંગથી, માર્યું કર્મને તીર. ૪
પોળ પાછીયાની ખરી, પહેલા આદિનાથ,
અજીતનાથવળીવાસુપૂજ્ય,લીધોધર્મનોસાથ. ૫
પીંપરડીની પોળમાં, સુમતિનાથ આધાર,
ભોંયરે પણ જિનબિંબ છે,દર્શનથી સુખકાર. ૬
ખારા કુવાની પોળમાં, દર્શન સંભવનાથ.
રીલીફ રોડની પાછળે, થશે હવે સૂણો સાથ. ૭

લાંબેશ્વરની પોળમાં, દેરાસર ખડકી,
શામળાપાસજી નિરખતાં, કર્મ ગયા ભડકી. ૮
બીજા ગભારે પાર્શ્વજીન, સહસ્રફણા સોહે,
પ્રસન્ન ચિત્તે વંદતા, લલિત મન મોહે. ૯

(રાગ–આંખ વિના અંધારૂ રે, સદાય મારે આંખ વિના અંધારૂં)

પુણ્યસદા સુખકારીરે,સદાય સહુને,પુણ્યસદા સુખકારી;
પુણ્યવિનાજગમાંઅથડાતા,દુઃખભરદુનિયામાંભટકાતા,
કહે જ્ઞાની ઉપગારીરે,સદાય સહુને પુણ્ય સદા. ૧
પુણ્યાનુબંધી જે પુણ્ય,તે વિના જાણો સહુ શૂન્ય,
એ વાત લીએો સ્વીકારી રે, સદાય સહુને. ૨
યથાપ્રવૃત્તિકરણેકરતા,માનવભવમાંઆવ્યોફરતાં,
કરો ઉદ્યમ સુખકારી રે, સદાય સહુને. ૩
બાલકને ધાવણ ધવરાવે,ખાતા શીખ્યેથી મૂકાવે,
ખાય પછી ચાવી ચાવી રે, સદાય સહુને. ૪
ચોર લુંટારાથી ન ડરવું,કાયર થઈ ન પાછા ફરવું,
અપૂર્વકરણ બલ ધારી રે, સદાય સહુને. ૫
અનિવૃત્તિસ્થાનેજાતા,સમ્યગ્‌ભાવે સમકિતથાતાં,
થાય આનંદ આનંદ કારી રે, સદાય સહુને. ૬
એકવાર સમકિતફરસતાં,અર્ધપુદ્ગલકાળ વર્તતા,
થાયે અંતે ભવ પારી રે, સદાય સહુને. ૭

સંસારનાપણસુખજન્મેવે,ઉદ્યમવિણપુણ્યનહિહોવે,
જાણે સહુ એ નરનારી રે, સદાય સહુને. ૮
પુણ્યઉદ્યમકર્યોંગતભવમાં,વિણઉદ્યમેસુખીઆજગમાં.
દેખાય જુઓ નરનારી રે, સદાય સહુ ૯
રામનેસીતા નળદમયંતિ,હરિશ્ચંદ્રતારા ગુણવંતી,
શીલવંતી બુદ્ધિશાળી રે, સદાય સહુને. ૧૦
ભરતરાય દશારણ તરીયા,કૂર્માપુત્ર કેવળ વરીયા,
બાહુબલી બળધારી રે, સદાય સહુને ૧૧
શાલિભદ્ર સુકોમલ કાયા,આર્દ્રકુવરે છોડી માયા.
અભય કુમાર બુદ્ધિશાળી રે, સદાય સહુને ૧૨
મેઘકુમારમહાસુખપામ્યા,જંબુકુમાર કેશીસુખપાયા.
ધન્ય ધન્નો અણગારી રેં, સદાય સહુને. ૧૩
ગજસુકુમારનીકોમળકાયા,અવંતિસુકુમારસુકોશળપાયા
ઢંઢણજી ભવપારીરે, સદાય સહુને. ૧૪
વિષ્ણુકુમારલબ્ધિપાયા,શાસનભક્તિકાજેઆવ્યા,
શોભા સંઘ વધારી રે, સદાય સહુને ૧૫
શ્રદ્ધાસુલસાની બહુસારી,વીરપ્રભુએ પણસંભારી,
અંબડ સમકિત ધારી રે, સદાય સહુને. ૧૬
મનોરમા સુભદ્રા નંદા,અંજનાસતીઓ સુખકંદા,
મુનિ ઝાંઝરીયા ધારી રે, સદાય સહુને. ૧૭

ત્રણ વરસના વજ્રકુમારે, કંઠે કર્યા અંગ અગ્યારે,
ક્ષયોપસમ બહુ ભારી રે, સદાય સહુને. ૧૮
દ્રોપદી પાંડવ તે તરીયા,પ્રસન્નચંદ્ર મુક્તિને વરીયા,
ધ્યાન અશુભ નિવારી રે, સદાય સહુને. ૧૯
ઈત્યાદિકનિજનિજભવમાંહે,પુરૂષાર્થકર્યોશુદ્ધભાવે,
કોઈ મુક્તિ સુરવાસી રે, સદાય સહુને. ૨૦
કોઈસુખી પલમાંહેદુઃખી,કોઈદુઃખી પલમાંહેસુખી,
પુણ્યપાપ જળ કયારી રે, સદાય સહુને. ૨૧
ચાલુ ચરિત્રના જે નાયક,છત્રકુંવર પણ છે લાયક,
સુખી હતો બહુ ભારી રે, સદાય સહુને. ૨૨
પાપઉદયથીરંક જથાયો,રાજ્યહક્કસદા મનલાયો,
જાય રાજસભા શણગારી રે, સદાય સહુને. ૨૩
નાચગાનનાટકપણથાતાં,નહીમનડું તેમાંલલચાતાં,
જુએ પિતાને ધારી રે, સદાય સહુને. ૨૪
અપૂર્વ કરણ કરવા જેવી,રાજ મળે ઉત્કંઠા એવી,
બળ ફોરવશે ભારી રે, સદાય સહુને. ૨૫
ક્ષાંતિસાથધીરજતાધારો,સૂણોવાતલલિતવિચારો,
પરિણામ સુખકારી રે, સદાય સહુને. ૨૬

મહાનુભાવો ! કાલુપુરટંકશાળે શ્રીશ્રેયાંસનાથપ્રભુજી બીરાજે છે. તેમજ હાજા પટેલની પોળમાં શ્રી ચંદ્રપ્રભુજી બીરાજમાન છે. ભોંયરામાં પણ દર્શન કર્યા.

શાંતિનાથની પોળમાં શાંતિનાથ પ્રભુજીનું જ દેરાસર છે. તેમાં ધુમટ બારસાખ—બારી બારણામાં લાકડાનું કોરણીકામ બરેબર જોવા જેવું છે વળી બાજુમાં નવા દેરાસરમાં શ્રી સહસ્ત્ર ફણાપાર્શ્વનાથજીની અદ્‌ભુત પ્રતિમા ચમત્કારી છે તેમજ ભોંયરામાં પણ આરામથી ધ્યાન ધરવા માટે ભવ્ય આદિનાથ પ્રભુની પ્રતિમા છે તેમને ભાવપૂર્વક નમસ્કાર કર્યા. રામજી મંદિરની પોળમાં આસન્ન ઉપકારી ચોવીશમાં મહાવીર પ્રભુજી અને શ્રી સુપાર્શ્વ નાથજીના દર્શન રૂપ તીરથી કર્મરાયને ઘાયલ કર્યો, પાછીયાની પોળમાં શ્રીઆદિનાથ પ્રભુજીનેવંદન કરી શ્રીઅજીતનાથ શ્રીવાસુ પૂજ્ય શ્રીધર્મનાથપ્રભુને નમન કરી એમનો જ સાથ કરવા તેમનો હાથ મનથીજ ઝાલી રાખ્યો. પીંપરડીની પોળના નાકે શ્રીસુમતિ-નાથ પ્રભુનો આધારધારી ભોંયરે પણ સુખકર એવા દર્શન કર્યા ખારાકુવાની પોળમાં શ્રી સંભવનાથ પ્રભુજીના દર્શન કર્યા. પછી રીલીફરોડ વટીને લાંબેશ્વરની પોળમાં દેરાસરની બડકીમાં શ્રી શામળા પાર્શ્વનાથજીના દર્શન કરતા બીચારા કર્મો તો ભડકીને ભાગવા લાગ્યા બીજા ગભારામાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથજી આજુબાજુમાં પણ પાર્શ્વપ્રભુજી જોડેના ગભારામાં શ્રીચિંતામણી પાર્શ્વનાથજીના પ્રસન્નચિત્તે વંદન દર્શન કરવાથી મનડું મોહાયું અને ચિંતા ચાલી ગઈ.

પંદરમી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! પુણ્ય અને પાપ, એ બંને બંધનો છેજ છતાં પુણ્યથી જીવને સુખ મળે છે, અને પાપથી દુઃખ મળે છે. એટલા માટે પુણ્ય એ સદા સુખકારી છે.જગતમાં પણ જોઈએ છીએ કે પુણ્ય વિના જીવો દુઃખભર એવા આ જગતમાં ભટક્યા જ કરે છે. તેમ ઉપગારી એવા જ્ઞાની મહાત્મા પણ કહે છે. સુજ્ઞો !સાધારણ રીતે પુણ્ય એ સુખ આપનાર છે. પણ પુણ્યાનુબંધી પુણ્ય હોય તેને સુખ સામગ્રી ધર્મ સામગ્રીનાસાધનો વિગેરે સારા મળે છે. વળી તેઓમાં સદ્બુદ્ધિ આવે છે. અને ધર્મ કરતા કરતા મોક્ષ પામે છે. અને પાપાનુબંધી પુણ્યથી પણ સુખ તો મળે છે મળી શકે છે પણ સદ્બુદ્ધિના અભાવે એ પુણ્ય ભોગવતા બીજા પાપો બાંધે છે. જેથી દુઃખના દરિયામાં ડુબે છે. દુર્ગતિને પામે છે.

બુદ્ધિશાળી સમજી શકે છેકે પુણ્ય અનેપાપ બંને ભોગવવાના હોય છે. પુણ્યથી પાપ ટેલાય એ માન્યતા જૈનેતરોની છે. બંને ભોગવવાં પડે છે. પુણ્યથી લાખોપતિ કે ક્રોડાધિપતીના ઘરે જન્મે ખરો પણ સાથે સાથે પાપના કારણે આંધળો થાય, લંગડો થાય, અપંગ થાય, લકવો થાય. માટે એવું પુણ્ય પણ દુઃખરૂપ થાય છે. એટલા જ માટે પુણ્યાનુબંધી પુણ્ય વિનાનું બધુ સૂન્ય સમજવું એ વાત સ્વીકારવી જ પડે છે.

હે ભવ્યાત્માઓ ! મનુષ્ય ભવ મળવો મહા દુર્લભ જ્ઞાની ઓએ કહ્યો છે. આ સંસારમાં રખડતા ભટકતા કૂટાતા છુંદાતા પછડાતા અનેક પ્રકારના દુઃખો સહન કરતાં કરતાં યથાપ્રવૃત્તિ

કરણના યોગે મનુષ્ય ભવની પ્રાપ્તિ થઈ હવે તો આગળ મોક્ષની કરણી કરવા માટે ઉદ્યમ કરવો તેજ સુખકારી છે. શાસ્ત્રકારો પણ કાંઈક અધિક ૬૯કોડાકોડી સાગરોપમની સ્થિતિ ક્ષયકરવાવાળા પરિણામને યથા પ્રવૃત્તિ કરણ કહે છે. યથા પ્રવૃત્તિકરણની વખતે કોઈપણ જીવને જીવ અજીવાદિક તત્ત્વોનું કે આશ્રવ કે સંવર વિગેરે પદાર્થોનું જ્ઞાન કે ખ્યાલ હોતો જ નથી. માત્ર તે યથાપ્રવૃત્તિ કરણવાળા જીવો સ્થિતિનો ભોગવટો વધારે કરે અને બંધ અલ્પ કરે તેથી જ આગળ વધી શકે છે.

હે સજ્જનો ! બાળક જેવી અવસ્થા હોય ત્યાંસુધી માતા તેનું દુધ વિગેરેથી પોષણ કરે, પણ ખાતા શીખ્યા પછી ધાવણ મૂકાવી દીએ છે. મોટો થાય છતાં પણ ધાવવાનું ચાલુ રાખે તો તેની માતા મારીને પણ દૂર કરે છે. અને ખોરાક ચાવીચાવીને ખાવાનું જણાવે છે. હવે તો તેને ઉદ્યમ કરવો જ રહ્યો. ગર્ભથી

લઈ દુધ પીવાવાળા બાળકના જેવું યથાપ્રવૃત્તિ કરણ ગણી શકાય. હવે તો તેણે ઉદ્યમ કરવો જ રહ્યો. હવે ધીરે ધીરે સમજદાર થતો થતો બહાદુરીને ધરાવનારો થયો. એટલે હવે ધર્મમાં વધતાં વધતાં રાગદ્વેષની ગાંઠને તોડવાનો ઉદ્યમ કરવો જોઇએ. ક્રોધાદિક ચાર લુંટારાને પરાસ્ત કરીને અર્થાત્ કાયરતા છોડીને દૂર કરવા એવું અપૂર્વ બલ મેળવવું જ રહ્યું. રાગદ્વેષની ગ્રંથીને તોડવા અપૂર્વ કરણની જરૂર છે. અપૂર્વ કરણ કરતા રાગદ્વેષની ગાંઠને ભેદવી પડે છે, ત્યારબાદ અનિવૃત્તિ કરણ વડે સમકિતને

પ્રાપ્ત કરે છે. અને આનંદ આનંદ મેળવે છે. તેમ સંસાર વ્યવહારમાં પણ સાચો પુરૂષાર્થ કરે તોજ અપૂર્વ લાભ મેળવી છેવટે જીવન સુખમય બનાવી શકે છે.

મહાનુભાવો ! જગતમાં રહેલા જીવો એકવાર સમ્યકત્વ પ્રાપ્ત કરી લીએ છે. તેનું સંસાર ભ્રમણ અર્ધપુદ્ગળ પરાવર્તકાળથી વધારે રહેતો નથી. અને તે કાળની મર્યાદાની અંદર પણ મોક્ષ મેળવી શકે છે. સંસારમાં રહેલા જીવોને સુખની જ ઈચ્છા રહે છે. તો તે આવ્યાબાદ સુખ મેળવવા પુણ્યાનુબંધ પુણ્યની જરૂર હોય છે. એ વસ્તુ સંસારમાં રહેલા જીવો જાણે તો છે જ છતાં પણ અજ્ઞાનપણાથી મોહપણાથી સાચો વ્યવસાય કરી શકતો નથી. અને વેપાર ધંધા ખોટમાં ચાલ્યા કરે છે. અંતે દીવાળુ કાઢવાનો વખત જ્યારે આવે છે ત્યારે વળી ભાન આવે છે કે મેં ભયંકર ભૂલ કરી છે. પ્રમાદને વશ થઈ જીવન વેડફી નાંખ્યું. પરલોક સુધારવા જેવું કંઈ પણ કરીશકયો નહિ.

સ્થિતિ સારી હતી. હામદામને ડામની સાથે સુખના બધા સાધનો ઉત્તમ હતા. મનુષ્ય ભવ મલ્યો. આર્ય દેશ ઉત્તમ જાતિકુળમાં ઉત્પન્ન થયો. નિરોગી શરીર હતું. ઇન્દ્રિયો બધી સતેજ હતી. પુત્રપરિવાર સ્ત્રી દાસદાસી વિગેરે પણ અનુકુળ હતા. છતાં પણ જુવાનીના જોરમાં મદમાં આત્મહિત કરી લેવાનું વિચાર્યું નહિ.

હાલમાં ઉપરોક્ત સુંદર સાધનો નષ્ટ થવા પામ્યા છે.

નિર્ધનતા આવી રહી છે.છતાં હવે આત્માની પરિણતી સુધારવા જેવી છે. ધનથી જ ધર્મ થઈ શકે છે એવું કંઈ નથી. ધર્મ આત્માની વસ્તુ છે. ઘણા જીવો છેવટની જીંદગી સુધારી શક્યા છે. આત્માને શુભ પરિણામમાં રાખી શક્યા છે. ઘણા ઉત્તમ પુરૂષોએ પહેલાના ભવમાં પુણ્યાનુબંધી પુણ્ય વડે કર્મની નિર્જરા સાથે સંસારને અલ્પ કરવાથી આ ભવમાં વિણ ઉદ્યમે પણ સુંદરમાં સુંદર વૈભવ મેળવી દેવની જેમ સુખો ભોગવતા છતાં કોઈ સુંદર નિમિત મળતા વૈરાગ્ય ભાવ પામી આત્માનું કલ્યાણ કરી શક્યા છે.એવા ઘણા સજ્જનો અને સન્નારીઓના દાખલા દષ્ટાંતો સાંભળવા મળે છે.

ભરત ચક્રવર્તી તથા બાહુબલજી સગર ચક્રવર્તી તથા સનત્કુમાર ચક્રવર્તી, રામચંદ્રજી, સતી સીતાજી તથા શ્રી શ્રીપાલકુમાર, સત્યવાદી હરિશ્ચંદ્ર તારામતી પાંચ પાંડવો. સતી દ્રૌપતીજી, શ્રી બલભદ્રજી, શ્રી ગજસુકુમાર. શ્રી થાવચ્ચાપુત્ર, શ્રી ઢંઢણકુમાર, શ્રી વિષ્ણુકુમાર, શ્રી કુર્માપુત્ર કેવળી, શ્રી કેશી ગણધર, પરદેશી રાજા, શ્રી અતિમુક્તમુનિજી, બાલમુનિ શ્રી અઈમતાજી, બુદ્ધિશાળી અભયકુમાર, બાલમુનિ શ્રીઅમરકુમાર વૈરાગી આર્દ્રકુમાર, શ્રી અવંતિસુકુમાર, ઝાંઝરીયામુનિવર, શ્રી સુકોશળમુનિ, શ્રી નમિરાયરાજર્ષી, શ્રી પ્રસન્નચંદ્રરાજર્ષી, શ્રી સુબાહુકુમાર, શ્રીઆષાઢાભૂતિ શ્રીઉદયનરાજર્ષી સતી પ્રભાવતી, રાજા દશાર્ણભદ્રરાજર્ષી, શ્રી કુરગડુ કેવળી, શ્રી સુદર્શન શેઠ

તથા સતી મનોરમાં, દેવ જેવા સુખો ભોગવનાર શ્રીશલિભદ્રજી તથા શેઠ ધન્નાજી, દેશના લબ્ધિવાળા મુનિશ્રી નંદિષેણજી, વૈયાવચ્ચી બીજા નંદિષેણજી, શ્રી અનાથીમુનિજી, શ્રી અરણીકમુનિજી, શ્રી મેતારજમુનિજી શ્રી જંબૂસ્વામીજી શ્રી મેઘકુમાર શ્રી ખડગકુમાર, શ્રી સ્કંધકમુનિજી, તથા મહાત્મા દૃઢ પ્રહારી, મ. કેશરીચોર, મ. વંકચુલ, મ. રોહણીયોચોર, મ. ચિલાતીપુત્ર મ. અર્જુનમાળી, મ. ઈલાતીપુત્ર, બાલમુનિશ્રી મનકમુનિજી, બાલમુનિશ્રી વજસ્વામી, ૮૪ ચોવીશી સુધી નામ ગવાશે એવા ચૌદપૂર્વી શ્રી સ્થુલભદ્રજી તથા મહાસતીઓમાં અંજના, ચેલણારાણી, નંદા સુલસા, કલાવતી, સુભદ્રા, શીલવતી, નર્મદા, રાજુલ, ચંદનબાળા, મૃગાવતી, મયણરેહા, મયણાસુંદરી વિગેરે ઉંચ પદના અધિકારી છે.

તેમજ વિજ્યા શેઠ વિજ્યા શેઠાણી જીનદાસ શેઠ. આનંદ તથા કામદેવ શ્રાવક સુવ્રત શેઠ વિગેરે વિગેરેના દાખલા દષ્ટાંતો સાંભળવા મળે છે. આ તો બધા પ્રસિદ્ધ નામો છે. પણ તે સિવાય અનેક મહાત્માઓ છેલ્લી છેલ્લી જીંદગીમાં પણ આત્મકલ્યાણ કરી ગયા છે. માટે બાલપણમાં કે જુવાનીમાં કદાચ ધર્મકરણી ન કરી શકયા હોય તેઓ પણ છેલ્લી જીંદગીમાંતો યથા યોગ્ય ધર્મકરણી કરીને પોતાનું જીવન સુધારવા તત્પર થાય તે પણ યોગ્ય છે ઘણા ભવ્યાત્માઓ સુખી સમજણા બુદ્ધિશાળી હોવા છતાં મનની નબળાઈના કારણે તેઓને આત્માનું કલ્યાણ કેવી

રીતે કરવું તેની ગમ પડતી નથી. સમજણ પડતી નથી. સંસાર અસાર છે. મરવાનું ચોક્કસ છે. લક્ષ્મી વિગેરે કાંઇપણ સાથે આવનાર નથી. એ બધુ સમજે છે. જાણે છે. પણ પોતાનું કલ્યાણ કેવી રીતે થાય. તેની યુક્તિ સમજણ મેળવતાજ નથી. કદાચ દેરાસરે જાય. નજીકમાં જ ઉપાશ્રય હોય તો પણ જાય નહિ. વ્યાખ્યાનવાણી સાંભળવા રોકાય નહિ. પૂજ્ય ગુરૂમહારાજની પાસે જાય નહિ. ઘરમા જ પડયા રહે. અથવા તો ઓટલે બેસી છાપામાંથી જગતની પંચાત કર્યા કરે. પોતાની પંચાત કરવી સૂઝે નહિ. ગપ્પાસપ્પા કુથલી કરવામાં આનંદ મેળવે. પણ આથી અનર્થદંડ થાય છે. કર્મો બંધાય છે, તેની ફીકર ચિંતા કરતા જ નથી. અમરપટો લખી લાવ્યા હોય તેમ બેફીકર રીતે જીવન વીતાવે છે. મનને નિર્બળ મુડદાલ બનાવીને રોદણા જ રડયા કરે. કે આપણાથી કંઈ થાય નહિ. સામાયિકમાં મન ઠેકાણે રહે નહિ.વ્યાખ્યાનમાં શું સાંભળવું હતું.પ્રતિક્રમણ કરતા ચિત્ત ઠેકાણે રહે નહિ વળી તેટલો વખત બેસાય નહિ. પ્રભુની પૂજા ઘણા વર્ષો કરી હવે તો થાકયા છીએ. આમ ધાર્મિક કાર્યની વાતમાં અસક્તિ જણાવે. સંસારની વાતમાં સંસારના કાર્યમાં શક્તિ આવી જાય. અશક્તિ જણાય નહિ.

અહોહો આ આત્મા અનાદિકાળથી રખડીરખડીને દુઃખ ભોગવી રહ્યો છે. તેનું કારણ એ જ કે મનને ધાર્મિક કાર્ય વખતે જ નબળુ બનાવ્યું હોય છે. મનને સબળ બનાવે તો

કાચી ઘડીમાં કેવળજ્ઞાન પામી શકે તેમ જ્ઞાની મહાત્માઓ કહે છે. દરેકને સુખ જોઈએ છે. સુખ ધર્મથીજ મળે છે. ધર્મના સાધનો પણ છે છતાં તેને કેમ વાપરવા તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે બાબતનું લક્ષ્ય જ નહિ દરકાર નહિ અને પરભવમાં સુખ મળે તેમ ઈચ્છી રહ્યા હોય છે. છતે પૈસે ભૂખ્યા મરે છે. છતી આંખે ઘોર અંધારા કુવામાં પડે છે. રોગ થયો હોય તો વૈદ્યને કે ડોકટરને બોલાવે છે. અગર તેઓની પાસે જાય છે. શરીર બતાવે છે. કાચમાં જોવરાવે છે. ફોટાઓ છાતીના લેવરાવે છે. ઈન્જીકશનો પણ લીએ છે અને ન ભાવે એવી કડવી તુરી દવા પણ પીવે છે. જે જે પ્રકારના સાધનથી રોગ જાય એ બધુજ કરી છૂટે છે.

રોગની અવધિ પુરી થઈ હોય તો રોગી નિરોગી થાય અને આનંદ માને પણ રોગ મટવાની પરિપકવ સ્થિતિ ન થઈ હોય તો બધું એળે જાય છે. વધારામા કોઈ નવો રોગ પણ પ્રવેશી જાય છે, અને આખરે ન જોઈ શકાય એવી ખરાબ હાલતમાં જીંદગી કાઢવી પડે છે. આવા સમયમાં સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુ પૂજા, ગુરૂવંદન અને કદાચ વ્રત પચ્ચખ્ખાણ ન પણ કરી શકે પણ નવકાર મંત્ર તો જરૂર ગણી શકે. આત્માને કંઈક શાંતિ આપે એવું સુંદર વાંચન વાંચે, અથવા વંચાવે, સાંભળે સારા ધાર્મિક શિક્ષક પંડિત પાસે જીવ વિચારનું સ્વરૂપ સમજે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર નિર્જરા, બંધ અને

મોક્ષ સંબંધી એકાદ કલાક જ્ઞાન મેળવે તો પણ અનર્થ દંડ કોને કહેવાય. પુણ્ય પાપ, આશ્રવ, સંવર વિગેરેની સમજણ પડે. કર્મ બાંધવાના કયા કયા કારણો છે. કયા નિમિત્તો છે. હવે નવીન કર્મ ન બંધાય. જુના કર્મ કેમ ખપે. માંદા છતા હવે કર્મથી કેવી રીતે છુટી શકું. માંદગીમાં પણ હવે પુણ્ય કઈ રીતે બાંધી શકું આત્માનું કલ્યાણ કેવી રીતે થાય. વિગેરે વિગેરે ઘરમાં બેઠા બેઠા સૂતા સૂતા પણ ધાર્મીક શિક્ષક પાસેથી મેળવી શકો. છોકરા છોકરીઓને વ્યવહારીક ભણાવવા માટે કલાક બે કલાક શિક્ષક રાખો છોજ. રાખવો પડે છે તો તમો તમારા હિતના માટે ધાર્મીક પંડિત રાખી શકો છો.કોઈ એવા-એક સીડેન્ટના કારણે અથવા લકવાના કારણે કે ક્ષયના કારણે સદાયના માટે પથારીવશ રહેવાનું થાય અથવા આંખ ખોઈ બેસવાથી કયાંય જઈ શકાતું ન હોય. વૃદ્ધાવસ્થાના કારણે નબળાઇના કારણે પથારીમાં રહેવાનું થતું હોય. ત્યારે પણ અસક્તિના સમયમાં પણ આત્મહિત સાધી શકાય છે. ધનવાન આત્માઓ પથારીવશ થયેલાઓ આવી રીતે પોતાનું હીત કરી શકે છે. ઉપરોકત પંડિતજીનો ખરચો ન કરી શકે તેવા આત્માઓ પણ પોતાની મેળે બેઠાબેઠા સારૂ વાંચનકરી આત્મશાંતિ મેળવી શકે છે. અધ્યાત્મ કલ્પદ્રુમ. શ્રાદ્ધવિધિ ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રો. શાંત સુધારસ ભાવના. ઉપદેશમાં માલા આત્મપ્રબોધ. ઉપમીતીભવ પ્રપંચા. ભવભાવના જૈન દર્શન ગૌતમ પૃચ્છા યુગાદી દેશના વિગેરે ગુજરાતી ભાષાંતર થયેલા છે તેમજ

સમરાદીત્ય ચરિત્ર પૃથ્વીચંદ્ર ગુણસાગર. ભરતેશ્વર બાહુબલી વિગેરેના ચરિત્રો પ્રભાવક ચરિત્રો શ્રીપાળ ચરિત્ર. પુષ્પાવતી ચાને મંગલસિંહનો રાસ. કુમારપાળ રાજાના રાસનું રહસ્ય. વિગેરે નાનામોટા ઘણા ચરિત્રો ભાષાંતર થયેલા છે. તેમજ કર્મ સંબંધી જ્ઞાન મેળવવા માટે પણ ગુજરાતી ભાષામાં પુસ્તકો પ્રકરણો છપાયેલા છે એવા એવા ઘણા ગ્રંથો આત્માને લાભ થાય તેવા ચરિત્રો કલાક બે કલાક વાંચવાનું રાખવાથી પણ આત્મા હળુ કર્મી બને છે.કદાચ મોટાગ્રંથો પુસ્તકો ન ઝાલી શકાયતો સાપડામાં મૂકીને વાંચે.વંચાવે.સાંભળે.અને કદાચ તેવો વાંચનાર સંભળાવનાર ન મળે તો છેવટે જૈનધર્મ પ્રકાશ. આત્માનંદ પ્રકાશ. કલ્યાણ. સુઘોષા મહાવીરશાસન ગુલાબ જૈન પ્રવચન દિવ્યદર્શન સિદ્ધચક્રમાં છપાયેલાલેખોવાળા પુસ્તકો નિતિપ્રકાશન તેમજ નાની મોટી શ્રેણીઓ વાંચીવાંચીને સાર ગ્રહણ કરી આત્માને કષાયોથી રાગદ્વેષથી અઢાર પાપ સ્થાનકોથી દૂર કરી શકે તેવા ઉત્તમ લેખો. અનિત્યાદિબાર ભાવના,મૈત્રી આદિ ચાર ભાવના પુણ્યપ્રકાશનું સ્તવન.તેમજ બીજા પણ સ્તવનો સઝાયો વિગેરે પણ વાંચવાથી ગાવાથી આત્મા લાભ મેળવી શકે છે.

કહેવાનો આશય એક જ છે કે છેલ્લી છેલ્લી જીંદગીમાં આત્મા સમાધિમાં રહે. એવા સાધનો છે. સમાધિમાં રખાવનાર સાધનનો ઉપયોગ કરવો. આવું રહેલું રહેલું પણ ન કરવાનું સુઝે તો પછી આ ભવ અને પર ભવ કેવી રીતે સુધરશે ?

ધનાઢ્ય હોય અથવા મધ્યમ સ્થિતિવાળો હોય અથવા ગરીબાઈના કારણે હોય તેઓએ પોતાની સ્થિતિ અનુસાર આત્માનું કલ્યાણ કરવાનું ચૂકવું જોઈએ નહિ. મનુષ્ય ભવ ફરી ફરીને મળવો મુશ્કેલ છે. આટલું આટલું કહેવા છતાં વિચારવું નહિ વાંચવું નહિ વંચાવવું નહિ. સાંભળવું નહિ. અને એમને એમ સદ્‌ગતિ મેળવવી છે તે કદી કાળે મળવાની નથી. પ્રભુના નામની જપમાળા નવકાર મંત્રનો જપ કરવાનું સૂઝશે તો પણ અંત ઘડીએ કામ લાગશે. માટે નવકારમંત્રનાજાપનો સતત અભ્યાસ રાખવો જેથી મરણ વખતે સમાધિ રહે અને સદ્‌ગતિ થાય.

કોઈ કોઈ આત્માઓ મુનિરાજોને પૂછે પણ છે કે આત્માનુ કલ્યાણ થાય તેવો રસ્તો બતાવો. ત્યારે આત્માર્થી મુનિરાજ પણ કહે કે, ભાઈ રાત્રિમાં ઉંઘ ન આવે અથવા વહેલા ઉઠી જવાય ત્યારે આત્માને સમજાવવો. તું ક્યાંથી આવ્યો ? આવ્યા પછી કેટલો ટાઈમ શુભ પ્રવૃત્તિ કરી અને કેટલો ટાઈમ પાપ પ્રવૃત્તિમાં કાઢયો. તેનો વિચાર કરવો. પુણ્યાનુબંધી પુણ્યના કાર્યોની અનુમોદના કરવી. તીર્થયાત્રાઓનું સ્મરણ અનુમોદન કરવું. વળી અહીંથી બીજ સ્થળે ગમે તે સમયે જવાનું તો નક્કી જ છે. તો ક્યાં જઈશ ? દુર્ગતિ ગમતી નથી. પણ સુગતિ ગમે છે તો તેના માટે સુંદર કાર્યવાહી કરી છે કે કેમ ? ન કરી હોય તો હવે પણ કરી લેવી. એવો નિશ્ચય કરવો એટલું જ નહિ પણ યથાશક્તિ અમલમાં વર્તનમાં મૂકવું. વ્રત પચ્ચખ્ખાણમાં રહેવું જેથી અશુભ કર્મનો બંધ પડે નહિ. દાન શિલ

તપ અને ભાવ એ ચારે પ્રકારે ધર્મની આરાધના કરવી.

ભાવ વિનાની ક્રિયાનકામી કહેવાય છે અથવા તો સંસારીક અલ્પ ફળ આપનારી છે. ભાવ ધર્મ તે મોક્ષની રૂચિ પૂર્વકની ક્રિયા કરવી તેને ભાવ ધર્મ સમજવો.

આટલું સમજીને યથાશક્તિ વર્તનમાં મૂકશો તો તમારા માટે ઘણું છે. આરીતે પૂ. મુનિરાજનું કહેવું સાંભળીને તે રીતે યથાશક્તિ વર્તનમાં મૂકવાનો નિશ્ચય કર્યો. આવી રીતે સીધી અને સરળ વાત કહેવા છતાં જેના ગળે ન ઉતરે તેને પાગલ કહી શકાય. ઉજાગરા વખતે ભારે કર્મી આત્મા કશું વિચારી શકતો નથી પણ ઉલટા જ કંઈ કામના નહિ. હિતકારી નહિ. એવા પાપમય પ્રવૃત્તિ જેવા વિચારમાં ગરકાવ થઈ શુભ ધ્યાનને કરી શકતોનથી. અને દીનતા ભરેલી કંગાળ દશા જેવી જીંદગી પુરી કરી અન્ય ગતિમાં ચાલ્યો જાય છે.

જગતના અમૂક પુણ્યશાળી જીવોને બાદકરતા ઘણા જીવો એવા પણ હોય છે કે અમૂક સમય સુખી જીવનવાળા હોય તે પણ દુઃખી દુઃખી થઈ જાય છે. તેમ કોઈ કોઈ દુઃખી અવસ્થા-વાળા પણ સુખી સુખી થઈ જાય છે. એ બધી પુણ્યપાપની લીલા છે. પુણ્યપાપરૂપ જળની કયારી જીવોની વહેતી જ રહે છે. પાણીના રેંટની માફક ઘડીઓ ભરાય છે અને ઠલવાય છે.

આપણા ચાલુ ચરિત્રના નાયક છત્રકુંવર પણ સુખ અવ-સ્થા ભોગવ્યા બાદ હાલ ગરીબાઈ ભોગવી રહ્યો છે. પણ રાજ્ય

મેળવવાનું ધ્યેય ચૂકયો નથી. તેના એવા કોઈ પૂર્વ પુણ્યના યોગે રાજસભામાં પેશવાની જોગવાઈ મળી છે. રાજસભામાં આજે આનંદ મંગળનો દિવસ હોવાથી નૃત્યની રમઝટ જામી હતી, નર્તકીના પળે પળે બદલતા હાવભાવ. શરીરનો મરોડ તેમજ મનોહર મુખ મુદ્રા ઉપર સભા જનોની નજર એક થઈ રહી હતી. નર્તકીના નુપુરનો મધુરો રણકાર સાંભળવામાં એક કાન એકતાન બન્યા હતા. તેમનું ચિત્ત કુશળ નટીના નૃત્ય ચાતુર્ય ઉપર ચોટયું હતું.

એના ઝાંઝરના ઝણકારે સિંહાસન ઉપર બેઠેલ રાજા મંત્રી રાજસેવકો અને આમંત્રીત સજ્જનો સહુ કોઈ મુગ્ધબની મસ્તક ડોલાવતા હતા.

નાયગાનતાન સભામાં ચાલુ હોવા છતાં સાચો રાજકુંવર તે તરફ દૃષ્ટિ પણ નહિ કરતાં પોતાના પિતાનેજ જોઇ રહ્યો છે. તેમને મળવાની ઉત્કંઠા થઈ રહી છે. પોતાનો હક્ક મેળવવા તે અપૂર્વ કરણની જેમ અપૂર્વ ઉત્સાહ બળ કેવી રીતે જાહેર કરે છે તે વિગેરે ક્ષાંતિપૂર્વક ધીરજતા રાખી લલિત અધ્યવસાય સાથે સાંભળો.

ઢાળ ૧૬ મી

જૈનપુરો જૈન મંદિરો, જોતાં દિલ હરખેજ,
ધનાસુતારની પોળમાં, ત્રણ દેરાસર છે જ. ૧

દેરાવાળી પોળમાં, શાંતિનાથ સુખકાર,
સદા સોમજી કચ્છીએ, બંધાવ્યું મનોહાર. ૨
ચોખાવટીયા પોળમાં, મહાવીર મનમોહે,
લાવરીની પોળે કહું, વાસુપૂજ્યજી સોહે. ૩
ભડેરીની પોળમાં, વાણીયાશેરી કહેવાય,
સુમતિનાથ બીરાજતાં, દર્શનથી દુઃખ જાય. ૪
કંસારાનું ડેલું તે, સ્ટેશન પાસ નજીક,
અભિનંદનજીન નિરખતાં,લાગી કર્મને બીક. ૫
સરસપુર વાસણશેરી, સુમતિનાથ મંદિર,
ભાવે ભાવના ભાવતાં, તોડી કર્મ જંજીર. ૬
હઠીભાઈની વાડીમાં, ભાવન જીનાલય,
ધર્મનાથજી નિરખતાં, કર્યો કર્મનો ક્ષય. ૭
ત્રણ ચોવીશીના પ્રભુ, પ્રાયઃજેવા મળે ધાર,
ઉપર નીચે ભમતિ બધે,કર્યા દર્શન સુખકાર. ૮
કેમ્પ સદરબજારમાં, સુમતિનાથ હજુર,
ગીરધરનગરે આદિનાથ, વાસુપૂજ્ય હરીપુર. ૯
ભોંયરે શાંતિનાથના, કર્યા દર્શન સુખદાય,
લલિત મુનિ કહે દર્શને,સમકિત નિર્મળ થાય. ૧૦

(રાગ–એ નેમ તુમે થોડા થોડા થાઓ વૈરાગી)

એ સૂણો ભવિ, એક એજ ધૂન ચિત્તમાંહી,
જુઓ રાજ્ય મળે, એજ દિલમાંહી, એ સૂણો ભવિ.

કુંવર પિતાને અહીં, દેખે જવાય નહિં,
રાખે રાજગોર, કંકુ પલાળી, એ સુણેા ભવિ. ૧

પાંચ મીનીટ રહે, કુંવર હિંમત લહે,
નહી બેાલું તેા, ગાદી જશે મારી, એ સુણેા ભવિ. ૨

બેાલે વેચાય બેાર, એમ ધરીને જોર,
થાય ઉભેા વળી,બેસે બીક ભારી,એ સુણેા ભવિ. ૩

ત્રણ મિનિટ એમ, ગાદી મળે જ કેમ,
ધ્યેય રાજગાદી, કેમ મળે મારી, એ સુણેા ભવિ. ૪

મિનિટ એક રહી, રાજગોર ઉભા તહીં,
કરી કંકુ ચોખાની તૈયારી, એ સુણેા ભવિ. ૫

જ્યારે તીલક કરે, કુંવર પડકાર કરે,
લાવે હિંમત, મનમાંહે ભારી, એ સુણેા ભવિ. ૬

સબુર ખબડદાર, હું છું વારસદાર,
હક્ક સાચો મારેા,વાત સૂણેા મારી,એ સુણેા ભવિ. ૭

ચમકી સભાજ ખરે, અવાજ કેાણ કરે,
ચારે દિશામાં, જુએ નિહાળી, એ સુણેા ભવિ. ૮

રંગમાં ભંગ થયેા, કેાણે અંતરાય કર્યો,
જોયેા ખૂણે ઉભેા,રાંકડેા ભીખારી,એ સુણેા ભવિ. ૯

ગાંડેા ગાંડેા જ ખરે, આવ્યેા કયાંથીજ અરે,
કાઢેા કાઢેા બ્હાર,ધક્કા મુકી મારી,એ સુણેા ભવિ. ૧૦

કહેજ ચોકીદાર, નીકળ પડશે જ માર,
શુભ ટાણે માંડી, કરવા લવારી, ઓ સુણેા ભવિ. ૧૧

ભાણે જ જોઈ લીધેા, જેણે જ વેશ દીધેા,
બસ એજ ખરેા,ગાદી નહી મારી,ઓ સુણેા ભવિ. ૧૨

નવેા કુંવર કહે, કેાણ ફરીયાદ કરે,
વાત સાંભળવી,નિતિ એજ સારી,ઓ સુણેા ભવિ. ૧૩

નહિ સુણેા જ એમ, થાયે તિલક કેમ,
બુદ્ધિશાળી થઈ,ભૂલ કરેા ભારી,ઓ સુણેા ભવિ. ૧૪

ડાહ્યો કે ગાંડેા હેાય, સર્વને ન્યાય જોય,
જાએા જાએા બેાલાવેા પાસ મારી,ઓ સુણેા ભવિ. ૧૫

સાચેા કુંવરરાજ, કરે વિચાર આજ,
બસ બાજી બધી,ઉંધી વળી મારી,ઓ સુણેા ભવિ. ૧૬

કરમ કરમરાજ, કરાવે કેવા કાજ,
રંક રાય બને,રાય તેા ભીખારી,ઓ સુણેા ભવિ. ૧૭

કરે વિચાર એમ, લમણે દઈ હાથ તેમ,
આવ્યા સિપાઈ,ચાલએા ભીખારી,ઓસુણેા ભવિ. ૧૮

સભા ચકિત થઈ, કેમ બેાલાવ્યેા અહીં,
કર્યો રંગમાં ભંગ એને ભારી, ઓ સુણેા ભવિ. ૧૯

લાવ્યા રાજાની પાસ, મંત્રી પૂછે છે ખાસ,
બેાલ શું કહેવું તારે ભીખારી, ઓ સુણેા ભવિ. ૨૦

કહે કુંવર છું જ, સાચો વારસ હું જ,
મારો હક્ક પહેલો રાજગાદી મારી,એ સુણો ભવિ. ૨૧

રાજા પ્રધાન સહુ, જાણે ગાંડો જ બહુ,
બેસ દેશું મીઠાઈ બહુ સારી, એ સુણો ભવિ. ૨૨

તેની તરફ અહીં. કોઈ વકીલ નહિ,
સાચો કેસ તેનો માર્યો જશે ભારી,એ સુણો ભવિ. ૨૩

ભાણો રાજાની પાસ, કહે કરો તપાસ,
ખરો કુંવર છે એજ વાત મારી,એ સુણો ભવિ. ૨૪

કુંવર તમારો એજ, બદલાવ્યો વેશ સ્હેજ,
એમ કરતાં બન્યો તે ભીખારી, એ સુણો ભવિ. ૨૫

હુંતો ભીખારી રંક, ઉતરાવ્યો વેશ અંગ,
રાજવેશ દીધો, પોતે રંકધારી, એ સુણો ભવિ. ૨૬

આજે જોયાજ મેંજ, સાચો કુંવર તેજ,
કરો તીલક એજ સાચો ધારી, એ સુણો ભવિ. ૨૭

ભાણકુંવર તુલ્ય, નહી જ કોઈ અન્ય,
ન્યાયી ક્ષાંતિ સદા હિતકારી, એ સુણો ભવિ. ૨૮

શ્રદ્ધા નવકાર તણી, જોઈ અજબ ઘણી,
થાયે લલિત ખુશ બહુ ભારી, એ સુણો ભવિ. ૨૯

સોળમી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! તમે એકતાનથી સાંભળો છત્રકુમારના દિલમાં એક જ ધૂન લાગી રહી છે કે મને મારૂં રાજ્ય મારો હક્ક કેમ મળે ? એ જ એના દિલમાં રાત દિવસ લગની લાગી રહી છે. જેથી મહામહેનતે રાજસભામાં પણ જઈ શકયો છે. અને એક ખૂણામાં ચુપચૂપ બેઠો બેઠો પોતાના પિતાને નિહાળી રહ્યો છે. પણ પોતાના પિતાની પાસે જઈ શકે તેમ નથી. બોલી શકે તેમ પણ નથી. કારણ કે બોલવા જતાં સભા બહાર કાઢી મૂકવાની ભારે બીક છે. સભામાં તો આજે આનંદનો દિવસ હોવાથી નાચગાનતાન થઈ રહ્યા છે. છતા છત્રકુંવરનું ધ્યાન તો તે તરફ બીલકુલ જતું નથી.

જેમ એક રાજાએ મનની એકાગ્રતા થાય જ નહી એવા વિચારવાળા એક શેઠીયાના છોકરાને સમજાવવાને પોતાનું આભૂષણ ગુપ્ત રીતે એની પેટીમાં મૂકાવીને ચોરીનો આરોપ કરીને ગુન્હેગાર ઠરાવી ફાંસીની સજા ફરમાવી.તેના પીતાએ ઘણીઘણી માફી માંગી દંડ ભરવાનું પણ જણાવ્યું. છતાં રાજાએ માન્યું નહિ બહુ બહુ કાલાવાલા કરતા રાજાએ કહ્યું કે હું કહું તે સરત કબુલ કરી તે પ્રમાણે વર્તે તોજ ગુન્હો માફ કરૂં.રાજાએ એવી રીતે કહ્યું કે કાંઠા વિનાનો વાટકો તેલથી ભરેલો. તેમાંથી એક પણ ટીપું પડે નહિ. તેમ આખા શહેરમાં ફરીને મારી પાસે આવે તોજ ગુન્હો માફ થાય. વળી ઉઘાડી તલવારે બે

પોલીશ તેની સાથે જ રહેશે. જો તેલનું ટીપું પડશે તો તેજ વખતે તેનું માથું ઉડાડી દેવામાં આવશે.

આવી અશક્ય પણ સરત મરણભયના કારણે કબુલ કરી. રાજાએ શહેરમાં દરેક ચૌટે ચોકે નાટક નાચ ગાન તાન શરૂ કરાવ્યા છે. આવા સમયમાં સહેજે જોવાનું મન થઈ જાય અને તેલના ટીપા પડયા વિના રહે પણ નહિ. શેઠ પુત્ર તો કોઈ સ્થાને નજર કર્યાવિના નાચગાનતાન જોવાના મોહમાં ન પડતાં ધીમે ધીમે પગલે શહેરમાં ફરી રહ્યો છે. શહેરમાં શું થઈ રહ્યું છે, તેની બીલકુલ ખબર નથી. મનને મજબૂત રીતે કાબુમાં રાખીને એક પણ ટીપું પાડયા વિના રાજા પાસે જઈ નમસ્કાર કરે છે. રાજાએ છૂટો કરી શેઠપુત્રને પુછ્યું કે તેં શહેરમાં શું શું જોયું, શું શું સાંભળ્યું.

ત્યારે શેઠપુત્ર બોલ્યો કે રાજસાહેબ મને કશી ખબર નથી કશું જોયું સાંભળ્યું નથી, આપના હુકમ મુજબ વર્તન કરેલ છે. મનને કયાંય જવા દીધું નથી. રાજાએ કહ્યું કે તું કહેતો હતો કે મન વશ થાયજ નહિ. ત્યારે શેઠપુત્રે કહ્યું કે જો મરણનો ભય માથે રાખે તો મન જરૂર વશ થઈ શકે છે. એવી હવે મને ખાત્રી થઈ ચૂકી છે. રાજાએ કહ્યું તારો ગુનો બીલકુલ હતો જ નહિ છતાં તને સમજાવવાને માટે જ આ ઉપાય લીધો હતો. બાકી તું નિર્દોષ છે.

આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું એજ છે કે જ્યારે ધ્યેય

સિદ્ધ કરવાનો નિશ્ચય થાય છે ત્યારે આગળ પાછળ શું થઈ રહ્યું છે તેની ખબર રહેતી નથી. એ અનુભવસિદ્ધ વસ્તુ છે. સંસારમાં રહેલા કેટલાક મુક્તિના ધ્યેયવાળા હોવા છતાં જીવો જૈન મંદિરમાં જાય. પ્રભુની સ્તુતિ કરે, પૂજા કરે, ચૈત્યવંદન સ્તવનાદિ કરતા હોય પણ મનની ઢીલાશથી એકાગ્રતા કરી શકતા નથી. કોઈ રંગીન નવીન કપડા આભૂષણો પહેરીને ભાઈબહેનો આવે કે તરત જ તે તરફ લક્ષ જાય અને મુખની શરીરની વસ્ત્રો આભૂષણોની શોભા જોવા લલચાય, એટલુ જ નહિ પણ જોઈ જોઇને રાજી થાય એ ખરેખર જિનભક્તિમાં ખામી જ ગણાય. એ ખામી દૂર કરવા પ્રયત્ન કરવો, પણ જિનમંદિર ઉપાશ્રયમાં જવાનું બંધ કરવું નહી. પ્રયત્ન કરતા કરતા ભાવમાં એકાગ્રતા થશે, પણ ઘરે બેસી રહેવાથી દેરાસર ઉપાશ્રયે નહિ જવાથી મનની ભાવના વધશે નહિ, એમ કરવાથી મનની નબળાઈ વધુ થાય છે, એ ભૂલવા જેવું નથી. જો કે છત્રકુંવરની ધૂન છે, તે તે સંસાર સુખ તરફની છે. એટલે તેના ધૂનની અનુમોદના તો નજ કરાય, પણ દૃષ્ટાંત તરીકે તેની ધૂનથી આત્માને સમજાવી શકાય.

હવે આ બાજુ રાજગોર રાજકુંવરને તિલક કરવા માટે કંકાવટીમાં કંકુ કાઢે છે, હવે પાંચ મીનીટની જ વાર છે, છત્રકુંવર હિંમત કરી રહ્યો છે વિચાર કરી રહ્યો છે કે હવે જો નહી બોલું તો રાજહક્ક મને મળશે નહિ. કહેવત છે કે બોલે તેના બોર



રાજમોર રાજ્યતીલક કરવા જાય છે તેજ વખતે આત્મબળ કોરવીને સાચો રાજકુંવર
હાથ ઉંચો કરીને પડકાર કરે છે કે ખબરદાર ખબરદાર ! રાજતીલક મને થવું જોઇએ.

વેચાય. એમ સંકલ્પ કરી જોરથી બોલવાહુંબો થઈજાયછે, પણ વળી જેમ ગ્રંથી પ્રદેશે આવેલ જીવ કર્મગ્રંથીને છેદવા અસમર્થ બને અને હિંમત હારી જાય,તેમ છત્રકુંવર હિંમત હારીને બેસી જાય છે,કારણ કે સભામાંથી કાઢીમૂકવાની બીક મોટી છે,બહાર કાઢ્યા પછી રાજ સભામાં જઈ શકાય તેવો કોઈ ઉપાય નથી.

એમ કરતાં કરતાં હવે તો ત્રણ મિનિટ બાકી રહી છે. મને મારો રાજહક્ક, રાજગાદી કેવી રીતે મળે તેનાજ સતત વિચારમાંને વિચારમાં હવે તો એક જ મિનિટ રાજતિલક કરવાની રહી છે. એટલે રાજગોર ઉભા થઈ મંત્ર ભણતા ભણતા કંકુ ગંગાજળ એકમેક કરી અક્ષત તૈયાર કરી રાજકુંવરને તિલક કરવા જાય છે, તેજ વખતે છત્રકુંવરે હિંમત કરીને પોતાનો પુરૂષાર્થ ફોરવીને પડકાર કર્યો. સબુર ખબડદાર, ખરો રાજકુંવર હુંજ છું. હુંજ રાજ્યહક્કનો વારસદાર છું, માટે મારી વાત સાંભળો, રાજતિલક મને જ થવું જોઇએ. આવી રીતે અપૂર્વબળ ફોરવીને રાજસભાને સ્તબ્ધ બનાવી દીધી.

મહાનુભાવો ! રાગ–દ્વેષરૂપી કર્મગાંઠ ભેદવાને માટે પણ આવું અપૂર્વકરણ કરાય તોજ સમકિત મેળવવાને લાયક બને છે, એટલે કે અનિવૃત્તિ કરણવડે સમ્યકત્વ મેળવ્યા વિના રહેતોજ નથી. સમ્યકત્વ પામ્યા પછી મુક્તિના ધ્યેયપૂર્વક સમ્યકૂકરણી કરી કર્મો ખપાવીને મોક્ષ મેળવાય છે.

જ્યારે જ્યારે ધાર્મિક કાર્યો કરવાનો પ્રસંગ આવે, ધાર્મિક

ક્રિયાઓ કરવાનો પ્રસંગ આવે, દાન, શીલ, તપ અને ભાવના પ્રસંગોએ આત્મા દૃઢતા પૂર્વક કર્મરાજા સામે સામનો કરે, નબળાઈ રોદણાં દૂર કરે, કૃપણતાને કાઢી, બ્રહ્મચર્યમાં બરાબર સ્થિર રહે, તપ વખતે મનને મજબૂત બનાવે, ભાવની વૃદ્ધિ મોક્ષ માર્ગે જોડે, કષાયો ઉપર ક્ષમા વિગેરે હથીયારોથી જય મેળવે. આ રીતે રાગ–દ્વેષની ગાંઠને ભેદવા અપૂર્વ અધ્યવસાયો શુભ બનાવી, અપૂર્વ આત્મશક્તિ ફોરવી. સંયમની આરાધના માટે જ્ઞાનાવરણીયાદિ કર્મોને હટાવવા માટે સ્વાધ્યાય, સંવરમાં વિશેષ પ્રયત્ન કરવો, સુજ્ઞાન દર્શન, ચારિત્રની સહાયથી સાધનથી, તપશ્ચર્યામાં શક્તિ ફોરવી કર્મોને બાળી નાંખવા, જેથી કર્મગાંઠ નાશ પામે અને મુક્તિમાર્ગ ખુલ્લો થાય.

આત્મશક્તિ ફોરવવાના જે જે માર્ગો જ્ઞાનીઓએ દર્શાવ્યા છે, આદર્યા છે, આચર્યા છે, તે મુજબ તેમની આજ્ઞાએ ચાલવું જોઇએ, એટલે કે આત્મશક્તિ અશુભ માર્ગેથી પાછી વાળી શુભ માર્ગે વાળવી એજ કહેવાનો હેતુ છે.

છત્રકુંવરે પડકાર કરવાથી રાજસભા ચમકી ગઈ. આ અવાજ કોણે કર્યો ? ચારે બાજુ નજર ફેરવવા લાગ્યા. રંગમાં ભંગ કરી આવો અંતરાય કોણે કર્યો ? ચારે બાજુ જોતાં એક ખૂણામાં ઉભો રહેલો રાંકડો ભીખારી જોવામાં આવ્યો.

અરે ! આતો પાગલ છે, ઘેલો છે, ગાંડો છે, અહીં રાજસભામાં શી રીતે આવ્યો, એને ધક્કા મુક્કી મારીને કાઢો કાઢો

બહાર કાઢો. એવા શબ્દો સાંભળતાજ રાજનો પોલીસ આવી જલ્દી બહાર નીકળવાનું કહે છે. બહાર નીકળ નહીંતો માર પડશે. આવા શુભ કામ અવસરે, મંગળ વખતે, લવરી કરવા માંડી, માટે તેના ફળ તુંજ ભોગવ. એમ કહીને રાજસભામાંથી જ્યારે બહાર કાઢે છે, ત્યારે ન્યાયી સત્યવાદી ભાણકુંવરે તેને જોઈ લીધો, અને જાણી લીધું કે એણેજ મને રાજવેશ પહેરાવ્યો હતો, એજ ખરો રાજકુંવર છે. રાજગાદીનો સાચો વારસદાર હકદાર એજ છે, હું નહિં.

એમ મનમાં વિચાર કરી રાજા તથા મંત્રીને કહ્યું કે આ ફરિયાદ કરનાર કોણ છે, તેની વાત ફરીયાદ સાંભળવી જોઈએ, એજ ખરી રાજનીતિ છે. આજે મંગલનો દિવસ છે. આવા શુભ દિવસે કોઇને અન્યાય થાય તે વ્યાજબી નથી. જ્યાંસુધી તેની વાત ફરીયાદ સાંભળવામાં ન આવે ત્યાં સુધી રાજતિલક પણ કેમ થાય ? તમો બુદ્ધિશાળી હોવા છતાં કેમ ભૂલ કરી રહ્યા છો. ભલે ડાહ્યો હોય કે ગાંડો હોય કે પાગલ હોય અથવા મૂર્ખ હોય, તેમજ સજ્જન કે ભલે દુર્જન હોય, રાય હોય કે રંક હોય, ગમે તે હોય, ન્યાય માંગવાનો સહુને હક્ક છે, પણ આ અવસરે જ્યારે સભામાં હાજર થઈ ન્યાય મેળવવા આવેલ છે. તો જરૂર તેને એક વખતતો સાંભળવો જ જોઈએ. જાઓ જાઓ એને અહીં બોલાવી લાવો.

આ બાજુ સાચોરાજકુંવર રાજસભા બહાર થવાથી વિચાર

કરી રહ્યો છે કે બસ બાજી બંધી ઉંધી વળી ગઈ, બધી મહેનત નકામી ગઈ, મહામુશીબતે રાજસભામાં પ્રવેશ કરી શકયો હતો પીતાના પણ દર્શન થયા, આનંદ વ્યાપી રહ્યો હતો, પણ મારા માટે કુદરતને તે વસ્તુ ગમી નહીં, ઉદ્યમ કરવા છતાં ફળની પ્રાપ્તિ ન થઈ તેમાં ભાગ્યનો જ દોષ છે.

પુણ્યાઈ હોય તોજ બધા પાસા સવળા પડે છે. પુન્યપાપ એક સરખા નહી હોવાથી આટલા આટલા અનેકદુઃખો સહન કરી કરીને જીવ ઉંચો આવે પણ અજ્ઞાનપણાથી વળી મિથ્યાત્વ અવિરતિ કષાય અને અશુભયોગે કર્મ બંધન કરી પાછો એકેન્દ્રિયાદિ ગતિમાં જાય છે. એટલે કરી કમાણી બધી ધુળ થઇ જાય છે. વળી મહેનત ફરી કરવી પડે છે. વળી કષ્ટો સહી સહીને ઉંચો આવ્યા છતાં પાપ બંધ કરવાનું સૂઝતુ નથી. જેથી વળી એકેન્દ્રિયાદિ તિર્યંચ ગતિમાં જવાના દ્વારખુલ્લા રહેવાથી નિગોદ વિગેરેમાં જાય છે આ દુઃખોનું વર્ણન કરવામાં આવે તો મોટો ગ્રંથ થવા પામે. આમ ભ્રમણ થવામાં પોતાનો પુરૂષાર્થ સાચા માર્ગે કર્યો નહી તે જ છે. મનુષ્ય ભવ મળે તો પણ દુઃખ આપનાર થાય એ જેવી તેવી બીનાનથી પણ ભયંકર ભૂલ છે. જ્ઞાનીઓએ મનુષ્ય જીવન મળવું મહાદુર્લભ કહેલ છે. ઘણી પુન્યરાશીઓ મળે ત્યારે માનવ ભવ મળે. આવો માનવભવ પામ્યા પછી તેની સફળતા સાર્થકતા નહી કરતાં અધમ કોટીના સ્થાનોમાં જવાનું થાય એવી કાર્યવાહીમાં ઉત્તમ જન્મને વેડફી

નાંખીને પછી ગમે તેટલો પ્રશ્ચત્તાપ કર્યે શું કામ આવે? દેવગતિ દેખીતી રીતે સુંદર છે પણ વિરતિ પણું નહી હોવાથી મોટા ભાગના દેવો પાપના પોટલાં એકઠાં કરે છે. પુણ્ય ખવાઈ જાય છે. અર્થાત્ પુણ્ય વેચીને પાપ વહોરે છે. એમ કહી શકાય.

દેવો મરીને દેવો થઈ શકતા નથી મોટા ભાગે તિર્યંચોમાં જાય છે નારકીના જીવોની તો વાત કરવા જેવી નથી. આમ જીવોનું ભવ ભ્રમણ કર્મ નિમિતે ચાલુ રહે છે. આત્મા ઉપર કર્મોનો બળાત્કાર છે. એમ સમજવાનું નથી.

મોહનીય કર્મના ઉદય કાળે તે કર્મ કષાયનું નિમિત્ત પુરૂ પાડે છે, પણ તેમાં બળાત્કારે કોઈ પણ કષાયમાં યોજવાની સત્તા નથી ફક્ત બળહિન આત્મા એજ નિમિત્તના ઉદય કાળે વિભાવમાં પરિણમે છે. જેમકે નાટક સીનેમા હોટલો મેવા મીઠાઈની દુકાનો વગેરે જેમ રસ્તે ચાલ્યા જનારને નાટક સીનેમા જોવાનું મન થાય. ચા કોફી વિગેરે પીવાનું મન થાય. અને સુંદર મેવા મીઠાઈ ફ્રુટ વિગેરે આહાર ગ્રહણ કરવાનું માત્ર નિમિત જ પુરૂ પાડે છે. પરંતુ બળાત્કારથી તે નિમિત્તો તે તે કાર્યો કરવામાં તેમને યોજતા નથી. તેમ ઉદય આવેલા કર્મો પણ તે પ્રમાણે નિમિત્ત પુરૂ પાડે છે. પણ બળાત્કારે એ કે કાર્ય કે ભાવ વિશેષમાં યોજતું નથી. જે વીર્યવાન આત્માઓ થાયછે તેઓ નિમિત્તની સત્તાને વશ થતા નથી. અને અલ્પકાળમાં પરમ પુરૂષાર્થની સિદ્ધિ કરી શકે છે.

જ્યાં સુધી મિથ્યા દર્શનમાં હતો ત્યાં સુધી તે બાળક હતો. જ્યારે જૈનદર્શન અને મનુષ્ય દેહ મલ્યો છે ત્યારે એ પ્રૌઢાવસ્થા હોઈ આત્માની ફરજ છે કે તેણે નાદાનીનો ત્યાગ કરી સાચો ઉદ્યમ કરવો જ જોઈએ.

હવે સાચો રાજપુત્ર છત્રકુંવર રાજસભામાંથી બહાર ગયા પછી બહુ ખેદ કરે છે. પોતાના ભાગ્યનો દોષ ગણે છે. કર્મ-રાજને કહે છે કે હે કર્મરાય તારી કળા ખરેખર અકળ છે.તારી આગળ કોઈનું ચાલતું નથી. તું રંકને રાજા મહારાજા બનાવી દેછે અને રાયને રંક ભીખારી દાસ બનાવી શકે છે.એમ વિચાર કરી લમણે હાથ દઈ ઉદાસપણે બેઠો છે.

તેવામાં રાજનો પોલીશ આવીને કહેવા લાગ્યો કે, અલ્યા ભીખારી રાજસભામાં તે વિઘ્ન ઊભું કર્યું તેની શિક્ષા તને મળવી જોઈએ. માટે ચાલ રાજા પાસે. મને પકડી લાવવાનો હુકમ મળેલ છે. આ સાંભળી શિક્ષાનો ડર તો મનમાં આવતો જ નથી. ઉલટુ ફરીવાર રાજસભામાં જવાનો મોકો મલ્યો એટલું જ નહિ પણ ખાસ રાજાની પાસેજ જવાનું થવાથી મારૂં ભાગ્ય કંઈક જાગ્યું છે એમ સમજી અત્યંત હર્ષ સાથે સીપાઈની સાથે ચાલ્યો. સીપાઇએ રાજા પાસે ખડો કર્યો.

આ બધું જોઇને સભાજનો પણ ચકિત થઈ ગયા. આને જ રંગમાં ભંગ કર્યો છે. આવા પાગલ માણસને રાજાએ કેમ બોલાવ્યો. એમ સર્વ કોઈ જોઈ રહ્યા છે. તે વખતે મંત્રી પૂછે છે

કે અલ્યા ભીખારી ? તારે શું કહેવાનું છે. ત્યારે ભીખારી વેશ વાળા સાચા કુંવરે કહ્યું કે રાજગાદીનો સાચો વારસદાર હું જ છું રાજગાદીનો પહેલો હક્ક મારો છે. મને જ રાજતીલક થવું જોઇએ. આ સાંભળીને રાજા મંત્રી વિગેરે હસી પડયા. અને જાણ્યું કે આ બિચારાને ચિત્તભ્રમ થયેલ હોવાથી ગાંડો બનીને આવી વગર વિચારી લવારી કરે છે. એમ સમજીને મંત્રીએ કહ્યુ કે બેસ બેસ. તને સારીસારી મીઠાઈ કપડાં વિગેરે આપશું હવે ફરીથી આવું બોલતો નહિ.

બેસીજા બેસીજા. અહીંયા જ બેસીજા. એમ કહીને તેની વાત ઉપર કંઈ લક્ષ આપ્યા વિના બેસાડી દીધો. જથી વળી નિરાશ થઇ ગયો. તે વખતે ભાણકુંવરે વિચાર કર્યો કે આનો કેસ સાચો છે આની ફરીયાદ સાચી છે કહેવું સાચું છે. છતાં રાજા મંત્રી વિગેરે સાચી પરિસ્થિતિથી અજાણ હોવાથી આનું કહેવું અત્યારે માને તેમ નથી તેના તરફી કોઈ વકીલ પણ નથી. સાચી વાત મારી જાય છે માટે મારેજ સાચી હકીકત જણાવવી જોઇએ. એમ વિચાર કરીને રાજા કહે છે કે આની વાત કાઢી નાંખવા જેવી નથી.

તે બાબતની તપાસ કરો, ખરોરાજકુંવર તમારો તેજ છે. હું નહી. મારૂં પણ એજ કહેવું છે કે, એજ તમારો સાચો કુંવર છે. પોતાનો રાજવંશી પોશાક મને પહેરાવ્યો. અને મારો રંક વેશ તેમણે ધારણ કર્યો તેમાં જ તેઓ ભીખારી બની ગયા.

તેઓ અને હું એક વેશ સિવાય બધી રીતે સરખા હોવાથી તમો સર્વેએ મનેજ રાજકુંવર માની લીધો. આજે જ મારા જોવામાં તેઓ આવ્યા. હું ભીખારી રંક હતો. સાચો રાજકુંવર તેજ છે. માટે રાજતીલક તેમને જ કરો. તેજ લાયક છે.

મહાનુભાવો ! ભાણકુંવર ખરેખર ભાણ (સૂર્ય) છે. સૂર્યના પ્રકાશ આગળ બીજા પ્રકાશઝાંખાજ પડે છે. તેમ ભાણકુંવરમાં જે બુદ્ધિબળ, તેજ, ન્યાય, ધાર્મિકતા ભરેલી છે. તેના તુલ્ય બીજા કોઈમાં જોવામાં આવતી નથી. તેનો ધાર્મિક અભ્યાસ ધર્મસંગીત ચમત્કાર પમાડે તેવા છે. પ્રાયઃ કરીને ધર્મની જ વાતોમાં વાંચનમાં તેના દિવસો પસાર થાય છે. બીજાને દુઃખી જોઇને તેના દિલમાં દુઃખ થતું. પોતાથી કોઈનું લગાર માત્ર પણ અન્યાય ન થઈ જાય તેની પુરેપુરી ચીવટ હતી. ન્યાય એજ એનો મુદ્રાલેખ હતો. તેના હૃદયમાં સદા ક્ષાંતિ વસેલી હોવાથી દરેકનું હિત થાય તેજ ઈચ્છતો હતો. નવકાર મંત્ર તો ભીખારી પણામાંથી શીખેલ હતો. તેની શ્રદ્ધા ગજબ હતી. કોઈ ડગાવી શકે નહિ. આ તેનું લલિત જીવન દરેકને બહુ ખુશ કરનારૂં હતું.

ઢાળ ૧૭ મી

મોરઇયા પાસ ખડકીએ, નાયક આદિનાથ,
આજુ બાજુએ મોરઇયા, પાર્શ્વ મહાવીર સાથ. ૧

મહિમાવંત શ્રી પાર્શ્વના, કરે દર્શન નરનાર,
તે ખડકીમાં ધર્મનાથ, નમનથી સુખ ધાર. ૨
પાંજરાપોળે શાશ્વતા, જિન નામ છે ચાર,
ઋષભચંદ્રાનન વારિષેણ, વર્ધમાન શ્રીકાર. ૩
શાંતિનાથ તેમ ભોંયરે, વાંદ્યા આદિનાથ,
શીતલનાથને ભેટીયા, વાસુપૂજ્ય જિન સાથ. ૪
શેખપાડે અજીતનાથ, તેમજ શાંતિનાથ,
વાસુપૂજ્યજી બારમાં, દશમાશીતલનાથ. ૫
દેવસાનાપાડે વળી, શાંતિનાથજી સોહે,
ભોંયરે પાર્શ્વચિંતામણી, દર્શનથી મન મોહે. ૬
વળી શામળીયા પાર્શ્વજી, ભોંયરે આદિનાથ,
તેમ ચિંતામણીપાર્શ્વને, ભેટયા ધર્મનાથ ૭
દાદાસાહેબની પોળમાં, સોળમાં શાંતિનાથ,
કર્યા વંદન તેમ સાથમાં, વળી આદિનાથ. ૮
જુના મહાજન વંડામાં, સુમતિનાથ સુખકાર,
કીકાભટ્ટની પોળમાં, વિમલ દોહલા પાર્શ્વ. ૯
પંચભાઈની પોળમાં, શાંતિનાથ ભાવે,
વળી આદીશ્વર ભેટતા, દુઃખ દોહગ જાવે. ૧૦
લુણસાવાડે મોટી પોળ, ત્રીજા સંભવનાથ,
લલિત દર્શન નમનથી, થયો હુંજ સનાથ. ૧૧

(રાગ–સૂણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજે)

સૂણો સજ્જનજી એક સમયમાં,એકજ ઉપયોગ હોય છે,
છતા એમ સમયમાં આઠે કર્મો,કેવી રીતે બંધાય છે.સૂણો

સૂણો ઉત્તર તેનો કહેવાયે,કર્મોની અસર વિધવિધભાવે,
વિધ વિધ કર્મો પણ બંધાયે, સુણો સજ્જનજી. ૧

સમયેસમયેસાતે કર્મો,જીવો બાંધે છે તે તો સમજો,
હોય સત્તામાં આઠે કર્મો, સુણો સજ્જનજી. ૨

આઠેકર્મો ઉદયે આયે,નિજનિજ ફળ મળતું જોવાયે,
કેવી રીતે પણ સમજાયે, સુણો સજ્જનજી. ૩

નથી કેવળજ્ઞાન તો અત્યારે,જ્ઞાનાવરણી ઉદય ભારે,
ક્ષયોપશમ તરતમ ભાવે, સુણો સજ્જનજી. ૪

જ્ઞાનાવરણીય જો ન હોયે,તો તો કેવળ નિશ્ચે હોયે,
નથી કેવળજ્ઞાન સહુ કોઈ જાણે,સુણો સજ્જનજી. ૫

દર્શનાવરણીય કર્મ બંધાયે,સમયે સમયે ઉદયે આવે,
નથી કેવળ દર્શન સમજાયે, સુણો સજ્જનજી. ૬

વેદનીય કર્મ સમજાયે છે,શાતા અશાતા જણાયે છે,
નિત નિત અનુભવ થાયે છે, સુણો સજ્જનજી. ૭

મોહનીય કર્મપણુ ચાલુજછે,વીતરાગપણું ન આવ્યુંછે,
કષાયો વધ ઘટ થાય જ છે, સુણો સજ્જનજી. ૮

આયુષ્ય કર્મનો ઉદય છે,ચારે ગતિઓ તૈયાર જ છે,
કોઇને પણ કોઇગતિ નિશ્ચિત છે,સુણો સજ્જનજી. ૯
નામ કર્મનો પણ ઉદય કહીયે,દેહ જાતિ વર્ણાદિ લહીયે,
છે ભેદો ઘણા તે ચિત્ત ધરીએ, સુણો સજ્જનજી. ૧૦
ઉંચ કે નીચ ગોત્ર વસે એમાં, બેમાંથી એક ખરૂ તેમાં,
તેનો પણ ઉદય જીવનમાં, સુણો સજ્જનજી. ૧૧
અંતરાય કર્મ બહુ આવે છે,સમયમાં ઉદય પાવે છે,
અનંત ગુણો અવરાવે છે, સુણો સજ્જનજી. ૧૨
એકજ ઉપયોગે એ થાયે, આઠે કર્મો તે બંધાયે,
વિધ વિધ અસરો લાગુ થાયે, સુણો સજ્જનજી. ૧૩
આત્મપરકર્મ અસરથાયે,તેમઆત્માની કર્મ ઉપરથાયે,
પણ નિજ સ્વરૂપન પલટાયે, સુણો સજ્જનજી. ૧૪
ઘોડો ગધેડો સાથે લાવે, પણ ઘોડો ગધેડો ન થાવે,
તેમ ગધેડો ન ઘોડો થાવે, સુણો સજ્જનજી. ૧૫
ધોળા કાળા બળદો આયે,સાથે રહે રંગ ન બદલાયે,
પણ સ્વભાવની અસરો થાયે, સુણો સજ્જનજી. ૧૬
તેમ એક બીજા ન પલટાયે.પણ અસર કરે છે સમજાયે,
વધે જોર જેનું તે તે ફાવે, સુણો સજ્જનજી. ૧૭
કાર્મણ વર્ગણા આતમગ્રહે, કર્મ રૂપે તે પરિણમે,
ત્યારેભાગલા પણ તરતજ થાયે,સુણો સજ્જનજી. ૧૮

તેમ સ્વભાવનું ચોક્કસ થાયે,તે આત્મ અસર લીધે થાયે,
સ્થિતિ રસમાં પલટો થાયે, સુણો સજ્જનજી. ૧૯
એમ આત્મ શક્તિ અનંતી છે,કર્મ શક્તિ તેવી નહી છે,
આતમ શક્તિ ચઢીયાતી છે, સુણો સજ્જનજી. ૨૦
જગમાંહી ધમાલો દેખાયે, પણ તે કર્મ ઉદયે થાયે,
તે વિણ નહિ જગમાં દેખાયે, સુણો સજ્જનજી. ૨૧
કર્મ ચાલુ તો સદાયે છે, અનાદિ પણ અટકાયે છે,
ઉપાય ખરો કરાયે છે, સુણો સજ્જનજી. ૨૨
પેઢી અનાદિ કહેવાયે, છેલ્લો પુત્ર જો નજ થાયે,
અંત થાયે પેઢીનો ત્યાંયે, સુણો સજ્જનજી. ૨૩
ન લગ્ન કરે બ્રહ્મચારી રહે, વૈરાગે સંયમ શુદ્ધ ગ્રહે,
જ્ઞાન સમ્યક્ ક્રિયાથી જ તરે, સુણો સજ્જનજી. ૨૪
જો ભવ મનુષ્યનો આવીમળે,દેશઆર્ય વળી ઉત્તમકુળે,
સદ્ગુરુતણો સંજોગ ભળે, સુણો સજ્જનજી. ૨૫
સુદેવતણા વચનો કાને,સુણી જીવન સુંદર જીવી જાણે,
નવા પાપ ન બંધાય દિલ આણે,સુણો સજ્જનજી. ૨૬
કાઢેજુનાપાપ અંતરથી,કરેસકામ નિર્જરા સમજણથી,
શુદ્ધ સ્વરૂપ પામે ઝટપટથી, સુણો સજ્જનજી. ૨૭
એ રીતે જન્મ મરણ ફેરા,જાય ન રહે દુઃખની વેળા,
લહે ક્ષાંતિ લલિત મુક્તિ મેળા,સુણો સજ્જનજી. ૨૮

૧૭ મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ? આપણે છત્રકુંવરનું ચરિત્ર ચાલે છે. તેમાં કૌતુક જોવાનાં કારણથી રાજપુત્રમાંથી રંક પુત્ર બની ગયો. છતાં રાજ્યનો વારસ હું કેવી રીતે થાઉં. તેના વિચારમાં દિવસો ચાલ્યા જતા હતા. ભીખારી અવસ્થામાં પણ તેનું ધ્યેય તો પોતાનો હક્ક પ્રાપ્ત કરવામાં મશગુલ હોવાથી વિડંબના માન અપમાન સહન કરીને પણ રાજસભામાં મહામુશીબતે જઈ શક્યો હતો. ત્યારે પણ એક વખત તો અપમાન પામીને રાજસભા બહાર જવું પડયું હતું. પણ હવે પુણ્યનો ઉદય થવાની તૈયારી હોવાથી વળી ન્યાયી સદાચારી સત્યવાદી સુદેવ ગુરૂધર્મનો સેવક ગાંભીર્યાદિક અનેકાનેક ગુણોથી શોભતા વિનયી વિવેકી દયાળુ ઉદાર દિલવાળા પરોપકારી એવા ભાણકુંવરના કહેવાથી જ વળી રાજસભામાં બોલાવવાનો પ્રસંગ બન્યો. આ રીતે તડકા છાંયડા સુખ દુઃખના કર્મસંયોગે જોવામાં આવે છે.

ભાગ્યશાળીઓ ? કર્મસંબંધી ટુંકમાં પણ મુદ્દાની વાતો સમજાઈ જાય તો પણ આત્મા ક્રમેક્રમે હળુ કર્મી બની કર્મથી છૂટી શકે છે. આત્માનો ઉપયોગ એક સમયે એક પ્રકારનો હોય છે. તો હવે પ્રશ્ન ઉદ્ભવે છે કે એ ઉપયોગથી એક પ્રકારનું કર્મ બંધાય. પણ જુદાજુદા કર્મો એક સાથે કેવી રીતે બંધાય. ઉત્તરમાં સમજવાનું કે આત્માનો જે ઉપયોગ છે. અધ્યવસાય છે તે વિવિધ કર્મોની અસરવાળો છે. માટેજ તેનાથી જુદા

જુદા કર્મો બંધાય. જ્યારે એ ઉપયોગ તદ્દન શુદ્ધ થઈ જાય ત્યારે માત્ર એક જ શાતાવેદનીય કર્મનો બંધ થાય.

આત્માનેઆઠે કર્મોનોઉદયહોયછે.આત્મા સમયેસમયે સાત કર્મ બાંધે છે. આઠ કર્મો સત્તામાં હોય છે. અને આઠ કર્મનો ઉદય હોય છે. એકી સાથે કર્મો ઉદયમાં આવી પોતાનું ફળ કેવી રીતે આપી શકે ? તેના સમાધાનમાં જણાવવાનું કે દરેક સમયે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ચાલુ છે. જો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ચાલુ ન હોય તો આપણને કેવળજ્ઞાન હોય. પણ આપણને કેવળજ્ઞાન નથી. એટલે જ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે. એ નક્કી છે. જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ ચાલુ છે. તેથીજ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન સંભવે છે. અવધિજ્ઞાન તથા મનઃપર્યવ પણ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમને લીધેજ થાય છે.

વળી દરેક સમયે દર્શનાવરણીય કર્મનો ઉદય પણ ચાલુ છે.કારણ કે આપણને કેવળ દર્શન નથી. દર્શનાવરણીય કર્મમાં પણ ક્ષયોપશમભાવ ચાલુ હોય છે.તેથી ચક્ષુદર્શન અને અચક્ષુ દર્શન આદિ હોય છે.

વળી દરેક સમયે વેદનીયકર્મનો ઉદય પણ ચાલુ છે.કારણ કે આત્માશાતા અથવા અશાતાનો નિરંતર અનુભવ કરે છે.

તેમજ દરેક સમયે મોહનીય કર્મનો ઉદય પણ ચાલુ છે. કારણ કે આપણો આત્મા વીતરાગ દશાને પામેલો નથી. મોહનીય કર્મમાં પણ ક્ષયોપશમભાવ હોય છે. કારણ કે કષાયો

કયારેક વધે છેઅને કયારેક ઘટે પણ છે.મોહનીય કર્મના ઉદયને લીધે આત્મારાગી, દ્વેષી, ક્રોધી,માની, કપટી, લોભી વિગેરે બને છે. અને હાસ્ય રતિ, અરતિ, એ બધુ ચાલુ હોય છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર કર્મનો ક્ષયોપશમ થાય છે.ઉપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય. અને ક્ષય બધા કર્મનો થાય છે. આયુષ્ય કર્મનો ઉદય પણ દરેક સમયે ચાલુ જ છે. કારણ કે દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચ કે નરકગતિમાંથી એક આયુષ્ય અવશ્ય ઉદય હોય છે.

નામ કર્મનો ઉદય પણ દરેક સમયે ચાલુ છે. કારણ કે શરીરજાતિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સ્વર, ઉપઘાત, પરાઘાત એ બધુ આપણને હોય છે.

ગોત્ર કર્મનો ઉદય પણ ચાલુ છે. કારણ કે આપણે ઉંચ ગોત્ર કે નીચ ગોત્રમાંથી એક ગોત્રમાં તો અવશ્ય હોઈએ છીએ. અને અંતરાય કર્મનો ઉદય પણ સમયે સમયે ચાલુ હોય છે. કારણ કે આત્માના ગુણો અનંત દાન, અનંતલાભ, અનંતવીર્ય આપણને હોતા નથી. આપણને દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યનો જે અનુભવ થાય છે તે અંતરાય કર્મના ક્ષયોપશમ ભાવને લઈને છે.આ રીતે આઠે કર્મનો ઉદય સમયે સમયે ચાલુ હોય છે. આથી નિશ્ચય થાય છે કે આત્માનો જે ઉપયોગ છે. અધ્યવસાય છે. તે વિવિધ કર્મોની અસરવાળો છે.

આત્મા પર કર્મની અસર થાય છે.આત્મા કોઈપણ સ્થિતિ

સંયોગમાં પુદ્ગલનું રૂપ ધારણ કરતો નથી. અને પુદ્ગલો કોઈ પણ સ્થિતિ–સંયોગમાં આત્માનું રૂપ ધારણ કરતાં નથી.

આ લોક વિશ્વ જગત કે દુનિયા છ દ્રવ્યનો સમુહ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યનો સમૂહ છે. તેમાં એક દ્રવ્ય પલટાઈ ને બીજું દ્રવ્ય થાય નહિ,જો એક દ્રવ્ય પલટાઈને બીજું દ્રવ્ય થતું હોત તો છનાં પાંચ થાય. પાંચના ચાર થાય. ચારના ત્રણ થાય.ત્રણનાં બે રહે,અને બેમાંથી એક બની જાય. એ રીતે તો જીવ અને અજીવની કે ચેતન અને જડની જુદાઈ પણ ન રહે.પરંતુ એદ્રવ્યો પલટાતા નથી તેથી છના છજ રહેછે. પુદ્ગલ રૂપ કાર્મણ વર્ગણાની કર્મની અસર આત્માના સ્વભાવ પર થાય છે. તેથીજ આ લોકમાં આત્માની ભિન્નભિન્ન સ્થિતિ–અવસ્થા ભૂમિકાઓ સંભવે છે.

ઘોડો અને ગધેડો સાથે રહેતા હોય તો ઘોડો પલટાઈને ગધેડો થતો નથી. કે ગધેડો પલટાઈને ઘોડો થતો નથી.પણ એક બીજાના સ્વભાવની અસર એક બીજા પર પડે છે. ધોળીયા બળદની સાથે કાળા બળદને બાંધીએ તો વાન ન આવે, પણ સાન જરૂર આવે. કહેવાની મતલબ એ છે કે ધોળા સારા ગુણ-વાળા બળદની સાથે કાળા–નઠારા સ્વભાવવાળા બળદને રાખ્યો હોય તો એ બળદનો રંગ પલટાઈને કાળો ન થઈ જાય.પણ કાળા બળદની ખોટી ટેવો તો જરૂર આવે. જેમ કર્મોની અસર આત્મા પર થાય છે. તેમ આત્માની અસર કર્મ પર પણ થાય છે.

જ્યારે આત્મા કાર્મણ વર્ગણાઓ ગ્રહણ કરે તેને કર્મરૂપે પરિણમાવે છે. ત્યારે તેના ભાગલા પડે છે અને તેમાં સ્વભાવનું નિર્માણ થાય છે. તે આત્માની અસરને લીધે જ થાય છે.

આત્મા ધારે તો કર્મની સ્થિતિ અને રસમાં પણ મોટો ફેરફાર કરી શકે છે. આને કર્મ ઉપર થતી આત્માની અસર નહિ તો બીજું શું કહેશો ?

આત્મા સ્વભાવે અનંત જ્ઞાની છે. પણ જ્ઞાનાવરણીય કર્મ તેના જ્ઞાનને દબાવે છે. તે એટલું બધુ દબાવી દે છે કે તેનો અનંતમો ભાગજ ખુલ્લો રહે છે. જો કર્મનું ચાલે તો આત્માને સાવ જડ બનાવી દે.પણ એટલી હદ સુધી તેનું ચાલતું નથી.

પહેલા કહેવાઈ ગયું છે કે એક દ્રવ્ય પલટાઇને બીજું થતું નથી. એટલે એમ બનવું શક્ય નથી.

કર્મના ઉદયથી આ બધી ધમાલ દુનિયામાં પ્રવર્તે છે. માનવી પોતાના આત્મબળથી આ કર્મોને ફેરવી નાંખી શકે છે. અને કર્મની નિર્જરા કરીને મોક્ષે જઈ શકે છે. જો કે પરંપરાએ કર્મ અનાદિના છે. અનાદિની પરંપરા અટકી પણ શકે છે. જો પેઢીની પરંપરામાં છેલ્લી વ્યક્તિને પુત્ર ન થાય અથવા તે છેલ્લી વ્યક્તિ બ્રહ્મચર્ય પાળે અને લગ્ન ન કરે તો પરંપરા અટકી શકે છે. આવી રીતે આત્મા મનુષ્ય ભવ. આર્ય દેશ. ઉત્તમકુલ અને સદ્‌ગુરૂનો સંયોગ સંસર્ગ પામી પરમાત્માનો

ઉપદેશ સાંભળી એવું જીવન જીવે કે પાપ ઓછું બંધાય અને જુના પાપ વધારે ખપે. તીજોરીમાં લાખ રૂપીયા પડયા હોય તેમાં હજાર રૂપીયા મૂકવામાં આવે અને પાંચ હજાર કાઢવામાં આવે તો થોડા દિવસમાં જ એનું તળીયુ દેખાય કે નહિ ?

આ આત્મા પરમાત્માના ઉપદેશોને શ્રવણ કરી જીવનમાં ઉતારે અને શુદ્ધ સ્વરૂપવાળા સાધ્યની સાધના આરાધના કરે તો ઉત્તરોત્તર ગુણમાં વિકાસ પામી છેવટે પાંચ હ્રસ્વ સ્વર અ. ઈ. ઉ. ઋ અને લૃ. ના ઉચ્ચારણ જેટલા કાળમાં શૈલેશીકરણે યોગ નિરોધ કરીને અનંતકર્મની વર્ગણાજડમૂળથી નાશ કરીને તે કર્મોથી ચાલતી જન્મમરણની પેઢીનો અંત લાવી શકે. સાધ્ય વિના સિદ્ધિ નથી.

આ રીતે સાધ્યની સિદ્ધિ થતા જન્મમરણના ફેરાટળી જાય. જથી દુઃખની વેળા રહે નહિ. અને ક્ષાંતિ પૂર્વક લલિત એવી મુક્તિનો મેળાપ થાય.

ઢાળ ૧૮ મી

માંડવી પોળ મોટી ભલી, નાગજી ભુદર પોળ;
એક દેરાસર છે છતાં, જોતા દિલ રંગરોળ. ૧
શાંતિ-સંભવ વચ્ચે જ છે, ભોંયરે આદિનાથ,
ધર્મ-પાર્શ્વજી ઉપર છે, કર્યા દર્શન જગનાથ. ૨

લાલાભાઇની પોળમાં, નાયક વિમલનાથ,
સુરદાસ શેઠની પોળમાં, ભેટયા કુંથુનાથ. ૩
સમેત શિખરની પોળમાં, પાર્શ્વ પ્રભુ છે ખાસ,
સમેત શિખર પહાડ છે, લક્ષ્ય કોરણી તાસ. ૪
તીર્થોના પટ છે ઘણા, જોવા જેવા ત્યાંય,
સંવચ્છરી દિન સંઘ ત્યાં, વાજતે ગાજતે જાય. ૫
હરકીશન શેઠ પોળમાં, શાંતિનાથ સુખકાર,
ડાબે જમણે બિંબ છે, પંચ ધાતુ શ્રીકાર. ૬
કાકા બળીયા પોળમાં, સુમતિનાથ જીનરાજ,
દર્શન કરી પાછા ફર્યા, લલિત દર્શન કાજ. ૭

(રાગ–ધર્મજીનેશ્વર ગાઉં રંગશું, ભંગમ પડશો હો પ્રીત જીનેશ્વર)

જીન વાણી તુમ ભવિયા ચિત્ત ધરો,
કર્મ તણા જુઓ કામ હો ચેતન;
તરતજ ન મળે ફળ પણ કર્મના, મળે મુદત પુરી થાય,
હો ચેતન, જીનવાણી તુમે ભવિયા ચિત્ત ધરો. ૧
અસર કરણની થાયને જોઇઉ,વળી સમજો વિશેષ,હો.
કરણ તે યોગને અધ્યવસાયથી,પ્રગટે આત્મ બલ.હો. ૨
જે સમયે કરણ થયું તે ક્ષણે, તેજ ત્રણે કર્મ બાંધે,હો.
આઠે કર્મ ક્રિયાઓ ચાલતી,તે સમજો સમજાયે.હો. ૩

શક્તિ વિચિત્રછેએકજ કરણમાં,એકજકરે બધુંકામ,હો.
યોગ્યતાકર્મનીજુદીજાણીયે,અસરજુદીજુદીથાય.હો. ૪
કર્મના[૧] બંધ નિધત્ત[૨], નિકાચિત[૩],સંક્રમણ[૪] પણ થાય,હો.
ઉદ્વર્ત[૫]ના અપવર્ત[૬]નાથકી,સ્થિતિરસ વધઘટથાય.હો.૫
વળી ઉદિરણા[૭] ઉપશાંત[૮] થાય છે,ગુણ પ્રમાણે છેનામ,હો.
કરણઅસરથીથાયેવિચિત્રતા,સમજ્જયેલીયોજ્ઞાન.હો. ૬
વૃક્ષનું બીજ ભૂમિમાં વાવતાં,દાણો ઝીણોજ દેખાય,હો.
ખાતર પાણી તેને મીલતાં,પણફળતુરત ન થાય. હો. ૭
તે ખાતરથી થાયે અંકુરા, એમ વધતું તે જાય, હો.
કુંપળો નીકળે થાયે પાંદડા,પાન ડાળીરૂપ થાય. હો. ૮
પાતળીડાળીઓથાયે જાડીયો,અણખીલ્યું ખીલેફુલ,હો.
થાય તૈયારી ફળ થાવા તણી,એ કળામાં નહી ભૂલ.હો. ૯
ફળ નાનુ હોય મોટું થાય તે,કાચુ તે પાકુ થાય, હો.
તે ફલ પાકે રસ રંગે વધે,થાયે મીઠાશ તેમાંય. હો. ૧૦
એકજસમયમાંઆબધુંય બને,તેવિચિત્રતા જોવાય,હો.
તેબધી અસરો ખાતર કારણે,પરિણામેફળથાય.હો.૧૧
બગીચાઓવૃક્ષોથીશોભતાં,વિધવિધનામોકહેવાય, હો.
મન લલચાવે તેવા દાડમો,જુઓ લટકે દેખાય.હો.૧૨
દાડમખીજ પણકાચાછે ઘણા કેટલાક ઉઘડતા પુષ્પ,હો.
વળીજુઓકળીઓનીસ્થિતિમાં,તુરતફળોનથાયહોચે.૧૩

ક્રમે ખીલે વળી કાચા પાકશે,સ્થિતિ દરેકની જાણુ,હો.
ખાતરપાણીથીઅસરો ઉપની,પણજુદાપરિણામ. હો.૧૪
તેમજ એકજકરણ હોવાછતાં બંધાતા કર્મનેબાંધે,હો.
સંક્રમયોગ્યનાતેસંક્રમથાયે,એમપરિણામનિપજાયે હો.૧૫
જોઈહશે જ મીલ એક ચાલતી,અગ્નિ મુખ્ય સહાય,હો.
જુઓ પાણીવરાળન ાજોરથી, અસર યંત્ર પર થાય.હો.૧૬
તે યંત્ર વળી બીજા યંત્રને અસર કરે છે જરૂર, હો.
એમકરતા બને કાપડ સ્હેલથી,અગ્નિઅસરમંજુર.હો.૧૭
જો બુઝાય તો બધુ અટકી પડે,વળી સળગે સતેજ,હો.
મંદ અગ્નિથી યંત્રો મંદ પડે, તીવ્રથી તીવ્ર સ્હેજ.હો.૧૮
હોયનહિ સંચા સરખાબધા,કોઈચક્રનીજેમ ગોળ,હો.
કોઈસંચા લાંબા ડંડા જેવા,આમથી તેમજ જાય.હો.૧૯
કોઈ અર્ધાફરે કોઈ આખા ફરે, જોવાયે નજરે જ, હો.
કોઈસંચા લાંબા ખટખટ કરે,કોઈકોઈગોળ ફરેજ.હો.૨૦
કોઈચકો અવળા સવળા ફરે,પંખાઓ વેગે ફરેજ, હો,
વ્યવસ્થા જેવી કરીહોય તેહવી,ગોઠવ્યું કામ કરેજ.હો.૨૧
પણ તે અસર બધી અગ્નિથકી, સમજાયે તે સ્હેજ, હો.
તેમ ક્ષાંતિ બલ વાધે આત્મનું કામ લલિત કરે જ.હો.૨૨

---

૧૮ મી ઢાળનું વિવેચન

હે ભવ્યાત્માઓ ! જીનેશ્વરની વાણી હમેશા તમો ચિત્તમાં ધરો. હે ચેતન ! જીનેશ્વરોએ કર્મના ફળ કહ્યા છે. તે કર્મની વિચિત્રતા કર્મોના કામો વિચારો.

કર્મ બંધાયા પછી તરત જ તેના ફળ મળતાં નથી પણ તે તે કર્મની મુદત પુરી થાય ત્યારે જ ઉદયમાં આવી ફળ બતાવે છે.

મહાનુભાવો ! છત્રકુંવરનાં કર્મોની પણ વિચિત્રતા તો છે જ જેથી જ છત્રકુંવરના ચરિત્ર સાથેસાથે જગતના જીવો કર્માનુસાર સુખ દુઃખની પ્રાપ્તિ કરે છે.

તેવા પ્રસંગોમાં કરણોની વિચિત્રતાથી કર્મોની સ્થિતિ રસમાં ઘણા ઘણા ફેરફાર થઈ શકે છે. થાય છે. તેનું વર્ણન થોડું થોડું પણ સાથે સાથે અપાય છે. તે જાણવા જીજ્ઞાસા રાખવી તે એક કર્તવ્ય છે. સમ્યકત્વ એટલે જિનેશ્વરે કહેલ તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખવી તે બરાબર છે. પણ જિનેશ્વરના કહેલા તત્ત્વ સાંભળવાની વાંચવાની જાણવાની રૂચિ કરાય તેમજ શ્રદ્ધા કરાય ત્યારે જ શ્રદ્ધાની પુષ્ટિ થાય.

આવું ઝીણું ઝીણું સમજાય નહિ. સાંભળીને વાંચીને જાણીને શું કામ છે. એવું એવું પણ મનમાં આવી જાય તો પણ ઊંડી ઊંડી પણ શ્રદ્ધામાં ખામી આવવા પામે તેમ થવા ન પામે માટે તે વાતમાં રસ રહ્યા કરે તેમ કરવું.

પહેલા કહેવાઈ ગયું છે પણ તે વસ્તુ ખ્યાલમાં રહ્યા કરે એટલા જ સારૂં જણાવવાનું જે અધ્યવસાય અને યોગ બળથી ઉત્પન્ન થયેલ આત્મિક બળ તેને કરણ કહેવાય છે. કરણોની અસર થાયછે તે આપણે જોઈ ગયા છીએ.છતાં વિશેષ સમજવા દૃષ્ટાંત પણ ઉપયોગી થાય છે.

એક સમયે આપણને અધ્યવસાય અને યોગના સ્થાનકનું જે બળ ઉત્પન્ન થયું.એટલે કે કરણઉત્પન્ન થયું તેજકરણ તેજ વખતે કેટલાકકર્મને બાંધે.પૂર્વે બાંધેલાનોસંક્રમણ કરે.ત્યારે તેનું જ નામ સંક્રમણ કરણ કહેવાય.કેટલાક કર્મનું ઉદ્વર્તન અને અપવર્તન થાય. જેથી તેનું જ નામ ઉદ્વર્તન કરણ અપવર્તન કરણ કહેવાય. વળી તેજ કરણને લીધે કેટલાકની ઉદિરણા અને કેટલાકનો ઉપશમ થાય.કેટલાક નિકાચિત બંધાય અને કેટલાક નિદ્ધત રીતે બંધાય. ત્યારે તેજ કરણનું નામ ઉપશમના ઉદિરણા નિદ્ધત્ત નિકાચિત કરણ એ નામ કહેવાય. અર્થાત્ એક સમયનું કરણ તે સમયે જેટલા કર્મ બંધાય તેનું બંધન કરણ ગણાય. જેટલાને સંક્રમાવે તેટલાનું સંક્રમણ કરણ ગણાય. આ ઉપરથી એટલું સમજવું જોઈએ કે દરેક ક્ષણે અધ્યવસાયને યોગનું બળ એટલે કરણ હોય જ છે. અને તેના લીધે આઠે ક્રિયાઓ ચાલુ જ હોય છે.

કોઈ કર્મ બંધાતા હોય. કોઈ નિકાચિત થતા હોય. કોઈ સંક્રમતા હોય. વિગેરે સમજવું. એકજ કરણ બધા કામ કરે

અને તે થાય પણ ખરા. કારણ કે એ એકજ કરણમાં એવી વિચિત્ર શક્તિ હોય છેકે જેના જેનાઉપર તેની અસરથાય. તેની તેની પોતાની સ્થિતિ અને યોગ્યતા જુદી જુદી જાતની હોવાથી તેની ઉપર જુદી જુદી જાતની અસર થાય.તે સમજવા નીચેના દાખલાઓ પરથી બરાબર સમજાશે.ઝાડનું બીજઆપણે વાવીયે. ત્યારે તે એક દાણારૂપે તે હોય છે. પણ તેમાં એવી વિચિત્ર શક્તિઓ હોય છે કે તેમાંથી જ પાંદડાં. પાંદડા ડાળીરૂપે બની જાય. પરિણામે ફૂલ ફળ વિગેરે અનેક વિચિત્રવિચિત્ર વસ્તુઓ ઉત્પન્ન થાય છે.

એ ઝાડ મોટું થયા પછી તેને પાણી અને ખાતર આપો તો તેજ ખાતરને લીધે જે પાંદડા ફૂટવાની તૈયારીમાં હોય.તેની કુંપળો બહાર આવે. જે ફળનાનું હોય તે મોટું થતું જાય.કાચું હોય તે પાકુ થાય.પાકુહોય તેમાં મીઠાશ અને રસ વધે.પાતળી ડાળી જાડી જાય. અણ ખીલ્યું ફૂલ ખીલે. અને ફળની તૈયારી થાય. આવી વિચિત્રતા આપણેજોઈ શકીએ છીએ.એકજ વખતે આ બધું બને છે. બનતું જાય છે.

જુઓ બગીચામાં અનેક વૃક્ષો લીલાછમ જેવા શોભી રહ્યા હોય છે. તેમાંથી એક દાડમના ઝાડ તરફ જોતાં પાકા મજેના મન લલચાવે એવા દાડમો લટકતાં હોય છે. તેજ વખતે બીજા નાના દાડમો કાચા હોય છે. કેટલાક ફૂલ ઉઘડયા હોય છે. કેટલાક કળીની સ્થિતિમાં હોય છે.

હવે તમેતે ઝાડને ખાતર પાણી પુરેઆપેા તેાશું પરિણામ આવશે ? શું ફૂલની કળીઓમાંથી એકદમ પાકા દાડમ બની જશે ? નહી જ બને પણ ક્રમે ક્રમે ખીલશે. કાચા હશે તે પાકશે. દરેકમાં પેાતપેાતાની પછીની સ્થિતિ ઉત્પન્ન થશે. એટલે હવે બરાબર સમજાયું હશે કે ખાતર અને પાણીએ એક વખતે પેાતાની અસર ઉત્પન્ન કરવાની શરૂઆત કરી. પરંતુ તેનું પરિણામ સૌને પેાતપેાતાની સ્થિતિ અનુસાર જુદુ જુદુ થયું. તેમજ કરણ એકજ છતાં બંધાતા કર્મને બાંધ્યા ને સંક્રમણ યેાગનેા સંક્રમ કર્યેા. આ રીતે તે કરણમાં વિચિત્ર શક્તિ હેાય છે. અથવા તે અધ્યવસાય સ્થાન અને યેાગનું સામર્થ્ય વિચિત્રતા ગર્ભિત હેાય છે.જેને લીધે જુદુંજુદું પરિણામ નિપજાવી શકે છે. બીજું દૃષ્ટાંત કાપડની મીલનું પણ યેાગ્યજ છે.

મીલ ચલાવવા માટે એકમેાટી કેાઠી કેાલસા સળગાવવાની હેાય છે. તેમાં ખૂબ તીવ્ર અગ્નિ સળગાવવામાં આવે છે. અને તેને લીધે વરાળ બને છે. અને તે વરાળ બીજા એક યંત્ર ઉપર અસર ઉપજાવે છે. તે વળી બીજા યંત્ર ઉપર અસર ઉપજાવે છે. એમ ઠેઠ કાપડ વણાય છે. ત્યાં સુધી અનુક્રમે દરેક ઉપર તે સળગતા અગ્નિની આડકતરી રીતે અસર ચાલી આવે છે. જો તે બુઝાઈ જાય તેા બધુ બંધ. વળી તેને સતેજ કરવામાં આવે તેા બધા સાંચા સતેજ ચાલે. ને તેને મંદ કરવામાં આવે તેા બધા સાંચા મંદમંદ ચાલે. અર્થાત્ બધી અસરનું મૂળ તે સળગતેા અગ્નિ છે.

હવે વિચાર કરો કે જે બધા સંચાઓ ચાલે છે. તે કંઈ એક સરખી રીતે ચાલે છે ? ના એકસરખી રીતે ચાલતા નથી. કેટલાક ચક્રો ગોળ ફરે છે. કેટલાક ચક્રો અર્ધા ફરે છે. કેટલાક સાંચાના અવયવો લાંબી લાકડી જેવા હોય છે.તે માત્ર આમથી તેમ જાય છે. પંખાઓ ઘણા જ વેગથી ફરે છે. જે સંચા જે પરિસ્થિતિમાં ગોઠવ્યા હોય તે પ્રમાણે જુદી જુદી ક્રિયા કરે છે. કોઈ ચક્રો સવળા ફરે છે. ત્યારે કોઈ અવળા ફરે છે. એમ સૌ પોતપોતાની ગોઠવણ પ્રમાણે કામ કર્યે જાય છે. બસ એવી જ રીતે અહીં પણ સમજી લેવું.

પણ તે બધી અસર અગ્નિની છે તે સહેજે સમજાય છે. તેમજક્ષાંતિપૂર્વક આત્મબળ વધેતો જીનેશ્વરોએ કહેલ ગુઢલલિત તત્ત્વો સમજતા વાર લાગે નહિ. અર્થાત્ કામની સિદ્ધિ પામેજ.

ઢાળ ૧૯ મી

જમાલપુરતો જાઈએ ટોકરશાની પોળ,
પાર્શ્વનાથજી ભેટીયા, મન થયું રંગરોળ. ૧
ઉપર તો નમિનાથજી, ભોંયરે આદિનાથ,
કર્યા દર્શન હરખાઇને તીર્થપટો પણ સાથ. ૨
દરવાજાની બહાર જ્યાં, વડે પગલા છે જ,
સિદ્ધગિરિ પટ્ટો બંધાય છે, કાર્તીકી પુનમેજ. ૩
દર્શન કરી જઈ આગળે,આણંદકલ્યાણ ઝલોક,
આવે ૠષભને નિરખવા, જૈન જૈનેતર લોક. ૪

કાર્તીક પુનમે ઘણા, તીર્થ પટ્ટો બંધાય,
વાજતે ગાજતે ચતુર્વિધ, સંઘ મેળો ભરાય. ૫
હર્ષતરંગ ઉમંગથી, સિદ્ધાચલ સન્મુખ,
ચૈત્યવંદન સ્તવનો કહ્યા, પણ ન લાગી ભૂખ. ૬
ખમાસમણા ૨૧ કોઈ, કોઈ એકસોને આઠ,
દેતાં નરનારી બહુ, જોવા જેવો ઠાઠ. ૭
જાત્રા સિદ્ધાચલ તણી, જાણે કરતાં આજ,
તેવાજ ભાવે દર્શને, લલિત સિધ્યા કાજ. ૮

(રાગ–ધર્મીને છોડીને ધર્મ રહે કર્યા, જેને નીતિ રીતી ઉરમા ધરી છે.
અથવા–તું મેરા મનમેં, તું મેરા દિલમેં ધ્યાન ધરૂં પલપલમેં હો જીનજી

સાચાનેછોડીનેસત્યરહેકયાં,જેનીપાસેસત્ય વસ્તુખરીછે,
ખોટાને ખોટું કહેજએવા,થઈવીરલાજશકીર્તિ વરીછે.સા.
રાજાકહે બંનેએકજ સરખા,દેખાએોછેા પણ વેશફરકછે,
ખોટાખરાની પરીક્ષાભૂલું,દોષપાત્રબનુંનક્કીમરણછે.સા.૨
ભાણેા કહે હેરાજન્ સૂણેા,હું આવ્યેા ત્યારે ભેાટ હતેા ને,
કેાણપિતાકેાણમાતનેકેાઈ,કાકામામાનેનહીજાણતેાને.સા.
કેાણમિત્ર વળી કુટુંબકબીલેા,નામઠામ નહીજાણતેાકંઈ,
એકરેએકથીઅભ્યાસમને,કરાવ્યેાપંડિતરાખીજઅહીં,સા.
નવકારમંત્રવળીજિન દર્શન,શ્રદ્ધામનેહતી-હજીઘણીછે,
આભવપરભવસાથેરહેએવી,ઇચ્છાઘણીકહું મુજતણીછે.

ન્યાયનીતિ વળી ધર્મનુંઆપે,જ્ઞાનદીધું ઘણું પંડિતપાસે,
હનેાપશુજેવેાથયેાહું માનવ,આજીભેનહિજીહુબેાલાશે.સા·
હવેપૂછેા આ રાજકુંવરને,માત તાત કેાણ કાકા સહીછે,
મામામાશીકેાઇહિાજરઅહીં,મંત્રીબધાપણજીનાઅહીંછે.
અભ્યાસકેટલેા કેાનીજપાસે,કર્યોવસ્તુતારી કીંયામૂકેછે,
મિત્રેાતારાએનાનામજશુંછે,પૂછયાથીખાતરીથઇચૂકેછે.સા
રાજારાણી વળી મંત્રી સહુને,વાત કહી તે ગળે ઉતરી છે,
છત્રકુંવરને જેજે તે પૂછયું,કહીદીધું ઝટ વાતખરીછે.સા.૯
સંજોગસર્વ અનુકુળથાતાં,આનંદમંગળ વ્યાપીરહ્યાછે,
કાળઅબાધાપુરેાથતાહવે,અંતરાયકર્મદૂરથયાછે.સા.૧૦
સત્યવાદી ભાણકુંવર વળી.છત્રકુંવર પણ ગુણીધીરાછે,
ક્ષાંતિગુણેાથીગંભીરદરીયા,બંનેલલિતએસાચાહીરાછે. સા.

૧૯મી ઢાળનું વિવેચન

મહાનુભાવેા ! આપણે સેાળમી ઢાળમાં જોયું કે ખરેા રાજ કુંવર રાજસભામાં મહામુશીબતે પેસી શકયેા હતેા. ત્યારબાદ એક વખત વળી તેને બહાર નીકળવું પડયું હતું. બહાર નીકળતી વખતે ભાણકુંવરે તેને જોઈલીધેા હતેા, અને ઓળખી પણ શકયેા હતેા. કે આને જ મને પેાતાનેા પેાશાક પહેરાવ્યેા હતેા. અને મારેા રંકવેશતેણે પહેરેલ હતેા,ભાવિભાવે આટલા વરસેા ભીખારી પણામાં કાઢયા. પણ આજે જ રાજસભામાં જોયેા. તેની ફરીયાદ

માંગણી સાચી હતી અને સાચી જ છે જ. પણ વેશ પલટાના કારણે તેને સહુ કોઈ ભીખારી જ જુએ છે. જેથી તેની વાત કોઈએ ધ્યાનમાં નહી લેતાં રાજસભામાંથી બહાર કાઢી મૂકયો. ન્યાયી એવા ભાણુનાકહેવાથીવળી તેનીફરીયાદ સાંભળવા રાજસભામાં ફરી બોલાવ્યો છતાંતેની વાતનો મર્મ કોઈ નહીસમજવાથી બેસાડી દીધો. જેથી ભાણુકુંવરે વિચાર્યું કે આના તરફથી કોઈ વકીલાત કરી શકે તેમ નથી.સાચી વાત તેની મારી જાય તેપણ વ્યાજબી નથી. એમ ધારી ભાણુકુંવરે રાજાને કહ્યું હતું કે હે રાજન્ આજ તમારો ખરો રાજકુંવર છે પણ હું નહિ.

આ વાત સત્ય છે. માટે જ રાજગાદીનો હક્ક તેમનો છે. માટે તેમને તિલક કરો. આમ કહેવાથી રાજા મંત્રી વિગેરે બધા વિચારમાં ગરકાવથઈ ગયા.અર્થાત્ મુંઝવણમાં પડી ગયા સજ્જનો ! વગર મહેનતે મફતમાં રાજ્ય મળવા છતાં રાજ્યનો સ્વીકાર ન કરનાર સત્યવાદી જગતમાં કોઈ વીરલા જ હોય છે.

ખરેખર સાચા પુરૂષને છોડીને સાચ(સત્ય) બીજે કેવી રીતે રહી શકે ? જેના હૃદયમાં સત્ય વસ્તુ ભરી છે. તેનાથી સત્ય કદી વેગળું રહી શકે જ નહિ.

ખોટી વાતને પણ ખોટી કહેનારા એવા પણ વીરલાજ હોય છે એટલે કે પોતાથી કંઈ ખોટું થઈ ગયું હોય તો પણ ખોટું બની ગયું છે એવું સ્વીકાર કરનાર પણ કોઈક જ નીકળે છે. ખોટાને ખોટું સ્વીકારનાર જશ લઈ કીર્તિ વરી શકે છે.

ભાણકુંવરની વાત સાંભળી રાજા પણ વિચારમાં પડી ગયા છે. રાજા કહે છે કે હે બુદ્ધિશાળી કુંવર ? તમો બંને એક સરખા જ દેખાઓ છો. પણ ફક્ત વેશમાંજ ફેરફ છે. સાચો કોણ અને નકલી કોણ છે.તેની પરીક્ષા કરવામાં જો હું ભૂલ ખાઈ જાઉં તો હું પણ દોષને પાત્ર બનું.મારૂં મરણ પણ હવે નજીકજ ગણાય બે ચાર વર્ષ નીકળે કે ન પણ નીકળે તે કહેવાય નહિ. આવા અલ્પકાળમાં ખરાખોટાની વહેંચણી કરવામાં જો અન્યાય થઈ જાય તો ખરેખર હું પાપનો ભાગીદાર બનું. એ રાજકુંવર છે અને તું રાજકુંવર નહીં એની પરીક્ષા કરવાની કઇ યુક્તિ છે તે કહે.

રાજાના વચનો સાંભળી સત્યવાદી ધર્માત્મા એવા ભાણકુંવરે કહ્યું કે હે રાજન્ તથા મંત્રીઓ વિગેરે સાંભળો.હું જ્યારે અહીયાં આવ્યો, ત્યારે તો હું ભોટ જ હતો ને ? અર્થાત્ હું તો અભણ અને અજ્ઞાની હતો, રંક જેવો જ હતો. હું રંક છું ભાણીયો છું. મને મારા કપડા આપો. હું જાઉં, આવાજ વચનો વારંવાર બોલતો હતો ને ? પિતા કોણ, માતા કોણ, કોણ કાકાને કોણ કઇ એ બધાને ઓળખતો પણ નહોતો. કોણ મંત્રી કે કોણ મામા છે. વળી કુટુંબ કબીલાના કોઈના નામ પણ જાણતો ન હતો તેમ પીછાણતો પણ નહોતો. વળી એકડે એકથી મને અભ્યાસ કરાવવા અને ભણાવવા પણ પંડિતજીને રાખ્યા. અજ્ઞાનપણામાં ફક્ત જિન દર્શન થયેલા અને શ્રીનવકારમંત્ર સાંભળેલ તેમાં

શ્રદ્ધા મને થયેલી. વળી તે શ્રદ્ધા હાલમાં પૂ. મંત્રીજીના સહવાસથી તેમજ પૂ. વિદ્યાગુરૂપંડિતજીની કૃપાથી વિશેષદૃઢ થયેલીછે.

હે રાજન્ આપે મને ન્યાયનીતિ રાજ્યના કાયદા કાનૂનના અભ્યાસ સાથે પંડિતજી પાસેથી ધાર્મિક અભ્યાસ કરાવી નિપુણ બનાવ્યો અર્થાત્ જ્ઞાન અપાવ્યું. ખરેખર હું એક પશુ જેવો હતો. પશુ જીવન જીવી રહ્યો હતો. પણ આપે વિદ્વાન પંડિતજી પાસે અભ્યાસ કરાવી મને માનવ બનાવ્યો. આપ સર્વેનો ઉપકાર કદી ભૂલાય તેમ નથી ભૂલીશ પણ નહિ. આવું લોકોત્તર ધાર્મિક શિક્ષણ મેળવ્યા પછી આ જીભથી કદી જુહું બોલાશે નહિ હે પૂજ્ય ! હવે હું આપ સર્વેને જણાવું છું કે પરીક્ષા સહેલાઈથી થઇ શકે તેમ છે.

હવે પરીક્ષાના માટે આપના આ રાજકુંવરને પૂછો કે હે રાજકુંવર ! તું જ રાજતિલકને યોગ્ય હો તો તારા માતાપિતા કોણ છે. તારા કાકા વિગેરે કોણ છે. તારા મામા માશી, ફોઈ વિગેરેને બતાવ. અત્રે બધાજ હાજર છે. વળી નવા મંત્રીઓ અધિકારીઓ નહિ પણ જુના મંત્રીઓ વગેરે અત્રે હાજર છે. તેમની ઓળખાણ આપ. તેં અભ્યાસ કેટલો કર્યો હતો. કયા તારા શિક્ષકો હતા. તારી વસ્તુઓ તું કયાં મૂકતો હતો. તારી સાથે રમનારા ભણનારા બાલ મિત્રોના નામ કહી બતાવ. બોલાવ, આ બધુ પૂછવાથી ખાત્રી તરત જ થઈ જશે.

રાજા રાણી મંત્રી વિગેરે ને ભાણકુંવરે કહેલી વાત ગળે

ઉતરી ગઈ. ગમી ગઈ. જેથી છત્રકુંવરને જે જે પૂછ્યું તે તે તુરતજ ઝટઝટ કહી દીધું. નામ ઠામ ઓળખાણ દરેક બાબત ખાત્રી પૂર્વક જણાવી. તે સાંભળી જાણીને રાજા રાણી મંત્રી વિગેરે ખુશખુશ થઈ ગયા.

ભાગ્યશાળીઓ ? અંતરાય કર્મનો અબાધાકાળ હવે પુરો થયો હોવાથી બધા સંજોગો અનુકુળ થયા અને આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

મહાનુભાવો ! સત્યવાદી ભાણકુંવર તેમ વળી રાજપુત્ર છત્રકુંવર બંને ગુણવાન છેતેમજ ધીરજ ધરનારા છે.ક્ષાંતિગુણના બંને ગંભીર દરીયા છે. તેમજ બંને લલિત કહેતા મનહરનારા સાચા હીરા છે. હવે અબાધાકાળનો પ્રસંગ આવવાથી તેની સમજણ એજ રાગ પ્રમાણે એ સંબંધ હવે પછીની વીશમી ઢાળમાં ચાલુ રાખી છે.

ઢાળ ૨૦ મી

લક્ષ્મીનારાયણ પોળમાં કુંથુનાથ જીન વાસ,
શીખરબંધ પાડાપોળે ભવ્ય જીનાલય ખાસ. ૧
નમિનાથ એકવીશમાં કર્યા દર્શન એકતાન,
ઉપર ખરા તેમ ભોંયરે બેસી લગાવ્યું ધ્યાન. ૨
ખાડીયા ગાંધીરોડપર ચાર રસ્તા કહેવાય,
સંભવનાથ બીરાજતાં, સંધનમી ગુણ ગાય. ૩

ગોલવાડમાં જાણીયે ભાણુસદાવત પોળ,
નમતા મહાવીરસ્વામીને, ઉછળી હર્ષનીછોળ. ૪

સારંગપર તળીયાપોળમાં, દેરાસર ખાંચો જ,
સુમતિનાથને દેખતાં, ભાગી કર્મની ફોજ. ૫

સહસ્રફણા પ્રભુ પાર્શ્વજી, જોતા દિલ હરખાય,
પોરવાડનીપોળમાં, પદ્મપ્રભ નમુ પાય. ૬

રાજપુરે રવિવારજન, મેળાની જેમ જાય,
ભોંયરે પાર્શ્વચિંતામણી, દર્શને સુખ થાય. ૭

ઉપર સંભવનાથજી, પૂજા ત્યાં ભણાય,
ક્ષાન્તિ ચિત પ્રસન્નતા, કહે લલિત ત્યાં થાય. ૮

(રાગ–ધર્મને છોડીને ધર્મ રહે કયા, જેને નીતિ રીતિ ઉરમાં ધરી છે. અથવા તું મેરા મનમે તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલપલમેં હો જીનજી)

સાચાનેછોડીનેસાચરહેકયાં,જેનીપાસેસત્યવસ્તુખરીછે,
ખોટાને ખોટું કહેજ એવા,વીરલાથઇજશકીર્તિભરીછે.સા.૧

અબાધાકાળનું સ્વરૂપ થોડું,તે પણ પ્રસંગ પામી કરીને,
તેની થોડીથોડી વિગતનુંઓ,સાંભળોભવિયા ધૈર્યધરીને.૨

જ્યાંસુધીકર્મનઆવેઉદયમાં,ફળઆપેનહિતેતોજરાએ,
ત્યાંસુધીઅબાધાકાળસમયને,કહેજએનેજ્ઞાનધરાએ.સા.૩

દેવનુંઆયુષ્યબાંધ્યુભલેપણ,અત્યારેસુખનઆપેજરાયે,
હાલમાંતેતોસત્તામાંરહેતું,ઉદયેઆવેપામેસુખત્યારે.સા.૪

સાતમીનારકીનુંપણુઆયુષ્ય,બાંધ્યુહોયપણુહાલમાંકાંઈ,
કરીશકે નહિ હરકત તેતો,ઉદયવિના ન કશું કરેભાઈ.સા.૫
અબાધાકાળ પૂર્ણથાયત્યારે,કર્મોશુભાશુભ ઉદયેઆવે.
ત્યારે સારાકે ફળોભૂરામળે,કર્મોભોગવાઈનુંદાજ થાવે.સા
કર્મનીપીડા તે ન ઉપજાવે,તેથીજ અબાધા નામ કહાયે,
મુદતીયાહુંડીતેનેસમજો,પાકયાપછીફળતેનાબતાવે.સા.૭
જેમ કોઈવ્યસનીજન હોયે,ગાંજો ભાંગ દારૂ ચડસ પીયે,
અફીણકેતેનોકસુંબોપીએ,અથવાકેફીવસ્તુખાઈલીયે.સા ૮
પણ તેનો નશો ન ચઢે તુરત,અમુક સમય ગયે પછીથાયે,
એજ રીતેઆઠેકર્મોની અસર,અબાધાકાળપુરોથતાંથાયે.
જ્યાંસુધી કર્મો સત્તામાં હોયે,તેનીમાંહી ફેરફાર થાયે છે,
પરિપકવ થાતાં ઉદયેઆવે,ફલદેઈકર્મ ખરીજાયેછે.સા.૧૦
પણ નિકાચિત કર્મ બંધાયુ તો,તેમાં કશો ફેરફારનથાયે,
બીજાપ્રકારોમાંફેરજપડતો,સમજીરાખો તુમેસદાયે.સા.૧૧
એકકોટાકોટીસાગરોપમની,સ્થિતિવાળાકર્મોહોયએનો,
સોવર્ષનોઅબાધાકાળહોયે,કહ્યોજ્ઞાનીજનોયેતેનો.સા.૧૨
સીતેર કોડાકોડી સાગરોપમ,સ્થિતિ મોહ ઉત્કૃષ્ટ ગણાયે,
સાતહજારવર્ષેથાયતેનો,અબાધાકાળતેતોસમજાયે.સા.૧૩
ત્રીસકોડાકોડીસાગરોપમની,સ્થિતિજ્ઞાનાવરણીયનીજેછે
ત્રણહજારવર્ષ સુધી તે,ઉદયમાં તે ન આવી શકેછે.સા.૧૪

જઘન્યઅબાધાકાળનીસ્થિતિ,અંતર્મુહૂર્તનીપણુકહીછે,
તુર્તઉદયમાં તેપણુઆવે,એવીબીનાધણીશાસ્ત્રેસહીછે.સા.
અગ્યાર બાર તેરગુણઠાણે,શાતાવેદનીયનો બંધરહ્યોછે,
તેને ગુણઠાણેનથીકષાયો,તેથીકર્મબંધ નથીકહ્યોછે.સા.૧૬
પહેલા સમયમાં બંધથાય તે,બીજાસમયે ભોગવાયેતેહ,
ત્રીજાસમયમાંક્ષયજથાયે,સ્થિતિઉંચીજ્ઞાનીતણીએહ. સા.
એમઉત્કૃષ્ટમધ્યમજઘન્ય,અબાધાકાળ કર્મતણોજાણો,
માટે અતિઉગ્ર પુન્યપાપફલ,અહીંયાપણુમળેપ્રમાણો.સા.
અબાધાકાળે કર્મો સત્તામાં, રહ્યા હોયે પણ કાંઇ ને કાંઇ,
ક્રિયાકરણોનીચાલુજહોયે,જેમદુધગરમથતું ભાઈ.સા.૧૯
વરાળો નીકળે ઉભરા આવે,એમ કરતાજ ગરમ થાયે,
પણચૂલેમૂકયાપછીતરત,નથાયગરમ એ સમજાયે.સા.૨૦
ગરમથાતા જે ટાઇમલાગ્યો,તેમઅબાધાકાળપણજાણો,
અબાધાકાળપૂર્ણથાયત્યારે,કર્મોઉદયેઆવેપ્રમાણો.સા.૨૧
જેમહાસ્યકર્મબંધાયુજ્યારે,ત્યાંથીજબંધનકરણઝપાટે,
ભયથી મૂર્ચ્છિત થઇ,એવીઅવસ્થામાં પડયુકબાટે.સા.૨૨
એકવર્ષસ્થિતિસુધીનુંહાસ્ય,કર્મબાંધ્યું તેપ્રાયેએકમાસે,
અબાધાકાળપુરોથતાંજેથી,હસવાનુંતેનેજરૂરથાસે.સા.૨૩
પરંતુબંધાયાપછીજએક,માસસુધીઅસરકરણોનીથાયે.
ત્યારબાદફળદેવાનેલાયક,ને પરિપકવ થયું ગણાયે.સા.૨૪

બીજો મહિનો બેસેજ ત્યારે,હાસ્યકર્મોદયે હસવું આવે,
એમ અગ્યારમહિનાસુધીચાલે,હાસ્યકર્મપછીજાયે.સા.૨૫
એકઉદયાવલિકા પુરીથાતાં,પછીજબીજી બીજીશરૂથાયે,
તે પછીઆત્મપ્રદેશથીકર્મો,ફળઆપાવી છૂટાજાયે.સા.૨૬
આત્મસંબંધમાંજેકર્મ આવે,ત્યારેતેનું નામકર્મ ગણાયે,
તે આત્મપ્રદેશથીજુદાથાયે,ત્યારેકાર્મણવર્ગણેજાયે.સા ૨૭
આવલિકા તેમ ઉદયાવલિકા,એ પણ સૂણતાંતેસમજાયે,
વળીનિષેકકાળકોનેકહેવાયે.તેપણબીનાબધીકહેવાયે.સા.
છત્રકુંવરને જ તિલક થાશે. ધૈર્ય ધરે કામ સુંદર થાયે,
ભાણકુંવરનેહર્ષનભાવે,ક્ષાંતિગુણોગાયેલલિતસદાયે.સા ૨૯

વીશમીઢાળનું વિવેચન

મહાનુભાવો ! અંતરાય કર્મનો અબાધાકાળ હવે લગભગ પુરો થયો હોવાથી બધા સંજોગો અનુકુળ થયા છે. જેથી રાજ દરબારમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો છે. સાચા રાજકુંવરના બધા જ સાચા સચોટ જવાબ સાંભળી બધા ખુશખુશ થઇ ગયા. અને સાચો રાજકુંવર આપણો આજ છે. તેની ખાત્રી થઈ અને સત્યવાદી ભાણકુંવરના ઉપર ઘણુંજ બહુમાન ઉપજ્યું. કારણકે વગર મહેનતે અને વગર તકલીફે મફતમાં રાજ્ય મળતું હોવા છતાં પણ રાજ્યનો મોહ ન રાખતાં ખરા રાજકુંવરને અપાવ્યું.

આવા સત્યવાદી જગતમાં વીરલા જ હોય છે. ખરેખર સાચાને છોડીને સાચ (સત્ય) કદી અલગ રહી શકતું નથી.

ભાગ્યશાળીઓ ? હવે સાચા રાજપુત્રને રાજગાદી મળવામાં અબાધાકાળ પુરો થવાની તૈયારીમાં છે જ. તે અબાધાકાળનું સ્વરૂપ જાણવા જેવું જ હોવાથી પ્રસંગ પ્રાપ્ત થયાથી થોડીથોડી વિગતે હે ભવિજનો ધૈર્ય ધરીને સાંભળો.

મહાનુભાવો ! જ્યાં સુધી કર્મ ઉદયમાં આવતું નથી. ત્યાં સુધી તે કર્મનું ફળ મળતું નથી. ત્યાં સુધીના સમયને અબાધાકાળ કહેવાય છે.

અબાધાકાળ એટલે કર્મની બાધા–પીડા ન ઉપજાવનારો કાળ ગણાય. એમ જ્ઞાનીજનો કહે છે.

દૃષ્ટાંત તરીકે તમે દેવલોકનું આયુષ્ય ભલે બાંધ્યું હોય. પણ હાલમાં તે દેવલોકનું સુખ તમોને જરાએ મળે નહિ તેમ જ સાતમી નારકીનું આયુષ્ય બાંધ્યું હોય પણ હાલમાં તમને કશી હરકત કરી શકે નહિ. જ્યારે ઉદયમાં આવે ત્યારે જ કરી શકે. જ્યારે અબાધાકાળ પૂર્ણ થાય ત્યારે જ શુભ કે અશુભ કર્મો ઉદયમાં આવે અને ત્યારેજ સારા કે બુરા ફળો મળે. તે તે કર્મો ભોગવાઈને જુદા થઈ જાય.

અબાધાકાળ એટલે મુદતિયા હુંડીજ સમજો. હુંડીની મુદત પાકે એટલે જ રકમ મળે. તેમ શુભ કે અશુભ કર્મ કાળ પાકે ત્યારે ઉદયમાં આવી ફળ તેના બતાવે છે.

વળી વિચારો કે કોઇ વ્યસની મનુષ્ય હોય અને તે ગાંજો દારૂ ભાંગ કે ચડસ પીએ તો ભાંગનો કે દારૂનો કે ગાંજા ચડસનો નશો તરત નહી ચડે. તેમજ કોઇ અફીણ ખાય અથવા અફીણનો કસુંબો ઘોળીને પીયે અથવા તો બીજી એવી કોઈ કેફી વસ્તુ ખાય કે પીયે તો તરત જ તેનો નશો ચડશે નહીં પણ અમુક મુદત પછી જ ચડે છે. એજ રીતે આઠે કર્મોની અસર તરતજ ન થતાં અબાધાકાળ પુરો થયા પછી જ થાય. સુજ્ઞો ! જ્યાં સુધી કર્મો સત્તામાં પડયાં હોય ત્યાં સુધી તેની અંદર ફેરફારી થાય છે. અને તે પરિપક્વ થયા પછી જ ઉદયમાં આવે છે. કર્મ એક વખત ફળ આપે એટલે ખરી જાય. ખરી ગયેલા કર્મ આત્માને હેરાન કરે નહિ.

આમ અબાધાકાળ દરમિયાન તેમાં ફેરફાર થયા જ કરે. પણ જે નિકાચિત્ત કર્મ બાંધ્યું હોય. તેમાં કશો ફેરફાર ન થાય. તે સિવાય બીજા પ્રકારોમાં ફેરફાર થાય. જે કર્મ સ્પૃષ્ટ હોય તે સ્પૃષ્ટ બદ્ધ થાય. બદ્ધ હોય તે નિધત્ત થાય. અને નિધત્ત હોય. તે નિકાચિત બને. અથવા બદ્ધ કે સ્પૃષ્ટ બને વિગેર વિગેરે. આ પરથી એ સમજવાનું કે કર્મ જે સ્થિતિમાં બાંધ્યું હોય. તેની તે સ્થિતિ ઉદય વખતે રહેતી નથી. આ વાત તમો સમજી રાખો સુજ્ઞો ! એક ક્રોડાક્રોડ સાગરોપમનો અબાધાકાળ એકસો (૧૦૦) વર્ષનો છે. જેથી સો વર્ષ સુધી તે કર્મ ઉદયમાં આવતું નથી વળી દશ ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિનું કર્મ બાંધેલું હોય તે એક હજાર વર્ષ પછી તે ઉદયમાં આવી શકે છે.

મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ કાળ ૭૦ કોડાકોડ સાગરોપમ છે. તો તેનો અબાધકાળ સાત હજાર વર્ષનો છે, તે સાતહજાર વર્ષ પછી ઉદયમા આવે. તેમજ જ્ઞાનાવરણીય કર્મનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ત્રીશ કોડાકોડ સાગરોપમનો છે તેનો અબાધાકાળ ત્રણહજાર વર્ષનો થાય. જેથી ત્રણહજારવર્ષપછી ઉદયમાં આવે.

ઉત્કૃષ્ટ અબાધાકાળ હોય છે તેમમધ્યમ અબાધાકાળ પણ હોય. અને જધન્ય અબાધાકાળ પણ હોય છે. જધન્ય અબાધાકાળની સ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે.

જુદા જુદા કર્મની સ્થિતિ જધન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદે જુદી જુદી જાતની હોય છે. તેમ તે સ્થિતિ મુજબ તેનો અબાધાકાળ પણ જુદો જુદો હોય છે. પોતપોતાનો અબાધાકાળ પૂર્ણ થયે તે તે કર્મ ઉદયમાં આવે. ફળ આપે ને આત્માને નચાવે છે. જો દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવનો જોગ ન મળે તો પ્રદેશથી પણ ઉદયમાં આવી જાય. ને ખરી જાય. એને વિપાકનો એટલે ફળનો અનુભવન થાય. એમ પણ બને છે, જધન્ય અબાધાકાળ અંતર્મુહૂર્તનો હોય.અગ્યારમાં બારમાંઅને તેરમાં ગુણઠાણે એ પણ નહિ, કેમકે ત્યાં એક શાતાવેદનીય કર્મનો બંધ છે. અને કષાયો નથી. માટે કર્મની સ્થિતિ પણ નથી ત્યાં પહેલા સમયે બંધ. બીજા સમયે ઉદય (ભોગ) અને ત્રીજા સમયે ક્ષય થાય છે. ત્યાં યથાખ્યાત ચરિત્ર છે અને વીતરાગ દશા છે, માટે ત્યાં અબાધાકાળ નહીં

એવી રીતે કર્મનો અબાધાકાળ અંતર્મુહૂર્તનો પણ હોય છે માટે તો કહ્યું છે કે અત્યુગ્ર પુણ્ય પાપાનાં ફલ મત્રાપિ દૃશ્ય તે અતિ ઉગ્ર પુણ્ય પાપનું ફળ અહીંયા પણ દેખાય છે.

સજ્જનો ! કર્મ બંધાયા પછી જ્યાંસુધી આત્મા પરથી ખરી ન જાય ત્યાંસુધી આત્મામાં જે પડયું રહે તેને કર્મની સત્તા કહેવાય છે. અબાધાકાળ સમયમાં પણ કાંઈને કાંઈ ક્રિયાઓ ચાલુ રહે છે. ધારો કે એક માણસે હાસ્ય ઉત્પન્ન કરે તેવું કર્મ બાંધ્યું. ધારો કે સ્થિતિ લગભગ એક વર્ષની નક્કી થઈ તેનો અર્થ એજ કે એક વર્ષ પછી તે માણસને હસવું આવે. પરંતુ હાસ્ય કર્મ બંધાયા પછી માણસને એક વર્ષે હસવું આવ્યું ત્યાંસુધી એ હાસ્ય કર્મની શી દશા થઈ હશે ?

એના ઉત્તરમાં સમજવાનું કે બહુજ ધ્યાનથી સમજજો. નહિંતર વિષયપ્યાલમાં નહીં રહે. સાંભળો કર્મનો અમુક એક ભાગલો તેની શી દશા થાય છે તે આપણે વિચારીએ.

ધારો કે હાસ્ય કર્મ : તેજ સમયે બંધાયું ત્યાંથી અસંખ્ય સમય સુધી (એક આવલિકા સુધી) બંધન કરણના ઝપાટાથી મૂર્છિત માફક કેમ જાણે પકડાયાથી ગભરાયું હોય.તેમજ બંધ થવાની જ વ્યવસ્થામાં પડયું હોય છે.

આવલિકા એટલે અસંખ્ય સમયની એક આવલી થાય છે. અને એક મુહુર્તની (બેઘડીની ૪૮ મીનીટ થાય) આવલી

એક કોડ સણસઠ લાખ સતોતેર હજાર બસોને સોળ થાય છે. (૧,૬૭,૭૭,૨૧૬) થાય છે.

એક આવલિકાપુરી થતાં ઝપાટાબંધ બંધન કરણના ઝપાટામાંથી છુટ્ટુ પડી બીજા સંક્રમણ ઉદ્વર્તના અપવર્તના ઉદિરણા વિગેરે કરણોના ઝપાટામાં આવે છે.અને દરેક કરણના બળ પ્રમાણે બંધ વખતના સ્વરૂપ કરતાં પ્રકૃતિ સ્થિતિ રસ ને પ્રદેશ વિગેરેમાં ફેરફારો થવા હોય તે થવા લાગે છે.

આવી રીતે અનેક કરણોના ઝપાટા લાગી લાગી તેમાં ફળ આપવા લાયક શક્તિ ઉત્પન્ન થાય. ત્યાંસુધી એ કર્મ એમને એમ નિષ્ક્રિય પડયું રહેતું નથી. પરંતુ તેના ઉપર કોઈને કોઈ કરણની અસર ચાલુ જ હોય છે.

જેમ કે એક તપેલીમાં દુધ ગરમ કરવા મુક્યું હોય નીચે બરાબર જોઇએ તે પ્રમાણે તાપ સળગાવ્યો હોય. અને ઢાંકણું ઢાંકયું હોય. હવે બરાબર તાપ થયા પછી દુધની શી સ્થિતિ થાય છે તે બરાબર તપાસો. પ્રથમ જ્યારે તાપની આંચ લાગે ત્યારે દુધમાંથી થોડી થોડી વરાળ નીકળવા લાગે છે. પછી થોડી વધારે વાર થયા પછી ઢાંકણું ઉઘાડી જોતા વધારે વરાળ નીકળતી દેખાય છે. અને કેમ જાણે દુધમાં વધારો થયો હોય તેમ લાગે છે. ફરી ઢાંકણુંઢાંકતાં થોડીવાર થતાં તો એકાએક ઉભરો આવે છે. અને દુધ બહાર ઉભરાઈ જવા લાગે છે. તે વખતે જો

સંભાળ રાખી ઉતારી લેવામાં ન આવે તો દુધ તપેલીમાં રહેત કે નહી.

૧. આ ઉપરથી ઉભરો આવ્યા પહેલાં દુધમાં કોઈ જાતની ક્રિયા નહોતી થતી, તેમ તો નહીં જ.

૨. પણ ગરમ થવાની ક્રિયા જરૂર થતી હતી.

૩. એ ક્રિયા પુરી થઈ કે તુરત ઉભરો આવ્યો.

૪. જો ગરમ થવાની ક્રિયા નથઈ હોત,તો ઉભરો નજ આવત.

૫. એટલે ઉભરો આવતાં પહેલાં પાક (ગરમ) થવા માટે થોડા વખતની જરૂર હતી.

૬. જો તેમ ન હોય તો ચૂલા ઉપર મૂકવાની સાથે જ તુરત ઉભરો આવી જવો જોઇતો હતો.

તેવી જ રીતે બંધન કરણથી છુટું પડેલું કર્મ તરત જ ફળ આપી શકતું નથી. પરંતુ ફળ આપવા લાયક થતા પહેલાં કેટલોક વખત બીજી અનેક ક્રિયાઓ કરણોની અસરોમાંથી તેને પસાર થવું પડે છે. અને તેને માટે વખત પણ જરૂર લાગે જ. તેને અબાધકાળ કહેવાય.

હવે વિચારો કે એક વર્ષની સ્થિતિનું હાસ્ય કર્મ બાંધ્યું તેનો એ અર્થ થયો કે બાંધવાના વખતથી માંડીને એક વર્ષમાં તે ભોગવાઈને આત્મ પ્રદેશોથી છુટું પડી જાય. પરંતુ બંધાયા પછી એકાદ મહિનો તેના ઉપર બીજા કરણોની અસર થાય.

ત્યારે તે ફળ બતાવવા લાયક બને. અને જ્યારે ફળ બતાવવા લાગે. ત્યારે એકાદ મહિના પછી ને બારમહિના પુરા થતા સુધી હસવું આવે. પરંતુ શરૂઆતના પાકને માટે જે મહિનો ગયો તેને અબાધકાળ કહે છે.

કહેવાની મતલબ એટલી જ છે કે અબાધાકાળ પસાર થયા પહેલા કર્મ ઉદયમાં આવે નહિ.

અબાધાકાળ વખતે કર્મ નિષ્ક્રિય પડયું હોયછે તેમ નથી. પણ તેના ઉપર અનેક કરણોની અસરો ચાલુ હોય છે.

અબાધાકાળ પુરો યતાની સાથે જ પોતાનું બળ ફળ બતાવવા આકળું થઇ રહેલું કર્મ એકદમ કરણોની બલામાંથી છુટીતે ફળ બતાવવાના માર્ગ તરફ દોડે છે. એ માર્ગને ઉદયાવલિકા કહે છે.

એટલે દાખલા તરીકે હાસ્ય કર્મના અબાધાકાળનો મહિનો પુરો થવાની સાથે જ કરણોની બલામાંથી છુટેલું તે કર્મ બીજો મહિનો બેસતાની સાથે જ હસાવવાનું ફળ બતાવવા લાગે છે. એટલે કે તે માણસને હસવું આવવા લાગે છે.

અબાધાકાળ પુરો થતાંની સાથે જ એક આવલિકા સુધી જેટલા કર્મ પ્રદેશો આવે તેટલાને ફળ બતાવવા દે. તેટલા વખતને ઉદયાવલિકા કહે છે. પરંતુ ફળતો અગ્યાર મહિના ભોગવવાનું છે, એટલે એક આવલિકા પુરી થતાં બીજી શરૂ

થાય. એમ અગ્યાર મહિના સુધી ચાલ્યા કરે. ઉદયાવલિકા તે કર્મોનો બહાર પાડવાનો માર્ગ છે.

જેમ જેમ ઉદયાવલિકામાં આવતા જાય અને ફળ બતાવતા જાય. તેમ તેમ તે આત્મ પ્રદેશોથી જુદા પડતાં જાય. ત્યાર પછી તેનું નામ કર્મ ન કહેવાય, પરંતુ ત્યાર પછી તેનું નામ કાર્મણ વર્ગણા કહેવાય.

ઉદયાવલિકા એટલે એક આવલિકા સુધી કર્મની ઉદયની ક્રિયા ચાલુ રહેલી. કેટલા સમયની આવલિકા કહેવાય તે આગળ કહેવાઈ ગયું છે. બીજે મહીનેથી શરૂ થયેલી ને બાર માસ પુરા થતાં સુધી ઘણી ઉદયાવલિકાઓ થઈ જાય અને તે બધી ઉદયાવલિકાઓમાં કર્મનો ઉદય ચાલુ જ હોય છે. આ આખા ઉદય કાળને **નિષેક** કહે છે.

બાર મહિનાની સ્થિતિના બાંધેલા કર્મનો એક મહિનો અબાધાકાળનો જાય.ને બાકીના અગ્યાર મહિનારહ્યા તે નિષેકકાળ કર્મનો ઉદયકાળ કહેવાય.

આ નિષેકકાળ સંબંધી સમજવાનું આગળ ઉપર વિચારીશું. હાલ્ય કર્મના દૃષ્ટાંતમાં એક વર્ષ અને એક મહિનો માત્ર સમજાવવાને માટે આપ્યા છે.

મહાનુભાવો ! આવલિકા તેમ ઉદયાવલિકાનું સ્વરૂપ એ પણ સાંભળતાં સમજી શકાય તેવું જ છે.

વળી વિશેષમાં નિષેકકાળ કોને કહેવાય. તેની બીના પણ આપણે હવે કરીશું. સુજ્ઞો ! જગતની અનેક પ્રકારની નાની મોટી બીનાઓ છાપા વિગેરેમાં વાંચતા છતાંય ન સમજાય તોપણ પૂછી પૂછીને પણ નાના મોટા ભાઈબ્હેનો સમજવા માટે પ્રયત્ન કરે છે. તો પછી આ તો આપણા ઘરની વાતો છે. આત્માની–કર્મની વાતો છે. તે કર્મનો ક્ષય કેમથઇ શકે.આત્માનિર્મળ કેમબને. તે સંબંધીખાસવારંવારવાંચવાનીવિચારવાની.જાણવાની,સાંભળવાની ચીવટ હોવીજ જોઇએ ઉત્સાહ વધવો જોઇએ. ભાગ્યશાળીઓ ! ભાણકુંવરનું ન્યાયીપણું. સત્યવાદીપણું, નિષ્પૃહતા, નિખાલસપણું, વિનય, વિવેક, નમ્રતા, રાજકુંવર જેવી સ્થિતિએ પહોંચવા છતાં ધાર્મિક જ્ઞાન મેળવવાની કેટલી ધગશ, કેટલી ઉત્કંઠા, કેટલું સુશીલપણું, કહેણી જેવી રહેણી જેવું અતિ આનંદ આપનાર તેનું જીવન. સુદેવ સુગુરૂ સુધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા. આવા આવા અનેકાનેક ગુણોમાંથી ઘણુંઘણું શીખવાનું છે, શીખવા જેવું છે, મેળવવા જેવું છે, અમલમાં મૂકવા જેવું છે. તેનો વારંવાર વિચાર કરીને આપણે આપણું જીવન સુધારવા જેવું છે. ભાગ્યશાળીઓ ! ચરિત્ર પૂરૂથવાનું જ છે. ચરિત્ર પણ ગુણોથી જ શોભે છે. સાંભળવાને લાયક બને છે. માટે સમજવા આદરવા પ્રયત્ન કરશો.

સુજ્ઞો ! છત્રકુંવરને પણ હવે ખાત્રી થઇ ચૂકી છે કે મને મારો રાજ્યહક્ક મળશે. મને જ તીલક થશે.

ખરેખર જે માણસ ધૈર્યતા રાખે છે. ધ્યેય તરફનું લક્ષ્ય ચૂકતા નથી. તેઓના કામો પણ સુંદર થાય છે. પાર પડે છે. મુક્તિનું ધ્યેય જેના હૃદયમાં છે એવો ભાણકુંવર પણ હવે છત્રકુંવરને તિલક થશે તે જાણીને તેના હૃદયમાં પણ હર્ષ માતોનથી.

જો તેને રાજ્ય મેળવવાની લેવાની ઈચ્છા હોત તો તેને મળવાનું જ હતું. ખરા રાજકુંવરને સભા બહાર પણ કાઢી મૂકયો હતો. જેથી પણ સુખેથી તેનેજ તિલક થવાનું હતું. પણ સત્યને છોડીને રાજ્ય લેવું જ નહોતું. એજ તેનામાં ધર્મના સંસ્કાર પરિણમ્યા છે.

આવા સત્યવાદીના ગુણો તપગચ્છમાંદીપક સમાન પૂ. આ૦ શ્રી ક્ષાન્તિસૂરીજી મહા રાજના વિદ્વાન શિષ્ય પૂ. પં. શ્રીકીર્તિ મુનિજી ગણિવરના લઘુબંધવ લલિતમુનિ સદાય ગુણો ગાય છે.

ઢાળ ૨૧ મી

શીતલનાથ મૂહરત પોળે, માણેકચોકની પાસ,
ખેતરપાળની પોળમાં, ભેટયા સંભવ ખાસ. ૧
વળી ધાંચીની પોળમાં, સંભવનાથ છે જ્યાં,
આગળ ચોક વિશાળ છે, ભણાય પૂજા ત્યાં. ૨
ડાહીની ખડકીજમાં, વિમલનાથ નિર્મળ,
શાંતિનાથજી શોભતાં, ગજરાવાળે ઘર. ૩

રૂપા સુરચંદ પોળમાં, વાસુ પૂજ્યજી ખાસ,
લુવાર પોળે અજીતનાથ, ઉપાશ્રયની પાસ. ૪

ગુસાપારેખ પોળમાં, ધર્મનાથ સુખદાય,
ધનપીંપળી પોળમાં, વાસુપૂજ્ય નમુ પાય. ૫

ઢાળપોળ ખીજડાશેરી, મુનિસુવ્રત સ્વામી,
શીખરબંધ દેરાસર, નમું હું શીરનામી. ૬

શામળાની પોળમાં, ચોવીશમાં મહાવીર,
ઉપરચંદ્ર પ્રભુજ છે, મેં નમાવ્યું શીર. ૭

વચ્ચે ખાંચે શ્રેયાંસજી, રંગ બેરંગી કાચ,
જાણે અરીસા ભવનમાં, બેઠા હોઇએ સાચ. ૮

શામળા પાર્શ્વના નામથી, પોળનું નામ કહેવાય,
અમીઝરા પ્રભુ પાર્શ્વજી, ઉપર બીરાજે ત્યાંય. ૯

વાઘેશ્વરની પોળમાં, પહેલા આદિનાથ,
કામેશ્વરની પોળમાં, સંભવ દર્શન સાથ. ૧૦

કાંકરીયા બાગ તળાવથી, મણીનગર જવાય.
વાસુપુજ્યજીન વંદતા, લલિત પાવન થાય. ૧૧

(રાગ : છોડ ગયે બાલમ મુઝે હાય અકેલા)

(બીજા રાગમાં : પુષ્પલવઈ વિજયે જયો રે. નયરી પુંડરગિણિસાર એ રાગની કડી પુરી થયે ખરેખર પુણ્ય ફળ્યું ખરૂં આજ એ રીતે ગાવું).

પુણ્ય ફળ્યું ખરૂં આજ મન હોંશ ઘણેરી,
સીધ્યા સઘળાકાજ, મલ્યો પુત્ર ખરેરી. પુણ્ય ફળ્યું.

છત્રકુંવરને રાય કહે છે, થયો દુઃખી તું ભારી,
ટાઢાટુકડા એઠાજુઠા, ખાધાથઇભીખારી. પુણ્ય ફળ્યું.૧
ભાણકુંવર તો સાચુંજ કહેતો છું હું તો ભીખારી,
પણ ભ્રમમાં પડયા તુજ વેશે, થઈતેમાં ખુવારી. પુ૦૨
ધ્યેયપણ તુજ હતુંજ સાચુ, સઘળુ કામ સુધરીઉં,
શાબાશીઆભાણકુંવરને,ન્યાય સાચુ દિલવસીઉં. પુ૦૩
રાજમળે કોણ તે નવિલીએ, લેનારા બહુ ઝાઝા,
સુખે મળતા રાજ્યનેછોડે,નીકળેવીરલા ઓછા. પુ૦૪
મારે મન તું મોટોકુંવર, ભાણકુંવર મુજ નાનો,
રાજ્યમળતું નહિજ લીધું, સત્યવાદી તે જાણ્યો. પુ૦૫
રાણી રાજાને હવે કહેતી, હજામને બોલાવો,
રાજતિલક કરવા તૈયારી, રંક વેશ બદલાવો. પુ૦૬
રાજહજામતો હતોજ હાજર,વાળ વાંકડીયા કાપે,
કરી હજામતને નવરાવી, રાજપોશાકજ આપે. પુ૦૭
ભાણકુંવરે પણ પહેર્યો છે, રાજવેશ અત્યારે,
કોણછત્રને ભાણકુંવર કોણ,કોઇનઓળખે ત્યારે. પુ૦૮
ઘડીવડી રાજાસહુભૂલે, ધારીધારીને જુએ.
લીલાને ગુલાબી સાફા, રાખે યાદ સમજુએ. પુ૦૯
સુદ પાંચમ સોમવાર નહીંપણ, રવિવારે અગ્યાર,
વાગતા અમૃત ચોઘડીયે, જોશી થયા તૈયાર, પુ૦૧૦

શુભ વેળાએ છત્રકુંવરને, તીલક કરીને આપે,
રાજમુદ્રા હર્ષધરીને, રાજગાદીએ સ્થાપે. પુ૦૧૧
ભાણકુંવરને યુવરાજપદ, રાય દેવામાં ખુશી,
યુવરાજપદ તે પણ મોટું લેવાને નાખુશી. પુ૦૧૨
રાજ્ઞરાણી છત્રકુંવર પણ, મંત્રી સભાજન કહેતાં,
કબુલ કરો તેવિણ નહી જઇએ.બહુ આગ્રહેલેતાં.પુ૦૧૩

ઢાળ ૨૧ મીનું વિવેચન

મહાનુભાવો ! પુણ્યનો ઉદય થાય છે ત્યારે જીવોને મનમાં ઘણીજ હોંશ રહે છે. રાજાને પણ પોતાનો કુંવર મળવાથી સઘળા કાર્ય જાણે સિદ્ધ થયા હોય તેમ આનંદ થાય છે' રાજા પોતાના છત્રકુંવરને કહે છે કે હે પુત્ર ! તેં બહુ દુઃખ વેઠયા. તને બહુ દુઃખ પડયું. લોકોના એઠાજુઠા ટાઢા ટુકડા તારે ભીખારી બનીને ખાવા પડયા. ભાણકુંવર તો તે વખતે પણ સાચુંજ કહેતો હતો કે હું ભીખારી છું. પણ તારા વેશપલટાના કાર્યથી આ બધી ખુવારી થઈ.પણ હેકુંવર તારુધ્યેય સાચુંજ હતું. જેથી બધું કામ સુધરી ગયું. તેના માટે ખરેખરી શાબાશી તો ભાણકુંવરને જ છે. તેના હૃદયમાં સત્ય વસ્યું તોજ તું અસલ સ્થિતિએ આવી શકયો. એના માટે ભાણકુંવરને કેટલો ધન્યવાદ આપું ! એકવાર બેવાર, પાંચવાર કે સો બસોવાર, કે પાંચશો કે હજારવાર લાખો વાર નહિ પણ કોડોવાર ધન્યવાદ આપું તો પણ ઓછા જ છે.

જગતમાં એમને એમ રાજ મલતું હોય તો કોણ ન લીએ. લેનારા ઘણાજ નીકળે. પણ રાજ્ય મળવા છતાં નહિ લેનારા તો જગમાં બહુજ વીરલા પુરૂષો હોય છે.મારે તોતું મોટો કુંવર અને ભાણકુંવર મારો નાનો કુંવર છે. ખરેખર સત્યવાદી હોવાથી જ તેણે રાજયની ઇચ્છા કરી નહિ. રાજ્ય લેવામાં તેને અન્યાય લાગ્યો. આવા સત્યવાદીને છોડીને સત્ય કદી દૂર રહી શકે જ નહીં. આ રીતે રાજા રાણી ભાણકુંવરના વખાણ કરતાં થાકતા જ નહોતા. હવે રાણીજી રાજાને કહે છે કે આપણા રાજકુંવરે પહેરેલ રંકનો વેશ તે ઉતરાવો. હજામને બોલાવો. રાજહજામતો હાજરજ હતો. વાંકડીયાવાળ કાપી હજામત કરી અને સુગંધી પદાર્થો નાંખેલા પવિત્ર જળથી નવરાવ્યોઅને રાજવંશી પોશાક પહેરાવીને રાજસભામાં લાવ્યા.

ભાણકુંવરે તો રાજવંશી વેશ પહેરેલો જ છે. અને છત્રકુંવર પણ રાજવંશી પોશાક પહેરીને આવ્યો છે. બંને એક સરખાજ દેખાય છે. ઘડી ઘડીમાં સહુ કોઈ ભૂલ ખાય છે કે,કોણ છત્રકુંવર અને કોણ ભાણકુંવર. તેમાંજ ભૂલ થાપ થઈ જાય છે. પણ છત્રકુંવરે લીલા રંગનો સાફો બાંધેલ છે અને ભાણકુંવરને ગુલાબી રંગનો સાફો માથે હોવાથી તે નિશાનીથી આ છત્રકુંવર અને આ ભાણકુંવર એમ જાણી શકે છે. હવે છત્રકુંવરને શુભ ચોઘડીયે રાજ્ય તીલક કરી રાજગાદીએ બેસાર્યો. અને રાજમુગટ પહેરાવ્યો. આ વખતે રાજા ભાણકુંવરને યુવરાજ

પદ આપવાનું જાહેર કરે છે. ત્યારે ભાણકુંવર તે યુવરાજપદ લેવાનેના કહે છે. યુવરાજપદ મને શોભે નહી હું તે પદ લેવાને લાયક ન ગણાઉં. આમ જ્યારે કહ્યું ત્યારે રાજરાણી છત્રકુંવર. તેમજ મંત્રી વિગેરે અધિકારીઓ તેમજ રાજસભાજનોએ ખૂબ ખૂબ આગ્રહ કર્યો. અને જ્યાંસુધી આપ અમારી વાતનો સ્વીકાર નહિ કરશો. ત્યાંસુધી અમો અત્રેથીજવાના પણ નથી. એમ ઘણો જ આગ્રહ થવાથી યુવરાજ પદવી ભાણકુંવરે લીધી. અને મંગલીક વાજીંત્રો વાગ્યા.

(રાગ–છોડ ગયે વાલમ મુજે હાય અકેલા)

રાજ્ય ખંડીયા શાહુ શેઠીયા, અધિકારી પણ વારૂં,
નિજ શક્તિ અનુસાર સહુપણ, કરે ભેટણું સારૂં,
પુણ્યફળ્યું ખરૂં આજ, મન હોશ ઘણેરી. ૧૪
રાજા અને વળી બંને કુંવરો, તે પણ બહુ સન્માને,
પહેરામણી ભોજન મુખવાસા, આપી આનંદ માને. પુ૦
પાપારંભ સમારંભ સર્વે, નહિ કરવા જણાવે,
દરેક ધર્મ સ્થાનોમાં પણ નિજ પ્રભુના ગુણગાવે. પુ૦
પ્રભુપૂજા વળી ભાવના ભજનો, કથા કીર્તન થાયે,
લ્હાણીઓ તે રાજ તરફથી, પ્રસાદભીડો વહેંચાયે. પુ૦
વગડાવ્યો અમારી પડહો, અભયદાન દેવરાવે,
પંડિતો ઉપકારી તે પણ, પહેરામણી પદ પાવે. પુ૦૧૮
મંગલવાજીંત્રોની સાથે, રાજ મહોત્સવ થાયે,
રાજા પ્રજા સહુ હરખાયે, કેદી છુટા થાયે. પુણ્ય. ૧૯

ભાણકુંવરની તિક્ષ્ણ બુદ્ધિ, સૂક્ષ્મ બુદ્ધિ કેવી,
પ્રધાનજી કહે રાજસભામાં, જાણે જોયા જેવી. પુ૦૨૦
પંડિતઆદિ જે જે ગૃહસ્થે, પ્રશ્નો પુછયા જે જે,
ગણિત વિદ્યાથી કહી આપ્યા,ખરાજ ઉત્તરોતે તે પુ૦૨૧
રાજ્યારોહણ વિધિ સર્વે, પુર્ણ થયે હરખાયા,
છત્ર–ભાણકુંવર જય પામો, પંડિતે ગુણ ગાયા,પુ૦૨૨
બન્યો ભીખારી છત્રકુંવરપણ, ધ્યેયને વળગી રહીયો,
ધ્યેય પસાયે છત્રકુંવરતે, રાજકુંવર પદ લહીયો.પુ૦૨૩
ભાણકુંવર ભીખ માંગતો તોપણ પુણ્યોદય વધવાથી,
યુવરાજપદ મોટું મળીઉ, નિષ્પૃહી બનવાથી. પુ૦૨૪
સભા બહાર સુણે સહુ ટોળું, ભીખારીનું મોટું,
રાજકુંવર ભાણો બન્યા તે, સાચુ છે નહી ખોટું.પુ૦૨૫
આપણને ઓળખશેપણ નહીં શાનો તે બોલાવે,
મેવા મીઠાઈ આપે કપડા, ઠંડીમાં કામ આવે. પુ૦૨૬
કરે વિચાર એવામાં આવે, કપડા મીઠાઈ મેવા,
ધાર્યા કરતાં અધીક મલીયા, થયાજ ગાંડા જેવા.પુ૦૨૭
આપ વડીલો નાનામોટા, જરૂર કાલે મળજો,
સાથે બેસી કરશું વાતો, સુણી દિલમાં ધરજો.પુ૦૩૮
મોહ નહી વળી હર્ષ હૃદયમાં, ભકિત ક્ષાંતિ ધારે,
કીર્તિમળે ભાવે ગુણમાતાથાય લલિતસુખ ભારે.પુ૦૨૯

સુજ્ઞો ! હવે ખંડીયા રાજાઓ, શેઠ શાહુકાર વેપારીઓએ તેમ જ અધિકારીઓએ પોતપોતાની શક્તિ અનુસાર રાજાને તથા નવારાજાને તથા યુવરાજને ભેટણા ધર્યા. ત્યારબાદ રાજાએ તથા છત્રકુંવરે તથા ભાણકુંવરે તેઓ સર્વેનું પણ ઉચિત સન્માન કર્યું. ફળ ફૂટ મેવા સાકરના પાણી, પુષ્પોના હાર, મુખવાસ પહેરામણી વિગેરે કરીને આનંદ વ્યક્ત કર્યો. કરાવ્યો. કેદીઓને તો પહેલા જ છૂટા કર્યા હતા. આશ્રીતોને ઈનામ આપ્યા. પાપારંભ સમારંભ નહી કરવાનું રાજ્ય તરફથી જણાવ્યું.

દરેક ધર્મસ્થાનોમાં પોતપોતાના ધર્મ–વિધિ મુજબ પ્રભુના ગુણો ગાવા, પ્રભુની પૂજાઓ–ભાવનાઓ, ભજનોમાં કીર્તનમાં, કથાઓમાંરાજ્યતરફથી લ્હાણીઓ તથા પ્રસાદવહેંચાશે.વિશેષમાં રાજ્ય તરફથી અમારી પડહો વગડાવી જીવોને અભયદાન આપ્યા. અપાવ્યા, આ શુભ અવસરે પંડિતોને, વિદ્યાગુરૂને, ઉપગારીઓને ધાર્મિક વ્યક્તિઓને પણ પંડિતરત્ન, રાજગુરૂ, રાજદીપક, રાજ રત્ન. રાવબહાદુર, કવિરત્ન, જ્યોતિષમાર્તંડ, પ્રખરસુવક્તા, સાહિત્યાચાર્ય, ન્યાયાચાર્ય,સત્યવાદી. વિગેરે એવી એવી યોગ્ય યોગ્ય પદવીઓ અર્પણ કરી. મંગળ વાજીંત્રોના ગાનતાન સાથે રાજમહોત્સવ થયો. રાજા તથા પ્રજા સર્વે હરખાય છે. આનંદ મંગલવર્તી રહ્યો.

આવા ભવ્ય રાજ્યારોહણના પ્રસંગમાં સત્યવાદી ન્યાયી એવા યુવરાજ શ્રીભાણકુંવરની સૂક્ષ્મબુદ્ધિનો ચમત્કાર રાજસભામાં

બીરાજેલા સર્વે અધિકારીઓ તેમજ શેઠીઆઓ, શાહુકારો સોદાગરો, ન્યાયાધીશો, વિદ્યાર્થીઓ વિગેરેને બતાવવાનો પ્રધાનજીને વિચાર આવ્યો. તે સંબંધી રાજા તથા છત્રકુંવરને જણાવતા તેઓ પણ બહુ હર્ષ પામી આજ્ઞા આપી. અને સમર્થ વિદ્વાન્ પંડિત શ્રીપ્રસન્નચંદ્રજીએ યુવરાજ શ્રી ભાણકુંવરને પ્રશ્ન કર્યો કે મારી જન્મતિથિ કઈ છે? ભાણકુંવરે કહ્યું કે તમારી જન્મતિથિ જેહોય તેમાં ૨૧ ઉમરો,અને જે સરવાળો આવે તેને ૧૫ વડે ભાંગો જેશેષવધી હોયતે જણાવો.પંડિતજીએ કહ્યું કે શેષ ૧૧ વધી છે ત્યારે ભાણકુંવરે કહ્યું કે પાંચમનો જન્મ છે.પંડિતજીએ કહ્યું કે બરોબર છે. તેની સમજણ આપો. ત્યારે ભાણકુંવરે કહ્યું કે તે જાણવાનું કોષ્ટકનીચે મુજબછે.જો ૧ શેષ વધે તો જન્મતિથિ દશમ સમજવી બે વધે તો ૧૧, ત્રણ વધે તો બારશ, ૪ વધે તો તેરસ, ૫ વધે તો ચૌદશ, છ વધેતો પુનમ અથવા અમાસ, સાત વધે તો પડવો એવી ગણત્રી મુજબ૦વધે તો નોમ સમજવી. આ રીતે દરેકે ગણત્રી કરી લેવી.

સભામાં બેઠેલા બીજા ભાઈએ પૂછ્યું કે મારો જન્મ કયા વારે થયો તે કહો. ત્યારે કુંવરે કહ્યું કે જન્મ જ્યોતિષના જાણકારો સોમવારથી પહેલો વાર ગણે છે. તે મુજબ તમારા જન્મનો વાર સોમવારથી જેટલા નંબરે આવે તે અંકમાં ૪૬ ઉમેરો. તે ઉમેરતાં જે સરવાળો આવે. તેને ૭ વડે ભાંગો. અને જે શેષ વધે તે જણાવો. ત્યારે ૩ શેષ વધી છે એમ કહેવાથી

કહ્યું કે તમારો જન્મ શનિવારે થયો છે. તેની સમજણ આપતા ભાણકુંવરે કહ્યું કે જો ૧ વધે તો ગુરૂવાર, ૨ વધે તો શુક્રવાર, ૩ વધે તો શનિવાર, ૪ વધે તો રવિ. ૫ વધે તો સોમ, ૬ વધે તો મંગળ અને ૦ વધે તો બુધવાર આ મુજબની ગણત્રી સમજવી.

એક સોદાગરે પૂછ્યું કે મારો જન્મ કઈ રાશીમાં થયો હશે તે કહો. ત્યારે કુંવરે કહ્યું કે રાશીનો ક્રમ ૧ મેષ, ૨ વૃષભ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬, કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક, ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ, ૧૨ મી મીન આ રીતે ક્રમ છે. હવે તમારી જન્મરાશીના અનુક્રમ નંબરમાં ૧૭ ઉમેરો અને જે સરવાળો આવે તેને ૧૨ વડે ભાંગો. હવે કેટલી શેષ વધી તે મને કહો. સોદાગરે કહ્યું કે શેષ ૧૦ વધી છે ત્યારે કુંવરે કહ્યું કે તમારી જન્મ રાશી સિંહ છે. તેનું કોષ્ટક એવું છેકે શેષ૧ વધેતો જન્મ રાશી વૃશ્ચિક સમજવી, ૨ વધે તો ધન સમજવી. એ રીતના ક્રમ મુજબ ૧૦ વધે તો સિંહરાશી સમજવી. અને ૦ વધે તો તુલા સમજવી. કયા નક્ષત્રમાં જન્મ થયો છે તેની પણ ગણતરી જુદી છે. નક્ષત્રો–રાશી વિગેરે મોઢે રાખવી જોઈએ. તોજ સરલતા રહે.

એક જૈનગૃહસ્થે પૂછ્યું કે હું કયા તીર્થંકરની પૂજા–ભક્તિ કરૂં છું. તે કહો. ત્યારે કુંવરે કહ્યું કે ચોવીશ તીર્થંકરોમાંથી તમો જે પ્રભુની ભક્તિ કરો છો તે પ્રભુના અનુક્રમ નંબરમાં ૩૩ ઉમેરો તે ઉમેરતા જે સરવાળો આવે તેને ૨૪ વડે ભાગો. ભાંગતાં

જે શેષ વધે તે જણાવો.ગૃહસ્થે જણાવ્યું કે ૧૧ શેષ વધી.ત્યારે કુંવરેકહ્યું કેતમોબીજા શ્રીઅજીતનાથ પ્રભુની ભક્તિકરોછો.ગૃહસ્થે કબુલ કર્યું કે બરોબર છે તેની સમજણ આપો.ત્યારે ભાણકુંવરે કહ્યું કે ૧ વધે તો શાંતિનાથ, ૨ વધે કુંથુનાથ, ત્રણ વધે અરનાથ એમ કરતા કરતા ૨૩ વધે તો અનંતનાથ અને ૦ વધે તો ધર્મનાથ સમજવા.

એક શાસ્ત્રીએ કહ્યું કે મારી ધારેલી રકમમાં કયો આંકડો મેં છુપાવી રાખ્યો છે તે કહી આપો, ત્યારે ભાણકુંવરે કહ્યું કે, તમે જે રકમ ધારી હોય તે આંકડાનો સરવાળો કરો જેમ કે ૧૯૫૬ ધાર્યા હોય તો ૧+૯+૫+૬ તેનો સરવાળો ૨૧ થાયએવી રીતે તમોએ ધારેલ તે રકમનો સરવાળોકરો.જે સરવાળો આવે તે તમારી ધારેલી રકમમાંથી બાદ કરો.પછી જેરકમ રહી હોય તેમાંથી ગમે તે એકઆંકડો છૂપાવી રાખી બાકી રકમ મને જણાવો. શાસ્ત્રીએ કહ્યું કે ૩૪૩૬ તે સાંભળી ભાણકુંવરે કહ્યું કે તમે બે નો આંક છુપાવ્યો છે તે સાંભળીને શાસ્ત્રીએ કહ્યું કે બરોબર છે. આ શી રીતે કહી શકયા. ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમે કઈ સંખ્યા ધારી હતી. ત્યારે કહ્યું કે ૩૨૪૫૧ ધાર્યા હતા. હવે તેનો સરવાળો ૧૫ થાય તે ઉપલી રકમમાંથી બાદ કરીએ તો ૩૨૪૩૬ રહ્યા તેમાંથી એક આંકડો ગુપ્ત રાખવા જણાવીને બાકીની રકમ કહેવાનું કહ્યું હતું તો તમોએ ૩૪૩૬ કહ્યા એટલે મેં તેનો સરવાળો કર્યો એટલે૧૬ થયોવળીતેમે આંકડાનોસરવાળો

કર્યો એટલે ૭ થયા તેને ૯ માંથી ૭ બાદ કરતા બે વધ્યા એટલે તમોએ બેનો આંક ગુપ્ત રાખ્યો હતો. આ રીતે ગમે તેવી મોટી રકમમાં પણ સમજી લેવું.

એક સદ્‌ગૃહસ્થે કહ્યું કે મારા ગજવામાં જે રૂપીયા છે તે કહી આપો તો આપ કહો તે મુજબ વાપરીશ.ભાણકુંવરે કહ્યું કે તમારા બીસ્સામાં જેટલી રકમ છે તેના દોઢા કરો. દોઢ ગણા કરતા જે રકમ થાય તે રકમને બમણી કરો અને બમણા કરતા જે રકમ થઈ તે રકમને ત્રણ ગણી કરો.અને કહો કેટલી સંખ્યા થઈ ! ત્યારે સદ્‌ગૃહસ્થેકહ્યું કે ૪૭૧૬ સંખ્યાથઈ.ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમારા ગજવામાં ૫૨૪૭ રૂપીયા છે. તે સાચું પડવાથી પૂછ્યું કે તમે કેવી રીતે જાણ્યું ? ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમારી પાસે જેરકમ હતી તેને દોઢગણી કરવા કહ્યું હતું.પછી બમણી કરવા કહ્યું હતું વળી તે રકમને ત્રણગણી કરવા કહ્યું હતું.કેટલી રકમ થઈ તે પૂછતા ૪૭૧૬ ની સંખ્યા કીધી તે રકમને ૯ વડે ભાંગતા ભાગમાં ૫૨૪૭ આવ્યા તેટલા રૂપીયા તમારા ગજવામાં હતા. હવે તે રકમ અનુકંપા દાનમાં બે દિવસમાંજ વાપરી નાંખો. તેજ યોગ્ય છે. સદ્‌ગૃહસ્થે પણ કબુલ કર્યું.

એક વૃદ્ધ સજ્જને કહ્યું કે મારી ઉમર કેવડી છે તે કહો. ભાણકુંવરે કહ્યું કે તમારી જે ઉમ્મર હાલમાં છે તેમાં ૧ ઓછો કરો પછી તે રકમને બેથી ગુણો ગુણતા જે રકમ થઈ તેમાંથી ૧ ઓછો કરો. પછી તેમાં તમારી ઉમર ઉમેરો પછી કહો કેટલી

રકમ થઈ ત્યારે વૃદ્ધે કહ્યું કે ૩૧૨ ભાણકુંવરે કહ્યું કે તમારી ઉમર ૧૦૫ વરસની છે. વૃદ્ધે કહ્યું કે બરોબર છે. પણ અમને સમજાવો કે કેવી રીત છે. ભાણકુંવરે કહ્યું કે તમોએ ૩૧૨ જણાવ્યા તેમાં મેં ત્રણ નાંખ્યા એટલે ૩૧૫ થયા તેને ત્રણ વડે ભાંગ્યા એટલે ૧૦૫ થયા તે તમારી ઉમર કહી.

ભાણકુંવરે કહ્યું કે ચાર જણા જુદીજુદી રકમો ધારો. તેમાં પહેલા અને બીજાએ ૭ થી ગુણવા અને ત્રીજા ચોથાએ ૮ થી ગુણવા, જે ગુણાકાર આવે તેમાં પહેલાએ ૮૧ ઉમેરવા બીજાએ ૧૧ ઉમેરવા ત્રીજાએ ૧૨ ઉમેરવા અને ચોથાએ ૨૦ ઉમેરવા જે સરવાળો આવે તેને દશે ગુણવાનો છે. ગુણતા જે ગુણાકાર આવ્યો તેને પહેલા બીજા નંબરવાળાએ ૧૪ થી ભાંગવા. ત્રીજા-ચોથાએ ૧૬થી ભાંગવા. જે શેષ વધી તેને પેલા-બીજાએ ૨૦ વડે ગુણવી. ત્રીજા ચોથાએ ૩૦ વડે ગુણવી. એ રીતે કર્યા પછી ભાણકુંવરે કહ્યું કે તમોએ બધુ ગણીત મારાથી છૂપું કર્યું છે. છતાં હું કહી દઉં છું કે ચારેનો જવાબ ૨૪૦ આવે છે.

આ જાણીને સભા સહુ હર્ષ પામી એક ઝવેરીએ પૂછ્યું કે મારે કેટલાભાઈ બેનો છે.તેતમારી ગણત્રીથી કહીઆપો ! ત્યારે કહ્યું કે જેટલા ભાઈ હોય તે સંખ્યાને બમણા કરો બમણા કર્યા પછી તેને પાંચ વડે ગુણો ગુણતા જે રકમ આવે તેમાં તમારી બેનોની સંખ્યા ઉમેરો. અને કહો શું આવ્યું ! ઝવેરીએ કહ્યું કે ૭૫ ની સંખ્યા થઈ ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમારે ૭ ભાઈ

અને ૫ બેનો છે. આ રીતે દશકની જગ્યાએ ભાઈ સમજવા અને એકમની જગ્યાએ બેન સમજવી આમાં બેનોની સંખ્યા ૯ સુધીની લેવી.

એક વિદ્યાર્થીએ કહ્યું કે મારી પાસે રહેલા પુસ્તકમાં કયા પાનામાં શરૂઆતની નવ લીટીઓમાં કેટલા નંબરનો શબ્દ મેં ધાર્યો છે તે કહો. ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમોએ જે પાનું પસંદ કર્યું છે. તે પાનાના નંબરને ૧૦ વડે ગુણો જે ગુણાકાર આવે તેમાં ૨૦ ઉમેરો. જે સરવાળો થયો હોય તેમાં એ પાનાની શરૂઆતની નવ લીટીઓમાંથી તમે જે નંબરની લીટી પસંદ કરી હોય તે ઉમેરો. લીટી ।। નંબર ઉમેરતા જે સરવાળો થયો તેમાં ૫ ઉમેરો પછી તેને ૧૦ વડે ગુણો જે ગુણાકાર થયો તેમાં શબ્દનો નંબર ઉમેરો. હવે કહો કેટલી સંખ્યા થઈ ? વિદ્યાર્થીએ કહ્યું કે ૧૨૮૨૭ ભાણકુંવરે કહ્યું કે તમોએ ૧૨૫મું પાનું ૭મી લીટી અને ૭ મો શબ્દ ધાર્યો હતો વિદ્યાર્થીએ કહ્યું બરોબર છે. તે સમજાવો. ત્યારે કહ્યું કે તમોએ જે સંખ્યા કહી હતી તેમાંથી મેં ૨૫૦ બાદ કર્યા. એટલે ૧૨૫૭૭ રહ્યા હવે એકમનો અંક ૭ છે તે શબ્દનો છે દશકનો અંક પણ ૭ છે તે લીટીનો છે. અને શતક અને સહસ્રનો ૧૨૫ નો રહ્યો તે પાનાનો અંક છે.

એક ન્યાયાધીશે પૂછ્યું કે મારો જન્મ કઈ સાલમાં કયા મહિનામાં કઈ તીથીએ અને કયા વારે થયો છે તે કહી બતાવો ? ભાણકુંવરે કહ્યું કે તમારો જન્મ જે સંવતમાં થયો છે તેને ૬બલ

કરીને તેમાં ૬ ઉમેરો૬ ઉમેરતાં જેરકમ થઈ તેને ૫૦થી ગુણોજે ગુણાકાર આવ્યો તેમાં તમારા મહીનાનો અંક નાંખો અને તે કેટલી સંખ્યા થઈ તે કહો. ન્યાયાધીશે કહ્યું કે ૫૨૭૦૪ સંખ્યા થઈ. ભાણકુંવરે કહ્યું કે સં. ૫૨૪ ની સાલમાં માહ મહિનામાં તમારો જન્મ થયો છે. તેની ગણત્રી એવી છે કે તમોએ ગણત્રી કરીને ૫૨૭૦૪ની સંખ્યા કહી હતી. તેમાંથી મેં ૩૦૦ બાદ કર્યા. એટલે ૫૨૪૦૪ સંખ્યા રહી જેથી પ્રથમના ત્રણ આંકડા ૫૨૪ તે સૈકાના અને ૦૪ તે ચોથો માહ મહીનો છે. વળી તિથિ તથા વારનું પણ પૂછતા હોતો જે તિથિમાં તમારો જન્મ થયો છે. તેને ડબલ બનાવીને પાંચ ઉમેરો અને જે રકમ થાય તેને પાંચે ગુણો. પછી તેમાં તમારા વારનો અંક ઉમેરો (વારની ગણત્રી સોમવારથી ગણવી) જે સરવાળો આવ્યો હોયતેને વળી એથી ગુણો. અને કેટલી રકમ થઈ તે કહો. ન્યાયાધીશે કહ્યું કે ૧૫૮ રકમ થઈ, ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમારો જન્મ સં. ૫૨૪ના મહા સુદિ પને ગુરૂવારે થયો છે.

ત્યારે ન્યાયાધીશે કહ્યું કે બરોબર એ મુજબ જ છે. તે ગણત્રીની સમજણ આપતા કહ્યું કે જે તિથિ હોય તેને બમણી કરી તેમાં પાંચ ઉમેરવા પછી વળી પાંચે ગુણો. પછી તેમાં જે વાર હોય તેનો અંક ઉમેરો જે રકમ થાય તેને વળી ડબલ કરો અને તેમાં ૫૦બાદ કરો અને પછી તે રકમને એથી ભાંગો. એટલે ૫૪ રહ્યા થયા. એટલે પાંચમ તિથિ અને ૪થો ગુરૂવાર સમજવો. (વારની ગણત્રી સોમવારથી ગણવી).

એક મિત્રે કહ્યું કે મેં ધારેલી રકમ મારા મોઢેથી બોલાવો. ત્યારે ભાણકુંવરે કહ્યું કે ભલે રકમ ધારો તેમાં ૧ ઉમેરો પછી તે રકમને ડબલ કરો. પછી તેમાંથી ત્રણ બાદ કરો તેને ૨ વડે ભાગો અને ભાગમાં જે આવ્યું હોય તેમાં ૦।। ઉમેરીને કહો શું આવ્યું ? મિત્રે કહ્યું કે ૫૧ આવ્યા ત્યારે કુંવરે કહ્યું કે તમે એજ રકમ ધારી હતી તે નક્કી થયું, આજ રીતે ગણિત કરાવવાથી ધારેલી રકમ આવવાની.

એક કાપડીયાએ કહ્યું કે મેં ધારેલી રકમને પકડી આપો ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમે જે રકમ ધારી હોય તેને બેથી ગુણો અને તેમાં ૪ ઉમેરો તે સરવાળાને પથી ગુણોજે ગુણાકાર આવે તેમાં ૧૨ ઉમેરો ઉમેરતા જે સરવાળો થાય તેને ૧૦ વડે ગુણીને કહો કેટલી રકમ થઈ. કાપડીયાએ કહ્યું કે ૫૫૪૨૦ ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમોએ ૫૫૧ ધાર્યા હતા. તેની સમજણ આપતા કહ્યું કે જે છેલ્લી રકમ આવી હોય તેમાંથી ૩૨૦ બાદકરવા પછી બે મીંડાં ઉડાડી દેવાથી ધારેલી રકમ રહે છે.

ભાણકુંવરે કહ્યું કે તમો જે રકમ ધારો તે રકમને હું ગમે તે રકમથી ગુણાવીશ જે ગુણાકાર આવે તેમાં તમો એક અંક ગમે તે ઉમેરશો તો હું ગણિત વિદ્યાની શક્તિથી જે અંક ઉમેર્યો છે તે પકડી પાડીશ.

ત્યારે એકમાસ્તરે કહ્યું કેમેં રકમ ધારી છે ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમો તે રકમને ૬૩ વડે ગુણો અથવા ૩૬ વડે ગુણતા

જે ગુણાકાર થાય તેમાં ગમે તે અંક ઉમેરીને કહો કેટલી સંખ્યા થઈ ત્યારે તે સંખ્યામાં ગમે ત્યાં વચમાં એક અંક ઉમેરીને કહ્યું કે ૭૭૫૭૪૨ સંખ્યા આવી ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમોએ પાંચનો અંક ઉમેર્યો છે માસ્તરેકહ્યું કે બરોબર છે.પણ સમજાવો. ત્યારે ભાણકુંવરે કહ્યું કે તમે ૭૭૫૭૪૨ ની સંખ્યા કહી તેનો મેં સરવાળો કર્યો તો ૩૨થયા તે બેઅંકોનો સરવાળો કરતા ૫ થયા તે વધારાનો અંક હતો.

એક શિક્ષક ભાઈએ કહ્યું કે આપને એક રકમ બતાવું. બાકી ચાર રકમ પછી લખાવીશ પણ તે રકમો લખાવ્યા પહેલા જ સરવાળો કહી શકશો ? ભાણકુંવરે કહ્યું કે જે ચાર રકમ લખવાની છે. તેમાં બે તમારે લખવી અને બેમારે લખવી. પણ એ પાંચે રકમનો સરવાળો કેટલો આવશે તે પહેલાથી જ કહી આપીશ. ત્યારે શિક્ષકે ૪૩૫ રકમ લખી બતાવી એટલે કુંવરે તરત જ જવાબ આપ્યો કે સરવાળો ૨૪૩૩ આવશે. પછી શિક્ષકે પ્રથમની ૪૩૫ની રકમ પછી ૮૭૨ લખ્યા એટલે ભાણકુંવરે કહ્યું કે નીચે લખો ૧૨૭ પછી બીજી રકમ શિક્ષકે ૨૨૫ લખી એટલે કુંવરે ૭૭૪ લખ્યા. પાંચે રકમનો સરવાળો કરતા બરોબર૨૪૩૩થયો આશ્ચર્યસાથે પૂછ્યું કે રકમલખાવ્યા પહેલા શી રીતે અગાઉથી રકમનો શરવાળો કહી શકયા. ત્યારે ભાણકુંવરે ખુલાશો કર્યો કે તમોએ ૪૩૫લખ્યા હતા ને ત્યારપછી તમારે બીજી બે રકમ લખવાની હતી. એટલે ૪૩૫ પહેલા ૨

મૂક્યા જેથી ૨૪૩૫ થયા. અને તમારી લખેલી ૪૩૫ રકમ-માંથી બે બાદકર્યાએટલે ૨૪૩૩ સરવાળોથાય હવે તમોએ રકમ ૮૭૨ લખી તેને નવડાઓથી બાદ કરી એટલે મેં ૧૨૭ લખાવ્યા ૯૯૯–૮૭૨ જાય એટલે ૧૨૭ રહે બીજી રકમ તમોએ ૨૨૫ લખી એટલે ૯૯૯–૨૨૫ બાદ કરીને ૭૭૪ મેં લખ્યા એટલે સરવાળો ૨૪૩૩ કહ્યો આ રીત પ્રમાણે ગમે તેટલી રકમનો સરવાળો અગાઉથી કહી શકાય છે.

ભાણકુંવરે કહ્યું કે મહાશયો ! આમાં મોટાભાગના નિયમો ગણીત વિદ્યાના છે. જૈનધર્મમાં ગણિતાનુયોગની ઘણીજ મહતા છે. ગણિત વિદ્યા એકાગ્રતા કરવામાં સહાયરૂપ છે. પ્રયોગો તો ઘણા છે પણ હાલમાં ટુંકામાંજ પતાવું છું. વળી લખાણ પણ વધી જવાના કારણે આટલું પણ બસ છે. રાજા તેમ છત્રકુંવર તથા પ્રધાનજી તેમજ રાજસભાજનો ભાણકુંવરની સૂક્ષ્મ બુદ્ધિ જોઇને ધર્મપ્રેમી શિક્ષક પંડિતજીની ખૂબ ખૂબ પ્રશંસા કરી. અને ઉચિત ઉત્તમ પહેરામણી કરી, રાજપંડિત બનાવ્યા. રાજ્યારોહણ મહોત્સવ પૂર્ણ થયા બાદ સભાજનો ઉત્સાહના આનંદ સાથે પોતપોતાના સ્થાને ગયા.

ભાગ્યશાળીઓ ! ખરો રાજપુત્ર છત્રકુંવર ભીખારી દશાને પામ્યા છતાં રાજ્ય હક્ક મેળવવાનું દૃઢ ધ્યેય હતું. તો ચારપાંચ વરસે પણ રાજગાદીનો માલીક બની શકયો.ભાણકુંવર જન્મથી જ ભીખ માંગતો હતો. પણ પૂર્વના પુણ્યથી કુદરતી તેનામાં

ન્યાયપણું. સત્યવાદીપણું વસ્યું હતું જેથી રંકદશામાંપ્રભુજીના દર્શન થવાના વારંવાર અનુમોદનથી તેમજ શ્રીનવકાર મંત્રના વારંવારસ્મરણથી સાથેસાથે પુણ્યોદયવધવાથી રાજ્યમળવા સુધી પહોંચ્યાં છતાં પોતે નિષ્પૃહી હોવાથી રાજ્યના ખરા હકદાર છત્રકુંવરનેજ રાજગાદી અપાવી ને પોતાને યુવરાજપદ લેવાની ઈચ્છા નહિ હોવા છતાં રાજા વિગેરેના આગ્રહથી યુવરાજ પદ મેળવ્યું.

હે બુદ્ધિશાળીઓ ! તમોને બુદ્ધિ મલી હોય તો બુદ્ધિનો સદ્ઉપયોગ કરો. હિંસા, ચોરી, જુઠ વિગેર પાપસ્થાનકથી જીવોને કર્મો બંધાય છે. અને તે કર્મોનું ફળ બહુ દુઃખદાયી હોય છે. તેવું જાણવા છતાં સમજવા છતાં અજ્ઞાની જનો વિપરીત બોલી નાંખેછે. કે નીતિન્યાયમુજબચાલવાનો. સાચું બોલવાનોઆજમાનો નથી. આવું આવું બોલીને લોકો અધર્મનામાર્ગે ખરેખર ચાલી રહ્યા છે. તે બધા દુર્ગતિના રસ્તાઓ છે. દુઃખી થવાના માર્ગો છે. હે ભલાજનો ! ન છૂટકે તમારે જૂઠ ચોરી કરવા પડતા હોય તો પણ સાચું બોલવાનો આ જમાનો નથી એવું બોલીને પાપમાં પડો નહી. બીજાને પાડો નહી. જુઠ ચોરી આદિ કરવા જેવી નથીજ. એમ દરેક ધર્મવાળા કહે છે. અધર્મથી કોઈ સુખી થયા નથી. અને થાશે પણ નહી એ સત્ય વાત છે.

હવે આ બાજુ રાજસભાની બહાર ભીખારીનું ટોળું બેઠેલું છે. તેઓના સાંભળવામાં આવ્યું કે અલ્યા આપણો ભાણીયો તો રાજકુંવર બન્યો છે. આ વાત તદ્દન સાચેસાચી છે. હવે તો

આપણને તે ઓળખશે પણ નહી. તો પછી બોલવાની તો વાત જ કયાં રહી જ ! આપણે તો ધારતા હતા કે આજે મેવા મીઠાઈ કપડા વિગેરે મળશે. પણ હજી સુધી કોઈ આપવા આવેલ પણ નથી. કપડા મળે તો ટાઢના દિવસોમાં કામ આવે. એમ અનેક પ્રકારના તર્કવિર્તક વિચાર કરી રહ્યા છે. એટલામાં તો મેવા મીઠાઈના થાળા ભરીને અને કપડાના ગાંસડા બાંધીને નોકરો પાસે ઉપડાવીને ભાણકુંવર આવ્યો. ભાણકુંવરનો રાજપોષાક જોઈને જ ખુશખુશ થઈ તેના મોઢા સામું જોઈ જ રહ્યા. એક દિવસમાં જ આટલો હુશીયાર કેવી રીતે થઈ ગયો. એમઆશ્ચર્યમાં પડી ગયા. આવેલા દરેક જણોને તેમ જ લુલા, લંગડા, બેરા, આંધળા, પાંગળા વિગેરેને ખૂબ ખૂબ ખૂબ દાન કર્યું, પોતે ધાર્યા કરતાં પણ વિશેષ મલવાથી ગાંડાઘેલા જેવા થઈ ગયા. પછી ભાણકુંવર પોતાના નાના મોટા વડીલોનેવિનય સાથે કહે છે કે આપ સર્વે કાલે મળજો. આપણે સાથે બેસીને વાતચીત કરશું. તે હૃદયમાં ધરજો.

મહાનુભાવો ! તપગચ્છ પ્રભાવક મોહ નહી એવા પૂ મોહન મુનીશ્વરે છ શિષ્યો સાથે મોહમયી એવી અલબેલી મુંબઈનગરીમાં સં. ૧૯૪૭ના ચૈત્ર સુદિ ૭ ના પ્રવેશ કરીને અનેક વિધ શાસન પ્રભાવના કરી. તેઓશ્રીના ચોથા પટ્ટધર શિષ્ય ગુરૂભક્ત પૂ. પં. શ્રી હર્ષમુનીજી મહારાજ હતા. તેમની નિશ્રામાં મહાતપસ્વી પૂ. ભક્તિમુનિજી મહારાજ રહ્યા હતા. તેઓ આગ્રા શહેર પાસે સમાધિ પૂર્વક સ્વર્ગવાસીથયા.તેઓશ્રીના શિષ્યનામ એવા ગુણનેધારણ

કરનાર પૂ.આ.શ્રીક્ષાંતિસૂરીશ્વરજી થયા.તેઓ સં.૧૯૯૫નાફાગણ સુદિ ૧ ના ભફીની બારી વીરના ઉપાશ્રયમાં સ્વર્ગવાસ પામ્યા. તેઓશ્રીના શિષ્ય રત્ન બાલબ્રહ્મચારી વિદ્વાન પૂ. પં. શ્રીકીર્તિ મુનિજી ગણિવર્ય હાલ અમદાવાદ વીરના ઉપાશ્રયે બીરાજે છે. તેઓના લઘુ બંધવ લલિત મુનિ મુક્તિ સુખના કારણે ગુણીજનોના ગુણો ગાય છે.

દોહરા

ઘી કાંટા રોડ જઈએ નગરશેઠના વડે,
પાશ્વનાથ પ્રભુ ભેટીને, માર્યા કર્મને દડે. ૧

જેશીંગભાઇની વાડીમાં, આદિનાથ સુખઠામ,
આગળ સીનેમા પાસમાં, પાર્શ્વશંખેશ્વર ધામ. ૨

માકુભાઇનો બંગલો, કહેવાયે ખાનપુર,
સંભવજીનને ભેટીને, જઇએ જ્યાં શાહપુર. ૩

મંગળ પારેખ ખાંચામાં, દેરાસર છે ખાસ,
શાંતિનાથને પાર્શ્વજી, વળી બીજા ગોડી પાસ. ૪

ચુનારાના ખાંચામાં, વિમલનાથ જીનરાજ,
વળી ચિંતામણી પાર્શ્વને, નમીએ મુક્તિકાજ. ૫

દરવાજા ખાંચેવળી, ત્યાં પાર્શ્વનાથ હજુર,
વળી કુંથુજિન ભેટતા, કાઢયા કર્મને દૂર. ૬

કુવાવાળી પોળમાં, સંભવનાથ જીનનેજ
લલિત ભાવે વાંદીયા, સોસાઈટી હજુ છે જ. ૭

ઢાળ ૨૨ મી

(રાગ : છોડ ગયે બાલમ, મુઝે હાય અકેલા)

સત્ય તણેા જયકાર, દયા દીલ ઘણેરી,
ધર્મ રૂચિકર થાય, એવી હોંશ ભલેરી. સત્ય.
ભાણકુંવર યુવરાજ બન્યા પણ,નામ નથી અભિમાન.
સુખી કરવા નિજ કુટુંબને,બોલાવે બહુમાન. સત્ય ૧
ભાણકુંવર કહે નિજ કુટુંબને, વાત સૂણેા કહું મારી,
ભ્રમ ભાંગવા કરૂં ખુલાશેા,થાશે અચંબેા ભારી. સત્ય ૨
એમ કહીને ખરી જ બીના, બની હતી સંભળાવી.
હવે કહેવાનું જે છે તે તેા, સૂણેા કહું સમજાવી. સત્ય ૩

(રાગ : પુષ્પખલવઈ વિજયે જ્યેારે. નયરી પુંડરીગિણિસાર)

સૂણેા વડીલ સહુ આપ હાજર છેા,વાતસૂણેા કહું મારી,
ભીખ માંગવી ભૂંડીતેમાં,કેવીછેહાડમારી જુએા ભાઇ,
કેવી છે ભીખજ ભૂંડી, તુમે વિચારેા વાત જ ઉંડી,
જુએા ભાઇ કેવી છે ભીખ જ ભૂંડી. ૪
ધક્કાલાતેા મારે તેા પણ, દીયે ઉપરથી ગાળેા,
આપે કંઈ નહીતેાપણબેાલે,કહીસંભળાવે સાળેા.જુ. ૫

ટાઢતાપ વરસાદે ફરવું, કહેવા માબાપ માજી,
બેનબેન માતાજી કહેતા. તોપણ થાય ન રાજી. જુ. ૬

આપે આપુ હુંજ ભૂખ્યોછું, કહી કરવી લાચારી,
આવી ભીખમાં શું મજા છે, કહો તુમે વિચારી. જુ. ૭

ઉદ્યમ ન કરવોને ખાવું, એ પણ વસ્તુ ખોટી,
ભલે મજુરી કરવી સારી, લાગે મીઠી રોટી. જુ. ૮

પાણી દળણા કરવા સારા, કરવા કામ ખેતરના,
રાજકાજમાં મળે નોકરી,અથવા શેઠના ઘરમાં. જુ. ૯

ભીખમાંગવી તે ઉદ્યમ છે, એવો અર્થ ન કરશો,
હરામચસકોતે કહેવાયે,ખરીવાતચિત્ત ધરશો. જુ. ૧૦

ન છુટકે ભીખ ધંધો કરવો, એ વાત છેતે ન્યારી.
હાથપગઆંખોહોયસારી, ભીખનગણવી સારી. જુ. ૧૧

હાથપગ નાક જીભ જરૂરી, કિંમત તેની હજારો,
લાખોબેઆંખોનામળશે,દેહકિંમતીછે તમારો. જુ. ૧૨

ભીખ માંગીને ખાવા કરતા, ઉદ્યમ કરવો સારૂ,
પુજ્યસંતનામુખથી સૂણ્યું. તે તમનેસંભળાવું. જુ. ૧૩

દૃષ્ટાંત લાંબુ હોવાથી, સાર સાર જણાવું,
પરાધિનતા છે દુઃખદાઈ,સ્વાધિનતા સમજાવું. જુ.૧૪

નાનાનાના ઉદ્યમ કરતા, પરાધિનતા જાયે,
ઉદ્યમ સ્વાધિનતાથી થાયે, સુખે નિર્વાહ થાયે. જુ.૧૫

આજીવિકા કરતે કરતે, પરોપકાર પણ થાયે,
સ્વાધિનતાહોવાનાકારણ, સત્સંગે સુખ થાયે. જુ. ૧૬

પુન્યમુનિવળી સંતસમાગમ, કલ્યાણકારી સૌને,
મૂખ્યસાર દષ્ટાંત તણેાએ, ટુંકામાં સમજોને. જુ. ૧૭

મનુષ્યભવ પુણ્યેથી મલીયેા, ન ફોગટ ગુમાવો,
ધર્મકરણી સુખે કરવા, ઉદ્યમને અપનાવો. જુ. ૧૮

ખાવા પીવા કાજે આ ભવ, નથી દિલમાં ભાવો.
ધ્યેય એક મુક્તિને વરવા, ચિત્તમાં નિત્યેધ્યાવો.જુ. ૧૯

સંસાર ઉપાધિ છુટી જાયે, કરણી પાર ઉતરણી,
ખરજ સુખને છોડી સર્વે, કરેા સાચી કરણી. જુ. ૨૦

રાજ્ય તરફથી ઉદ્યમ કરવા, મળશે સહકાર સારેા,
ધર્મજ્ઞાન કેળવણીપામી, નિજ આતમને તારેા.જુ. ૨૧

સર્વવિરતિ દેશવિરતિ, હમણા નહિ સમજાશે,
સમ્યગજ્ઞાન મેળવશેા ત્યારે, લેવાભાવજ થાશે.જુ.૨૨

ભાણકુંવરની બુદ્ધિ જોઈ, આશ્ચર્ય સહુ પાયા,
મીઠીમધુરીવાણીસૂણી, હર્ષના આંસુ આવ્યા.જુ. ૨૩

ગળગળા જેવાથઈ સઘળા, બોલ્યા એકી અવાજે,
આપઆજ્ઞા માથેધરીયે, ભીખ તીલાંજલી આજે.જુ ૨૪

ભીખડાકણુનેા ત્યાગજ કરીયે, ધર્મ આપનેા ધરીએ,
ધર્મજે સ્વીકાર્યો આપે, તેજ ધર્મ હેા કરીએ.જુ ૨૫

દ્રવ્ય થકી અમ ઉદ્ધાર કરીયેા,ભાવથી ઉદ્ધાર કરશેા,
આપ આજ્ઞાને અનુસરશું,કુલદીપકથયા ધરશેા.જુ.૨૬
જ્ઞાન પ્રકાશ પામ્યા જેથી, અજ્ઞાનપણું હવે જરશે,
અંધકુપ થકી ઉદ્ધરીયા, આટલું બસ કહેવાશે.જુ.૨૭
રાજપોશાક ધરી ત્યાં આવે, છત્રકુંવરજી રાજા,
કેમભાઇઓમીઠાઇકિપડા, મલ્યાને તમનેઝાઝા.જુ. ૨૮
નાથેા ધુડેા પૂંજે રામેા, ખોડેા ગાંડેા ઘેલેા,
જુઠેા ફુંફેા પાનેા ગીગેા, બેન બનેવી વેલેા. જુ. ૨૯
કાળા કાકા કાળી કાકી, મામેા મીઠી મામી,
મૂળા માસા માસી ફુવા, રૂડેા રૂડી ભાભી. જુએા ૩૦
ગઈકાલે હું હતેા ભાણીયેા, આજે છત્રકુમાર,
નહીં ભૂલુ હું કદીજ તુમને, ખરેા તુમ ઉપકાર.જુ.૩૧
સત્યવાદી આ ભાણકુંવરની, શીખામણ સહુ ધરજો,
જૈનધર્મ સ્વીકાર્યેામેં પણ, સર્વે તે આચરજો.જુ. ૩૨
ગીગેાભાઈ કહે કુંવરને, અણસમજણથી ગણજો,
ભીખમંગાવી આપજેવાને,અપરાધ એ ખમજો.જુ.૩૩
છત્રકુંવર કહે ભાઇઓ સૂણેા, વાંક નથીજ તમારેા,
અંતરાયકર્મમુજ સમજો, હશેજ એવેા મારેા.જુ. ૩૪
ભાઇઓ વ્યવહારના કાજે, અભ્યાસ કરવેા જોયે,
સુખીજથાવુંહેાયજ તેાતેા,ભણ્યાવિના નહીહેાયે.જુ ૩૫

સગવડ રાજ તરફથી મળશે, ધર્મ કેળવણી લેવા,
શક્તિ પ્રમાણે ઉદ્યમ કરતાં, પામો શાંતિ મેવા.જુ. ૩૬
રાજનોકરી મળશે તમને, અથવા ઉદ્યમ ધારો,
રાજસહાય મળશે સારીજ,કરો જીવન સુધારો.જુ.૩૭
પ્રભુપૂજનિત્ય ગુરૂવંદન, જીનવાણી બહુ વારો,
ભાણકુંવરપરેક્ષાંતિહૃદયમાં,લલિતચિત્તેથીધારો.જુ. ૩૮

ઢાળ ૨૨ મીનું વિવેચન

મહાનુભાવો ? આપણે જોઈ ગયા કે ભાણકુંવરને યુવરાજની પદવી મલી છે. છતાં બીલકુલ અભિમાન જેવી વાત નથી. પોતાના રંક કુટુંબને ખૂબ ખૂબ દાન દીધા પછી કહ્યું હતું કે આપ સર્વે કાલે બપોરના મળજો. પોતાના કુટુંબને ભીખતજ-વવી છે. એટલા જ સારૂ અને બધાનો ભ્રમ દૂર કરવાને માટે બધાને બોલાવ્યા છે.

સુજ્ઞો ! સત્યનો હમેશા જયજયકાર થાય છે. ભાણકુંવરના દિલમાં દયા તેમજ ધર્મરૂચિ ભરેલી છે. જેથી કુટુંબીજનો પણ ધર્મને સમજે. દયાને સમજે વિવેકી બને અને આત્મકલ્યાણ કરતા થાય. એવી હોંશ હૃદયમાં ઘણી છે. પોતાના કુટુંબને બહુમાનપૂર્વક બીજે દિવસે બોલાવે છે. અને જણાવે છે કે આપ સર્વ વડીલો તેમજ નાના મોટા બધા હાજર છે. આપ સર્વેને એજ જણાવવાનું છે કે ત્રણચાર વર્ષ પહેલા હું એક

વખત રાજબગીચે જઈ ચડયો. તે વખતે રાજકુંવર બાગમાં પોતાના હવા ખાવાના બંગલામાં હતા. તેઓએ મને જોયો. દર્પણમાં જોતા તેમના જેવો જ હું જણાયો. કારણ કે અમે બંને રૂપરંગે ઉંચાઈમાં બોલચાલમાં સરખા જ હતાં. જેથી રાજકુંવરને કૌતુક થયું. કૌતુક જોવા માટે મને ઠર બતાવી અંદર બોલાવી મારો વેષ ઉતરાવતા ગયા. અને મારો વેશ તે પહેરતા ગયા. પછી મને મૂકીને તેઓ રંકવેશે બગીચા બહાર ગયા. પાછળથી ફુલહાર ગજરા લેવા ગયેલા માળી ગાડીવાળો તથા સીપાઈ આવ્યા. અને મને જ રાજકુંવર સમજી સલામ ભરી ઊભા રહ્યા. હું રંક છું એમ કહેવાછતાં બંને સરખા હોવાથી તફાવતસમજી શકયા નહી. અને મારા બોલ ઉપરથી રાજકુંવરને કંઈક ઓઢ-ઝપટ લાગી છે. એમ જાણીને ગાડીમાં બેસાડીને રાજમહેલમાં રાજા પાસે લઈ ગયા, રાજા વિગેરેએ પણ મને સાચો જ રાજકુંવર માની લીધો. અને ભૂતપ્રેત વળગેલ હશે અથવા કોઈ રોગ થયેલ છે. એમ સમજી ઘણા ઉપાયો કર્યા. અને એકકે એકથી મને ભણાવ્યો. અને હુશીયાર થયો. રાજગાદી લેવાની બીલકુલ ઇચ્છા નહોતી. હવે આ બાજુ ખરારાજકુંવર મને ગાડીમાં નાંખીને લઈ ગયા પછી બગીચામાં ગયા હશે. પણ સીપાઇએ ભીખારી સમજીને કાઢી મૂક્યા હશે. અને ફરતા ફરતા તમારા ભેગા થયા હશે. એટલે તમોએ પોતાનો જ આ ભાણીઓ ધારીને પકડયો હશે. અને ભાગ્ય હિન બનવાથી ભીખ માંગતા શીખી ગયા.

પરંતુ તેમનું ધ્યેય તો રાજ્ય હક્ક મેળવવાનો જ સદાય રહ્યો હતો. રાજાએ મને રાજગાદી આપવાનો નિશ્ચય કર્યો. અને આ રાજ્યારોહણનો મહોત્સવ શરૂ થયો. ખરા રાજકુંવરની ભાગ્ય દશા ચડતી થવાના કારણે અંતરાય તૂટવાના કારણે મહામુશીબતે રાજસભામાં આવી શકયા. પણ હજી ધ્યેયની સિદ્ધિ થવી મુશ્કેલ હતી. પણ રાજતિલક કરવાના સમયેજ તેઓએ અપૂર્વ શક્તિ ફોરવી પડકાર કર્યો. કે ખબરદાર સબૂર ! રાજ્યનો હકદાર હું છું. મને તિલક થવું જોઈએ. આથી ખડભડાટ સભામાં થતાં કોણે પડકાર કરી રંગમાં ભંગ કર્યો. તે તપાસતા ખરા રાજકુંવરને મેં ઓળખી લીધા. એકવારતો રાજસભામાંથી સીપાઇએ બહાર કાઢી મૂકયા પણ ખરા.

મેં તરત જ રાજતિલક કરવાની મનાઈ કરી. અને ફરીયાદીની ફરીયાદ સાંભળવી જોઇએ. એમ કહેવાથી પાછા રાજસભામાં બોલાવ્યા. પ્રધાનજીએ પૂછતા કહ્યું કે હું જ ખરો રાજકુંવર છું. મને જ ગાદી મળવી જોઈએ.

આમ કહ્યા છતાં વાત સાચી હતી પણ મર્મ નહી જાણવાથી બેસારી દીધા. પછી મેંજ બધો ખુલાસો રાજની આગળ કહી અને સાચો રાજપુત્ર આજ છે. એવી ખાત્રી કરાવી આપી. જેથી બધા ખુશખુશ થઈ ગયા. અને રાજતિલક રાજપુત્ર છત્રકુંવરને જ કરાવ્યું. મારી ઈચ્છા નહી હોવા છતાં મને યુવરાજ પદવી આપી અત્રે તમારી આગળ હાજર થયો છું. ત્રણ ચાર

વર્ષ પહેલાનો તમારો ભાણુ તે જ હું આજે ભાણુકુંવર તરીકે છું. અને હાલમાં તમો જેને ભાણીયો સમજતાં તે હાલ સાચા રાજગાદીના માલીક છત્રકુંવરજી છે. તમારા મનનો ભ્રમ ભાંગવાને માટે તમો સર્વેને બોલાવ્યા. છે.

હવે આપ સર્વેને એજ જણાવવાનું છે કે આ ભીખનો ધંધો ભૂંડામાં ભૂંડો છે. અને ખરાબમાં ખરાબ છે. માટે એ ધંધો છોડીદો. ભીખ માંગવાથી આળસુ બની જવાય છે કહ્યું છે કે,

આળસ ભૂંડી ભૂતડી, વ્યંતરનો વળગાડ,
પેસે જેના અંગમાં, બહુત કરે બગાડ.

ભાઈઓ લોકો ધક્કા મારે, લાતો મારે, આપવાનું તો દૂર રહો પણ ઉપરથી સાળો કહીને ગાળ સંભળાવે. એક ટુકડા રોટલાના માટે આ બધુ સહન કરવું તેમાં શી શોભા છે?

ટાઢમાં થરથરતા નીકળવું પડે. સખત તાપ હોય તો પણ ઉઘાડા પગે ભીખ માંગવી. લાચારી કરવી. મા બાપ આપો. માજી આપો. બેન બેન માતાજી કહેવા છતાં રાજી થાય નહીં. અને ઉપરથી ન સાંભળવાનું પણ સંભળાવે. આવી ભીખમાં કઈ મજા છે. કૂતરાઓ પણ જોઈ જોઈને ભસે કરડી પણ જાય.

વરસતા વરસાદમાં પણ માબાપ આપો. હું ભૂખ્યો છું ભગવાન તમારો ભંડાર ભરપુર રાખે, તમને સુખી રાખે તમારા બાળબચ્ચાં જીવતાં રહો. અરે મને કંઈક તો આપો. આવી

ભીખમાં શું મજા છે. આપ ઉંડો વિચાર કરો.ઉદ્યમ કર્યા વિના ખાવું તે પણ વસ્તુ ખોટી છે. મજુરી કરતાં જે પૈસા મળે તેનાથી ગુજરો કરવો એજ મીઠુ ભોજન કહેવાય છે. કોઈનું પાણી ભરવું દળણું દળવું વાસણમાંજી આપવા. ખેતરના કામ કરવા સારા પણ ભીખ માંગીને ખાવું તે સારૂ નહી. કોઈ શેઠને ત્યાં નોકરી કરવી સારી અથવા રાજ્યમાં પટાવાળાનું કામ કરવું સારૂ અથવા બીજા કામકાજમાં જોડાવું તેજ ઉત્તમ છે પણ ભીખ માંગવી તે યોગ્ય નથી.

તમે એમ માનતા હશો કે ભીખ પણ મહેનત વિના મળતી નથી માટે તે પણ ઉદ્યમ જ છે. આ તમારી માન્યતા ભૂલ ભરેલી છે. વ્યર્થ છે. ભીખ માંગવી તે ઉદ્યમ નથી પણ હરામ ચરકા છે. આ મારી વાત નિશ્ચયપૂર્વક સાચી માનશો.

જો તદ્દન અપંગ સ્થિતિ થઈ ગઈ હોય અંધ થયા હોય ચાલી શકાતું ન હોય. હાથે પગે ઈજા થવાથી અથવા લકવા થઈ જવાથી કંઈ કામ કરી શકાતું ન હોય. તો તો જુદી વાત છે. અથવા ધંધો નોકરી મજુરી ન મલતી હોય અને નછૂટકેજ ભીખમાંગવી પડતી હોય તો તે પણ ભીખ માંગ્યા સિવાય બીજો રસ્તો નથી. એમ ગણી શકાય. પણ હાથ પગ સારા હોય આંખસારી હોય, કામ કરી શકવાની શક્તિ હોય તો ભીખ માંગવાની વૃત્તિ રાખવી તે સારી નથી. જો તમારે સુખી થવું હોય તો ભીખ છોડવી જ પડશે.

ભીખ માંગવી તે કલંક છે. ભીખ માંગવાથી શરીરમાં

રોગ વધે છે. ખાવાનો કંઈ નિયમ રહેતો નથી. કટકે કટકે ખાવાથી સંતોષ થતો નથી. હાથ પગ દોરડી ને પેટ ગાગરડી એના જેવું બેડોળ શરીર બને છે. રોગના ઘર જેવી ભીખ છે. એઠા જુઠા ખાવાથી ચેપી રોગો ચોટે છે, અને તેથી એકંદરે છુપી વ્યાધિઓ થાય છે. તે તમારા જાણવામાં આવતી નથી કદાચ જુવાનીના જોરમાં ન જણાય પણ વૃદ્ધાવસ્થામાં તો રીબાઈને મરવું પડે છે. આવા કેટલાએ મરણો આપણે જોયા છે. ભાઈઓ ભીખ માંગવાના કારણે આખો દિવસ તમારો આર્તધ્યાનમાં સંકલ્પ વિકલ્પ કરવામાં જાય છે. તેથી કર્મ બંધાય છે. આત્મા કર્મનો કર્તા છે તેમ આત્મા કર્મનો ભોક્તા છે. જે કરે તેજ ભોગવે. જે જે ક્રિયા છે. તે સર્વે ફળ સહિત છે.

તમો ઝીણું નહી સમજી શકો પણ જેમ વિષ ખાવાથી વિષનું ફળ અને સાકર ખાવાથી સાકરનું ફળ,તેમ પાપ કરવાથી પાપનું ફળ મળે છે.અને પુણ્ય કરવાથી પુણ્યનું ફળ સદ્‌ગતિરૂપ મલ્યા વિના રહેતું નથી. તે ફળ આત્મા ભોગવે છે. રાજા રંક, રોગી, શોગી, નિરોગી શેઠ નોકર વિગેરે કરેલા કર્મથી થાય છે, જે જીવે સંકલ્પ વિકલ્પાત્મક બહીર દૃષ્ટિથી ગ્રહણ કરેલા તે કર્મનું એ ફળ છે.તે ફલ કરનાર આત્મા જ ભોગવે છે,એટલે કરેલા કર્મના ફળનો ભોગવનાર જ છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.

પ્રાયે કળીયુગે જીવડા, સ્હેજે ન કરે ધર્મ,

પરવશપીડાદુઃખખમે,આવે ઉદયે જબ કર્મ.
પરવશપણે વેદન ખમે, તેહનો સોમો ભાગ,
આતમ સાખેજો ખમે,તોલહે મુકિતનો માર્ગ.

પરવશપણાથી પારકાની તાબેદારીના અંગે અને પારકાના હુકમ અનુસારે જે કાયાકષ્ટ ઉઠાવવું પડે છે, તેનો અલ્પભાગ પણ આત્મ શાક્ષીએ શુદ્ધ ભાવે વ્રત, તપ, જપ, કરણીમાં અનુભવીએ તો જરૂર મુક્તિમાર્ગ મેળવીએ મુરબ્બીઓ! ભીખમાંગવી તે શરમની વાત છે. ઉદ્યમ કરવાથી ભાગ્ય વધે છે.મેં એક પૂ. મહાત્મા પાસેથી સાંભળેલ દૃષ્ટાંત પણ સાંભળવા જેવું છે, પણ લંબાણવાળુ હોવાથી કહેતો નથી, પણ તેનો સાર એવો છે કે નાના નાના પ્રકારના ઉદ્યમ કરતાં કરતાં પરાધિનતા દૂર થાય છે. અને સ્વાધીનતા પૂર્વક પોતાની આજીવિકા ચલાવવા ઉપરાંત પરોપકારના કાર્યો પણ કરી શકાય છે.અને સ્વાધિનતા હોવાથી પૂ. મુનિ મહાત્માઓના સત્સંગથી પોતાના આત્માનું કલ્યાણ કરી શકાય છે. એજ દૃષ્ટાંતનો મૂખ્ય સાર હતો.

ભાઈઓ તમારા હાથ પગ આંખો નાક કાન જીભ વિગેરે ની કિંમત હજારો લાખો કરોડો રૂપીયાની છે. હમણા એક નવી દુકાન નીકળી છે તેમાં હાથ પગ આંખ જીભ વિગેરે વેચાતા રાખે છે. વેચવા વિચાર હોય તો કહો. બેહાથના પચાશ હજાર રૂપીયા મળે છે, બે પગના પચાશ હજાર મળે છે. નાકના નવ હજાર મળે છે. આંખના લાખો મળે છે. ગળાના પણ લાખો

રૂપીયા મળે છે. બોલો શું વિચાર છે. ત્યારે એક જણાએ કહ્યું કે ના ના સાહેબજી શરીરના કકડા કરાય! કકડા કરીને પછી મૂડી ખલાશ થઈ જાય ત્યારે શી દશા થાય! આપે સમજાવ્યું તે બરોબર છે. કે હાથ, પગ, જીભ, નાક, કાન, વિગેરે એજ મોટામાં મોટી અમારી પાસે મૂડી છે, દેહની કિંમત થઈ શકે જ નહી, આટલા વરસો અમારા ખરેખર પાણીમાં ગયા. આપ જે જે સલાહ આપશો તે અમારે માન્ય છે.

ભાણકુંવરજીએ કહ્યું કે મારી આપ સર્વેને વિનંતિ છે, સલાહ છે, ભલામણ છે કે તમો આજથી જ ભીખમાંગીને જીવવાનું છોડી દો, આપ મુંઝાશો નહી. સાથે સાથે બીજો પણ ખુલાસો કરૂં છું કે દરેકને યોગ્ય યોગ્ય જેજે કાર્યમાં જોડાવાની રૂચિ હશે. તે મુજબ સહાય કરવામાં પણ રાજ્ય તરફથી બંદોબસ્ત થશે. અને આત્મ કલ્યાણ કંઈ રીતે થાય તે પણ સમજાવાશે. ભાણકુંવરની આવી હિતકારી મીઠી વાણી સાંભળી બધા ખુશખુશ થયા,અને હર્ષના આંસુ સાથે ગળગળા થઈ ગયા, અને કહ્યું કે આપના કહેવા મુજબ આજથી જ હાડકાને હરામ કરાવનારી એવી ભીખ ડાકણીનો ત્યાગ કરીએ છીએ, અને આપનો ધર્મ તેજ અમારો ધર્મ હો, અમારો દ્રવ્યથી ઉદ્ધાર કર્યો, તેમજ ભાવથી પણ ઉદ્ધાર કરશો, આપ આજ્ઞા કરશો તે મુજબ વર્તશું, અમારા કુળમા દીપક સમાન ધાર્યો હતો. તે ખરેખર દીપક બની પ્રકાશ પાથરી જડ મૂર્ખ જેવાં અમને હિતમાર્ગે વાળ્યાં અંધકારને દૂર કર્યો.

તે વખતે શ્રી છત્રકુંવર રાજપોશાક ધરી ત્યાં આવે છે, અને બધાયને કહે છે કે કેમ ભાઈઓ તમોને મેવામીઠાઈ કપડાંઓ વિગેરે ખૂબ મલ્યાને ?

આ નાથો, ધૂડો, પૂંજો, રામો, ખોડો, ગાંડો, ઘેલો, જુઠો, હુંઠો, પાનો, ગીગો તથા બેનબનેવીવેલો તથા કાળાકાકા, કાળીકાકી મીઠી મામી, મૂળા માસા, માસી, કુવા, રૂડો તથા રૂડીભાભી બધામજામાં છોને ?

ગઈકાલ સુધી હું તમારો ભાણીયો હતો, આજે હું છત્રકુંવર છું તો પણ હું તમોને તથા તમારા ઉપકારને ભૂલવાનો નથી, સત્યવાદી ઉપકારી એવા શ્રી ભાણકુંવરની શીખામણ હૃદયમાં ધારજો, મેં પણ જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે. તમો પણ સર્વે તેજ ધર્મને આચરજો.

સમજુ એવા ગીગાભાઈએ રાજકુંવરને કહ્યું કે અણસમજણથી આપ જેવાની પાસે ભીખ મંગાવી તો તે અપરાધ માફ કરજો. છત્રકુંવરે કહ્યું કે ભાઈઓ આમાં તમારો વાંકજ કયાં હતો. ખરો વાંકતો મારા અંતરાય કર્મનો સમજવાનો છે. ભાઈઓ હવે હું પણ બે શબ્દો હિતના કહું છું કે વ્યવહારમાં રહેવાનું છે તો અભ્યાસ કર્યાવિના ચાલશે નહી. ભણ્યા વિના સુખી થવાશે નહી. ભણ્યાવિના પુન્ય પાપ સમજી શકશો નહી.

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ, યદુક્તં ગ્રંથ કોટિભિઃ
પરોપકારઃ પુણ્યાય. પાપાય પરપીડનમ્

જે તત્ત્વ કોટી ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે. તે હું તમને માત્ર અર્ધશ્લોકમાં કહી સંભળાવું છું કે પરોપકાર કરવાથી પુન્ય ઉપાર્જન થાય છે. અને પરને દુઃખ દેવાથી પાપ બંધાય છે.

ભાઈઓ તમારે ભાષામાં સુધારો કરવા જેવો છે.વાતવાતમાં એલફેલ બોલી કર્મ બંધણી કરો છો.બોલવામાં મધુરતા વાપરવી મીઠીભાષા બોલીને પરોપકાર કરવો.

હસ્તાદપિ ન દાતવ્યં, ગૃહાદપિ ન દીયતે
પરોપકરણાર્થાય, વચને કિં દરિદ્રતા ।।

હાથમાંથી કે ઘરમાંથી કાંઈ આપવું પડતું નથી અને પરોપકાર થઈ શકે તો વચનમાત્રમાં શામાટે દરિદ્રતા વાપરવી. જેને જીભ વશ નથી તેને ત્રણે જગત સાથે વૈર બંધાય છે.અને જેની જીભ ઉપર અમૃત છે, તેને ત્રણેલોક વશવર્તીજ રહે છે.

વિદ્યા જીભના અગ્ર ભાગ પર રહે છે. મિત્ર અને બાંધવો જીભના અગ્ર ભાગ પર રહે છે. બંધ મોક્ષ અને પરમ પદ તે પણ જીભના અગ્ર ભાગ પર છે. એમ સમજશો.

ધર્મ કેળવણી લેવા માટે રાજ તરફથી બધી સગવડ મળશે. તેમજ શક્તિ પ્રમાણે ઉદ્યમ કરતાં કરતાં શાંતિરૂપ મેવા મળશે.

રાજ્યમાં નોકરી અથવા ઉદ્યમ કરવામાં રાજ્ય તરફથી સહાય મળશે અને જીવનમાં સુધારો કરો, હે ભાઈઓ તમો હંમેશાં પ્રભુની પૂજા કરી દર્શન કરી ગુરૂવંદન કરી જીનવાણીનું

નિત્ય શ્રવણ કરો. જેથી તમો પણ ભાણકુંવરની જેમ લલિત ચિત્તેથી હૃદયમાં ક્ષાંતિ ધરનારા થાઓ.

દોહરા

એલીસબ્રીજથી આગળે હોસ્પીટલ નજીક,
મુતરીયા બંગલા પછી લલ્લુભાઇ પરીખ. ૧

નાનુક દેરૂ બાંધીને પધરાવ્યા આદિનાથ,
જેશીંગભાઇના બંગલે પાંચમા સુમતિનાથ. ૨

જૈન સોસાયટીછે ખરી મંદિર શીખર બંધ,
જોતાં મન હરખાઇને ભેટયા પાર્શ્વજીણંદ. ૩

બસ પાલડી સ્ટેશન જ્યાં નજીકમાં છે ખાસ,
મહાવીરજૈન વિદ્યાલયે અજીતનાથનો વાસ. ૪

દશાપોરવાડ સોસાયટી ત્યાંપણશીખર બંધ,
દેરાસર રળીયામણું શીતળનાથ જીણંદ. ૫

અરૂણસોસાયટીમાં વળી વાસુપૂજ્યજીનચંદ,
દર્શન સર્વે ભાવથી, કર્યા મન આનંદ. ૬

જૈનમરચંટ સોસાયટી મંદિર શીખર બંધ,
છગનલખમીચંદબંગલે બેઉમાંશાંતિજીણંદ. ૭

પંચમ ચક્રવતી થયા, સોળમાં શાંતિનાથ,
લલિતભાવે વાંદીએ સહુના છે જ સનાથ. ૮

ઢાળ ૨૩ મી

(રાગ–સૂણેા ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો)

સૂણેા પ્રેમ ધરી ભવનાટક કરેાબંધ હવે સમજી કરી,
જુએાદુઃખીથયાબહુકાળ,જીનવાણીસૂણેાહવેહૃદયેધરી;
નવકારસદા દિલમાંધરજો,શુભભાવેકરીસ્મરણ કરજો.
પંચ પરમેષ્ટિ પદ મેળવજો, સૂણેા પ્રેમ ધરી ૧
જે થયા ચેાવીશે તીર્થંકર, વળીચક્રવર્તીઓ રાજેશ્વર
બન્યા શાહુકારેા સંયમધર, સૂણેા પ્રેમ ધરી ૨
નીતિન્યાયવસેદિલમાં ભાવે,ન્યાયસંપન્ન વૈભવતે પાવે,
સાતે ક્ષેત્રે તે ધન વાવે, સૂણેા પ્રેમ ધરી. ૩
એકનું અનેકગણું મળતું, અનુમેાદન સિંચનથી ફળતું,
તે પુન્ય કદા નહી મુંઝવતું, સૂણેા પ્રેમ ધરી. ૪
જુએા ભાણકુંવરનાસંગમથી,રાજા ફતેસિંહ ઉમંગથી,
જૈન ધર્મસ્વીકારે તન મનથી, સૂણેા પ્રેમ ધરી. ૫
વળી છત્રકુંવરપણસમજણથીસ્વીકારેધર્મશુભમનથી,
થાય મીઠાશ દુધમાં સાકરથી, સૂણેા પ્રેમ ધરી. ૬
લીએ રાજા હવે બહુનિવૃત્તિ, કરે ધર્મકાર્યમાં પ્રવૃત્તિ,
થાય આત્મહિતમાં શુભવૃત્તિ, સૂણેા પ્રેમ ધરી. ૭
હવે રાજા ફતેસિંહને રાણી, કુલ કુંવરબા તે છે શાણી,
છત્રભાણકુંવર બેઉ ગુણખાણી, સૂણેા પ્રેમ ધરી. ૮

વળી પ્રધાનજી સાથેજ ખરા, શેઠીયા પંડિત સોદાગરા,
બીજા પણ છે અધિકારો ઘરા, સૂણેા પ્રેમ ધરી. ૯
સહુ સાથે જિનમંદિર જાવે,પ્રદક્ષિણા દેઈ ભ્રમણટાળે,
કરે દર્શન મહેાત્સવ બહુભાવે, સૂણેા પ્રેમ ધરી. ૧૧
સ્તુતિકરતાવિધવિધભાવે,દીયેખમાસમણત્રણખુશથાવે,
કરે ધુપ ફાનસ દીપ પ્રગટાવે, સૂણેા પ્રેમ ધરી. ૧૧
વળી રચના સ્વસ્તિકનીભાવે. તાજા નૈવેદ્યોજ ધરાવે,
ઉત્તમ ફળેા પુષ્પેા પધરાવે, સૂણેા પ્રેમ ધરી. ૧૨
કરે ચૈત્યવંદન સઘળાભાવે,સ્તવનાદિ બેાલેરંગઆવે,
ભાણકુંવર વાજીંત્રે ગાવે, સૂણેા પ્રેમ ધરી. ૧૩
ઝાંઝ દેાકડ વાગે તબલાદિ, સતાર વિણાને શરણાઇ,
પ્રભુ મુખ જુએ સહુ સુખદાઈ, સૂણેા પ્રેમ ધરી. ૧૪
બેઉ ચામર સાથે નૃત્યકરે,ભવનાટકના ખેલ પરિહરે,
એક આણા જીનની શીરધરે, સૂણેા પ્રેમ ધરી, ૧૫
અભિગ્રહવ્રતપચ્ચખ્ખાણલહે, ઘંટનાદકરીત્રણવારકહે
ખરેા ધર્મ પ્રભુ મુજ દિલ વહે, સૂણેા પ્રેમ ધરી. ૧૬
જીનદર્શનમહેાત્સવનિત્યકરે, ચિંતા વણીમેાહરાયધરે,
મુજ કહ્યું સેવક ન જ કરે, સૂણેા પ્રેમ ધરી. ૧૭
શર્વે વળી ઉપાશ્રયે જાયે, કરે વંદન ગુરૂજીના પાયે,
કરી વિધવિધ ગહુંલીએાહરખાયે, સૂણેાપ્રેમ ધરી. ૧૮

પધરાવે શ્રીફળ રત્ને મઢયું, મૂકેવળીમાણેકહીરાબહુ,
સોનરૂપ કુલેાથી વધાવે સહુ. સુણેા પ્રેમ ધરી.૧૯
ગુરૂપૂજન કરતા ખુશ બહુ,વાસ ક્ષેપગુરૂનેા લેતા સહુ,
ધન્ય ધન્ય ગુરૂજી આપ કહું, સુણેા પ્રેમ ધરી.૨૦
કરીવંદનબેસેનિજસ્થાને,નિજઆતમનેધન્યજમાને,
ગુરૂ વાણી સુણવા એક કાને, સુણેા પ્રેમ ધરી.૨૧
પૂજ્યઆચાર્યાદિમુનિરાયા,વળીસાધ્વીજીઓસમુદાયા.
સંયમ ઉપકરણેા વહેારાવ્યા, સુણેા પ્રેમ ધરી.૨૨
પૂજ્યનિર્ભયસુરિજીરાયા,ભાણકુંવરેશ્લેાકેાસુખદાયા,
ગુરૂ સ્તુતિ કરી ગુરૂ ગુણ ગાયા, સુણેા પ્રેમ ધરી.૨૩
સંસ્કૃત પદ્યોને સમજાવે,સુણેસભાજનેાબહુખુશથાવે,
કવિજન પંડિતને હરખાવે, સુણેા પ્રેમ ધરી.૨૪
ઉપકારી કદી નહી વીસરવા,પ્રત્યક્ષ ગુણેા ગાવાધરવા,
ગુરૂ નાવ ખરી સુખે તરવા, સુણેા પ્રેમ ધરી.૨૫
હવેવ્યાખ્યાનગુરૂજીસંભળાવે,મંગળાચરણકરેશુભભાવે,
નવકાર મહિમા ગુણ ગાવે, સુણેા પ્રેમ ધરી.૨૬
મૈત્રી પ્રમેાદકરૂણા લાવેા,માધ્યસ્થ ભાવનાપણભાવેા,
પરમેષ્ઠિપદ જેથી પાવેા, સુણેા પ્રેમ ધરી.૨૭
પ્રભાવીક વચનેાહૈયેધરી,લીએવતપચ્ચખ્ખાણેાહર્ષધરી,
લ્હાણી પણ વિધ વિધ વહેંચાયે ખરી,સુણેા પ્રેમધરી ૨૮
જીનવાણીભવિયાનિત્યધરેા,અનુપમક્ષાંતિતુમચિત્તકરેા,
શ્રદ્ધા લલિત ગુણ મુખ્ય વરેા, સુણેા પ્રેમ ધરી.૨૯

૨૩ મી ઢાળનું વિવેચન

હે મહાનુભાવો ! હવે પ્રેમ ધરીને એક વાત સાંભળો. હમેશા જિનેશ્વરની વાણીનું શ્રવણ કરો. અને સમજણ મેળવીને ભવ નાટક હવે બંધ કરો. સંસાર નાટકમાં ઘણા ઘણા નારકી તિર્યંચ વિગેરે ભવોમાં દુઃખો સહન કર્યા, હવે તો વીરમવાની જરૂર છે. શ્રી નવકાર મંત્ર હમેશા દિલમાં ધરો. શુભ ભાવપૂર્વક હમેશા સ્મરણ કરો અને અંતે પરમેષ્ઠિપદ મેળવી ભવદુઃખનો અંત કરો. પરમેષ્ઠિપદમાં અરિહંત, સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ છે દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ એ ગુણો છે. ચોવીશ તીર્થંકરો ચક્રવર્તીઓ શેઠ શાહુકારો મોટી મોટી પદવીઓ ધારણ કરનારાઓ પણ સંયમધારી બની અષ્ટકર્મોનો નાશ કરી મુક્તિપદને પામ્યા છે.

હે સુજ્ઞો ? જેના હૃદયમાં નિતિ-ન્યાય વસેલ છે તેવા આત્માઓ ન્યાય સંપન્ન વૈભવ મેળવી સાતે ક્ષેત્રોમાં તે ધનનો સદ્વ્યય કરે છે અર્થાત્ વાવે છે. જેથી એકનું અનેકગણું તેઓ મેળવે છે. કારણ કે ધનનો સદ્વ્યય કર્યા બાદ તેનું સતત અનુમોદન–સિંચન ચાલુ રહેવાથી પુન્યાબંધી પુન્ય ઉપાર્જન કરી લે છે. પૌદ્ગલીક સુખો મેળવવાની સુખો મેળવવાની ઈચ્છા વિના જ જે ધર્મકાર્ય કરે છે અને પુન્ય મેળવે છે. તે પુન્યથી મળેલ લક્ષ્મી મુક્તિ માર્ગે જનારને પણ સહાય કરનારી થાય છે પણ સંસારમાં રખડાવતી નથી. એ ચોક્કસ સમજી રાખવાનું છે.

હવે ભાણકુંવરના ન્યાયીપણાથી સંગમથી રાજા ફતેસિંહે ઉમંગથી જૈનધર્મનો તનમનથી સ્વીકાર કર્યો છે. તેમ છત્રકુંવરે પણ સમજણ મેળવી શુભ ભાવથી જૈનધર્મનો સ્વીકાર કર્યો હોવાથી દુધમાં જેમ સાકર ભળે અને મીઠાશ આવે તેમ જૈનધર્મના આરાધનમાં જનોને આનંદ થવા લાગ્યો. રાજાએ હવે રાજ્યકાજમાંથી નિવૃત્તિ મેળવી હોવાથી ધર્મકાર્યમાં પ્રવૃતિ કરવાથી આત્મહિત કરવામાં જ શુભવૃત્તિને વધારી છે.

મહાનુભાવો ! રાજ્યારોહણની સર્વક્રિયા સમાપ્ત થયા બાદ રાજ્ય અધિકારી આદિ રાજસેવકોને ઉચીત બક્ષીસો આપી સન્માન્યા હતા. દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો હતો. સહુએ યુવરાજ શ્રી ભાણકુંવરની બુદ્ધિની પ્રશંસા કરી હતી.

હવે યુવરાજ શ્રીભાણકુંવરે શ્રીજિનદર્શન મહોત્સવ ઠાઠથી સહુ સાથે ઉજવવાનું નક્કી ચાલુ કરેલ છે. જેથી રાજા રાણી બંને કુંવરો. રાજપંડિતજી તથા પ્રધાનજી, શેઠ શાહુકારો, સોદાગરો, નાના મોટા વિગેરે સાથે મળીને વાજતે ગાજતે શ્રી આદિનાથ પ્રભુજીના દહેરાસર ગયા.ભવભ્રમણ ટાળવા માટે ત્રણ પ્રદક્ષિણાઓ આપી. દર્શન મહોત્સવ બહુ ભાવપૂર્વક કરતા પ્રભુજી સમક્ષ જુદા જુદા રાગથી સ્તુતિઓ બોલ્યા. ત્રણ ખમાસમણા દીધા. ધૂપ કર્યો. ફાનસમાં દીપક કર્યો. અખંડ અક્ષતથી સ્વસ્તિકની રચના કરી તાજા નિવેદ્ય ધરાવ્યા. ઉત્તમ ઉત્તમ ફળો પધરાવ્યા. દરેક કાર્યનું રહસ્ય ભાણકુંવરે સમજાવ્યું. ત્યારબાદ ત્રણ

ખમાસમણ પૂર્વક ચૈત્યવંદન કરતા સ્તવન બોલવાના પ્રસંગે ભાણુ કુંવર પોતે જ વાજીંત્ર વગાડી સુંદર ભાવવાહી શબ્દોમાં મધુર કંઠથી પોતે ગાય છે અને બીજાઓને પણ ગવરાવે છે. રંગ જમાવવામાં દોકકડ તબલા, ઝાંઝ, વિણા, શરણાઈ, વિગેરે સાધનો પણ સાથે જ છે. સુખદાયી એવું પ્રભુજીનું મુખ સહુ જુએ છે. ભવનાટકમાં ફરી ફરી નટની જેમ નાચવું ન પડે એમ સમજીને બેઉ હાથમાં બે ચામર રાખી પ્રભુજીના સન્મુખ નાચ કરીને ચામર વીંજે છે. અને પ્રભુજીની આજ્ઞા શીર પર ધારણ કરે છે. પછી આરતી દીવો કળશ વિગેરે કરી વ્રત પચ્ચખ્ખાણ અભિગ્રહ શક્તિ અનુસાર લઈ. ત્રણ વખત ઘંટનાદ કરીને કહે છે કે હે પ્રભુ તમારો ધર્મ સાચો છે સાચો છે તેને હું હૃદયમાં ધારણ કરૂં છું. આ બધું જોઈને મોહરાજાને તો મોટી ચિંતા થઈ. કે આ મારો સેવક થઇને મારૂ માનતો પણ નથી. મોહરાજાનું કંઈ ખાસ ચાલતું નથી. હવે બધા ગુરૂ દર્શન કરવા. જિનવાણીનું શ્રવણ કરવા ઉપાશ્રયે ગયા. નવી નવી ગહુંલીઓ કરે છે રત્નો જડેલ શ્રીફળ મૂકી ઉપર હીરામાણેક વિગેરે ધરાવે છે.સોનારૂપાના ફૂલોથી અક્ષતથી ગુરૂમહારાજને વધાવે છે. ગુરૂજીને વંદન કરી ગુરૂપૂજન કરી વાસક્ષેપ નંખાવે છે ખુશ થાય છે. પોતાના આત્માને ધન્ય માને છે. અને ગુરૂમુખથી જિનવાણી સાંભળવા શાંતિથી બેસી ગયા તે વખતે પૂ. આચાર્ય મહારાજ આદિ મુનિરાજોને તથા પૂ. સાધ્વીજી મહારાજ સમુદાયને કપડા કામળી વિગેરે સંયમના ઉપકરણો વહોરાવ્યા. બાદ યુવરાજ શ્રી ભાણુ-

કુંવરજીએ પોતેજ સ્તુતિ કાવ્યો સંસ્કૃતમાં રચીને ગુરૂ મહારાજના ગુણ ગાયા. વળી સભાજનો શ્રોતાઓ પણ સમજી શકે તેવી રીતે અર્થ કરી બતાવ્યા. સહુને ખુશ કર્યા તેમજ કવિઓ પંડિતો પણ હરખાયા. ગુરૂના ગુણો ગુરૂ સમક્ષ ગાવા જોઈએ ઉપકારી ઓના ઉપકાર કદી વીસરવા જોઈએ નહી. તેમના ગુણો પ્રત્યક્ષ ગાવા એમ કહેલ છે. ગુરૂ રૂપનાવની સહાયથી જીવો તરે છે. નમસ્કાર ચિંતામણિ પુસ્તકના લે મુનિશ્રી કુંદકુંદ વિજયજી છે. તેમાંથી નીચેનું અમૂક લીધેલ છે.

હવે શાસ્ત્રવિશારદ મહાજ્ઞાની પૂ. આ. શ્રી વિ. નિર્ભયસૂરીશ્વરજી મહારાજ વ્યાખ્યાન શરૂ કરતા મંગળાચરણ કર્યા બાદ શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા જણાવતા બોલ્યા :

મંત્રં સંસાર સારં, ત્રિજગદનુપમં સર્વ પાપારિ મંત્રમ્
સંસારોચ્છેદ મંત્રં, વિષમ વિષહરં કર્મનિર્મૂલ મંત્રમ્
મંત્રં સિદ્ધિ પ્રદાનં, શિવસુખ જનનં કેવળજ્ઞાન મંત્રમ્
મંત્રં શ્રીજૈનમંત્રં,જપજપજપિતં, જન્મનિર્વાણ મંત્રમ્

મહાનુભાવો ! મહામંત્ર શ્રી નવકાર એ સંસારમાં સારભૂત મંત્ર છે. ત્રણ જગતમાં અનુપમ છે. સર્વ પાપોને નાશ કરનાર છે. સંસારનો ઉચ્છેદ કરનાર છે વિષમ પ્રકારના વિષને હરનાર છે, કર્મને નિર્મૂલ કરાવનાર છે, સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર છે, શિવ સુખનું કારણ છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર છે. આવા પ્રકારના અદ્‌ભુત સામર્થ્યવાળા પરમેષ્ઠિ મંત્રને હે ભવ્યો તમો

વારંવાર જપો. જપ કરાયેલો આ નમસ્કાર મહામંત્ર જન્મ–મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર છે.

ઇક્કોવિ નમુક્કારો, પરમેટ્ઠીણં પગિટ્ઠભાવાઓ.
સયલં કિલેસજ્જલં, જલં વ પવણો પણુલ્લેઇ.
જે કેઇ ગયા મુક્ખં, ગચ્છંતિ ય કેવિ કમ્મમલમુક્કા.
તે સવ્વેચ્ચિય જાણસુ, જિણુ નવકારપ્પભાવેણું.

પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓનો કરેલો એક પણ નમસ્કાર પવન જેમ જલને શોષવી નાંખે તેમ સકલ કલેશ જાળને છેદી નાંખે છે.

જે કોઇ મોક્ષ ગયા છે. અને જે કોઈ કર્મમલથી રહિત બનીને મોક્ષે જાય છે. તે સર્વ પણ શ્રી જિન–નવકારના જ પ્રભાવે છે, એમ જાણો.

પણવ–હરિયા–રિહા,ઇહિ મંતહબીઆણિસપ્પહાવાણિ.
સવ્વેસિં તેસિં મૂલો, ઇક્કો નવકાર વર મંતો.
ભોઅણ સમએ સયણે,વિબોહણે પવેસણે ભએ વસણે.
પંચ નમુક્કારં ખલુ, સમરિજ્જા સવ્વકાલમ્મિ.

પ્રણવ એટલે ૐકાર, માયા એટલે હ્રીંકાર અને અર્હં વિગેરે પ્રભાવશાળી મંત્ર બીજો છે. તે સર્વનું મૂળ એક પ્રવર નવકાર મંત્ર છે. અર્થાત્ ૐ હ્રીં અર્હં વિગેરે મંત્ર બીજોના મૂળમાં શ્રી નવકારમંત્ર રહેલો છે.

ભોજન સમયે શયન સમયે જાગવાના સમયે પ્રવેશ સમયે ભય વખતે કષ્ટ વખતે એમ સર્વ સમયે ખરેખર! પંચનમસ્કારને સ્મરવો જોઈએ

સુજ્ઞો! ચૌદ પૂર્વના સારભૂત શ્રી નમસ્કાર મહામંત્રમાં દેવ–ગુરૂ અને ધર્મનું જે સ્વરૂપ છે, તેજ વિશ્વનું સ્વરૂપ છે. કારણ કે વિશ્વનું સ્વરૂપ નવ તત્ત્વોથી અતિરિક્ત નથી અને નવ પદ સ્વરૂપ આ નમસ્કાર પણ નવ તત્ત્વ સ્વરૂપ હોવાથી વિશ્વ સ્વરૂપથી ભિન્ન નથી. જીવ–અજીવ–પુણ્ય–પાપ–આશ્રવ સંવર–બંધ–નિર્જરા અને મોક્ષ. આ નવે તત્ત્વોનું જ્ઞાન પંચ પરમેષ્ઠિના જ્ઞાનથી નીચે મુજબ થાય છે. માટે પંચ પરમેષ્ઠિથી વિશ્વસ્વરૂપ નવ તત્ત્વો જુદા નથી.

પાપ પ્રકૃતિથી સર્વથા રહિત અને પુણ્ય પ્રકૃતિના પ્રકર્ષને પામેલા અરિહંતના જ્ઞાનથી–ધ્યાનથી પાપ અને પુણ્ય એ બે તત્ત્વોનું જ્ઞાન થઈ જાય છે. અજીવના સંગથી સર્વથા રહિત અને જીવતત્ત્વથી પૂર્ણ શ્રી સિદ્ધ ભગવંતના જ્ઞાનથી અજીવ અને જીવતત્ત્વનું જ્ઞાન થાય છે. શુદ્ધ આચારનું પાલન કરનાર અને કરાવનાર આચાર્ય ભગવંતો આશ્રવના દ્વારોને રોકનાર અને સંવરભાવને પામેલાં હોય છે. એથી તેમના ધ્યાનથી સંવર અને આશ્રવ તત્ત્વનું જ્ઞાન થાય છે. ઉપાધ્યાય ભગવંત જ્ઞાન ધ્યાનમાં લીન હોવાથી તેઓને અલ્પબંધ હોય છે અને જ્ઞાન ધ્યાનના બળે નિર્જરા અધિક હોય છે માટે એમના ધ્યાનથી

બંધ અને નિર્જરા તત્ત્વનું જ્ઞાન થાય છે. સાધુ ભગવંતો મોક્ષ માર્ગના સાધક હોવાથી તેમના ધ્યાનથી મોક્ષતત્ત્વનું જ્ઞાન થાય છે.

શ્રી અરિહંત અને સિદ્ધ એ અણાહારી પદના ભોક્તા હોવાથી તપ પદની પરાકાષ્ઠા એમણે પ્રાપ્ત કરી છે.

શ્રી આચાર્ય ભગવંતો આચારનું પાલન કરતા હોવાથી ચારિત્ર ગુણના માલિક છે.—શ્રી ઉપાધ્યાય ભગવંતો જ્ઞાનના પઠન પાઠનમાં લીન રહેતા હોવાથી તેઓ જ્ઞાન પ્રધાન હોય છે. શ્રી સાધુ ભગવંતોને દેવ ગુરૂની આજ્ઞામાં અચળ વિશ્વાસ હોવાથી તેઓ શ્રદ્ધા–દર્શન–પ્રધાન હોય છે.

મહાનુભાવો ! મૈત્રી, પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ ભાવના. એજ પરમેષ્ઠિ પદની પ્રાપ્તિનું કારણ છે. ભાવનાના બળે જ પરમેષ્ઠિ પદને પ્રાપ્ત કરી શકાય છે. પરમેષ્ઠિ પદનો મુખ્ય ગુણ એજ છે. એ ભાવના વિના કોઈને પણ પંચ પરમેષ્ઠિ પદની પ્રાપ્તિ થતી નથી. માટે પરમેષ્ઠિ પદના આરાધકોએ હમેશાં યાદ રાખવું જોઇએ કે મૈત્રી આદિ ચાર ભાવનાથી જ પરમેષ્ઠિ ભગવંતોની આરાધના સાધના સેવા કે ઉપાસના થઈ શકે છે. આ ભાવનાથી ઓતપ્રોત થઈને પરમેષ્ઠિ બની શકાય છે. આ ભાવના-પૂર્વકની સેવા એ સાચી સેવા બને છે. જાપ ધ્યાન પણ એનાથી જ ફલીભૂત થાય છે, સમગ્ર વિશ્વનો હું મિત્ર છું, મારે કોઈ સાથે શત્રુતા નથી, સર્વજીવો દુઃખથી મુક્ત થાઓ. સર્વપ્રાણી સુખી થાઓ. સર્વજીવો પાપમુકત બનો. દોષરહિત બનો આવી

ભાવના પ્રત્યેક નમસ્કાર મંત્રના ધારકે ભાવવી જોઇએ, એજ મહામંત્રનો પ્રધાનાર્થ છે, પ્રાણ છે, રહસ્ય છે, તત્ત્વ છે, સત્ય છે, પરમાર્થ છે. તાત્પર્યાર્થ છે, ઐદંપર્યાયાર્થ છે અને હાર્દ છે.

હે ભવ્યો ? તમો પણ આ જીનવાણીનું શ્રવણ કરી શ્રી નવકાર મંત્રના પ્રભાવની શ્રદ્ધા કરી આત્મ કલ્યાણ સાધો, આટલું કહી સર્વ મંગલ સંભળાવી વિરામ પામ્યા.પૂ.આ.મહારાજશ્રીના પ્રભાવીક પ્રવચનથી સહુકોઇ હર્ષ પામ્યા.અને શ્રી નમસ્કાર મહામંત્રનું નિત્ય સ્મરણપૂર્વક આરાધના કરવા માટે નિશ્ચય કરી અભિગ્રહધારી નિયમ લીધા. પ્રાંતે શ્રીફળ. લાડુ, પેંડા, પતાસા, બદામ, સાકર વિગેરેવિગેરે લ્હાણી પ્રભાવનાઓ લઇ નિજનિજ સ્થાને ગયા.

હે મહાનુભાવો ? તમો જીનેશ્વરની વાણી સદા હૃદયમાં ધરો. અને અનુપમ એવી ક્ષાંતિ તમે ચિત્તમાં રાખો. વળી ललित કહેતા મનોહર શ્રદ્ધા ગુણ મુખ્ય કહેવાય છે તેને વરો. એટલે કે તે શ્રદ્ધા ગુણને કેળવો.

દોહરા

ચોવીશમી આ ઢાળ છે, તીર્થંકર ચોવીશ.
કર્મ ખપાવા કારણે, હું નમું નિશ દિશ. ૧

આંબાવાડીયા પાસમાં, શેઠજી ચીમન નગીન,
છાત્રાલયજિનમંદિરે, મહાવીર સુખીયાલીન. ૨

ઓપેરા સોસાયટી, ત્યાં પણ મહાવીર જાણ,
નિરખતાં જીનરાજને, થઈ કર્મની હાણ. ૩
નગરીહોસ્પીટલ પાસમાં, સોસાઇટી કલ્યાણ,
ત્યાં પ્રભુજી પાર્શ્વજી, દર્શન સુખની ખાણ. ૪
અશ્વને પ્રતિબોધવા, આવ્યા ભરૂચમાં જાણ,
તે મુનિસુવ્રત વીશમાં, નવરંગપરામાં ભાણ. ૫
શાંતિનગરમાં પાંચમા, સુમતિનાથ જીન દેખ,
આગમ મંદિરે પણ જુએ, ત્રાંબા પત્રે લેખ. ૬
ઉસમાનપુરામાં ભવ્ય છે, લાલ પથ્થરનું કામ,
દેરાસર સોહામણું, જીનજી સંભવ નામ. ૭
લલ્લુરાયજી શેઠની, બોર્ડીંગ બાગ વિશાળ,
આદીશ્વરને ભેટીયા, કર્મ થયા કંગાળ. ૮
મહાનુભાવો ! અનુક્રમે, નથી લખાયા જાણ,
છતાં ક્રમસર છે ખરા, કરો દર્શન સુજાણ. ૯
જિનદર્શન કરો ભાવથી, જીનવાણી સુણોકાન,
ક્ષાંતિધરો જીનની સદા, ગાય લલિત ગુણગાન. ૧૦

૨૪ મી ઢાળ

(રાગ–સંભવ જીનવર વિનતિ)

ભવિજનો તુમે સાભળો, કર્મ વિચિત્ર પ્રકારોરે,
વિધવિધબીનાસાંભળી, હવે નિષેક વિચારોરે.ભ. ૧

કાળ અબાધા પુરો થતાં, કર્મો ઉદયમાં આવેરે,
કર્મદલિક રચના થતી, તેને નિષેક કહાયેરે.ભ. ૨
સાગરોપમત્રીશકોડાકોડ, કાળઅબાધતેનો થાવેરે,
ત્રણસહસ્ર વરસ કહ્યો, પછી કર્મોદય આવેરે.ભ. ૩
સમય સમયની સ્થિતિમાં, કર્મદલિક ક્રિયા થાયેરે,
રચનાનિષેકતેનેજાણીયે, બંધસમયેનક્કીથાયેરે.ભ. ૪
અબાધાકાળ પછીરહ્યો, જેટલોકાળ તે જાણોરે,
નિષેકકાલ કહ્યો તેહનો, કર્મોદય પુરો માનોરે.ભ. ૫
અબાધાકાળથી છુટેલાં, કર્મો નીકળે જેશબંધરે,
ઉદયાવલિકે પ્રવેશતાં, કર્મ જથ્થો વેગવંતરે.ભ. ૬
પહેલી ઉદયાવલિકામાં, ઘણા કર્મ પ્રદેશોરે,
પ્રવેશ કરે છેજ તે પછી, થાયે વેગજ ઓછોરે.ભ. ૭
એમજ છેલ્લામાં છેલ્લી, આવલિકામાં પ્રવેશરે,
ઓછા પ્રદેશો પ્રવેશતાં, એમ થાયેપુરા શેષરે.ભ. ૮
છીદ્ર અનાજનીકોઠીનું,ખોલતા અન્ન ધસી આવેરે,
પ્રથમઅનાજબહુનીકળેપછીઓછુંઓછુંથાવેરે.ભ. ૯
બંધુકની ગોળી છુટતાં, પ્રથમ વેગ ઘણો હોયરે,
પછી ધીમોવેગ થાયછે, એમ નિષેક કહેવાયરે ભ. ૧૦
વાદળા જ્યારે વરસતા, પાણી ફોરા જોરે આવેરે,
પછી ધીમા પડીજાયછે,એમ ખલાશ તે થાવેરે.ભ. ૧૧

કર્મ ઢગલાબંધ ઉદયમાં, એકી સાથે ન આવેરે,
પણ ધીમેધીમેઉદયમાં,આવે તે નિષેકકહેવાયેરે.ભ. ૧૨
નિષેકનોઅર્થછાંટવું, સીંચવું અથવા વરસવુંરે,
વાદળાના તે દૃષ્ટાંતથી,સમજવુંતેત્રણુંસહેલુંરે.ભ. ૧૩
વાદળુ પહેલા જે વરસતું, તે જોરમાં પછી ધીમુરે,
વળી જોરેવર્ષેતોજાણુવું,બીજુવાદળુંભળીયુરે.ભ. ૧૪
દૃષ્ટાંતથી આ જાણીને, કર્મનું જ્ઞાન વધારોરે,
બનો અભ્યાસી કર્મના, સંસ્કાર સુધારોરે ભ. ૧૫
કર્મોદય આવ્યા પછી, કરણ અસર નવિ થાયેરે,
ઉદયપહેલાં અસરથતી,યાદરાખો ન ભૂલાયેરે.ભ. ૧૬
કર્મ ભયંકર બાંધીઉં, ઉદયે આવતા વારરે,
તેપહેલાં અસર જો શુભની,લગાડીએ ફેરફારરે.ભ. ૧૭
મુદત ઘટે વળી રસ ઘટે, અથવા નાશજ થાયરે,
એકજકર્મનાપ્રદેશો બીજાકર્મમાંજાયેસંક્રમાઇરેભ. ૧૮
ભોગવાયે બીજારૂપથી, અધ્યવસાયે ફેરફારીરે,
બાજી રહેશે હાથમાં, જો વર્તન શુભકારીરે.ભ. ૧૯
વર્તન સારૂ ન હોયતો, કર્મ ભલે ગાઢ ઓછુંરે,
તો પણ ભયંકરપણે, ભોગવવું પડે ચોક્ખુરે.ભ. ૨૦
મહાનુભાવો તુમે ધર્મના, સંસ્કાર ચાલુ રાખોરે,
દુષ્ટ કર્મ દૂર કાઢીને, સુકર્મના ફળ ચાખોરે.ભ. ૨૧

ક્ષાંતિ સદા દિલમાં ધરો, સત્યવાદી બનો પુરારે,
તોજ લલિત સુખ પામશો, કરો કર્મના ચૂરારે.ભ. ૨૨

---

૨૪ મી ઢાળનું વિવેચન

હે ભવિજનો ? તમે કર્મની વિચિત્રતાના પ્રકારો સાંભળ્યો. તમોએ કર્મ સંબંધી જુદી જુદી બીનાઓ સાંભળી. હજી હવે નિષેકનો વિચાર કરવાનો છે. તે પણ સમજવાની જરૂર છે અબાધાકાળ સબંધી પહેલા વિગતથી લખાઈ ગયેલ છે અબાધા-કાળ પુરો થાય ત્યારબાદ કર્મો ઉદયમાં આવે છે. આખા ઉદય કાળને નિષેક કહેવામાં આવે છે.

ત્રીશ ક્રોડાક્રોડી સાગરોપમનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો કહ્યો છે. તે ત્રણ હજાર વર્ષ બાદ કર્મ ઉદયમાં આવે છે. તેમાં ઘણી ઘણી ઉદયાવલિકા થઈ જાય. અને તે બધી ઉદયાવલિકાઓમાં કર્મનો ઉદય ચાલુ જ હોય છે. આખા ઉદયકાળને નિષેક કહે છે. અબાધાકાળ જેટલો હોય તેટલો ગયા પછીનો કાળ રહ્યો તે નિષેક કાળ. કર્મનો ઉદયકાળ કહેવાય.

અહીં એક વાત સમજવા જેવી છે કે અબાધાકાળમાંથી છૂટેલું કર્મ એકદમ એસબંધ ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે તે વખતે કર્મપ્રદેશોનું સૌથી વધારે જોમ–વેગ હોય છે. એટલે પહેલી ઉદયાવલિકામાં ઘણા પ્રદેશો આવી પડે છે. પછી તેનો

વેગ ઓચ્છો ઓચ્છો થતો જાય છે. છેવટે છેલ્લા મહિનાની છેલ્લી આવલિકામાં જોસ તદ્દન ઘટી ગયો હોય છે. એટલે કે કાર્મણ વર્ગણાનો તદ્દન ઓચ્છો ભાગ (ઓચ્છા પ્રદેશો) તેમાં પ્રવેશ કરે છે. પહેલી ઉદયાવલિકાથી માંડીને છેલ્લી ઉદયાવલિકા સુધીના આખા નિષેકનો આકાર તપાસશો તો ગાયના પૂંછડા જેવો. શરૂઆતમાં પહોળો ગોળ અને છેડે સાંકડો ગોળ જણાશે. નિષેકની પહેલી ઉદયાવલિકામાં સૌથી વધારે કર્મ પ્રદેશો આવે છે. પછી ઓચ્છા ઓચ્છા થતાં છેવટે ઘણા જ ઓચ્છા થઈ જાય છે. તેથી પ્રદેશોના ઓચ્છા વત્તાપણાને લીધે ગોપૂચ્છ જેવો આકાર થાય છે.

બીજું જેમ અનાજની કોઠીનું છિદ્ર ખોલતાની સાથે જ એકાએક અનાજ બહાર ધસી આવે છે. તેમાં પ્રથમ અનાજ ઘણું બહાર આવે છે ને પછી ઓચ્છુ ઓચ્છુ આવે છે.

નિશાળમાંથી નિશાળીયા છૂટે છે ત્યારે શરૂઆતમાં એકા-એક મોટું ટોળું હોય છે. પછી ધીમે ધીમે ઓચ્છા થાય છે. છેવટે થોડા રહે છે ને છેવટે નિશાળનો ઓરડો ને ચોક ખાલી થાય છે. બંદુકની નળી (અબાધાકાળ) માંથી છૂટી થયેલી ગોળીનો વેગ પ્રથમ ઘણો હોય છે, પછી ધીમે ધીમે વેગ ઘટતો જાય છે. જેમાં પુરો ગર્ભ પાક થયો હોય તેવા વાદળામાંથી પાણીના ફોરાં જેટલા જોસથી અને વધારે પ્રમાણમાં પાણી પડે છે. તેના કરતાં પછી જોસ ઓચ્છો હોય છે. અને પાણી પડવાનું પ્રમાણ પણ ઓછું થાય છે.

નિષેકનો શબ્દાર્થ પણ એવો જ થાય છે. નિષેક એટલે છાંટવું, સિંચવું, વરસવું એવો શબ્દાર્થ બરોબર છે. એકીસાથે બધા કર્મો ઉદયમાં આવી જાય એક જ ઉદયાવલિકા જેટલો નિષેક કેમ ન થાય ? તેનો ખુલાસો પણ વાદળાના દાખલાથી થઈ જાય છે. વાદળું બરોબર પાકી ગયું હોય છે. ભરપુર પાણીથી ભરેલું કાળુ જણાય છે.જ્યારે તે વરસવા–નિષેક કરવા માંડે છે. ત્યારે એકી સાથે ઢગલો થઈ પડતું નથી. પણ શરૂઆતમાં એકદમ ઘણા ફોરાઓ જોસબંધ પડે છે. અને પછી પણ તે પ્રવાહ ચાલુ રહે છે. એમ ક્રમે ક્રમે વરસીને ખલાસ થાય છે. તેમાં પ્રથમ વેગ વધારે હોય છે. ને ફોરા પણ ઘણા પડી જઈ પાણી પણ વધારે પડે છે. પછી ધીમે ધીમે વેગ ઘટતો જઈ ઓચ્છા ઓચ્છા ફોરાં ને પાણી પડે છે. જો કે ઘણી વખત એવું જોવામાં આવે છે કે એકાએક વાદળું ચડી આવી ફોરા પડવા માંડે છે અને તે પછી પાછળથી થોડો વખત થયા પછી તેથીય પણ વધારે વેગમાં અને વધારે ફોરાં પડવા લાગે છે. પણ આમ થવાનું કારણ કે પાછળથી વધારે ફોરાં પડવા માંડે છે.ત્યારે તેમાં બીજુ વાદળું ભળેલું હોય છે. તે સાથે જ વરસે છે એટલે આપણને વધારે લાગે છે.પણ જ્યારે પ્રથમનું કે સાથે ભળેલું વાદળું એકલું વરસે તો તે શરૂઆતમાં ઘણા ફોરાઓનો નિષેક કરે. અને પછી તેમાં ધીમે ધીમે ઘટાડો થતો જાય.વરસાદનું દૃષ્ટાંત અહીં આપ્યા વિષયમાં બહુજ આબેહુબ બંધ બેસતું હોય એમ જણાય છે.

૧. સૂર્યના તાપથી પાણીના સ્થૂલમાંથી આકાશમાં ઉડી શકે–અદ્ધર ચડી શકે–તેવાને તેટલા પરમાણુઓનો સૂક્ષ્મ પરિણામ (વરાળ) તૈયાર થાય, ને તે અદ્ધર આકાશમાં વાયુના જોરથી ચડે છે.

૨. આકાશમાં ચડયા પછી તેના ઉપર હવા, પ્રકાશ, પવન, ગરમી વિગેરેથી બનેલા વિચિત્ર વાતાવરણની અસર સતત ચાલ્યા કરે છે. આમથી તેમ વાદળારૂપે થયેલી વરાળ ફર્યા કરે છે. તે વરાળનું પાણી લાયક રૂપાંતર થવા લાગે છે. તેને ગર્ભકાળ કહે છે.

૩. પછી બરાબર પાણી થતાં એકાએક તે વાદળુ ધસી પડે છે. છતાં તે ઢગલો થઈ વરસતું નથી. પણ કલાકે બે કલાકે અથવા અમુક દિવસોમાં વરસીને ખલાસ થાય છે. તેને વર્ષાદ કાળ કહે છે.

૪. તે વરસેલું પાણી જમીનમાં નદી, નાળા કે સમુદ્રમાં ભરાઈ જાય છે. વળી તેમાંથી વરાળ બનીને ઉપર પ્રમાણે ક્રમ ચાલુ રહે છે.

તેવી જ રીતે હવે કર્મનો વિચાર કરીએ.

૧. પરમાણુઓ, અને પરમાણુઓના સ્કંધોમાંથી કર્મને યોગ્ય–કાર્મણ પરમાણુઓની વર્ગણાઓ. યોગ અને અધ્યવસાયના બળથી પોતાની તરફ ખેંચીને જીવ પોતાની સાથે મેળવી દે છે. તે બંધ.

૨. પછી તેમાં જુદા જુદા કરણોની અસર અમૂક વખત સુધી થાય છે. ને ઉદયમાં આવવા લાયક થાય છે. ત્યાં સુધી તેમાં અનેક અસરો ને ફેરફારો થાય છે. આત્માના ચાલુ વિચિત્ર વાતાવરણની પરિસ્થિતિની અસર થાય છે. બરાબર થાય છે, તે વખતને અબાધા કાળ કહીએ છીએ.

૩. પછી એકદમ જોરથી કર્મ ઉદયમાં આવે છે. ને ઘણા કર્મ પ્રદેશો શરૂઆતમાં ઉદયમાં આવી જાય છે. પછી ધીમે ધીમે ઓચ્છા થતાં થતાં ઉદયમાં આવી ગયા પછી જીવથી જુદા પડી જાય છે. ઉદયમાં ધીમે ધીમે આવે છે. એકદમ એક જ ઢગલે ઉદયમાં આવી જતા નથી. આને નિષેક કાળ કહે છે.

૪. ઉદયમાં આવી ફળ બતાવી છૂટી પડી ગયેલી કાર્મણ વર્ગણા વાતાવરણમાં ભળી જાય છે. ફરી વળી તેવા અધ્યવસાય અને યોગના બળથી જીવ તેને ગ્રહણ કરે છે. એમને એમ ક્રમ ચાલુ રહ્યા કરે છે.

ઉપરનું દૃષ્ટાંત બરાબર મનનથી વિચારશો એટલે કર્મના સંબંધમાં જ્ઞાન વધારે સંસ્કારી અને અભ્યાસ વધારે પાકો થશે.

યાદ રાખવાનું છેકે ઉદયાવલિકામાં આવેલા કર્મ પર કોઈ પણ કરણની અસર પડતી નથી, જ્યાં સુધી ઉદયાવલિકામાં પ્રવેશ ન પામ્યું હોય ત્યાં સુધી તેના ઉપર કરણોની અસર પહોંચાડી શકાય છે. જો કોઈ કર્મ ભયંકર અસર ભોગવવી પડે

તેવું બાંધ્યું હોય, છતાં ઉદયાવલિકામાં પ્રવેશ થયા પહેલાં તેના પર સારૂ વર્તન રાખી કરણની અસર પહોંચાડીએ, તો તેમાંથી વખતે મુદત અને રસ બંને ઘટે છે. અથવા તદ્દન નાશ થઈ. તે કર્મ પ્રદેશો બીજા જ કર્મ પ્રદેશોમાં ભળી જઈ–સંક્રમણ થઈ બીજાની સાથે જ બીજા રૂપે જ ભોગવાઈ જાય છે. અર્થાત્ ઉદયાવલિકામાં પ્રવેશ થયા પહેલાં હજુ કંઈક આપણા હાથમાં બાજી રહે છે. જો આપણું વર્તન સારૂં હોય તો ભયંકર કર્મ પણ આપણા ઉપર પોતાની ભયંકર અસર ઉપજાવી શકતા નથી. બીજું ભયંકર કર્મ ભલે ઓછું ભયંકર હોય. પણ આપણું વર્તન દુષ્ટ હોય તો ઓછું ભયંકર કર્મ પણ વધારે ભયંકર બનીને ઉદયાવલિકામાં પ્રવેશ કરે એટલે ભયંકર રીતે તે ભોગવવું પડે છે.

મહાનુભાવો ! છત્ર–ભાણકુંવરનું ચરિત્ર સાંભળી જાણીને તમો પણ ધર્મના સુસંસ્કારો ચાલુ રાખીને દુષ્ટ કર્મથી દૂર રહો. અર્થાત્ સુકર્મનો આદર કરીને તેના પરિણામ ફળ ચાખો. હૃદયમાં સદા ક્ષાંતિ ધરીને પુરેપુરા સત્યવાદી બનો અને કર્મના ચૂરા કરો. જેથી સહેજે લલિત સુખને પામશો.

---

૨૫ મી ઢાળ

(રાગ–રાખના રમકડાને રામે, મારા રામે રમતા રાખ્યા રે)

શેઠીયાસાચાબનોભાઇસાચા,ભાઇસાચીશીખનેધરજોરે,
કર્મબંધ ન કરજો કહીયે,કોઠો સાફજ કરજોરે. શે. ૬

નવો મળ જુનાની સાથે, ચોંટી જાયે જેથી,
આંતરડા નબળા પડવાથી,થાય વિકૃતિ તેથી રે. શે. ૨
અન્ન મળ ન નીકળે જેથી, પડતર રહી જ જાયે,
એમ કરતાં મળ વધતો જાયે,બંધ કોશ તે થાયે રે.શે. ૩
નવો મળ જુનાની સાથે, જેમ જેમ ચોંટી જાયે,
થાય ભરાવો મળનો તેને,કબજીયાત કહેવાયે રે. શે. ૪
કબજીયાત વિશેષ થવાથી, અસર શરીરમાં થાયે,
અવયવો મર્મ સ્થાનોમાં, અસરો તે ઉપજાવે રે. શે. ૫
સ્વચ્છ ન રહે આંતરડા, ઉપર ભાર નંખાતો,
જોર નબળુ પડતું ત્યારે,લોહી વિકારજ થાતો રે. શે. ૬
આહારમાં જે જે પ્રમાણે, રસ થવો જે જોયે,
તે મુજબનો શુદ્ધ જ તેવો, ન ઉત્પન્ન હોયે રે.શે. ૭
અસર લીવર ઉપર જેથી, વળી ફેફસે થાયે,
છેવટમાં લોહી વિકૃત્તિ,આખા શરીરે વ્યાપે રે. શે. ૮
શરીર ગરમ રહે વળી લોહી, ફીકુ તે થઈ જાયે,
જેથી સ્થાયી રોગો બીજા,લાગુ પડતા જાયે રે.શે. ૯
તેમજ આત્મામાં વિકૃત્તિ, થાતી તે પ્રમાણે,
વિકૃત્તિ ધારણ કરે છે, સારી ખોટી તે ટાણે રે. શે. ૧૦
અવગાહના આત્માની તેમાં, કર્મ વર્ગણા આવે,
દાખલ થાયે તેની અસરો, તે સમયે ઉપજાવે રે.શે. ૧૧

જુના કર્મો સાથ સંજોગે, ચોટે સ્નેહ બળોથી,
અસર આત્મ ઉપર તે તો,ઉપજાવે ચારેથી રે.શે. ૧૨

શુષ્ક મળ જેમ દવા અસરકે,સ્વભાવિક તે જલ્દી,
વેગેથી તે નીકળી જાયે,પછી નહી જરા તસ્દી રે.શે. ૧૩

ત્યારપછી અસર નહી થાતી,નિરસ રૂપે મળ થાયે,
અથવા શુષ્કપણે પણ તેની,અસરનવિ દેખાયે રે.શે. ૧૪

જ્યાંસુધી રસનહોતો,સુકાયો ત્યાંસુધી અસરો થાયે,
અસર પાડયાવિના નહિરહેતો,તેમકર્મે સમજાયેરે.શે.૧૫

કર્મઉદયમાં આવી નકામું,ન થાયે ત્યાં સુધી,
તેપણ અસર ઉપજાવે જાણો,વાતખરી સુબુદ્ધિ રે શે. ૧૬

અથવા શુષ્ક કે નિરસ માત્ર, પ્રદેશ રૂપે થાતા,
આવી ઉદયમાં તે પ્રદેશો,ભોગવાઈ તે જાતા રે.શે. ૧૭

સજ્જનો ઉપરોક્ત બીના, મનમાં જે જીવ ધારે,
જુઠ ચોરી કરવાથી ડરતો,બીજાને પણ વારે રે.શે. ૧૮

નિધત્ત નિકાચિત જેવા, કર્મબંધ નહી કરતો,
દ્વેષબુદ્ધિનહીપણદિલમાં,શુભ રસમાંહી રમતોરે.શે. ૧૯

સુજ્ઞો આ ભવ સુખના કાજે, ધર્મ કામ આરાધે,
મળે સુખ સંતોષ ન આવે,કર્મ બંધ તે બાંધે રે.શે. ૨૦

મોક્ષ હેતુ એ ધર્મ કરંતા, સુખ સામગ્રી મળશે,
શ્રદ્ધાદિલમાં નિશ્ચેધારો,જિન વચનો તે ફળશે રે.શે. ૨૧

મોહ મમત્વ વિના હર્ષે, ભક્તિ ક્ષાંતિ પામે,
મળે કીર્તિ સુખ સદાયે, લલિત શ્રદ્ધા જામે રે.શે. ૨૨

---

૨૫ મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ? તમો યુવરાજશ્રી ભાણકુંવરની જેમ સત્યવાદી બનો. ફરી ફરી કહીએ છીએ કે તમો સત્ય માર્ગે ચાલો. અને જે હિત શિખામણ કહીએ છીએ તેને હૃદયમાં ધરજો. કહેવાનું તો એ જ છે કે તમો કર્મબંધણી કરશો નહિ. અને કોઠો સાફ રાખજો. હૃદય ચોખ્ખુ રાખજો. આ વસ્તુ બંધકોશના દૃષ્ટાંતથી સમજાવી શકાય. સુજ્ઞો ! જઠરાગ્નિમાં વિકૃતિ થવાથી— આંતરડામાં કંઈક વિકૃતિ થવાથી અન્નમળ બરાબર ન ધકેલાતા કેટલોક ભાગ પડતર રહે છે. એ રીતે તેમાં વધારો થતો જાય. તેને આપણે બંધ કોશ કહીએ છીએ. હવે જેમજેમ ભરાવો વધતો જાય તેમતેમ બંધ કોશ થતો જાય અર્થાત્ જુના મળ સાથે નવો મળ ચોટતો જાય. અને તેની અસર શરીરમાં એટલે શરીરના તમામ અવયવો અને મર્મ સ્થાનોમાં પહોંચે છે. ક્રમકે આંતરડાના સંકોચ વિકાસ નળના પ્રમાણમાં શરીરમાં રૂધિરાભિષરણ થાય છે. અને આંતરડા અસવચ્છ હોય છે. અને તેના ઉપર ભાર પડયો હોય છે. ત્યારે તેનું જોર નબળુ પડે છે. એટલે આહારમાંથી જેટલા પ્રમાણમાં રસ ઉત્પન્ન થવો જોઇએ. તેટલો અને તેવો શુદ્ધ ઉત્પન્ન ન થઇ શકે. એટલે તેની અસર

લીવર ઉપર અને ફેફસા ઉપર જાય છે. છેવટે લોહીમાં વિકૃતિ આવે છે. અને તે વિકૃતિ આખા શરીરમાં વ્યાપે છે. શરીર ગરમ રહે છે. લોહી ફીકુ પડે છે. ને બીજા સ્થાયી રોગો લાગુ પડે છે. વિગેરે. તેમજ આત્મામાંવિકૃતિ થવાથી તે વિકૃતિના પ્રમાણમાં કાર્મણ વર્ગણાઓ આત્માની અવગાહનામાં દાખલ થઈ તેના ઉપર અસર ઉપજાવે તેવી વિકૃતિ ધારણ કરે છે.જુના કર્મો સાથે સંયોગથી સ્નેહને (ચિકાસને) બળે ચોંટે છે. અને આત્મા ઉપર ચારે તરફથી અસર ઉપજાવે છે. જેમ અસર ઉપજાવીને શુષ્કમળ દવા વિગેરેના પ્રયોગોથી કે સ્વભાવીક યોગથી જલદી વેગે બહાર નીકળી જાય છે. ત્યાર પછી તેની અસર હોતી નથી. પરંતુ જ્યાં સુધી તેમાંથી રસ સૂકાયો નહોતો. ત્યાં સુધી તે પોતાની અસર પાડયા વિના રહેલ નહોતો તે રીતે કર્મ ઉદયમાં આવી નકામું થઈ ન જાય ત્યાં સુધી તે પણ અસર ઉપજાવે છે અથવા શુષ્ક નિરસ—માત્ર પ્રદેશરૂપે ઉદયમાં આવી ભોગવાઈ જાય છે.

સજ્જનો ! કર્મ સ્વરૂપ સમજીને અશુભ કર્મબંધ નિવૃત્ત કે નિકાચિત બંધ ન થઈ જાય, એટલા સારૂ તેની કાળજી રાખવી જોઈએ જૂઠ, ચોરી આદિ કાર્યોથી હમેશા ડરતા રહેવું જોઈએ. તેમજ તમારા સંગમાં આવનાર બીજા મિત્રો સ્નેહીઓને પણ સમજાવશો, કર્મબંધ કરતા અટકાવશો. કોઈના ઉપર દ્વેષબુદ્ધિ નહિ ધરતા સમતા રસમાં રમશો. અર્થાત્ સંતોષમાં રહેશો.

સુજ્ઞો ! ઘણાજનો આ ભવમાં પૌદ્ગલિક સુખો મળે અથવા

મળશે. એવા ભાવથી ધર્મક્રિયાઓ ધર્મના કામો કરે છે ધર્મ આરાધે છે. પણ મહાનુભાવો ? ધર્મથી શું નથી મળતું ! બધું જ મળે છે, મળી શકે છે,પણ નિયાણા જેવું કે માંગેલું કેમાંગીને લીધેલ સુખ મળે તો ખરૂં. પણ તે સુખ મળ્યેથી કર્મબંધણી કરાવે છે. સારા માર્ગે તે ધન વાપરવાના ભાવ થતા નથી. જેથી જ નવું કર્મ બંધાતું જાય અને પાપ ઉભુને ઉભુ રહે. તે કરતા પૌદ્ગલિક સુખની ઈચ્છા વિના જ એક મોક્ષના હેતુથી જે કંઇ ધર્મકરણી કરશોતો તેનાથી પણ સુખ નહી માંગો તો પણ મળવાનું જ છે. અને સદ્માર્ગે ધનનો વ્યય કરવાથી પુન્યાનુબંધી પુન્ય બંધાશે અને પરંપરાએ આત્માનું કલ્યાણ થશે.અને મોહમમત્વ વિના હર્ષપૂર્વક ભક્તિભાવથી ક્ષાંતિ ધારણ કરી કીર્તિ મેળવી અંતે લલિત એવા સુંદર સુખ પામી શકશો.

ચૈત્ય પરિપાટી દોહરા

અમદાવાદ જૈનપુરીમાં, ભવ્ય દહેરાસરો છેજ,
ચૈત્ય પરિપાટી બહુજને, કરી કરાવી હરોજ. ૧

બેહજાર અગ્યારમાં, શહેરયાત્રા કીધ,
વિજય હિમાચલ સૂરિએ, પ્રતિમા ગણત્રી લીધ. ૨

પાંજરાપોળ ઉપાશ્રયે, ઉદયસૂરિ શ્રુતખાણ,
પગથીયા ઉપાશ્રયે, મનોહરસૂરિજી જાણ. ૩

ડેલાના ઉપાશ્રયે, હિમાચલ સૂરિ,
શાહપુર ઉપાશ્રયે, હતા ધર્મસૂરિ. ૪

લવારનીપોળે કહું, મંગળવિજય પંન્યાસ,
વીરવિજય ઉપાશ્રયે, સંપત્તવિજય પંન્યાસ. ૫

લુણસાવાડે પંન્યાસજી, રમણીકવિજયજી સાથ,
પંન્યાસ ચંદનવિજયજી, તેમનો પણ સંગાથ. ૬

પાંજરાપોળ ઉપાશ્રયે, ત્રણ પંન્યાસો પાસ.
સુમિત્ર-કમળસોમવિજયજી,નામતેઓનાખાસ. ૭

જૈનસોસાયટી ઉપાશ્રયે, પુણ્યવિજય પ્રમાણ,
આગમ પ્રભાકર હાલમાં, કહેવાયે તે જાણ. ૮

ખુશાલભુવનમાં વળી, રામવિજય પંન્યાસ,
સૂર્યસાગર પંન્યાસ તે આંબળી પોળે ખાસ. ૯

દાદા શાંતિવિજયજી, વિગેરેનો બહુ સાથ,
ચૈત્ય પરિપાટી કરી. હતા સહુ સંગાથ. ૧૦

આરસપ્રતિમાઆશરે, (૨૮૦૦)અઠ્ઠાવીશોથશેજ,
ધાતુબિંબો પણ આશરે,(૬૨૦૦)બાસઠસોહશેજ. ૧૧

તો પણ નોંધપુરી નથી, છતાં ગણત્રી ઠીક,
થતા થયા દેરાસરો, તે પ્રતિમાઓ અધિક. ૧૨

૨૬ મી ઢાળ

(રાગ–સુમતિનાથ ગુણશું મળીજી, વાધે મુજ મન પ્રીતી)

જગત જીવની બાજી અવળી, સવળી કંઈક પણ હોય,
મોહરાયના પંજામાંથી, છૂટી શકે નહી કોય,
વિચારી જોતાં અજબ કરમ કળા છે જ;
રાય ફતેસિંહ બેઉ કુંવરજી, પ્રધાન પંડિત સંગાથ,
રાજસભા જન આવી બેસે, જ્ઞાનગોષ્ઠી કરે સાથ. વિ. ૧

પંડિતજી પૂછે સભાને, જ્ઞાન ક્રિયા બેઉ કેવા,
કોઇનબોલે ભાણકુંવર કહે, છેકીંમતી બેઉએવા. વિ. ૨

સમ્યગ્જ્ઞાન જો પ્રાપ્ત કરેતો, ક્રિયાદ્વારા ફળ પાવે,
મિથ્યાજ્ઞાન પ્રવૃત્તિકરતાં, ફળ ઉલટુ તો આવે. વિ. ૩

ક્રિયા વિનાનું કદી ન હુએ, જ્ઞાન ફળ તુમે જાણો,
જ્ઞાનવિના લુખી ક્રિયાથી, નમળે ફળ પ્રમાણો. વિ. ૪

જ્ઞાનક્રિયાનિજનિજ રહીસ્થાને, કરેકજીયોનહીંકાંઈ,
તોતો શાંતિ જગમાં વ્યાપે, આતમને સુખદાઈ. વિ, ૫

બે પૈડાથી ચાલે રથ તે, એકથી ચાલે જ નહીં,
બંનેના સંયોગથી સિદ્ધિ, થાયે સિદ્ધાંત અહીં. વિ. ૬

રાજદુત તિહાં આવીયોરે, કરે રાજાને પ્રણામ,
રાજસિંહમુજનામ છેરે, આવ્યોછું જરૂરીકામ. વિ. ૭

રંગીલપુર મુજ રાજવીરે, ધૈર્યસિંહ નામ ખાસ,
સંદેશો કહેવા મુનેરે, મોકલ્યો આપની પાસ.વિ. ૮

વિમલા કમળા રાણી બેઉ, રતિ પ્રીતિ અવતાર,
અખંડપ્રેમ બેકનોરે, શિયલ એજ શણગાર.વિ. ૯

પદ્મા-ભદ્રા કન્યા બેઉ, લક્ષ્મી સરસ્વતી ધાર,
રૂપરંગ વયે સરખી દીસે,ધર્મ કલાનો અવતાર.વિ. ૧૦

છત્ર-ભાણકુંવર તણારે, ગુણો બુદ્ધિ પણ સાથ,
સૂણ્યા પધારો વિવાહ કાજે,બેઉ કુમાર સંગાથ.વિ. ૧૧

રાજા પ્રધાને યોગ્યતા જાણી, નક્કી કરી કરે જાણ,
પંદરદિવસમાં પહોંચશુંરે,તૈયારી નિશ્ચેપ્રમાણ વિ. ૧૨

બક્ષીશ મેળવી રાજદૂતોરે, જાયે ખૂબ હરખાઈ,
ધૈર્યસિંહરાયને નમીરે, તૂર્ત દીયે વધાઈ.વિ. ૧૩

રાજવ્યવસ્થા કીધી ભલીરે, શુભ મુહૂર્તે પ્રયાણ,
સૈનિક રથ ગજ પાલખીરે, ઘોડેશ્વરો બહુજાણ.વિ. ૧૪

રાજા ફતેહસિંહ પહોંચતારે, ધૈર્યસિંહ દીયે માન,
રંગીલપુરરળીયામણુંરે,શણગાર્યા બહુ સ્થાન.વિ. ૧૫

રાજ ઉતારા ખોલીયારે, બધીજ વસ્તુ તૈયાર,
જાનડીયો ગીત ગાવતીરે, જાનૈયા ભભકાદાર.વિ. ૧૬

છત્ર-ભાણકુંવર ધરેરે, વરપોશાક શણગાર,
અશ્વ ઉપર દેખાયે બેઉં, જાણે જ દેવકુમાર.વિ. ૧૭

વરઘોડો ફર્યો શહેરમાંરે, જોઈ જોઈ પ્રજા હરખાય,
પદ્મા-ભદ્રા રાજકન્યાને, વર મલ્યા સરખાય વિ. ૧૮

કુલેકુ ફરી આવીઉરે, લગ્ન મંડપ મોટો જ્યાંય,
વિમલકમલારાણીસાસુજી જોઈજમાઈગાંડીથાયવિ. ૧૯

ખોબા ભરી ભરી મોતીનારે, લઈ વધાવે બહુ પ્રેમ.
ગીત ગાનારી ન થાકતીરે, મળે સોપારી ખારેક.વિ. ૨૦

રાજગોર પણ ભૂલીજ જાયે, કોણ છત્ર કોણ ભાણ,
કઈ પદ્મા અને કઈ ભદ્રારે, નિરખી ધારી રાખે જાણ. ૨૧

શુભ મુહૂર્તે લગ્ન થયારે, દીયે પહેરામણી ખાસ,
કહેવા જેવું કાંઈ ન રહ્યુંરે, એવોજ કાર્ય ઉલ્લાસ.વિ. ૨૨

રાજગોર બીજા બધાને, દાન વળી બહુ રાહ,
ધાર્યાથી અધીકજ મળતાં, બોલે જય વાહવાહ.વિ. ૨૩

કિન્નર કિન્નરી કિન્નર કિન્નરી, જાણે ઉતર્યા હોય,
વર્ણન કરવું તે મુરકેલી, ભાગ્યે મળેજ કોય દોય વિ. ૨૪

બેઉ જમાઈ બે કન્યાઓને, ધૈર્ય સિંહ દીએ માન,
હાથી રથ આભૂષણોનું વર્ણન થાયે નતમામવિ. ૨૫

રાજરાણી નિજ પુત્રીઓને, દીયે શીખામણ ખાસ,
પ્રાણથકીપણુઅધીકઅમોએ,ઉછેળીરાખીપાસ.વિ. ૨૬

અમઘર જન્મથયો ખરોરે, સ્વપ્નાસમ સહુસાર,
સાસુસસરા એજ તમારા,માબાપ સાચા ધાર.વિ. ૨૭

મુખમાં છલકાઈ ન જશોરે,દુઃખમાંનથશોનિરાશ,
પતિભક્તિસદાધારજોરે, એજ ખરૂંસુખ આશ વિ. ૨૮

રાત્રિભોજનનો ત્યાગછેરે, વ્રતપંચમી ધરો છોજ,
નવકાર સદાદિલસ્મરજો, સુખસ્હેજેમળેતોજ.વિ. ૨૯

એકલપેટાનકદી થજોરે, અનાથ અપંગ અંધ કોય,
કરૂણાજયણારાખજોરે, સહાય ઉચિતજેમહોય.વિ. ૩૦

સાધર્મીભક્તિ સદા રહેરે, જો જીનવાણી સૂણોજ,
ચિત્તપ્રસન્નજિનપૂજવારે,થોડામાંઘણુંસમજોજ.વિ. ૩૧

કહેવા જેવું તો ઘણુંજ છેતે, જાણી લીધું છે તમેજ,
વિખૂટાપડતાં દુઃખઘણુંરે, હઇઉ ભરાયે સ્હેજ.વિ. ૩૨

પદ્મા–ભદ્રા કહે માતાજી, પિતાજી આપ ઉપકાર,
કોડો ઉપાયે નજ વળે તે, કેવળી જાણે વિચાર.વિ. ૩૩

એકએકઅક્ષરમંત્રસમોરે, જણાવ્યાહૃદયનાભાવ,
તે તે નિશ્ચે ધારશુંરે, સમુદ્રમાં મળે નાવ.વિ. ૩૪

માતપિતાઆપ આપજગુરૂ, આપઅમારા પ્રાણ,
આપ વચને શ્રદ્ધા ભરીરે, મજીઠ રંગ પ્રમાણ.વિ. ૩૫

અમ બાલક શું બોલીયેરે, આપ આગળ નાદાન,
ચિંતાનકરશોઅમતણીરે, માંગીયેઆશીષદાન.વિ. ૩૬

સખીઓસહુ આવીમળેરે,મર્મ ભાષામાં આનંદ,
વહેલાસર પધારશોરે, થાયે દર્શને સુખકંદ.વિ. ૩૭

સરખી સખીઓ અમતણીરે,ધરશો ક્ષાંતિ સદાય,
થશેજ મેળો લલિતધારો, સ્નેહ નહી ભૂલાય.વિ. ૩૮
ભવિજનો તુમે જાણીયુંરે, માબાપ ધર્મજ હોય,
સુજ્ઞાન દીયે સંતતીને, કરવી ન પડે હાયવોય.વિ. ૩૯

ઢાળ ૨૬ મીનું વિવેચન

સુજ્ઞો ! જગતમાં રહેલા જીવોની અવળી સવળી બાજી ચાલ્યા જ કરે છે. મોહરાજાના પંજામાં જે સપડાયેલા તે એકદમ છૂટી શકતા નથી, આ વસ્તુનો વિચાર કરતાં કર્મરાજાની અજબકળા જણાઈ આવે છે, જેવી રીતે જીવ દુઃખ અને તેના સ્થાનભૂત દુગર્તિઓથી ડરે છે તેવી રીતે તે દુઃખના કારણભૂત કર્મોથી તે સામાન્ય રીતે ડરતો નથી, જો ડરતો હોત તો આ જીવને આટલા પુદ્ગલ પરાવર્તન સુધી રખડવું પડયું હોત નહી. એક બાજુ જીવકાંટાથી ડરે છે, અને તેજ મનુષ્ય જાણ્યે અજાણ્યે બાવળીયાનું પોષણ કરે છે,તેના જેવું જ છે પાપ કરે છે. અને તેનું ફલ ભોગવ્યા કરે છે, તેમાં થતી નિર્જરાની કંઈ ગણત્રી નથી. કારણ કે એક કર્મ ભોગવીને પાછા હજારો કર્મ નવા ઉત્પન્ન કરે છે. માટે તે દુઃખ ભોગવેલાં કામ લાગતા નથી. તેથી તે સકામ નિર્જરામાં ગણાતાં નથી, સમભાવપૂર્વક સમજીને કષ્ટ ભોગવે છે. તેમને જ સકામ નિર્જરા થાય છે. દરેક ધર્મમાં સમજીને કામ કરવાથી લાભ બતાવ્યો છે, તેમજ જે જે કષ્ટ–દુઃખ ભોગવવું તે સમજીને ભોગવવું તેથીજ લાભ થશે.

મહાનુભાવો ! માજી રાજા ફતેસિંહજી તેમજ છત્ર–ભાણુ બંનેકુંવરો તથા માન્યવર પ્રધાનજી તથા માનનીય પંડિતજીતથા સભાજનો વિગેરે દરરોજ રાજસભામાં આવીને વિધવિધ જાતની ધર્મ ગોષ્ઠીઓ કરે છે. કોઈ વખત દ્રવ્ય–ભાવની, કોઈ વખત વ્યવહાર નિશ્ચયની, કોઈ વખત પ્રભુ ભક્તિની, કોઈ વખત સાધર્મીક ભક્તિની ચર્ચા થતા ઘણું ઘણું જાણવાનું મળે છે.

એક દિવસ પંડિતજીએ સભાજનોને પૂછ્યું કે જ્ઞાન અને ક્રિયા એ બેમાં કિંમતી કોણ ? થોડીવાર સહુ ચૂપ રહ્યા. ત્યારબાદ યુવરાજ શ્રી ભાણુકુંવરે કહ્યું કે બંને કિંમતી છે. સમ્યગ્ જ્ઞાન જો પ્રાપ્ત કરે તો સમ્યક્ ક્રિયા દ્વારા ફળ મેળવે, મિથ્યા જ્ઞાનથી પ્રવૃત્તિ કરતાં ફળ ઉલટું આવે તે સ્વાભાવીક છે, જ્ઞાન વિના લુખી ક્રિયાથી ફળ મળે નહી, તેમ ક્રિયા વિના જ્ઞાનનું ફળ મળે નહી. જ્ઞાન ક્રિયા બંને નિજનિજ સ્થાને ઉપયોગી છે. બંને કજીયો ન કરે તો જગતમાં શાંતિ વ્યાપે, અને આતમને સુખરૂપ નીવડે, બે પૈડાથી જ રથ ચાલી શકે છે. બંનેના સંયોગથી કાર્ય સિદ્ધિ થાય છે. તે વાત સિદ્ધાંતમાં જણાવેલી છે.

સમ્યગ્ જ્ઞાનીને આધીન રહી ક્રિયા કરે તો જ ફળ મેળવે છે. સમ્યક્ ક્રિયા ફળ દેનારી છે.

સુજ્ઞો ! આ સંબંધમાં આગમોદ્ધારક પૂ. આ.શ્રીસાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાએ શ્રી સિદ્ધચક્ર માસિકમાં સારો પ્રકાશ પાડ્યો છે. તેમાંથી પ્રસંગને ઉચિત અમૂક અમૂક લખાણ લઈ

જણાવવામાં આવે છે કે આખો આંખો નજરે જુએ તેથી કંઈ પેટ ભરાતું નથી, પાંચ પકવાન જોવાથી ભૂખ મટતી નથી. ક્રિયા વગરનું જ્ઞાનફળ દેવાવાળું હોય છે, એનું એક પણ દૃષ્ટાંત બતાવી શકાતું નથી. તેમ ક્રિયાવાદી પણ મુદ્દલ જ્ઞાન ન હોયને ક્રિયા હોય તેવું દૃષ્ટાંત ક્યાંથી લાવે ? જ્ઞાન ક્રિયા બંને મળીને કામ કરે છે. આંધળો ને પાંગળો એકબીજાની સહાયથી બચી જાય છે, તે વાત સિદ્ધ થયેલ છે, જ્ઞાન સાધન તરીકે ઉપયોગી છે, નકામું નથી, પણ ફળની દશા તો ક્રિયાની પ્રાપ્તિથી છે. ક્રિયા પ્રાપ્તિ સિવાય કેવળ જ્ઞાન પ્રાપ્ત થનું નથી અને તેથી ક્ષપકશ્રેણી રૂપ ક્રિયા થયા પછી કેવળ જ્ઞાન દશા માનવી પડે છે. ભોજનને દેખવા માત્રથી ભૂખ ભાંગતી નથી. દવા જાણ્યા માત્રથી રોગીના રોગો મટતા નથી. બંધામાં જ્ઞાનની જરૂરીયાત છે. તેની તકરાર નથી. તકરાર એકજ છે કે તેઓ ક્રિયા ઓળવે છે, ક્રિયા એ જ્ઞાનથી પણ વધારે જરૂરીની ચીજ છે.શું ટંકશાળમાં ક્રોડ રૂપીયા દેખ્યા અને જ્ઞાન થયું. તેટલામાં શું ધનવાન થઈ જવાના ? એકલું જ્ઞાન જ જરૂરી હોય તો નિર્ધનોને કમાવાની જરૂર ન હતી. કારણ કે જ્ઞાન થઈ ગયું હતું. કહો ત્યારે જ્ઞાન જો કે જરૂરી છે જ પણ ફળ દેવાવાળી ચીજ જ્ઞાન નથી, જ્ઞાન એ સાધન તરીકે જરૂરી છે. છતાં ફળ દેવાવાળી ચીજ જ્ઞાન નથી. ફળ દેવાવાળી ચીજ ક્રિયારૂપ પ્રવૃત્તિ છે કાંટો વાગ્યો એમ જાણ્યું. તેથી કાંટાની પીડા ચાલી જતી નથી. જાણ્યા માત્રથી ફળ થઈ જાય છે, એમ

કહેનારા હોય તે માટે ક્રિયાની જરૂરી કહેવાય છે. જાણવાની જરૂર એ કબૂલ. જ્ઞાન જોઈએ એ પણ ચોક્કસ પણ જ્ઞાનમાત્રથી ફળ થઈ જાય તેમ નહીં. ઈષ્ટ પદાર્થ જાણ્યા માત્રથી આવતો નથી. અને અનિષ્ઠ પદાર્થ જાણ્યા પછી ખસતો નથી. પરંતુ ખસેડવાની પ્રવૃત્તિ કરવી પડે છે. આથી એ ચોક્કસ છે કે જ્ઞાનમાત્રથી ફળ થઇ શકતું નથી.

મહાનુભાવો ! ક્રિયા કેટલી ઉપકારી છે ઉપકારી થઈ છે. તે સમજવાની જરૂર છે જ અણસમજમાં આ જીવે કર્મના ડુંગરે ડુંગરા ઉખેડીને ફેંકી દીધા છે.

અત્યારે તો હવે કર્મના ટેકરા માત્ર જ રહ્યા છે. સૂક્ષ્મ–એકેન્દ્રિયપણામાં કર્મ ફેંકવાની વખતે શું સમજતા હતા ? સૂક્ષ્મમાંથી બાદરપણું તેમાંથી ત્રસમાં એમ કરતાં અસંજ્ઞીમાં પછી સંજ્ઞીમાં અને તિર્યંચમાંથી મનુષ્યમાં આવ્યો. આ કોને જોરે ઉલંધ્યું ? વગર મને વગર જ્ઞાને અને વગર ઉપયોગે આ બધું થયું છે. યથાપ્રવૃતિ–કરણને અનાભોગ–ઉપયોગ વગરનું માને છે. ૬૯ ક્રોડાક્રોડ સ્થિતિવાળા કર્મ તોડયાં તે ઉપયોગ વગર ક્રિયામાત્રથી કર્મને તોડયાં. તે વખતે જીવને બોધ ન હતો. કેઇ ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિવાળા કર્મ આ જીવે વગર જ્ઞાને અને વગર ઉપયોગે તોડી નાંખ્યા છે. હવે તોડવાના ફક્ત એક ક્રોડાક્રોડ સ્થિતિવાળા કર્મ બાકી રહ્યા છે. અણસમજમાં ૬૯ ક્રોડાક્રોડ સાગરોપમની કર્મની સ્થિતિ તોડી છે,આ બધો પ્રભાવ

પ્રવૃત્તિનો છે, એકેન્દ્રિયપણામાંથી મનુષ્યપણાના કારણોનો વિચાર કરીએ તો જ્ઞાન તરવરતું નથી પણ બધે ક્રિયા તરવરે છે, અકામ નિર્જરાએજ ઉંચા ચઢાવ્યા છે, હવે અકામ નિર્જરા-એ શી ચીજો છે ? જ્ઞાન કે ક્રિયા ? કહો કે તે પણ ક્રિયા સ્વરૂપ છે. વગર ઇચ્છાએ દુઃખ ભોગવવા અને તેથી થતો દુઃખનો ક્ષય તે અકામ નિર્જરા છે, માટે ક્રિયાએ અનાદિકાળથી આપણી આંધાની લાકડી છે જ્ઞાન એ જરૂરી ચીજ છે પણ તે સાંભળી ક્રિયા તરફ બેદરકાર હોય ક્રિયા ઓળવતાં હોય અને નકામી ગણતા હોય તેમને આ ક્રિયાના ઉપકારને સમજવાની જરૂર છે. અત્યાર સુધી અજ્ઞાનપણામાંથી તને આ ઉંચ સ્થાને લાવી મૂક્યો છે. તે ક્રિયાને મૂળમાંથી કાપવા તૈયાર થાય છે! જે માણસ જે ડાળ ઉપર બેઠો હોય છે. તે ડાળને તો તે નહી કાપે. ક્રિયાને બીન જરૂરી કહી શકાય નહી.

આ વાત સમ્યકત્વ પહેલાની કહી પણ સમ્યકત્વની પ્રાપ્તિ પછી પણ ક્રિયા ન હોય તો ઘેંસનો ગાંઠો સમજવો. એ ગાંઠો પાણીએ ઓગળવાનો નહી. તેમ તાપથી સીઝવાનો નહીં. તેમ અહીં સમ્યગ્દર્શન–જ્ઞાન થયું પણ ક્રિયા ન હોય તો ઘેંસનો ગાંઠો સમજવો. દેવતાની અંદરસમ્યગ્ દર્શન અને જ્ઞાન બને છે. પણ ક્રિયા નથી. અહીંની ક્રિયા કાચી બે ઘડીમાં જે કાર્ય કરે છે તે દેવતાની ૩૩ સાગરોપમની સ્થિતિમાં કાર્ય થઇ શકતું નથી. અધ્યવસાય આત્માને અંગે છે. અને પરિણામ મનની નિશ્રાએ છે.

અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરોપમ સુધી સમ્યગદર્શન અને સમ્યગ્જ્ઞાન નિયમિતછે.એમના જ્ઞાનમાં અંશમાત્ર પણ ખામીનથી. પણ અંતર્મુહૂર્તમાં જે અહીં ક્રિયાથી કાર્ય થાય તે ત્યાં ૩૩ સાગરોપમના ટાઈમમાં પણ તેવું કાર્ય તે કરી શકે નહી. કારણ કે તે ભવક્રિયા માટે નાલાયક છે. આથીં જ્ઞાન જરૂરી છતાં ફળ દેવા સમર્થ ક્રિયા છે.

સમ્યગ્જ્ઞાન પૂર્વકની સમ્યક્ક્રિયા હોય તોજફળ થાયછે.જ્યાં જ્યાં સમ્યગ્જ્ઞાન ન હોય ત્યાં ક્રિયા ફળ આપતી નથી. માટે અજ્ઞાનથી કે જ્ઞાનથી બંને જગ્યા પર ક્રિયા હોય પણ કારણતો સમ્યગ્જ્ઞાન જ ગણાવું જોઇએ. દુઝણી ગાય આગળ દુધ કાઢવાની રીતીએ હાથની ક્રિયા કરીએ તો દુધ નીકળે છે પણ વાંઝણી ગાયમાંથી ન નીકળે, હાથની ક્રિયા બંને જગા પર એક સરખી છે. પણ ગાય દુઝણી જોઈએ અને હાથનીક્રિયા જોઈએ,ત્યારેજ દુધની પ્રાપ્તિ થાય છે. દુઝણી ગાય છતાં દોવાની ક્રિયા ન થાય તો દુધ ન મળે. માટે દુધ ઉત્પન્ન થવામાં પણ ભલે ગાય કારણ હોય. પણ દુધ મેળવવામાં તો દોવાની ક્રિયા હોય તોજ દુધ મળે છે. માટે જણાવ્યું છે કે ક્રિયા એજ પુરૂષને ફળ આપનારી છે. જ્ઞાનમાત્રથી કોઈ દિવસ ફળ થયું નથી. જ્ઞાન પણ જોઈએ અને તે ક્રિયા પણ જોઈએ જ્યાં સમ્યગ્જ્ઞાન ત્યાં ફળ. અને જ્ઞાન ન હોય તો ફળનો અભાવ. અહીં સમ્યગ્જ્ઞાનથી થયેલી પ્રવૃત્તિ એ ફળ દેનારી હોવા છતાં પણ સમ્યગ્જ્ઞાન સાથે ફળ દેનાર છે. જ્ઞાનને ઉડાડી દેતો ક્રિયાના નયને દુર્નય કહેવાય છે.

આ રીતે જ્ઞાન–ક્રિયા સંબંધી લખાણ તો જ્ઞાની પુરૂષે ઘણું જ લખેલ છે હવે મૂળ વાત ઉપર આવીયે. કે યુવરાજ શ્રી ભાણકુંવરે પણ સારો ધાર્મીક અભ્યાસ કરેલો હોવાથી જ્ઞાન–ક્રિયા બંને કીંમતી છે એમ જણાવ્યું. આ રીતે ધર્મગોષ્ઠી પુરી થતાં રાજસિંહ નામનો રાજદૂત રાજસભામાં આવ્યો.રાજાને પ્રણામકરી કહ્યું કે હું જરૂરી કામે આવ્યો છું.રંગીલપુરના ધૈર્યસિંહ નામના અમારા રાજવી છે.દઢ જૈનધર્મની આરાધના કરી રહ્યા છે.તેઓએ સંદેશો પહોંચાડવા મને ખાસ મોકલ્યો છે. અમારા રાજાને રતિ –પ્રીતિના અવતાર જેવી વિમલા અને કમળા એ નામની બે રાણીઓ છે. બંનેનો અખંડ પ્રેમ છે. શિયળ તેજ તેમનો શણગાર છે. તેમાં વિમલા રાણીને પદ્મા અને કમલા રાણીને ભદ્રા નામની કન્યા છે તે પણ લક્ષ્મી અને સરસ્વતી જ જોઈ લો બંને રૂપ રંગે વયે સરખી છે. વધારે શું કહેવું ! ધર્મકલામાં અતિ પ્રવીણ છે. યોગ્ય વયવાળી છે, આપના પુત્રો શ્રી છત્ર–ભાણકુંવર બંને ગુણવંત તેજસ્વી, બુદ્ધિશાળી પરાક્રમી, પરોપકારી છે, વિગેરે ગુણો સાંભળવાથી બંને કન્યાનો વિવાહ જોડવાનો છે. માટે બંને કુમારોની સાથે આપ પધારો એજ વિનંતિ છે. રાજદૂત પાસેથી સંદેશો સાંભળ્યા બાદ રાજા–રાણી તથા પ્રધાને વિચાર કરી યોગ્યતા જાણી નક્કી કરી રાજદૂતને જાણ કરી કે પંદર દિવસમાં પહોંચી જશું. તે વાતનો નિશ્ચય કરી તૈયારી આદરી. રાજદૂત સારી એવી બક્ષીસ મેળવી હરખાતા જલદી રવાના થઈ પોતાના ધૈર્યસિંહ રાજાને નમન કરી તરત વધામણી આપી અને

ઈનામ મેળવ્યું. આ બાજુ ફતેસિંહ રાજાએ રાજવ્યવસ્થા કરી શુભમુહૂર્તે પ્રયાણ પણ કર્યું. સાથમાં હાથી, રથ, પાલખી, સૈનીકો, ઘોડેસ્વારો તેમજ જનૈયા જનડીયો પણ પુષ્કળ હતા. રાજા ફતેસિંહજી પોતાના બંને કુંવરો સાથે આવી પહોંચવાની તૈયારીમાં છે, તે જાણીને ધૈર્યસિંહ રાજાએ પોતાનું રંગીલપુર નગર ખૂબ શણગાર્યું છે. રાજ ઉતારા ખોલી નાંખ્યા છે.

જનૈયા વિગેરે માટે બધી વસ્તુ તૈયાર રાખી છે. જનૈયા ભભકાદાર વેશમાં શોભી રહ્યા છે. જનડીયો પણ ગીત ગાતા થાકતી નથી. છત્ર–ભાણકુંવર બંનેએ વર વેશ ધારણ કરી આભૂષણોથી દેહ શોભાવ્યો છે. શણગારેલા જુદાજુદા અશ્વો ઉપર બેઠેલા જાણે દેવકુમારો હોય તેવા જણાય છે શહેરમાં વરઘોડો ફરી રહ્યો છે. પ્રજા જોઇ જોઈને હરખાય છે. અને બોલે છે કે આપણી રાજકન્યાઓને વરતો તેમના જેવા સરખા જ મલ્યા છે. ફુલેકુ વરઘોડો શહેરમાં ફરી જ્યાં વિશાળ લગ્ન મંડપ બાંધ્યો છે ત્યાં આવે છે તે વખતે વિમલા કમલા બંને સાસુ રાણીઓ તો પોતાના જમાઈને જોઇ જોઈ ગાંડી ઘેલી બની ગઈ છે મોતીઓના ખોબા ભરી ભરીને બહુ પ્રેમથી વધાવે છે. ગીત ગાનારીઓને સોપારી, ખારેક, શ્રીફળો અપાય છે. છત્ર–ભાણ બંને સરખા હોવાથી રાજગોર પણ ભૂલી જાય છે તેમ કઈ પદ્મા અને કઈ ભદ્રા બંને સરખી હોવાથી ભૂલભૂલામણીમાં પડી જાય તે પણ બનવા જોગ છે. શુભ મુહૂર્તે લગ્ન થયા.

પહેરામણી પણ સારી કરી, એટલો બધો ઉલ્લાસ હતો કે કંઈ કહેવા જેવું રહ્યું જ નહોતું, રાજગોર તેમજ બીજા બક્ષીઓને દાન તેમ રાહત વાર્યા કરતાં પણ અધિક મળવાથી સહુ કોઇ જય જય વાહ વાહ એવા મંગલીક શબ્દો બોલતા હતા. બેઉ વરવોડીયા જાણે કિંનર કિંનરી કિંનર કિંનરી અહીંયા આવીને ઉતર્યા હોય ને શું ? તેવા બેઠા શોભતા હતા. આવા જોડલા ભાગ્યે જ જોવા મળે. તેનું વર્ણન કરવું તે પણ મુશ્કેલ છે હવે વૈર્યસિંહ રાજા પોતાના બંને જમાઈને તેમજ બેઉ કન્યાઓને દાન સન્માનમાં હાથી, રથ, અશ્વો આભૂષણો આપ્યા કે તે તમામનું વર્ણન ઘણું લાંબુ થાય !

રાજા રાણીઓ પોતાની પુત્રીઓને ખાસ શીખામણ આપતાં કહે છે કે અમોએ અમારા પ્રાણ કરતા પણ અધીક સમજીને પાળી પોશી મોટી કરી છે હે પુત્રીઓ અમારા ઘરે તમારો જન્મ થયો ખરો. પણ સ્વપ્ના સમાન જાણશો. ખરા તમારા માતપિતા તો તમારા સાસુ સસરા જ સમજજો.

સુખમાં છલકાઈ જશો નહી અને દુઃખમાં નિરાશ ન થશો ખરૂં સુખનું સ્થાન તે પતિ ભક્તિ સમજશો. અમોએ તમારા શરીરની ચિંતા કરી છે તે કરતા તમારા આત્માની ચિંતા વિશેષ કરી છે એટલે કે તમો આ ભવ પરભવમાં સુખની પરંપરા મેળવવાની સાથે સાથે મુક્તિ સુખ પામી શકો. એટલા જ સારૂં તમોને ધાર્મીક અભ્યાસ કરાવ્યો છે પાપપુન્ય સમજાય

આશ્રવ,સંવર,બંધ મોક્ષ સમજાય.હિતઅહિત સમજાય,શું તજવા જેવું,શું આદરવા જેવું તે વગેરેનું સમ્મગ્ જ્ઞાન તમોને અપાવેલ છે. અને આત્માની જોખમદારીનું ભાન કરાવેલ છે.છતાં અમારી ફરજ તરીકે કહીયે છીએ કે તમોએ રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો છે. તેમ જ્ઞાનપંચમી વિગેરેનું આરાધન ચાલુ રાખ્યું છે. અને શ્રી નમસ્કાર મહામંત્રનું દિલમાં સ્મરણ સદા રાખેલ છે તે તે બધી શુભ પ્રવૃતિ ચાલુ રાખશો. જેથી સહેજે ક્રમે કરી શાશ્વતા સુખની પ્રાપ્તિ થાય. વળી એકલપેટા કદી પણ બનશો નહી. અનાથ, અપંગ, અંધ હોય વિગેરે ઉપર કરૂણા–અનુકંપા રાખજો. ઉચિત કરવા જેવું હોય, સહાય કરવા જેવું હોય, અનુકંપા કરવા જેવું હોય, તે તે મુજબ કરવાનું ચૂકશો નહીં સાધર્મીભાઇઓ બ્હેનોની સદાય ભક્તિ કરતા રહેશો.

આ બધુ જે જિનેશ્વરની વાણી ગુરૂમુખથી સાંભળતા રહેશો તોજ ભૂલાશે નહી,ચિત્તની પ્રસન્નતાપૂર્વક જિનપૂજા વિગેરે કરજો થોડામાં ઘણું સમજશો. જે કે કહેવા જેવું તો ઘણું જ છે પણ તમોએ જાણવા જેવું જાણી લીધેલ છે. વિખૂટા પડતા ઘણું જ દુઃખ થાય છે, હઈ ઉ સ્હેજે ભરાઈ જાય છે. આંખમાં આંસુ ઉભરાતા બંને પુત્રીઓ કહે છે કે હે ઉપકારી માતપિતાજી? આપનો ઉપકાર એટલો બધો છે કે આજીભથી વર્ણવી શકાય તેમ નથીજ કોડો ઉપાયે કરીને પણ કદી વળી શકે તેમ નથી જ. અમારા હૃદયના ભાવ અમો કહી શકીએ તેમ નથી. એ તો કેવળી ભગવંત જ જાણે છે. આપે આપેલી હિતશીખા-

મણ તેમાં એક એક અક્ષરમંત્ર સમાન છે. આપે હૃદયના જે જે ભાવ જણાવ્યા તે તે ભાવને અમો સમજી શકયા છીએ સમુદ્રમાં પડેલા જીવને નાવ મલ્યા સમાન માન્યા છે આપના કહેવા મુજબ તેતે રીતે વર્તન કરશું. આપ અમારા માતપિતા છો, અમારા ગુરૂ સમાન છો. અમારા પ્રાણથી પણ અધીક છો. આપના વચનો શ્રદ્ધાપૂર્વક ચોલ મજીઠના રંગની જેમ પ્રમાણ કરેલ છે.

આપની આગળ અમો તો નાદાન છીએ અમો શું વિશેષ કહી શકીએ પણ હે માતપીતાજી અમારી ચિંતા કરશો નહી, અમો તો આપની આશીષરૂપ દાન માંગીએ છીએ સખીઓ સર્વે પણ આવી મળે છે, મર્મભાષામાં આનંદ વ્યક્ત કરે છે વહેલાસર પધારશો. આપના દર્શનથી પણ અમો સુખ અનુભવીએ છીએ વિગેરે જણાવે છે. ત્યારે બેઉ રાજકન્યા નિજ સખીઓને સમજાવે છે કે હે અમારી પ્રિય સખીઓ ? તમારો સ્નેહ કદી ભૂલીશું નહીં તમો સદા હૃદયમાં ક્ષાંતિ રાખશો તો લલિત કહેતા આનંદજનક મેળો આપણો થશે જ.

હે ભવિજનો ? આપણે જાણી લીધું કે માબાપ જો ધર્મી જ હોય તો જ પોતાના પુત્ર પુત્રીઓને સમ્યગ્જ્ઞાન આપે છે અપાવે છે. જેથી તેમનું જીવન કોઈપણ જાતના કલહ વિનાનું પસાર થાય છે અને પોતાના સંતાનો આત્મહિતમાં વળે તેજ ઈચ્છે છે. પાછળથી કોઈપણ જાતની હાયવોય કરવાનો પ્રસંગ આવતો નથી, તેવા ઉંચ શિક્ષણ વિના કંઇક માબાપોને પાછળ ઘણું ઘણું સહન કરવું પડે છે કલહ કંકાસથી ન બોલવાના વેણ

વચનો બોલી નાંખે છે જીવનમાં શાંતિ મેળવી શકતા નથી કેવા માઠા કર્મ બંધાઈ જાય છે.તેનું ભાનહોતું નથી દુઃખની પરંપરા ઉભી કરે છે અને મહાપુન્યે મળેલ દુર્લભ માનવભવ હારી જઈ અન્ય દુઃખદાયી ગતિમાં જઈ રીબાય છે આવી દશા ન થવા પામે તે માટે જ સંતાનોને સમ્યગ્ જ્ઞાન અપાવી. વ્રત નિયમમાં રાખી, સુસંસ્કારપાડી તમારા ઘરે જન્મ પામેલાઓનું ધર્મમય જીવન બને તેમ કરશો. તેજ શ્રેયસકર છે.

ચૈત્ય પરિપાટી દોહરા

ચૈત્ય પરિપાટી ઘણા, કરતાં તેની નોંધ,
અનુમોદન થાયે વળી, સંઘ દર્શન પ્રમોદ. ૧

બે હજાર પંદર (૨૦૧૫) ભલા,સિદ્ધિસૂરીશ્વર ખાસ,
લબ્ધિસૂરીશ્વરને વળી, પ્રેમસૂરિજી પાસ. ૨

રામચંદ્રસૂરિવળી, લક્ષ્મણસૂરિ હતાજ,
મનોહરસૂરિ જંબૂસૂરિ, તે યાત્રા કરતાજ. ૨

દાન-જ્ઞાન મંદિરથી, ચૈત્ય પરિપાટી થતીજ,
વચ્ચે પણ થઈ હશે ખરી, પુરી નોંધ નથીજ. ૪

કચ્છ વાગડ ઉધ્ધારક, જિતવિજય દાદા,
પ્ર. પ્ર. શિષ્ય તેઓના, શાંતિસૂરિ સાદા. ૫

તેઓના સુશિષ્ય તે, સુજ્ઞાન વિજય પંન્યાસ,
સાથે શિષ્ય વક્તા ખરા, રાજેન્દ્રવિજયજી ખાસ ૬

(૨૦૧૭)બેહજ્જરનેસત્તરમાં, સારંગતળીયાપોળ,
ચૈત્ય પરિપાટી કરી, કાપ્યા કર્મના દોર. ૭
બે હજ્જર પચ્ચીશમાં, ચૈત્ય પરિપાટી જાણ,
નાગજીભુદ્દરની પોળથી, થઇ તે નોંધ પ્રમાણ. ૮
ઉપાધ્યાય શ્રી દર્શન, સાગરજી મહારાજ,
કંચનસાગર ગણિવર, આદિ તેર મુનિરાજ. ૯
અભ્યુદયસાગર તણા, ઉપદેશે યોજાય,
ચૈત્યપરિપાટી શહેરમાં, ભવિજન બહુ હરખાય. ૧૦
શીખરબંધી દેરાસરો, ઘુમટબંધી ઘણાજ;
સંવત ૨૦૨૫માં; શહેરયાત્રા કરતાજ. ૧૧
ગણત્રી દેરાસર તણી, પ્રાયઃ કરીને જાણ,
(૧૩૭) એકસો સાડત્રીશ છે, સંખ્યાનું પ્રમાણ. ૧૨
ઘરદેરાસરોબાશી(૮૨)પણ લખ્યાનથીચિત્તધાર,
વિગતવાર લખાય તો, ગ્રંથ થાય દળદાર. ૧૩
સાબરમતી સરખેજને, નરોડા બહુ જન જાય,
ક્ષાંતિસૂરીશ્વર શિષ્યાણુ,લલિત જિનગુણ ગાય. ૧૪

ઢાળ ૨૭ મી

(રાગ–દુઃખ દોહગ દૂરે ટળ્યારે અથવા પુખ્ખલવઈ વિજયે જયોરે)

રંગીલપુરથી ચાલીયારે, શુભ મુહૂર્તે પ્રયાણ,
અંદીજન આદી જનોને, દેઈ દાન પ્રમાણરે;
ભવિયા ધરો જીણંદનું ધ્યાન. ૧

નવારસ્તે નદીનાળા ગ્રામો,થઈ પહોંચ્યા વનહામ,
લીલાછમ વૃક્ષો ભલારે, દીઠુ રૂડું તીર્થધામરે.ભ. ૨

જિનપ્રાસાદ સ્થંભ કોરણીરે, રંગમંડપ વિશાળ,
ભવ્યકાયાજિનમૂરતીરેસાક્ષાતૂજિનમેહાખ્યાલરેભ. ૩

જિનભક્તોને જિનમલ્યારે, દર્શન હોય પહેલાજ,
રોમેરોમેહર્ષવ્યાપી રહ્યોરે,કરી પૂજા વહેલાજરે ભ. ૪

દ્રવ્યપૂજાપછીભાવપૂજામાં, રંગજમાવ્યોસંગાથ,
પદ્મા-ભદ્રારાસનીદોરી,ગુંથે નાચગાન સાથરે.ભ. ૫

છત્ર-ભાણકુંવર સતાર વીણા, બજાવતાં જિનધ્યાય,
સમવસરણમહિમાભલોરેભદ્રાગાવેબીજીગાયરે.ભ. ૬

રાસથી દોરી ગુંથે ખરીરે, વળી છુટી કરે તેજ,
અષ્ટકર્મ જે બાંધીયા તે, આતમ પોતે છોડેજરે.ભ. ૭

કર્મ ગુંથણી કરીજ જાણે, છોડી ન જાણે જેહ,
જન્મમરણની આંટીઘુંટીએ, નીકળીનશકેતેહરે ભ.

જિન ગુણ ગાતાં કર્મ છુટેરે, ન સમજે આ ખેલ,
રહસ્ય ગુરૂમુખે સાંભળીરે,કષાય રાગદ્વેષ મેલરે.ભ. ૯

પુન્યજોગે મુનિવરો પધાર્યા, દીધું સુપાત્રે દાન,
સંસારનીજાળતોડવારે. દેશનાદીધીસૂણીકાનરે.ભ. ૧૦

વૈરાગ્યથયો ત્યાંજરાયનેરે, જાણ્યોસંસારઅસાર,
કંઈકિબીજાસાથ રાજવીરે, લીયેદીક્ષા એકસારરે.ભ. ૧૧

ફતેસિંહસાથબીજાઘણારે,બન્યારાજર્ષીકહુંખાસ,
છત્ર-ભાણુ-બીજાજનોસહુરે, વંદેભાવથીતાસરે.ભ. ૧૨

છત્રપુરીમાં પ્રધાન જાયે, રૂડું શણગારે શહેર,
સામૈયુંકરે બહુ ઠાઠથીરે, જોવે પ્રજા ભલીપેરરે.ભ. ૧૩

આદિજીણુંદને વંદીનેરે, રાજસભામાં સહુ જાય,
બંનેબંને વરવહુઓબેઠાં, સિંહાસન ઝળકાયરે.ભ. ૧૪

જિનમહોત્સવઆદર્યોરે, અભિષેકપૂજાઆંગીથાય,
બંને કુંવરો ભક્તિ ભાવે, મધુર કંઠથી ગાયરે.ભ. ૧૫

દેવપરીજેવી રાણીઓબંને, જિનભક્તિ કળાજાણ,
જિનઓછવદીપાવીયો,અનુમોદનીયગુણખાણુરેભ. ૧૬

શુભદિને અભિષેક સજોડે, થાયે વિધિ અનુસાર,
છત્ર-પદ્માતેરાજરાણી, ઇન્દ્રઇન્દ્રાણીઅવતારરે.ભ. ૧૭

ભાણુકુંવરને ભદ્રા તેપણ, યુવરાજ યુવરાણી,
રત્નજેવીકાયાપદ્મા-ભદ્રાનીસ્ફટીકછત્રભાણુદાનીરે.ભ.

બંનેબંને દેવદેવીજ જેવા, એક સરખા સહુ જોય,
ભૂલભૂલામણીમાંપડેરે, તુર્ત નજાણે ફરક કોયરે.ભ. ૧૯

ભાગ્યશાળીઓ ભાણુકુંવરનું, ધ્યેય મુક્તિનું છેજ,
નિજકુટુંબને એવું જથાયે, સદાહૃદયમાંએજરે.ભ. ૨૦

ભાણુકુંવરેધ્યેયસિદ્ધજકરવા છોડાવ્યું ભીખનું કામ,
ધર્મશિક્ષણલીધાપછીરે, શીખેબીજાપછીકામરે.ભ. ૨૧

સજ્જન શિક્ષક રાખીયારે, ધર્મ વ્યવહારને કાજ,
નાનામોટાસર્વે શીખે, ફરજીયાતકોઇનિનારાજરે ભ. ૨૨
એકડેએકથી કક્કોબારાખડી, શીખે રાજીરાજી થઇ,
હોંશ થઇ ઘણી હવે ખરીરે, નવુંશીખે કંઈકંઈરે.ભ. ૨૩
નવકારમંત્ર ઇરિયાવહીવળી, લોગસ્સ ચૈત્યવંદન,
નમુથ્થુણંજયવિયરાયથોયોવધ્યાકોઇતીવ્રમંદરેભ. ૨૪
વ્યવહારમાં કોઇ નામુલેખું, કોઇ શિક્ષકનું કામ,
કોઇકટલેરીકોઇજશીલ્પી, કોઇમિણીયારીદુકાનરે.ભ. ૨૫
કોઇ કાપડીયા, કોઇ ઝવેરી, કોઇ અધિકારી જાણ.
ભરતગુંથણબેનોશીખી, શીવણચરગથ્થુકામરે.ભ. ૨૬
ત્રાંબાપીત્તળકાંસાચાંદીતણારે, વાસણેાનકશીદાર,
કોઇલિક્કડકોરણીસુથારી શીખ્યાબુદ્ધિઅનુસારરે.ભ. ૨૭
ધર્મકરણી કરતાં થયારે, જિનવાણીસૂણેસુખકાર,
રાત્રિભોજનવાસીનખાવુંસમજે, કરતાંવળીઉપકારરેભ.
છત્રકુંવરરાય દયાળુદાની, ભાણકુંવરનીતિન્યાય,
સંસારમાં રહ્યાથકારે, કષાયોમાને દુઃખદાયરે.ભ. ૨૯
રાજ્યરક્ષણ કરેપ્રજાનુંપાલન, કર્તવ્યસમજી એમ,
ભોગાવળી કર્મો ભોગવતાં, ઔષધ ખવાયે જેમ ભ. ૩૦
પુન્ય દિવસો પસાર થાતાં, દંપતિસુખ ફળ થાય,
પદ્મારાણીએ પદ્મકુંવરને, ભદ્રાએભાનુકુમારરે.ભ. ૩૧

દેવેકુંવર જેવાજ બંનેને, પુત્ર જન્મ્યા સુખકાર,
પુન્યમૂર્તિઓ આંગણેરમતી, ધન્યકહેજનારરે.ભ. ૩૨

ક્રમેભણીગણી માતપીતાના, સંસ્કાર પામ્યા તેહ,
માળોગુંથતાંસુવરીબચ્ચાંજાણેસ્વભાવીકએહરેભ. ૩૩

યૌવનપામ્યા યોગ્યબંનેને, પરણાવ્યા પણધાર,
પુન્યસંયોગેપીતાગુરૂપધાર્યાથયોઆનંદઅપારરેભ ૩૪

ભાવતું હતું તે કહીઉ વૈદ્યે, તેમ છત્ર-ભાણકુંવર,
સામૈયુંકર્યું ઉલ્લાસહઇયે, દીયેદેશનાગુરૂવર્યરે.ભ. ૩૫

મહાનુભાવો રંગરાગમાંતુમે, નરહો તેમાંમુંઝાઈ,
મેઘધનુષ્યરંગનરહેસ્થાઇ,ક્ષણમાંજાયપલટાઇરે.ભ. ૩૬

વૈભવયોવનનારીતણાસુખ, ક્ષણીકઆયુ પણધાર,
પ્રમાદપુદ્ગલસંગતજીને, નિજસ્વરૂપવિચારરે.ભ. ૩૭

સૂણી દેશના રાજમાતાજી, તેમ પંડિત પ્રધાન,
છત્રભાણુપદ્માભદ્રાબીજાપણુવૈરાગ્યમાંએકતાનરેભ. ૩૮

રાજ્ય આપી પદ્મકુંવરને, યુવરાજ ભાનુકુંમાર,
દીક્ષામહોત્સવઆદર્યોરે અમારીપડહોવિસ્તારરેભ. ૩૯

વિધિમુજબ ગુરૂ શુભમુહૂર્તે, નાણસમક્ષ હિતકાર,
આપેસંયમલોયેબીજાપણુ વ્રતનિયમસુખકારરે.ભ. ૪૦

પદ્મ-ભાનુકુંવર ભાવના ભાવે, ગુરૂકહે સંયમશ્રેષ્ઠ,
પણ સમયપાકેથી લેશો, છોડીસંસારની વેઠરે.ભ. ૪૧

આંસુધારાસાથ વંદનકરતા, અહોધન્યમુનિરાજ,
વૈરાગ્યભાવેરાજ્યસંભાળે, કરતાધર્મનાકાજરેભ. ૪૨

મહાનુભાવો ! છત્ર-ભાણકુંવરનુંધ્યેયસિદ્ધથયુંતેહ,
કંઈકિજનોનેધર્મમાંજોડયાંમુક્તિમાર્ગેગયાએહરેભ. ૪૩

છત્રકુંવર ભાણકુંવરનોઆ, રાસપુરો થયો જાણ,
અલ્પબુદ્ધિથીકાંઇથયું હોય જોવિપરિતલખાણુરે.ભ. ૪૪

અજીતપ્રભુ મુજ નાથનીરે,સમક્ષ માફીમાંગુખાસ,
ત્રિકરણયોગેહું મિચ્છામિ,દેઉદુક્કડંજિનપાસરે.ભ. ૪૫

લખાણ બહારથી લીધું બહુરે, મારૂં કંઈનગણાય,
આભારમાનુંહું સર્વેનો, તે મુજહિતકર થાયરે.ભ. ૪૬

સત્યવાદી નવકારમહિમા, જ્ઞાનપંચમી અધિકાર,
અનેકભવોનીભૂલસુધારી,જ્ઞાનીબન્યાશ્રીકારરે.ભ. ૪૭

અજીતજીણંદનેહું નમુંરે,થઈશકયું રાસનું કાજ,
પૂજ્યવડીલોનીસહાયથીરેગુણીજનગુણગાયાજરે.ભ.૪૮

---

૨૭ મી ઢાળનું વિવેચન

મહાનુભાવો ! શ્રી છત્ર–ભાણકુંવરના લગ્ન થયા બાદ હવે રાજા ફતેહસિંહજીએ રંગીલપુરથી શુભ મુહૂર્તે પ્રયાણ કર્યું, ત્યારે બંદીજન આદિ બીજાઓને પ્રમાણસર દાન દઇને સંતોષી બનાવ્યા, જેથી તે ભવીજીવો પણ જીનેશ્વરના ગુણગાતા થઈ ગયા.

છત્રપુર તરફ પ્રયાણ કરતા નવા રસ્તે જાતા વચમાં નદી, નાળા, ગામો, નગરો થઈ એક ભારે વનમાં આવી પહોંચ્યા, લીલાછમ જેવા વૃક્ષોની ઘટાઓ હતી ત્યાં એક તીર્થધામ જોવામાં આવ્યું, ઉંચા શીખરો ઉપર ધ્વજાઓ ફરકતી હતી, સ્થંભો વિધવિધ કોરણીવાળા અને વિશાળ રંગ મંડપવાળુ જિનેશ્વરનું મંદિર હતું, તેમાં ભવ્ય મોટીકાયાવાળી જિનેશ્વરની પ્રતિમા જોતા જાણે સાક્ષાત્ અરિહંત બીરાજ્યા છે.

જિન ભક્તોને જિનેશ્વર મલ્યા, દુધમાં સાકર મળે તેમ આનંદ થયો, તરતજ પહેલા પ્રભુજીના દર્શન કરતા રોમરોમ હર્ષ વ્યાપી રહ્યો, અને વહેલાસર પ્રભુપૂજાની સામગ્રી તૈયાર થઈ જતાં ઉત્તમ જાતીના ફળ ફુલ નૈવેદ્ય દીપધૂપ સ્વસ્તિક વિગેરેથી દ્રવ્યપૂજા કર્યા બાદ ભાવપૂજામાં સારો રંગ જમાવ્યો, છત્રકુંવર સતાર અને ભાણકુંવર વીણા વગાડતા જિનધ્યાનમાં એકતાન થઈ જાય છે, આ પ્રસંગે ભદ્રા સમવસરણનો મહિમા નાચગાન દાંડીયાઓ સાથે રાસ દોરી ગુંથતા ગાય છે, અને બીજી સાતને પણ પોતે ગવરાવે છે, તેવીજ રીતે વળી ગુંથેલી દોરીઓ ગાતાં-ગાતાં છૂટી કરે છે.

આ રાસ દોરીમાં રહસ્ય સમાયેલું છે, આત્મા અષ્ટકર્મને બાંધે છે, ગુંથે છે, તેવીજ રીતે સમજણમાં આવી આત્મા નિર્ગ્રંથ બની પોતેજ અષ્ટકર્મને છોડીને તોડીને હળુ બનેછે, નિર્મળ બનેછે જેઓ કર્મ ગુંથણી કરી જાણે પણ છોડી ન જાણે તે ૮૪ લાખ

જીવાયોનિમાં જન્મમરણની આંટીધુંટીમાંથી બહાર આવી શકતા નથી. સુજ્ઞો ! રાસદોરી ગુંથતાં છોડતાં જીનેશ્વરના ગુણોનો મહિમા ગાતા કર્મો તૂટે છે, આ રાસદોરી ગુંથવાનું કામ, તેને ખેલ સમજવાનો નથી, પણ જીનેશ્વરના ગુણ ગાવાથી તેમનું સ્વરૂપ જાણવાથી કર્મ છૂટે છે, આ બધુ રહસ્ય ગુરૂગમથી સમજી રાગ દ્વેષ-કષાયો, છોડવાના છે.

સમવસરણ રાસ દોરી

(રાગ–દિલ ખોવાયું (૨) નતું જોવું તોએ એનું મોહક મુખડું જોવાયું)

મન લોભાયું (૨)

હતું સાચું જ્ઞાન જેમાં ચંચળ ચિતડું મોહાયું મન

સોના રૂપાનો હતો, રતનનો કોટ હતો,
દરવાજે તોરણીયા શોભે, સિંહાસન રખાયું. મન૦ ૧

ધર્મનું ચક્ર રાજે, અષ્ટ મંગળ આગે,
ઇન્દ્રધ્વજ આકાશે ફરકે, દુદુંભી બજાયું. મન૦ ૨

અશોકી છાંય હતી, પર્ષદા બાર હતી,
સુરનર તિર્યંચ જાતિ સર્વે, વૈરને ભૂલાયું. મન૦ ૩

કેવળ જ્ઞાન હતું, ઝળહળતું તેજ હતું.
નરનારી સુખેથી જુએ, ભામંડળ રચાયું. મન૦ ૪

વાણીના ગુણ મીઠા, યોજનમાંગાજીઉઠયા,
ચઉમુખે જિનવાણી બોલે, દીલડું ડોલાયું, મન૦ ૫

તત્ત્વોનું પાન કરે, સમ્યગ્ જ્ઞાન ધરે,
વિભુના અતિશય જોઈ, મિથ્યાત્વ ભગાવ્યું. મન૦ ૬
ક્ષાંતિ ભવિક લહે, રૂચિ લલિત રહે,
સમવસરણની શોભામાંથી, કાંઇ ન કહેવાયું. મન૦ ૭

મહાનુભાવો! પુણ્યશાળી આત્માઓને પુન્યાનુબંધીપુન્યના યોગે આત્મહિત સાધન સામગ્રી મળીજ રહે છે. તેઓના પુન્ય યોગે સંયમયાત્રા સંયમની આરાધના કરતા વિહાર દરમ્યાન જિનતીર્થના દર્શન કરવા માટે પૂ. મુનિરાજો તત્ર પધાર્યા, તે જાણીને રાજા-કુંવરો વિગેરેને અતિહર્ષ થયો, સુપાત્રમાં દાન દીધું, પૂ. જ્ઞાની મુનિરાજે સંસારની જાળને તોડીનાંખે તેવી સચોટ અમોઘ દેશના દીધી, તે સાંભળી રાજા ફતેહસિંહજીને ભારે વૈરાગ્ય જાગ્યો, સંસાર અસાર જણાયો,રાજાફતેહસિંહજીની સાથે બીજા રાજાઓને પણ વૈરાગ્ય થવાથી દીક્ષા લઈ રાજર્ષી બન્યા, જંગલમાં મંગલ વર્તાઈ રહ્યો, નવા રાજા છત્રકુંવરે તેમજ યુવરાજ શ્રીભાણકુંવરે બંને વહુરાણીઓ વિગેરેએ બહુજ અંતરના ભાવથી અનુમોદન કરતાં વંદન કર્યું, પૂ. મુનિરાજો વિહાર કરી ગયા.

હવે પ્રધાનજી છત્રપુરીમાં અગાઉથી જઈ શહેર શણગાર્યું, નવા રાજા તથા યુવરાજશ્રી બંને નવી રાણીઓ સાથે છત્રપુર આવી પહોંચતા બહુજ ઠાઠમાઠપૂર્વક આબેહુબ સામૈયું કર્યું તે સામૈયું પ્રજાજન ભલીપરે જોઈ શકેતેવી ગોઠવણો કરાઈ હતી,શ્રી

આદિનાથ પ્રભુજીના દેરાસરપાસે આવતાં બધાએપ્રભુજીના દર્શન કર્યા,બાદ રાજસભામાં ગયા, બંનેકુંવરો બંનેવહુરાણીઓ જ્યારે રાજસિંહાસન ઉપર બીરાજ્યા ત્યારે સિંહાસન પણ ઝળકીઉઠ્યા.

જિનમંદિરોમાં જિનમહોત્સવ શરૂ કર્યા, પૂજાઓ ભણાય છે, નવનવી આંગીઓ રચાય છે, ઉદારભાવથી પ્રભાવનાઓ થાય છે, બંને કુંવરો સારૂ સંગીત જાણે છે, વળી કંઠપણ મધુર છે, તેમ વળી દેવપરીઓ જેવી બંને વહુરાણીઓ પણ ભક્તિ-કળામાં નિપુણ છે, અજોડ છે, જેથી જિન પૂજાઓ ભણાવતા સહુ કોઈને અનુમોદનીય થાય તેવો જિનમહોત્સવ દીપાવ્યો. હવે પ્રધાનજીએ જિનઅભિષેક કાર્ય પુરા થયા બાદ શુભદિને રાજ-અભિષેક કરાવવાનું નક્કી કર્યા મુજબ વિધિ અનુસાર અભિષેક થયા, ઈન્દ્ર ઈન્દ્રાણીના અવતાર જેવા છત્રકુંવર અને પદ્માવતી શોભવા લાગ્યા, શ્રીભાણકુંવર અને ભદ્રા, તે યુવરાજ ને યુવરાણી બન્યા, બંને બંને દંપતીઓ રૂપે રંગે વયે સરખા હોવાથી જોના-રાઓ ભૂલભૂલામણીમાં પડી જતા હતા, એકદમ ફરક જાણી શકતાં પણ નથી, પદ્માવતી અને ભદ્રાની કાયા રત્નકાંતિ જેવી હતી, તેમ છત્રકુંવર અને ભાણકુંવર પણ સ્ફટીક રત્નની કાંતિ-વાળા અને દેવસમાન શોભતાં હતા, બંને દાનેશ્વરી બન્યા છે, પ્રજાનું સુખેથી પાલન કરે છે.

સુજ્ઞો ! ભાણકુંવરનું ધ્યેય મુક્તિનું હાલ છેજ, તે ધ્યેય ઉપર પોતાના કુટુંબને લાવવા માટે પોતાના હૃદયનો ભાવ છે એ

ધ્યેય સિદ્ધ કરવા માટે ભીખ માંગવાનું કામ છોડાવ્યું અને ધર્મશિક્ષણ આપવા માટે શિક્ષક રાખ્યા, ફરજીયાત રાખ્યા છતાં કોઈપણ નારાજ નથી. ધાર્મિક તેમજ વ્યવહારીક અભ્યાસ કર્યા બાદ પોતપોતાના કામે જાય છે, એકડે એકથી અને કક્કાબારાખડીથી ભણતા બહુ રાજી થાય છે, હોંશ વધવા લાગી જેથી કંઈને કંઈ નવું શીખવા માંડયું, ધાર્મિકમાં શ્રી નવકારમંત્ર વિગેરેથી ભણતાં ભણતાં ઈરિયાવહી–લોગસ્સ-ચૈત્યવંદન, નમુત્થુણં, જયવિયરાય, અબ્ભુટ્ઠીઓ, થોયો વિગેરેમાં આગળ વધવા લાગ્યા, કોઈ ધીમેતોકોઈ જલદી, પણ ભણવામાં રસ થવા લાગ્યો.

વ્યવહારમાં પણ કોઈ નામુ લેખુ શીખ્યા, કોઈ શિક્ષકનું કામ. કોઈ શીલ્પી. કોઈ કટલેરી, કોઈએ મણીયારી દુકાન કરી, કોઈ કાપડીયા થયા, કોઈ ઝવેરી ચોકસી બન્યા, કોઈ રાજ્યમાં અધિકારી બન્યા, કોઈ ત્રાંબા પીત્તળ કાંસા ચાંદીના નકસીદાર વાસણોનું કામ શીખ્યા, કોઇ લાકડાની કોરણી, કોઈ સુતારીકામ, એમ બુદ્ધિ અનુસાર આગળ વધતા ગયા. બેનો પણ ભરતગુંથણકામ, શીવણકામ વિગેરે ઘરગથ્થુકામમાં જાણવા લાગી, જેથી સુખેથી નિર્વાહ કરતાં કરતાં ધર્મકરણી કરતા પણ થયા, જિનેશ્વરનીવાણી ગુરૂમુખથી સાંભળતા રાત્રિભોજન ન કરાય વાસી અન્ન ન ખવાય એમ સમજતા થયા એટલું નહી પણ વર્તનમાં મૂકવા લાગ્યા, વળી ઉપકાર કરતા પણ શીખ્યા, આ રીતે પોતાના કુટુંબને ધીરે ધીરે મુક્તિ ધ્યેય ઉપર ચડાવ્યા.

મહાનુભાવો ! રાજાછત્રકુંમાર તથા યુવરાજ ભાણકુંવર બંને દયાળુ-દાની છે, નીતિ ન્યાયના જાણ છે, ધર્મ કાર્યોમાં અગ્રેસર છે, સંસારમાં રહ્યા હોવા છતા કષાયો મહાદુઃખદાયી છે એમ સમજેલા છે, ઔષધ ખાવાની જેમ ભોગાવલી કર્મો ભોગવી રહ્યા છે. આ રીતે પુન્ય દિવસો પસાર કરતા બંને રાણીઓને એક-એક પુત્રની પ્રાપ્તિ થાય છે, પદ્મકુંવર અને ભાનુકુંવર નામ રાખ્યા છે, તે બંને પુત્રો પણ નાની ઉંમરવાળા બાલક જેવા જાણે આંગણામાં દેવ રમતા હોય ! એવા જોવાય છે, જોનારાઓ પણ બહુ ખુશ ખુશ થઇ ધન્ય માનવા લાગ્યા, માતાપિતાનાજ સંસ્કાર મેળવી ક્રમે કરી ભણીગણી હુશીયાર થયા, સુથરીના બચ્ચાં માળો બાંધતા જેમ શીખી જાય છે, તેમ આ પણ બંને અભ્યાસમાં આગળ વધી અને યૌવનવયને પણ પામ્યા, ત્યારે બંનેને પરણાવ્યા, રાજ્ય કારભાર સંભાળી શકે તેવી યોગ્યતા-વાળા થયા, હવે છત્ર-ભાણકુંવરના પુન્યયોગે પોતાનાજ પિતા ગુરૂ સમુદાય સાથે ઉદ્યાનમાં પધાર્યા છે, એવા ખબર મળતાં ભાવતુ હતું ને વૈદ્યે કહ્યાની જેમ આનંદ થયો, વધામણી આપનારને ન્યાલ થઈ જાય તેટલું દાન આપ્યું.

ખૂબ ખૂબ હુલ્લાસપૂર્વક અપૂર્વ સામૈયુ કર્યું, શ્રી આદિ-નાથ પ્રભુજીના દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા, પૂજ્ય ગુરૂવર્યે દેશના આપતાં જણાવ્યું કે હે મહાનુભાવો ! તમે દુનિયાના પૌદ્ગલિક રંગરાગમાં મુંઝાઇ ન રહો, કારણ કે એ મેઘધનુષ્યના

રંગ જેવા અસ્થાયી છે, ક્ષણવારમાં પલટાઈ જતા વાર લાગશે નહી. તમને મળેલ આ વૈભવ, આ યૌવન અને આયુષ્ય, તેમજ સ્ત્રીસંબંધીના સુખો સર્વે ક્ષણીક છે, તેમા રાચી માચી રહેવા જેવું છેજ નહી. ખૂબઉંડો વિચાર કરી પ્રમાદ તેમજ પુદ્ગલનો સંગતજીને પોતાનું સ્વરૂપ વિચારો અનેક દાખલા દૃષ્ટાંતવાળી દેશના સાંભળી છત્રકુંવરની માતુશ્રી જે રાજમાતા છે, તે સૌથી પહેલાજ વૈરાગ્યને પામ્યા, તેમજ પંડિતજી તથા પ્રધાન વિગેરે છત્રકુંવર ભાણકુંવર-પદ્માવતી-ભદ્રાવતી વિગેરે વૈરાગ્યમાં એકતાન થવાથી પદ્મકુંવરને રાજ્યગાદી બેસાડી, ભાનુકુંમારને યુવરાજપદે સ્થાપી, અમારો પડહો વગડાવી જિનમહોત્સવાદિ કાર્યો કરી દીક્ષા મહોત્સવ આદર્યો.

શુભમુહૂર્તેનાણ સમક્ષ વિધિ મુજબ ગુરૂમહારાજે દીક્ષા લેનારાઓને દીક્ષા આપી અને વ્રતો ઉચ્ચરનારાઓને વ્રત ઉચ્ચરાવ્યા. આ બધુ જોવાથી મહાવ્યસની પુરૂષોએ વ્યસનો છોંડયા. પદ્મકુંવર તેમજ ભાનુકુંમાર પણ દીક્ષાની ભાવના જણાવતાં ગુરૂમહારાજે કહ્યું કે સંયમ એજ શ્રેષ્ઠ છે, પણ હજી તમારે સંસારની વેઠ અર્થાત્ ભોગાવળી કર્મો બાકી છે, તે સમય પરિપકવ થયે તમો પણ દીક્ષા લઈ આત્મકલ્યાણ કરી શકશો. આ મુજબ ગુરૂમહારાજના વચનો સાંભળી અહો અહો મુનિરાજોને ધન્ય છે. એમ બોલતા આંખમાંથી આંસુની ધારા છોડતા પૂજ્ય વર્યોને વંદન કરે છે. વૈરાગ્યભાવે ધર્મના કામ કરતા શ્રીનવકાર-

મંત્રનું સદાહૃદયમાં સ્મરણ કરતા પોતાના પીતાઓનું તેમજ દાદામહંતનું પણ સ્મરણ ધરીને રાજ્યનું પાલન કરતા રહ્યા છે.

હે મહાનુભાવો ! છત્રકુંવરનું પ્રથમ ધ્યેય પોતાનું રાજ્ય મેળવવાનું હતું. તે સિદ્ધ થયું અને ભાણકુંવરના સહવાસથી મુક્તિનું ધ્યેય થતા મુક્તિમાર્ગ પણ લીધો. શ્રી ભાણકુંવરનું પણ પોતાના કુટુંબને ભીખ છોડાવવાનું હતું, તે છોડાવીને મુક્તિનું ધ્યેય કરાવી પોતે પણ મુક્તિપંથે ગયા. તેમ હે ભાગ્યશાળીઓ આપણે પણ તેમના ધર્મરાગનું અનુકરણ કરી મુક્તિ માર્ગે વળીયે. જેથી શાશ્વતા સુખને પામીએ.

સુજ્ઞો ! શ્રી છત્ર–ભાણકુંવરનો રાસ પુરો થયો જાણો. અલ્પબુદ્ધિથી જે કંઈ વિપરીત લખાણ થયું હોય તેની ત્રિકરણ યોગે શ્રીઅજીતનાથપ્રભુની સમક્ષ માફી માંગી મિચ્છામિ દુક્કડં દેઉ છું. આ રાસમાં બહારથી લખાણ ઘણુંજ લીધુ છે, મારૂંતો નહીવત જેવુંજ છે. સર્વેનો આભાર માનું છું તે મારા હિતનું કારણ છે, સત્યવાદી કર્મસ્વરૂપ નવકારમહિમા, જ્ઞાનપંચમીનો અધિકાર, અનેક ભવોની ભૂલ સુધારી મહાન જ્ઞાની બનેલા મહાત્માઓના ચરિત્રો જાણવા જેવા, વર્તનમાં મૂકવા જેવાજ છે. શ્રી વીરવિજય ઉપાશ્રયના જિન મંદિરમાં બીરાજતા શ્રી અજીતનાથપ્રભુજીને નમન કરવાથી તેમ પૂજ્ય વડીલોની ઉમદા સહાયથી ગુણી જનોના ગુણો ગાયા છે.

કળશ

તપગચ્છધારક મોહવારક, મુનિમોહન જાણીયે,
જ્ઞાનીતપસ્વી શિષ્યોસારા, તેહના પ્રમાણીયે. ૧
પંન્યાસજી શ્રી હર્ષમુનિ, શિષ્ય ચોથા તે હતા,
જિન શાસને રાગી બની,ગુરૂ ભક્ત કામ દીપાવતા. ૨
નિશ્રાધરે ભક્તિ મુનિજી, તેહની ભારે થયા,
તપસ્યા કરી આગ્રાજ પાસે, સ્વર્ગવાસી તે થયા. ૩
તેઓના જે શિષ્ય રત્ન, ક્ષાન્તિ મુનિ જે થયા,
ગુણોજ તેવા નામ જેવા, ક્ષાન્તિ સૂરીશ્વર બન્યા. ૪
વિદ્વાન્ શિષ્ય તેઓના, પંન્યાસ પદવી ગુણધરા,
ગણિવર્ય શ્રીકીર્તિમુનિજી, બાલ બ્રહ્મચારી ખરા, ૫
તેઓના ગુરૂભાઇ નાના, રાસ રચના આદરી,
એમાંજ નિજ મુનિ લલિતે, બુદ્ધિ તેમાં વાપરી. ૬
શુભ જૈનપુરી રાજનગરે, વીર વિજય ઉપાશ્રયે,
રહી પૂજ્ય શ્રીપંન્યાસજી કીર્તિ ગણિવર આશ્રયે. ૭
સંવત બે હજાર પચીસ, અક્ષય તૃતિયા ખાસ જે,
પુરો કર્યો કહું છત્ર–ભાણ, કુંવરનો આ રાસ તે. ૮

સમાપ્ત

શ્રી છન્ન-ભાણકુંવરના રાસની બુકમાં દ્રવ્યનો નકલો સદ્‌ઉપયોગ કરનારની નામાવલી.

૧૧ અમદાવાદ લવારની પોળ જૈન શ્વે. મૂ. ઉપાશ્રય પેઢી
પૂ. પં. શ્રી રામવિજયજી મહારાજના ઉપદેશથી

૧૬ ,, અરણુસોસાયટી સાધ્વીજી શ્રી ચંપાશ્રીજીના શ્રેયાર્થે
સાધ્વીજી શ્રી જયંતિશ્રીજીના ઉપદેશથી

૮ ,, ઉસ્માનપુરા શાકલચંદ કુલચંદના પુત્રો તરફથી

૮ ,, હવેલીવાળા શે. ત્રિભોવનદાસ છગનલાલના ધર્મપત્ની
વિધવા કેવળીબેનના શ્રેયાર્થે [ગોધવીવાળા]

૩ ,, ભાઈ મંગળદાસ જેશીંગભાઈ ઠે. ઘાંચીની પોળમાં

૮ ,, ફતાસાની પોળમાં શા. માણેકલાલ રાયચંદના શ્રેયાર્થે

૪ ,, ,, ,, લાલાનાખાંચે શા.રસિકલાલ ભોગીલાલ
હ. ધનલક્ષ્મીબેન

૬ ,, ,, ,, બારાકુવાની બડકી જાસુદબેનના શ્રેયાર્થે
હ. ચંદનબેન

૨ ,, ,, ,, અદાશાની બડકી જાસુદબેનના શ્રેયાર્થે
હ. ભાઈ રજનીકાંન્ત

૨ ,, ,, ,, નાથીબાઈના ઉપાશ્રય તરફથી હ. મણીબેન

૨ અમદાવાદ ભાઈ કસ્તુરચંદ અમરશી વેપારી માણેકચોક.

૧ ,, શીવલાલભાઈ ફતાસાની પોળ બ્રહ્મપોળમાં

૩ ,, સાધ્વીજી શ્રી ચરણશ્રીજીના ઉપદેશથી ઝવેરીવાડ

૧૨ (રાજસ્થાન) રામગંજમંડી શેઠલાલચંદજી અશોક,અનિલ,
શ્રીપાળ,અશોકકુમારની માતાજી સરેકુંવરબાઈએ પુણ્યાર્થે

૧૨ ,, ગરોઠવાળા નાપુલાલ કનૈયાલાલ આગરમલ મદનલાલ
ઈન્દ્રમલ પ્રકાશ ભંડારી અપની માતાજીબાઈ કસ્તુરબાઈ
કે, ઈન્દ્રમલજી કે બાઈ કંચનબાઈએ અપના પુણ્યાર્થે

૮૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી મુંબઈ ભાતબજાર
૪૦ આશારીયાભાઈ નથ્થુભાઈ કચ્છ [બીદડા]
૪૦ જામનગર શ્રીજૈન તપગચ્છ વિશાશ્રીમાળી ઉપાશ્રયપેઢી
૧૬ બેરમો [જી.હજારીબાગ] હ-મણીભાઈ સા.શ્રીજંબૂશ્રીજીના ઉ.
૭ હરજી [રાજસ્થાન] જૈનશ્વે.મૂ. સંઘ સા.શ્રીવિનયશ્રીજીના ઉ.
૨ ,, ,, ફોજમલજી ,, ,,
૪ શીવગંજ [રાજસ્થાન] સાધ્વીજીશ્રીકમળશ્રીજીના ઉપદેશથી
૩ કાલંદ્રી ,, સાધ્વીજીશ્રીખાંતિશ્રીજીનાઉપદેશથી
૩ જામનગર મેતાનગીનદાસ તુલસીદાસ માંડવીટાવર પાસે
૮ શાંતાક્રુઝ [મુંબઈ] ચુનીલાલ પ્રેમચંદના પુત્રો તરફથી
૮ ,, ,, ભાઈશીવલાલકાળીદાસ તેમનીમાતુશ્રી મોતીબેનના શ્રેયાર્થે
૪ નડીયાદ જૈનશ્વે.મૂ. તપગચ્છસંઘ હ. કુલચંદભાઈ
૧૫ નવસારી શ્રી પાર્શ્વનાથજી જૈનદેરાસર પેઢી પૂ. ભક્તિ મુનિજીમ.ના ઉપદેશથી
૪ સીસોદરા જૈનશ્વે.મૂ. તપગચ્છ ઉપાશ્રયથી હ. દેવચંદભાઈ
૨૫ સુરત છોટાલાલગોરધનદાસનીવિધવાસ્વ.દયાકોરના શ્રેયાર્થે હ.લીલાવતીબેનપૂમુનિશ્રીભકતમુનિજીમહારાજનાઉપદેશથી
૫ ,, (ધીરૂભાઇ),ઇશ્વરલાલમગનલાલની માતુશ્રીના શ્રેયાર્થે
૫ ,, કાન્તિલાલ છગનલાલ ઝાંપાબજાર
૫ ,, ખુશાલચંદ તારાચંદ જરીવાળા ગોપીપુરા
૫ ,, ચીમનલાલ ડાહ્યાભાઈ નંદરબારવાળા
૩ ,, બાબુભાઈ ધનજીભાઈ સગરામપરા
૩ ,, લલ્લુભાઈ લાલુભાઈ સુખડીયા ગોપીપુરા
૮ ,, રતિલાલભાઈ તથા જયંતિભાઈ નવાપુરામાં સા. શ્રી સૌભાગ્યશ્રીજીના ઉપદેશથી
૩ ,, વડાચૌટા સાધ્વીજી શ્રી કુસુમશ્રીજીના ઉપદેશથી